



# પૂજ્ય બહેનશ્રીની

# અમૃતવાણી

## ભાગ-3 B

## અક્ષરશઃ તત્ત્વચર્ચા

(DVD-3, TRACK 66-125)





પ્રકાશક

શ્રી દાદર દિગંબર જૈન મુમુક્ષુ મંડળ

દાદર-મુંબઈ

ॐ

।। परमात्मने नमः ।।

।। परमोपकारी कहानगुरुदेवाय नमः ।।

।। वन्दे भगवती मातरम् ।।

## પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની

# અમૃતવાણી ભાગ ૩-B

(અક્ષરશઃ તત્ત્વચર્ચા નં. ૬૬-૧૨૫

(DVD-૩ Track No ૬૬-૧૨૫)

: પ્રકાશક :

શ્રી દાદર દિગંબર જૈન મુમુક્ષુ મંડળ

દાદર-મુંબઈ

વિક્રમ સંવત 2082

વીર સંવત 2052

ઈ.સ. 2025


**: પ્રકાશન તિથિ :**

**કારતક સુદ પૂનમ, તા. 5-11-2025**
**કાર્તિકી અષ્ટાહ્નિકા પૂર્ણાહૂતિ દિન, ગુજરાતી સમયસાર પ્રકાશન દિન, તેમજ શ્રીમદ્ રાજચંદ્રજી જન્મદિન**

**પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની**
**અમૃતવાણી ભાગ-3-B**
**તત્ત્વચર્ચાનું અક્ષરશઃ સંકલન જે PDF ફોર્મેટમાં**
**www.vitragvani.com ઉપર અપલોડ કરવામાં આવેલ છે.**

ટાઈપ સેટીંગ
નિજેશ જૈન
સોનગઢ
મો. 9662535387

परम पूज्य अध्यात्ममूर्ति सद्गुरुदेव श्री कानजीस्वामी



અધ્યાત્મરસના રાજવી, તારણતરણ જહાજ;
શિવમારગને સાધીને, કીધાં આતમકાજ.

# પ્રકાશકીય નિવેદન

આપણા પરમ ઉપકારી, કૃપાસાગર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ભક્તરત્ન ભગવતી સ્વરૂપ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન દ્વારા મુમુક્ષુઓ સાથે તત્ત્વચર્ચા ''અમૃતવાણી ભાગ-૩'' ની DVD પૂજ્ય બહેનશ્રીની ૧૦૫ જન્મજયંતિના રોજ પ્રસ્તુત થઈ હતી. તે મુમુક્ષુ જગતમાં ખૂબ જ ઉપયોગી થઈ છે. તેને લક્ષમાં લઈને અમારા દાદર મંડળના કેટલાક મુમુક્ષુઓએ ભાવના વ્યક્ત કરી કે આ ''અમૃતવાણી ભાગ-૩''ને વિસ્તારથી છૂટું કરીને અમૃતવાણી ભાગ-3A (તત્ત્વચર્ચા -૪-૬૫), ભાગ-3B (તત્ત્વચર્ચા ૬૬-૧૨૫), ભાગ-3C (તત્ત્વચર્ચા ૧૨૬-૧૮૭) એમ અક્ષરશઃ તત્ત્વચર્ચાને બહાર પાડીએ. DVD ના ટ્રેક અનુસાર ચર્ચાનો ક્રમ આપેલ છે.

જેઓને તત્ત્વની જિજ્ઞાસા છે તેવા મુમુક્ષુઓને આ અક્ષરશઃ PDF બહાર પડશે ત્યારબાદ પુસ્તકરૂપે પણ બહાર પડશે જે સ્વાધ્યાય માટે ખૂબ જ અનુકૂળ રહેશે, વધારે સ્પષ્ટીકરણ થશે જે સમજવા માટે લાભનું કારણ બનશે.

પૂજ્ય બહેનશ્રીની જેટલી શક્ય હોય તેટલી તત્ત્વચર્ચાને અક્ષરશઃ કરી બહાર પાડવાની અમારા મંડળની ભાવના છે. અમારું શ્રી દાદર દિગંબર જૈન મુમુક્ષુ મંડળ આ અમૃતવાણી ભાગ-૩ DVD ને અક્ષરશઃ કરી તેને ત્રણ ભાગમાં પ્રકાશિત કરી રહ્યા છીએ. તેમાં પ્રથમ ભાગ મુનિરક્ષા દિને પ્રગટ થઈ ગયેલ છે. તેના જ અનુક્રમે અમૃતવાણી ભાગ-૩-B (તત્ત્વચર્ચા ૬૬-૧૨૫), કાર્તિકી અષ્ટાહ્નિકા પૂર્ણાહૂતિ દિન, ગુજરાતી સમયસાર પ્રકાશન દિન તેમજ શ્રીમદ્ રાજચંદ્ર જન્મદિન નિમિત્તે પ્રકાશિત કરતા હર્ષ અનુભવીએ છીએ. અમૃતવાણી ભાગ-3A અને ભાગ-3B PDF www.vitaragvani.com પર ઉપલબ્ધ છે. મુમુક્ષુ ત્યાંથી ડાઉનલોડ કરી સ્વાધ્યાય કરી શકે છે. વળી આ તત્ત્વચર્ચા મુમુક્ષુઓ સાંભળતી વખતે વાંચી શકે તે માટે પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનની જેમ જ સ્ક્રીન પર લાઈનીંગ સાથે તૈયાર કરીશું. તેમજ ઓનલાઈન પણ સાંભળી તેમજ વાંચી શકે તે માટે YOU TUBE પર મૂકવાની ભાવના છે.

પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી સીમંધર ભગવાનની દેશના છે. ભગવાન શ્રી કુંદકુંદ આચાર્યના હૃદયને પૂજ્ય ગુરુદેવશ્રીએ ખોલી ભરતક્ષેત્રમાં કુંદકુંદ ભગવાનનો જયકાર કર્યો છે. તેમની ભાવનાને ખોલીને ગુરુદેવશ્રીએ એકલું માખણ આપ્યું છે.

પૂજ્ય ગુરુદેવશ્રીની વાણીને સંપૂર્ણ માથે ચઢાવી પૂજ્ય બહેનશ્રીએ શુદ્ધાત્માની પ્રાપ્તિ કરી જીવન સાર્થક કર્યું છે. પૂજ્ય બહેનશ્રીએ ગુરુદેવશ્રીએ ફરમાવેલ તત્ત્વના

ગૂઢ રહસ્યો જે મુમુક્ષુને સમજમાં ન આવતા તેના નિરાકરણ માટે પૂજ્ય બહેનશ્રીને પ્રશ્નો પૂછતા હતા. પૂજ્ય બહેનશ્રીએ ગુરુદેવના ભાવને વધુ સહેલાઈથી સમજી શકાય તેવા ખુલાસા ચર્ચામાં કર્યા છે. જૈન-જૈનેતર મૂળ દિગંબર સંપ્રદાયના મોટા મોટા વિદ્વાનો પૂજ્ય બહેનશ્રીની સમજ, તત્ત્વચર્ચાથી ખૂબ જ આકર્ષાયા છે. તેમના વચનોથી પ્રભાવિત થઈ તેમના દ્વારા કરવામાં આવતા સ્વાધ્યાયમાં બહેનશ્રીના વચનોનો આધાર આપવામાં આવે છે.

અમારા મંડળને આ સરસ પ્રભાવનાનો લાભ મળ્યો છે તેથી અમે આનંદની લાગણી અનુભવીએ છીએ. આ ચર્ચાઓને સીડીમાંથી લખવાનું કાર્ય નિજેશ જૈન, સોનગઢ દ્વારા કરવામાં આવેલ છે તથા આ પ્રકાશનના પ્રૂફ રીડિંગ તથા ઓડિયો સાથે લખાણને ચેક કરી આપનાર પં. શ્રી ભરતભાઈ શાહ, પ્રો. જયેશભાઈ કોઠારી, બ્ર. રેણુકાબેન, સ્મિતાબેન બાવીશી, વર્ષાબેન ખારા, સપનાબેન શાહ, સોનલબેન કામદાર, દિવાળીબેન ગડા, ચંદ્રિકાબેન પંચોલી, પ્રજ્ઞાબેન જિતુભાઈ શાહ, હીનાબેન મોદી—સર્વેનો દાદર મુમુક્ષુ મંડળ અંતઃકરણપૂર્વક આભાર માને છે. આ પ્રકાશનમાં અનુમોદન કરનાર મુમુક્ષુઓના નામ અંતમાં આપેલ છે, તે સર્વેનો દાદર મંડળ આભાર વ્યક્ત કરે છે.

પ્રસ્તુત ચર્ચામાં શ્રોતા તથા પૂજ્ય બહેનશ્રીનો અવાજ જ્યાં અસ્પષ્ટ છે ત્યાં ..... કરેલ છે. તથા આ પુસ્તકમાં કોઈપણ જગ્યાએ શબ્દભૂલ જણાય તો તજજ્ઞોએ તેને સુધારીને વાંચી લેવું તથા અમને અવગત કરાવશો જેથી તેનો સુધારો કરી શકાય.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટે આ કાર્ય માટે સ્વીકૃતિ આપી છે તેમનો પણ મંડળ આભાર માને છે.

આ પુસ્તકમાં આપેલ પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચાના પઠન તેમજ શ્રવણથી પૂજ્ય બહેનશ્રીએ કહેલ સમ્યક્ સ્વરૂપને સમજીને સ્વાનુભૂતિ પ્રાપ્ત કરી નિજાત્મવૈભવને પામો એ જ ભાવના સાથે...

કારતક સુદ-૧૫ — લિ.

તા. ૫-૧૧-૨૦૨૫ — શ્રી દાદર દિગંબર જૈન મુમુક્ષુ મંડળ

સમયસાર ગુજ. પ્રકાશન દિન — પ્રમુખશ્રીના જય જિનેન્દ્ર

શ્રીમદ્ રાજચંદ્ર જન્મદિન,

અષ્ટાહ્નિકા પૂર્ણાહૂતિ દિન

# અનુક્રમણિકા


| Track No | વિષય | પેજ નં. |
|---|---|---|
| ૬૬. | તત્ત્વચર્ચા–૬૬ | 1 |
| ૬૭. | તત્ત્વચર્ચા–૬૭ | 7 |
| ૬૮. | તત્ત્વચર્ચા–૬૮ | 13 |
| ૬૯. | તત્ત્વચર્ચા–૬૯ | 19 |
| ૭૦. | તત્ત્વચર્ચા–૭૦ | 24 |
| ૭૧. | તત્ત્વચર્ચા–૭૧ | 31 |
| ૭૨. | તત્ત્વચર્ચા–૭૨ | 37 |
| ૭૩. | તત્ત્વચર્ચા–૭૩ | 44 |
| ૭૪. | તત્ત્વચર્ચા–૭૪ | 51 |
| ૭૫. | તત્ત્વચર્ચા–૭૫ | 57 |
| ૭૬. | તત્ત્વચર્ચા–૭૬ | 63 |
| ૭૭. | તત્ત્વચર્ચા–૭૭ | 69 |
| ૭૮. | તત્ત્વચર્ચા–૭૮ | 76 |
| ૭૯. | તત્ત્વચર્ચા–૭૯ | 82 |
| ૮૦. | તત્ત્વચર્ચા–૮૦ | 89 |
| ૮૧. | તત્ત્વચર્ચા–૮૧ | 94 |
| ૮૨. | તત્ત્વચર્ચા–૮૨ | 101 |
| ૮૩. | તત્ત્વચર્ચા–૮૩ | 107 |
| ૮૪. | તત્ત્વચર્ચા–૮૪ | 113 |
| ૮૫. | તત્ત્વચર્ચા–૮૫ | 120 |
| ૮૬. | તત્ત્વચર્ચા–૮૬ | 127 |
| ૮૭. | તત્ત્વચર્ચા–૮૭ | 134 |
| ૮૮. | તત્ત્વચર્ચા–૮૮ | 141 |
| ૮૯. | તત્ત્વચર્ચા–૮૯ | 147 |
| ૯૦. | તત્ત્વચર્ચા–૯૦ | 153 |
| ૯૧. | તત્ત્વચર્ચા–૯૧ | 160 |
| ૯૨. | તત્ત્વચર્ચા–૯૨ | 167 |
| ૯૩. | તત્ત્વચર્ચા–૯૩ | 173 |
| ૯૪. | તત્ત્વચર્ચા–૯૪ | 180 |
| ૯૫. | તત્ત્વચર્ચા–૯૫ | 187 |
| ૯૬. | તત્ત્વચર્ચા–૯૬ | 194 |
| ૯૭. | તત્ત્વચર્ચા–૯૭ | 201 |
| ૯૮. | તત્ત્વચર્ચા–૯૮ | 208 |
| ૯૯. | તત્ત્વચર્ચા–૯૯ | 214 |
| ૧૦૦. | તત્ત્વચર્ચા–૧૦૦ | 220 |
| ૧૦૧. | તત્ત્વચર્ચા–૧૦૧ | 227 |
| ૧૦૨. | તત્ત્વચર્ચા–૧૦૨ | 234 |
| ૧૦૩. | તત્ત્વચર્ચા–૧૦૩ | 242 |
| ૧૦૪. | તત્ત્વચર્ચા–૧૦૪ | 251 |
| ૧૦૫. | તત્ત્વચર્ચા–૧૦૫ | 259 |
| ૧૦૬. | તત્ત્વચર્ચા–૧૦૬ | 267 |
| ૧૦૭. | તત્ત્વચર્ચા–૧૦૭ | 273 |
| ૧૦૮. | તત્ત્વચર્ચા–૧૦૮ | 279 |
| ૧૦૯. | તત્ત્વચર્ચા–૧૦૯ | 285 |
| ૧૧૦. | તત્ત્વચર્ચા–૧૧૦ | 292 |
| ૧૧૧. | તત્ત્વચર્ચા–૧૧૧ | 299 |
| ૧૧૨. | તત્ત્વચર્ચા–૧૧૨ | 304 |
| ૧૧૩. | તત્ત્વચર્ચા–૧૧૩ | 311 |
| ૧૧૪. | તત્ત્વચર્ચા–૧૧૪ | 317 |
| ૧૧૫. | તત્ત્વચર્ચા–૧૧૫ | 323 |
| ૧૧૬. | તત્ત્વચર્ચા–૧૧૬ | 330 |
| ૧૧૭. | તત્ત્વચર્ચા–૧૧૭ | 337 |
| ૧૧૮. | તત્ત્વચર્ચા–૧૧૮ | 344 |
| ૧૧૯. | તત્ત્વચર્ચા–૧૧૯ | 352 |
| ૧૨૦. | તત્ત્વચર્ચા–૧૨૦ | 358 |
| ૧૨૧. | તત્ત્વચર્ચા–૧૨૧ | 364 |
| ૧૨૨. | તત્ત્વચર્ચા–૧૨૨ | 371 |
| ૧૨૩. | તત્ત્વચર્ચા–૧૨૩ | 379 |
| ૧૨૪. | તત્ત્વચર્ચા–૧૨૪ | 385 |
| ૧૨૫. | તત્ત્વચર્ચા–૧૨૫ | 392 |

# પૂજ્ય ગુરુદેવશ્રીનું માંગલિક

ણમો લોએ સવ્વ અરિહંતાણં, ણમો લોએ સવ્વ સિદ્ધાણં, ણમો લોએ સવ્વ
આયરિયાણં, ણમો લોએ ઉવજ્ઝાયાણં, ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં.
ચત્તારિ મંગલં, અરહંતા મંગલં, સિદ્ધા મંગલં, સાહૂ મંગલં,
કેવલી પણ્ણત્તો ધમ્મો મંગલં
ચત્તારિ લોગુત્તમા, અરહંતા લોગુત્તમા, સિદ્ધા લોગુત્તમા, સાહૂ લોગુત્તમા,
કેવલિપણ્ણત્તો ધમ્મો લોગુત્તમો.
ચત્તારિ શરણં પવ્વજ્જામિ, અરહંતે શરણં પવ્વજ્જામિ, સિદ્ધે શરણં પવ્વજ્જામિ,
સાહૂ શરણં પવ્વજ્જામિ, કેવલિપણ્ણત્તં ધમ્મં શરણં પવ્વજ્જામિ.
ચાર શરણ, ચાર મંગલ, ચાર ઉત્તમ જે કરે, ભવસાગરથી તે તરે,
સકલ કર્મનો આણે અંત, મોક્ષ તણા સુખ લહે અનંત,
ભાવ ધરીને જે ગુણ ગાય, તે જીવ તરીને મુક્તિ જાય,
સંસારમાંહિ શરણ ચાર, અવર શરણ નહીં કોઈ
જે નર-નારી આદરે, તેને અક્ષય અવિચલ પદ હોય
અંગૂઠે અમૃત વસે, લબ્ધિ તણા ભંડાર
ગુરુ ગૌતમને સમરિયે તો સદાય મન વાંછિત ફળ દાતાર.

* * * * *

મૈં હી પરમાત્મા હૂં! એમ અનુભવ કર, મૈં હી પરમાત્મા હૂં!
વીતરાગ સર્વજ્ઞદેવની ધ્વનિમાં, ત્રિલોકનાથ પરમાત્મા,
સો ઇન્દ્રોંની ઉપસ્થિતિના સમોસરણમાં, લાખો કરોડો દેવોની હાજરીમાં,
ભગવાનની વાણીમાં આવ્યું
તું પરમાત્મા છો એમ નક્કી કર! તું પરમાત્મા છો એમ નક્કી કર!
ઓહોહો! ભગવાન પણ તમે પરમાત્મા છો એટલું તો નક્કી કરવા દ્યો.
એ પરમાત્મા અમે છીએ નક્કી ક્યારે થશે? કે તું પરમાત્મા છો એવો અનુભવ થશે,
ત્યારે આ પરમાત્મા એવો વ્યવહાર તને નક્કી થશે,
નિશ્ચય નક્કી થયા વિના વ્યવહારનું નક્કી થશે નહીં.

* * * * *

# પૂજ્ય બહેનશ્રીનું માંગલિક

ચત્તારિ મંગલં, અરહંતા મંગલં, સિદ્ધા મંગલં, સાહૂ મંગલં,
કેવલી પણ્ણત્તો ધમ્મો મંગલં
ચત્તારિ લોગુત્તમા, અરહંતા લોગુત્તમા, સિદ્ધા લોગુત્તમા, સાહૂ લોગુત્તમા,
કેવલિપણ્ણત્તો ધમ્મો લોગુત્તમો.
ચત્તારિ શરણં પવ્વજ્જામિ, અરહંતે શરણં પવ્વજ્જામિ, સિદ્ધે શરણં પવ્વજ્જામિ,
સાહૂ શરણં પવ્વજ્જામિ, કેવલિપણ્ણત્તં ધમ્મં શરણં પવ્વજ્જામિ.
ચાર શરણ, ચાર મંગલ, ચાર ઉત્તમ કરે જે, ભવસાગરથી તરે તે,
સકલ કર્મનો આણે અંત, મોક્ષ તણા સુખ લહે અનંત,
ભાવ ધરીને જે ગુણ ગાય, તે જીવ તરીને મુક્તિ જાય,
સંસારમાંહિ શરણ ચાર, અવર શરણ નહીં કોઈ,
જે નર-નારી આદરે, તેને અક્ષય અવિચલ પદ હોય
અંગૂઠે અમૃત વસે, લબ્ધિ તણા ભંડાર
ગુરુ ગૌતમને સમરિયે તો સદાય મન વાંછિત ફળ દાતાર.

* * * * *

# પૂજ્ય બહેનશ્રીની સ્તુતિ

સુખધામ અનંત સુસંત ચહી,
દિન-રાત રહે તદ્ ધ્યાન મહીં;
પ્રશાંતી અનંત સુધામય જે.
પ્રણમું પદ તે વર્તે જય તે.

કરી બાળવયે બહુ જોર, આતમ ધ્યાન ધર્યું;
સાંધી આરાધન દોર, સમ્યક્ તત્ત્વ લહ્યું.

મીઠી મીઠી વિદેહની વાત તારે ઉર ભરી;
અમ આત્મ ઉજાળનહાર, ધર્મ પ્રકાશ કરી.

સીમંધર ગણધર સંતના તમે સત્સંગી;
અમ પામર તારણ કારજ પધાર્યા કરુણાંગી,

તુજ જ્ઞાન ધ્યાનનો રંગ અમ આદર્શ રહો;
હો શિવપદ તક તુજ સંગ, માતા હાથ ગ્રહો.

સ્વાનુભવવિભૂષિત ધન્યાવતાર
પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન



રિદ્ધિ સિદ્ધિ–નિધાન છે ગંભીર ચિત્ત ઉદાર,
ભવ્યો પર આ કાળમાં અદ્‌ભુત તુજ ઉપકાર.

ॐ

|| શ્રી વીતરાગાય નમઃ ||

|| પરમોપકારી શ્રી કહાનગુરુદેવાય નમઃ ||

|| વન્દે ભગવતી માતરમ્ ||

# પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી ભાગ-૩ B

**પૂજ્ય બહેનશ્રીની મુમુક્ષુઓ સાથે થયેલી ઑડિયો તત્ત્વચર્ચા અમૃતવાણી ડી.વી.ડી. નંબર ૩ ટ્રેક નં. ૬૬ થી ૧૨૫નું અક્ષરશઃ પ્રકાશન**

## પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી, ભાગ-૩

## તત્ત્વચર્ચા - ૬૬

**શ્રોતા :** .......

**પૂજ્ય બહેનશ્રી :** એ બેય સાથે છે રાગ (પ્રત્યે) જેને હેયબુદ્ધિ હોય એને કર્તાપણું છૂટે. જેને જ્ઞાતાપણું થાય ને કર્તાપણું છૂટે, એને રાગ હેયબુદ્ધિ એ આવે, પણ એ જ્ઞાતાપણું યથાર્થ તો સમ્યગ્દર્શન થાય ત્યારે જ જ્ઞાતાપણું યથાર્થ આવે, ત્યારે કર્તાપણું યથાર્થ છૂટે અને ત્યારે હેયબુદ્ધિ યથાર્થ થાય. ત્યાર પહેલા એ વિચારથી પ્રતીત કરે અને એ બધું સાથે થાય. હેયબુદ્ધિ આવી એમાં કર્તાપણું છૂટી જાય છે. જ્ઞાયક થાય તો કર્તાપણું છૂટી જાય. કર્તાપણું છૂટે ત્યારે તે જ્ઞાયક, જ્ઞાયક થાય તો કર્તાપણું છૂટે. રાગ હેયબુદ્ધિએ આવે, ક્યારે કે યથાર્થપણે સ્વભાવને ગ્રહણ કરે, તો યથાર્થપણે

**સ્વભાવ ગ્રહણ કરે, ગ્રહણ કરે કે હું તો વીતરાગ સ્વરૂપ છું. મારું સ્વરૂપ જ્ઞાયક છે, એમ યથાર્થપણે સ્વરૂપને ગ્રહણ કરે તો રાગનું હેયપણું આવે છે. બેય એ તો. આ બાજુ અસ્તિ ને આ બાજુ નાસ્તિ બેય સાથે આવે છે.**

**શ્રોતા :** સ્વભાવને ..........

**પૂજ્ય બહેનશ્રી : ઈ બહારનું છે, ને એટલે સહેલું લાગે ને સ્થૂળ છે, એટલે સહેલું લાગે છે. એ પોતે કર્તાબુદ્ધિ કરતો હોય અને આ કરું છું આ બધું વિકલ્પ રુચે એટલું સહેલું લાગે છે. ઓલું તો જ્ઞાયક છે, એને ગ્રહણ કરવો એને દુષ્કર લાગે છે. એ સૂક્ષ્મ છે, ઓલું સ્થૂળ છે બાહ્ય, પણ અંદરનું સૂક્ષ્મ કર્તાપણું, હજી આ તો હજી સ્થૂળમાં જાય છે. જ્ઞાયકને ગ્રહણ કરે ત્યારે યથાર્થપણે અંતરમાં જે કર્તાબુદ્ધિ થઈ રહી છે ઈ તો અંતરથી છૂટે ત્યારે થાય. બહારથી આ બધું સહેલું લાગે એને. હું કરી શકતો નથી. એમ, પણ અંદરથી વિભાવની પર્યાય મારો સ્વભાવ જ્ઞાયક છે, એનાથી જ્ઞાયક રહેવું એ બધું જ્ઞાયક થાય ત્યારે યથાર્થપણે કર્તાપણું છૂટે છે. બાકી સ્થૂળપણે કર્તાપણું છૂટે છે. જ્ઞાયક અંદર જ્ઞાતા થયા વગર કર્તાબુદ્ધિને મંદ પાડે છે, કે હું કરી શકતો નથી એમ. કર્તાબુદ્ધિ મંદ પડે, પણ યથાર્થપણે છૂટે ક્યારે? જ્ઞાયક થાય ત્યારે સ્વભાવને ગ્રહણ થાય ત્યારે.**

**કરે સો કર્તા, જાણે સો જાણનહાર. જાણનહારો થાય ત્યારે કર્તાપણું છૂટે છે. બાકી એ વિચારમાં બુદ્ધિથી ભાવના કરે છે હું કાંઈ કરી શકતો નથી. બધું આમ બહારનું એને આવે. આ બધું પુણ્ય-પાપનો ઉદયે બને છે મારાથી કાંઈ થાતું નથી એ બધું છૂટે, પણ અંદર, અંદર જે કર્તાપણું ઊભું છે. જ્ઞાયક જાણનહારો થયો નથી ત્યાં સુધી કર્તાપણું એને આવ્યા કરે છે. એકત્વબુદ્ધિ છે ત્યાં સુધી કર્તાપણું આવ્યા કરે છે. ભેદજ્ઞાન થયું નથી, એકત્વબુદ્ધિ છે જાણનહારો જ્ઞાતા થયો નથી, એટલે કર્તાપણું આવ્યા કરે છે. બાકી, વિચારમાં એને આવ્યા કરે હું કર્તા નથી, હું જ્ઞાતા છું, એ બધો પ્રયાસ કરે તેથી એ પોતાને ભાવનામાં એવું આવે, પણ યથાર્થ પરિણતિરૂપ તો જ્યારે જ્ઞાતા થાય ત્યારે જ થાય છે. (3-66-1)**

**શ્રોતા :** દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિ કરીને અશુદ્ધતાને ખ્યાલમાં રાખીને તું પુરુષાર્થ કરી લે.

**પૂજ્ય બહેનશ્રી : શુદ્ધ સ્વભાવને લક્ષમાં રાખવો. જે આત્માનો શુદ્ધ સ્વભાવ છે, એને ગ્રહણ કરે, એના ઉપર દૃષ્ટિ કરે તો અવશ્ય મોક્ષ થાય છે. જે સ્વભાવ છે, એ સ્વભાવ ને ગ્રહણ કરે શુદ્ધતામાંથી શુદ્ધતા જ આવે છે. અશુદ્ધતામાંથી શુદ્ધતા આવતી નથી. જે શુદ્ધસ્વભાવ છે, એમાંથી શુદ્ધતા પ્રગટે. અશુદ્ધ જે અશુદ્ધ, પોતે વિભાવ થઈ**

રહ્યો છે. જે અશુદ્ધ પર્યાયો છે, એ અશુદ્ધપર્યાયને લક્ષમાં લે અને અશુદ્ધપર્યાય ઉપર દૃષ્ટિ કરે તો એમાંથી કાંઈ શુદ્ધતા આવતી નથી. જે પોતે જ અશુદ્ધ છે, એમાંથી શુદ્ધતા ક્યાંથી આવે? જે શુદ્ધ છે, એમાંથી શુદ્ધ આવે. શુદ્ધતામાંથી શુદ્ધતા આવે. અશુદ્ધતામાંથી શુદ્ધતા આવે નહીં.

એ બધું ઊંધું જ હોય જે વિભાવ, જે વિભાવ પોતે જ મલિન છે, એમાંથી કોઈ દિવસ શુદ્ધ પર્યાયો આવતી નથી. જે સ્વભાવ શાશ્વતો શુદ્ધ પડેલો છે. એમાંથી શુદ્ધતા આવે છે. સોનામાંથી સોનાના દાગીના થાય. લોઢામાંથી લોઢાના જ થાય. કોઈ એમ કહે કે મંદ કષાય કરીને એમાંથી શુદ્ધતા આવે, કે મંદ કષાયમાંથી ન આવે, પણ અકષાયભાવથી વીતરાગ પર્યાય થાય. ગમે એટલો મંદ હોય તો મંદ તો કષાય છે ને! અને અકષાયભાવમાંથી વીતરાગતા આવે છે. જે સ્વભાવ છે, એમાંથી આવે છે.

(3-66-2)

**શ્રોતા :** અશુદ્ધતાને ખ્યાલમાં રાખે.

**પૂજ્ય બહેનશ્રી :** અશુદ્ધતાને ખ્યાલમાં રાખે એમ આવે છે. જે અશુદ્ધતા ખ્યાલમાં શુદ્ધ ઉપર દૃષ્ટિ કરે, અશુદ્ધતાને ખ્યાલમાં રાખે એમ આવ્યું ને! આ અશુદ્ધતાને ખ્યાલમાં રાખજે એટલે કે તારો સ્વભાવ શુદ્ધ છે. તું શુદ્ધ સ્વભાવને લક્ષમાં રાખજે અને આ અશુદ્ધતાને લક્ષમાં એટલે હું બધી રીતે શુદ્ધ છું કે દ્રવ્યથી શુદ્ધ ને પર્યાયથી પણ શુદ્ધ છું એવું જ્ઞાન કરીશ નહીં. તારે પર્યાયમાં અશુદ્ધતા છે. એ અશુદ્ધતા છે, એમ ખ્યાલમાં રાખજે. સ્વભાવ છે, એના ઉપર દૃષ્ટિ કરજે અને અશુદ્ધતા છે, એને હજી ટાળવાની છે, એમ ધ્યાન રાખજે. અશુદ્ધતા છે જ નહીં કાંઈ છે જ નહીં તો તો કાંઈ કરવાનું રહેતું નથી, એમ તો તો કાંઈ કરવાનું રહેતું જ નથી, જો શુદ્ધ જ છે. બધી રીતે શુદ્ધ છે, તો એને પુરુષાર્થ કોને માટે? તો મુક્તિ કોને માટે? સ્વાનુભૂતિ કોને માટે?

કારણ પોતે શુદ્ધ જ છે અશુદ્ધતા કાંઈ છે જ નહીં તો તો સ્વાનુભૂતિ સ્વરૂપ જ હોવો જોઈએ. તો તો એને પૂર્ણ શુદ્ધનું વેદન હોવું જોઈએ. એને વેદન છે નહીં એને સ્વાનુભૂતિનું વેદન નથી, કાંઈ નથી, એટલે અશુદ્ધતા છે, એને તું ધ્યાનમાં રાખજે. અને શુદ્ધતા ઉપર દૃષ્ટિ કરીને પુરુષાર્થ કરજે, તો શુદ્ધપર્યાય પ્રગટ થાશે એમ. અશુદ્ધતા છે જ નહીં કાંઈ પર્યાયમાંય નથી. એવું જો તું ખ્યાલ રાખે તો તો કાંઈ પુરુષાર્થ જ શેમાં? કોને માટે કરવો છે પુરુષાર્થ? એ કીધું ને સમજાણું નહીં અશુદ્ધતાને ખ્યાલમાં રાખજે. પર્યાયમાં અશુદ્ધતા છે, એનો ખ્યાલ રાખજે.

**સમ્યગ્દૃષ્ટિને ભેદજ્ઞાન થાય છે. દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરે છે, તો એની ભૂમિકા અધુરી છે, એનો ખ્યાલ છે, એટલે એનો પુરુષાર્થ ચાલુ જ રહે છે. પોતાના સ્વરૂપ તરફ ઠરવાનો દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરીને એમાં ઠરવાનો પ્રયત્ન કરે છે. જેથી એને શુદ્ધપર્યાય પ્રગટ થાય છે અને અશુદ્ધતા ટળી જાય છે. દૃષ્ટિ ભલે દ્રવ્ય ઉપર હોય, શુદ્ધ ઉપર, પણ જ્ઞાનમાં તું ખ્યાલ રાખજે. (કે પર્યાયમાં અશુધ્ધિ છે.) (3-66-3)**

**શ્રોતા :** એક જ સમયે બે પડખાંનો વિચાર થાય?

**પૂજ્ય બહેનશ્રી : એક જ સમય જ્ઞાનમાં બધું આવે છે. જ્ઞાનમાં તો બધું આવે એને ખ્યાલ હોય છે, કે દ્રવ્ય અપેક્ષાએ શુદ્ધ છે. પર્યાય અપેક્ષાએ અશુદ્ધતા છે. દરેક વખતે કાંઈ વિચાર કરવો પડતો નથી. જાણી લીધું છે. વિચાર જ્યારે કરે, કે આ અશુદ્ધતા છે, આ શુદ્ધતા છે, એમાં ઉપયોગમાં ક્રમ પડે, બાકી જે જાણી લીધું છે જ્ઞાનમાં તો જે જ્ઞાનમાં છે, એ તો એને સહજ જ્ઞાનમાં વર્તે જ છે. સહજજ્ઞાનની પરિણતિમાં વર્તે જ છે. (3-66-4)**

**શ્રોતા :** જ્ઞાનીને પણ......

**પૂજ્ય બહેનશ્રી : અજ્ઞાનીને એને નથી હોતું. જ્ઞાનીને વર્તે છે. અજ્ઞાનીને તો એની શુદ્ધતાનો ખ્યાલેય નથી. શુદ્ધતા ઉપર દૃષ્ટિ જ નથી એની શુદ્ધતાના વિચારો કરે જિજ્ઞાસુની ભૂમિકામાં પણ, શુદ્ધતા ઉપર એની દૃષ્ટિ નથી. એટલે એને એવી જાતનું સહજ પરિણમન હોતું નથી એને. હજી વિચારો કર્યા કરે, આ અશુદ્ધતા છે, દ્રવ્ય અપેક્ષાએ શુદ્ધતા છે. પર્યાયમાં અશુદ્ધતા છે. શુદ્ધતા ઉપર દૃષ્ટિ કરવાની છે. બધા વિચારો કરે પણ એને એ દૃષ્ટિની, જ્ઞાનની એવી સહજ પરિણતિ હોતી નથી એને. ઉપયોગ એને એક પછી એક એને વિચારોમાં ફર્યા કરે છે. એ એને ઉઘાડમાં એવું રહેતું નથી. સહજ નથી. (3-66-5)**

**શ્રોતા :** પોતે વિચારપૂર્વક પહેલી ભૂમિકામાં વિચારપૂર્વક હું આજ છું, શુદ્ધ છું, પર્યાયે અશુદ્ધ છું....

**પૂજ્ય બહેનશ્રી : એને વિચારો આવે છે, કે જે વિચારો આવે છે. બધાં દ્રવ્ય અપેક્ષાએ શુદ્ધ છે. પર્યાય અપેક્ષાએ અશુદ્ધતા છે. એ બધું દ્રવ્ય ઉપર દૃષ્ટિ કેમ કરવું એમ એવા બધા વિચારો આવે છે. પ્રયાસ કરવાનો છે. ઘર જોયું નથી, પણ ઘર જોવાનો પ્રયત્ન કરે તો થઈ શકે છે. પ્રયત્ન કરતો નથી. ઘર કાંઈ પોતે જ છે, બીજું કાંઈ નથી જોવાનું એને. પોતે જ છે. પોતે પોતાને જોતો નથી. પોતે જ છે, કાંઈ દૂર નથી. પણ પોતે જોતો નથી. એટલે વિચારો કરી નક્કી કરે છે. પેલી ભૂમિકામાં પણ એ વિચાર જ કરવાનો. વિચારથી નક્કી કરવાનું હોય છે. સહજ હોતું નથી. (3-66-6)**

**શ્રોતા :** વિચારમાં એમ આવે છે; સાધારણ ખ્યાલમાં આવે છે, કે આ જાણનારો પોતે છે, એમ ખ્યાલમાં આવે છે છતાં જાણનારમાં પોતાપણું એ કેમ થાતું નથી પછી?

**પૂજ્ય બહેનશ્રી : જાણનારમાં પોતાપણું એ સ્થાપી શકતો નથી. એનો ઉપયોગ ફર્યા કરે છે બધા પર. એની દૃષ્ટિ જે થંભાવી જોય જાણનાર ઉપર, એને દૃષ્ટિ થંભતી નથી એના ઉપર. એને જુદો પડીને અંતરમાંથી જે દ્રવ્ય ઉપર જાણનાર ઉપર દૃષ્ટિ થાવી જોઈએ એ એને થાતી નથી. એ જાતનો પુરુષાર્થ કરતો નથી. કે આ હું જાણનાર છું અને એને વિચારથી નક્કી કર્યું, આ જાણનાર તે હું છું પણ જાણનાર હું છું એમાં એ જાતની દૃષ્ટિ એને સ્થાપીને એ રૂપે પરિણતિરૂપ કરતો નથી. એટલે એના વિચારો ફર્યા કરે છે. વિચારથી નક્કી કર્યા કરે છે. અંદર એ રીતે એને રસ મંદ પડે છે, એમ બધું થાય છે, પણ એ હજી સહજ પરિણતિરૂપ થાતો નથી (3-66-7)**

**શ્રોતા :** ખ્યાલમાં એમ આવે છે, કે જાણનાર પોતે છે, એમ નક્કી નથી રહેતું. અથવા જાણનારનું પોતાપણું છે, એમ હજી પકડમાં નથી આવતું એમ ખ્યાલમાં આવે છે, આ કરવું છે, એમ પણ વિચારો આવ્યા કરે છે.

**પૂજ્ય બહેનશ્રી : પણ એ કરવાનું એને રહી જાય છે. કરે પ્રયત્ન કરે તો થાય એવું છે. રુચિની, પુરુષાર્થની ખામી છે, એ અરસપરસ બધી ખામી હોય છે. એની અમુક નિર્ણયની ખામી, રુચિની ખામી, પુરુષાર્થની ખામી બધી અરસપરસ થોડી થોડી ખામી હોય છે. (3-66-8)**

**શ્રોતા :** સત્ય સ્વરૂપ સમજણની પણ ખામી હોય છે.

**પૂજ્ય બહેનશ્રી : સમજણની ખામી પોતાની ક્યાં ખામી છે મુખ્યપણે પોતે ગોતી લે, બાકી થોડી થોડી ખામી તો અમુક હોય છે. સમજણની ખામી બધું હોય છે. એ મહિમા આવતી નથી. બહારની મહિમા, અંતરમાં કરવા જેવું છે, એમ લાગે છે, પણ એટલી અંતરમાંથી જે લાગવી જોઈએ એ લાગતું નથી. (3-66-9)**

**શ્રોતા :** જ્યારે કષાય થાય છે ત્યારે કષાયનું વેદન, ને જાણનારો જ્ઞાન જાણે. વેદન જણાતું તો હોય છે, કષાય એજ સમયે નથી જણાતું એવું તો નથી. પછી જ્ઞાન છૂટું કામ કરતું નથી.

**પૂજ્ય બહેનશ્રી : છૂટું કામ નથી કરતું. કષાય થાય એ વખતે એને જ્ઞાનથી જ્ઞાન જુદું છે ક્યારે છે? પોતે કષાયમાં એકમેક થઈ જાય છે, એમ તો વિચારથી એમ નક્કી કરે છે, કે આ કષાયને મેં જાણ્યો, એ પછી બીજી ક્ષણે વિચાર કરે છે, કે આ કષાય તે હું નથી, હું તો જ્ઞાન છું કષાય થાય એ વખતે તો એકમેક થાય છે. જુદો ક્યાં પોતે રહે છે. જુદામાં ક્યાં એને એ વખતે, એ ક્ષણે ક્યાં જુદો રહે છે. જુદો હોવા છતાં**

વસ્તુસ્થિતિએ જુદો છે, પણ એ જુદાનું એને ક્યાં એ વખતે ખ્યાલ હોય છે, કે વેદન હોય છે? એ એને માત્ર વિચારમાત્ર રહી જાય છે. અંદર પહેલાં વિચાર્યું હોય એ રીતે કે જ્ઞાન જુદું ને કષાય જુદો, પણ જે વખતે એમાં જોડાય એ વખતે એની જ્ઞાયક પરિણતિ એ ક્ષણે જુદી રહેતી નથી. વિચારે એ કે આ કષાય થયો એ કષાય જાણ્યો કોણે? કે એ જે જ્ઞાનસ્વભાવ છે આત્માએ જાણ્યો. એમ વિચારીને નક્કી કરે છે, પણ એ પરિણતિ જ્યારે એમાં એકત્વરૂપે પરિણમે છે, એકત્વબુદ્ધિએ તે ક્ષણે એ ક્યાં જુદો જુદો ક્યાં રહ્યો છે. અજ્ઞાનીને જુદો રહેતો નથી એ તો એકમેક કષાયમાં થાય છે, એ ક્ષણે તો ભલે એનો રસ મંદ હોય, પણ એકમેક થાય છે, એ ક્ષણે જુદો રહેતો નથી.

**(3-66-10)**

**શ્રોતા :** જે ખ્યાલ આવે બીજી ક્ષણે ખ્યાલ આવે છે.

**પૂજ્ય બહેનશ્રી : એ બીજી ક્ષણે ખ્યાલ આવે છે. વિકલ્પ પછી બીજો વિકલ્પ આવે છે. એ તો છૂટીને બીજો વિકલ્પ આવે છે ત્યારે વિચાર કરે છે, આ કષાય છે, એ મારું સ્વરૂપ નથી. હું તો જાણનાર છું પણ એ એકત્વબુદ્ધિએ પરિણમેલો એ વયું ગયું બીજા વિચાર એને આવે છે. (3-66-11)**

**શ્રોતા :** 'અબાધ્ય અનુભવ જે રહે તે છે જીવ સ્વરૂપ' તો એ અજ્ઞાનીને ........ માટે કીધું ને?

**પૂજ્ય બહેનશ્રી : એ બધું નીકળી જાય છે અબાધ્ય અનુભવે છે. એકલો તું પોતે જ છે જે કોઈથી બાધા પામતું નથી. એકલો એ તું છો, એમ નક્કી કર, વિચાર કર એમ. આ બધાની વચ્ચે તો અબાધ્ય અનુભવ તે જીવનું સ્વરૂપ છે. એક તારો પોતાનો અંદર જે અનુભવ સ્વરૂપ છે, એ બધાને જાણનારો છે, એ તું છો એમ નક્કી કર. એમ સમજાવવા માટે કહે છે. સમજે તો તો એને સહજરૂપ થઈ જાય છે. તેથી બધાથી નક્કી કરે છે, પણ એને છૂટું પડવું એ પરિણતિમાં મૂકવું એ પ્રયાસથી થાય છે. વિચારથી નક્કી કરે છે, પણ એને છૂટું પરિણતિમાં મૂકવું એમાં એ પ્રયાસ માગે છે. તો પરિણતિમાં એ છૂટો રહી શકે છે. (3-66-12)**

**શ્રોતા :** પ્રયાસમાં શું બાકી રહે છે?

**પૂજ્ય બહેનશ્રી : પ્રયાસમાં બાકી રહે છે, એનું પોતે એ ક્ષણે જુદો પડતો નથી. એ રૂપ પ્રયાસ કરે, કે હું જુદો છું...જુદો છું એમ વિકલ્પથી જુદું...જુદું કર્યા કરે છે, એ તો ઠીક છે વિચારથી કરે તો શરૂઆતની ભૂમિકામાં એમ હોય છે, પણ એ ખરું જુદું તો ત્યારે કહેવાય કે જ્યારે વિકલ્પ આવે ત્યારે જ એ છૂટો હોય તો જ વિકલ્પ જુદો છે, પણ એવી સહજ પરિણતિ તો એને સ્વાનુભૂતિ થાય તો હોય છે. સ્વાનુભૂતિ વગર**

**હોતું નથી. ત્યાર પહેલા પ્રયાસરૂપ હોય છે. પ્રયાસ કરે તો એમાં એ અમુક પ્રકારે થાય છે, પણ એનો પ્રયાસ કર્યા વગર થાય નહીં. એક એક જે એને વિચારો આવે એમાં બધા જે જે કષાયમાં બધી એકત્વબુદ્ધિ કરતો એ ક્ષણે જુદું જુદું નથી પડતું. હું જ્ઞાયક છું એ જ્ઞાયક છું એ સહજ એને રહેવું જોઈએ. રહેતું નથી. પ્રયાસ વગર થાય નહીં. હું જુદો છું, જુદો છું એ એની મહિમાથી એના પ્રયાસથી નક્કી કરે તો એને જુદો પડવાનો પ્રસંગ આવે છે. કે આ જ્ઞાન છે, તે જ હું છું. (3-66-13)**

**શ્રોતાઓ : ભગવતી માતનો જય હો....**
**માતાજીની અમૃતવાણીનો જય હો..**

* * *

## પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી, ભાગ-૩

# તત્ત્વચર્ચા - ૬૭

**શ્રોતા :** ....

**પૂજ્ય બહેનશ્રી : એ કરવાનું છે માર્ગ સંબંધી તો કાંઈ બાકી રહે એવું રાખ્યું નથી. આ આત્મા જુદો, શરીર જુદું ને અંદર વિભાવ પોતાનો સ્વભાવ નથી એનાથી આત્માને જુદો સ્વભાવ જાણીને અંદર ભેદજ્ઞાનનો પ્રયાસ કરે તો, પ્રયાસ પોતે કરે તો થાય છે. કર્યા વગર કાંઈ થાતું નથી. એની રુચિ એની લગની બધું પોતે લગાડે તો થાય. એનો જ વિચાર, તત્ત્વનો વિચાર, એ ઊંડી લગની લાગે તો થાય. ગુરુદેવે કેટલું સ્પષ્ટ કર્યું છે, કાંઈ બાકી નથી રાખ્યું. ગુરુદેવની ટેપમાં ચારે પડખાનું આવતું હતું. તે પણ એ શુભભાવ પોતાનો સ્વભાવ નથી એમ જાણવું. શુદ્ધાત્મા કેમ છે, એનું ધ્યેય ને દૃષ્ટિ એને હોવી જોઈએ. (3-67-1)**

**શ્રોતા :** સામાન્યપણે પાપની પ્રવૃત્તિમાં જ હોય છે, પણ પ્રથમ તો શુભભાવનો પ્રયત્ન કરીને પછી શુદ્ધભાવનું કાંઈ કરવું?

**પૂજ્ય બહેનશ્રી : એવો કોઈ ક્રમ નથી હોતો પણ એ પોતે હજી આત્માને ઓળખતો નથી. આત્માની રુચિ લગાડવી એ પહેલાં છે, પણ રુચિ લગાડીને સાથે શુભભાવ તો આવ્યા વગર રહેતા જ નથી. અશુભભાવથી બચવા માટે શુભભાવો**

વચ્ચે આવ્યા વગર રહેતા નથી. પ્રથમ શુભ કરીને પછી શુદ્ધ કરે એમ નથી હોતું એ તો શુદ્ધને શુભ બેય સાથે જ હોય છે. શુદ્ધનો પ્રયત્ન કરે તો વચ્ચે શુભ આવ્યા વગર રહેતો નથી. પણ જે આત્માને ઓળખતો નથી એને વચ્ચે શુભ આવ્યા વગર રહેતું નથી, પણ રુચિ તો આત્માની જ લગાડવા જેવી છે. (3-67-2)

**શ્રોતા :** પ્રથમ તો રુચિ આત્માની હોવી જોઈએ.

**પૂજ્ય બહેનશ્રી :** રુચિ તો આત્માની હોવી જોઈએ પણ જીવ અનંતકાળથી અશુભથી બચીને શુભભાવમાં આવે છે. મંદકષાય એને બહુ ગમે છે. આત્માનું સ્વરૂપ સમજવા માટે એ પોતાની તૈયારી હોય તો એને રુચિ થાય છે. ગુરુદેવે આવો માર્ગ બતાવ્યો, અંદર રુચિ થયા વગર રહે નહીં એવું સ્વરૂપ કહેતા હતા. આત્માનું સ્વરૂપ સમજાવ્યું. બાકી જીવ બહાર ક્રિયામાં અનંતકાળથી પડ્યો રહે છે અંતરની રુચિ થવી જોઈએ પણ એ એને મુશ્કેલ પડે છે. ભગવાનના સમોસરણમાં જાય તોય બહારથી બધું જોઈને પણ અંતરની દૃષ્ટિ કરતો નથી. ખરું તો અંતરની દૃષ્ટિ જ કરવા જેવી છે. પહેલાં શુભ કરી લઉં, પછી અંદર રુચિ કરે એમ નથી હોતું. એની રુચિ લાગી જ નથી એને આત્માની જ લાગી નથી, પહેલાં આ કરી લઉં. આટલું શુભ પછી આત્માની રુચિ કરી એમ જે વાયદા કરે છે, એને આત્માની લાગી જ નથી. વાયદા એને હોય નહીં પણ એને રુચિ આત્માની લાગી પણ પ્રયાસ થઈ શકતો નથી, એટલે શુભમાં ઊભો રહે છે. પ્રયાસ થાતો નથી, એટલે શુભમાં ઊભો રહે છે. શુભ આવ્યા વગર રહેતું નથી. અશુભથી બચવા માટે શુભ આવ્યા વગર રહેતું નથી. (3-67-3)

**શ્રોતા :** એટલે પહેલેથી આત્માની પ્રાપ્તિનો પ્રયત્ન કરવો.

**પૂજ્ય બહેનશ્રી :** પ્રાપ્તિનો પ્રયત્ન તો એ જ હોવો જોઈએ. એ ન થાય એટલે શુભભાવો આવે છે. આજ આવતું હતું ને દેવ-ગુરુ-શાસ્ત્રના દર્શન ને બધું આવે છે, પણ રુચિ તો આત્માની જ હોવી જોઈએ. દર્શન, પૂજન બધું આવે છે. (3-67-4)

**શ્રોતા :** જે જીવ આત્મા મેળવવા માટે પ્રયત્ન કરે છે, એને શુભભાવ થાય છે. અને બીજો ખાલી બહારથી ક્રિયાથી શુભભાવ કરે છે, એ બેમાં આંતરો શું પડે છે?

**પૂજ્ય બહેનશ્રી :** એમાં આંતરો છે, એમાં એને આત્માની લાગી છે અને ઓલી તો બહારમાં દૃષ્ટિ છે, આત્માની કાંઈ લાગી જ નથી. એને આગળ જવાનો કોઈ અવકાશ નથી. એ તો બહારમાં બધું સર્વસ્વ માની લીધું. થોડી ક્રિયા થાય અથવા થોડા શુભભાવો થાય એમાં જ એણે સર્વસ્વ માની લીધું છે અને આત્માની રુચિ છે, કે અંતરમાં આગળ જવાતું નથી, એટલે આમાં ઊભો છું. અંદરમાં રુચિ, આત્માની રુચિ આત્મા કેમ પ્રાપ્ત થાય એની લગની છે, એટલે એમાં ને એમાં ફેર છે. માત્ર

**ઓલી તો દૃષ્ટિ જ જુદી છે, કે આમાં જ બધું આવી ગયું ને દૃષ્ટિ જુદી થઈ ગઈ છે, કે આ ક્રિયા શુભભાવોમાં ધર્મ માની લીધો છે, એને કાંઈ છૂટવાનો અવકાશ નથી અંતરમાં. અંદર આત્માની રુચિ હોય, એને અંતરમાંથી પ્રયાસ કરે તો એને ભેદજ્ઞાન થવાનો અવકાશ છે. બેય જુદું છે, એના રસ્તા જુદા છે, એણે બહારમાં જ બધું માની લીધું છે. (3-67-5)**

**શ્રોતા :** રુચિ થાય ત્યારે તો ભેદજ્ઞાન પણ શીઘ્ર છૂટી જાય?

**પૂજ્ય બહેનશ્રી : ભેદજ્ઞાન છૂટી જાય એટલે? એનો વિકલ્પ છૂટી જાય છે, એમ.**

**શ્રોતા :** લબ્ધમાં રહ્યું છે.

**પૂજ્ય બહેનશ્રી : જ્ઞાન એટલે પોતે ન્યારો છે, એટલે ન્યારો છે, એટલે પોતે ન્યારો છે, એટલે ન્યારો જ છે. લબ્ધમાં એટલે પોતે વિભાવથી છૂટો પડેલો છે, એની પરિણતિમાં એ છૂટો જ છે. વિકલ્પ નથી કે હું છૂટો કે ભેગો એમ વિકલ્પ નથી, પણ એ તો ન્યારી પરિણતિ જ એની થઈ ગઈ છે. વિકલ્પથી છૂટો પડ્યો છે. છૂટો તો છે, પણ છૂટો પડ્યો છે. એની છૂટાની અનુભૂતિ છે. ભેદજ્ઞાનનો વિકલ્પ નથી કે આ ઉદયધારા ને આ જ્ઞાનધારા. જ્ઞાનધારારૂપે પોતે રહે છે ને ઉદયધારાને જાણે છે, એ જે હતું એને ઉદયધારા, જ્ઞાનધારા એ બેય પણ એ છૂટી ગયું છે. એકલી જ્ઞાયકની, જ્ઞાયકની ધારા જ રહે છે. એકલો જ્ઞાયક....જ્ઞાયકપણે રહી જાય છે ભેદજ્ઞાન છૂટી ગયું, એટલે અભેદ ભેગું નથી થઈ ગયું એ તો ન્યારો ને ન્યારો છે, એ તો એનું ફળ આવ્યું છે. છૂટો છે, પ્રગટ પરિણતિમાં છૂટો પડી ગયો છે. ભેદજ્ઞાન..... પછી જે નિર્વિકલ્પ પામીને બહાર આવે તો સહજ ભેદજ્ઞાનની ધારા રહે છે, પણ એને ઉદયધારા જ્ઞાનધારા બેય ચાલતી હોય છે. એમાં નિર્વિકલ્પ થાય એટલે એને એકલો પોતે રહી જાય છે. ઉદયધારા એની ગૌણ થઈ જાય છે અબુદ્ધિપૂર્વક થઈ જાય છે. (3-67-6)**

**શ્રોતા :** એને વેદન થાય ત્યારે જ્ઞાયકનું જ વેદન થતું હોય એટલે આનું વેદન ન થતું હોય એવી રીતે ......

**પૂજ્ય બહેનશ્રી : જ્ઞાનધારા જ્ઞાયકનું જ વેદન થાય છે, આનું વેદન ગૌણ છે, એમ છે, પણ ગૌણ છે. એનું વેદન જરાય ન હોય તો તો એને પૂર્ણતા થઈ જાય એનું વેદન છે, પણ ગૌણ છે. એકત્વબુદ્ધિરૂપે અંદર એકમેક થઈને વેદન નથી. છૂટો પડી ગયો માટે ગૌણ વેદન છે. એ નિર્વિકલ્પદશામાં એનું વેદન નથી. અનુભવપૂર્વક થઈ ગયો એને બુદ્ધિમાં વેદન એને આત્માનું જ છે. બીજું વેદન નથી. અસ્થિરતા છે, એટલે**

**એને ગૌણ વેદન છે. આ મારું સ્વરૂપ નથી. આ છૂટી જવાતું હોય તો અત્યારે છૂટી જાઉં, વેદન છે, એનું. જ્ઞાનધારાનું મુખ્ય વેદન છે. (3-67-7)**

**શ્રોતા :** જ્ઞાનધારામાં એને રસ છે. એનું (ઉદયધારા) વેદન છે છતાં પણ એમાં રસ નથી છૂટું જ છે.

**પૂજ્ય બહેનશ્રી : એને સ્વામિત્વબુદ્ધિ નથી, છૂટો પડેલો છે. અંશે તો છૂટો પડ્યો જ છે. વધારે છૂટવાનો પ્રયત્ન છે, એને.**

**શ્રોતા :** .... સ્વસંવેદન પ્રત્યક્ષ આત્મા થાય છે, એટલે આત્મા જેમ આંબળો છે, એમ સ્પષ્ટ આત્મા દેખાય છે, એ તો જેમ સ્વરૂપનું વેદન થાય છે, એમ ખ્યાલ આવે એ તો જુદું જ છે, પણ જ્ઞાનમાં આ જ્ઞાયક છે, એવી રીતે ખ્યાલ આવે?

**પૂજ્ય બહેનશ્રી : શું આંબળાનું વેદન .......**

**શ્રોતા :** હસ્તાવલંબન કહે છે, ને...

**પૂજ્ય બહેનશ્રી : હાં આંબળાનું....**

**શ્રોતા :** ........... આત્મા થાય છે.

**પૂજ્ય બહેનશ્રી : આંબળાની જેમ હાં (હાથમાં આંબળો હોય ન દેખાય એમ) એ પણ પોતે સાક્ષાત્ પોતે જ છે. સુખ-દુઃખનું વેદન એ તો વેદન છે, આ તો પોતે જ સ્વયં પોતે પોતાને વેદી રહ્યો છે. જ્ઞાયક પોતે દ્રવ્ય, અનંતગુણોથી ભરપૂર સુખનું, સુખનું, સુખની અનુભૂતિનું વેદન પોતે કરે છે. ઓલું દુઃખનું વેદન, આ સુખનું વેદન. પણ એ દુઃખનું વેદન એ તો અમુક એની રીતે એ કાંઈ પોતાનું સ્વરૂપ નથી. આ તો પોતાનું સ્વરૂપ છે અને સ્વરૂપમાંથી પરિણમન કરતા જે સુખ આવે પોતાના સ્વરૂપમાંથી આવે છે, એટલે એમ એને ઉપમા અપાય ઓલું દુઃખનું વેદન એમાં સુખનું વેદન છે, પણ એમાં એને ફેર છે, કે જે પોતે એમાં દુઃખની આકુળતા કરે અને રાગની આકુળતા કરીને સુખ વેદે છે, એ એને માત્ર કલ્પના છે. ઈ સુખ છે, એમ એ કલ્પિત સુખ નથી એમ કે રાગનું સુખ વેદે અને માને કે હું સુખી છું ઓલું દુઃખ છે, એવું મને કલ્પિત એમ એ કલ્પિત સુખ એવી જાતનું નથી. આ તો સહજ સુખ છે. સાક્ષાત્ પ્રત્યક્ષ સુખ જ છે, એટલે એનું દૃષ્ટાંત... (3-67-8)**

**શ્રોતા :** જેમ ............

**પૂજ્ય બહેનશ્રી : એ પ્રત્યક્ષ વેદન અપેક્ષાએ પ્રત્યક્ષ છે, એમ અને સાક્ષાત્ છે પોતે. સાક્ષાત્ દેખી રહ્યો છે. પછી એના સૂક્ષ્મ રાગ ગુણ-પર્યાયોને આખો. એમ પ્રત્યક્ષ, કેવળજ્ઞાનની અપેક્ષાએ પરોક્ષ છે. બાકી એના વેદન અપેક્ષાએ એને પ્રત્યક્ષ છે. દેખી જ રહ્યો છે. આત્મા અપ્રગટ છે, એવું એને લાગતું જ નથી. આત્મા એને પ્રત્યક્ષ**

**પ્રગટ છે, એમ જ એને વેદન છે. કે આ રહ્યો આત્મા, પ્રત્યક્ષ વેદનમાં જ છે. એ પરોક્ષ છે, એટલે દેખાતો નથી એવી જાતનું નથી એને. જે પ્રત્યક્ષ વેદનમાં જ છે અને 'આ રહ્યો આત્મા' એનું જ વેદન કરે છે. વેદન અપેક્ષાએ પ્રત્યક્ષ છે. એ કીધું ને જેમ માણસ પ્રત્યક્ષ છે, એમ પોતે પ્રત્યક્ષ વેદનની અપેક્ષાએ પ્રત્યક્ષ જ છે. અંદર કોઈ કલ્પી લે છે, કે વિકલ્પ ઓછા થયા તો સુખ જાણે શાંતિ આવી. એ કલ્પનાથી સુખ માને, શાંતિ માને એ જુદું જ છે અને એક પોતાનો આત્મા ન્યારો થઈ અને પોતે પ્રત્યક્ષ પરિણતિ જ એની ન્યારી થઈને જે સહજ સુખ આવે છે, એ જુદું છે. ઘણાય ધ્યાનમાંય કલ્પી લે છે, એ વાતને. વિકલ્પ ઓછા થઈ ગયા એટલે એને શાંતિ લાગે, ઓલું દુઃખનું વેદન, આ શાંતિનું એમ નથી. આ તો આત્માનું જે અસ્તિત્વ છે, એનો આશ્રય ગ્રહણ કરીને અંદરથી પોતે ન્યારો થઈને જે સુખ આવે છે, એ સુખ એને જુદી જાતનું છે અને પોતે આત્માના પ્રત્યક્ષ વેદનરૂપ છે. (3-67-9)**

**શ્રોતા :** એના ઉપરથી એને ખ્યાલ આવે કે હું આ જ છું.

**પૂજ્ય બહેનશ્રી : આ જ હું છું બીજો નથી એવી એને દૃઢતાપૂર્વકની પ્રતીતિ જોરદાર આવે છે, એટલે બીજો નથી આ જ મુક્તિનો માર્ગ છે બીજો નથી.**

**શ્રોતા :** એટલે ગમે એવા તુચ્છ વિષયમાં ઉજ્જવલ આત્માઓ હમેશા વૈરાગ્યમાં જ પ્રવેશ કરે છે.

**પૂજ્ય બહેનશ્રી : ગમે એવો પ્રસંગ ગમે એ બન્યા હોય, પણ જેને આત્માનું પ્રયોજન છે, એ તો વૈરાગ્યમાં જ પ્રવેશ કરે છે. એને એ તુચ્છ વિષયો ઉપર એને ગમે એવો પ્રસંગ બને તો વૈરાગ્ય તરફ જાય છે. ઉજ્જ્વળ આત્માનું એ કાર્ય છે. એમાં એ રોકાતો નથી કોઈ રાગ-દ્વેષ, ક્લેશ કોઈ બહારના સંયોગ, ફેરફારો એમાં ગમે એ હોય તો પોતે અંદર પોતા આત્માના પ્રયોજનમાં જ એ જાય છે. વૈરાગ્યમાં જ ઝંપલાવે છે. કોઈ મોટા પ્રસંગો હોય, કોઈ નાના પ્રસંગો હોય અનેક જાતના લૌકિકમાં પ્રસંગો બનતા હોય છે, પણ એ પોતે ઉજ્જ્વળ આત્મા હોય એટલે કે જે આત્માને જેનું પ્રયોજન છે, તે વૈરાગ્ય તરફ જ જાય છે. કે સંસાર તો આવો જ છે. ....... સાધારણ પ્રસંગ હોય તો વૈરાગ્ય તરફ જાય તો એ ખેદમાં, ક્લેશમાં કે રાગ-દ્વેષમાં રોકાતો નથી. કોઈ પુણ્યના પ્રસંગો બને કે પાપના બને તોય પુણ્યમાં એવો ખેંચાતો નથી, કે પાપમાં એવો ખેદાઈ જાતો નથી. એમ પોતા તરફ વળે છે.**

**પુણ્ય દેખીને મારે કેવું બધું સરખું છે, એમ પણ એને અંદર એક જાતનું અભિમાન પણ થાતું નથી. આ તો પુણ્ય-પાપના બધા છે, એને પોતે વૈરાગ્ય તરફ જ જાય છે. ગમે એવા પ્રસંગોની અંદર. આ પ્રંસગો કાંઈ આત્માના હાથની વાત નથી. અંતરમાં કેટલું પોતે સમાધાન રાખવું તે પોતાના હાથની વાત છે. પોતે વૈરાગ્ય તરફ જાવું, ઉદાસીન થાવું એ બધું પોતાના હાથમાં છે. જ્ઞાયક રીતે રહેવું જે થાય એને જોયા કરવું કે એમાં ખેંચાઈ જાવું તે આત્માર્થીનું પ્રયોજન નથી. આત્માર્થીનું કાર્ય નથી.**

પોતાની ભૂલથી રખડ્યો છે, એટલે કોઈની ભૂલ નથી. પોતે જ પોતાની ભૂલ છે, એનાથી રખડ્યો છે. પોતે જ એમાં રોકાઈ રહ્યો છે. પોતે જ માર્ગને ભૂલ્યો છે અને આ ભવાબ્ધિમાં પોતે જ માર્ગને ભૂલી અને પોતે રખડ્યો છે. માર્ગ સૂઝતો નથી આત્મા તરફ જાવાનું સૂઝતું નથી. એની રુચિ પણ નથી. બહાર જે રખડે છે અનાદિકાળથી ગુરુદેવના પ્રતાપે એટલે રુચિ જાગી, બાકી તો એ તો બહાર અનાદિનો હતો. ક્રિયાઓમાં બહારથી એ જૈનધર્મ મળ્યો તો ક્રિયામાં રોકાતો હતો, એ બહારની ક્રિયાથી જ ધર્મ થઈ જાય છે. એ અંતર કાં તો વળી પોતે પરિણામ ઉપર જાય તો અંદર પરિણામ શુભભાવથી ધર્મ થાય છે, એમાં ગમે ત્યાં રોકાઈ રહે છે. પોતાની ભૂલથી રોકાય છે. પોતે વિચાર કરી અને પોતા તરફ જાતો નથી. અને ગુરુદેવ ઉપદેશ આપે એનો વિચાર કરીને પોતા તરફ જાય તો માર્ગ સૂઝે છે. નહીંતર માર્ગ સૂઝવો મુશ્કેલ છે. અનાદિકાળથી પોતે પોતાના સ્વરૂપને ઓળખ્યો નથી. (3-67-10)

**શ્રોતા :** એવું તો અમે સ્વીકારીએ છીએ પણ અંતરંગમાં જે...

**પૂજ્ય બહેનશ્રી :** અંદર પુરુષાર્થ વગર ક્યાંથી થાય? બુદ્ધિથી સ્વીકારે આ તો જડ છે. ને આત્મા અંદર જાણનારો છે. એની બુદ્ધિમાં આવે પણ તે પ્રમાણે કાર્યમાં મૂકવો એને માટે તો કેટલી એની તૈયારી હોય, કેટલી એની રુચિ હોય તો થાય. એમ બુદ્ધિથી વિચારે પણ કાર્યમાં મૂકવું એ જ અઘરું છે. વિચાર બુદ્ધિના તો આવે પણ એ દેહ ને આત્મા જુદા બુદ્ધિમાં, પણ અંદર જે પરિણામ થાય છે, એ પરિણામ પોતાનો સ્વભાવ નથી, એનાથી છૂટો પાડવો એ એને અઘરું છે. આ શરીર તો જડ છે, એને વિચારીને છૂટું થઈને વિચારે, અંદર જે પરિણામો થાય છે, વિકલ્પની જાળ જે ચાલે છે, એનાથી પણ આત્માનો સ્વભાવ નથી એનાથી પણ જુદો છે. એ એનાથી અઘરું છે, પણ એ પોતે કરે તો થાય. કર્યા વગર થાતું નથી. જેનાથી જ્ઞાયક સ્વભાવને ઓળખવો એનાથી સૂક્ષ્મ છે. જ્ઞાયકને ઓળખવો એનાથી અંદર જાય કે હું જ્ઞાયક શાશ્વતો છું એનાથી આ સ્થૂળ છે, દેહ તો એનાથી અશુભભાવોથી એમ વિચારે કે આ અશુભભાવ મારું સ્વરૂપ નથી. શુભભાવથી છૂટો પડે ઈ એને ઈ એને મુશ્કેલ પડે છે. એનાથી જ્ઞાયક સ્વભાવને ઓળખવો એ મુશ્કેલ પડે છે. આ બધું અંદર ઓળખે કે રુચિ હોય કે પાત્રતા હોય એટલું અંદરથી પ્રયાસ કરે, ભેદજ્ઞાન એને આત્મા સિવાય ક્યાંય રુચે નહીં એવું હોય તો ભેદજ્ઞાન થાય તો એ આત્માને (પ્રાપ્ત કરે). (3-67-11)

શ્રોતાઓ : ભગવતી માતનો જય હો....
માતાજીની અમૃતવાણીનો જય હો..

* * *

## પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી, ભાગ-૩

# તત્ત્વચર્ચા - ૬૮

**શ્રોતા :** .....

**પૂજ્ય બહેનશ્રી : એ બુદ્ધિથી જાણવાથી કાંઈ થતું નથી. એમાં એટલું કે દેહ ને આત્મા એક માનતા હોય, એના કરતા એ સ્થૂળ થાય એટલે માન્યું બાકી એના એટલા માત્રથી થઈ જાતું નથી. એને આગળ જવાનું છે. એ આખો શાશ્વત એને ગ્રહણ કરવો એ મુશ્કેલ છે, એને વિચારમાં લે. એને ગ્રહણ કરવો એનાથી મુશ્કેલ છે. થઈ શકે એવું છે, પોતાનો સ્વભાવ છે, માટે એ કાંઈ ન થઈ શકે એવું નથી. શાસ્ત્રમાં આવે છે, કે એકધારો અભ્યાસ છ મહિના કરે તો એ પ્રાપ્તિ થાય છે, કે નથી થાતું તું એને જો, એની પ્રાપ્તિ થયા વગર રહેશે નહીં પણ એ એનો એકધારો અભ્યાસ કરતો જ નથી. (3-68-1)**

**શ્રોતા :** એ તો મુમુક્ષુને પ્રોત્સાહન આપવા શાસ્ત્રમાં એવું લખ્યું છે બાકી અહીંયા તો અમે લોકો સોનગઢમાં સમજો ને દસ-દસ પંદર વર્ષથી આ જ વસ્તુ સાંભળીએ છીએ, સ્વીકાર કરીએ છીએ...

**પૂજ્ય બહેનશ્રી : પ્રોત્સાહન આપવા માટે નથી, એવો પુરુષાર્થ કોઈ કરતું જ નથી. એનો પુરુષાર્થ કોઈ કરતું નથી, એટલે થાતું નથી. એ માત્ર એને સમાધાન કરવા માટે કીધું નથી. આચાર્યદેવ કહે છે, કે તારો સ્વભાવ છે. કેમ પ્રાપ્ત ન થાય તું એવો એકધારો અભ્યાસ કરતો નથી. માટે થાતું નથી. તારી ખામી છે, કે તું ક્યાંક રોકાઈ રહ્યો છો. અનંતકાળનો જે અભ્યાસ છે, એમાં એ દોડ્યો જાય છે, એટલે થાતું નથી. આમાં પણ એક કાર્ય આદર્યું હોય જરી જરી કરીને છોડતો હોય ઉપર ઉપરથી, તો એ કાર્ય કાંઈ પુરું થાતું નથી. એની પાછળ પડે તો થાય. એને એમ કર્યા કરે, કીડીની જેમ તો એ પુરું થાય નહીં એને કેટલોય ટાઈમ લાગે. એકદમ કરે તો થાય, અંદર પોતે એની પાછળ પડે એનો અભ્યાસ કરે તો થાય. (3-68-2)**

**શ્રોતા :** એમ જુદું કરવું છે, એનું ઘોલન શરૂ કરે તો જ થાય.

**પૂજ્ય બહેનશ્રી : તો જ થાય. પણ અનાદિનો અભ્યાસ છે, ને મુશ્કેલ પડે છે. ધીરું થઈને અંદર જાવું તો બધું એને મુશ્કેલ પડે છે, એટલે છોડી દે છે. પુરુષાર્થ કરતો નથી.**

**શ્રોતા :** એટલે અત્યારે આપ સમજો કે આ સ્વીકાર કરો કે આ બધું ઉપરછલ્લું જ છે, જે અંદર હકાર આવે છે ઉપરછલ્લું જ છે.

**પૂજ્ય બહેનશ્રી : કોઈના અંદરથી પણ હોય કોઈને ઉપરથી હોય, બધાને એકસરખું ન હોય. કોઈને અંદરથી હકાર આવતો હોય, કોઈને ઉપરથી આવતો હોય બધાને એકસરખો ન હોય, જેને જે જાતની પાત્રતા લાયકાત હોય તે પ્રમાણે હોય. એના પુરુષાર્થ પ્રમાણે હોય છે.**

**શ્રોતા :** એમ કહેવું એટલે વજન એમાં...

**પૂજ્ય બહેનશ્રી : એટલે એવું નહીં એકધારો અંતરમાંથી એવું પ્રયાસ કરવો જોઈએ એવું કરતો નથી, એટલે નથી થાતું. આચાર્યદેવ કહે છે, કે તું કર. થયા વગર રહેશે જ નહીં એમ કહે છે, એ તો. એવો એકધારો પુરુષાર્થ કરતો નથી. કોઈ કરતું નથી. એટલે કે જે કરે એને થાય, ન કરે એને ન થાય. એ પુરુષાર્થ કરવો એને દુર્લભ પડે છે. અનાદિનો અભ્યાસ છે, એટલે બહાર ચાલ્યો જાય છે અને પછી એને અંદરમાં કાંઈ સુઝ પડે નહીં એટલે કરતો નથી પોતે. અંતરની લગની, અંતરનો માર્ગ કરી દે છે. એની લગની એટલી નથી, એટલે કરતો નથી.**

**નિગોદમાંથી નીકળેલા જીવો ઓલાં મમોલા થયા હતા ને પછી રાજકુમાર થયા એકદમ તૈયારી થઈ ગઈ, એકદમ સમ્યગ્દર્શનને, એકદમ મુનિપણું એ બધું એકદમ. આમ કેટલી તૈયારી હોય. પૂર્વના સંસ્કાર નહોતા. વર્તમાન પુરુષાર્થ હતો. પોતાનો સ્વભાવ છે, એટલે પૂર્વનું હોવું જ જોઈએ એવું નથી પોતાનો સ્વભાવ એ અંદર છે સ્વભાવ એ જ કામ કરે છે. એ જ એને પોતાનું કારણ પોતે જ છે. અને એમાં સ્વભાવ જ છે, માટે એમાંથી એની પર્યાય આવે છે, એનો પોતાનો પુરુષાર્થ જાગૃત થાય પોતે જ છે. નિમિત્ત- ઉપાદાનનો સંબંધ એને નિમિત્ત મળી જાય છે, એની તૈયારી હોય એને. એને જીવોને ભગવાન મળી ગયા છે. પૂર્વના સંસ્કાર નથી એકદમ થાય છે. સમ્યગ્દર્શન ને મુનિપણું બધું. (3-68-3)**

**શ્રોતા :** વચ્ચે કોઈ મનુષ્યનો બીજો ભવ પણ નહીં.

**પૂજ્ય બહેનશ્રી : બીજો ભવ નહીં, પહેલો મનુષ્યનો ભવ અને એમાં જ બધુંય. પૂર્વમાં આ બાજુ નિગોદ આ બાજુ મોક્ષ બસ. બીજું કાંઈ નહીં.**

**શ્રોતા :** સ્વભાવનું સામર્થ્ય બતાવે છે.

**પૂજ્ય બહેનશ્રી : એકલું સામર્થ્ય સ્વભાવનું કેટલું છે. નિગોદમાં(થી નીકળીને) એક જરા (ભમોલાનો) ઓલો ભવ થયો બસ પછી મનુષ્ય થઈ ગયો. વચ્ચે એકેય ભવ**

**નહીં, નહીં દેવનો, નહીં ઢોરનો, નિગોદમાંથી સીધા(ભમોલા થયા) પછી મનુષ્ય બસ સમ્યગ્દર્શન, મુનિપણું, કેવળજ્ઞાન...(મોક્ષ).**

**શ્રોતા :** એટલી તાકાત પ્રત્યેક જીવમાં ભરી છે.

**પૂજ્ય બહેનશ્રી : દરેકમાં એટલું સામર્થ્ય ભર્યું છે. સંસ્કાર ક્યાં હતા પોતાના સ્વભાવના સંસ્કાર એ સંસ્કાર છે. પોતાના જ્ઞાનસ્વભાવ જ છે, ઈ જ એના સંસ્કાર છે ઈ જ સંસ્કાર છે.**

**શ્રોતા :** ઈ એની પાસે છે.

**પૂજ્ય બહેનશ્રી : ઈ એની પાસે છે.**

**શ્રોતા :** એને દઢ સંસ્કાર છે.

**પૂજ્ય બહેનશ્રી : એ દઢ છે. કોઈ એને ટાળી શકે નહીં એવા છે, એ અને એ ગુરુદેવ તો વર્ષો સુધી બિરાજ્યા આ બધા, એમાં એમના આ કાંકરે કાંકરે ગુરુદેવના ચરણો પડેલા છે.**

**શ્રોતા :** અહીંની રજે રજ પવિત્ર છે.

**પૂજ્ય બહેનશ્રી : ચારેકોર ગુરુદેવ ફરતા અમે આમ બધે** (શ્રોતા : કોઈ માનતું નહોતું) **ગુરુદેવ ચારેકોર ફરેલા છે. વાણી વરસતી એમની ત્રીજીવાર ચર્ચા પણ બે વાર તો નિયમથી વાણી વરસતી હતી સોનગઢમાં.**

**શ્રોતા :** અને આવો યોગ તો તીર્થંકરના સમયમાં હોય પછી તો સમવસરણ વિહાર કરે તો જાય, આ તો સમવસરણ વિહાર જ ન કર્યો અહીંયા જ રહ્યું. **(અહીંને અહીં રહ્યા)** ગુરુદેવનું સમવસરણ તો અહીં જ રહ્યું..

**પૂજ્ય બહેનશ્રી : એ જંગલમાં વિચરતા હોય, આ ગુરુદેવ તો બધા સેવકનું બધા રહી વ્યાખ્યાન વરસાવ્યા.** (બધાની વચ્ચે) **એ બધાને એમના સાનિધ્ય મળ્યા. સાક્ષાત્ બોલતા હોય એવું લાગે. એમાં સોનગઢની અંદર તો ક્ષેત્ર એ હોય, જાણે બોલતા હોય ત્યારે જાણે ઈ જાણે ક્ષેત્ર એવું હોય એટલે જાણે ગુરુદેવ સાક્ષાત્ બોલે છે, એવું લાગે. (3-68-4)**

**શ્રોતા :** પાછું સ્ટેચ્યુ ગુરુદેવનું એવું બનાવ્યું છે, કે આમ પહેલી મિનિટ તો ભૂલ જ ખવાઈ જાય.

**પૂજ્ય બહેનશ્રી : રચના બધી એવી શાસ્ત્રમાં જોઈને વિચારીને કરતા શાસ્ત્ર એવું જાણે ગુરુદેવનું સ્ટેચ્યુ .....**

**શ્રોતા :** નંદીશ્વરનું ને? (પરમાગમમંદિર)

**શ્રોતા :** બહુ સરસ, બહુ સરસ, ત્રણેય મુનિરાજ, બહુ જ સરસ. આબેહૂબ જાણે મુનિરાજ બેઠાં છે. હમણાં ઉપદેશ આપશે.....

**પૂજ્ય બહેનશ્રી : પરમાગમ કોતરાણા છે. એ બધા પ્રભાવશાળી ગુરુદેવ જાગ્યાને એની પાછળ બધું .... ...**

**શ્રોતા :** એની પાછળ બધા તેજના કિરણો પ્રકાશી ગયા છે ............ મળે છે.

**પૂજ્ય બહેનશ્રી : વર્ષોથી એ જ કરું છું ને કરવાનું એ જ છે. અત્યારે તો થઈ ગયા એ જ રીતે જીવન ગાળવાનું છે. જે ધ્યેય ઉપડ્યા એ જ ધ્યેય પુરું કરવાનું છે. એ જ રીતે જ્ઞાયકનું ધ્યેય અને દેવ, ગુરુ શાસ્ત્રની મહિમા. બીજું બધું તો ગૌણ છે જીવનની અંદર, એ જ સર્વસ્વ છે. શાસ્ત્ર સ્વાધ્યાય ને દેવ-ગુરુ-શાસ્ત્રની મહિમા, જિનેન્દ્રદેવ, ગુરુ ને શાસ્ત્ર એ જ રાખવું અંતરમાં જ્ઞાયક, ધ્યેય એક જ્ઞાયકનું હોવું જોઈએ. બધાની અંતર ખટક તો એ જ હોવી જોઈએ. જ્ઞાયક કેમ ઓળખાય, ભેદજ્ઞાન કેમ થાય આત્મા જ્ઞાયક અંદરથી કેમ પ્રગટે એની ધગશ, એની રુચિ, એ ધ્યેય રાખીને હોવું જોઈએ. જીવનમાં એ જ સર્વસ્વ છે, એ ઘણા વર્ષો તમે એ રીતે રહો છે, એ રીતે રહેવાનું છે. (3-68-5)**

**શ્રોતા :** આપની કૃપા ને ગુરુદેવનો પ્રભાવ ને આશીષ છે. આપ જે બોલો છે આપને એટલી સરળતા છે, એટલી નાની ઉંમરમાં પુરુષાર્થ પકડ્યો. અમને એમ લાગે આ સાવ સહેલું છે.

**પૂજ્ય બહેનશ્રી : એ લગાડે તો થાય ને! જેટલો સુલભ છે પોતાનો સ્વભાવ છે, ને સુલભ પણ દુર્લભ થઈ પડ્યું છે. અનાદિનો અભ્યાસ બીજી રીતે થઈ ગયો છે.** (શ્રોતા : એ દુર્લભ લાગે છે) **એટલે દુર્લભ લાગે છે. પ્રયત્ન એનો ...... રુચિ, ન થાય ત્યાંસુધી એનું ધ્યેય, એની રુચિ એમાં થાકવું નહીં. કે આ નથી થાતું માટે થાકી ન જાવું એને એ રુચિ, એને એ પ્રયાસ ચાલુ રાખવો. ભગવાનને મંદિર ટહેલ મારતો હતો ટહેલ મારતા થાકવું નહીં એમ જ્ઞાયકને દ્વારે ટહેલ મારતા થાકવું નહીં ટહેલ જ્ઞાયક કેમ પ્રગટ થાય. ભગવાનના મંદિરે ટહેલ મારે તો ભગવાનના મંદિરના બારણા ખૂલી જાય. એવી રીતે જ્ઞાયકના બારણા ખૂલ્યા વગર રહે નહીં. માટે થાકવું નહીં એ ન થાય તો. એને એ જ કર્યા કરવું. વારંવાર જ્ઞાયક છું. એ જ ધ્યેય રાખવાનું છે. (3-68-6)**

**શ્રોતા :** અમે આપના જ પંથે આવવા માગીએ છીએ ઠેઠ સૂર્યકીર્તિ ભગવાનના સમોસરણમાં....

**પૂજ્ય બહેનશ્રી : ગુરુદેવની વાત કરો છો? ગુરુદેવ તો પૂર્વેથી આવેલા છે. રુચિ લઈને આવેલા, એમનો આત્મા જ જુદો હતો. એમના પૂર્વના સંસ્કાર પણ અંતરમાં, કોઈ અંતરમાંથી બધું પુરુષાર્થથી બધું એમનું જ્ઞાન કેવું હોય, એની શક્તિ**

**કેવી એ તો આત્મા જુદો હતો. વર્તમાન જે બધું હોય એ બધું પૂર્વથી આવેલું ન હોય. એ તો અમુક પ્રકારે સંસ્કાર હોય પૂર્વના, પણ વર્તમાન જે બધું, પ્રગટ્યું હોય એ બધું કાંઈ પૂર્વથી લઈને ન આવેલું હોય. વર્તમાન જે જ્ઞાન એમણે જે માર્ગ પ્રગટ કર્યો, સ્થાનકવાસીમાં હતા. એમાંથી આ માર્ગમાં આખો પલટો થયો. એ બધું પોતે પોતાના પ્રયાસથી નક્કી કરેલું છે. સત્ ની જિજ્ઞાસા, એટલી, એ બધું પોતે પોતાની અંદર તૈયારીથી કરવું જોઈએ. એમનું જ્ઞાન કોઈ જુદી જાતનું હતું, બધું ન્યાંથી, અમુક સંસ્કાર લઈને આવેલા હોય. જુદો તો વર્તમાન પુરુષાર્થ કર્યો એટલે બધું પ્રગટ થઈ ગયું. (3-68-7)**

**શ્રોતા :** એમને સમ્યગ્દર્શન તો આ ભવમાં પ્રથમવાર થયું હશે? ગુરુદેવને તો કે પૂર્વે થયેલું?

**પૂજ્ય બહેનશ્રી : એ ગુરુદેવનો આત્મા જાણે, આપણને કાંઈ ખબર થોડી પડે છે. ગુરુદેવે બધાને માર્ગ બતાવ્યો, બધા ક્યાંય પડ્યા હતા, ક્રિયાકાંડમાં બધા પડેલા હતા ક્રિયા કરીએ તો ધર્મ થાય. ઉપવાસ કરે, સામાયિક કરે, પ્રતિક્રમણ કરે, એ બધું ધર્મ થઈ ગયો. ઉપવાસ થોડા વધારે કરે તો ઓહો! બહુ બહુ ધર્મ કર્યો. થોડા અધ્યયન શીખે શ્વેતામ્બરોના, એ બધા થોકડા શીખે પછી સામાયિક કરે, પ્રતિક્રમણ કરે એ બધું નિયમસર કરે તો બહું ધર્મી છે, એને બહુ ધર્મ થઈ ગયો એવું હતું બધું એમાંથી ગુરુદેવ કહેતા કે આ બહારમાં ક્યાંય ધર્મ નથી એ તો બધી ક્રિયા છે. એ મિથ્યાત્વરૂપી પાડો, તારી બધી ક્રિયા ક્યાંય ખાઈ જાય છે, એમ કહેતા હતા. એ ચાવી જાય છે. આ બધી ક્રિયાઓ તો, આ તો શું ક્રિયા કરતા હતા.**

**અનંતવાર ક્રિયાઓ કરી પણ આ મિથ્યાત્વ પડ્યું છે અંદર, એ ક્યાંય ઉંચું આવવા દેતા નથી એ ક્યાંય જાય છે, કે શુભભાવથી પુણ્ય બંધાય તે અંદર શુભભાવ હોય તો પુણ્ય બંધાય. ક્રિયા, માત્ર ક્રિયાથી પુણ્ય બંધાતું નથી. શુભભાવ હોય તો પુણ્ય બંધાય તો એ કાંઈ ભવ છૂટવા (નું થતું નથી), એ કાંઈ મિથ્યાત્વ અંદર પડ્યું છે, એ મિથ્યાત્વનું મિથ્યાત્વ બહું મોટામાં મોટું પાપ છે. એને લઈને ભવનો અભાવ થાતો નથી. એ તો બધું બહારમાં ક્રિયામાં ધર્મ માનેલો પોતે. (3-68-8)**

**શ્રોતા :** આ તો બધાના પુણ્ય એવા કે આ ગુરુદેવનો યોગ મળ્યો, નહીંતર તો એમને એમ પડ્યા હતા.

**પૂજ્ય બહેનશ્રી : ક્યાંય ક્રિયાકાંડમાં પડ્યા હતા. ગુરુદેવનો યોગ મળ્યો મહાભાગ્યે મળે છે. આ પંચમકાળમાં આવા મહાપુરુષ મળવા મહા મુશ્કેલ છે, એ એણે જે માર્ગ પોતાની મેળે વિચાર કરી, કરીને પછી નક્કી કરીને પ્રગટ કર્યું અને પાછું**

**એટલું બહારના ગમે એવા સંયોગમાં પણ પોતે એટલા ટકીને આખા સંપ્રદાયનો ફેરફાર કર્યો. બધા વિરોધમાં, બધા વાવાઝોડા કેટલા તો, (આ) બધામાં પોતે એમને એમ ઊભા રહ્યા આ બધા ફેરફારો કર્યા પોતે. આખો સંપ્રદાય છોડી દીધો. (3-68-9)**

**શ્રોતા :** પરિવર્તન ટાણે તો કેટલી શક્તિ જોઈએ બહારની પ્રતિકૂળતા ?....

**પૂજ્ય બહેનશ્રી : બહુ મુશ્કેલી હતી. પોતે એકલા. અમુક જોકે પહેલેથી ગુરુદેવને બધા માનતા હતા એટલે કેટલાક એમને માનવાવાળાં અમુક હતા પણ તોય એ તો ત્યારે આ બધા છાપા ને બધા વંટોળિયા ઊભા હતા. આ બધા ઊંધું આવતું હતું બધું કેટલુંય. પહેલા-વહેલા ગુરુદેવ બીજા ગામમાં પધારે તોય સામે ઓલા સ્થાનકવાસીના વિરોધ થાતા હતા. નવાણુની સાલમાં કેટલો વિરોધ થઈ ગયો. વિરોધ... બધું એવું હતું. માનવાવાળા એટલા હતા. ગુરુદેવનો આત્મા ને એનો બહારનો પ્રભાવનાનો યોગ એ બધું મેળવાળું હતું એટલે માનવાવાળા એટલા હતા. ગુરુદેવ જ્યાં પધારે ત્યાં ભક્તોના ટોળા ઉતરતા હતા.** (એમ પધારતા ને બધું...) **બધું શાંત થઈ જાય એમની પાસે આવીને રૂબરૂમાં કાંઈ ખાસ કરી શકતા નહીં.**

**આત્માનો માર્ગ અંતરમાં છે, બધું સ્વાનુભૂતિ અંદર છે, એનાથી ભવનો અભાવ થાય છે, એ બધું ગુરુદેવે બતાવ્યું. આ શરીરથી જુદો આત્મા બિરાજે છે. વિભાવોથી પણ એનો સ્વભાવ જુદો આ શુભભાવ તે પુણ્યબંધનું કારણ છે. એ બધું ગુરુદેવે બતાવ્યું. મન-વચનથી પાર, પેલી પાર આત્મા બિરાજે છે. અંદર સ્વાનુભૂતિ થાય છે. એ બધું ગુરુદેવે બતાવ્યું છે. (3-68-10)**

**શ્રોતા :** હવે એકલું અંદર કરવાનું છે

**પૂજ્ય બહેનશ્રી : એકલું અંદર કરવાનું છે ઓલું બહાર જ બધું દેખાતું હતું. દૃષ્ટિ બધી બહાર જ હતી. બહારથી ધર્મ થાતો હતો. આ તો અંતરમાં સીધો ધર્મ. શુભભાવ આવે તો એનાથી પુણ્ય થાય અને શુભભાવ વચ્ચે આવે છે બાકી કરવાનું બધું અંતરમાં છે. ગુરુદેવે માર્ગ પ્રકાશ્યો. બધું અંતરમાં છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ ચારિત્ર બધું અંતરમાં છે. ઓલું તો બધું પંચમહાવ્રત બહારથી, એના માનેલા પંચમહાવ્રત એ લઈ લીધા તે ચારિત્ર માને, નવ તત્ત્વની શ્રદ્ધા, સમ્યગ્દર્શન માને અમુક એ શ્વેતામ્બર એ શાસ્ત્રનું જ્ઞાન એટલે જ્ઞાન માને, એવું બધું હતું. જ્ઞાનસ્વભાવ આત્મા એને આશ્રયે જ્ઞાન થાય. આત્માની શ્રદ્ધા અંતરમાં સ્વાનુભૂતિ સમ્યગ્દર્શન. અંતરમાં લીનતા એ ચારિત્ર, એ બધું, બધું જુદું જ આખું દૃષ્ટિ જ જુદી, બધો સ્વભાવ જુદો. એ વસ્તુ તો એમ કે બહારથી આ ચારિત્ર હોય ત્યારે આ મુનિપણું આવે છે આ બધું. ઈ એમાંય બધુંય બહારમાં ક્રિયા સાચી, ત્યાંય બધા એવા વિરોધ અમુક આવ્યા,**

**તો ગુરુદેવ મહાપુરુષ બધામાંથી એમણે તો દઢ રહીને માર્ગ કાઢ્યો અંદરથી. મંદિરો ગુરુદેવને પ્રતાપે થઈ ગયા છે. વાણી એટલે બસ એમના પડકારથી માણસ, એમના પરિણામ ફરી જતા હતા. એવા પડકારથી બોલતા હતા ને અંદરથી પડકાર એવી એમની વાણી હતી. (3-68-11)**

**શ્રોતાઓ :** **ભગવતી માતનો જય હો....**
**માતાજીની અમૃતવાણીનો જય હો..**

* * *

## પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી, ભાગ-૩

# તત્ત્વચર્ચા - ૬૯

**શ્રોતા :** વિકલ્પની તો હારમાળા ચાલુ જ છે. આકુળતાનું વેદન ચાલુ ને ચાલુ જ રહ્યા કરે છે અનેક પ્રશ્નો અનેક વસ્તુના જવાબો એવું નિરંતર વિચારધારા ચાલુ ને ચાલુ જ છે. તો એની અંદર આત્મજ્ઞાન પામી જવા માટે પામી જવા માટે કોઈ સહારો.....

**પૂજ્ય બહેનશ્રી : સહારો પોતાનો જ છે. વિકલ્પની હારમાળા તો ચાલુ જ છે, એમાં જ ઊભો છે વિભાવમાં. તો હારમાળા એમાંથી પોતે જે એનો સહારો છે. પોતે જ એનો સાચો વિચાર કરી અને પોતાનો આશ્રય લે. પોતાનો જ સહારો છે. પોતે જ નક્કી કરવાનું છે. બીજું કોઈ નક્કી કરી દેતું નથી. પોતાનો જ આશ્રય લેવાનો છે. પોતાના આશ્રયે શાંતિ ને સુખ બધું પોતાના આશ્રયે થાય છે. એમાં દેવ, ગુરુ નિમિત્ત બને છે. પ્રત્યક્ષ દેવ-ગુરુ, એમાં પોતે પોતાનું અંતરથી ઉપાદાન તૈયાર કરીને, પોતાને જ નક્કી કરવાનું છે, કોઈ કરી દેતું નથી. પોતાનો જ સહારો છે. પોતે જ રુચિ, પોતે જ વિચાર કરવાનો, પોતે જ અંતરમાંથી બધું કરવાનું છે. પોતે જ વિકલ્પની હારમાળામાં રોકાયો છે. કોઈએ એને રોક્યો નથી. પોતે જ ફેરવી શકે છે. જેમ અશુભમાંથી શુભમાં આવે છે, એમાં શુભમાં જાનારો, પણ શુભમાંથી શુદ્ધમાં જાનારો પણ પોતે જ છે. આ બે પડખા અનાદિથી કર્યા કરે છે શુભ ને અશુભ, એમાં ત્રીજામાં જાવું એ પોતે જ જાવું છે બીજો કોઈ જાતું નથી. પોતાનું બીજા કરી દે તો પોતે પરાધીન થઈ જાય. પોતે સ્વતંત્ર છે. પોતે કરવાનું છે, પોતાની મેળે પોતાનો જ સહારો છે પોતાને. (3-69-1)**

**શ્રોતા :** બૌદ્ધિક રીતે કરતાં પણ વિકલ્પ તો ચાલુ જ રહ્યા કરે છે. એક પછી એક એની પાછળ એની પાછળ.... નિરંતર રહે છે.

**પૂજ્ય બહેનશ્રી : એ અનાદિનો સંસ્કાર ચાલુ જ રહ્યા કરે, એમાંથી જ ફરવાનું છે, એમાંથી જે ફર્યા એ એમાંથી જ ફર્યા છે. વિકલ્પની હારમાળા તોડીને જ ફર્યા છે. જે ફર્યા છે, તે. એ તોડવું પોતાના હાથની વાત જ છે. બાકી યથાર્થ નિર્ણય કરી, યથાર્થ વિચાર કરે, જ્ઞાયકનો આશ્રય લઈ અને પોતે જ ફરે છે. મોક્ષમાં જનારો ને સ્વાનુભૂતિને પ્રગટ કરનારો તું પોતે જ છો. આ બંધનમાં જન્મ-મરણ કરનારો પણ તું પોતે સ્વતંત્ર છો. એ સ્વભાવ જાણે આત્માનો, બંધોનો સ્વભાવ ને આત્માનો સ્વભાવ જાણી અને એનાથી જે વિરક્ત થાય એનાથી જે વિરક્તિ કરી નાખે એનાથી છૂટી જાય, આ વિભાવનો રસ છોડી દે. અંતરમાં ચૈતન્યનો રસ પ્રગટ કરે તો એમાંથી એને મોક્ષ થાય છે. પહેલાં અંશે મોક્ષ થાય છે, પોતાની સ્વાનુભૂતિમાં, અંશે મોક્ષ થાય અને પછી પૂર્ણ મોક્ષ થાય છે. સ્વભાવે તો છૂટો જ છે, પણ પરિણતિમાં એને બંધન, વિભાવની પરિણતિમાં બંધાયેલો છે.**

**કલ્યાણ તો આત્માકો પહિચાને તબ હોતા હૈ. યહ શરીરસે ભિન્ન આત્મા બિરાજતા હૈ. આ કાંઈ ........ ઓલો શું આત્માકો પહિચાને, તબ આત્માકા કલ્યાણ હોતા હૈ, પહિચાને વગર નહીં હોતા હૈ જ્ઞાન, કેવળજ્ઞાન. ઔર ભીતરમેં લગની લગના ચાહિયે ભવકા અભાવ કૈસે હોવે? ઐસે સબ અંદર વિચારના ચાહિયે, શાસ્ત્રમેં ક્યા આતા હૈ? ક્યા ઇસકા માર્ગ હૈ? યહ આત્મા ભિન્ન હૈ, શરીર ભિન્ન હૈ, ઐસા ભેદજ્ઞાન કરકે ભીતરમેં, જો વિકલ્પ આતે હૈ એ ભી આત્માકા સ્વભાવ નહીં હૈ. આત્માકા સ્વભાવ ભિન્ન હૈ, જ્ઞાયક હૈ, અનંતગુણસે ભરપૂર હૈ, આનંદ હૈ યહ સબ આત્મામેં હૈ, બહારમેં નહીં હૈ. ઐસા લગની લગના ચાહિયે કે ઐસી રુચિ લગની ચાહિયે, બહારમેં તો બહોત કિયા, ક્રિયા કરકે શુભભાવ કિયા, સબ કિયા વો પૂજા, ભક્તિ, શાસ્ત્ર સબ કરતે પણ ભીતર આત્માકો પહિચાને, તબ ભવકા અભાવ હોતા હૈ. શુભભાવસે પુણ્યબંધ હોતા હૈ ઔર દેવલોક હોતા હૈ. આત્માકા અભાવ નહીં હોતા, તો આત્માકો પહિચાને, ભેદજ્ઞાન કરે, સ્વાનુભૂતિ પ્રગટ કરે, તબ ભવકા અભાવ હોતા હૈ. ઐસે બહારસે કરનેમાત્રસે નહીં હોતા હૈ. (3-69-2)**

**શ્રોતા :** માતાજી! વિકલ્પ તો બહોત કરે હૈં, વિકલ્પ મિટતે હી નહીં કભી. મતલબ જો માલા એ ફિર ગઈ (મંદિરમાં માળા ફેરવીએ તે બાબત) તો વિકલ્પ હૈ જો હમારા જો જૈસા હૈ, મન કહી ઔર પહુંચ જાતા હૈ....

**પૂજ્ય બહેનશ્રી : ભીતરમેં ઐસી લગની નહીં હૈ ક્યા? અંદર અનાદિકાળસે લગની નહીં હૈ યહ સબ, યહ સબ સારભૂત નહીં. સારભૂત આત્મા હૈ. આત્મામેં સબ હૈ, સબ માલામેં પહોંચ જાતે હૈ ઐસા તો ભીતરમેં ઐસી લીનતા ભી નહીં હૈ યહ ક્યા**

હૈ? અંદર ઐસી લગની લગના ચાહિયે અંતરમેં, આ તો વાર વાર ઇસકો, આત્માકો વિચાર કરે, મૈં ક્યા દ્રવ્ય હૂં, મેરા ક્યા ગુણ હૈ, મેરી ક્યા પર્યાય હૈ? સબ દ્રવ્ય-ગુણ-પર્યાયકા વિચાર કરે, પુદ્ગલ ક્યા હૈ? ઇસકા સ્વભાવ મેરા ક્યા સ્વભાવ હૈ? સિદ્ધ ભગવાનકા ક્યા સ્વભાવ હૈ? સબકા વિચાર કરકે તત્ત્વકા વિચાર કરકે નક્કી કરના ચાહિયે. વારંવાર ઇસકા નિર્ણય કરના ચાહિયે. વિચારસે નહીં પંચ પરમેષ્ઠી ભગવાનકી જબ માલા કરતે, ભગવાનકા ક્યા સ્વરૂપ હૈ સિદ્ધકા ક્યા સ્વરૂપ હૈ? આચાર્યોંકા ક્યા સ્વરૂપ હૈ? સબ સમજના ચાહિયે. ઉપાધ્યાયકા, મુનિરાજકા સ્વભાવ પહિચાનના ચાહિયે.

એમ મુનિ ભીતરમેં અંતરમેં છટ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલતા હોવે ઉસકો ભાવલિંગી મુનિ વહ યથાર્થ હૈ તો સબ વિચાર કરના ચાહિયે, ભગવાન કિસકો કહતે હૈ. સબ વીતરાગી ઇસકો, કેવળજ્ઞાન હુઆ હૈ, ભગવાન કિસકો કહતે હૈ? ઇસકા દ્રવ્ય-ગુણ-પર્યાય કૈસા હૈ? મેરા દ્રવ્ય-ગુણ-પર્યાય કૈસા હૈ સબ જાનના ચાહિયે. આ ભગવાનકો પહિચાને, આત્માકો પહિચાનતે હૈ. આત્માકો પહિચાનતે વહ ભગવાનકો પહિચાનતે હૈ. તો યથાર્થ સમજના ચાહિયે. પ્રવાહરૂપસે ચલા આતા હૈ, કે સબ ધર્મ કર લિયા, માલા ફેર લિયા, સ્વાધ્યાય કર લિયા. સબ ઉપર ઉપરસે કરતે હૈ, ઐસે તો કાંઈ આત્માકા ભવકા અભાવ નહીં હોતા, તો શુભભાવ થોડા રખે, ભાવ તો ક્યાં ચલા જાતા હૈ, તો શુભભાવ અલ્પ-પૂણ્ય થોડા હોતા હૈ, ભાવ કહા જાતા હૈ તો પાપ હોતા હૈ પીછે. વહ તો વિચાર કરકે નક્કી કરના ચાહિયે. આ મનુષ્યભવ માંડ મિલતા હૈ ઐસા ધર્મ મિલના મુશ્કિલ હૈ, સચ્ચા ગુરુ મિલના મુશ્કિલ હૈ, તો વિચાર કરના ચાહિયે આત્માકી લગની લગાના ચાહિયે. ઐસા કરના ચાહિયે.

આત્માનું ઘર તો અજાયબ છે. આત્માનું ઘર તો જુદું જ છે. એ કાંઈ અનુપમ છે. એને કોઈની ઉપમા લાગુ પડતી નથી એ તો કોઈ અજાયબ આશ્ચર્યકારી છે. એ તો કાંઈ વાણીમાં આવી શકે એવું નથી. એ તો અજાયબ છે. આ શરીર તો જડ છે અંદર વિકલ્પ વિભાવ છે, અંદર ચૈતન્યમૂર્તિ કોઈ અનુપમ. એનું ઘર કોઈ અજાયબી પામે એવું છે, એ તો આશ્ચર્યકારી છે. આ જગતની અજાયબી, એ તો અજાયબી નથી. બહારના કોઈ મહેલ ને મકાન જોવા જાય તો આ અજાયબ છે, એમાં અજાયબી કાંઈ નથી. આ રાજાના મહેલો કે ચક્રવર્તીના મહેલો જોવે એ કાંઈ અજાયબ નથી.

અજાયબને આશ્ચર્યકારી હોય તો આત્મા જ છે. જગતમાં એ અજાયબી એની જુદી છે, એટલે આત્મા જુદો, એ ઘર જદું એ મહેલ મંદિર કહો, એનો મહેલ કહો એનું જે કહો એ. બધું એ જ છે. એ તો કાંઈ જુદો છે. એનું જ્ઞાન જુદું, એ આનંદ જુદો એના

ગુણ જુદા. બધું જુદું જ છે. એ ચૈતન્ય દ્રવ્ય જુદો, એ એનો મહિમા એમાં જે વાસ કરે એ શાંતિને પામે છે, આનંદને પામે છે. આ તો બધા બહારની અજાયબી, જીવ બહારમાં અજાયબ પામે છે. અજાયબી નથી. ખરી અજાયબી તો આત્મામાં ભરી છે. આ અનંતા જન્મ-મરણ કરતા કરતાં આ જીવે આ બહાર દેવલોકના મહેલો, દેવલોકના મહેલો જોયા એ દેવલોકના મહેલો અજાયબી નથી. કોઈ એ રતનના મહેલો એ કાંઈ અજાયબી નથી. આ અજાયબી ચૈતન્ય રત્નાકર ગુણ રત્નાકર કોઈ અજાયબ છે. એનો જે આશ્ચર્ય લાગે એની જો મહિમા લાગે તો એ જો પ્રગટ થાય તો એ ખરી અજાયબી એ જ છે અને જીવનમાં એ જ કરવાનું છે. બાકી તો બધા જન્મ-મરણ કરતાં બધું મળ્યું છે શું નથી મળ્યું.

દેવલોકના બધા ભવનો, દેવલોકના મહેલો મળ્યા પણ એ કાંઈ આત્માને સુખ દેતા નથી એ તો જડરત્નો છે બધા જડ છે. આ તો ચૈતન્ય રત્નાકરને એ પોતે જ છે કાંઈ બહાર લેવા જાવું નથી પડતું. પોતે જ અનંતગુણથી ભરેલો, અનંત અજાયબીથી ભરેલો આત્મા છે, એની જો મહિમા આવે તો એનો ભવનો પાર થાય અને અંદર આત્માનું સુખ મળે છે. એ તો કોઈ જુદું છે.

આત્માની સ્વાનુભૂતિ થાય એ સ્વાનુભૂતિ વધતી જાય એ જ કરવાનું છે. નવો કાળ બેઠો, એ નવું વર્ષ બેઠું. આ બધા શું કહે છે, કે નવું વર્ષ કાંઈક પુણ્ય સરખા મળે, કાંઈ પૈસા મળે કાંઈ એવું બધા માગે છે. તો નવું વર્ષ એ નથી. અંતરમાં ઠરે એ નવું વર્ષ છે. એ બધા લોકમાં એવું માને છે. કોઈ અપેક્ષાએ નવું વર્ષ એ નહીં પણ શુદ્ધાત્મામાં શુદ્ધતા પ્રગટે એ નવું વર્ષ છે. સમ્યગ્દર્શન કોઈ અપૂર્વ છે, એને રત્નત્રય સુધી પહોંચે તો એ નવી પર્યાય પ્રગટી એ જ ખરું છે. આત્મામાં આનંદ પ્રગટે, અનુપમ ધારા પ્રગટે એ બધું એ ખરું ચૈતન્યનું... વિભાવમય જીવન ને જડ તરફ દૃષ્ટિ અને ઓલું ચૈતન્યમય જીવન એ ખરું જીવન છે.

મંગળતા પુરુષાર્થ થઈ જાય સાધના કરી એ મંગળતા આત્મામાં પ્રગટે. ચૈતન્ય આત્મા મંગળતા સ્વરૂપ, આત્મા એના ઉપર દૃષ્ટિ જાય એમાંથી પર્યાય પ્રગટે છે, એ જ ખરું મંગળ છે. પંચ પરમેષ્ઠી મંગળ સ્વરૂપ છે, એનું કારણ એમણે અંતરમાં મંગળતા પ્રગટ કરી છે. ચૈતન્યનો પ્રકાશ પ્રગટાવ્યો, મંગળ સ્વરૂપ જ છે. પંચ પરમેષ્ઠી જ્યાં બિરાજતા હોય, વિચરતા હોય, ભગવાનના મંદિરો હોય એ બધું મંગળ સ્વરૂપ છે, કારણ કે મંગળતા પ્રગટાવેલા જે જે સ્થાનો, જે સ્થાપના નિક્ષેપ હોય તો એ મંગળતા છે. એમાં અંતરમાં એ મંગળતા પ્રગટાવવાની છે. આત્મા મંગળ સ્વરૂપ છે, એની સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાયો પ્રગટે બધી મંગળતા પ્રગટે છે. ખરી મંગળતા

એની છે. ખરી નવીનતા એ છે. એને અનંતકાળથી નહોતો પ્રગટ કર્યો. એ નહોતું થયું એ અપૂર્વ પ્રગટે એટલે નવું વર્ષ બેઠું એમ, એ નવો કાળ બેઠો. આ ............. ઓલો અનંતકાળ જે હતો એ કાળ પૂરો થઈને બીજો જ કાળ કાંઈ પલટો થાય ને બીજો જ કાળ આત્મામાં બેઠો. અંદર કાંઈ મંગળતા કરતો પ્રકાશ કરતો, બીજો જ કાળ એ ખરો નવીન છે. લાઈન જ આખી જુદી થઈ ગઈ. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર દિશા જ પલટાઈ ગઈ માટે એ આખો કાળ જ જુદો છે.

અંદર ભેદજ્ઞાનની ધારા, સ્વાનુભૂતિ બધું પલટાઈ ગયું. માટે એ નવીનતા પ્રગટે એ નવો કાળ જ છે. અનાદિકાળના અંધારા છૂટીને અંદર ચૈતન્યનો પ્રકાશ, ચૈતન્યનો માર્ગ થઈ ગયો. જ્ઞાનનો પ્રકાશ છે. પ્રકાશ આ બહારનો નહીં, અંતરમાં જે જ્ઞાને જાણી લીધો આત્માને, એને સ્વાનુભૂતિ કેમ થાય એ કરવાનું છે ચૈતન્યના દીપક વડે એ બહાર દીપક હોય એમ અંતરમાં ચૈતન્યના દીપકો પ્રગટાવવા ઈ જ ખરું નવીનતા છે. અનાદિનો અંધારું થઈ જાય છે. જ્ઞાનનો પ્રકાશ થાય સમ્યગ્દર્શન થઈ સ્વાનુભૂતિ ચારિત્ર પ્રગટે એ મંગળ ...... મંગળતા છે. ભગવાનના કલ્યાણકો જ્યાં થાતા હોય એ તો મંગળ સ્વરૂપ છે. કારણ કે મંગળ દ્રવ્ય જ મંગળસ્વરૂપ છે. તીર્થંકર ભગવાનનું દ્રવ્ય અનાદિ અનંત મંગળસ્વરૂપ છે. એ એના જે કલ્યાણકો થાય એ ઉંચામાં ઉંચા સ્થાન છે. કારણે એમણે અંતરમાં જે હતું તે પ્રગટ કર્યું, એમને પુણ્ય એવા, એમની પવિત્રતા એવી. ચૈતન્ય પોતે મંગળ છે, એના ઉપર જેની દૃષ્ટિ થાય એ ખરી મંગળતા. એમાંથી સંસારમાં જે મંગળ થાય તે મંગળતા કાંઈ મંગળ નથી.

ચત્તારિ મંગલમ્ માં આવે છે, કેવલી પણ્ણત્તો ધમ્મો મંગલં એ આવે છે. અરિહંતા શરણં, ઉત્તમ શરણ ..........આ પંચપરમેષ્ઠી એ બધી કેવળી પણ્ણત્તો ધમ્મો મંગલં, સ્વભાવ ધર્મ અંતરમાં છે સ્વભાવનો ધર્મ પ્રગટ્યો ....... (3-69-3)

**શ્રોતા :** નવો કાળ જ પ્રગટ્યો

**પૂજ્ય બહેનશ્રી :** કાળ જ નવો પ્રગટ્યો, નવું વર્ષ એટલે નવો કાળ છે કાળ જ ....... એમણે મંગળતા પ્રગટાવી

**શ્રોતા :** એટલે મંગળરૂપ છે

**પૂજ્ય બહેનશ્રી :** ધ્યેયને લક્ષમાં લઈને મંગળરૂપ કરી નાખે. ગુરુદેવને હૃદયમાં ધારણ કર, એ મંગળતા પ્રગટાવનારા છે. આ જૈનશાસનમાં પંચમકાળની અંદર ગુરુદેવસૂર્ય સુપ્રભાત ઉગ્યો છે. ખરું પ્રભાત તો એ હતા. ગુરુદેવનો સૂર્ય જે અહીં પ્રગટ્યો, એ જ ખરી પ્રભાત છે. સીમંધર ભગવાન જે જિનેન્દ્રદેવ પ્રભાત છે. બીજું પ્રભાત ગુરુદેવસૂર્ય, આ પંચમકાળમાં જન્મ્યા એ સુપ્રભાત છે. દેવ-ગુરુ-શાસ્ત્ર

**સુપ્રભાત છે. એ પ્રભાત હોય તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે, બીજું દેવ, ગુરુ, શાસ્ત્ર છે. બાકી જગતની ઘણી પ્રભાત ઉગે છે, ને જાય છે. ખરું પ્રભાત તો પંચ પરમેષ્ઠી એ જ પ્રભાત છે, પણ ગુરુદેવસૂર્ય આ પંચમકાળમાં જાગ્યા એ જ ખરું પ્રભાત સ્વરૂપ છે, વર્ષો સુધી પ્રભાત, સૂર્યની જેમ ઉગ્યા હતા! અહીંયા વિચર્યા હતા.**

**શ્રોતા :** ..........

**પૂજ્ય બહેનશ્રી : ખરા તો ડૉક્ટર ગુરુદેવ બધાના રોગ ટાળ્યા છે. સુપ્રભાત તો ગુરુદેવ છે.**

**શ્રોતા : આપનો એ પછી નંબર આવતો હશે ને!** ............

**પૂજ્ય બહેનશ્રી : નંબર કાંઈ દેખાડવાની જરૂર નથી. ગુરુદેવે જ ઘણો બતાવ્યો છે. બધાં રોગ ટળી જાય એવો માર્ગ ગુરુદેવે બતાવ્યો છે.**

**શ્રોતા :** બધા રોગ મટી જાય..... જે મિથ્યાત્વનો રોગ ......

**પૂજ્ય બહેનશ્રી : ગુરુદેવે કીધું ને સમ્યગ્દર્શન ને જ્ઞાન, ચારિત્ર એ પ્રભાત ઉગે તો બધો રોગ ટળી જાય. (3-69-4)**

**શ્રોતાઓ : ભગવતી માતનો જય હો....**
**માતાજીની અમૃતવાણીનો જય હો....**

* * *

## પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી, ભાગ-૩
## તત્ત્વચર્ચા – ૭૦

**શ્રોતા :** વાણીની મીઠાશ જોઈ દ્રાક્ષ શરમાઈને વનવાસમાં ચાલી ગઈ એનો શું અર્થ?

**પૂજ્ય બહેનશ્રી : એ ઉપમા આપી છે ભગવાનની વાણીની મીઠાશ તો એવી છે કે આ દ્રાક્ષની મીઠાશ તો જડ છે, કે એને ઉપમા આપી છે કે આ દ્રાક્ષો કેમ જંગલમાં વયી ગઈ કે આ જગતમાં ભગવાનની વાણીની એવી મીઠાશ હતી કે દ્રાક્ષને શરમ આવી કે હવે આ બધા વસ્તી વચ્ચે રહેવા કરતાં જંગલમાં રહેવું ઠીક છે, એટલે એ દ્રાક્ષ તો વનમાં જ વયી ગઈ. કારણ કે આમાં તો શરમ આવે એવું છે ભગવાનની વાણીની મીઠાશ આગળ મારી આ દ્રાક્ષની મીઠાશ તો બધી તુચ્છ થઈ જાય છે. માટે દ્રાક્ષુ તો જંગલમાં વયી ગઈ છે. જે બધી શેરડી તો પીલુમાં પીલાવા મંડી ગઈ કે આ**

તો ભગવાનની વાણી આગળ મારી મીઠાશ તો સાવ તુચ્છ છે, માટે ભગવાનની વાણી તો જગતમાં એની મીઠાશ એના રહસ્યો એમાં જે એ સાંભળે તે તન્મય થઈ જાય. એમાં જેની મધુરતાને મીઠાશ આગળ દ્રાક્ષ શરમાઈ જાય છે કે આ શેરડી પીલુમાં પીલાવા માંડી જાય છે. બધું તુચ્છ છે, એ જડ મીઠાશ ને એ બધી શેરડીની મીઠાશ ને એ તો બધું કે જડમાં ભગવાનની વાણીની મીઠાશ કે, જે આત્માની અનુપમ આત્માને બતાવનારી એ જે વાણી ભગવાનની સર્વોત્કૃષ્ટ, તીર્થંકર ભગવાનની દિવ્યધ્વનિ એ દિવ્યધ્વનિની મીઠાશ અને એના રહસ્યો સાંભળે છે, ઈ જીવ એમાં એવો તલ્લીન થઈ જાય છે. જે સાંભળે છે જે રુચિથી એના ભવનો અભાવ થાય છે અને અંદર ચૈતન્યદેવ પ્રગટે છે. ભગવાનની વાણીની મીઠાશ આગળ આ બધું તુચ્છ છે.

એને કોઈ ઉપમા નથી લાગતી જડની, કોઈ મીઠાશ આગળ ભગવાનની વાણીની મીઠાશની મધુરતા કોઈ ઉપમા દઈ શકાતી નથી. ગંભીરમ્ મધુરમ્ ભગવાનની વાણી ગંભીરતાથી ભરેલી જાણે ધ્વનિ ગાજતી હોય મીઠી મધુરી, વાણી આગળ બધું તુચ્છ છે. અહીં ગુરુદેવની વાણી વરસતી હતી બધા એમાં તન્મય બધું જગત ભૂલાઈ જાતું હતું. આ તો ભગવાનની તીર્થંકરદેવની વાણી, વાણીની શું મહિમા? દ્રાક્ષો તો જંગલમાં વઈ ગઈ કે આ જગત વચ્ચે રહેવામાં મને શરમ આવે છે, કે મારી મીઠાશ ક્યાં ને ભગવાનની વાણીની મીઠાશ ક્યાં છે? (3-70-1)

**શ્રોતા :** આ તો ગુરુદેવની વાણી જાણે તીર્થંકરની જ વાણી છે.

**પૂજ્ય બહેનશ્રી :** સાક્ષાત્ તીર્થંકર જાણે ભલે વર્તમાન જ એમનો બધો યોગ પ્રભાવનાનો એવો જ હતો. જાણે વાણી વરસતી હોય તીર્થંકરની.

**શ્રોતા :** સાંભળ્યા જ કરીએ

**પૂજ્ય બહેનશ્રી :** સાંભળ્યા જ કરીએ કે કોઈની એક તન્મય થઈને સાંભળ્યા જ કરીએ, ટાઈમ ક્યાં જાય કોઈને ખબર પડે નહીં. આ તો તીર્થધામ થઈ ગયું છે. શરમાઈ મીઠી દ્રાક્ષો વનવાસને કરે છે, પીલુમાં પીલાઈ ઈક્ષુ તે ઈક્ષુ પીલાડામાં ઓલા પીલાવા મંડી જાય છે.

**શ્રોતા :** વચનામૃત તો જાણે કે અમૃતવાણી છે, વાંચ્યા જ કરીએ...વાંચ્યા જ કરીએ અને તૃપ્તિ જ નથી થાતી

**પૂજ્ય બહેનશ્રી :** વાણી સર્વોત્કૃષ્ટ છે. ભગવાનની જે સાક્ષાત્ વાણી વરસતી હોય તો તે કોઈ જુદી છે. આચાર્યોએ પરંપરા શાસ્ત્રોમાં રચી છે, એમાં એટલી ગંભીરતા ને એટલું છે, તો ભગવાનની સાક્ષાત્ વાણીની શું વાત કરવી. ગુરુદેવની વાણી સાક્ષાત્ વરસતી હતી એ કોઈ જુદી છે, એના પડકારોને બધું જુદું જ હતું, જાણે ભવનો અભાવ

કરનારી વાણી અને આત્માનું સુખ પ્રગટ કરનારી, આત્માના ગુણ-પર્યાયથી ભરેલો ચેતન ચમત્કારી, આત્મા એને પ્રગટ કરનારી વાણી કોઈ જુદી જ હતી. એ કેવળજ્ઞાન પ્રગટ થયું, વીતરાગદશા પ્રગટ થઈ એને ન્યાં જે વાણી નીકળે છે ઇચ્છા વગરની વીતરાગ... વીતરાગ થઈ ગયા અને એની જે વાણી નીકળી છે. વાણી કોઈ જુદી જ હોય છે.

**શ્રોતા :** કોઈ ઉપમા જ લાગતી નથી.

**પૂજ્ય બહેનશ્રી : કોઈ ઉપમા લાગુ પડતી નથી. દેશનાલબ્ધિ થાય, એને ભગવાનની વાણી અથવા ગુરુની વાણી મળે, એ નિમિત્તરૂપ છે અને ઉપાદાન પોતાનું થાય છે, એ દેશનાલબ્ધિ થાય ત્યારે સમ્યગ્દર્શન થાય છે. ઉપાદાન પોતાનું તૈયાર હોય તો એવા નિમિત્તો બની જાય છે. અનંતકાળથી અજાણ્યો માર્ગ ભગવાનની વાણી અને ગુરુની વાણી એનાથી માર્ગ સમજાય છે. એનાથી દેશના ગ્રહણ થાય છે. ઉપાદાન તૈયાર, ઉપાદાન તૈયાર હોય એને નિમિત્તો પ્રબળ છે, પણ ઉપાદાન તૈયાર હોય એને નિમિત્તો અસર કરે છે. ઉપાદાન તો તૈયાર છે, પોતે ઉપાદાન, ઉપાદાન તૈયાર હોય તો નિમિત્ત તો પ્રબળ છે. (3-70-2)**

**શ્રોતા :** (નિમિત્ત) મળે એને પોતે ન કરે તો એ પોતે જોવાનું ......

**પૂજ્ય બહેનશ્રી : ઉપાદાન તૈયાર ન કરે નિમિત્ત મળે પણ ઉપાદાન તૈયાર ન કરે તો પોતાના પુરુષાર્થની ખામી છે.**

**શ્રોતા :** .....ક્ષાયિકભાવ.....

**પૂજ્ય બહેનશ્રી : પાછો ન પડે જે ભાવ પ્રગટ થયો તે થયો. તેમાં ઢીલોપોચો ન પડે. એકસરખો રહે એનું નામ ક્ષાયિકભાવ કહેવાય. જે ભાવ પ્રગટ થયો અંતરમાંથી જે દશા પ્રગટે, અંતરમાં ચૈતન્યરૂપ જે દશા જે ચૈતન્યની ચૈતન્યરૂપ દશા પ્રગટ થઈ એ પાછી એમાં ઢીલી ન પડે, એકસરખી રહે એનું નામ ક્ષાયિકભાવ છે. જે પાછો પલટતો એટલે કે પાછો વિભાવરૂપે થતો નથી, એનું નામ ક્ષાયિકભાવ છે. એ સમ્યગ્દર્શન, સ્વાનુભૂતિરૂપે અને એક પૂર્ણ કેવળજ્ઞાનરૂપે એ બેયને રીતે ક્ષાયિકભાવ હોય છે. ક્ષાયિકભાવ જ્ઞાતામાં હોય, કર્તાબુદ્ધિ છૂટી હું પરનું કરી શકું, કરી શકું એ પોતે, અનંતકાળથી દરેક દ્રવ્યો સ્વતંત્ર છે. એની સ્વતંત્રતા ઓળખીને પોતે જ્ઞાયકતા પ્રગટ કરે કે હું તો જ્ઞાયક છું, કોઈનું કરી શકતો નથી. માત્ર પોતે એને ઉપદેશ આપી શકે, નિમિત્ત થાય બાકી ઉપાદાનથી પોતે જો તૈયાર થાય તો, નહીંતર તો પોતાનો પુરુષાર્થ પોતે કરી શકે છે. બીજા નિમિત્ત થાય છે.**

જ્ઞાયકતા ભાવ, જ્ઞાયકતા ચૈતન્યમાં પડી છે. એ વિભાવ શુભાશુભભાવોથી જુદો, શુભભાવ વચ્ચે આવે પણ એ આત્માનું સ્વરૂપ નથી. એ પણ એકજાતના વિકલ્પ છે. એ વિકલ્પ તૂટીને અંતરમાં નિર્વિકલ્પદશા થાય. એ જ્ઞાયકભાવ અને ક્ષાયિકભાવ એટલે જે ભાવ પાછો પડતો નથી એ શરીર તો ક્ષય થઈ ગયું. જેમાં વિભાવોના અંકુરા જેમાં ક્ષય થઈ ગયા છે. જેમાં ખોટી એકત્વબુદ્ધિ પર સાથે થઈ હોય એનો નાશ થાય. અને અંતરમાં જે સ્વાનુભૂતિની, જે દશા પ્રગટ થઈ, અંદર જ્ઞાયકતાની એ દશા પ્રગટ થઈ, એક સરખી રહે છે, એનું નામ ક્ષાયિકભાવ, .......... કેવળજ્ઞાનરૂપે હોય છે અને જ્ઞાતાધારારૂપે ક્ષાયિકભાવ એકસરખો રહે પાછો, પાછો પડે નહીં એનું નામ ક્ષાયિકભાવ. પણ એ પોતે સાચુ જ્ઞાન કરે, પોતાનું અસ્તિત્વ ગ્રહણ કરે, કે હું કોણ છું. મારો શું સ્વભાવ છે? એનું ચિંતવન કરીને અંતરમાંથી ગ્રહણ કરે તો ધ્યાનથી જવાય.

પણ જો સમજ્યા વગર એમને એમ કરે હું કોણ છું, મારો શું સ્વભાવ છે. આ શુભાશુભભાવો તે હું નથી. એમ ભેદજ્ઞાન કરીને પોતે પોતાનું ચૈતન્યનું અસ્તિત્વ ગ્રહણ કરીને જાય તો ધ્યાનથી જવાય, જ્ઞાનપૂર્વક ધ્યાન કહેવાય. સમજ્યા વગર એમને એમ ધ્યાન કરે તો પોતાનું અસ્તિત્વ ગ્રહણ ન થાય તો વિકલ્પ મંદ થાય, વિકલ્પ એકદમ ઓછા કરે તો એમ એને લાગે કે વિકલ્પ જાણે નથી. પણ સૂક્ષ્મમાં વિકલ્પ અંતરમાં પડ્યા હોય, પણ એ અંદરમાંથી કોઈ જાતની જાગૃતિ ન હોય, જાગૃતિ ન દેખાય ને કાંઈક જુદી જાતનો કોઈને પ્રકાશ દેખાય, કોઈને આ દેખાય, પણ એ પ્રકાશ ચૈતન્ય સ્વરૂપ નથી. અંતરમાં ચૈતન્ય સ્વરૂપ જે જ્ઞાયકતા એ જ્ઞાયકતાને ગ્રહણ કરે તો અંતરમાં એને જાગૃતિ દેખાય. ભેદજ્ઞાની પોતાને ઓળખે, વારંવાર વારંવાર હું જ્ઞાયક છું..જ્ઞાયક છું..જ્ઞાયક છું એમ એકાગ્રતા કરતો ભેદજ્ઞાન કરતો, એકત્વબુદ્ધિ તોડતો ચૈતન્યમાં એકાગ્રતા કરે તો વિકલ્પ તૂટીને નિર્વિકલ્પદશા થાય, તો આત્મામાંથી જાગૃતિ આવે.

આ આત્મામાં જે અનંતગુણો આનંદદશા છે, એને વિકલ્પ વગર સ્વાનુભૂતિમાં આવે પણ એને સાચા જ્ઞાનપૂર્વક હોવું જોઈએ. સાચું જ્ઞાન જો ન હોય તો એકલી એકાગ્રતા કરે તો વિકલ્પ ઓછા થાય, શુભભાવના થાય, પણ અંતરમાં આત્માની જાગૃતિને આત્માની સ્વાનુભૂતિ એ થાવી સાચા જ્ઞાન વગર થાવી મુશ્કેલ પડે છે. એ ક્યાંક ક્યાંક બીજે એકાગ્રતા થઈ જાય, એ સાચા જ્ઞાનપૂર્વક સાચું ધ્યાન હોય. એ બેય આવે છે, પણ સાચા જ્ઞાનપૂર્વક સાચું ધ્યાન હોય છે.

સૂત્રો ન આવડતા ન હોય, પણ મૂળ પ્રયોજનભૂત તો એને સમજણ હોવી જોઈએ. અનાદિકાળથી સાચા જ્ઞાન વગર જ્યાં ત્યાં ભમ્યો, પરને પોતાને માન્યો,

ભ્રાંતિમાં રોકાઈ ગયો એ પર તે હું, પોતાનું સ્વરૂપને ભૂલ્યો, હું કોણ છું એને ભ્રમણા થઈ ગઈ. પોતે પરમાં પોતાપણું માની લીધું, માટે એને સાચું જ્ઞાન હોય પોતાના ચૈતન્યને ઓળખે, એના ગુણોને ઓળખે, એમ કરીને અંદર એકાગ્ર ધ્યાન એટલે એકાગ્રતા. એકાગ્રતા જો કરે તો સાચી એકાગ્રતા થાય જ્ઞાનપૂર્વક એને સાચી એકાગ્રતા થાય.

એકલા વિકલ્પ મંદ કર્યા કરે તો વિકલ્પ તો ઓછા થાય પણ અંતરમાંથી કાંઈ પોતાના અસ્તિત્વમાંથી જે પ્રગટ થાવું જોઈએ, એ થાવું મુશ્કેલ પડે છે. જ્ઞાનપૂર્વક હોવું જોઈએ. ઓલું જો પોતાનું તત્ત્વ ગ્રહણ ન થયું હોય તો ક્યાંક ક્યાંક બીજે મનાઈ જાય. વિકલ્પ ઓછા થઈ જાય તો શાંતિ જેવું લાગે, આનંદ જેવું લાગે પણ અંદર તત્ત્વમાંથી જે આવવું જોઈએ એ સાચા જ્ઞાન વગર અંદરનું પકડ આવવું મુશ્કેલ પડે છે.

(પૂજ્ય ગુરુદેવ) શબ્દોના એટલા અર્થ કરતા હતા સમયસાર ઉપર, ને વાણી તો કોઈ અપૂર્વ હતી આમ સાંભળતા એમ થાય કે આત્માનું કાંઈક સ્વરૂપ બતાવી રહ્યા છે. સ્વરૂપ બતાવતા હોય એવું વાણીમાં બતાવતા હતા. આ છે, ને જીવનમાં એમને રુચિ પહેલેથી થઈ. (3-70-3)

પં. હિંમતભાઈ : ....... જુવાનીમાં જે ડૉક્ટરનું પાસ થઈને આવે કે ધ્યેય તો આત્માનું છે, આ .....

**પૂજ્ય બહેનશ્રી : જ્ઞાયક જ્ઞાયક આત્માની વાત. જ્ઞાયક જ્ઞાયક આત્માની વાત.**

**પં. હિંમતભાઈ :** જીતી ઇન્દ્રિયો પૂર્વરંગ કેવું કમાલ છે, કે જીતી ઇન્દ્રિયો જ્ઞાન સ્વભાવે એમ કરીને બોલે ગાથા જે પુદ્‌ગલે સમયસાર કર્યું છે મેં કાંઈ કર્યું નથી. ..પ્રેક્ટીસ...

**શ્રોતા :** આજે આપની પાસેથી શીખ્યો કે એ સાગરના તળિયે રહે છે. તળિયાને સ્પર્શ...

**પૂજ્ય બહેનશ્રી : હાં મૂળને સ્પર્શવાનું છે.**

**શ્રોતા :** જે શબ્દો આજે મને એ સ્પર્શ કરી ગયા કે જે એ તળિયાને બિલકુલ એનાથી છૂટું ન પડવું ......

**પૂજ્ય બહેનશ્રી : મૂળ તળમાં જાવું**

**પંડિતજી :** પ્રવચનસાર ખરીદ્યું પહેલી પાંચ ગાથા... પ્રત્યેક..પ્રત્યેકને એક એકને....

**પૂજ્ય બહેનશ્રી : એક-એક-એક કરતાં બધાને નમસ્કાર કરવા.**

**શ્રોતા :** આપણા આ ઋષિ-મુનિઓ ........... આપણા પૂર્વજોએ આપણા બાળકો માટે શું નથી કર્યું! હવે એનો ઉપયોગ આપણે જો ન કરીએ તો ખરેખર બહુ દુઃખ થાય છે.

**પૂજ્ય બહેનશ્રી : ..... અધિક આત્મા અધિક છે બીજું બધું નિશ્ચય..... ઉપાદાન (..........) વિભાવ બધો તરતો છૂટો આત્માથી છે. જ્ઞાયક આત્માને ઓળખ તો ઉપરથી જુદો, ઊર્ધ્વ આત્મા છે. જ્ઞાયકને બસ એને જ મૂળ સ્વભાવમાં જઈને તળમાં જઈને ઓળખ એ જ્ઞાયકને એનું ભેદજ્ઞાન કર.**

**શ્રોતા :** જે તારું નથી એમનું તું ....... એ તરફ નજર કેમ થાય કે જે તારું નથી તો. છોડી દે છે પછી. (પંડિતજી : પછી આમનું આવી રીતે ..........) એક બહુ સરસ કહ્યું છે, કે જે જેનું હોય તે તે જ હોય. એ એટલું બધું સ્પર્શી ગયું કે હું કહું કે આ મારું ઘર તો હું ઘર થઈ ગયો. ઘર પોતે એવું મને આ લાગે હું બોલતા બહુ વિચાર કરીને બોલું છું.

**પંડિતજી :** પરિગ્રહ કદી મારો બને તો હું અજીવ બનું ખરો. જે જેનું હોય તે તેનું જ હોય. હું પરિગ્રહનો હોઉં તો હું પરિગ્રહમાં. .......

**શ્રોતા :** આ આવ્યું તે દિવસ ગાથામાં તે દિવસ તો હિંમતભાઈએ શું ઓહોહો!

**પૂજ્ય બહેનશ્રી : જે જેનું સ્વ હોય એ જ હોય.**

**પંડિતજી :** જે જેનું હોય તે તે જ હોય. મારું ઘર હોય તો હું ઘર જ હોઉં.

**શ્રોતા :** આ ટોપી મારી હોય તો હું ટોપી બની જાઉં.

**પૂજ્ય બહેનશ્રી : પોતે જ થઈ જાય.**

**દર્શન આનંદ બધી સ્વભાવથી ભરેલ તેરૂપ જ છે. અનાદિકાળથી સ્વભાવ દ્રવ્ય તો પણ વિભાવ પર્યાયમાં પોતે ભ્રાંતિથી માની રહ્યો છે. આ બધું બીજાનું, આ પુદ્ગલ શરીરાદિથી માની રહ્યો પણ વિભાવ પર્યાય જે છે ઈ (પોતાનો સ્વભાવ) નથી, (શરીર) પરદ્રવ્ય, પણ ઓલો વિભાવ પણ પોતાનો સ્વભાવ નથી. એમાં શુભ ને અશુભ બેય ભાવો, શુભ વિકલ્પ આવે કે આ કરું, તે કરું, પૂજા કરું, વાંચન કરું, તત્ત્વવિચાર એ બધા શુભભાવો વચ્ચે આવે ખરા પણ આત્માનો સ્વભાવ તો નથી. સ્વભાવ નથી વિભાવભાવ છે પુણ્યબંધનું કારણ, દેવલોક મળે કંઈક, ભવનો અભાવ ભવનો અભાવ, તો સ્વભાવને ઓળખે તો થાય છે. સિદ્ધ ભગવાન જેવું સ્વરૂપ આત્માનું, એમાં શુભ વિકલ્પ, પંચ પરમેષ્ઠી ભગવાનના વિકલ્પો તો આવે શુભભાવ પણ એ શુભરાગ પુણ્યબંધ થાય માટે એનાથી પણ તારો સ્વભાવ તો ન્યારો એ ન્યારા આત્માને ઓળખ એવા વિકલ્પ વગરના નિર્વિકલ્પ તત્ત્વને ઓળખ એ જ કરવાનું છે.**

અંદર એ જ્ઞાયક, જ્ઞાતા, પુદ્દગલના દ્રવ્ય-ગુણ-પર્યાય પુદ્દગલના તારા દ્રવ્ય-ગુણ-પર્યાય તારામાં. તું એને કરી શકતો નથી. એ એને કોઈ કોઈને કરી શકતા નથી. પોતે પોતાના સ્વભાવનો કર્તા, પરદ્રવ્યનો કર્તા તો નથી, પણ વિભાવ પર્યાય થાય એ વિભાવનોય અજ્ઞાન અવસ્થાએ કર્તા, સ્વભાવ થાય તો એનો જ્ઞાતા છે. પોતે જ્ઞાયકરૂપ છે. જ્ઞેયો પણ એમાં જે જાણે છે, એ એનામાં આવતા નથી. એમાં તન્મય થતો નથી. પોતે પોતાના જ્ઞાનસ્વભાવમાં તન્મય રહે છે. પોતે પોતાનું જાણતો બીજાને પ્રકાશે પણ પોતે પોતાને જાણતો પ્રકાશે છે. એવો એનો સ્વભાવ છે.

હવે એવા આત્માને ઓળખવો અંદર તળમાં જઈને, રાત ને દિવસ એની ધગશ લાગે, એની લગની લાગે તો એને ઓળખાય. એ ભેદજ્ઞાનની ધારા રહે અંતરમાં હું જુદો..જુદો એ ચૈતન્ય ઉપર દૃષ્ટિ કરે એનું જ્ઞાન કરે, એમાં લીનતા કરે, તો એને નિર્વિકલ્પ સ્વાનુભૂતિ થાય પણ એની પાછળ ક્ષણે ક્ષણે, રાત ને દિવસ બસ એને જાતની ક્ષણે ક્ષણે ધારા હાલે, ભેદજ્ઞાનની હું જ્ઞાયક...જ્ઞાયક...જ્ઞાયક. અંદર સ્વભાવને ઓળખીને ગોખવા પૂરતું નહીં પણ સ્વભાવ ઓળખીને જો અંદરમાં જો જાય તો એને નિર્વિકલ્પ સ્વાનુભૂતિ થાય એ માર્ગ બધો ગુરુદેવે ખુલ્લો કર્યો અને સમયસારમાં એ બધા.... (3-70-5)

**શ્રોતા :** શુભરાગને હું નહોતો સમજી શકતો તે એવો એના ઉપર તો પ્રહાર કર્યો એમણે કે....

**પૂજ્ય બહેનશ્રી :** ઊંચામાં ઊંચો શુભભાવ આવે. આવે ખરો, પણ તું એને તારો સ્વભાવ નથી તો એને જુદો જાણ તારાથી.

**શ્રોતા :** એ તો આ આપણે આ જીવો આ કાળના ......

**પૂજ્ય બહેનશ્રી :** માર્ગ સમજવો બહુ મુશ્કેલ આ કાળની અંદર. કોઈ ક્યાંય અટકી જાય કોઈક સાચું જ્ઞાનમાં અટકી જાય, કોઈક બહારની ક્રિયા કરીને અટકી જાય, કોઈ એમ કે આપણે બહું ભક્તિ કરી, વિનય કરી આમાં અટકી જાય પણ બધા શુભભાવ છે, કે અમે ઊંચા, આચાર્ય ભગવાન સમયસારમાં કહે છે તને ઊંચે ઊંચે ચડાવવા માગીએ છીએ કે શુદ્ધ ભૂમિકામાં તું જા એમ. આ અશુભમાંથી શુભ ભૂમિકામાં આવ્યો પણ શુભમાંથી શુદ્ધની ભૂમિકામાં લઈ જવા માગીએ છીએ. અમે નીચે પાડવા નથી માગતા. ઘણું એમણે સમયસાર ને વાચ્યું છે...

**પંડિતજી :** સમયસાર ઘણું વાચ્યું છે. બીજા નથી વાચ્યા પ્રવચનસાર ને આ...

**પૂજ્ય બહેનશ્રી :** પરદ્રવ્યનો કર્તા નથી, એક દ્રવ્યને બે ક્રિયા ન હોય અને બે ક્રિયા એ બધુંય કેટલુંય આવે છે.

**પંડિતજી :** ....... જનરલ પ્રેક્ટીસ કરાવો છે, પ્રેક્ટીસ તો થઈ જાય છે. હું નથી કરતો, કુંભાર ઘડો કરતો નથી એમ હું પ્રેક્ટીસ કરતો નથી. એ તો જીવ ને કીધું છે કુંભાર ન હોય તો ઘડાનો પીંડો રાખવાનો.....પીંડો માટીનો પડ્યો રહે તો ઘડો ન થાય. એ તો નિમિત્ત હોય તો થાય. ખૂપી જવાનું નથી ને! એમ કહે... **(3-70-6)**

**શ્રોતાઓ : ભગવતી માતનો જય હો....**
**માતાજીની અમૃતવાણીનો જય હો....**

* * *

## પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી, ભાગ-૩

# તત્ત્વચર્ચા - ૭૧

**શ્રોતા :** અધિષ્ઠાનમાં.... અધિષ્ઠાન વિષે રાજચંદ્રજીએ (પંડિતજી : જગતનું કોઈ અધિષ્ઠાન હોવું જોઈએ........) હોવું જોઈએ અને કદાચ થયું પછી બીજાને કંઈ કંઈ થાય એ કાંઈ નહીં.

**પંડિતજી :** અધિષ્ઠાન એટલે જગતનું કોઈ અધિષ્ઠાન ગુરુદેવ એમ કહેતા આવું લખ્યું છે .... ઈ કાંઈ સમજાતું નથી ..... મારું અધિષ્ઠાન હું જ છું, તારું અધિષ્ઠાન તું જ.

**પૂજ્ય બહેનશ્રી : તારો તું જ અધિષ્ઠાન છો.**

**શ્રોતા :** એટલે ત્યારે મહાવીર કંઈ ચૂક્યા નથી..

**પંડિતજી :** નથી ચૂક્યા બરાબર. નથી ચૂક્યા જ આપણે ચૂક્યા છીએ.

**શ્રોતા :** જે કંઈ હોય છે, તે બધું પૂર્ણ જ હોય છે.

**પૂજ્ય બહેનશ્રી : પૂર્ણ હોય છે, એમાં કોઈ ખામી નથી**

**શ્રોતા :** એમાં કોઈ ખામી રહે જ નહીં એ અધિષ્ઠાન ન કહેવાનું એમને કાંઈ કારણ જ નહોતું.

**પંડિતજી :** નથી તે ના પાડી.

**પૂજ્ય બહેનશ્રી : નથી, સર્વજ્ઞની વાણીમાં પૂરું રહસ્ય આવી જાય છે.**

**શ્રોતા :** એમાં આપણે જો એને સર્વજ્ઞ માન્યા તો પછી એમાં સંશય કે કશું આવતું જ નથી. અને એ વાણી એ રીતે જ નીકળી છે.

**પૂજ્ય બહેનશ્રી : પોતાને વિચારવાનું રહે, બધું સર્વજ્ઞમાં તો બધું પુરું જ આવે.**

**પંડિતજી :** સર્વજ્ઞે કહેલું પરિપૂર્ણ છે.

**શ્રોતા :** જે ચૂક્યા હોય તે સર્વજ્ઞ જ કહેવાય શી રીતે?

**પૂજ્ય બહેનશ્રી : સર્વજ્ઞ ક્યાંથી કહેવાય સર્વજ્ઞ ચૂકે જ નહીં. પરિપૂર્ણ જ્ઞાનમાંથી વાણી, એનો વીતરાગી વાણી જેમાં વિકલ્પ પણ નથી, સહજ વાણી નીકળે છે. વાણીની ઇચ્છા પણ નથી. કુદરતે નીકળે છે, એ એમાં ભૂલ ક્યાંથી હોય?**

**શ્રોતા :** એ વાણીનો કાળ હતો ને (વાણીને કાળે વાણી નીકળે)?

**પૂજ્ય બહેનશ્રી : પોતે આનંદ ને જ્ઞાન ને પરિપૂર્ણ એમાં બિરાજે છે, એમાંથી કુદરતી દિવ્યધ્વનિ નીકળે છે, જે લોકોના ભાગ્યથી નીકળે છે.**

**શ્રોતા :** હું તો બોલતો નથી એ તો વાણી બોલે છે.

**પૂજ્ય બહેનશ્રી : આત્મા બોલતો નથી. એવી શ્રદ્ધા પહેલા સમ્યગ્દર્શનમાં થાય કે હું બોલતો નથી. ભેદજ્ઞાન થાય ને કેવળજ્ઞાનીને તો એ રૂપે પરિણમન આચરણ પણ એવું થઈ ગયું. ને સમ્યગ્દૃષ્ટિને શ્રદ્ધા, જ્ઞાન ને અંશે આચરણ છે. કેવળજ્ઞાનીને તો પુરું આચરણ થઈ ગયું. (પંડિતજી : જેવી શ્રદ્ધા એવું આચરણ) એવું આચરણ થઈ ગયું. (3-71-1)**

**શ્રોતા :** ધર્મની શરૂઆત સમ્યગ્દર્શન પછી થાય છે. એ ગુરુદેવના જ્યારે શબ્દો સાંભળ્યા કે આગળ અટકી ગયો શું આમાંથી નિર્ણય છે? જો મિથ્યાદર્શન રાખીને ધર્મ લેવા જાવો છે? (ના મળે)

**પંડિતજી :** એ જ આવી ગયું એમને કહેતા હતા. ગુરુ કાઢીને આપે. સરળ છે, સુગમ છે, સર્વત્ર પ્રાપ્ત છે, સત્પુરુષ મળવા જોઈએ.

**પૂજ્ય બહેનશ્રી : જીવનમાં એક જ કરવાનું છે ગુરુદેવે ઘણું કીધું છે. ધોધ વરસાવ્યા છે. ગુરુદેવે તો માર્ગ બતાવી બતાવીને સ્પષ્ટ કર્યો છે. ભેદજ્ઞાન કરીને સ્વાનુભૂતિ કરવી, એ જ જીવનનું ધ્યેય હોવું જોઈએ. આ શરીર આત્માનું નથી, એ તો જડ છે. વિભાવભાવો પણ ચૈતન્યનું સ્વરૂપ નથી. આ પરદ્રવ્ય ઓલું વિભાવભાવ પોતાનું સ્વરૂપ નથી. અંદર આત્માને ઓળખવો, શાશ્વતો આત્મા છે, એને ગ્રહણ કરવા જેવો છે. આત્મા અનાદિકાળથી અનંત અનંત ગુણોથી ભરેલો, અનંત શક્તિઓથી ભરેલો, એ આત્માને ઓળખવો એ જ જીવનનું ધ્યેય ને કર્તવ્ય છે. ક્ષણે ક્ષણે ક્ષણે ક્ષણે ભેદજ્ઞાનની ધારા કેમ પ્રગટે? આત્મા કેમ ગ્રહણ થાય? એ જ કરવા જેવું છે. નહીંતર બાકી બહારનું પરદ્રવ્યનું પોતે કાંઈ કરી શકતો નથી. પરના દ્રવ્ય, ગુણ, પર્યાય જુદા પોતાના જુદા, પરદ્રવ્યના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ જુદા પોતાના જુદા, બધું જુદું જ છે.**

પોતાનું અસ્તિત્વ પોતામાં, બીજાનું અસ્તિત્વ બીજામાં છે. પોતાના ચૈતન્ય અસ્તિત્વને ગ્રહણ કરવું એમાં જ વાસ કરવાનો પ્રયત્ન કરવો એ કરવા જેવું છે. આ પર તરફ વાસ છે જે એને સુખ લાગે છે, એ સુખબુદ્ધિ તોડીને પોતે ચૈતન્યમાં વાસ કરવો, એને માટે પહેલાં એના તરફ દૃષ્ટિ કરવી, જ્ઞાન કરવું, એમાં લીનતા કરવી એ જ કરવા જેવું છે. ભેદજ્ઞાનની ધારા પ્રગટ કરીને વિકલ્પ તોડીને સ્વાનુભૂતિ કેમ થાય? એ જ પ્રયત્ન જીવનનું કર્તવ્ય છે. એને માટે નિરંતર એની ભાવના, જિજ્ઞાસા બધું એ કરવા જેવું છે. અંતરમાં ભેદજ્ઞાન થાય, તો જ મુક્તિની, (કાંઈક મુક્તિની) શરૂઆત થાય, સ્વાનુભૂતિ થાય તો જ મુક્તિની શરૂઆત થાય છે.

જે મોક્ષ ગયા તે ભેદવિજ્ઞાનથી ગયા છે, એ ભેદવિજ્ઞાનના અભાવે જીવ રખડ્યો છે, એ ભેદજ્ઞાન કેવું? કે જે સ્વાનુભૂતિપૂર્વકનું ભેદજ્ઞાન જેમાં સ્વાનુભૂતિ પ્રગટે એ સાચું ભેદજ્ઞાન છે. એ કરવા જેવું છે. ગુરુદેવે વારંવાર સ્પષ્ટ કરી કરીને બતાવ્યું. બે દ્રવ્યોની સ્વતંત્રતા બતાવી. બીજાનું તું કાંઈ કરી શકતો નથી એની કર્તાબુદ્ધિ તોડી દે. હું બીજાનું કાંઈ (કરી શકતો નથી) જે બહારનું તો જે જેમ બનવાનું હોય એમ જ બને. તું તારા ચૈતન્યમાં પુરુષાર્થ કર, એમાં અનેક જાતની શુદ્ધ પર્યાયો પ્રગટ થાય, એ શુદ્ધાત્માને ગ્રહણ કર. શુદ્ધાત્માને ગ્રહણ કરવાથી એમાં શુદ્ધાત્માની અનેક જાતની નવીન પર્યાયો પ્રગટ થાય. જેના અંશથી માંડીને પૂર્ણતા સુધી અનેક જાતની નવીન પર્યાયો પ્રગટ થાય છે, એજ કરવા જેવું છે. એમાં જ તને સુખ થાશે, આનંદ થાશે, પ્રતીત થાશે. એમાં સુખ માન ને એમાં જ આનંદ માન ને એમાં જ તૃપ્તિ તને થઈ જાશે. પછી ક્યાંય બહાર જાવાનું મન નહીં થાય.

અંદર આત્મામાં જો તું લીન થયો, વિકલ્પ તોડીને એમાં જો. એમાં એવી તૃપ્તિ આવશે કે બહારનું બધું તારું ઊડી જાશે. માટે એ જ ગ્રહણ કરવા જેવું છે જીવનમાં અંદર અને દેવ-ગુરુ-શાસ્ત્રને હૃદયમાં રાખ. અંતરમાં ચૈતન્ય જ્ઞાયકની ધારા પ્રગટ કર એ કરવા જેવું છે, ભેદજ્ઞાન કરવું. જેમાં છે, એમાંથી પ્રગટ થાશે, બહારથી કાંઈ આવતું નથી. અંતરમાં જે સ્વભાવ છે, એમાંથી જ પ્રગટ થાવાનું છે. જેમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર ગુણો જેમાં ભરેલા એમાંથી આવવાનું છે. બહારમાં મથવાથી કાંઈ આવવાનું નથી. અંતરમાં પુરુષાર્થ કરવાથી આવવાનું છે. માટે અંતરને અંતર દૃષ્ટિ કરીને અંતરમાં પુરુષાર્થ કર એ કરવા જેવો છે. (3-71-2)

**શ્રોતા :** વેગ કેમ મળતો નથી?

**પૂજ્ય બહેનશ્રી :** પોતાની ખામી છે, અનાદિકાળનો વેગ પરમાં જાય છે પોતાની જ ખામી છે. વેગ નહીં વાળવો પોતાના પુરુષાર્થની ખામી છે. પોતાના

જિજ્ઞાસાની ખામી છે, વેગ વાળવો પોતાના હાથની વાત છે. ગુરુદેવે કીધું 'તું જન્મ-મરણ કરનારો ને તું, મોક્ષ કરનારો પણ તું જ છો.' અનંતકાળથી જે પરિભ્રમણ થયું તારા પોતાના કારણે અને જે મોક્ષ થાય એ તારા પોતાને પુરુષાર્થથી થાય છે. તું સ્વતંત્ર છો. કંઈ બાજું વેગ વાળવો એને માટે સ્વતંત્ર છો. મુક્તિ તરફ પ્રયાણ કરવા એ પણ તારા હાથની વાત છે ને વિભાવમાં પ્રયાણ કરી રહ્યો એ પણ તારી પોતાના ખામીને કારણે છે. અનાદિકાળથી કાંઈ (કર્યું નથી) મોક્ષ તરફ પ્રયાણ કર, તારા પુરુષાર્થની વાત છે કોઈ એમાં રોકતું જ નથી. કર્મ એમાં રોકતું નથી. કર્મ નિમિત્તમાત્ર છે. પોતાની ખામી છે. (એક મુક્તિકા) એક બસ કામ આત્માકો પહિચાનો જ્ઞાયક આત્મા ભેદજ્ઞાન કરો, આત્માકી સ્વાનુભૂતિ કરો, એ માર્ગ ગુરુદેવે બતાવ્યો છે.

**(3-71-3)**

**શ્રોતા :** કંઈ કામકાજ કરતા બધા એવામાં ખ્યાલ નથી રહેતો કંઈ વસ્તુ કે કંઈ જાતનો ખ્યાલ રાખવો કે એ બહારથી વિશેષ મળે?

**પૂજ્ય બહેનશ્રી : હું ચૈતન્ય છું, જુદો છું, બધાથી ક્યાંય એકત્વબુદ્ધિ ન થાય (તો) ક્ષણે ક્ષણે ભાવના તો ઉગ્ર હોવી જોઈએ. એનું ચિંતવન, મનન, વાંચન એ વાંચન એ કરવું, ચિંતવન એ કરવું. ક્ષણે ક્ષણે ભાવના એ રાખવી. એકત્વબુદ્ધિ થાય પોતાને અનાદિકાળની પરિણતિ છે, તે એકત્વતા થતી જાય છે. ગમે એ ખાતા, પીતા, ચાલતા, કામકાજમાં બધામાં એકત્વબુદ્ધિ ન થાય. હું જુદો છું, હું ચૈતન્ય છું, બધાથી જુદો એવો ન્યારો છું, એવી પરિણતિ, પરિણતિ ન થાય ત્યાં સુધી ભાવના રાખવી. પરિણતિ અંતરમાં ઊંડેથી થાવી જોઈએ તો થાય... એ સદાને માટે ન્યારો જ છે આત્મા. ક્ષણે ક્ષણે જેવી પરિણતિ પ્રગટ કરવી એ અંતરમાં.**

**ભગવાનની વાણી જે દિવ્યધ્વનિ છૂટે ૐ ધ્વનિ છૂટે. આપણે તો ૐ ને તો પૂજીએ છીએ. ૐ ને આપણે .... ઓમ તો કાંઈ નીચે ન મૂકી શકાય. ઓમ તો બધામાં ચાલ્યો જ છે, એ તો ભગવાનની વાણી છે. એ તો પ્રવાહ થાય ને બધામાં. (બધા ધર્મમાં) પણ આપણે તો એ વાણી છે. ..... તો ઈ લોકો બહુ નથી સમજતાં, પણ પ્રચાર બધે જૈનવાણીનો એમ ૐનો પ્રચાર થયો. ભગવાન જ્યારે બિરાજતા હોય ત્યારે તો દરેક લોકો માનતા હોય ને. કોઈ કોઈ જૈનધર્મનો સ્વીકાર કરે છે. તો એવી રીતે દરેકમાં એનો પ્રચાર રહી જાય એવું થઈ જાય, પ્રવાહરૂપે થઈ જાય. કેટલાક ૐમાં સમજે ન સમજે પણ ઓમનો પ્રચાર છે. એ પ્રવાહરૂપે થઈ જાય. ભગવાનનો અદ્ભૂત માર્ગ છે, એમની વાણીથી ચાલુ થયો. શમી જાય બોલે નહીં કાંઈ.**

**આ એવો અતિશય છે, દરેક પોતપોતાની ભાષામાં સમજી જાય છે ૐ ધ્વનિ મુખ્ય છે, એમાં અમુક પ્રકારે માગધી એવા વગેરે એ માગધીરૂપે થાય પણ બધા પાછા પોતાની દેશભાષામાં સમજી જાય. મૂળ ૐ ધ્વનિ છે. તેમાં અપેક્ષામાં માગધી હોય.**

**પણ દેશભાષામાં બધા સૌ સૌની ભાષામાં સમજી જાય એવો ભગવાનની વાણીનો અતિશય હોય છે. એકાક્ષરી વાણી હોય તો બધા સમજી જાય. ભગવાન જ્યાં વિચરતા હોય ત્યાં દિવ્યધ્વનિ છૂટે છે. ભગવાન સર્વોત્કૃષ્ટ છે. કેવળજ્ઞાન પામીને ધ્વનિ છૂટે બીજા માર્ગ ન ચાલે. અહીંયા ભરતક્ષેત્રમાં બધા વાડા થઈ ગયા. કોઈકને સમજાય ન સમજાય પણ વાડો ન ચાલે, વાડા નહીં ચાલે. એક જ માર્ગ ભગવાન જ્યાં વિચરતા હોય ત્યાં કેવળજ્ઞાની વિચરે પણ મહાવિદેહક્ષેત્રમાં માર્ગ એક જ હોય. ગુરુદેવ યાદ કરતા ભગવાન મહાવિદેહક્ષેત્રમાં દિવ્યધ્વનિ વરસાવતા.... (3-71-4)**

**શ્રોતા :** આપણે જ્ઞાનનો વિષય પૂર્ણાત્મા હોય કે શુદ્ધાત્મા માત્ર હોય? જો પૂર્ણાત્મા કહીએ તો શુદ્ધાત્મા દૃષ્ટિનો વિષય જ્ઞાનનો જ્ઞેય છે. – ધ્યાનનું ધ્યેય છે, એવું કઈ રીતે કહેવામાં આવે છે. શુદ્ધાત્મા કહીએ તો જ્ઞાન જ્ઞેયોથી પક્ષાતિક્રાંત થયો એમ કંઈ રીતે કહેવાય?

**પૂજ્ય બહેનશ્રી : હું, શુદ્ધાત્માને પૂર્ણાત્મા એમાં શું ફેર પડે છે? શુદ્ધાત્મા તે શુદ્ધાત્મા છે, પૂર્ણ જ લક્ષમાં આવે છે. પૂર્ણ આત્મા એટલે કાંઈ પૂર્ણ પર્યાય તો કેવળજ્ઞાન છે. પૂર્ણ આત્મા એટલે એ તો અનાદિ અનંત જે દ્રવ્ય છે, એ તો પૂર્ણ જ છે. અને પર્યાયમાં અધૂરાશ છે. દ્રવ્ય તો પૂર્ણ જ છે. અને પૂર્ણ આત્મા કહો, શુદ્ધાત્મા કહો બધો અનાદિ અનંત આત્માને અધૂરો કહો પર્યાયની અપેક્ષાએ કહેવાય છે. બાકી દ્રવ્ય તો પરિપૂર્ણ શક્તિ અપેક્ષાએ પરિપૂર્ણ અને શુદ્ધાત્મા એમાં અશુદ્ધતા અનાદિકાળથી, દ્રવ્ય અપેક્ષાએ અશુદ્ધતા નથી. પર્યાયમાં અશુદ્ધતા છે.**

**શુદ્ધાત્મા કહો, પૂર્ણાત્મા કહો, જ્ઞાયક કહો, જ્ઞાયકમાત્ર એક જ્ઞાનગુણની અપેક્ષાએ નહીં, ગુણ અપેક્ષાએ જ્ઞાયક કહો તો ગુણના ભેદ પડે પણ જ્ઞાયક એટલે આખા દ્રવ્યની અપેક્ષાએ જ્ઞાયક કહો તેમાં પણ દ્રવ્ય આવે છે, શુદ્ધાત્મામાં પણ દ્રવ્ય આવે છે. પૂર્ણાત્મામાં પણ દ્રવ્ય આવે છે. એ દ્રવ્યદૃષ્ટિ કરતાં એમાં પરિપૂર્ણ દ્રવ્ય જ આવે છે, એટલે એમાં દ્રવ્યદૃષ્ટિ કરવાથી એમાં પક્ષાતિક્રાંત થઈ શકે છે. દ્રવ્ય પરિપૂર્ણ છે. દ્રવ્ય પૂર્ણ જ છે. એ પૂર્ણ છે, એને પરિપૂર્ણ કહો, એ શુદ્ધાત્મા કહો, એને જ્ઞાયક કહો બધું પૂર્ણની અપેક્ષાએ દૃષ્ટિ દૃષ્ટિ દ્રવ્ય ઉપર પૂર્ણ જ પૂર્ણ લક્ષમાં રાખીને જ દૃષ્ટિ થાય છે. જ્ઞાન બધાનું થાય કે નિશ્ચયથી દ્રવ્ય પરિપૂર્ણ છે. પર્યાયમાં એમાં અધૂરાશ છે, એ જ્ઞાન બધું કરે પણ દૃષ્ટિ તો પૂર્ણ ઉપર જ હોય છે.**

**પ્રશ્ન : તમારો એ છે, કે પૂર્ણાત્મા ને શુદ્ધાત્મા. પૂર્ણાત્માને શુદ્ધાત્મા કહો બધું એક જ છે દૃષ્ટિ કરવામાં બેય એક જ થાય છે. બે જુદું નથી. પૂર્ણ જો તમે પર્યાયની અપેક્ષાએ કહો તો એ કેવળજ્ઞાન હોય તો એ કેવળજ્ઞાનની અહીં વાત નથી. શુદ્ધાત્મા**

ઉપર દૃષ્ટિ કરવી એટલે તો પૂર્ણાત્મા જ છે, એટલે દ્રવ્ય અધુરું છે જ નહીં. પૂર્ણ ઉપર દૃષ્ટિ કરો, શુદ્ધાત્મા ઉપર કરો, જ્ઞાયક ઉપર કરો, બધું એક જ છે. 'હું આત્મા પૂર્ણ છું, હું આત્મા શુદ્ધ છું, હું જ્ઞાયક છું' એ દૃષ્ટિ તો પૂર્ણ જ છે. દૃષ્ટિ પૂર્ણ ઉપર જ દૃષ્ટિ હોય છે, અધૂરા ઉપર દૃષ્ટિ હોતી નથી. અધુરું પર્યાયની અપેક્ષાએ છે. એ અધુરું તો એમાં અશુદ્ધતા પર્યાયની અપેક્ષાએ અશુદ્ધતા છે.

જેવું સ્ફટિક રત્ન શુદ્ધ છે, એવો પોતે શુદ્ધ જ છે. દ્રવ્યમાં કોઈ અધૂરાશ નથી. એનો ગુણ કોઈ અશુદ્ધ થયો નથી. એની શક્તિ કાંઈ ઓછી થઈ નથી. એનું દ્રવ્ય કાંઈ ખંડિત થયું નથી. એ અખંડ છે. એના ગુણો પરિપૂર્ણ છે અનાદિ અનંત નિગોદમાં ગયો તોય એવો ને એવો છે. એમાં કાંઈ જો અધૂરું હોય એ પૂરું થાય જ નહીં. શક્તિથી પૂર્ણ જ છે. એ ચૈતન્ય હું બધાથી જુદો. શુભાશુભભાવ મારું સ્વરૂપ નથી. હું એનાથી જુદો પૂર્ણ શુદ્ધાત્મા જ્ઞાયક છું એમ દૃષ્ટિ કરીને વારંવાર એનું ભેદજ્ઞાન કરે, વારંવાર એના ઉપર ક્ષણે ક્ષણે હું એનાથી જુદો જ છું, જ્ઞાયક શુદ્ધાત્મા હું પૂર્ણ છું, હું અખંડ છું એમ દૃષ્ટિ કરતા એ તો વિકલ્પ માત્ર થયો પણ એના અસ્તિત્વ ઉપર દૃષ્ટિ કરતો વારંવાર ભેદજ્ઞાન કરતો, પક્ષાતિક્રાંત વિકલ્પ છૂટી અને નિર્વિકલ્પદશા એને થાય છે અને આત્મામાં જે અનંત ગુણો, અનંતી જે વિભૂતિ ભરેલી છે, એનો એને આનંદ આવી અનંત ગુણનો અનુભવ થાય છે. વિકલ્પ છૂટી જાય છે, એ પ્રશ્ન છે ને તમારો?

(3-71-5)

**શ્રોતા :** જ્ઞાન નિર્ણયના બળે આત્મા તરફી હોય છે, પણ તે એવો કંઈ ક્રિયા કરે છે, કે તરત જ અનુભવ થઈ જાય છે?

**પૂજ્ય બહેનશ્રી :** નિર્ણય એનો યથાર્થ હોય છે. જ્ઞાયકને અસ્તિત્વ જે જ્ઞાયકનું છે એને અસ્તિત્વ એકદમ નિર્ણય મતિ અને શ્રુતથી નિર્ણય કરે છે, કે હું આ ચૈતન્ય છું, આ જે ચૈતન્યમાત્ર છે એટલો હું આ જે વિભાવના ભાગો જે દેખાય તે હું નહિ એવો નિર્ણય કરીને વારંવાર એમાં એ પરિણતિ...પરિણતિનું જોર થાય છે. પરિણતિની દોડ એ તરફ થાય છે. વારંવાર એ દૃષ્ટિનું બળ એ બાજુ થાય છે, એટલે દૃષ્ટિનું એટલું બળ થાય છે, એની લીનતાનું એટલું જોર થાય છે. ભેદજ્ઞાનની ઉગ્રતા થાય છે, એટલે એને એકદમ વિકલ્પ છૂટીને નિર્વિકલ્પદશા થાય છે. એકદમ ચૈતન્યમાં એવો તદ્રૂપ પરિણમી જાય છે, વિકલ્પને ભૂલી જાય છે. અનાદિના જે સંસ્કારો એને ક્ષણવાર ભૂલી જાય છે. જે હું જ્ઞાન છું, દર્શન છું, ચારિત્ર છું એ વિભાવ જે અશુદ્ધતા અશુભ હતા એ છૂટી જાય ક્ષણવાર શુભ પણ છૂટી જાય હું જ્ઞાન છું, દર્શન છું, ચારિત્ર છું, પંચ પરમેષ્ઠી આદિના શુભ વિકલ્પ આવે. એને પણ ક્ષણવાર ભૂલીને અને ચૈતન્યમાં તદ્રૂપ પરિણમી જાય

**છે. વિકલ્પ છૂટીને નિર્વિકલ્પદશા એની થઈ જાય છે. એકદમ એ જ્ઞાતાની ઉગ્રતાથી જ્ઞાયકદશાની ઉગ્રતાથી દૃષ્ટિના બળથી વિકલ્પ છૂટીને નિર્વિકલ્પદશા થઈ જાય છે.**

**(3-71-6)**

**શ્રોતા :** એ ઉગ્રતામાં શું?

**પૂજ્ય બહેનશ્રી : ઉગ્રતા એને એકદમ ચૈતન્યમાં તદ્રૂપ પુરુષાર્થની ઉગ્રતા છે. વિભાવમાં તણાતો નથી ને ચૈતન્ય તરફ એકદમ એનું બળ જાય છે, કે હું આ જ્ઞાયક 'જે જ્ઞાયક તે જ હું બીજું હું કાંઈ નથી.' એ જ્ઞાયકમાં એકદમ લીન તદાકાર તદ્રૂપ પરિણમી જાય છે. જેમ એક જાતનો એને જે જાતનો રસ હોય. તેમાં તરત તદ્રૂપ થઈ જાય છે, એમાં આ જ્ઞાયક તે જ હું એ જ મારું સ્વ છે, એ જ મારું આનંદનું ઘર ને જ્ઞાયકતાથી ભરેલું અનંતગુણોથી ભરેલું એમાં જ એને સુખ લાગ્યું એમાં તૃપ્તિ લાગી છે એમાં જ તદાકાર થઈ જાય છે, એટલે વિકલ્પ છૂટી જાય છે. (3-71-7)**

**શ્રોતાઓ : ભગવતી માતનો જય હો....**
**માતાજીની અમૃતવાણીનો જય હો....**

* * *

## પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી, ભાગ-૩

# તત્ત્વચર્ચા - ૭૨

**શ્રોતા :** એટલે કાર્ય થાય એમાં કારણરૂપ એ તો થાય? સ્વભાવની મહિમા આવે તો થાય એમ કહીએ તો અમ જેવા અજ્ઞાની એ સ્વભાવ જ્યાં જોયો જ નથી તો તેનું અપૂર્વ અનંત માહાત્મ્ય કેવી રીતે આવે? તે વિસ્તારથી કહેશો.

**પૂજ્ય બહેનશ્રી : જોયો નથી પણ એ વિચારથી નક્કી કરી શકે. રુચિ આત્મા તરફ, બહારમાં એને ક્યાંય શાંતિ લાગતી નથી. આકુળતા દેખાય છે, અંતરમાં પરિણામમાં જોવે, ક્યાંય સુખ કે આકુળતા દરેક વિચારોની અંદર અંદર ઊંડો ઉતરીને જોવે દરેક આકુળ સ્વરૂપ છે. તો આનંદસ્વરૂપ શું છે? એ આનંદની એકદમ એને શોધ કરે કે આનંદ ક્યાં તત્ત્વમાં છે? આ તો બધું આકુળતારૂપ છે. આ બધું ક્ષણે ક્ષણે પલટાય છે. એવું શાશ્વત દ્રવ્ય શું છે, કે જેમાં આનંદ ભરેલો (છે). જેમાં અનંત જ્ઞાન**

ભરેલું છે, એવું એ દ્રવ્ય કેવું છે? એની એ તરફ વારંવાર વિચાર કરે, સ્વભાવને ઓળખે, અંતરમાં વિચાર કરે કે આ બધું તો લૂખું છે, ક્યાંય સંતોષ કે શાંતિ નથી. પણ એક ચૈતન્ય તત્ત્વ એવું છે, કે જેમાં અનંતી શાંતિ, અનંત સુખ, અનંત આનંદ અને અપૂર્વતા ભરેલી છે. એને સ્વભાવથી ઓળખે.

દેવ-ગુરુ-શાસ્ત્ર જે કહી રહ્યા છે, કે જેણે સ્વાનુભવ કરીને કહે છે, કે અનંતકાળથી જે નથી પ્રગટ્યું એવું કોઈ અનુપમ તત્ત્વ તારામાં છે, એમ દેવ-ગુરુ-શાસ્ત્ર કહે છે, તો એ પોતે વિચાર કરીને પોતાના સ્વભાવ સાથે મેળવે, નક્કી કરે કે અપૂર્વ તત્ત્વ કોઈ જુદું જ છે અને એ અંતરમાં જાય તો ભેદજ્ઞાન થઈ શકે અને અનુભવ થઈ શકે એવો છે. અનંતા પંચ પરમેષ્ઠી ભગવંતો થયા જેણે આત્માનો અનુભવ કર્યો છે. અનંતા આગળ થઈ ગયા; સમ્યગ્દૃષ્ટિઓ, જ્ઞાનીઓ, પાંચમા ગુણસ્થાને, છઠ્ઠા-સાતમા (ગુણસ્થાન) બધા, પૂર્ણ કેવળજ્ઞાન પામ્યા એવા અનંતા થઈ ગયા છે અને જે વાણી વરસાવી રહ્યા છે, જે ગુરુદેવે કીધું એમની વાણી પાછળ અપૂર્વતા દેખાતી હતી, જે આત્મા બતાવતા હતા, જેનામાં આત્મામાં ચૈતન્યનો ચમત્કાર, ચૈતન્યની અપૂર્વતા બતાવતા હતા. ચૈતન્યની મહિમા બતાવતા હતા તો પોતે અંદરમાં પોતાના સ્વભાવ સાથે મેળવીને આત્મા છે, તે કોઈક મહિમારૂપ છે, એ મને નથી દેખાતું પણ મહિમારૂપ છે, એમ પોતે વિચાર કરી અને શાસ્ત્ર દ્વારા, ગુરુની વાણી દ્વારા, યુક્તિથી, અંતર ચૈતન્યનો સ્વભાવ ઓળખીને અંતરમાંથી આ જ્ઞાન સ્વભાવ છે જે જ્ઞાન હોય જે સ્વભાવ હોય એ મર્યાદિત ન હોય, અમર્યાદિત એ તત્ત્વનો સ્વભાવ તે અમર્યાદિત હોય. જે તત્ત્વ આનંદને ઇચ્છી રહ્યો છે, એ પોતાના તત્ત્વમાં આનંદ ભરેલો હોવો જોઈએ. અને તે અનંત ને અપૂર્વ જેણે એ આનંદ કોઈના આશ્રયે ન હોય, પણ જે સ્વયં હોય જે જેમાં હોય કોઈ તે અનંત અપૂર્વ હોય, એવો આનંદ આત્મામાં પડેલો છે, એમ પોતે યુક્તિના બળે જે શાસ્ત્રમાં આવે. ગુરુ કહી રહ્યા, પ્રત્યક્ષ વાણી દ્વારા એને મેળવીને નક્કી કરે ને એની મહિમા લાવે એ બાજુનો પુરુષાર્થ.. એમ ઉપાય છે. (3-72-1)

**શ્રોતા :** 'જો તને ક્યાંય ન ગમે તો' એ બોલ છે, એમાં તે સરસ છે તો અમ જેવા અજ્ઞાનીને ક્યાંય ન ગમે તેવી દશા ન હોય તો શું કરવું? ન ગમે તો (એમ છે)

**પૂજ્ય બહેનશ્રી :** ક્યાંય ન ગમતુ હોય તો, બહારમાં રુચિ લાગતી હોય તો એ રુચિ કરવા જેવી નથી. વિચાર કરે પોતે. એ ક્યાંય કોઈવાર તો એને એમ થઈ જાય છે કે ક્યાંય રસ ન પડે. બહારના અનુકૂળતાના પ્રસંગોમાં એને રુચિ લાગે તો રસ ... પ્રતિકૂળતાના પ્રસંગમાં ખેદ થાય છે, એ ખેદ થાય ત્યારે વિચાર કરવો આ બહારમાં અનુકૂળતા ને પ્રતિકૂળતાના પ્રસંગો બન્યા કરે તો કોઈ તત્ત્વ એવું હોવું જોઈએ કે

**આત્મામાં સંતોષ છે, પ્રતીત છે માટે એવા તત્ત્વને શોધ, બહારમાં કાંઈ એકસરખું રહેતું નથી. તો ફેરફારો ફેરફારો થયા કરે છે.**

**ક્યાંય ન ગમતું હોય, કોઈ પ્રસંગો એને એવા પણ બને છે કોઈમાં રુચિ લાગે અને કોઈમાં અરુચિ લાગે. એ કાંઈ બધા પ્રસંગો ઇચ્છા પ્રમાણે બનતા નથી. ઈ ઇચ્છાથી વિરુદ્ધ બને ત્યારે ખેદ પણ થાય ત્યારે એને ન ગમે એવું પણ થાય છે, પણ એ પોતે પકડી શકતો નથી. જે ન ગમે એવા ઘણા પ્રસંગો બને, એવો પોતે ચિત્તમાં વિચાર કરીને નિર્ણય કરે કે એવા ઘણાં પ્રસંગો બને છે, પણ પોતે સ્થૂળબુદ્ધિને કારણે જ્યાં ત્યાં સલવાઈ જાય છે ને બધામાં રુચિ કરતો, તન્મયતા કરતો વિભાવમાં બહારમાં ફરે છે. અંદર વિચાર કરે તો ક્યાંય ન ગમે એવા પણ પ્રસંગો ઉપસ્થિત થાય છે. માટે વિચાર કર કે ક્યાંય સુખ નથી પણ સુખ આત્મામાં છે માટે એની તરફ જા. (3-72-2)**

**શ્રોતા :** શ્રીમદે ઘણી જગ્યાએ એમ કહ્યું છે જ્ઞાનીની મુદ્રાનું નિદિધ્યાસન કરવાનું કહ્યું છે તો તે કઈ રીતે કરી શકાય કે જેના પ્રયાસમાં આત્માનો અનુભવ થાય?

**પૂજ્ય બહેનશ્રી : એ મુદ્રા એટલે શું કહી રહ્યા છે, એના પાત્રતાની તૈયારી હોવી જોઈએ કે સત્ ની જેને જિજ્ઞાસા જાગી છે, કે મને પોતાને અંતરમાં તત્ત્વ કેમ પ્રગટે? એટલે જેને પ્રગટ થયું હોય એની વાણી દ્વારા એની મુદ્રા દ્વારા ઓળખી શકે કે એની એટલી તૈયારી જોઈએ. પોતાની પકડવાની પોતાની જિજ્ઞાસા એટલી જોઈએ, સત્ તરફની રુચિ જોઈએ તો જ્ઞાની શું કરે છે? મુદ્રા દ્વારા એ ઓળખી શકે છે. એની પોતાની તૈયારી જોઈએ. (3-72-3)**

**શ્રોતા :** દૃષ્ટિ પ્રધાન શૈલી અને જાણવામાં જ્ઞાનપ્રધાન શૈલી એ બે શૈલીમાંથી કંઈ શૈલીથી વિચારણા મુખ્યતાથી તે આત્મસાધના બની શકે?

**પૂજ્ય બહેનશ્રી : દૃષ્ટિ મુખ્ય એની સાથે વિચાર પણ હોય છે. દૃષ્ટિ ને જ્ઞાન બેય સાથે જ હોય છે. દૃષ્ટિ તે સમ્યક્ થાય, એની સાથે જ્ઞાન પણ સમ્યક્ થાય છે. મૂળ શરૂઆતની ભૂમિકામાં એને વિચારો આવે. વિચારથી માર્ગને નિર્મળ કરે છે. વસ્તુ શું છે? દ્રવ્ય શું છે? ગુણ શું છે? પર્યાય શું છે? વિભાવ શું છે? સ્વભાવ શું? બધું વિચાર દ્વારા થાય છે, પણ દૃષ્ટિ એક દ્રવ્યનું આલંબન અસ્તિત્વ જે ચૈતન્યનું તેનું આલંબન કરે છે, એટલે એને સાધનામાં દૃષ્ટિ મુખ્ય છે, પણ જ્ઞાન પણ સાથે જ હોય છે. બેયને સાથે રાખવા જેવા છે. દૃષ્ટિ મુખ્ય હોય છે, સાધનામાં, પણ વિચાર દ્વારા નિર્ણય તો બધો વિચાર દ્વારા જ થાય છે. શરૂઆતમાં જે નિર્ણય કરે છે, એ નિર્ણય બધો વિચાર દ્વારા થાય છે. વિચાર દ્વારા નિર્ણય થઈને પછી જ એની દૃષ્ટિ સમ્યક્ થાય**

**છે. વ્યવહાર અપેક્ષાએ જ્ઞાન પહેલાં, જ્ઞાન આવે ને પછી દૃષ્ટિ એમ વ્યવહાર અને એ યથાર્થ વસ્તુસ્થિતિએ તે દૃષ્ટિ મુખ્ય છે. નિશ્ચયની અપેક્ષાએ દૃષ્ટિ મુખ્ય સાધનામાં હોય છે, પણ નિર્ણય કરવામાં વિચાર સાથે હોય છે. બેય વાત અપેક્ષાથી સમજવા જેવી છે. (3-72-4)**

**શ્રોતા :** તો બંને સાથે જ સાથે છે?

**પૂજ્ય બહેનશ્રી : બંને સાથે જ હોય છે**

**શ્રોતા :** અનુભવની પર્યાય હોય તોય એટલે અનુભવની એકસમય પૂર્વે હોય તોય બેય સાથે જ ચાલે છે, એ કઈ રીતે?

**પૂજ્ય બહેનશ્રી : બેય સાથે જ હોય છે. દૃષ્ટિ અને જ્ઞાન. જ્ઞાનમાં જે વિચારોને જે વિચારો ચાલતા હોય છે જે રાગમિશ્રિત એ વિચારો છૂટી જાય છે. દૃષ્ટિ પોતે અભેદ કરે છે, દૃષ્ટિ નિર્વિકલ્પ રહે છે, પણ જ્ઞાનમાં જે વિચારો રાગમિશ્રિત હોય, રાગમિશ્રિત વિચારો જ્ઞાનમાંથી છૂટી જાય છે. જ્ઞાન પણ પોતે એકાકારરૂપે થઈ જાય છે, પણ બેય હોય છે સાથે જ. (3-72-5)**

**શ્રોતા :** જે પુરુષને જૈનનું કેવળજ્ઞાન પણ જોઈતું નથી તેને ......... તેને વિષે સવિસ્તારથી જણાવશો.

**પૂજ્ય બહેનશ્રી : કેવળજ્ઞાન જોઈતું નથી એટલે કે પર્યાય ઉપર દૃષ્ટિ નથી અમારી એમ કહે છે અમારી તો દ્રવ્ય ઉપર દૃષ્ટિ છે. કેવળજ્ઞાન તો જે સાધના કરે એને પ્રગટે જ છે પૂર્ણ પર્યાય પણ અમારે એ કેવળજ્ઞાન જોઈએ..કેવળજ્ઞાન જોઈએ એના ઉપર અમારી દૃષ્ટિ નથી. અમે તો દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરી છે, એમાં સાધના કરતાં કરતાં વચ્ચે કેવળજ્ઞાન આવે તો અમને કેવળજ્ઞાન જોઈએ...કેવળજ્ઞાન જોઈએ એવો વિકલ્પ નથી કરતા એમ. આ મારી દૃષ્ટિ તો એક દ્રવ્ય ઉપર છે. દ્રવ્ય અમને દ્રવ્યની શુદ્ધિ પ્રાપ્ત થાય. દ્રવ્યની પૂર્ણ શુદ્ધિ પ્રાપ્ત થાવ. એક ગુણની પર્યાય એમને પ્રાપ્ત થાવ એમ નહીં, પણ આખા દ્રવ્યની પૂર્ણ શુદ્ધિ પ્રાપ્ત થાવ એમ અમારી ભાવના છે, એમ કહે છે કે એક કેવળજ્ઞાનની પર્યાય થાવ. એમ એવી દૃષ્ટિ પર્યાય ઉપર નથી એમ કહે છે. કેવળજ્ઞાન નથી જોઈતું એને ક્યું પદ આપશે એટલે કે અમારે આત્માનું પરિપૂર્ણ પદ જોઈએ છે બસ! એક ગુણ જોઈએ છે, એમ નથી એમ કહે છે.**

**અને એકહારે એટલા બધા પ્રશ્નોના જવાબ આપું તો શરીરમાં થાક લાગે છે.**

**(3-72-6)**

**શ્રોતા :** પહેલા અંદરમાં આવવા માટે ........... કારણ છે ....

**પૂજ્ય બહેનશ્રી : દુઃખ થાય એટલે દુઃખ ભાવનારૂપ હોવું જોઈએ, આકુળતા થઈ જાય તો દુઃખ એમ થાય કે આ શુભાશુભમાં ક્યાંય ચેન નથી. (ક્યાંય ગમે નહીં) તો અંદર પોતે પોતાને ગ્રહણ કરે એમ બને પણ બહુ આકુળતા થઈ જાય, ગભરામણ થઈ જાય એવું નથી. ભાવના એમ હોય કે અહીં કાંઈ ચેન નથી પડતું. સ્વભાવ ગ્રહણ કરું, દુઃખમાંથી એમ આવવું જોઈએ કે સ્વભાવ ગ્રહણ કરું, સ્વભાવ ગ્રહણ કરું, સ્વભાવ ગ્રહણ થાય, એમ દુઃખની પાછળ એમ આવવું જોઈએ. દુઃખ દુઃખરૂપ રહી જાય તો કારણ ન બને, પણ દુઃખમાંથી સ્વભાવ ગ્રહણ કરવા તરફ પરિણતિ થાય તો કારણ થાય, નહીંતર ન થાય. (3-72-7)**

**શ્રોતા :** અત્યારે શું થાય છે કે આમ કાંઈપણ ચેન ન પડે અને આમ અંદરમાં જઈએ તો પણ બહુ પ્રયત્ન ન થાય.

**પૂજ્ય બહેનશ્રી : એમાંથી પ્રયત્ન કાઢવાનો પ્રયાસ કરવો. આકુળતા નહીં થવા દેવી. એનું ભેદજ્ઞાન કરવું એને ઓળખવો, એની ભાવના કરવી, વારંવાર એમનું રટણ કરવું એવી પરિણતિ કરે, એ શરીરથી વિભાવ જુદો, બધા જુદા, વિભાવ સ્વરૂપ પોતાનો સ્વભાવ નથી એવો ઊંડો ઉતરીને પોતાને ઓળખવો, વિકલ્પ કઈ રીતે તૂટે, એવી ભાવના કરવી, વારંવાર જ્ઞાન આનંદ સ્વરૂપ આત્મા છે, એની શ્રદ્ધા, જ્ઞાન અને એમાં લીનતા કરવી, એ કરવાનું છે. (3-72-8)**

**શ્રોતા :** હે પરમ પૂજ્ય ભગવતી માતા! આપ શ્રીમદ્ મહાશક્તિશાળી છો, પરંતુ અમે આપની ભક્તિ કરવાને સર્વથા અસમર્થ છીએ અમારા હૃદયમાં બાળકને જેવા તરંગો ઊઠે છે, એ લઈને આપની પાસે હંમેશા આવીએ છીએ. પરંતુ આપે જે સત્ તત્ત્વ આપ્યું છે, તે હૃદયને સ્પર્શી જતાં પણ સંસારની માયા છૂટતી નથી તો આપ અમને એવા આશીર્વાદ આપો કે સદાને માટે સંસારની માયા મૂકી ને મુક્તિપુરીમાં અમે ને આપનો સાથ હો.

**પૂજ્ય બહેનશ્રી : નાનપણના સંસ્કાર હોય.....**

**શ્રોતા :** કરુણા છે, એટલે કહીએ છીએ આટલા શબ્દો બાકી એમને છે નહીં કે લીડર થવું આ ભાવના એક જ કે કરુણા થોડી થાય છે, કે આ મિથ્યાદૃષ્ટિ જીવ ક્યાંય પાછો પડે તો સારું. એટલા માટે બહેનશ્રી કરૂણાથી શબ્દો કહે છે બાકી એમને કાંઈ શોખ નથી કે આગળ પડવું કે કોઈ જાતનું. એ ગુરુદેવ કહેતા હતા ત્યારે ખબર પડી કે બહેનશ્રી આટલા મહાન છે, એ કરૂણા આવે ત્યારે બહેનશ્રી બે શબ્દો કહી દે છે.

**પૂજ્ય બહેનશ્રી : એ આવું કાંઈ ગમે નહીં એ બધાને જિજ્ઞાસા થાય ને પૂછે, એટલે પછી જવાબ દઈએ. ખરું એ જ છે ને પોતે પોતાનું કરવું એ જ કરવાનું છે.**

**શ્રોતા :** અમારે પણ એ ભાવના છે, એવી તમે પ્રભુ ભગવાન આત્માની અનુભૂતિ કેમ કરો એનું કોઈ લક્ષ નથી પછી આ બધું વાણીમાં દે છે......

**પૂજ્ય બહેનશ્રી : ગુરુદેવે તો બહોત માર્ગ સૂક્ષ્મ સૂક્ષ્મ બાત ચારે પડખેથી બહોત બાત સ્પષ્ટ કર દિયા. મુક્તિકા માર્ગ ખુલા કર દિયા, સ્વાનુભૂતિકા પંથ પ્રગટ કર દિયા. ભેદજ્ઞાનકી ધારા પ્રગટ કરે, દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરે, ચૈતન્ય તત્ત્વ તો કોઈ મૈં ચૈતન્ય હૂં, જ્ઞાયક હૂં ઐસે પરદ્રવ્ય આત્મામેં નહીં હૈ. વિભાવસ્વભાવ ભી આત્મામેં નહીં હૈ, આત્માકા સ્વરૂપ નહીં હૈ વિભાવ હૈ. યહ શરીર તો પરદ્રવ્ય હૈ, વિભાવ અપના સ્વભાવ નહીં હૈ, ઐસે આત્માકો દ્રવ્ય કે લક્ષમેં ઇસકે ઉપર દૃષ્ટિ કરે, જ્ઞાન કરે, ઇસકા ભેદજ્ઞાન ક્ષણે ક્ષણે ક્ષણે મૈં જ્ઞાયક હૂં, મૈં જ્ઞાયક હૂં ઐસી પરિણતિ પ્રગટ કરે, વારંવાર, વારંવાર તે રૂપ તદ્રૂપ બને તો વિકલ્પ છૂટકર સ્વાનુભૂતિ હો સકતી હૈ. કરનેકો તો અપને રહતા હૈ, પુરુષાર્થ તો પોતાને કરવાનો છે.**

**ક્ષણે ક્ષણે બસ જીવન તે મય હો જાય, ચૈતન્યમય 'મૈં ચૈતન્ય હૂં, જ્ઞાયક હૂં,' બસ! વહ અનાદિકાળસે શરીર પર દૃષ્ટિ દિયા, વિભાવ ઉપર દૃષ્ટિ હૈ ઇસમેં તદ્રૂપ હો ગયા તો ચૈતન્યમેં તદ્રૂપ હો જાય. મૈં જ્ઞાયક હૂં, જ્ઞાયક હૂં જિસકા મૂળ સ્વરૂપકો પકડકરકે દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરકે, વારંવાર ઇસકી વારંવાર ક્ષણે ક્ષણે ક્ષણે જાગતા, સૂતા દરેક કાર્યમાં ખાતા-પીતા, સૂતા બસ! મૈં ચૈતન્ય હૂં ઐસી ભેદજ્ઞાનકી ધારા ક્ષણે ક્ષણે ક્ષણે જો પ્રગટ હોવે તો વિકલ્પ તૂટકે સ્વાનુભૂતિ હોતી હૈ વહ સ્વાનુભૂતિ નિર્વિકલ્પદશામેં આત્માકા આનંદ ઔર અનંત ગુણસે ભરપૂર આત્મા હૈ ઉસકી સ્વાનુભૂતિ હોતી હૈ ઉસમેં દ્રવ્ય તો એક અખંડ હૈ, ઇસમેં ગુણ ઔર પર્યાયકા લક્ષણભેદ હૈ. યહ સબ ઇસકા વેદનમેં આતા હૈ. જો વિકલ્પ તૂટકે સ્વાનુભૂતિ હોતી હૈ એક ક્ષણમેં.**

**વો કરના ઇસકા ઉપાય ભી હી હૈ, વારંવાર શુદ્ધાત્મા...શુદ્ધાત્માકા ધ્યાન કરના. જ્ઞાનપૂર્વક ધ્યાન કરના ઔર ચૈતન્યતત્ત્વ અસ્તિત્વકો ગ્રહણ કરકે એના સ્વભાવકો પહિચાન કરકે, વારંવાર ઇસકે લિયે તત્ત્વચિંતવન, શાસ્ત્રાભ્યાસ સબ શુદ્ધાત્મા ઉપર દૃષ્ટિ કરનેકે લિયે યહ સબ કરના. જૈસા દ્રવ્ય-ગુણ-પર્યાય ભગવાનકા હૈ વૈસા આત્માકા હૈ. ...... પર્યાયમેં વિભાવ હો ગયા હૈ વો દ્રવ્ય-ગુણ તો ઐસા શુદ્ધ હૈ એ દૃષ્ટિ પલટના, દૃષ્ટિમાં ભૂલ હો ગઈ હૈ. પરિણતિ ઇસકી પર તરફ દૃષ્ટિ કરનેસે પરિણતિમેં વિભાવ હોતા હૈ. સ્વભાવ તરફ દૃષ્ટિ કરનેસે પર્યાય ભી વો તરફ પલટ જાતી હૈ શુદ્ધ પર્યાય હોને લગતી હૈ. શુદ્ધાત્મામેંસે શુદ્ધપર્યાય પ્રગટ હોતી હૈ. (3-72-8)**

**શ્રોતા :** આત્માના વિચાર ને આત્માની સમીપતા બેયમાં શું ફેર? આત્માના વિચાર ને શુદ્ધ હું, બુદ્ધ હું, જ્ઞાયક હૂં ઔર આત્માની સન્મુખતા કરવી બેમાં કઈ ભેદ?

**પૂજ્ય બહેનશ્રી :** **વિચાર તો મૈં શુદ્ધ હૂં, બુદ્ધ હૂં યહ તો કોઈ વિચારકી શ્રેણી હૈ. સન્મુખતા હો વો તરફ પરિણતિ જાતી હૈ. મૈં શુદ્ધાત્મા વો ભીતરમેંસે વો દ્રવ્ય હૈ, દ્રવ્ય ઉપર પરિણતિ જાતી હૈ મૈં શુદ્ધ હૂં, ઓલો વિચારમેં તો વિકલ્પ ભી ઐસે વિચારકી ધારા ચલતી હૈ એ તો વિચારકી ધારા તો અનેક પ્રકાર ચલતી હૈ. વો તો ચૈતન્ય દ્રવ્યકો પકડનેકો સન્મુખ જાતા હૈ. સન્મુખતામેં દ્રવ્યકો પકડનેકો વહ સન્મુખ જાતા હૈ. એ સન્મુખતા હૈ. (3-72-9)**

**શ્રોતા :** વો સન્મુખકા જ્ઞાન કરતા હૈ શ્રદ્ધાન, જ્ઞાન, ચારિત્ર ત્રણમેં હોતી હૈ, સન્મુખતા કોઈ જ્ઞાન કરતા હૈ?

**પૂજ્ય બહેનશ્રી :** **સન્મુખતા વો દૃષ્ટિ ને જ્ઞાનમેં હોતા હૈ. ચારિત્ર તો એ લીનતા અંશે હોતી હૈ. દૃષ્ટિ ઔર જ્ઞાન ઉસ તરફ જાતા હૈ. ચારિત્ર સાથમેં રહેતા હૈ અંશરૂપ. સ્વરૂપાચરણ ચારિત્ર હોતા હૈ ને. વો અંશરૂપ, પણ જબ પ્રગટ નહીં હુઆ હૈ તબ તો સન્મુખતા હૈ નહીં યથાર્થ દૃષ્ટિ જ્ઞાન, ચારિત્ર ઐસા કહાં હોતા હૈ? તબ તો સન્મુખતા હૈ. જબ પ્રગટ હોતા હૈ તબ દૃષ્ટિ, જ્ઞાન, ચારિત્ર અંશે સબ સાથમેં પ્રગટ હોતા હૈ. ચારિત્ર એટલે વો ચારિત્ર સ્વરૂપાચરણ ચારિત્ર, વો ચારિત્ર જે આચરણરૂપ ચારિત્ર હોતા હૈ કે દેશચારિત્ર, સર્વચારિત્ર, ભીતરમેં વો ચારિત્ર સ્વરૂપાચરણ ચારિત્ર જ્યાં અનંતાનુબંધી કષાય તૂટકે જો હોતા હૈ સ્વરૂપાચરણ હોતા હૈ, વહ હોતા હૈ, દર્શન-જ્ઞાન-ચારિત્ર પહેલે તો. વહ પીછે હોતા હૈ. પણ સન્મુખતામેં તો હજી યથાર્થ દૃષ્ટિ, જ્ઞાન, ચારિત્ર રહૈ તો વહ સન્મુખ જાતા હૈ. યથાર્થ તો પીછે હોતા હૈ, તો દ્રવ્ય પકડનેકો જાતા હૈ ઉસે વો સન્મુખ વો સન્મુખતા હૈ. (3-72-10)**

**શ્રોતા :** આપને પહેલે ફરમાયા જ્ઞાનકે પીછે ધ્યાન કરના, વો આત્મસ્વભાવ, વો આત્મસ્વરૂપકા નિર્ણય કરકે ધ્યાનકા અભ્યાસ કરના અંદર? ....

**પૂજ્ય બહેનશ્રી :** **ધ્યાનકા અભ્યાસ કરે, એકાગ્ર હોનેકા. મૈં ચૈતન્ય હૂં યહ ઇસકો સ્વભાવકો ગ્રહણ કરકે ઉસમેં એકાગ્ર હોનેકા અભ્યાસ કરના, ધ્યાન એટલે એકાગ્રતા, લીનતા કરનેકા અભ્યાસ કરના.**

**શ્રોતા :** નિર્વિકલ્પ ધ્યાન તો અનુભવકાલમેં હોતા હૈ ઉસકે પહેલે ધ્યાનકા અભ્યાસ કૈસી રીતે કરના?

**પૂજ્ય બહેનશ્રી :** **ઉસકા અભ્યાસ હો સકતા હૈ, નિર્વિકલ્પમેં તો બસ વિકલ્પ છૂટકરકે એક ચૈતન્યકી સ્વાનુભૂતિ રહેતી હૈ વો, ઉસમેં મૈં ધ્યાન કરતા હૂં, ધ્યાતા, ધ્યાન કોઈ વિકલ્પ નહીં હૈ. વહ સ્વાનુભૂતિ તદ્રૂપ પરિણતિ હો ગઈ, જૈસા આત્મા હૈ વૈસી પર્યાય શુદ્ધરૂપે પરિણતિ વેદનરૂપ હો ગઈ. ઇસમેં ક્યાંય ધ્યાતા, ધ્યાનકે ભેદ**

**નહીં હોતા હૈ. વહ પહેલે ધ્યાનકે અભ્યાસ હોતા હૈ, અભ્યાસ હોતા હૈ. સાથમેં વિકલ્પ આતે હૈ, વિકલ્પ પર ઇસકા ધ્યાન નહીં હૈ. વિકલ્પ તો ગૌણ હો જાતા હૈ. એકાગ્રતા કરનેકા વહ પ્રયત્ન રહેતા હૈ ઉસકો ધ્યાન કહતે હૈ. ધ્યાતા, ધ્યાન, ધ્યેય સબકા વિકલ્પ હૈ. વિકલ્પકો ગૌણ કરકે આત્મામેં સ્થિર હોનેકા પ્રયત્ન કરના વો ધ્યાન હૈ.**

**શ્રોતા :** વો ધ્યાનકા અભ્યાસ પીછે સ્થિર હો જાય તો અનુભૂતિ હો જાય.

**પૂજ્ય બહેનશ્રી : હાં સ્થિર હો જાય તો અનુભૂતિ. વિકલ્પ તૂટ કરકે તો અનુભૂતિ હોતી હૈ. (3-71-11)**

**શ્રોતાઓ : ભગવતી માતનો જય હો....**
**માતાજીની અમૃતવાણીનો જય હો....**

* * *

## પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી, ભાગ-૩

# તત્ત્વચર્ચા - ૭૩

**શ્રોતા :** આપને વચનામૃતમેં લિખા હૈ કિ પહલે તો ઉપલક જ્ઞાનકા અભ્યાસ ઉપલક જ્ઞાયક..જ્ઞાયક કરના. ફિર ઊંડાણમેં જાકરકે જ્ઞાયક કરના ચાહિયે ઉપલક ઔર ઊંડાણમેં....

**પૂજ્ય બહેનશ્રી : ઉપલક તો ઐસે ભાવનારૂપ હોનેમેં જ્ઞાયક હૂં...જ્ઞાયક હૂં... સ્વભાવ તો યથાર્થ ગ્રહણ નહીં હોતા હૈ તો પછી યથાર્થ ગ્રહણ ઊંડે જાકે ઉસકા તળમેં સ્વભાવકો ગ્રહણ કરના એમ. જો મૂળ હૈ, મૂળકો ગ્રહણ કરના. પહેલે તો ભાવનારૂપે હોતા હૈ ઉપર એટલે ઉપર, પીછે અંદર મૂળમેં સ્વભાવકો ગ્રહણ કરના ઐસે.**

**શ્રોતા :** આપને લીખા હૈ પાતાળમેં ઊંડે...ઊંડે જાના....

**પૂજ્ય બહેનશ્રી : હાં ઊંડે ઊંડે જાના.... (ઊંડે..ઊંડે..ઊંડે) ઊંડે જાના જ્ઞાયકકા જો ઉસકા સ્વભાવ હૈ ઉસકો ઊંડાણમેં જાકરકે ઇસકો ગ્રહણ કરના, ઊંડાણમેં જાકરકે. પહેલે તો ભાવના ભાવના રહેતી હૈ તો ઉપર ઉપર રહેતી હૈ.**

**શ્રોતા :** નિર્વિકલ્પકાલમેં જ્ઞાનજ્યોતિ અખંડ પર જહાં હોતી હૈ વહીં જમ જાતા હૈ. વહાં પર અંતરમેં હૈ બહારમેં કોઈ ઝંઝટ નહીં રહેતી.

**પૂજ્ય બહેનશ્રી : બહારકા કોઈ ધ્યાન નહીં રહેતા હૈ, બહારકા કોઈ ઉપયોગ નહીં. ...... સ્વભાવ સ્વાનુભૂતિમેં ઉપયોગ જમ જાતા હૈ. એકલા આત્માકા ધ્યાન રહેતા હૈ. આત્માકી સ્વાનુભૂતિ, આત્મામેં જો અદ્‌ભૂત સ્વરૂપ અનંતગુણ ઔર પર્યાયકા જો ચૈતન્યકા સ્વભાવ હૈ ઉસકા વેદન હોતા હૈ. ઉસકો વિકલ્પકે બાહર ઉપયોગ કે કોઈ ધ્યાન નહીં રહેતા, કોઈ બહાર એક અંતર્મુહૂર્તકાલમેં જો સ્વાનુભૂતિ હોતી હૈ. બહારકા કોઈ ધ્યાન નહીં હોતા ઉસકો. એક ચૈતન્યકી સ્વાનુભૂતિ હોતી હૈ. કોઈ ઉસકી દશા પલટ જાતી હૈ. ચૈતન્યમય ચૈતન્યમય પરિણતિ હો જાતી હૈ. ચૈતન્યમેં તદ્રૂપ પરિણતિ હો જાતી હૈ. દુનિયાસે કોઈ જુદી દુનિયામેં ચલા જાતા હૈ. ચૈતન્યકી દુનિયામેં ચૈતન્યલોકમેં ચલા જાતા હૈ વહ. ઉસકો બાહરકા કોઈ ધ્યાન નહીં રહેતા. શરીરકા, બાહરકા કોઈ વિકલ્પકા, વિકલ્પકી જાળકા, રાગકા, કિસીકા ધ્યાન નહીં હૈ એક ચૈતન્યમય ચૈતન્ય કૈસા હૈ ઉસકા સ્વભાવ કૈસા હૈ? ઉસકા વેદનમેં આતા હૈ. ચૈતન્યલોકમેં ચલા જાતા હૈ વો. ઔર યહ બહારકી દુનિયાકા ઉસકો ધ્યાન નહીં રહેતા હૈ. (3-73-1)**

**શ્રોતા :** ગજસુકુમાર મુનિરાજકે ઉપર સિગડી જલ રહી થી, ઉનકા તો ઉપયોગ અંતર ભગવાન આત્મામેં થા?

**પૂજ્ય બહેનશ્રી : બસ! ભગવાન આત્મામેં વો સગડી જલ રહી તો સગડી સગડીમેં રહ ગયી, ઉપયોગ અંતરમેં સ્વાનુભૂતિમેં ઐસા ચલા ગયા તો શ્રેણી માંડકર કેવળજ્ઞાન હો ગયા બસ. ઉસકા (ઉપયોગ) ચૈતન્યલોકમેં ચલા ગયા, બસ શરીરમેં ક્યા હોતા હૈ? કુછ ધ્યાન હી નહીં હૈ.**

**શ્રોતા :** જ્ઞાનમેં ભી નહીં આતા હૈ?

**પૂજ્ય બહેનશ્રી : એ જ્ઞાન–એ ઉપયોગ વહાંસે હટ જાતા હૈ, ઉપયોગ હી હટ જાતા હૈ ઇસલિયે ઇસકા વેદન પર ઇસકો ધ્યાન નહીં રહતે હૈ, જો બહાર ઉપયોગ આવે તો માથે સગડી હૈ ઐસા ધ્યાન આવે કે યહ સગડી હૈ, સગડી જલતી હૈ કે યહ ઠીક નહીં હૈ ઐસા વિકલ્પ આનેકા અવકાશ હૈ પણ વહ તો ભીતરમેં ગયા, ગયા તે ગયા શ્રેણી માંડ દી, બહાર ભી નહીં આયા. છઠ્ઠે-સાતમે ગુણસ્થાને જો ઝૂલતા હૈ વો તો બહાર આતા હૈ તો ઉસકો જ્ઞાનમેં ભી આતા હૈ કિ સગડી જલતી હૈ, ઐસા ખ્યાલમેં આવે કે બહાર ઉપયોગ આવે તોપણ બહાર ઉપયોગ નહીં આયા. ભીતરમેં ગયા તે ગયા તો શ્રેણી માંડ દી. ......... શ્રેણી માંડી, માંડી તે માંડી તે કે વીતરાગ હો ગયા ઔર કેવળજ્ઞાન હો ગયા બહાર આયા હી નહીં હૈ. તો સગડી સગડીમેં રહ ગઈ. ચૈતન્ય ચૈતન્યમેં ચલા ગયા ઔર કેવળજ્ઞાન પ્રગટ હો ગયા લોકાલોકકા પ્રકાશ સ્વભાવ**

**પ્રકાશક લોકાલોકકા ઔર ચૈતન્યકા અનુભૂતિકા વેદન, અનંતગુણ પર્યાયકા વેદન હો ગયા બસ. વો વેદન ચડા તો સગડીકા વેદન રહા હી નહીં. ચૈતન્યકી સ્વાનુભૂતિકા પૂર્ણ વેદન હો ગયા. આનંદકા વેદન હો ગયા. (3-73-2)**

**શ્રોતા :** ઐસા આતા હૈ કિ મૈં મુક્ત હું મારે કાંઈ જોઈતું નથી હું તો પરિપૂર્ણ દ્રવ્યને પકડીને બેઠો છું. આમ ભીતરમેં અંદરમાં લીન થઈને નક્કી કરીને જેવો અંતરમાં ઉપયોગ જાય તો અનંતગુણોમાં અંશી સુધીનો અંશ પ્રગટી જાય તો ભીતરમેં નક્કી વિકલ્પ દ્વારા તો સહી નહીં માનેગા ઉપયોગ એ અંદર જાય એવો નક્કી હોય કે કૈસે ?

**પૂજ્ય બહેનશ્રી : પહેલે 'વિમુક્ત છું, ઐસા હૂં મારે કાંઈ જોઈતું નથી' એવો નિર્ણય કરે, નિર્ણયની સાથે વિકલ્પ જો મતિ-શ્રુતકા ઉપયોગસે તો નિર્ણય કરતા હૈ સાથમેં વિકલ્પ રહેતા હૈ પણ જબ ભીતરમેં ચલા જાતા હૈ તબ વિકલ્પ તૂટ જાતા હૈ. પહેલે નિર્ણય કરને સાથમેં વિકલ્પ આતા હૈ. પણ વિકલ્પ ગૌણ રહ જાતા હૈ ઇસકા વિકલ્પ ઉપર ઇસકા ધ્યાન નહીં હૈ. નિર્ણય જબ કરે તબ વિકલ્પ સાથમેં રહેતા હૈ. ગૌણરૂપમેં. પહેલા આતે હૈ ને કે મતિ-શ્રુતસે નિર્ણય કરકે પછી ભીતરમેં જાતા હૈ. એમ નિર્ણય કરે તો વિકલ્પ આતા હૈ. વિકલ્પ ગૌણ હોકર પીછે જબ વિકલ્પ તૂટ જાતા હૈ, તબ સ્વાનુભૂતિ હો જાતી હૈ. પહેલે નિર્ણય હોતા હૈ. 'મૈં મુક્ત હૂં, ઐસા અબદ્ધ હૂં, ઐસા વિકલ્પ. મૈં ચૈતન્ય હૂઁ,' ઐસા નિર્ણય કરતે હૈ. પીછે જબ ઉસમેં પરિણતિ દઢ હો જાતી હૈ તો મૈં તો ઐસા હી હૂં, બાહરસે ઉપયોગ હઠ જાતા હૈ તબ સ્વાનુભૂતિ હો જાતી હૈ.**

**પહેલે નિર્ણય કરનેમેં સાથમેં વિકલ્પ આતા હૈ. વિકલ્પ રહેતા હૈ. પણ વો વિકલ્પમેં ગ્રહણ વો કરના હૈ, દ્રવ્યકો ગ્રહણ કરતા હૈ. વિકલ્પ ગૌણ રહેતા હૈ. દૃષ્ટિ સ્વ તરફ જાતી હૈ, વિકલ્પ ગૌણ હો જાતા હૈ. પણ વિકલ્પ રહેતા હૈ. પીછે તો વિકલ્પ ભી તૂટ જાતા હૈ ઐસે તૂટ જાતા હૈ કિ વો નિર્વિકલ્પ સ્વાનુભૂતિ હો જાતી હૈ. વિકલ્પ મંદ હો જાતા ઐસે ભી નહીં. વિકલ્પ છૂટ જાતા હૈ ઔર સ્વાનુભૂતિ હો જાતી હૈ.(3-73-3)**

**શ્રોતા :** એક પ્રવચનમેં થા 'ઇષ્ટોપદેશ' કે જૈસા જ્ઞાની ધર્માત્મા દેખતા હુઆ ભી નહીં દેખતા, છૂતા હુઆ ભી નહીં છૂતા, તો યહ વિકલ્પકે કાલમેં આને પર જ્ઞાયકસ્વભાવકી દૃષ્ટિ હોનેકા એક નાટક હૈ.

**પૂજ્ય બહેનશ્રી : એ બહાર વિકલ્પ આવે તો ભી દેખતા ભી નહીં દેખતા, એ સ્વાનુભૂતિકા હૈ, પણ વો દૃષ્ટિ ઇસકી ચૈતન્ય પર રહેતી હૈ. વો બહાર ઉપયોગ હોવે તો પણ દૃષ્ટિ ચૈતન્ય પર હૈ. ક્ષણે ક્ષણે જ્ઞાનધારા ચલતી હૈ, જ્ઞાયકકી ધારા ચલતી હૈ, એટલે ઇસકી દૃષ્ટિ પલટ ગઈ હૈ, જો એકત્વબુદ્ધિ તૂટ ગઈ હૈ. ઉસકી દૃષ્ટિ પલટ ગઈ**

હૈ, જ્ઞાયકકી ધારા એટલે જ્ઞાયક હૂં...જ્ઞાયક હૂં....જ્ઞાયક હૂં... એટલે જ્ઞાયક ભી ચલતા ભી નહીં ચલતા, દેખતા ભી નહીં દેખતા. કારણ કે દૃષ્ટિ જ્ઞાયકકે ઉપર હૈ. ઇસલિયે ચલતા હૈ તો ભી મૈં જ્ઞાયક હૂં, ચલને (સમય) ભેદજ્ઞાનકી ધારા વર્તતી હૈ. એ ચલતા હૈ તો પગ ચલતા હૈ મૈં તો કૈસે ચલતા હૂં, 'મૈં તો જ્ઞાયક હૂં,' ઐસા વિકલ્પ નહીં સહજ જ્ઞાયકકી ધારા રહેતી હૈ. એ દેખતા હૈ તો દેખનેવાલા તો 'મૈં જ્ઞાયક હૂં', યહ આંખ તો જડ હૈ, કોણ દેખતા, નહીં દેખતા, દેખતા હુઆ નહીં દેખતા 'મૈં તો જ્ઞાયક હૂં', યહ શરીરસે દેખનેવાલા એ તો 'મૈં તો જ્ઞાયક હૂં' ઐસી જ્ઞાયકકી ધારા ચલતી હૈ ઉસકો એટલે દેખતા ભી નહીં દેખતા, ચલતા ભી નહીં ચલતા. ઇસકી ભેદજ્ઞાનકી ધારા સહજદશા ઐસી વર્તતી રહતી હૈ.

સ્વાનુભૂતિમેં તો ખ્યાલ ભી નહીં હૈ યહ તો. ખ્યાલ ભી નહીં હૈ યહ તો ખ્યાલ હૈ તો ચલનેવાલા તો શરીર ચલતા હૈ. દેખનેવાલા આંખસે આંખ દેખતી, મૈં તો જ્ઞાયક હી હૂં, દેખતા છતાં નહીં દેખતા હૈ. યહ આંખસે દેખના મેરા સ્વરૂપ, મેરા સ્વભાવ હી નહીં હૈ. મૈં તો ચૈતન્ય જ્ઞાયક હી હૂં, સ્વભાવકો જાનને-દેખનેવાલા હો ઇસમેં જો સહજ જો દેખને-જાનનેમેં આવે. મેરા સ્વભાવ હૈ, યહ બીચમેં આયે યહ તો મૈં નહીં હૂં. ઐસી સહજદશા હોતી હૈ. દેખતા નહીં દેખતા, ચલતા નહીં ચલતા, ખાતા નહીં ખાતા યહ તો સબમેં ઐસા ભેદજ્ઞાનીકી દૃષ્ટિ પલટ ગઈ હૈ. ઉલટી દશા હો ગઈ હૈ, બાહ્યદૃષ્ટિ નહીં હૈ. ઉસકી દૃષ્ટિ ભીતરમેં ચલી ગઈ હૈ. (3-73-4)

**શ્રોતા :** દૃષ્ટિકે જોરસે ઉપયોગ ફિર બારંબાર અંતરમેં જાયેગા.

**પૂજ્ય બહેનશ્રી : હાં! દૃષ્ટિકે જોરસે ઉપયોગ વારંવાર અંદર જાયેગા. ઇસકી દશાકે પ્રમાણમેં ઉસકો સ્વાનુભૂતિ હોતી હૈ. તો ભી જાગતા હી હૈ. કારણ કે વહ જ્ઞાયક જાગૃત હૈ ઇસકા. એટલે જ્ઞાયક જાગૃત, સોતા ભી જાગતા હૈ. ખાતા ભી નહીં ખાતા હૈ. કારણ કે ભેદજ્ઞાનકી ધારા કોઈ દૂસરી હી ચલતી હૈ. એકત્વબુદ્ધિ તૂટ ગઈ હૈ. ભીતરમેં જ્ઞાયકકા વેદન જ્ઞાતાધારા કર્તાબુદ્ધિ તૂટ ગઈ હૈ ઔર ભેદજ્ઞાનકી ધારા, જૈસે એ ક્ષણે ક્ષણે વિચારના નહીં પડતા યહ સબ ભેદ, જૈસા યહ પરદ્રવ્ય સબ ઐસા દેખતા હૈ વૈસે સબ ભિન્ન દેખતા હૈ, મૈં તો ભિન્ન હૂં ઐસા ભિન્ન-ભિન્ન દેખતા હૈ. (3-73-5)**

**શ્રોતા :** ગુરુદેવ ઔર અભી બડે બડે ત્યાગીઓ, મુનિ બહોત, અભી બહોત દેખે, સબ દેખે લેકિન જો અંતરકી બાત ઔર ભગવાન આત્માકી બાત જો વહાં પ્રભુ ગુરુદેવસે ઔર આપસે મિલી હૈ તો ઐસી બાત કરોડો, હજારો પંડિત અભી હો જાય તો ભી અનુભૂતિ બિના ઉનકો વહ બાત સહી નહીં લગતી. યે બાત જો અંતરમેં પરિણમન

જિન્હેં હુઆ હો ઐસા ધર્માત્મા મહાપુરુષોંકે પ્રસાદસે વાણી ભી અફર આતી હૈ વચનામૃત તો ઓહો! ઉસકા મુકાબલા કોઈ પંડિતોંકી વાણી નહીં કર સકે બાહ્યદૃષ્ટિવાલોંકી. અંતર દૃષ્ટિમેં તો વાણી ફિર જાતી હૈ, ભાવ ફિર જાતા હૈ. અનુભવ આને પર તો સારી ચીજ વો, પરીક્ષા કરે તો બેડા પાર હૈ, પરીક્ષા ન કરે ને પક્ષાપક્ષમેં રહ જાયેગા તો .... વારંવાર આપકા ઉપકાર જગતમેં યહ ધર્મ ચલે, વચનામૃત ભી અનંતકાલ તક ચલતા રહે, ચલેગા હી યહ વાણી સર્વજ્ઞકી હૈ. સભી માન-અપમાન છોડકર કાંઈ પંડિતાઈ ને ક્ષયોપશમજ્ઞાન ગુરુદેવને અહીંયા બહુ સાફ કહા, મેરે જેવા પામર આવે તો ઉઘાડ જ્ઞાનનો ને તત્ત્વજ્ઞાનની ઉઘાડ લક્ષનો રાખીને પકડે ને બહારગામમાં જાય, પ્રવચન કરે ને બડા પંડિત થઈ જાય, બડો મોટો થઈ ગયો પણ ગુરુદેવ તો આ જ્ઞાયકની અંતરમાં દૃષ્ટિ રાખીને ત્રિકાળી ધ્રુવ ઉપર ધામ જમાવીને અંતરનો અનુભવ કર્યો. માતાએ પણ એનો પક્ષ અંદરમાં લઈને અંદર અનુભૂતિનું કામ કર્યું તે ધર્માત્મા વિરુદ્ધ કોઈ કહે અંતરના કામ કરે એવા ગુરુદેવના સંગમાં આવીને બહારના ઉઘાડનો પક્ષ છોડીને અંદરનું લક્ષ કરતાં અમારે ધર્મ પ્રગટે, અમારે તો એ ભાવના છે. અમારે પક્ષ-બક્ષમાં રહેવાનો ભાવ નથી. સીધો એ સ્વાનુભૂતિના નાદ મિલ્યા ક્ષણમાં દુઃખ દૂર થાય. એ અંતરનું લક્ષ પ્રભુ રાખીને અમે ધર્માત્માના ચરણમાં રહીને અનુભૂતિ પ્રગટ કરીએ, બીજી કોઈ ભાવના કોઈ સંસારી જીવોએ ન રાખવી જોઈએ, પણ શું કરીએ કળિયુગમાં એ કાળમાં એવા યોગ એવા મહાન યોગ બહોત દુર્લભ કરોડો અનંતા જીવોંમેં કોઈ આત્મતત્ત્વ અનુભૂતિની વાત ક્યાંય સાંભળવા ન મળી, ભલે કુળના દિગંબરો હજારો કરોડો પડ્યા, હજારો મંદિરો, સબ પૂજા કરલો, લેકિન અનૂભૂતિકી બાત તો કોઈ અનુભૂતિકે ધર્માત્મા જીવોંસે મિલતી હૈ. ઐસા યુગ મિલા ઔર એ સમયમેં નકાર કરીને અનંતકાળથી નિગોદમેં જાય, ઓહો! મનુષ્યભવ તો દો-ચાર એક મહેમાનીકે ભવસે મિલ ગયા હૈ. ઇસમેં આત્માનુભૂતિ જિનધર્મ વીતરાગકી એક મહિમા ઔર ધર્માત્મા મહાપુરુષકા યોગ ઐસે સમયમેં તો મરપચકરકે અનુભૂતિ કરે એ ભાવના છે, સબકો અંતરકા કોઈ રોષ નિકાલકરકે દૂર કરકે ધર્માત્માકી અનુભૂતિકી પહિચાન કરના ચાહિયે ઔર પહિચાન કરકે અપને સ્વરૂપકા અનુભવ કરના ચાહિયે, યહ ભાવના હમેં તો ઐસી ભાવનાઓં વારંવાર. અરે જુગ જુગ જીઓ માતા ને જુગ જુગ જીઓ ગુરુદેવ ને જુગ જુગ જીઓ એ અમૃતમય વાણી, યહ ટેપ રેકોંર્ડિંગ ગુરુદેવકી વાણી હમેં ઓહો! અંતરના બળની વાણી આવે છે, એમ આવે છે તીર્થંકરની દિવ્યધ્વનિ ખીરતી હોય. જેમ લાગે કોણ સત્ય ને અનુભવ જો.

**પૂજ્ય બહેનશ્રી :** ગુરુદેવનું દ્રવ્ય હતું એમની વાણી તો એ તીર્થંકરનું દ્રવ્ય. પંચમકાળમાં એમનો જન્મ થયો એ મહાભાગ્યે અહીં મળ્યા. તીર્થંકર જેવી એમની વાણી. એમની વાણી પાછળ એકલી આત્માની અનુભૂતિ દેખાતી હતી. આત્માનો આનંદ કોઈ અનુપમ છે એ બતાવવાવાળા તેમની વાણી તો વાણી છે. ગુરુ સિવાય કોઈ કહી શકે એવું નથી. ઉપકાર તો બસ આ પંચમકાળમાં જીવો પર કોઈ અપૂર્વ ઉપકાર કર્યો છે.

બહારમાં તો અનંતકાળમાં ઘણું કર્યું છે. ઘણી ક્રિયાઓ કરી, ઘણું પુણ્ય બાંધીને દેવલોકમાં જાય પણ ભવનો અભાવ તો એક આત્માને ઓળખવાથી થાય છે. આત્મા જાણનારો જ્ઞાયક આનંદ સ્વરૂપ છે, એને ઓળખવો એ તો ભેદજ્ઞાન કરવું ખરું એ છે. ભેદજ્ઞાન કરીને, અંદર સાચી શ્રદ્ધા, જ્ઞાન અને આત્માનો આનંદ પ્રગટાવવો, વિકલ્પ છૂટી નિર્વિકલ્પદશા એ જ જીવનનું કર્તવ્ય એને માટે શાસ્ત્ર, સ્વાધ્યાય, તત્ત્વચિંતવન, દેવ, ગુરુ, શાસ્ત્રની મહિમા એક આત્મા જ્ઞાયકને ઓળખવા માટે ખરું એ જ છે. એ જ છે. પછી શાસ્ત્રમાં તો અનેક જાતના, સાક્ષાત્ મોટો સમુદ્ર ભર્યો છે, ગુરુદેવે ઘણું સમજાવ્યું છે. એ કરવા જેવું છે. ગુરુદેવની વાણીમાં તો અપૂર્વ આવતું હતું.

એક જ આત્માનું કરવાનું છે ને જીવનની અંદર આ મનુષ્યભવ મળ્યો એમાં આત્માનું કાંઈ થાય તો મનુષ્યભવ લેખે છે. બાકી મનુષ્યભવ મળ્યો એમાં સાચો ધર્મ મળ્યો, આવા ગુરુદેવ મળ્યા, ગુરુદેવે સાચો ધર્મ બતાવ્યો, માર્ગ બતાવ્યો તો આત્માને ઓળખવાનો પ્રયત્ન કરવો એ જ મનુષ્ય જીવનની સફળતા છે. આત્મા તો આ શરીર જુદું છે, આત્મા જુદો, શરીરના દ્રવ્ય, ગુણ, પર્યાય બધું જુદું અંદર ચૈતન્યતત્ત્વ બિરાજે છે. અંદર સંકલ્પ-વિકલ્પ થાય એ આત્માનું સ્વરૂપ નથી. ગુરુદેવે તો બહુ જ બે તત્ત્વને છૂટા પાડીને બતાવ્યું છે. અંદર આત્માને ઓળખવો, એટલા માટે તત્ત્વચિંતવન કરવું, શાસ્ત્રાભ્યાસ કરવો, દેવ, ગુરુ, શાસ્ત્રની મહિમા કરવી એ બધું બતાવ્યું છે. અંદર આત્મા જ્ઞાયક આત્મા બિરાજે છે જાણનારો, એમાં આનંદ, જ્ઞાન બધુંય એમાં ભરેલું છે અનંત ગુણો એને ઓળખવા પ્રયત્ન કરવો એ જ જીવનની સફળતા છે. બસ ક્ષણે ક્ષણે એ જ કરવા જેવું છે. તો જ જીવન તો મનુષ્યજન્મ મળ્યો લેખે કે કાંઈક અંતરમાં કાંઈક રુચિ થાય, ચૈતન્ય તત્ત્વને ઓળખવાની બાકી બહારનું તો બધું છે. જન્મ-મરણ કરતાં ભવનો અભાવ કેમ થાય? એ ઉપાય કરવા જેવો છે.

શુભભાવ કરીને દેવલોક ઘણીવાર મળ્યો પણ એ પાછું દેવલોક પણ ભવ છે, એ શુભભાવથી જુદો આત્મા ચૈતન્ય તત્ત્વ બિરાજે છે, એને ઓળખવો એ કરવાનું છે. શુભભાવ વચ્ચે આવે પણ એનાથી પુણ્ય બંધાય છે, એનાથી જુદો આત્મા. એનું

ભેદજ્ઞાન કરીને, ક્ષણે ક્ષણે એનું ભેદજ્ઞાન કરીને, આત્મા ઓળખવો, હું જ્ઞાયક છું, ચૈતન્ય છું એવી ભેદજ્ઞાનની ધારા પ્રગટાવીને, વિકલ્પ છૂટીને, સ્વાનુભૂતિ નિર્વિકલ્પ સ્વાનુભૂતિ કઈ રીતે થાય? જેમાં આત્માનો આનંદ અનુપમ તત્ત્વ બિરાજે એની સ્વાનુભૂતિ થાય એ ઉપાય કરવા જેવો છે. બસ! એ થાય સ્વાનુભૂતિ. તો અંતરમાં કોઈ અપૂર્વ સુખ ને આનંદ પ્રગટ થાય છે અને ભવનો અભાવ થાય છે. એ સ્વાનુભૂતિ વધતા વધતા..વધતા પછી કેવળજ્ઞાન થાય. એ સહજ આત્મામાં સ્વતઃસિદ્ધ આત્મા બિરાજે એને કોઈએ બનાવ્યો નથી. અનાદિ અનંત છે, એ આત્મા. એ આત્મા પોતે એને ઓળખે, પોતે જ છે. એ કરવાનો પ્રયત્ન કરવો એને ઓળખવાનો એ કરવા જેવું છે.

જેમ સ્ફટિક નિર્મળ એમ આત્મા પણ નિર્મળ છે. સ્ફટિકની અંદર જેમ લાલ ને પીળા ને પ્રતિભાસ જેમ રંગ દેખાય જેવા રંગ મૂકે, એમ આત્મામાં અનેક જાતના સંકલ્પ-વિકલ્પના પ્રતિભાસ દેખાય પણ મૂળ આત્મા તો શુદ્ધાત્મા બિરાજે છે, એ શુદ્ધાત્માને ઓળખવો. એ મલિનતા આત્માનું મૂળ સ્વરૂપ નથી. પણ મૂળ સ્વરૂપ તો નિર્મળ સ્ફટિક જેવો નિર્મળ શીતળ શીતળ પવિત્ર આત્મા છે. પાણી જેમ શીતળ એમ આત્મા શીતળ સ્વભાવે છે. મલિનતા આત્માનું સ્વરૂપ નથી. એનાથી છૂટો પાડવો જેમ મલિન પાણી હોય એમાં ઔષધિ નાખીને નિર્મળ થાય છે પાણી એનો મૂળ સ્વભાવ એમ આત્મા ને જ્ઞાનરૂપી પ્રજ્ઞાછીણીથી એને જુદો પાડી અને સ્વયં ઓળખી લેવો એ જીવનનું કર્તવ્ય છે. એનો સ્વભાવ અંતરમાં જઈને ઓળખવો. એ જ કરવા જેવું છે. એ જ્ઞાયક આત્મા – ભગવાન આત્મા ગુરુદેવ કહેતા હતા. સિદ્ધ ભગવાન જેવો આત્મા બિરાજે છે, એને ઓળખી લે બસ! એ જ કરવા જેવું છે. તો ભવનો અભાવ થાય તો આત્માની સ્વાનુભૂતિ. પેલી પાર આત્મા કોઈ જુદો જ છે. એની સ્વાનુભૂતિ કરવા જેવી છે. એને માટે તત્ત્વચિંતવન, શાસ્ત્રાભ્યાસ, દેવ, ગુરુ, શાસ્ત્રની મહિમા એ કરવા જેવું છે. અંતરમાં જ્ઞાયક આત્મા એ કરવા જેવું છે. (3-73-6)

શ્રોતાઓ : ભગવતી માતનો જય હો....
માતાજીની અમૃતવાણીનો જય હો....

* * *

## પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી, ભાગ-૩

# તત્ત્વચર્ચા - ૭૪

**શ્રોતા :** રાગ કરનેકી શક્તિ નહીં, આત્મા રાગ નહીં કર સકતા.

**પૂજ્ય બહેનશ્રી : આત્માકા સ્વભાવ નહીં હૈ.**

**શ્રોતા :** સ્વભાવ નહીં હૈ તો ઇસમેં ભેદ પડા હૈ કે આત્મા જબ નહીં કર સકતા તો રાગ કિસકા હૈ?

**પૂજ્ય બહેનશ્રી : જીવકી અશુદ્ધ પર્યાય હોતી હૈ જીવમેં અશુદ્ધ પર્યાય. પણ વો પરિણામ જીવ અશુદ્ધપર્યાય જીવ કરતા હૈ ને. અશુદ્ધ પર્યાય હોતી હૈ. જૈસે જીવમેં રાગ નહીં હૈ, ઐસા સ્વભાવમેં નહીં, મૂળ સ્વભાવ નહીં હૈ. ઇસલિયે એમાં કર્મ નિમિત્ત હોતે હૈ ઔર વિભાવ પરિણતિ જો સ્ફટિક હોતા હૈ વહ સ્ફટિક તો શુદ્ધ નિર્મળ હોતા હૈ. ઉસમેં લાલ-કાળા ફૂલ મૂકો તો લાલ-કાળા ફૂલ એ સ્ફટિક યહ ઉસકી પર્યાય હોતી હૈ. મૂળ સ્વભાવ નહીં હૈ, ઇસલિયે અશુદ્ધતા જીવમેં હોતી હૈ પર્યાય દૃષ્ટિસે, દ્રવ્યમેં નહીં હૈ. દ્રવ્યમેં રાગ નહીં હોતા. પર્યાયમેં હોતા હૈ. (3-74-1)**

**શ્રોતા :** પર્યાયમેં હોતા હૈ.

**પૂજ્ય બહેનશ્રી : પર્યાયમેં હોતા હૈ. જીવકી અશુદ્ધપર્યાય હોતી હૈ પર્યાયમેં રાગ હોતા હૈ, દ્રવ્યમેં નહીં હોતા હૈ.**

**શ્રોતા :** તો પર્યાય તો જીવકી .....

**પૂજ્ય બહેનશ્રી : જીવકી ચેતનકી પર્યાય ઔર કર્મકા નિમિત્ત હૈ ઇસલિયે કોઈ અપેક્ષાએ જડ કહનેમેં આતા હૈ. પણ પરિણમન જીવ કરતે હૈ જીવકી અશુદ્ધપર્યાય હોતી હૈ. જીવકી અશુદ્ધ પર્યાય હોતી હૈ. તો પર્યાય તો પલટ જાતી હૈ. (વહ તો ક્ષણભર હોતી હૈ) હાં ક્ષણિક હોતી હૈ. જીવકી અશુદ્ધ પર્યાય હોતી હૈ. ક્ષણિક ક્ષણમાત્ર હોતી હૈ. (3-74-2)**

**શ્રોતા :** જીવકી અશુદ્ધપર્યાયમેં રાગ હોતા હૈ.

**પૂજ્ય બહેનશ્રી : હાં, અશુદ્ધપર્યાયમેં હોતા હૈ.**

**શ્રોતા :** અજ્ઞાની ઉસે માનતા હૈ કિ મૈં રાગ કરતા હૂં.

**પૂજ્ય બહેનશ્રી : હા, અજ્ઞાની માનતા હૈ કિ રાગ મેરેમેં હોતા હૈ ઔર મેરા સ્વભાવમેં હોતા હૈ, મૈં એક હો જાતા હૂં, મૈં રાગી હો ગયા, મૈં દ્વેષી હો ગયો મૈં ક્રોધી હો**

ગયા ઐસા માનતા હૈ પણ મૂળ સ્વભાવ ઐસા રાગી-દ્વેષી નહીં હોતા. સ્વભાવ તો ઉસકા શુદ્ધ નિર્મળ હૈ, પર્યાયમેં રાગ હોતા હૈ પલટ જાતા હૈ ઉસકા ભેદજ્ઞાન કરે તો ઇસમેં શુદ્ધ શુદ્ધ પર્યાય પ્રગટ હોતી હૈ. (3-74-3)

**શ્રોતા :** વો જ્ઞાનીકી પર્યાયમેં ભી ઔર અજ્ઞાનીકી પર્યાયમેં ભી રાગ તો અજ્ઞાની અપના માન લેતા હૈ ઔર જ્ઞાની (અપના નહીં માનતા)

**પૂજ્ય બહેનશ્રી :** જ્ઞાની અપના નહીં માનતા તો ઉસકી અસ્થિરતા હોતી હૈ. ઉસકી શ્રદ્ધામેં નહીં હૈ. યહ તો ઐસા ભેદજ્ઞાન રહેતા હૈ જ્ઞાનીકો તો. મૈં તો જ્ઞાતા જ્ઞાયક... જ્ઞાયક. જ્ઞાતાકી પરિણતિ રહેતી ઔર અલ્પ અસ્થિરતા હોતી, ઇસલિયે પર્યાયમેં અલ્પ અસ્થિરતા હૈ ઔર અજ્ઞાની અપના માન લેતા હૈ રાગકી રાગ તો મેરા હૈ. (3-74-4)

**શ્રોતા :** હમારે યહાં ક્લાસમેં ઉસકા સમાધાન નહીં હો પા રહા થા.

**પૂજ્ય બહેનશ્રી :** જીવમેં ક્યાં કિસમેં હોતા હૈ? જીવકી અશુદ્ધ પર્યાય હોતી હૈ.

**શ્રોતા :** રાગ જીવકી અશુદ્ધ પર્યાય....

**પૂજ્ય બહેનશ્રી :** અશુદ્ધ પર્યાય હોતી હૈ. કર્મકા નિમિત્ત હૈ. જીવકી અશુદ્ધ પર્યાય હોતી હૈ. ...છૂટ જાતી હૈ સ્વભાવ નહીં હૈ. અપના સ્વભાવમેં નહીં હૈ. ઉસકો ઇસલિયે કર્મકા કહનેમેં આતે હૈ. પણ હોતા હૈ ચેતનકી પર્યાયમેં. ઉસકા ભેદજ્ઞાન કરે કે મૈં ઐસા નહીં હૂં, અશુદ્ધ નહીં હૂં. મૈં તો શુદ્ધાત્મા શુદ્ધ દ્રવ્ય હૂં. ઐસા ભેદજ્ઞાન કરનેસે ચૈતન્યકી સ્વાનુભૂતિ હોતી હૈ ઔર વો છૂટ જાતા હૈ. અલ્પ અસ્થિરતા રહેતી હૈ જ્ઞાનીકો ગૃહસ્થાશ્રમમેં અલ્પ-અલ્પ રાગ રહેતા હૈ. સ્વરૂપાચરણ ચારિત્ર હોતા હૈ. અલ્પ રાગ રહેતા હૈ. વો ભી જબ લીનતા બઢતી હૈ, સ્વાનુભૂતિ બઢતી હૈ, તો વહ ભી છૂટ જાતા હૈ. (3-74-5)

**શ્રોતા :** ભેદજ્ઞાન?

**પૂજ્ય બહેનશ્રી :** ભેદજ્ઞાન! મૈં જ્ઞાયક છું, આ બધું પર છે હિન્દીમાં બોલું છું. એ બધું પર શુભાશુભભાવ પણ મારું સ્વરૂપ નથી એમ. જ્ઞાતાની ધારા પ્રગટ થાય તો ભેદજ્ઞાન થાય. એ જ્ઞાયક હું, જ્ઞાયક હું, એવી પરિણતિ પ્રગટ થઈ જાય. જ્ઞાયકની ધારા... જ્ઞાતાધારા એમ અંદરથી એવી જાતની એને અમુક અંશે શાંતિ વેદાય જ્ઞાતાની ધારા વેદાય તો એ ભેદજ્ઞાનની ધારા પ્રગટે. એ સ્વાનુભૂતિની આનંદદશા જુદી પણ ભેદજ્ઞાનની ધારામાં પણ અંશે શાંતિ વેદાય, જ્ઞાયકના જે ક્ષણે આમ વિભાવ પર્યાય થાય એ ક્ષણે જીવનું આ ભિન્નતાની પરિણતિ હાજર જ હોય દરેક ક્ષણે. શુભાશુભ

પરિણતિ જે વખતે થાય ઈ જ વખતે ઈ જ ક્ષણે ભેદજ્ઞાનની પરિણતિ ચાલુ જ હોય. એ ક્ષણે ક્ષણે ભેદજ્ઞાનની પરિણતિ ચાલુ જ હોય. ઊંચામાં ઊંચો શુભભાવ થાય તો એને ભેદજ્ઞાનની પરિણતિ ચાલુ જ હોય છે કે આ જ્ઞાન છે, દર્શન છે, ચારિત્ર છે. તો એને ભેદજ્ઞાનની પરિણતિ વિકલ્પ જે બધા રાગમિશ્રિત છે, એ ભેદજ્ઞાનની પરિણતિ ચાલુ જ હોય દરેક ક્ષણે. એમાં કોઈવાર એ પરિણતિ ચાલુમાં ઉપયોગ પલટીને જો સ્વાનુભૂતિ તરફ જાય તો વિકલ્પ છૂટી જાય છે, તો આનંદની દશા પ્રગટ થાય છે.

એને પહેલાં એમ તાત્કાલિક જેને ન થઈ શકે એને પહેલાં તો એને વિચાર આવે ભાવનારૂપે ઉપર ઉપર. પણ ઊંડો ઉતરીને સહજપણે એમ વિચાર આવે, નિર્ણય કરે કે આ હું જ્ઞાન છું, હું જ્ઞાયક છું, પણ હજી વિકલ્પરૂપ હોય, પણ અંદર સ્વભાવને ઓળખીને ઊંડેથી નક્કી કરવો, સહજપણે નક્કી કરવો, એમ શરૂઆતમાં, પણ ખરું તો ક્યારે થાય કે જ્યારે એની સહજ પરિણતિ થાય. ત્યારે જ એ ખરી જ્ઞાતાની ધારા ભેદજ્ઞાનરૂપે થાય. એનું ન થતું એટલે એ જાતનું આવે છે ને મતિ-શ્રુતથી પહેલાં નિર્ણય કરવો યથાર્થ. તો એ નિર્ણય કરતાં, હજી એને નિર્ણય થતાં વાર લાગે તો એને વિચાર, પહેલાં ભાવના કરે ઉપરથી, એટલે બહુ સૂક્ષ્મ હજી ન થઈ શકતું હોય તો એમ અંતે તો અંદર ઊંડો જાય તો યથાર્થ અંદર જાય ત્યારે જ થાવાનું છે. સ્વભાવ છે ને!

એ જડ છે, એમ આવે તો એ ક્યાં જાય પોતે પાછો? (રાગ જડ છે) રાગ જડ છે તો ક્યાં જાય? એ તો સ્વભાવ નથી એટલે કર્મનું નિમિત્ત એટલે જડ કહેવાય પણ ચેતનની પર્યાયમાં થાય છે. ઇસકા સ્વભાવ નહીં હૈ એટલે એ કર્મકે નિમિત્તસે હોતે હૈ એટલે કર્મકા હૈ એમ ઉસે કહનેમેં આતા હૈ. જડ હૈ ઐસે ભી કહનેમેં આતા હૈ. પણ ચેતનકી પર્યાયમેં હોતા હૈ. દ્રવ્યમેં નહીં હોતા હૈ 'રાગ મૈં નહીં હૂં, સંકલ્પ-વિકલ્પ મૈં નહીં હૂં, મૈં તો જ્ઞાયક હૂં'. એ તો જ્ઞાતાકી ધારા પ્રગટ કરે ઔર તો વિકલ્પ તૂટકે ઉસકો સ્વાનુભૂતિ યથાર્થ હોતી હૈ.

હવે આમ જ જિંદગી તો કંઈક ભેદરૂપ થાવાની આત્માના ભેદ, જ્ઞાયકના ભેદ, જ્ઞાયક આત્માની કેમ દૃઢતા થાય? હું જ્ઞાયક છું, જ્ઞાયક છું દેવ, ગુરુ, શાસ્ત્રની મહિમા આવી જાય એમાં અંતર જ્ઞાયકરૂપ. આત્મા શુદ્ધાત્મા કેમ પ્રગટ થાય એની ભાવના એ જીવે જ કરવાનું છે. રત્નત્રયની આરાધના કરવાની છે. આત્માની સ્વભાવની પ્રતીત, જ્ઞાન અને આચરણ કેવી રીતે પ્રગટ થાય? સમ્યક્ પણે પ્રગટ થાય. શુભભાવનામાં દેવ, ગુરુ, શાસ્ત્ર અને અંતરમાં ચૈતન્ય જ્ઞાયક તે જ છે. એ જ ખરું મંગળ, પંચ પરમેષ્ઠી ને આત્મા એ જ શરણ એ જ ઉત્તમ, ઉત્તમમાં ઉત્તમ પણ એ જ છે. દેવ, ગુરુ, શાસ્ત્ર

ઉત્તમ, જ્ઞાયક ઉત્તમ ને એ બધું ખરું છે. આખી જિંદગી એ પોતે પરિણતિરૂપે જ્ઞાયકની પરિણતિમાં દૃઢતા કરે, દેવ-ગુરુ-શાસ્ત્રની મહિમાપૂર્વક હોય બધું. અંતરમાં ભેદજ્ઞાનની ધારા કેમ પ્રગટ થાય? સ્વાનુભૂતિ કેમ થાય? એ બધી ભાવના કરવી. એનું ચિંતવન, મનન, ભાવના એને માટે શાસ્ત્ર અભ્યાસ એ બધો ભાવ છે. દેવ, ગુરુ, શાસ્ત્ર .... ....... દેવ, ગુરુ, શાસ્ત્રનો મહિમા ને આત્માની મહિમા.

ઊર્ધ્વતા...ઊર્ધ્વતાપૂર્વક જીવન બસ ઉંચી-ઉંચી ભાવના એ જ જીવન. બસ એ જ કરવા જેવું છે. ઉચ્ચ પરિણતિ થાય તો વિશેષ ઉચ્ચ ભાવનાથી પ્રગટ થાય આત્માની શોધ કરે, એનો સ્વભાવ ગ્રહણ કરવો એ જ કરવાનું છે પ્રજ્ઞાછીણી પ્રગટ કરવાની છે. આત્મામાં વિભાવનો અભાવ છે, પર્યાયમાં વિભાવ છે સ્વભાવ ગ્રહણ કરવા જેવો છે. 'પરભાવ ભિન્નં' આત્મ સ્વભાવ પરભાવથી જુદો છે. ....... ઓલી તે પર્યાય, રાગ શેમાં થાય છે? એ ચૈતન્ય દ્રવ્યમાં નથી થાતું. પર્યાયમાં થાય છે. એ કળશ આવે છે. પરભાવથી જુદો છે. સ્વભાવ જ જુદો છે, પણ પર્યાયમાં થાય છે. એ કળશ આખો આવે છે. ................ ખાસ કરીને શુદ્ધની સ્વાનુભૂતિને શુદ્ધનય કહેવામાં આવે છે.

...........

આત્મા કેવો છે? એની શરૂઆતમાં આ આદિ ને અંત એ તો અનાદિ અનંત પ્રકાશ કરનારો છે. જીવનમાં એ જ કરવાનું છે, આત્મા જુદો છે, આત્મ પોતે ચૈતન્ય તત્ત્વ, એમાં દૃષ્ટિ કરવી, એમાં જ્ઞાન કરવું એમાં લીનતા કરવી. કરવાનું તો એ જ પ્રયત્ન કરવાનો, આત્મા શુદ્ધાત્માને ઓળખવો. જેથી અનંતકાળના જન્મ-મરણ ટળે છે બાકી તો ઘણીવાર પોતે ક્રિયાઓ કરી, શુભભાવ કર્યા. પુણ્ય બાંધ્યા, સ્વર્ગમાં ગયો પણ તોય ભવનો અભાવ ન થયો. શુભભાવ વચ્ચે આવે છે, પણ એ કાંઈ આત્માનું સ્વરૂપ નથી. વિભાવભાવ છે વચ્ચે. એનાથી જુદો શુદ્ધાત્મા જાણીને એના તરફ દૃષ્ટિ, જ્ઞાન, લીનતા એ બધું કરવા જેવું છે. આત્મામાંથી જ્ઞાન, દર્શન, ચારિત્ર બધું આત્મામાંથી પ્રગટે છે. શુભભાવો વચ્ચે આવે છે અશુભભાવથી બચવા માટે, માટે વચ્ચે આવે પણ એ કાંઈ પોતાનું સ્વરૂપ નથી એમ દૃષ્ટિ તો બરાબર, યથાર્થ શ્રદ્ધા તો કરવા જેવી છે, એવી શ્રદ્ધા કરવા માટે પ્રયત્ન કરવો. વારંવાર એની ભાવના, એનું જ્ઞાન એ કરવા જેવું છે. તત્ત્વનું ચિંતવન કરવું ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો જોઈએ, આત્મા જ્ઞાન આનંદની મૂર્તિ વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ સ્વાનુભૂતિ થાય ત્યારે આત્મા જેવો છે, એવો એને અનુભવમાં આવે છે. એ જ કરવાનું છે જીવનમાં બસ. એ ધ્યેય રાખીને પછી શાસ્ત્ર સ્વાધ્યાય બધું દેવ-ગુરુ-શાસ્ત્રની મહિમા એ બધું જ્ઞાયક આત્માને માટે છે, કેમ ઓળખાય એના માટે છે. (3-74-6)

**શ્રોતા :** પર્યાય દ્રવ્યમાંની શુદ્ધ ઉત્પન્ન થાય છે કે અશુદ્ધ ઉત્પન્ન થાય છે?

**પૂજ્ય બહેનશ્રી : દ્રવ્યમાંથી પર્યાય જે અંદર છે મૂળ જ ઓળખીને ઉત્પન્ન થાય તો શુદ્ધદ્રવ્યમાંથી શુદ્ધ જ પર્યાય થાય, જે શુદ્ધ છે, એમાંથી શુદ્ધ જ થાય. અશુદ્ધમાંથી અશુદ્ધ થાય પણ એની દૃષ્ટિ નિમિત્ત તરફ ગઈ છે, એટલે વિભાવ પર્યાય થાય છે. બાકી શુદ્ધાત્મા તરફ દૃષ્ટિ જાય તો શુદ્ધપર્યાય થાય અને નિમિત્ત તરફ, કર્મ તરફ દૃષ્ટિ જાય છે તો અશુદ્ધ પર્યાય થાય છે. અશુદ્ધ પર્યાય કાંઈ એનું મૂળ સ્વરૂપ નથી. માત્ર પર્યાય છે, એ તો પલટતી જાય છે અવસ્થા થાય છે. નિમિત્તાધીન દૃષ્ટિ છે. શુદ્ધ દ્રવ્યને ઓળખે તો શુદ્ધાત્માંથી શુદ્ધ જ પર્યાય આવે, સ્વભાવ તો એવો જ છે, એનો. (3-74-7)**

**શ્રોતા :** પહેલાં શુદ્ધદ્રવ્ય નહીં ઓળખ્યું હોય તો?

**પૂજ્ય બહેનશ્રી : શુદ્ધ દ્રવ્ય ઓળખાણો ન હોય તો અશુદ્ધ, તો તો અશુદ્ધ છે**

**શ્રોતા :** તો એમ કહેવાય કે દ્રવ્યમાંથી ઉત્પન્ન થઈ છે અશુદ્ધ?

**પૂજ્ય બહેનશ્રી : દ્રવ્ય મૂળ દ્રવ્યમાંથી અશુદ્ધ ઉત્પન્ન નથી થાતું પણ વર્તમાન એની પર્યાય વિભાવ તરફ દૃષ્ટિ જાય છે, એટલે (અશુદ્ધ) પર્યાય થાય છે. એમાં એક એવી વૈભાવિક શક્તિ છે આત્મામાં એવી યોગ્યતા છે, કે એની પર તરફ દૃષ્ટિ જાય તો વિભાવપર્યાય થાય. એનામાં એવી યોગ્યતા છે ચૈતન્યમાં. મૂળ દ્રવ્ય આખું અશુદ્ધ નથી થઈ જાતું. પણ એની વર્તમાન પર્યાય એનામાં એવો એક વૈભાવિક શક્તિ ગુણ છે, એવી યોગ્યતા છે. એને લઈને વિભાવ પર્યાય થાય છે. એમાં ઉપાદાન પોતાનું નિમિત્ત એ બીજાનું છે. દ્રવ્ય આખું અશુદ્ધરૂપે પરિણમી જાય તો શુદ્ધ થાય જ નહીં કોઈ દિવસ. દ્રવ્ય તો શુદ્ધ જ છે. પર્યાય અશુદ્ધ થાય છે.**

**સોનું એનો મૂળ (સ્વભાવ) તો શુદ્ધ જ છે. એ પાષાણ સાથે રહે એટલે એમાં અશુદ્ધતા દેખાય છે. મૂળ પાણીનો સ્વભાવ તો શીતળ જ છે, પણ અગ્નિનું નિમિત્ત બનતા એની વર્તમાન અવસ્થા (ઉષ્ણ) થાય છે. મૂળ તો શીતળતા છે. જો એ અગ્નિના નિમિત્ત છૂટી જાય છે તો મૂળ શીતળ. પાણી નિર્મળ હોય છતાં મલિન કાદવના નિમિત્તે થાય છે, એમાં પોતામાં એવી યોગ્યતા છે, કે એ અવસ્થા વર્તમાન એવી થાય છે. મૂળમાં જો પેસી જાય તો કોઈ દિવસ શુદ્ધ થાય જ નહીં, મૂળમાં નથી પેસતું. ઉપર ઉપર થાય છે, એમાં. દ્રવ્ય પરિણમે છે દ્રવ્ય. પણ એનો મૂળ સ્વભાવ છોડીને પરિણમતું નથી એમ. એ સ્વભાવ નથી છોડતો, સ્વભાવ છોડીને દ્રવ્ય અશુદ્ધતારૂપે પરિણમતું નથી. પણ નિમિત્ત આવતા ઉપાદાન પોતાનું છે. પોતે જ પરિણમે છે. સ્ફટિક નિર્મળ**

**હોવા છતાં એમાં કાળા, રાતા, ફૂલના સંયોગથી કાળું દેખાય, રાતું દેખાય, પીળું દેખાય પણ મૂળ એનો સ્વભાવ છોડતો નથી, અવસ્થા થાય છે. (3-74-8)**

**શ્રોતા :** પ્રથમ શરૂઆત ક્યાંથી થાય?

**પૂજ્ય બહેનશ્રી : ભેદજ્ઞાનની પ્રથમ શરૂઆત પોતે દ્રવ્યને ઓળખે તો થાય. હું શુદ્ધાત્મા છું આ કોઈ આ કોઈ પર બધા પરદ્રવ્ય છે મારું સ્વરૂપ નથી. હું જુદો છું. દ્રવ્યને ઓળખે તો ભેદજ્ઞાન થાય. શરૂઆત થાય. બાકી ભાવના કરી શકે.**

**શ્રોતા :** ભાવનામાં જે લેવું હું શુદ્ધ છું, હું શુદ્ધ ત્રિકાળી છું એ તો અનુમાન થઈ ગયું પણ એ અનુમાન સાચું નથી.

**પૂજ્ય બહેનશ્રી : પણ મૂળને ઓળખ્યું નથી ત્યાં સુધી એવા વિચારો તો આવે માટે મૂળ તત્ત્વને સ્વભાવમાંથી ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો એમ. બાકી એવા વિચારો આવે કે હું શુદ્ધ છું, આ બધું પરદ્રવ્ય છે, મારું સ્વરૂપ નથી. આ વર્તમાન અવસ્થામાં તો આ બધા વિભાવો થાય છે, એમ વિચાર આવે તોપણ હજી ઉપલક વિચાર છે મૂળ એને તળમાં જઈને ઓળખવાનો પ્રયત્ન કરવો. પુરુષાર્થ કરવો. (3-74-9)**

**શ્રોતા :** તળમાં જાવું એટલે શું એ જરા સમજાવશો.

**પૂજ્ય બહેનશ્રી : તળમાં એટલે એના મૂળમાં જાવું એમ તળમાં. એનો જ્યાં સ્વભાવ છે ત્યાં જાવું સ્વભાવ એ જ્ઞાયક સ્વભાવ એનો જ્ઞાયકતાથી ભરેલો અનંતગુણથી ભરેલો કોઈ મૂળ વિકલ્પની જે આકુળતા છે, એનાથી જરા છૂટો પડીને અંદર જ્ઞાનીને જ્ઞાયકતા ક્યાં ભરી છે શેમાં? એ જોવે. આ બધા વિકલ્પની જાળ છે, એમાં જાણનારો હું જુદો છું. જાણનારો જુદો છું તો એ જાણી રહ્યો છે ક્યાં દ્રવ્યમાંથી જ્ઞાયકતા પ્રગટે છે ક્યાંથી? મૂળ અસ્તિત્વને પકડવાનો આગ્રહ. એવો પ્રયત્ન કરે એ તળ છે, એનું મૂળ અસ્તિત્વ છે, એટલે અંદરથી નિર્વિકલ્પદશા થાય સ્વાનુભૂતિ એ બધું ગુરુદેવે એ માર્ગ બતાવ્યો છે. મૂળ અસ્તિત્વને ઓળખે, ભેદજ્ઞાનનો પ્રયત્ન કરે તો વિકલ્પ તૂટે. પ્રયાસ કર્યો તો પ્રયાસ થાય એની સાધના થાય. (3-74-10)**

**શ્રોતાઓ : ભગવતી માતનો જય હો....**
**માતાજીની અમૃતવાણીનો જય હો....**

* * *

## પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી, ભાગ-૩

# તત્ત્વચર્ચા - ૭૫

**શ્રોતા :** ...

**પૂજ્ય બહેનશ્રી : જાણે ઉપદેશ સાક્ષાત્ દેતા જ હોય, એમનો અવાજ ને બધું, આ સ્વાધ્યાયમંદિરને બધું હોય ને એ ટેપ રહી ગઈ છે, એટલે ઠીક બધાને થાય છે.**

**શ્રોતા :** જાણે સાક્ષાત્ ગુરુ બિરાજતા હોય એવું લાગતું હતું એ વખતે તો એમ જ થતું હતું કે જાણે ગુરુદેવ ઉપરથી આવ્યા છે, એવું લાગતું હતું.

**પૂજ્ય બહેનશ્રી : એ તો ઘણું કહી દીધું છે માટે ઘણું ગુરુદેવે સંભળાવ્યું છે. વ્યાખ્યાનો સાંભળ્યા છે, ઘણા વર્ષોથી અહીં રહે છે અહીં બધા, ગુરુદેવ એમ જ કહેતા હતા ને આત્માના ધ્યેયે જ બધું કરવાનું છે. આત્મા કેમ ઓળખાય એ જ કરવાનું છે. કીધું છે ને આત્માને ધ્યેયે બધું કરવાનું છે.**

**''સંયમ નિયમ ને તપ વિષે આત્મા સમીપ છે, જેહને,**
**સ્થાયી સામાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને.''**

**સંયમમાં, નિયમમાં ને તપમાં બધે જેને આત્મા સમીપ છે, એને જે સાચી સમાધિ, સાચી સામાયિક છે, આત્મા સમીપ રાખવાનો છે બધે ઠેકાણે. સાથે સંયમમાં, નિયમમાં, તપમાં બધામાં આત્મા સમીપ હોવો જોઈએ. આ વ્રતોમાં બધામાં, દેવ, ગુરુ, શાસ્ત્રને સાથે રાખવામાં, બધે દેવ, ગુરુ, શાસ્ત્રને સાથે રાખીને આત્માને સમીપ રાખવો, શુભભાવમાં દેવ, ગુરુ ને શાસ્ત્ર અંદર આત્મા સમીપ રહીને આત્મા ઉર્ધ્વ રાખવો એ કરવાનું છે. આત્માને બધે ઊર્ધ્વ રાખવો. મુનિઓને દરેક કાર્યમાં આત્મા ઊર્ધ્વ રહે છે, એમ મુમુક્ષુઓએ પણ આત્માને દરેક કાર્યમાં સમીપ રાખવો.**

**શરીરની સંભાળથી કાંઈ નથી થવાનું. શરીરની ગમે એટલી સંભાળ કરે તો એ તો એના પરમાણુ જે રીતે પરિણમવાના હોય એમ જ થયા કરે છે. એ સંભાળ રાખવાથી કાંઈ થવાનું નથી. તું આત્માની સંભાળ કર. તે અનંતકાળથી આત્માની સંભાળ કરી નથી. આત્માને જોવો, આત્મા અંતરમાં જે અનાદિકાળથી શાશ્વત છે, એને તે ઓળખ્યો નથી એને જો એ કેવો આત્મા અનુપમ છે? એના ગુણો કેવા છે? એ એની પર્યાયની પરિણતિ પ્રગટ થાય ત્યારે એ કેવો છે? એને જોવાનું આશ્ચર્ય કર, એને જોવાનું કુતુહલ કર. એને એની મહિમા તો લાવ, એને જો. પછી વારંવાર એનો અભ્યાસ**

કર પછી પ્રગટ થાય છે, કે નહીં તું જો. વારંવાર વારંવાર અભ્યાસ કરવાથી છ મહિનામાં પ્રગટ થયા વગર રહેતો નથી. આચાર્યદેવ કહે છે અભ્યાસ નિરંતર કરવો એમ.

આત્માને જો પછી બહારના તે શરીર સાચવ્યા આ બહારના બધા વ્યવહાર સાચવ્યા એ બધા એ કાંઈ આત્માનો મહિમા કાંઈ નથી. તું અંદર આત્માને ઓળખ એમાં જ અગ્રતા કરજે. બધાથી તારા ઉપયોગને પાછો વાળજે, તું અંદર આત્મા તરફ ઉપયોગને લઈ જા. તારા જ્ઞાનમાં, તારા જ્ઞાનમાં, શ્રદ્ધામાં બધામાં તારા આત્માને મુખ્ય કર ને એને તું ઓળખ. બહારથી કાંઈ થાવાનું નથી એમ કહે છે. શરીર સાચવવાથી બહારનું બધું સાચવવાથી કાંઈ સાચવ્યું સચવાતું નથી. તારા આત્માની સંભાળ કર તે એની સંભાળ કરી નથી. બીજું બહારનું બધું કર્યું છે. અંતરની મહિમા ઘણી આવે છે. એ તો અંદર આત્મામાં જવાનું. બધા વિકલ્પ છૂટીને એક આત્મામાં જાવા માટે એક જ સાધન બને છે, પણ એ પોતે સાધન બનાવે તો સાધનરૂપે થાય છે. (3-75-1)

**શ્રોતા :** માતાજી! પુણ્ય વિના ધર્મ નથી માનવો એટલે નિડરતાથી જનાર વિરલ પુરુષ .......

**પૂજ્ય બહેનશ્રી :** એ નિડરતાથી જે પ્રકાશી શકે એમણે જે વાડાના બંધન તોડ્યા અને એમણે જે બધા શુભભાવ પણ પુણ્યબંધનું કારણ એનાથી પણ તું પેલે પાર છો એ એમણે નિડરતાથી જે પ્રકાશ કર્યો છે કોઈ પ્રકાશ કરનાર નીકળવું મુશ્કેલ છે, એમની વાણીથી જ બધાને આ આટલો અંતરમાંથી પલટો થયો છે. સમજવા માટે નહીંતર તો પુણ્યમાં જ બધા માની બેઠા હતા આટલું કર્યે તો થાય ને! આટલું કરે તો થાય ને! ગુરુદેવ તો ઠેઠ સુધી તારા શુભ વિકલ્પ અંદર આવે, શ્રુતજ્ઞાનના દ્રવ્ય, ગુણ, પર્યાયના એ રાગમિશ્રિત છે ત્યાં સુધી ગુરુદેવ કહેતા હતા એ વાણી અંતરથી જે ગુરુદેવની એવી જોરદાર વાણી હતી કે બધાના અંતરના પલટા થયા છે. સમજવા માટે હજી આગળ જવાનું તો બાકી રહી જાય છે. ઘણા ભાવના ભાવે. આગળ જવાનો પુરુષાર્થ કરે તો પણ અંતરમાં જાવું એ પોતે અંતરથી તૈયાર થાય, એટલે પુરુષાર્થ કરે તો થાય એ જાતનો અને એની લગની લગાડીને વારંવાર એને વચ્ચે, તૂટ પડ્યા વગર કરી શકતો નથી. એ કરે તો થાય. (3-75-2)

**શ્રોતા :** અમારું ગામ દામનગર તાલુકાથી વઘાડી જવાય......

**પૂજ્ય બહેનશ્રી :** પહેલાં તો બધું ક્રિયામાં હતું ને ગુરુદેવનું. માર્ગ બધે આ પહેલા તો સૌરાષ્ટ્રમાં ફરીને બધા બધાને જે ક્રિયાના પ્રતિબંધોને ઢીલા પાડી દીધા.

**બધાના ખોટા આગ્રહો હતા એ. પછી તો ગુરુદેવનો એટલો પ્રચાર થયો કે ચારે બાજુએ તો આખા હિન્દુસ્તાનમાં ગુરુદેવ તો ...... (3-75-3)**

**શ્રોતા :** સૌરાષ્ટ્રમાં નામ નહોતું, મંદિર ગામેગામ ......

**પૂજ્ય બહેનશ્રી : મંદિર નહોતું. મંદિર-પૂજા કાંઈ સમજતા નહોતા, ભગવાનના દર્શન કાંઈ નહોતું. ગુરુદેવે સાચા દેવ, ગુરુ, શાસ્ત્ર બધાને ઓળખાવ્યા છે. ગુરુદેવે તો. વ્રતો કોને કહેવાય? સાચા દેવ, ગુરુ, શાસ્ત્ર કોને કહેવાય? આત્મા કોને કહેવાય? એ બધી ઓળખાણ ગુરુદેવે જ આપી છે.**

**એને દીક્ષા લેવા જાઉં ત્યાં પંચ પરમેષ્ઠી ભગવંતો મારી સાથે રહેજો. ભગવંતોને સાથે રાખે છે મુનિરાજ. અંદર શુદ્ધાત્મા અને આ પંચ પરમેષ્ઠી ભગવંતો સાથે રાખે છે, પણ એ બધું પોતે અંતરમાંથી પરિણતિપૂર્વક છે અંદરમાં દર્શન, જ્ઞાન, ચારિત્રની પરિણતિ મુનિઓને પ્રગટ થઈ છે. એ સાથે શુભભાવ આવ્યા વગર રહેતા નથી. શુભભાવ તે પુણ્યબંધનું કારણ તો પણ હેયબુદ્ધિએ આવે છે. આવ્યા વગર રહેતા નથી. (3-75-4)**

**શ્રોતા :** જે સાચા ગુરુના દર્શન કરીએ છીએ આપની મુનિદશા અંતરમાં છે અને અમને દર્શન રોજ મળે છે અનંત અનંત ઉપકાર છે આપના.

**પૂજ્ય બહેનશ્રી : મુનિદશા. મુનિઓ ક્યાં ને આ મુનિની દશા તો મુનિ જાતની હોય. ગુણસ્થાને ઝૂલતા મુનિરાજ એ મુનિરાજ તો મુનિરાજ. આત્મા એને સ્વાનુભૂતિમાં ક્ષણે ક્ષણે આત્મા જ બિરાજે છે. મુનિરાજની સ્વાનુભૂતિમાં ક્ષણે ક્ષણે આત્મા બિરાજે છે. આ જગતથી દુનિયાથી પાર થઈ ગયા છે. ક્ષણ ક્ષણમાં આત્મા બિરાજે છે. શુભભાવો આવે છે તો એનાથી છૂટી છૂટીને સ્વાનુભૂતિમાં જ્યા કરે છે. આત્મામાં જ બિરાજે છે. ગુરુદેવે કહ્યું છે ગુરુએ મુનિને ઓળખાવ્યા, જિનેન્દ્રદેવને ઓળખાવ્યા શાસ્ત્ર ઓળખાવ્યા. શાસ્ત્રો ક્યા? સત્ શાસ્ત્રો ઓળખાવ્યા દરેકમાં ભૂલ હતી. ક્રિયાઓમાં બધે ભૂલ હતી સાચો પંથ બતાવ્યો ગુરુદેવે. (3-75-5)**

**શ્રોતા :** છ મહિના કેવો પુરુષાર્થ કરવાનો કહે છે, કે જેનાથી આત્માની પ્રાપ્તિ થાય જ?

**પૂજ્ય બહેનશ્રી : પુરુષાર્થ કરવાનો જ્ઞાયકને ઓળખીને, જ્ઞાયકને બરાબર નિર્ણય કરીને કે જ્ઞાયક તો જુદો છે, એ કાંઈ કોઈની સાથે ભળ્યો નથી. એ તો શાશ્વતો આત્મા છે અનંતકાળથી. આ શરીર જુદું અને આત્મા જુદો છે. શરીર સાથે જે એકત્વબુદ્ધિ થઈ રહી છે, એની ભૂલ છે અને અંદર જે આકુળતા થાય છે, એ વિકલ્પોની એ પણ એનો સ્વભાવ નથી. આત્મા તો શાંતિ સ્વરૂપ, નિર્વિકલ્પ સ્વરૂપ, આનંદથી**

ભરેલો એ ચૈતન્યરત્નાકર કોઈ જુદો છે, એની મહિમા આવે, કે આ જગત ઉપરથી એને સાર લાગે નહીં, નિઃસારતા લાગે અને આત્માની મહિમા લાગે. વિભાવથી વિરક્ત થાય અને આત્માને ઓળખે. એના દ્રવ્ય ને એના ગુણને એની પર્યાયને કે આત્મા અંદર શાશ્વતો છે. અને ગુણો કોઈ જ્ઞાનથી ભરેલો આનંદથી ભરેલો આત્મા કોઈ અપૂર્વ છે, એની મહિમા આવે, એનો નિર્ણય કરે અને એમાં જે પલટતી પર્યાય છે, એ પર્યાય એનું શું સ્વરૂપ? દ્રવ્યનું શું સ્વરૂપ? બધું નક્કી કરી નિશ્ચય કરીને આત્મા તરફ જાય પણ એ આત્મા તરફ ભેદજ્ઞાન કરે, ક્ષણે ક્ષણે પુરુષાર્થ કરે અને ક્યાંય ચેન પડે નહીં એને લગની એક જ હોય કે આત્મા કેમ મને પ્રાપ્ત થાય?

ક્ષણે ક્ષણે એની લગની લાગે ને ક્ષણે ક્ષણે એની ભેદજ્ઞાનની આત્મા ઉપર દૃષ્ટિ કરીને ક્ષણે ક્ષણે એની અવિચ્છિન્નધારાએ પુરુષાર્થ કરે એમાં વચ્ચે ખંડ ન પડે એવી રીતે વારંવાર કરે તો છ મહિનામાં એને થયા વગર રહેતું નથી. પણ એ પુરુષાર્થ એનો એકદમ એકદમ ઉગ્રપણે હોય એમાં એને તૂટ પડે નહીં વારંવાર મંદ તીવ્ર થાતા થાતા એને ઉગ્રતા થઈ જાય, એમાં તૂટ ન પડે પછી એવી જાતનો પુરુષાર્થ કરે. કોઈ અપૂર્વ તો છ મહિનામાં થયા વગર રહે એવું રહેતું નથી.

એની પુરુષાર્થની ધારા એકમેક થઈને નિરંતર ચાલ્યા કરે છે. વારંવાર ચાલ્યા કરે છે. તો એને છ મહિનામાં થયા વગર રહેતું નથી. દિવસ ને રાત ચાલ્યા કરે. વારંવાર વિચારો ફેરવીને વારંવાર એને ભેદજ્ઞાનનો અભ્યાસ કરે, વારંવાર નિર્ણયની દૃઢતાપૂર્વક કે હું આ જ છું મારું અસ્તિત્વ તે આ જ છે, મારું આ શરીરનું અસ્તિત્વ તે હું નથી કે આ વિભાવમાં મારું મૂળ અસ્તિત્વ એમાં નથી, મારું અસ્તિત્વ ચૈતન્યનું શાશ્વત છે, એનો બરાબર નિશ્ચય કરીને એના ઉપર દૃષ્ટિ કરી વારંવાર એના ભેદજ્ઞાનનો વારંવાર હું જુદો છું આ બધું જુદું છે વારંવાર પ્રયાસ કરે નિરંતર દિવસ ને રાત એને ક્યાંય શાંતિ ન થાય. એવી રીતે પુરુષાર્થ કરે ઉગ્રપણે. એને એક દિવસ વિચાર કરી લીધો, નિર્ણય કર્યો પછી છોડી દીધો, પછી એને માત્ર એ પુરુષાર્થ ન કરે એમ નહીં. વારંવાર પુરુષાર્થ એનો ચાલુ જ રહે.

મંદ પડે તો વારેવારે તીવ્ર કર્યા કરે પણ છૂટી ન જાય એનો પુરુષાર્થ. એવી રીતે એનો પુરુષાર્થ નિરંતર ચાલ્યા કરે એનો છૂટી ન જાય. રાતે જાગતા, સૂતા, સ્વપ્નમાં પણ એને એક જ લગની હોય, આત્મા જુદો કેમ જણાય? એવી એની ઉગ્ર ભાવનાને ઉગ્ર પુરુષાર્થ હોય તો એને છ મહિનામાં થયા વગર રહેતો નથી. એકદમ થાય જઘન્ય તો અંતર્મુહૂર્તમાં થાય ને વધારેમાં વધારે આચાર્યદેવે છ મહિના કીધા છે, એ છ મહિના વારંવાર એકધારાએ પુરુષાર્થ કરે તો થયા વગર રહેતો નથી. વચ્ચે છોડી દે, તો નથી

થાતો. એકધારે પુરુષાર્થ કરે તો થાય એ ભેદજ્ઞાનનો અભ્યાસ કરે. વારંવાર સમ્યગ્દર્શન થયા પછી તો સહજપણે ભેદજ્ઞાન સહજધારાએ ચાલ્યા કરે છે. આ તો એને પ્રયાસ કરવાનો રહે છે, એને સહજધારાએ ભેદજ્ઞાનની ધારા સમ્યગ્દર્શન પછી તો ઠેઠ સુધી એમને એમ ચાલ્યા કરે છે.

સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર બધું થાય રત્નત્રય તો એમાં એની ધારા તો સહજ ચાલ્યા કરે છે. આત્મા ઉપર દૃષ્ટિ અને ભેદજ્ઞાનની ધારા. પહેલાં તો એને નથી માટે વારંવાર પુરુષાર્થ કરે, પહેલી ભૂમિકા એને વિકટ હોય છે, પણ એનો ઉગ્ર પુરુષાર્થ કરે તો થયા વગર રહેતું નથી. પોતે આચાર્યદેવ કહે છે, કે તું છ મહિના અભ્યાસ કર પછી જો કે થાય છે કે નહીં થયા વગર રહેતું જ નથી. પણ એ પુરુષાર્થ કરનારો વારંવાર એની લગની લાગી હોય તો થાય. પુરુષાર્થ કરવાનો પ્રયત્ન કરે તો થાય. તો અંતરમાંથી આત્મા જાગ્યા વગર રહેતો નથી. આત્માની અનુભૂતિ થયા વગર રહેતી નથી.

ગુરુદેવે તો માર્ગ સ્પષ્ટ કર્યો છે, ગુરુદેવનો પરમ ઉપકાર છે, એમણે તો વસ્તુનું સ્વરૂપ ચારે બાજુથી સ્પષ્ટ કરી કરીને બતાવ્યું છે, તે નિર્ણય કરવામાં કાંઈ મુશ્કેલી પડે એવું નથી. દ્રવ્ય, ગુણ, પર્યાય શું છે? પુદ્ગલ શું છે આ બધું જુદું છે. એની વારંવાર એની નિશ્ચય-વ્યવહારની સંધિ વારંવાર એને ચારેબાજુથી સમજાવે છે. એને નિર્ણય કરવામાં મુશ્કેલી પડે એવું નથી. યથાર્થ નિર્ણય કરીને આગળ જાય તો એ થઈ શકે એવો છે, પણ કરવાનું પોતે છે, એ ન થાય ત્યાં સુધી એની રુચિ ને લગની ને પ્રયાસ યથાશક્તિ જે થાય એ કરે તો એને થયા વગર રહેતું નથી પણ જલ્દી છ મહિનામાં થાય તો ઉગ્ર પુરુષાર્થ કરે, એકધારાએ કરે તો થાય. (3-75-6)

**શ્રોતા :** આનંદના, સુખના ભોજન કરો, અમૃતના ભોજન તમે જમો, આનંદના અનુભવ કરો અને અમે બાળકો તમારા, તરસ્યા ને ભૂખ્યા માતાજી! અમારા ઉપર કરુણા કરો માતાજી!

**પૂજ્ય બહેનશ્રી :** પુરુષાર્થ કરવા છતાં મળે નહીં એમ બને નહીં. પુરુષાર્થ કરતો નથી એટલે મળતું નથી. પુરુષાર્થ કરે ને ન મળે એવું બને નહીં. કારણ આપે તો કાર્ય આવ્યા વગર રહેતું નથી. પોતાના આળસને કારણે પોતાને મળતું નથી. ગુરુદેવ કહે છે ને કે કોઈ કોઈને કરી દેતું નથી. ભગવાનની વાણીમાં બધો ઉપદેશ આવે છે, બધું સ્વરૂપ ચૌદ બ્રહ્માંડનું આવે તોપણ કરવાનું તો પોતાને જ રહે છે. કોઈ કોઈને કરી દેતું નથી. દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાય સ્વતંત્ર, બીજાના સ્વતંત્ર, દરેકના સ્વતંત્ર. પોતાની ભૂલથી પોતે રખડ્યો છે અને પોતાના

**પુરુષાર્થથી પોતે પોતામાં પામી શકે છે. પોતાની અનુભૂતિ પોતે જ કરી શકે છે. કોઈ કરાવી દેતું નથી.**

**ગુરુદેવે માર્ગ બધો સ્પષ્ટ કરીને બતાવ્યો છે. તું અંતર આત્મા છો, એમાં ભેદજ્ઞાન કર એના ઉપર દૃષ્ટિ કર, ન્યાં જા, આ શરીર જુદું, આત્મા જુદો, એ જુદો જ છે, એનો નિશ્ચય કર બરાબર, અંદરથી જુદો થવાનો પ્રયત્ન કર, વિકલ્પની જાળ ચાલે એનાથી પણ તારો સ્વભાવ જુદો એ પણ પ્રયત્ન કર. પ્રયત્ન કરે તો થાશે, ગુરુદેવે માર્ગ બતાવ્યો પણ એ કાંઈ કરવાનું તો પોતાને જ રહે છે. કોઈ કરી દેતું નથી. અનંતા તીર્થંકરો થયા, બધાએ માર્ગ બતાવ્યો છે. કરવાનું પોતે જો કોઈ કોઈનું કરી દેતું હોય તો સ્વતંત્ર દ્રવ્ય તો પોતે પરાધીન થઈ જાય. પોતે એવો ચૈતન્યદેવ પ્રભુ છે, એ કોઈના કરવાથી કાંઈ થાતું નથી. પોતે જ કરે છે. જન્મ-મરણ કરનારો પોતે જ છે મોક્ષ જનારો પણ પોતે જ છે. બીજો કોઈ એમાં કરી દેતું નથી.**

**''પોતાના નયનની આળસે નિરખ્યા નહીં હરિને જરી.'' પોતાની આળસને કારણે ભગવાન પોતાની પાસે, ને પાસે પોતે જ છે. એને પોતે જ જોતો નથી. આંખ ખોલીને જોતો નથી. સૂતો છે પોતે અજ્ઞાનના અંધકારમાં. પોતે જો જ્ઞાનથી ભરેલો પણ પોતે પોતાને જોતો નથી. એ આશ્ચર્યની વાત છે પોતે પોતાને જોતો નથી. પુરુષાર્થ કરે તો મળ્યા વગર રહેતો નથી. એ તો કાર્ય આવ્યા વગર રહેતું નથી. (3-75-7)**

**શ્રોતા :** આપે માતાજીએ કહ્યું કે આંતરડીમાંથી ભાવના જાગે, તો આત્મા પ્રસન્ન થાય..થાય ને થાય છે. જો આત્મા ન પ્રાપ્ત થાય ચૌદ બ્રહ્માંડને શૂન્ય થવું પડે, ગુરુદેવે તો કહ્યું આત્મા પ્રાપ્ત થાય થાય ને થાય. શ્રીમદ્જી ને બધા શાસ્ત્રો ભી એ કહે.....

**પૂજ્ય બહેનશ્રી : અંતરની ભાવના જોઈએ ને એવી પણ ભાવના હોય તો થાય.**

**શ્રોતા :** એમ તો માતાજી! પુરુષાર્થ કરીએ છીએ.

**પૂજ્ય બહેનશ્રી : પુરુષાર્થ ...... પુરુષાર્થ કરે પણ એ બધો પુરુષાર્થનો જવાબ ન આપે બને જ નહીં. કરે ને, ન મળે એ બને જ નહીં. પુરુષાર્થની ખામી છે. કારણ બરાબર એનું જેવું જોઈએ એવું કારણ આપતો નથી. માટે કાર્ય આવતું નથી. રોકાઈ ગયો છે. પોતે દ્રવ્ય, પોતાના ગુણ સ્વતંત્ર, પોતાની પર્યાય સ્વતંત્ર દરેક જીવો સ્વતંત્ર બધા પુદ્ગલ દ્રવ્યો સ્વતંત્ર. બધું સ્વતંત્ર જ છે. સ્વતંત્ર પરિણામી આત્મા છે. પોતે કરે તો થાય એમ છે. કોઈ એને રોકતું પણ નથી. કે કર્મ રોકે છે, કે કોઈ નિમિત્ત રોકે છે. કોઈ રોકતું નથી. પોતાની આળસથી જ પોતે રોકાયેલો છે. (3-75-8)**

**શ્રોતાઓ : ભગવતી માતનો જય હો...માતાજીની અમૃતવાણીનો જય હો....**

## પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી, ભાગ-૩

# તત્ત્વચર્ચા - ૭૬

**શ્રોતા :** એક પ્રશ્ન છે માતાજી! ગુરુદેવ જે પ્રત્યેક જીવની વાત કરતા હતા એ જરા ખુલાસો કરશો.

**પૂજ્ય બહેનશ્રી : બાકી વસ્તુસ્થિતિ એમ છે, કે પોતે દ્રવ્ય, ગુણ, પર્યાય. પોતે દ્રવ્ય ને પોતાના દ્રવ્યને આધારે પર્યાય થાય છે. પર્યાય એક અંશ છે ને અંશી પોતે દ્રવ્ય છે. એ અંશ ને અંશીનો એને સંબંધ છે. એમાં જે પોતાના પરિણામથી થાય એના પ્રદેશ દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ કહેવામાં આવે છે. દ્રવ્ય બધી વાતને દ્રવ્ય ઉપર જ્યાં દૃષ્ટિ ગઈ ત્યાં બધું બધું એને હેયબુદ્ધિએ બધું છે. એને ગૌણ થાય છે. એની અપેક્ષાએ એને પ્રદેશનું પ્રદેશની ભિન્નતા કહેવામાં આવે છે. બાકી વસ્તુસ્થિતિએ ભિન્નતા હોય, ભિન્નતા હોય એમ બની શકે નહીં. (3-76-1)**

**શ્રોતા :** કઈ અપેક્ષાથી કહેવામાં આવે એ ખાસ ખ્યાલ રાખવો જોઈએ.

**પૂજ્ય બહેનશ્રી : અપેક્ષા સમજવી જોઈએ. એ તો અપેક્ષાની વાત છે. વસ્તુસ્થિતિ એમ નથી. એના ઉપર એટલું જોર આવે કે બે જુદા દ્રવ્ય છે તો પર્યાય દ્રવ્ય થઈ જાય. પર્યાય દ્રવ્યને આશ્રયે થાય છે. દ્રવ્યને આશ્રયે પર્યાય છે. પર્યાય જુદી, એક જુદી લટકતી નથી. એક એ જે અંશ છે, એ દ્રવ્યની પર્યાય છે, દ્રવ્ય છે. પોતે દ્રવ્યની પર્યાય છે. એવી જુદી હોય તો એ એનો એ પર્યાય જ દ્રવ્ય થઈ જાય, વસ્તુસ્થિતિ એવી હોય છે. એ અપેક્ષા સમજે ને એની એના ઉપર જે જોર ઈ દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ જોર દેવામાં આવે છે. વસ્તુસ્થિતિએ એટલું જોર આવે તો એ બે કટકા નથી એના.(3-76-2)**

**શ્રોતા :** જ્ઞાનની અપેક્ષાએ તો સાથે જ છે.

**પૂજ્ય બહેનશ્રી : જ્ઞાનને સમજવાનું છે, કે પર્યાય જે પરિણતિ થાય છે, એ દ્રવ્યને આશ્રયે થાય છે, એ કાંઈ અદ્ધર નથી. સાંભળીને કહેવાતું નથી એ તો વસ્તુસ્થિતિ જણાવે છે.**

**શ્રોતા :** જે ભાવ આવતો હોય એ દૃષ્ટિના વિષય પૂરતો જ મર્યાદિત રહેવો જોઈએ અથવા જ્ઞાનમાં એમ ખતવણી કરી નાખે કે જ્ઞાનમાં એવું લાગે ને ભિન્ન છું...

**પૂજ્ય બહેનશ્રી : બધી રીતે ભિન્ન જ છે એમ બધે સર્વાંશે કહે તો ભૂલ થાય છે. બહુ ભૂલ થાય છે. બધી રીતે જુદું માને તો એના સમજવામાં ભૂલ થાય છે તો પર્યાય જુદી. આત્મામાં કાંઈ છે જ નહીં એ તો પરિણામ જ નથી. એ તો જુદું દ્રવ્ય જ થઈ ગયું તો એને વેદન કોનું? (3-76-3)**

**શ્રોતા :** સાધના નથી થાતી...

**પૂજ્ય બહેનશ્રી : સાધના શું? એની બધી દશામાં જ્ઞાન, ચારિત્ર પ્રગટ થાય એ શું? એ શેમાં થાય? કાંઈ છે જ નહીં તો પછી કરવાનું કાંઈ રહેતું નથી. બધી... સમજવું જોઈએ કે દ્રવ્યદૃષ્ટિના બળમાં છે. વસ્તુસ્થિતિ એમ નથી. પર્યાય દ્રવ્યના આશ્રયે થાય છે. સાધના શું કરવી? સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. સ્વાનુભૂતિ પ્રગટ થાય છે, એ બધી પર્યાય છે વેદન, સ્વાનુભૂતિ, ચારિત્ર, મુનિદશા, કેવળજ્ઞાન એ બધું. એ બધું વેદન આત્માનું જ થાય છે, એ વેદન એનાથી જુદું રહી ગયું અને દ્રવ્ય એનાથી જુદું રહી ગયું હું કાંઈ વેદતો નથી. એ જુદું વેદન થાય છે. તો પછી કોને કરવાનું? પુરુષાર્થ કોને માટે કરવો છે? હું કાંઈ વેદતો નથી. સ્વાનુભૂતિ એ તો બધું જુદું વેદાય છે, એમ સર્વ બધી રીતે માની લ્યે તો ખોટું થાય છે. (3-76-4)**

**શ્રોતા :** વેદાતું હોય અને વેદતો નથી એમ કહેવું એ જ યોગ્ય નથી.

**પૂજ્ય બહેનશ્રી : એ ખોટું છે. એનું જોર એ બધું. દ્રવ્ય જ જુદા એવી જાતનું અંદર જોર એવું ન આવવું જોઈએ. અત્યારે ચારે બાજુથી સમજવામાં આવે તો એનો આશય શું છે? એ ગ્રહણ કરવામાં આવે એના. એ જ્યારે બધા પર્યાય તરફ ન આવે તો એમની જે ભાવનાઓને એ જે કેવી રીતે કહી રહ્યા છે, એ બધો મેળ કરવો જોઈએ. ગુરુદેવના વ્યાખ્યાનોમાં બધી જાતના વ્યાખ્યાનમાં મેળ કરવો જોઈએ. એ દ્રવ્યદૃષ્ટિની તો એની સાથે જ્યારે બીજું બીજી બાજુનું કહેતા હોય એ કેટલું જોરથી ને ભાવનાથી કહે છે, એ બધું સમજવાનું છે, એમ. એ કરવું જોઈએ ગુરુદેવની ચારે પડખાની વાણી આવેલી છે. (3-76-5)**

**શ્રોતા :** શ્રદ્ધાનો વિષય તો નિર્વિકલ્પ હોય, પણ જ્ઞાનનો વિષય તો જ્ઞાન નિર્વિકલ્પપણે હોય છે?

**પૂજ્ય બહેનશ્રી : જ્ઞાન જાણે છે બધું જ્ઞાનની અપેક્ષાએ એને રાગનો વિકલ્પ નથી. રાગ અપેક્ષાએ નિર્વિકલ્પ છે. રાગ અપેક્ષાએ જ્ઞાન નિર્વિકલ્પ છે, શ્રદ્ધા નિર્વિકલ્પ છે રાગ નથી. જ્ઞાન તો જાણે છે, એ જાણવાની અપેક્ષાએ એને સવિકલ્પ એટલે આ વિકલ્પ નથી એમાં. એને એ વિકલ્પની વિકલ્પ નામ આપીને એ વિકલ્પની ઉપમા સમજવામાં આવે તો ભૂલ થાય છે. જ્ઞાન એ અપેક્ષાએ નિર્વિકલ્પ છે, એને કોઈ વિકલ્પ નથી. જ્ઞાન તો પોતે પોતાને જાણે છે. એ જાણવાની અપેક્ષાએ એને સવિકલ્પ કહેવાય છે. જાણવું એ સહજ જાણવું છે. એ વિકલ્પ કરીને જાણતો નથી કાંઈ, કે આ જાણ્યું આ જાણ્યું, પછી આ જાણ્યું, વિકલ્પ કરીને જાણતો નથી. એ તો નિર્વિકલ્પ છે, એ ઉપયોગ એને અંતરમાં ગયો અને વિકલ્પ છૂટી ગયા તો જ્ઞાન નિર્વિકલ્પ છે, એ અપેક્ષાએ. જાણવાની અપેક્ષાએ એને સવિકલ્પ કહેવાય છે. જાણવું એટલે એ સહજ... સહજ જાણવું છે. (3-76-6)**

**શ્રોતા :** છતાં રાગનો વિકલ્પ છૂટી ગયો એટલે નિર્વિકલ્પ છે?

**પૂજ્ય બહેનશ્રી : રાગનો રાગ છૂટી ગયો, રાગનો વિકલ્પ નથી માટે નિર્વિકલ્પ છે. પોતે પોતાને જાણે છે. માટે એ સવિકલ્પ કહેવામાં આવે છે. પોતે પોતાને જાણે છે પોતે ગુણોને જાણે છે. પોતે પોતાના વેદનને જાણે છે, એ બધું સહજ જાણે છે. માટે એ સવિકલ્પ છે એમ કહેવામાં આવે છે. (3-76-7)**

**શ્રોતા :** આત્માનો અનુભવ થયો હોય એ તો આપને બધું ખ્યાલમાં આવે, જ્ઞાન આપણને બધું કહે એ વખતે આપણને જ્ઞાન બધું કહે. તો પછી આપણને તો પાછું પુરુષાર્થ કરવાનું મન થાય. એવો અનુભવ ......

**પૂજ્ય બહેનશ્રી : બહાર આવે છે જાણે છે બધું અનુભૂતિને જાણે છે, પણ બહાર આવે એટલે જ્ઞાની એની સહજદશા ભેગો એકમેક થાતો નથી. એને ભેદજ્ઞાનની ધારા ચાલુ જ છે. સ્વાનુભૂતિ થઈને પાછા વિકલ્પમાં આવે તો પહેલાની જેવો એ એકત્વ થાતો નથી. પહેલાં ભેદજ્ઞાનથી નિર્વિકલ્પ થઈ એ પહેલા અભ્યાસ કરતો હતો પણ જે સહજ ભેદજ્ઞાનની ધારા પછી આવે છે નિર્વિકલ્પ પછી એ ભેદજ્ઞાનની ધારા એને વર્તે છે. પહેલાના જેવો એ ભેગો થાતો નથી. એ તો જ્ઞાયકની ધારા રહે છે. એને જ્ઞાતાધારા અને ઉદયધારા બેય જુદી જ રહે છે. પોતે પોતાને એને અમુક પ્રકારે એની જ્ઞાયકની જે દશા પ્રગટ થઈ તે થઈ છે. એને પહેલાના જેવો ભેગો નથી થાતો એની સ્વાનુભૂતિ, પાછી એની સહજદશા હોય તો પાછો ઉપયોગ નિર્વિકલ્પપણે પરિણમે છે, એની સહજદશા છે. (3-76-8)**

**શ્રોતા :** આખો ભેગો કરીએ તો ભી ગુરુદેવનો ને આપનો ઉપકારનું વર્ણન કરી શકીએ એમ નથી. નહીંતર આ જે મનુષ્યભવ મળ્યો પણ મડદા જેવો છે. કંઈક માતાજી માર્ગદર્શન કરશો.

**પૂજ્ય બહેનશ્રી : માર્ગદર્શનની ક્યાં ખામી છે? પોતાની જ ખામી છે. બહારથી આટલું બધું કર્યું, પણ આટલું બધું કર્યું એટલે એ કાંઈ બહારથી એનું માપ આવતું નથી. એવું તો જીવે ઘણું કર્યું છે. ક્યાંક પોતાનો રસ રોકાય છે, ક્યાંક પોતે રોકાય છે અંદરથી. જે અંદરથી વિભાવથી ન્યારાપણું, અંદરથી જે હૃદય ભીંજાવું જોઈએ ને અંદરથી જે થાવું જોઈએ એ નથી થાતું ત્યાં સુધી થાવું મુશ્કેલ પડે એને. અંતરથી જીવ ક્યાંક રોકાતો હોય છે. ક્યાંક રસ કોઈકમાં રહેતો હોય એટલે એ છૂટો નથી પડતો. બહારથી કરે, બહારથી બેસી જાય, ધ્યાન કરે, સ્વાધ્યાય કરે, પણ અંતરમાંથી એને છૂટું પડવું જોઈએ ત્યાંથી છૂટો પડે. બધો અનાદિકાળનો અભ્યાસ છે. એટલે ક્યાંક રોકાતો હોય છે. જીવ બધુંય કરે છે ક્યાં નથી કરતો? ઘણું કરે છે.**

'યમ, નિયમ સંયમ' એનાથી ઝાઝુ કરે છે બહારથી તો 'પુનિ ત્યાગ વિરાગ અથાગ લિયો, વનવાસ રહ્યો મુખ મૌન રહ્યો, દૃઢ આસન પદ્મ લગાય દિયો.' પદ્માસન લગાવ્યા ને ધ્યાન કર્યું બધું કર્યું, 'સબ શાસ્ત્રકે નય ધાર હિયે' બધા શાસ્ત્રના નય ધારી લીધા બધું કર્યું. 'મત મંડન ખંડન ભેદ લિયો' બધું કર્યું. અંદરમાં કાંઈક રહી જાય છે. અંદર પોતે ક્યાંક રોકાતો હોય છે. અંદરમાં ક્યાંક રસ રહેતો હોય છે. પોતે વિચારવું કે પોતાનો રસ ક્યાં રોકાય છે? ક્યાંક રસ રહેતો હોય છે. ક્યાંક એનો રસ રોકાતો જ હોય છે અંદરમાં. (3-76-9)

**શ્રોતા :** હે માતાજી! પુરું કારણ આપી શકાતું નથી તો કાર્ય ન પ્રગટી શકે?

**પૂજ્ય બહેનશ્રી :** કારણ આપતું નથી તો કાર્ય આવે ક્યાંથી? જે જાતનો સ્વભાવ છે, તે રૂપે પોતે પરિણમતો નથી. અંદરથી જે શાંતિ તો શાંતિ જુદી હોય છે. બહારથી વિકલ્પ શાંત કરીને બેઠો એ કાંઈ શાંતિ નથી એ તો શુભભાવથી એને શાંતિ લાગતી હોય શુભભાવનો આહ્‌લાદ આવતો હોય છે. એને ક્યાંક એનો રસ રોકાતો હોય છે, ક્યાંક એને પ્રમાદ રહેતો હોય છે, બહારથી આટલું કરે કે આટલા કલાક કર્યું કે આમ કર્યું એટલે એને કાંઈ કલાકનું માપ નથી, કોઈ એમ કહે કે આ પંદર મિનિટે આ કર્યું પંદર મિનિટ ધ્યાન કરીને આમ કર્યું એમ કાંઈ થાતું નથી. એ તો અંદરની તૈયારીથી થાય છે. અંદરનું જે એને સહજ એને ચાલતું રહે છે એમાં કાંઈ આટલા કલાક કર્યું એમ માપ નથી હોતું કે આટલા મિનિટો કર્યું.

તો એને સહજ જે ધારા આવે એ ધારાને કાંઈ કાળનું માપ નથી ધારામાં પોતે જ આગળ જાય અંદરથી. અંદરની જે એની જ્ઞાયકની ધારા ચાલવી જોઈએ, ધારા પોતાથી ચાલવી જોઈએ બહારથી શાંતિ તો એને અમુક વિકલ્પ બહારથી અમુક મંદ કર્યા તો શાંતિ જેવું લાગે એને. એનું હૃદય અંદરથી ભેદાવું જોઈએ. અંદરથી એને ક્યાંય રસ ન હોય. એની એટલી આ જ્ઞાયકને ઓળખવાની અંદરથી એટલી અંદર ઉદાસીનતા અંતરથી કાંઈક આવવી જોઈએ અંતરમાંથી. બહારથી બધું છૂટી જાય એવું ન હોય. પણ અંતરમાંથી આવવું જોઈએ.

વાંચન કરે, પણ એ ન થાય ત્યાં સુધી વાંચન કરે, સ્વાધ્યાય કરે, ધ્યાન કરે પણ આટલું કર્યું ને કેમ નથી થાતું એ પોતે ભાવના ભાવે પણ પોતે જ રોકાય છે. ક્યાંક ક્યાંક રોકાતો જ હોય છે. ક્યાંક રસમાં રોકાય છે. બહારનો કાંઈ રસ છે અંતરમાં. પોતે વિચારી જોવે કે શેનો રસ છે, એ? (3-76-10)

**શ્રોતા :** ખ્યાલમાં આવી જાય કે મને આનો રસ છે ...

**પૂજ્ય બહેનશ્રી :** એ ખરો જિજ્ઞાસુ હોય તો ખ્યાલમાં આવે કે હું ક્યાં રોકાઉં છું. જિજ્ઞાસુને ખરા જિજ્ઞાસુને ખ્યાલમાં આવે, બાકી જેને ઉતાવળ કરવી છે, કે કરવું

જ છે. ના, ના, મને કાંઈ નથી મને કરી દે હોય તો ન પકડાય. ખરી લાગી હોય કે મારે આત્માનું કરવું જ છે યથાર્થપણે, કે ક્યાં હું જાઉં છું? એ ખરું એને પકડવું હોય તો પકડી શકે એવી એટલીવાર બેઠો એમાં ક્યાં પોતે જાય છે? એટલી વારમાં એ વિચારે તો ખબર પડે. એના પરિણામ ક્યાં જાતા હોય છે? જ્ઞાયકની કેટલી ધારા ચાલે છે? કેટલો ન્યારો પડે છે? કેટલું એને અંદર દ્રવ્ય ઉપર દૃષ્ટિ ને ક્યાં ક્યાં ન્યારો પડે છે. વિભાવોથી કેટલો છૂટો પડે છે. પોતે જોવે તો ખબર પડે. એમ અહીંયા અમુક કલાક બેઠો એટલે થઈ જાય એવું નથી. એ તો શરીર બેઠું રહે પણ અંદર શું થાય છે, એ પોતાને જોવાનું રહે છે.

'વસ્તુ વિચારત હૈ મનસે, કછુ ઔર રહા ઉન સાધનસે' એના સાધનમાં કાંઈ જુદું જ રહી જાય છે. અંતરની પરિણતિ પોતાની કામ કરવી જોઈએ અંદરથી જુદી પડી તો થાય. એટલો ઊંડો ઉતરતો નથી, એટલો પોતાને ગ્રહણ કરતો નથી, પોતાને પોતે પ્રગટ કરવો છે, એટલે પોતાને ગ્રહણ કરે તો થાય. પોતાને જ્ઞાયકને ગ્રહણ કરવો જોઈએ, ભેદજ્ઞાનની ધારા હોય તો જ છૂટો પડે છે. ભેદજ્ઞાનની ધારા રહેતી નથી, પોતે જોવે તો ખબર પડે. ધારા કોઈ ચાલતી નથી! કેવી રીતે છૂટો પડે? માત્ર વિકલ્પ શાંત કરવાથી કાંઈ છૂટો પડતો નથી. એ તો વિકલ્પ શાંત થાય ને શાંતિ શાંતિ લાગે એને. 'હું જ્ઞાયક છું .... જ્ઞાયક છું' કર્યા કરે પણ તોય તે અંદર પણ પરિણતિ પ્રગટ કરવાની એ તો કાંઈ અંદર ન્યારાપણું આવે તો થાય છે. ખરો તો 'હું જ્ઞાયક છું મારામાં કાંઈ નથી,' કાંઈ નથી એમ કર્યા કરે તોય ન થાય એમને એમ યથાર્થપણે ગ્રહણ કરે તો થાય. એટલી એકત્વબુદ્ધિ અનાદિની થઈ ગઈ છે. પુરુષાર્થ ઘણા કરે છે, ભાવના કરે છે, પણ કરવાનું અંદર પોતે જ રોકાય છે પોતાની પરિણતિમાં રોકાય છે. એનું હૃદય ભિંજાવું જોઈએ અંદરથી, તત્ત્વને ગ્રહણ કરવાની અંદરથી તાલાવેલી કોઈ જુદી લાગે અંદરથી. (3-76-11)

**શ્રોતા :** માતાજી! ......

**પૂજ્ય બહેનશ્રી : એ ઘણું લાગે પણ ઘણું નથી**

**શ્રોતા :** અમારી ગણતરીમાં માતાજી અમારી ભૂલ છે.

**પૂજ્ય બહેનશ્રી :** વિકલ્પમાં થાય છે. અંદરથી થાવું જોઈએ એ થાતું નથી. એ કરનારને આકુળતા ન હોય, ધીરજ હોય, શાંતિ હોય, જ્ઞાયકને ગ્રહણ કરે પછી થાય છે મારા પુરુષાર્થની ખામી છે, આ રીતથી થાય છે. ગુરુદેવે માર્ગ બતાવ્યો, એમ પોતે ગ્રહણ કર્યા કરે. નથી થાતો એ મારો દોષ છે. હું જ રોકાણો છું એમ પોતે પોતાને ગ્રહણ કરવું જોઈએ એને. બધું છૂટી જાતું નથી. પણ અંતરમાંથી તેને એવો પલટો

આવવો જોઈએ કે બસ મારે કાંઈ નથી જોઈતું. એટલો અંદરથી પલટો પહેલો તો એને જોરદાર આવવો જોઈએ. અને પછી બધું છૂટી નથી જાતું. રાગ પણ અંદર રાગનો રાગ છે બધો અંતરમાંથી એવો પલટો આવે કે બસ, કાંઈ નહીં એક આત્મા સિવાય કાંઈ જોઈતું જ નથી એક આત્મા સિવાય. એટલી અંદરથી લાગવી જોઈએ. (3-76-12)

**શ્રોતા :** બધું પુરું પાડી દે છે.

**પૂજ્ય બહેનશ્રી :** હાં એટલી અંદરથી કોઈ નથી કોઈનો આશ્રય નથી કાંઈ નથી કોઈ સુખરૂપ નથી. અંતરમાં એક આત્મા સિવાય બીજે ક્યાંય એની દૃષ્ટિ ટકતી નથી અંદરથી. એટલું અંદરથી ભલે કોઈને લાંબાકાળે થાય કોઈને અંતર્મુહૂર્તમાં થાય પણ છૂટી જાવું જોઈએ અંતરથી બધુંય. કાંઈ નથી મારું, (મારો કોઈ સ્વભાવ નથી.) બધું એક રજકણથી માંડીને બધું બહારમાં, ને અંદરમાં બધુંય. (3-76-13)

**શ્રોતા :** ....સ્વભાવને.......... આત્માને...

**પૂજ્ય બહેનશ્રી :** પૂરેપૂરી શ્રદ્ધા થાવી જોઈએ ને! અંદરથી સ્વાનુભૂતિ થવા માટે અંતરમાંથી એટલું ન્યારાપણું આવવું જોઈએ. શ્રદ્ધા તો થાય છે. ન્યારાપણું આવ્યા વગર થાય નહીં. છૂટી ભલે ને જાય. છૂટી ન જાય પણ અંતરમાંથી એને એટલું અંદરથી આવવું જોઈએ ન્યારાપણું. બધી જાતનો રસ છૂટી જવો જોઈએ અંદરથી. કંઈ કેવળજ્ઞાન થવામાં એક સૂક્ષ્મ પણ રાગ હોય તો કેવળજ્ઞાન થાતું નથી. ત્યારે કેવળજ્ઞાન થાય છે કારણ કે એ પૂર્ણ વીતરાગ થાય છે.

તો આ અનાદિકાળની એકત્વબુદ્ધિ છે ત્યાં એક એક અંશ ક્યાંય પણ રોકાણો હોય ન્યાં એકત્વબુદ્ધિમાં તો અહીંયા આત્મા અહીંયા પ્રગટ થાતો જ નથી. એ અહીંયા આંખમાં એક કણ સમાતું નથી. એમ એ અંદર એક જરાય કાંઈ સમાય એમ નથી. ન્યાં કાંઈ સ્વભાવ સ્વભાવનું કામ કરે છે. સ્વભાવ જે હશે એ એમ એના એના જે સ્વભાવ છે, એ જ રીતે પ્રગટ થાશે. જુદી રીતે કોઈ રીતે પ્રગટ થવાનું નથી. (એકત્વબુદ્ધિમાં ગમે ન્યાં ક્યાંક ઊભો રહેતો હોય તોય સ્વભાવ પ્રગટ થશે નહીં). અંદરમાંથી છૂટી જાવું જોઈએ બધું. અંતરમાંથી શ્રદ્ધા પહેલાં આવે પણ સ્વાનુભૂતિની પરિણતિ પ્રગટ કરવામાં એ સ્વરૂપાચરણ તરીકે થાય પ્રગટ થાય છે, પણ છૂટી જાવું જોઈએ બધુંય એની પરિણતિમાંથી. શુભનો એક એને મુનિપણું લીધું ગમે એ લીધું પણ ક્યાંક શુભની રુચિ રહી જાય છે તો એ શુભની રુચિને લઈને આગળ નથી જઈ શકતો તેથી સમ્યગ્દર્શન થાય નહીં. (3-76-14)

શ્રોતાઓ : ભગવતી માતનો જય હો....
માતાજીની અમૃતવાણીનો જય હો....

* * *

## પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી, ભાગ-૩

# તત્ત્વચર્ચા - ૭૭

**શ્રોતા :** ......દશાથી વિચારવાનું કે કેવળજ્ઞાનની અંદર સૂક્ષ્મ રાગ હોય તોય કેવળજ્ઞાન ન થાય.

**પૂજ્ય બહેનશ્રી : કેવળજ્ઞાન ન થાય.**

**શ્રોતા :** એમ આમાંય કાંઈ રસ હોય તો...

**પૂજ્ય બહેનશ્રી : ક્યાંક રસ હોય તો સમ્યગ્દર્શન થાતું નથી. એ શ્રદ્ધાને લગતું જે હોય.. એમાં ક્યાંય પણ જો ખામી હોય તો સમ્યગ્દર્શન થાતું નથી. એકત્વબુદ્ધિનો રસ ક્યાંક હોય તો સમ્યગ્દર્શન થાતું નથી. ભાવના કરવી, સ્વાધ્યાય કરવો, એમાં વાંધો નહીં, પણ પછી થાતું નથી. થાતું નથી કરીએ અને ઉતાવળ કરીને ગમે ત્યાં માની લેવું એનું એ કાંઈ સમાધાન નથી. એ કાંઈ એનું પછી ફળ ન આવે. એના કરતાં એમ રાખે તે હું જ્ઞાયકને ગ્રહણ કરું, વિચાર કરું, તત્ત્વના વિચાર કરું, સ્વાધ્યાય કરું પછી એમ ભાવના પ્રગટ થાય એમ જ્ઞાયકને વારંવાર યાદ કરવો એમ કરી પુરુષાર્થ કરું પણ નથી થયું ત્યાં સુધી ઉતાવળથી માની લે તો નુકશાન થાય છે. ભાવના કરે તો આગળ જવાનો અવકાશ રહે છે, એને. (3-77-1)**

**શ્રોતા :** ભાવનામાં ધીરજથી બધા પાસાનો વિચાર કરી અને જેટલી.....

**પૂજ્ય બહેનશ્રી : પોતાની ખામી હોય એને ધ્યાન રાખે કે મને પોતાને ખામી છે. મારે આગળ જાવું જ છે. મારે આત્માને જ પ્રગટ કરવો જ છે, પણ પુરુષાર્થની ખામી છે તો એ પ્રમાણે અહીંયા એ રીતે પોતે ઊભો રહેતો રહેતો એમ આગળ જવાનો પ્રયાસ કરે છે. આગળ જવાનો પ્રયાસ કરે છે. આગળ ન જવાતું હોય તો એમાં દેવ, ગુરુ, શાસ્ત્ર તત્ત્વના વિચારો એમાં રોકાય છે અને ભાવના જ્ઞાયકની રાખે છે.(3-77-2)**

**શ્રોતા :** શું કામ લાગે છે પોતે પ્રયત્ન કરે ત્યારે એમ લાગે કે આ અઘરું છે. આપ પ્રગટ કરો છો તો કેટલું હસ્તાવલંબન લાગે છે અમે પોતે કરીએ છીએ ત્યારે તો માતાજી કહે છે આપણા માટે તો ઘણું અઘરું છે, એટલે આપ જે કહો છો ને ધીરજથી..

**પૂજ્ય બહેનશ્રી : ધીરજથી કરવાનું છે, એમ. ન થાય તો મુંઝાવું નહીં એમ, એની ભાવના એનું જ્ઞાયકનું વારંવાર રટણ કર્યા કરવું, વિચાર કર્યા કરવા પણ મુંઝાવું નહીં એમાં ઉતાવળ કરવાનો કાંઈ અર્થ નથી. અનાદિનો અભ્યાસ છે, એટલે એને અઘરું લાગે, એકત્વનો અભ્યાસ થઈ જાય છે, એટલે અઘરું લાગે છે, પણ પોતાનો**

**સ્વભાવ છે અઘરું નથી પણ એ અઘરું થઈ પડ્યું છે, એકત્વબુદ્ધિને લઈને, સ્વભાવ છે પોતાની સમીપ જ છે બહાર કાંઈ ગોતવા જાવું પડે એવું નથી. પરાધીન નથી. કોઈ આપે તો થાય એવું પણ નથી, પોતાની આગળ છે, પણ પોતે પુરુષાર્થની ખામીને લઈને કરી શકતો નથી. એટલી બધી બાહ્યદૃષ્ટિ એની થઈ ગઈ છે, એટલે અંતરમાં જઈ શકતો નથી. સ્થૂળતામાં ચાલ્યો જાય છે. (3-77-3)**

**શ્રોતા :** આપ કહો છો ક્યાંક ને ક્યાંક રસ રોકાયેલો છે.

**પૂજ્ય બહેનશ્રી : ક્યાંક ક્યાંક રસ રોકાયેલો પડ્યો છે.**

**શ્રોતા :** છતાને અછતો કરી નાખે.

**પૂજ્ય બહેનશ્રી : અછતો કરી નાખે, હું છું પોતે છે, એને દેખતો નથી. પોતે પોતાને દેખતો નથી. આશ્ચર્યની વાત છે. થઈ શકે એમ છે. જેને થાય એને અંતર્મુહૂર્તમાં થાય છે. ઉગ્ર પુરુષાર્થ કરે તો છ મહિનામાં થાય છે, પણ એ પુરુષાર્થ એનો જુદો હોય છે. છ મહિનામાં કરનારને, જુદો એકદમ તીવ્રપણે હોય છે. (3-77-4)**

**શ્રોતા :** (૧૪૧ થી ૧૪૪ સમયસાર ગાથા) પક્ષાતિક્રાંતની જે વાત થઈ સર્વ ..... નયપક્ષોને છોડીને, સર્વ નયપક્ષોને સમસ્ત એટલે જે દ્રવ્યાશ્રિત.... દ્રવ્યાશ્રિતનય છે. સમસ્ત નયને છોડવાના છે કે જે શુદ્ધનયનો આશ્રય લે છે.

**પૂજ્ય બહેનશ્રી : બધે વિકલ્પાત્મક પક્ષ બધે છોડી દેવા. વિકલ્પવાળા નયપક્ષ છે ને! હું શુદ્ધ છું, અશુદ્ધ છું, મૂઢનય-અમૂઢનય બધા આવે છે ને એ બધા પક્ષને રાગમિશ્રિત પક્ષાતિક્રાંત છે. નય પોતે આત્માને ગ્રહણ કર્યો છે ઈ જે શુદ્ધ પરિણતિને શુદ્ધનયને ગ્રહણ કર્યો છે. વિકલ્પ વગર એની વાત નથી. વિકલ્પવાળા પક્ષને છોડીને. વિકલ્પ પક્ષાતિક્રાંત રાગમિશ્રિત ભાવ છે, એને છોડવાની વાત છે. શુદ્ધ ને અશુદ્ધ એક ને અનેક એમ એ એની વાત છે. હું એક છું, એક અનેક છે, કોઈ અપેક્ષાએ એક છે, કોઈ અપેક્ષાએ અનેક છે, એમ નક્કી કરે વિચારોથી, પણ એ ને એ વિચારોમાં રોકાઈ જાય એ તો વિકલ્પ, વિકલ્પાત્મક છે, એ વિકલ્પમાં રોકાવાથી પક્ષો થાય છે. એક આત્માને ગ્રહણ કરીને આત્માને જે શુદ્ધ ગ્રહણ કરે એને એમાં પર્યાયમાં અશુદ્ધતા બધું જ્ઞાનમાં ખ્યાલ છે. એને ગ્રહણ કરીને એમાં ઠરી જાવું એ નિર્વિકલ્પ છે. એ રાગવાળા પક્ષની વાત છે. નિર્વિકલ્પ જે શુદ્ધ પરિણતિ ને શુદ્ધ નિર્વિકલ્પ છે નિર્વિકલ્પ છે, એની વાત નથી વિકલ્પવાળાની વાત છે. (3-77-5)**

**શ્રોતા :** શુદ્ધનયનો આશ્રય જે છે....

**પૂજ્ય બહેનશ્રી : શુદ્ધનયનો આશ્રય જે છે ઈ છોડવાનું નથી કીધું મેં. આશ્રય છોડવાનો નથી, વિકલ્પ છોડવાનો છે. 'હું શુદ્ધ છું' એ આશ્રય છોડવાનો નથી. વિકલ્પ**

છોડવાનો છું. 'હું શુદ્ધ છું' તે પણ વિકલ્પ છે. એ રાગવાળો વિકલ્પ છોડવાની વાત છે. શુદ્ધનો આશ્રય છોડવાની વાત નથી. એની સાથે રાગ છે, ને એ રાગ છૂટી જાય તો શુદ્ધનો આશ્રય રહી જાય છે. વિકલ્પ છૂટી જાય છે. આશ્રય એનો રહેવાથી શુદ્ધ પરિણતિ પ્રગટ થાય છે, એને સ્વાનુભૂતિ પ્રગટ થાય છે. એને પણ શુદ્ધનય કહેવામાં આવે છે, પણ નિર્વિકલ્પ છે, એ. આ વિકલ્પવાળા નયની વાત છે. પક્ષાતિક્રાંત ......

(3-77-6)

**શ્રોતા :** કુલાચલના, સ્વર્ગના એ અનાદિ અનંત એમને એમ જ પર્યાય ને?

**પૂજ્ય બહેનશ્રી : એમને એમ અનાદિ અનંત શાશ્વતા છે.**

**શ્રોતા :** એનું રૂપ કોઈ દિવસ બદલે નહીં ને કાંઈ?

**પૂજ્ય બહેનશ્રી : પરમાણું આવે ને જાય મૂળ તો એમનું સ્વરૂપ જેમ છે, એમ.**

**શ્રોતા :** અનાદિ અનંત

**પૂજ્ય બહેનશ્રી : અનાદિ અનંત શાશ્વતા.**

**શ્રોતા :** ગમે તેવો કાળ આવે તોય?

**પૂજ્ય બહેનશ્રી : ગમે તેવો કાળ આવે તોય એ શાશ્વતા, એમાં ફેર ન પડે.**

**શ્રોતા :** એટલે એ.....

**પૂજ્ય બહેનશ્રી : એમાં પરમાણુ કોઈ ફેરફાર કાંઈ એ જે છે શાશ્વત એમાં એના જે સ્કંધો છે અનાદિ એ કંઈ ફરે નહીં. અંદર પરમાણુ આવે ને જાય બસ.**

**શ્રોતા :** એ પરમાણુનો તો સ્વભાવ એટલે તો ફર્યા કરે....

**પૂજ્ય બહેનશ્રી : એ તો ફર્યા કરે. બાકી અનાદિ શાશ્વત. જગતમાં જેમ ભગવાન તીર્થંકરો અમુક શાશ્વતા જ હોય છે, એમ આમ પ્રવાહરૂપે ... વિદેહક્ષેત્રમાં કોઈ દિવસ ભગવાનનો વિરહ નથી હોતો.**

**શ્રોતા :** એટલે આ એનું પ્રતીક જ?

**પૂજ્ય બહેનશ્રી : હાં જેવા ભગવાન છે, એવા જ શાશ્વતા મંદિરો હોય છે ભગવાનના. વિદેહક્ષેત્રમાં કોઈ દિવસ સીમંધર ભગવાન આદિ વીસ વિહરમાન ભગવાન બિરાજે છે, એમ પ્રવાહરૂપે એમને એમ વિરહ હોય જ નહીં.**

**શ્રોતા :** કોઈ દિવસ વિરહ ન હોય?

**પૂજ્ય બહેનશ્રી : વિરહ ન હોય એમાં મંદિરો ભગવાનના જે રતનના અને જે ભગવાન એ બધું શાશ્વત હોય છે. એ શાશ્વત હોય છે. ભગવાન મહિમાવંત જગતમાં સર્વોત્કૃષ્ટ છે, એમ મંદિરો કુદરત પણ એ રૂપે પરિણમી રહી છે. કુદરત પુદ્ગલના સ્કંધો પણ ભગવાનરૂપે પરિણમી રહ્યા છે.**

**શ્રોતા :** એમાંથી બોધ અમારે લેવાનો, બરાબર ને?

**પૂજ્ય બહેનશ્રી : એ જગતમાં ભગવાન સર્વોત્કૃષ્ટ છે. કે કુદરત પણ એ રૂપે પરિણમી રહી છે.**

**શ્રોતા :** એ આત્મા શાશ્વત છે, એમાંથી....

**પૂજ્ય બહેનશ્રી : આત્મા શાશ્વત છે.**

**શ્રોતા :** એ આપે નંદીશ્વરની રચના કરી એટલે આમ બધા

**પૂજ્ય બહેનશ્રી : આવ્યા એટલે એમ થઈ ગયું બધાના.... (આપની પ્રેરણા, આપનું માર્ગદર્શન...) બધાની ભાવના થઈને નંદીશ્વર ને નંદીશ્વર થઈ ગયું. એ તો આવે છે ને નંદીશ્વરનું વર્ણન ઘણું આવે છે.**

**શ્રોતા :** કેટલા મોટા એ તો મંદિરો હશે ને?

**પૂજ્ય બહેનશ્રી : એ આવે છે પાંચસો ધનુષના ભગવાન એ પ્રમાણે મંદિરો હોય ને!**

**શ્રોતા :** એ પ્રમાણે હોય ને મંદિરો, એકસો આઠ પાછા હોય ને?

**પૂજ્ય બહેનશ્રી : એકસો આઠ પ્રતિમાઓ હોય છે.**

**શ્રોતા :** એટલા માટે જેમ જેમ સમ્યગ્દર્શન થાય છે, એમ ધવલમાં પાઠ ગુરુદેવ બહુ કહેતા ને! અમને ગુરુદેવ આપના દર્શનથી અમને પણ એવું જ નિમિત્ત આપનું પામવા માગીએ છીએ.

**પૂજ્ય બહેનશ્રી : ભગવાનની 'જિનપ્રતિમા જિનસારખી', ભગવાનની જુદી વાત છે. ભગવાન શાશ્વતા હોય જિનપ્રતિમા જેમ જે ભગવાનનું દશ્ય બતાવી રહ્યું છે, કે ભગવાન આવા હોય તે સમ્યગ્દર્શનનું કારણ બને છે પોતાનું ઉપાદાન તૈયાર થાય તો.**

**શ્રોતા :** તો ત્યારે જ આમ બને ને ઉપાદાન તૈયાર હોય તો.

**પૂજ્ય બહેનશ્રી : પણ નિમિત્ત આવું પ્રબળ હોય છે, એમ. એમ નિમિત્ત સમ્યગ્દર્શનનું નિમિત્ત બને છે, એનું. જેમ સમ્યગ્દર્શન થાય ત્યારે સાક્ષાત્ દેવ-ગુરુ હોય છે, એ તો એવો નિમિત્ત-ઉપાદાનનો સંબંધ હોય છે, એમની વાણી સાક્ષાત્ સાંભળે તો થાય છે, એમ નિમિત્ત ઉપાદાનનો સંબંધ છે, એમ જિનપ્રતિમા પણ એક સમ્યગ્દર્શનનું કારણ બને છે. પહેલાં-વહેલાં તો સાક્ષાત્ ભગવાનની વાણી ને સાક્ષાત્ ગુરુદેવ, પહેલું સમ્યગ્દર્શન થવું જોઈએ.. (3-77-7)**

**શ્રોતા :** આ તો પછી હોય ને બીજા ભવમાં...

**પૂજ્ય બહેનશ્રી : હાં જિનપ્રતિમા સમ્યગ્દર્શનનું કારણ બને છે નિમિત્ત બને છે.**

**શ્રોતા :** મૂળ તો સાક્ષાત્ યોગ જ.

**પૂજ્ય બહેનશ્રી : મૂળ અનાદિનું જે થાય સાક્ષાત્, સાક્ષાત્ વાણી ભગવાનની મળે, ગુરુની મળે, પણ જિનપ્રતિમા જિનસારખી એમ આવે છે.**

**શ્રોતા :** ઈ ન થાય અને નિમિત્ત વગરે ન થાય એવો યોગ છે ને

**પૂજ્ય બહેનશ્રી : એવું છે નિમિત્ત-ઉપાદાનનો સંબંધ છે. નિમિત્ત કરી દેતું નથી પણ નિમિત્ત હોય છે. એવું હાજર હોય છે. ઉપાદાન તૈયાર થાય એને એ એવી જાતનું નિમિત્ત હોય છે. નિમિત્ત મળી જાય છે.**

**શ્રોતા :** જિનમંદિરમેં શાંતિનાથ ભગવાન કે પૂર્વભવકા ચિત્ર હૈ. ઉસમેં બીસ તીર્થંકરમેં તો સીમંધરાદિ નામ આતે હૈ. ઉસમેં ક્ષેમંકર ઔર ઘનરથ તીર્થંકરકા નામ લેતે હૈ.

**પૂજ્ય બહેનશ્રી : એ તો પછી જ્યારે સારો કાળ હોય ને ત્યારે દરેક ક્ષેત્રમાં ભગવાન હોય છે. અત્યારે વીસ વિહરમાન ભગવાન હોય, પણ જ્યારે સારો કાળ હોય ત્યારે જઘન્ય વીસ પણ ઉત્કૃષ્ટ ભગવાન હોય દરેક ક્ષેત્રમાં ભગવાન હોય. એ ક્ષેમંકર ને બધા ધનરથ તીર્થંકર, ક્ષેમંકરનાથ તીર્થંકર એમ નામ આવે છે. (3-77-8)**

**શ્રોતા :** બધાય ભાગમાં હોય ને આઠે આઠમાં

**પૂજ્ય બહેનશ્રી : દરેક ભાગમાં હોય પુષ્કલાવતી એક એવા ૩૨ વિજયો છે, એ દરેક વિજયમાં ભગવાન હોય. દરેક વિજય વિજયમાં ભગવાન હોય છે. મહાવિદેહક્ષેત્રમાં બત્રીસ વિજય છે, એ દરેક વિજયમાં ભગવાન હોય છે એ રીતે પૂર્વ વિદેહ, પશ્ચિમ વિદેહ એવી રીતે હોય ને! પૂર્વ વિદેહ, પશ્ચિમ, ધાતકીખંડમાં પૂર્વ અને પશ્ચિમ અને પુષ્કર દ્વીપમાં પૂર્વ-પશ્ચિમ એવી રીતે ૩૨-૩૨ વિજય હોય દરેકમાં ભગવાન હોય. એટલે ભગવાન કોઈ ૧૭૦ હોય છે ઉત્કૃષ્ટ હોય ત્યારે. દરેક વિજયમાં હોય ઈ વખતે જ્યારે સારો કાળ એકદમ ઉત્સર્પિણી અહીં કાળ સારો હોય ત્યારે ભરતક્ષેત્રમાં ભગવાન હોય, ઐરાવતમાં હોય બધે હોય, જેટલા ભરત, ઐરાવત બધામાં અને દરેક વિજયની અંદર દરેકમાં ભગવાન હોય. એટલે એ બધા નામ વિજય આવે ને ક્ષેમંકર ને ધનરથ ને તીર્થંકર. (3-77-9)**

**શ્રોતા :** એમ કરીને ૧૭૦...

**શ્રોતા :** તો ભગવાનકી દિવ્યધ્વનિ સુનિ હોગી ઔર ગણધરને ભી ચર્ચા કી હોગી ગણધરોંસે. તો વહાં તો મુખ્ય ગણધર કૌન થે જબ કુંદકુંદાચાર્યસે પ્રશ્નોત્તરી કરી હોગી.

**પૂજ્ય બહેનશ્રી : ગણધર તો હોંગે ને મુખ્ય ગણધર કૌન હોંગે? ક્યા ગણધર હોવે ન્યાં. શાસ્ત્રો રચે. અને આ બધા ભરતક્ષેત્રમાં ઉપકાર કર્યો, ગુરુદેવે એના રહસ્યો ખોલ્યા. એ શાસ્ત્રોમાંથી રહસ્યો કોણ જાણતું હતું? ગુરુદેવ બધા રહસ્યો ખુલ્લા કર્યા. 'સમયસાર' હતું તો કોઈ જાણતું નહોતું. ક્રિયામાં બધા પડેલા હતા. ગુરુદેવે રહસ્ય ખોલ્યા એ તો વચ્ચે સુકાળ આવી ગયો. (3-77-10)**

**શ્રોતા :** મર્મ કોઈ નહીં જાનતા થા ગુરુદેવશ્રી ફરમાતે થે કે ગણેશપ્રસાદજી વર્ણીકો ટીકા મોઢેસે સહી યાદ થા 'સમયસાર' પણ ઉનકો જબ પ્રશ્ન પૂછે ગુરુદેવને ઇસરીમેં...

**પૂજ્ય બહેનશ્રી : કોઈ ક્યાંય અટકે. કોઈ ક્યાંય અટકે, ચારે બાજુથી માર્ગને ચોખ્ખો કરી દીધો છે. એટલું સ્પષ્ટ કરી દીધું છે. નહીંતર બધામાં નિમિત્ત કરી દે છે, એમ માનતા હતા. ઉપાદાન તૈયાર થાય તો થાય. નિમિત્ત નિમિત્ત નથી તારામાં પણ ઉપાદાન તૈયાર થાય ત્યાં નિમિત્ત હોય છે. પાછી બધી સંધિ સમજાવી છે. દ્રવ્ય, ગુણ, પર્યાયની બધી કર્તાકર્મની બધી સંધિ ગુરુદેવે સમજાવી છે. (3-77-11)**

**શ્રોતા :** આવી સ્પષ્ટતા તો હતી જ નહીં કાંઈપણ ખબર જ ક્યાં હતી? ક્રિયાકાંડમાં ધર્મ માની બેઠા હતા બધા.

**પૂજ્ય બહેનશ્રી : શુભભાવ હોય તો થાય ને; એવું માનતા કાંઈક શુભ તો જોઈએ ને એવું!**

**શ્રોતા :** વજન બધું શુભ ઉપર....

**પૂજ્ય બહેનશ્રી : શુભ ઉપર જાતું હતું...... ટેપ ને બધું ચાલે છે ને મંદિરો છે, એટલે બધાને ધર્મમાં બધું શાસ્ત્રસ્વાધ્યાય બધું છે, પણ બધા એમ કહે છે, કે અહીં આવીયે ત્યાં જુદું લાગે છે.**

**શ્રોતા :** અહીં જેવું ક્યાંય નથી.

**પૂજ્ય બહેનશ્રી : ગુરુદેવના પ્રતાપે એવી રીતનું એનું બધો સરસ એકરૂપ થઈ ગયું છે અહીંયા. એને લઈને તીર્થ જેવું થઈ ગયું છે. બધે વિહાર કરી કરીને અહીં જ આવે. (......) થોડો ટાઈમ વિહાર કરે અને પછી અહીં આવે. (અને આપ તો પાછા અહીં જ) પહેલાં શરૂઆતમાં તો ક્યાંય વિહાર જ નહોતો. થોડા વર્ષો નહોતો. પછી વિહાર ચાલુ થયો તો થોડા થોડા મહિમામાં પછી જાત્રા કરી એટલે થોડા વધારે મહિના**

**જાય પણ અહીં કાયમ તો અહીં જ રહેવાનું. મહા ભાગ્યની વાત છે, કે આ કાળની અંદર એવો યોગ બન્યો મહા મુશ્કેલની વાત છે.**

**.... ઉપયોગ બધો ભેગો થઈ ગયો છે, એકત્વબુદ્ધિમાં એટલે એને છૂટું પડતું નથી ઉપયોગની હારે હારે બધું એમ ભેગું થઈ ગયું છે ને એટલે અંતર્મુહૂર્ત અંતર્મુહૂર્તમા ઉપયોગ પલટાય છે, એટલે એને સ્થિર થાવું અને જ્ઞાયકને જુદો પાડવો, દૃષ્ટિને જુદી પાડવી મુશ્કેલ પડે છે. જ્ઞાયકની દૃષ્ટિ સ્થિર રાખવી એમાં ઉપયોગને બધું એકત્વ થઈ ગયું છે, એટલે એને બહુ મુશ્કેલ પડે છે. એમાં એને દુર્લભ લાગે છે, પણ છે પોતાનું જ. પણ એ થઈ શકે એવું છે છતાં પણ એને મુશ્કેલ પડે છે, કે ગમે એટલું કરીએ તોય થાતું કેમ નથી? ઉપયોગની હારે હારે પોતે અંદર એકત્વ થાતો જાય છે. છૂટો પડતો નથી. (3-77-12)**

**શ્રોતા :** .......

**પૂજ્ય બહેનશ્રી : .... દૃષ્ટિનો ઉપયોગ. જ્ઞાયક ઉપર દૃષ્ટિ રાખે ઉપયોગની હારે જોડાતો અંતર્મુહૂર્ત અંતર્મુહૂર્તે ઉપયોગ પલટાય છે. જ્ઞાયકનું રટણ કરે છે, પણ જ્ઞાયકના રટણની અંદર દૃષ્ટિ સ્થિર રાખી શકતો નથી. વિચાર કરે ને ઉપયોગ અંદર રુચિ હોય, પણ રુચિ પોતે જ્ઞાયક તરફ રહી ને ઉપયોગની સાથે એકત્વબુદ્ધિ કરતો કરતો બધે જોડાય તે એણે વિચારથી નક્કી કર્યું હોય છે, એ કાર્યરૂપ આવતું નથી ને ઉપયોગ સાથે એકત્વ કરતો કરતો પલટાયા કરે છે, એટલે એને એમ થાય છે, કે હું સ્થિર નથી રહી શકતો. (3-77-13)**

**શ્રોતા :** એટલે રુચિનું બળ સાથે હોય તો ઉપયોગ આપોઆપ સાથે કામ કરે.

**પૂજ્ય બહેનશ્રી : રુચિ એની એટલી અંદર જોઈએ, પોતાનો પુરુષાર્થ જોઈએ, રુચિ પડી ગઈ તો કામ ન આવે કાર્યરૂપે કરી શકતો નથી. ઉપયોગમાં એકત્વ થાતો થાતો અંતર્મુહૂર્તમાં પલટાયા કરે છે.**

**શ્રોતા :** દૃષ્ટિ એની હારે હારે હાલે છે....

**પૂજ્ય બહેનશ્રી : હારે જાય છે.**

**શ્રોતા :** એટલે કામ થાતું નથી અમે બહુ કરીએ તોય થાતું નથી. બહુ શું કર્યું જ ન હોય ક્યારેય.

**પૂજ્ય બહેનશ્રી : અંતર્મુહૂર્ત અંતર્મુહૂર્તમાં ઉપયોગ પલટાય ને વારેવારે પોતા તરફ લાવે છે, કે હું જ્ઞાયક છું...જ્ઞાયક છું એમ કર્યા કરે પછી ઉપયોગ તો પલટાય એટલે થાકી જાય છે.**

**શ્રોતા :** હાં થાકી જાય એટલે પછી ઓલું થાય નહીં અને આ પણ થાતું નથી.

**પૂજ્ય બહેનશ્રી : થાકી જાય છે.**

**શ્રોતા :** આપની તો લાઈન જ અદ્‌ભૂત જુદી જ છે. બુદ્ધિ નિરાળી છે.

**પૂજ્ય બહેનશ્રી : જ્ઞાયકમાં સ્થિર રાખી શકતો નથી. ઉપયોગ પલટાય, પલટતો જાય છે, તેમ થાતો નથી, થાકી જાય છે, પણ અંદર ભાવના જોરદાર હોય તો રુચિ અનુયાયી વીર્ય. રુચિ પ્રમાણે પુરુષાર્થ કામ કર્યા વગર રહેતો નથી. (3-77-14)**

**શ્રોતાઓ : ભગવતી માતનો જય હો....**
**માતાજીની અમૃતવાણીનો જય હો....**

* * *

## પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી, ભાગ-૩
# તત્ત્વચર્ચા - ૭૮

**શ્રોતા :** ...

**પૂજ્ય બહેનશ્રી : દૃષ્ટિ ત્યાં જ્ઞાયક ઉપર રાખવી અને ઉપયોગ અભેદ દ્રવ્ય ઉપર રાખવો ....... ઉપયોગ કર્યા કરે ને પછી અંતરમાં પોતે જ્ઞાયકની દૃષ્ટિ રાખે અને વારંવાર પુરુષાર્થ કરે તો થાય પુરુષાર્થ કર્યા વગર થાતું નથી. પુરુષાર્થ કરે વારંવાર પોતે એમાં જ ખેંચાઈ જાય છે અનાદિનો, એનાથી છૂટો પડતો નથી. જ્ઞાયક ઉપર દૃષ્ટિ જુદી રાખી શકતો નથી. (ભલે પૂછે, એમાં કાંઈ વાંધો નહીં.) જેનાથી છૂટો રહી શકતો નથી. એટલે વારંવાર એમાં ખેંચાઈ જાય છે. એકત્વબુદ્ધિમાં ચાલ્યો જાય છે.(3-78-1)**

**શ્રોતા :** વિકલ્પો બહુ આવે છે, પણ ...

**પૂજ્ય બહેનશ્રી : એ પોતાની રુચિ વધે તો શુદ્ધમાં આવે, અનાદિનો અભ્યાસ એ રુચિ એ બાજુ જાય છે, એટલે વધારે આવે છે, એ સ્થિતિમાં, એ ભૂમિકામાં પોતે એનો રસ અમુક જાતનો છે, એટલે એ આવે છે ને રુચિ આ પ્રશસ્ત તરફ રોકાય તો ઓછા થઈ જાય. જિનેન્દ્રદેવની મહિમામાં, ગુરુની મહિમામાં, શાસ્ત્ર સ્વાધ્યાયમાં એમાં બધા રોકાય તોય અશુભ ઓછા થાય. શુભનો રસ આ બાજુ વધે ઈ કાર્યોમાં રોકાય, એ ભાવનાઓમાં રોકાય તો ઓલો રસ એને ઓછો થઈ જાય. પણ એનાથી પણ જુદો શુદ્ધાત્મા છે, એની રુચિ રાખવી, લગની એની રાખવી, અશુભ વધારે આવતા હોય**

તો પ્રશસ્તમાં રોકાય વધુ. જિનેન્દ્રદેવની મહિમામાં, ગુરુની મહિમામાં, શાસ્ત્ર સ્વાધ્યાયમાં, વિચારોમાં એમાં વધારે રોકાય તો ઓલા ભાવો આવે. (3-78-2)

**શ્રોતા :** મનથી કરેલો નિશ્ચય માનવા કરતાં-કરતાં જ્ઞાનથી કરેલો નિશ્ચય જ્ઞાનીને પ્રવર્તવામાં કલ્યાણ છે શેમાં પ્રવર્તવું જોઈએ?

**પૂજ્ય બહેનશ્રી :** તારે પોતાને એમ કે મનથી નિશ્ચય કર્યો હોય એમ પોતાના વિચારથી પોતે કલ્પના કરીને નિશ્ચય કર્યો હોય એ નિશ્ચયમાં તારે ભૂલ હોય. જ્ઞાનીએ જે નિશ્ચય કર્યો હોય, જ્ઞાનીએ જે સમજાવીને વસ્તુ સ્વરૂપ યથાર્થ જે કીધો હોય, જ્ઞાનીએ કરેલો નિશ્ચય એ બરાબર છે તારો મનથી કરેલો નિશ્ચય એમાં તો ભૂલ હોય તો કલ્પિત હોય. મને આમ લાગે છે અને મને આમ લાગે છે બરાબર એમાં જ્ઞાનીને કહેવાનો આશય, જ્ઞાનીને શું કહેવું છે? ગુરુને શું કહેવું છે? એમના શું રહસ્યો છે? એ વિચારીને પોતે નક્કી કરવું જોઈએ. પોતાની કલ્પનાએ નક્કી કરે તો એમાં ભૂલ થવાનો અવકાશ રહે. પોતે સ્વચ્છંદથી નક્કી કરેલો છે, એવો અનંતકાળથી માર્ગ અજાણ્યો પોતે સમજતો કાંઈ નથી અને પોતાની મેળાએ નક્કી કરી લે કે આમ વસ્તુ છે, આ માર્ગ છે આ મુક્તિનો પંથ આવી રીતે છે, એમ બધું નક્કી કરે એ પોતાની ભૂલ થાય છે.

જ્ઞાનીએ જે નક્કી કર્યું હોય, ગુરુએ જે કીધું હોય અને ગુરુના આશય સમજીને ગુરુએ કીધેલો જે કરેલું નિશ્ચય છે બરાબર છે, એવી રીતે પ્રવર્તવાની તે રીતે પોતે વિચાર કરીને પોતાથી નક્કી કરે, જે જ્ઞાનીએ જે કીધું હોય, એના રહસ્યો એના આશય સમજીએ તો યથાર્થ છે. નહીંતર કલ્પિત છે. પોતાની મેળે કરેલો નિશ્ચય એમાં ભૂલ થાય છે. એ પોતે કલ્પનાથી નક્કી કરે કે અહીંનું આમ જ છે તો એમ યથાર્થ નથી હોતું જ્ઞાનીએ કહેવામાં ઘણા આશય અને ગંભીરતા ભરેલી હોય છે. તે નિશ્ચય યથાર્થ હોય છે. જ્ઞાનીએ શું કીધું છે? દ્રવ્યનું સ્વરૂપ, નિશ્ચયનું સ્વરૂપ, વ્યવહારનું સ્વરૂપ, નિમિત્ત-ઉપાદાનનું સ્વરૂપ જે ગુરુએ કીધું હોય તે રીતે વિચાર કરીને નક્કી કરે તો એ બરાબર છે. મતિ-કલ્પનાએ શાસ્ત્રો રચે અને એ શાસ્ત્રમાં સમજાય નહીં, જે શાસ્ત્રો એના રહસ્યો ગુરુએ ખોલ્યા હોય એ શાસ્ત્રના રહસ્યો પોતે વિચારીને એવી રીતે નક્કી કરે.

પોતાની ભૂલ થાય છે. ક્યાંક ક્યાંક પોતે રોકાતો હોય, ક્યાંક પોતાની ઇચ્છા પ્રમાણે નક્કી કરતો હોય, તને કેટલી બુદ્ધિ કેટલી આત્માર્થતા હોય? એને આત્માનું પ્રયોજન હોવું જોઈએ તો એ ગુરુએ કીધેલા રહસ્યો હોય એ પ્રમાણે નક્કી કરે તો બરાબર છે. આ યથાર્થ ગ્રહણ કરીને પછી પોતે નિશ્ચય કરે કે આ વસ્તુસ્વરૂપ આ રીતે

**છે. નિશ્ચયનું વ્યવહારનું સ્વરૂપ કંઈ રીતે કીધું છે, એનો મેળ કરે છે. એ યથાર્થ નક્કી કરે છે. (3-78-13)**

**શ્રોતા :** મનથી કરેલો નિર્ણય પોતાની મતિ કલ્પના છે?

**પૂજ્ય બહેનશ્રી : મતિ-કલ્પનાથી... મતિકલ્પનાથી કરે છે. પોતાની જેમ બુદ્ધિ ચાલે એવી રીતે. પોતાની ઇચ્છા પ્રમાણે, ઊંડા રહસ્યો, ગુરુ શું કહે છે, એવી રીતે સમજવું જોઈએ. સ્વરૂપ લાગતું હોય એ એના ઈ એને જ્ઞાની સાથે મેળવે, ગુરુ સાથે મેળવીને નક્કી કરે છે. ક્યાંક રોકાતો હતો. ગુરુએ બધું સ્પષ્ટ કરીને માર્ગ બતાવ્યો છે. ગુરુના આશય પ્રમાણે પોતે નક્કી કરે, માર્ગ એને પ્રગટ થાય અને તો જ એ યથાર્થ નિર્ણય કરે અંદરથી તો જ એને ભેદજ્ઞાન ને યથાર્થ દૃષ્ટિ થાય ને આગળ જાય તો વધે છે.**

**શ્રોતા :** જ્ઞાનીને સાથે ન રાખે તો ભૂલ થાય?

**પૂજ્ય બહેનશ્રી : સાથે ન રાખે તો ભૂલ થાય. એવું તો એને ગુરુએ શું કીધું એ તો સાથે આવ્યા વગર રહે જ નહીં. એકલો મતિકલ્પનાએ યથાર્થ ન થાય, પોતે કાંઈ સમજતો નથી. એ આત્માર્થીને એવું આવે જ નહીં. મને આમ લાગે છે. હું આમ કહું છું. એવું આત્માર્થીને આવે જ નહીં. 'હું' સ્વચ્છંદ થઈને આવે નહીં. ગુરુએ જે કીધું છે, એમ ગુરુનો આશય આવવો જોઈએ અને મને આવી રીતે બેસે છે. એમ બાકી હું આમ કહું છું આનો અર્થ આમ છે, એવું મતિકલ્પનાથી નક્કી કરે. (એ ભૂલ છે)**

**(3-78-5)**

**શ્રોતા :** એ મંદ છે

**પૂજ્ય બહેનશ્રી : હાં દર્શનમોહનો... આત્માનું પ્રયોજન છે, માટે ગુરુએ શું કીધું છે, એટલો એ પોતે સમજવા રોકાય છે, એ પ્રમાણે નક્કી કરે, તો દર્શનમોહ મંદ થાય. આગળ જવાનો અવકાશ છે, એને! ખોટો આગ્રહ પકડી રાખે તો એને આગળ જવાનો અવકાશ પણ નથી.**

**શ્રોતા :** આગ્રહ રાખીને સ્વચ્છંદ ...

**પૂજ્ય બહેનશ્રી : એ સ્વચ્છંદ થાય છે. દેવ, ગુરુ, શાસ્ત્ર સાથે જ હોય છે, એમાં શુભ પરિણામની અંદર દેવ-ગુરુ-શાસ્ત્ર હોય છે. ક્યાં પોતાની મતિ-કલ્પનાને ક્યાં ગુરુ? અને ક્યાં એની દશા? અને ક્યાં શાસ્ત્ર? શું શ્રુતજ્ઞાની ને ક્યાં પોતે? એનો વિચાર કરે પોતાને ક્યાં શક્તિ? અને એ વિચારો, ક્યાં ભગવાન, ગુરુ, શાસ્ત્રો? એના ઊંડા રહસ્યો અને ક્યાં પોતે? એ વિચાર કરીને પોતે દેવ, ગુરુ, શાસ્ત્રને સાથે રાખીને પોતે નક્કી કરે છે તો થાય છે. (3-78-6)**

**શ્રોતા :** કોઈ ....

**પૂજ્ય બહેનશ્રી : પોતાની મેળે સમજવા ગયો છે કાંઈ સમજાતું નથી અને ગુરુનો આશ્રય લેતો નથી એ એની ભૂલ છે. જ્યાં-ત્યાં રોકાય છે પોતાની મતિ-કલ્પનાએ બધું બહારમાં રોકાઈ જાય છે. ધર્મ ક્યાં છે ખબર નથી પડતી. ધર્મસ્વરૂપ ક્રિયા કરે, થોડા શુભભાવો કરે એમાં ધર્મ થઈ ગયો એમ માની લે છે, પણ 'ધર્મ આત્મામાં છે આ શુભભાવ જ છે,' એ બધો ગુરુ શું કહે છે, એ સમજતો નથી, શાસ્ત્રોના રહસ્યો પણ પ્રત્યક્ષ ગુરુએ કહેલ છે. શાસ્ત્રના રહસ્યમાં વ્યવહાર ને નિશ્ચયની બધી વાતું આવે છે, એનો મેળ કરે તો પ્રત્યક્ષ ગુરુએ મેળ કરીને સમજાવે છે. પોતાની મતિ કલ્પનાએ વ્યવહાર ને નિશ્ચય સમજી શકતો નથી. તો વ્યવહારમાં કાંઈક બીજે બીજે ચાલ્યો જાય છે. (3-78-7)**

**શ્રોતા :** વીતરાગમાર્ગમાં દેવ-ગુરુની પૂરેપૂરી શરણાગતિ સ્વીકારી લેવાની?

**પૂજ્ય બહેનશ્રી : હાં, વીતરાગમાર્ગમાં દેવ, ગુરુ, શાસ્ત્રની શરણાગતિ સ્વીકારવાની અને અંદર આત્માની શરણગતિ એ વીતરાગમાર્ગ છે. એ તો દેવ-ગુરુ-શાસ્ત્ર કરી નથી દેતા પણ સાથે હોય છે. એનું શરણ હોય છે. શુભભાવમાં એનું આલંબન હોય છે. અંદર આત્માનું આલંબન. ... કે તીર્થમાં જાય ને ભગવાનને ગોતે છે ક્યાં ભગવાન છે? તું પોતે જ ભગવાન છો. તારી પાસે ભગવાન છો તું તને જોતો નથી. તીર્થોમાં તો એક શુભભાવ થાતા અને ભગવાનના સ્મરણો આવે છે, કે ભગવાન અહીંથી મોક્ષ ગયા. ભગવાને અહીં સાધના કરી હતી. એના સ્મરણો આવવાથી પોતાને ભાવના જાગે છે. બાકી ચૈતન્ય ભગવાન તો પોતાની પાસે છે. 'દોડત દોડત દોડીયો જૈસી મનની દોડ.' મનની દોડ એટલી બહાર દોડ્યો બધુંય. અંદર બધું અંદર ત્યાં જોતો નથી. 'ગુરુગમ લેજો રે જોડ' એમ આવે છે, ગુરુગમથી તું વિચાર એ ગુરુ એમ કહે છે તું પોતે જ ભગવાન છો. તારી પાસે, તું જ છો ભગવાન એને તું શોધી લે, અંદર જ છે. (3-78-8)**

**શ્રોતા :** આ રીતે જોવું 'તું ભગવાન છો' એટલો વિશ્વાસ એને બેઠો નથી.

**પૂજ્ય બહેનશ્રી : અનંતકાળ ગયો. ભગવાન પોતે હોવા છતાં બધું બહાર ભમે. પણ પોતાની પરિણતિમાં જોવે ત્યાં વેદનમાં એને બધા વિભાવભાવો દેખાય, રાગ-દ્વેષ કલુષિતતા આકુળતા દેખાય, ચૈતન્ય ભગવાન અંદર શુદ્ધતાથી ભરેલો એ એને દેખાતો નથી. એટલે એને વિશ્વાસ આવતો નથી. એમ કહે કે તું ભગવાન છો, તો એને એમ થાય કે આપણે ભગવાન કેવી રીતે? એ તો ભગવાન કોઈ જુદા એમ વિશ્વાસ આવવો મુશ્કેલ પડે. એ તો ગુરુદેવના પ્રતાપે આટલું ગુરુદેવની વાણી છૂટી,**

**ગુરુદેવે કીધું 'તું ભગવાન છો એટલે એને એટલો વિશ્વાસ આવ્યો છે નહીંતર સામાન્ય રીતે જો બીજા કોઈ કહે તો આપણે ભગવાન ક્યાંથી હોઈએ? એવું એને થાય. કારણ એના વેદનની અંદર બધી કલુષિતતા જ ભાસે છે, એ તો ગુરુદેવે ખૂબ એની એકદમ યથાર્થ રીતે કીધું અને એટલી જોરથી કીધું ને કે એને વિશ્વાસ બેઠો. ગુરુદેવે ન્યાયથી બરાબર સમજાવીને બધાને કીધું ને એમની વાણી જુદી, એટલે એને એમ થાય છે કે આવો ભગવાન આત્મા છું. એને વિશ્વાસ બેસવો મુશ્કેલ પડે છે.**

**..... કહું છું દોષ થાય તો દોષ ગ્રહણ નહીં કરતો, ભૂલ થાય છે. એવું ક્યાં કુંદકુંદાચાર્યને આવું લખે છે, કેવી જાતનું એમ? કેવું એમનું હૃદય છે ને, કેવું એનું પરિણમન હોય છે. (3-78-9)**

**શ્રોતા :** એવા સમર્થ આચાર્યો પણ એવું લખે છે.

**પૂજ્ય બહેનશ્રી : એ કેવું લખે છે. અત્યારે કુંદકુંદાચાર્યની આમ્નાય ગણાય છે કુંદકુંદાચાર્ય કેટલા સમર્થ.**

**શ્રોતા :** નિર્વિકલ્પ પરિણમન પકડાતું નથી અને રાગ પકડાય છે, એટલે રાગથી માપ કરવા જવાય છે. અને રાગથી માપ કરવા જતાં સાચું માપ આવતું નથી. તો ....એવી સ્થિતિમાં શ્રદ્ધાનું પરિણમન શ્રદ્ધાથી પકડાય એવું કાંઈ બની શકે ખરું?

**પૂજ્ય બહેનશ્રી : શ્રદ્ધાનું પરિણમન શ્રદ્ધાથી જ પકડાય જાય. રાગથી પકડે એ તો બરાબર નથી. એ તો પોતાને કઈ જાતની શ્રદ્ધા છે પોતે જ પકડી શકે છે. જે પરિણમન અંદર થાય એ પરિણમન દ્વારા પોતે જ્ઞાનથી પકડી શકાય છે, એ શ્રદ્ધાનું પરિણમન કઈ જાતનું છે? વાસ્તવિક છે, કે વિકલ્પથી છે, કે શ્રદ્ધા બરાબર યથાર્થ છે, કે ભૂલ છે, કે બધું જ્ઞાનથી પકડાય છે. શ્રદ્ધાનું પરિણમન કઈ જાતની શ્રદ્ધા છે, એ તો પોતાને પકડવાની છે. પોતાની શ્રદ્ધાને પોતે જ પકડી શકે છે. કાંઈ રાગથી પકડાય એવું કાંઈ નથી હોતું. એને રાગ તો વચ્ચે આવે છે. એ તો જ્ઞાનથી પકડાય છે અને શ્રદ્ધા કઈ જાતની છે, એ શ્રદ્ધાને પોતે પકડી શકે છે. જ્ઞાન છે, એ શ્રદ્ધાને પકડી શકે છે. (3-78-10)**

**શ્રોતા :** માટે હું એ શ્રદ્ધાની વાત કરું છું એ વિકલ્પાત્મક શ્રદ્ધાની વાત કરું છું. વિકલ્પાત્મક જીવને એ 'હું જ્ઞાયક જ છું' એવો વિકલ્પાત્મક નિર્ણય એ નિર્ણય સાચો છે, કે અયથાર્થ છે? એ અમુક પ્રકારના વિકલ્પોને અને અમુક પ્રકારના રાગો ઉત્પન્ન થાય છે ત્યારે એમ શંકા પડી જાય છે, કે જાણે આ નિર્ણય યથાર્થ છે, કે નથી. એમાં બે પ્રકાર પડે છે. કોઈ વખતે એમ લાગે સાચું છે, કોઈ વખતે એમ કે આ ભ્રમ તો થાતો નથી. કેમકે આવા પરિણામો આવ્યા જ કરે છે, એને પણ અમુક આ લાંબાકાળ સુધી આવ્યા

કરે ત્યારે વિમાસણ થાય છે, એટલે રાગમાં એકત્વપણું અથવા રાગ કરવાની બુદ્ધિ થયા કરે છે.

**પૂજ્ય બહેનશ્રી : એ પકડાય એ શ્રદ્ધા કઈ જાતની છે? એ જ્ઞાનથી પકડાય છે. શ્રદ્ધામાં પોતે એ શ્રદ્ધાને નિશ્ચય કરી શકે નહીં અને શ્રદ્ધા પોતે શ્રદ્ધા સાચી છે, કે નહીં એમેય શંકા પડે પણ એ પછી કંઈ જાતની શંકા પડે છે અને કંઈ જાતની પોતે શ્રદ્ધા કરી છે, એમ શંકા પડે તોય પાછું એ જ્ઞાનથી નક્કી કરી શકે કે મારી શ્રદ્ધા કઈ જાતની છે. એને વચ્ચે રાગ ને બધું આવે ને એકત્વબુદ્ધિ આવે છે, એને લઈને કાંઈ શ્રદ્ધામાં શંકા પડે છે, પણ શ્રદ્ધા કંઈ જાતની છે, એ પાછું જ્ઞાનથી નક્કી કરી શકે છે. વિકલ્પાત્મક શ્રદ્ધા છે, એટલે એ શ્રદ્ધા એક જાતની રહેતી નથી. તો એ શંકા પડે તો એ શંકાનો નિર્ણય પાછો જ્ઞાનથી થાય છે. એ રાગથી થાય એવું નથી. જ્ઞાન એનો નિર્ણય કરી શકે છે, કે શ્રદ્ધા કંઈ જાતની છે, યથાર્થ છે, ભૂલવાળી છે, કે આ શ્રદ્ધા સાચી હતી તોય પણ એકત્વબુદ્ધિને કારણે શંકા પડે છે. શ્રદ્ધા તો સાચી છે, પણ એકત્વબુદ્ધિ થઈ જવાથી પોતાના પુરુષાર્થની મંદતાને લઈને એ શ્રદ્ધામાં શંકા પડે છે તો જ્ઞાન નિર્ણય કરે છે.**

**એકત્વબુદ્ધિ, હજી તો ભેદજ્ઞાન થયું નથી, ન્યારો થયો નથી. એકત્વબુદ્ધિ છે અને એમાં વિકલ્પથી નિર્ણય કર્યો છે, એટલે એ શ્રદ્ધા એની બરાબર નિશ્ચળ રહેવી જોઈએ. રહેતી નથી. એમાં શંકા પડે છે. એ પછી એ જ્ઞાનથી નક્કી થાય છે. એ રાગથી નક્કી નથી થાતું, જ્ઞાન બધો નિર્ણય કરે છે. સાચું છે, ખોટું છે, યથાર્થ છે, કે યથાર્થ નથી એ બધું જ્ઞાનથી નક્કી થાય છે. એ કરી શકે છે. પોતે પોતાનો નિર્ણય કરી શકે છે. એ શ્રદ્ધા સાચી જ છે સાચી હોવા છતાં શંકા પડે છે. ખોટી હોય તોય શંકા પડે. સાચી હોય તોય શંકા પડવાનું કારણ કે પોતે હજી સાચું જે યથાર્થ પરિણમન થાવું જોઈએ થયું નથી. વિકલ્પથી શ્રદ્ધા કરે છે, એ પ્રમાણે ટકતી નથી ને રાગમાં એકત્વબુદ્ધિ થાય છે, એટલે એને શંકા પડી જાય છે.**

**જે ગુરુદેવે કીધું ને જે માર્ગ છે પોતે અમુક યુક્તિથી નિર્ણય કર્યો હોય, તોપણ એ પોતાની એટલી અંદર તૈયારી અને એ જાતની લગની ન હોય એને જે અનાદિનો પ્રવાહ હોય એમાં ચાલ્યો જાતો હોય એટલે શંકા પડે તોય શંકાને શ્રદ્ધાથી નિર્ણય કરે. શંકા હોય એને જ્ઞાનથી નક્કી કરે, શ્રદ્ધાને શ્રદ્ધાથી નહીં જ્ઞાનથી નક્કી કરે. જ્ઞાનથી નક્કી કરે. (3-78-11)**

**શ્રોતા :** આપે એક પોઈન્ટ કહ્યો કે નિર્ણય તો યથાર્થ પણ હોઈ શકે પણ એકતાબુદ્ધિને કારણે એકતા તૂટી નથી એટલે એકતાબુદ્ધિના કારણે....

**પૂજ્ય બહેનશ્રી :** એ તો નક્કી કર્યો હોય તો ચળ-વિચળ થઈ જાય છે કારણ કે એનો પ્રવાહ અનાદિનો છે, એમાંય ચળ-વિચળતા થાય. ખોટું છે ને ખોટું હોય, સાચું એ પણ એ યથાર્થ હજી ન્યારો નથી થયો અને વિકલ્પથી શ્રદ્ધા, વિકલ્પથી યુક્તિથી કરી છે તોય એ જો ટકી ન શકે એ તો એમાં ફેરફાર થાય છે, પણ એ જ્ઞાનથી નક્કી કરે છે. અનાદિનો પ્રવાહમાં ચાલ્યો જાય છે, એટલે એને શંકા પડે છે. (3-78-12)

**શ્રોતાઓ :** ભગવતી માતનો જય હો....
માતાજીની અમૃતવાણીનો જય હો....

* * *

## પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી, ભાગ-૩

# તત્ત્વચર્ચા - ૭૯

**શ્રોતા :**

**પૂજ્ય બહેનશ્રી :** પોતાની લગની મારે સાચું જ જોઈએ છે, એવી લગની હોય તો જ્ઞાનમાં નિર્ણય થાય છે.

**શ્રોતા :** છેવટે તો લગની ઉપર દૃષ્ટિ આપવી.

**પૂજ્ય બહેનશ્રી :** લગની...લગની હોય તો નક્કી થાય. લગની પણ એકલું જ્ઞાન વચ્ચે આવે છે, લગની એકલું કામ ન કરે. એમાં એને જ્ઞાન હોવું જોઈએ. એ પોતાના પોતાની ક્યાં ભૂલ છે, પોતાનું શું સાચું છે ખોટું છે? શ્રદ્ધા કેવી છે? એ બધું એને જ્ઞાન હોવું જોઈએ. એની લગની હોય તો જ્ઞાન કામ કરે. પણ એકલી લગની કામ ન કરે. વચ્ચે જ્ઞાન યથાર્થ હોવું જોઈએ. એટલી અંદર તૈયારી પોતાની વિચારની એવી તત્ત્વવિચાર એવા હોવા જોઈએ. મારે કાંઈ જોઈતું નથી આ બરાબર નથી રુચિ આત્માની છે, પણ કાંઈ વિચાર ન કરે તો પકડાય નહીં કાંઈ વિચાર તો વચ્ચે આવે છે. (3-79-1)

**શ્રોતા :** વિચાર ન કરે તો પકડાય નહીં.

**પૂજ્ય બહેનશ્રી :** વિચાર કરે તો પકડાય. એમ ભાવના હોય, રુચિ હોય, કે મારે જ્ઞાયક જ જોઈએ છે, આ નથી જોઈતું. પણ એ વિચાર કરે તો પકડાય, જ્ઞાયકને ગ્રહણ કેવી રીતે થાય? વિચાર કર્યા વગર કાંઈ ગ્રહણ નથી થાતું. જ્ઞાન એનું સાધન

**થાય છે. રુચિ સાધન છે, એમ જ્ઞાન પણ સાધન છે. પોતાની રુચિ ક્યાં જાય છે? શ્રદ્ધામાં શું ફેર પડે છે, શ્રદ્ધામાં શું ચળ-વિચળતા થાય છે? યથાર્થરૂપ શ્રદ્ધા કેમ થાય? યથાર્થ કોને કહેવાય? આત્મા ન્યારો કેમ થાય એ બધું જ્ઞાનથી ખબર પડે છે. બધું વિચારથી ખબર પડે છે. (3-79-2)**

**શ્રોતા :** સવિકલ્પાત્મક નિર્ણય બરાબર છે, એ પણ જ્ઞાનથી ખબર પડે?

**પૂજ્ય બહેનશ્રી : બધું જ્ઞાનથી જ ખબર પડે છે. જ્ઞાન શું કામ કરે? અંદર જે ખરો જિજ્ઞાસુ હોય, આત્માર્થી હોય, એનું જ્ઞાન સાચું કામ કરે છે.**

**શ્રોતા :** એ બરાબર છે, એ ભ્રમણા પણ....

**પૂજ્ય બહેનશ્રી : ભ્રમણા થઈ જાય જ્ઞાનમાં. તો ભ્રમણા થઈ જાય ને ખોટો નિશ્ચય કરી બેસે. સાચો આત્માર્થી હોય જેને આત્માનું જ પ્રયોજન હોય, એનું જ્ઞાન સાચું કામ કરે છે. એક આત્માનું પ્રયોજન હોય, બીજું કાંઈ પ્રયોજન નથી. ખોટી રીતે નક્કી (ન) કરી બેસે, સાચો આત્માર્થી હોય એને એનું જ્ઞાન સાચું કામ કરે છે. તો એ સાચો આત્માર્થી છે. એ તો રુચિ કેમ કે રુચિ પોતાથી થાય છે. કાંઈ કોઈ કરી દેતું નથી. રુચિ પોતાને અંદરથી લાગવી જોઈએ.**

**ગુરુદેવે આવી વાણી વરસાવી તો રુચિ કરવી એ તો પોતાના હાથની વાત છે. ગુરુદેવે કીધું આત્મા કોઈક અપૂર્વ છે, અનુપમ છે, આત્મામાં બધું છે, એ અમુક વિચાર કરીને પોતે નક્કી કરીને પછી એ રુચિ જગાડવી પોતાના હાથની વાત છે. એ રુચિ જેવી હોય એવો પુરુષાર્થ થાય, રુચિ પોતાની સાચી, આત્માના જ પ્રયોજનવાળી રુચિ હોય તો એમાં જ્ઞાનેય સાચું કામ કરે છે બધું. ને એની રુચિ એવી લાગે કે ક્યાંય રોકાય નહીં એવી સતત રુચિ હોય એટલે એવી રુચિ એ આવે છે ‘હું તો હાલુ ચાલુ ને પ્રભુ સાંભરે’ એની જેમ, એની રુચિ જ્યાં જોઉં ત્યાં મને મારો આત્મા જ સાંભરે છે, એમ. હાલું ચાલું તો મને મારો આત્મા કેમ પ્રગટ થાય? મને બધા કાર્યોમાં આત્મા સાંભરે છે. ‘હું તો ભોજન કરું ને મને પ્રભુ સાંભરે’ એમ મને દરેક વખતે આત્મા સાંભરે છે. ‘હું દાંતણ કરું ને પ્રભુ સાંભરે મને મંજન કરું ને પ્રભુ સાંભરે’ એવી રુચિ ને લગની લાગે તો અંદરથી આત્માનું કંઈક પ્રગટ થવાનો અવકાશ આવે છે.**

**જેમ ઓલું ‘પ્રભુ સાંભરે’ કહેવાય છે કે ને મને ભગવાન સાંભરે એ મને આત્માની રુચિ એવી લાગવી જોઈએ કે એને ક્યાંય રસ લાગે નહીં, રસ તૂટી જાય એમ કે ‘હું નિંદર કરું ને પ્રભુ સાંભરે રે’ એમાં ‘નિંદર કરું ને મને આત્મા સાંભરે’ કે મને આત્મા હજી પ્રગટ થયો નથી. ભોજન કરું ને મને પ્રભુ સાંભરે રે, મને મારો આત્મા સાંભરે છે, એમ દરેક કાર્યોમાં મને આત્મા જ સાંભરે છે. મને આત્મા કેમ**

**પ્રગટ થાય? એવી રુચિ અંદરથી લગની લાગે. તો અંદરથી થાય એને ક્ષણે ક્ષણે એવી રુચિ લાગવી જોઈએ. (3-79-3)**

**શ્રોતા :** ત્યારે તો એમ થાય કે આવી રુચિ હોવી જોઈએ પણ એ કંઈ હઠથી તો લવાતી નથી.

**પૂજ્ય બહેનશ્રી : એ લાવે લવાય નહીં અંદર જેને લાગી હોય ને સહેજે આવી જાય છે.**

**શ્રોતા :** બાકી પરિચયપૂર્વક અંદરથી લાગી હોય એને સહેજે આવી જાય છે. હવે અંદરથી લાગે ....

**પૂજ્ય બહેનશ્રી : લાગવું જોઈએ ને અંદરથી. જેને થાય એને અંતર્મુહૂર્તમાં થાય છે નથી થાતું એને લગની આવવી જોઈએ, એ કીધું ને કે આવી લગની એને અંતરથી કોઈ લાગે. તો અંદરથી પુરુષાર્થ ઉપડે. એને થાય ને કોઈને અંતરમુહૂર્તમાં થઈ જાય છે, એક સાથે બધું થઈ જાય છે. છ મહિના અભ્યાસ આવે છે ને શાસ્ત્રમાં. છ મહિના એની લગની કેવી હોય? એની લગની જુદી જાતની છે, છ મહિના આવી રીતે તો અભ્યાસ કર્યા કરે. એ ક્ષણે ક્ષણે આત્માની લાગી છે. તો પ્રગટ થયા વગર રહેશે નહીં. (3-79-4)**

**શ્રોતા :** રુચિ આત્માની, રુચિ એટલે યથાર્થ સમજણ. સમજણ એટલે કે એની જુદાઈ, શરીર અને આત્મા અથવા સ્વ ને પરની જુદાઈ અથવા તો આત્માના દ્રવ્ય, ગુણ, પર્યાય અને પરના દ્રવ્ય, ગુણ, પર્યાય એની સમજણપૂર્વક જો આત્માની લગની લગાડે તો એને આત્માની પ્રાપ્તિ થાય. એક વાત આપની બહુ સુંદર રીતે ખ્યાલમાં આવી ને એમાં 'પંચાધ્યાયી'માં એક વાત આવે છે, એક માણસની આંખ દુઃખે છે, તો બીજો માણસ, બીજા માણસની આંખમાં પ્રસન્નતા રહે છે. એવી રીતે શ્રદ્ધાગુણનું પરિણમન અને ચારિત્રગુણનું પરિણમન એટલું સ્વતંત્ર છે, એમ તે કહેવા માગે છે. તો એમ કહીને શું કહેવું છે, અથવા તો એમાં આચાર્યોનો શાસ્ત્રકારનું શું રહસ્ય એ સમજવું જોઈએ.

**પૂજ્ય બહેનશ્રી : એક માણસને આંખે ....... શ્રદ્ધા તો સ્વતંત્ર છે પોતે શ્રદ્ધા તો કરી શકે છે. આચરણ બાકી રહી જાય છે. શ્રદ્ધા તો 'હું ચૈતન્ય જુદો છું' આ શરીર જુદું છે. આ વિભાવ મારો સ્વભાવ નથી. હું દ્રવ્ય, ગુણ, પર્યાય મારા અને પુદ્ગલના બે સ્વતંત્ર છે, એની શ્રદ્ધા જે અંદરથી વિચારથી નક્કી કરી સમજણ કરે તો શ્રદ્ધા તો બરાબર થઈ શકે છે. નિશ્ચય કર્યું પણ છતાં એ પ્રમાણે આચરણ કરવું. એ આચરણ પાછું પુરુષાર્થ .... એમ સ્વતંત્ર એમાંથી શ્રદ્ધા પોતે કરી કે હું જુદો છું એમ શ્રદ્ધા કરી એટલે એ શ્રદ્ધા કર્યા ભેગું અંતરથી એનું આચરણ થઈ જાતું નથી.**

**દરેક કાર્યની અંદર પહેલાં શ્રદ્ધા હોય છે, એ વિશ્વાસ શ્રદ્ધા બરાબર આવે, પણ એ મને શ્રદ્ધા કેવી કે સમજણપૂર્વકની બરાબર. યથાર્થ સમજણ આવે શ્રદ્ધા આવે તો એનું આચરણ પણ કઈ બાજુની શ્રદ્ધા છે? એ શ્રદ્ધા અને ચારિત્ર અંદર સ્વતંત્ર પણ એક ચૈતન્ય દ્રવ્યના બે ગુણ છે માટે શ્રદ્ધા જે બાજુ છે, એ બાજુ જ ચારિત્ર એનું આચરણ થવું જોઈએ. એમ સ્વતંત્ર, ગુણ સ્વતંત્ર. શ્રદ્ધા ઊંધી હોય તો એનું આચરણ પણ ઊંધું થાય. એની શ્રદ્ધા સમ્યક્ હોય તો એનું આચરણ સમ્યક્ થાય પણ એ શ્રદ્ધા થયા ભેગું એનું આચરણ પુરૂં થઈ જાતું નથી. એમ સ્વતંત્ર છે. શ્રદ્ધા ને ચારિત્ર એવી રીતે છે. પણ જે જાતની શ્રદ્ધા થઈ આત્માની શ્રદ્ધા સમ્યક્ શ્રદ્ધા તો એનું આચરણ પણ સમ્યક્ જ થાય છે. એ શ્રદ્ધા જો મિથ્યા હોય તો એનું આચરણ પણ મિથ્યા જ થાય છે.**

**એમ એક આત્માના ગુણ છે, એટલે જો ચૈતન્ય તરફ વળ્યો તો એ જાતનું આચરણ થાય. પણ બધા થયા ભેગા જેમ સમ્યગ્દર્શન થયું, સ્વાનુભૂતિ થઈ, એટલે સ્વાનુભૂતિ થયા ભેગું કેવળજ્ઞાન થતું નથી. હજી એણે પૂરો આત્માને શુદ્ધ જાણ્યો એટલે શુદ્ધ જાણ્યો એટલે શુદ્ધ પરિણમન તો પુરું થતું નથી. એટલે એમ એ સ્વતંત્ર છે, પણ જાત એ પ્રગટે છે અમુક અંશે એની શ્રદ્ધાનું આચરણ અમુક અંશે થાય છે સ્વરૂપાચરણ ચારિત્ર પણ એ હજી જરી કર્યા ભેગું પૂર્ણ થઈ જાતું નથી માટે તે સ્વતંત્ર છે. (3-79-5)**

**શ્રોતા :** એ રીતે સ્વતંત્ર કહેવા માગે છે.

**પૂજ્ય બહેનશ્રી : એ રીતે સ્વતંત્ર કહેવા માગે છે. એ કેવળજ્ઞાન થઈ નથી જાતું, અનુભૂતિ થાય છે, એટલે તરત કેવળજ્ઞાન નથી થઈ જાતું. હજી એને વારંવાર એને લીનતા કરવી, બાકી રહી જાય છે. માટે સ્વતંત્ર છે. એવું જ્ઞાનગુણે કેવળજ્ઞાન પુરું નથી થઈ જાતું, સમ્યક્ થાય, સમ્યક્જ્ઞાન થવું એટલે કેવળજ્ઞાન થઈ જાવ એમ નથી. અને શ્રદ્ધા થઈ એટલે ચારિત્ર થઈ ગયું એમ નથી. પણ જાત સમ્યક્ થાય છે. જાતિ એ જાતની છે. એ ચૈતન્યના જ ગુણો છે માટે એ જાતે થાય છે. સમ્યક્ આચરણ પછી થાય પણ એ આચરણ પુરુષાર્થનું છે. એ ભેગું નથી થાતું. (3-79-6)**

**શ્રોતા :** એટલે આપને એમ કહેવું છે કે શ્રદ્ધા સ્થિરતા વડે થાય પણ છતાં એવું નથી કે શ્રદ્ધા પૂર્ણ થઈ ગઈ એટલે ચારિત્ર પૂર્ણ થઈ જવું જોઈએ એમ નથી.

**પૂજ્ય બહેનશ્રી : એમ નથી એણે બરાબર નિશ્ચય છે હું સ્વભાવે જુદો છું. હું મારું દ્રવ્ય શુદ્ધ છે, એની અંદર મૂળમાં એને અશુદ્ધતા પ્રવેશી નથી. સ્વભાવે જુદો છું. અને બરાબર શ્રદ્ધા છે. આ વિભાવ મારો સ્વભાવ નથી. શ્રદ્ધામાં એને શંકા નથી.**

**શ્રદ્ધા બરાબર છે, પણ એ શુદ્ધ છું પણ પર્યાયમાં શુદ્ધતા નથી એનો એને ખ્યાલ છે. (દ્રવ્યમાં શુદ્ધ છું પર્યાયમાં શુદ્ધતા નથી અને એને માટે પુરુષાર્થ માંગે છે, વધારે પુરુષાર્થ માંગે છે.) શ્રદ્ધા પૂરી હોય, પણ આચરણ એ જાતનું હોતું નથી. અમુક પ્રકારે આચરણ હોય છે, એને શ્રદ્ધાને લગતું હોય જેમ ભેદજ્ઞાન થઈ શ્રદ્ધા થઈ એટલે જુદો પડી જાય છે, પણ એની વિશેષ આચરણ થાવું જોઈએ એ થાતું નથી. એમ સ્વતંત્ર છે. એક હાલે આમ એક હાલે આમ એમ નથી. ...... એક આવી મિથ્યાચારિત્ર ને શ્રદ્ધા થઈ સમ્યક્ એમ નથી. એને વસ્તુ બધું ..... (3-79-7)**

**શ્રોતા :** જે જુદી જુદી દિશામાં હાલે એવું તો નથી?

**પૂજ્ય બહેનશ્રી : પર આ મારો સ્વભાવ નથી, પણ એનાથી છૂટી શકાતું નથી આચરણ માંગે છે. જુદો જ છે. આ સ્વભાવ મારો નથી. અશુદ્ધ પર્યાય, આ મારો મૂળ સ્વભાવ નથી. તોપણ આ પર્યાયમાં અશુદ્ધતા છે, એમ શ્રદ્ધાને જ્ઞાન બરાબર જોરદાર છે. આચરણ થાતું નથી. એમાંય કહે છે, કે મારા પુરુષાર્થની મંદતા છે. આ જ છે, કે શ્રદ્ધામાં ... માને છે, કે હું શુદ્ધ છું પર્યાયમાં અશુદ્ધતા છે. જે અપેક્ષા મોક્ષમાર્ગમાં રહેલી છે અને જે અપેક્ષાથી તેનું કાર્ય કેવી રીતે થાય તેનું પરિણમન એની પરિણતિમાં એક સાથે હોય છે. (3-79-8)**

**શ્રોતા :** પરિણતિમાં.....

**પૂજ્ય બહેનશ્રી : એક સાથે હોય છે બેય, શ્રદ્ધામાં એમ હોય છે, કે હું દ્રવ્યથી શુદ્ધ છું એ પર્યાયમાં અશુદ્ધ છું, અશુદ્ધતા છે, એનું જ્ઞાન છે. એ અશુદ્ધતા ટાળવાનો એનો પ્રયત્ન રહે છે, એ બધુંય એને સાથે હોય છે. શુદ્ધનયની અંદર શુદ્ધપર્યાય પરિણતિ પૂર્ણ નથી થાતી અશુભથી બચવા શુભમાં આવે છે, પણ શુભાશુભ બેય દ્રવ્યદૃષ્ટિએ એને હેય માન્યા છે તોપણ એને વ્યવહારમાં શુભમાં ઊભો રહે છે. અને પાછો છૂટવા પ્રયત્ન કરે છે. (3-79-9)**

**શ્રોતા :** બે ગુણોનું પરિણમન સ્વતંત્ર છે, એવું કહીને ......

**પૂજ્ય બહેનશ્રી : તે એમ કહેવું છે, કે તું શ્રદ્ધા તો યથાર્થ કર. શ્રદ્ધા તો યથાર્થ કર, તો તારું આચરણ પછી તારા પુરુષાર્થ પ્રમાણે થશે એમ કહેવું છે. શ્રદ્ધા તો કર એમ પહેલાં જો શ્રદ્ધા થાય એટલે આચરણ બધુંય તરત થઈ જાતું નથી. શ્રદ્ધા મુક્તિનો માર્ગ, શ્રદ્ધા વગર કંઈ થઈ શકતું નથી. મુખ્ય તો શ્રદ્ધા જ છે. જેવી શ્રદ્ધા એ પ્રમાણે એનું આચરણ થાય છે. માટે શ્રદ્ધા કર, શ્રદ્ધા સાથે આચરણ એનું આ શાસ્ત્રમાં આવે છે ને 'બની શકે તો ધ્યાનમય પ્રતિક્રમણ કરજે અને ન બની શકે તો શ્રદ્ધા તો બરાબર કરજે એમ' ..... શ્રદ્ધામાં તું આડું અવળું કરીશ નહીં કે મારાથી થઈ નથી શકતું માટે**

માર્ગ આવો ન હોય. મારાથી આમ ધ્યાન ને પ્રતિક્રમણ કે મુનિઓનું જે ધ્યાન હોય છે, તે ધ્યાન મારાથી થઈ શકતું નથી. જે મુનિની જે ધ્યાનદશા એ મારાથી થતી નથી. માટે આ મુનિમાર્ગ આવો ન હોય. આ મારાથી થાતું નથી. માટે કંઈ બીજું જ હોય થોડું કંઈક વ્યવહાર જોઈએ આમ જોઈએ એવી જાતનું શ્રદ્ધામાં ભૂલ નહીં કરતો.

શ્રદ્ધા તો બરાબર કરજે એમ કબૂલ કરજે કે મારી પુરુષાર્થની ખામી છે, પણ માર્ગ તો આ જ છે. શ્રદ્ધામાં તો બરાબર રહેજે કે માર્ગ તો આ જ છે કે અંદર સ્વરૂપની રમણતા છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલતા મુનિ વારંવાર નિર્વિકલ્પદશામાં જાય છે, એનો વ્યવહાર આ હોય છે. એને અંતરમાં આ હોય છે. એ બધું તો એના પંચમહાવ્રત સાથે હોય છે, એ બધું એનો નિશ્ચય-વ્યવહાર તો જેમ છે, એમ નક્કી કરજે. શ્રદ્ધા બરાબર કરજે માટે માર્ગ બીજો હોય થોડું આ કાળ છે માટે થોડું આ જોઈએ, થોડું આ જોઈએ એવી જાતનું ઢીલું કરીશ નહીં. માર્ગની તો શ્રદ્ધા બરાબર કરજે. ન થાય તો એ ન બની શકે તો એ તારા પુરુષાર્થની મંદતા છે, પણ માર્ગ તો આ છે. જે બધા મુક્તિ, મુક્તિને પામ્યા છે આ માર્ગે જ પામ્યા છે. સમ્યગ્દર્શનની ભેગા સમ્યગ્દર્શન પણ સ્વાનુભૂતિ થાય અને ભેદજ્ઞાનની ધારા ચાલે અને 'હું જ્ઞાયક જુદો છું એ એને શુભાશુભભાવ હેય હોય છે,' એવી એની જ્ઞાયકની ધારા હોય છે, એ વસ્તુ સ્વરૂપ તો એવું જ છે.

ન બની શકે તો તું થોડું થાય ને આવો માર્ગ એમ ........ શ્રદ્ધા બરાબર કરજે. શ્રદ્ધા ગુણ ને ચારિત્ર ગુણ બે જુદા છે. ન બની શકે તો તું એમ નાસીપાસ થઈશ નહિ અને શ્રદ્ધામાં ............. આચરણ જુદું છે ને શ્રદ્ધા જુદી છે. શ્રદ્ધા તો બરાબર કરજે. એમાં પરિણતિરૂપ જે તને અંદરથી સ્વાનુભૂતિની દશા ન આવે તો તું પ્રયત્ન કરજે પણ એનો માર્ગ કંઈ સ્વાનુભૂતિ જેવી કોઈ વસ્તુ નથી, ભ્રમણા છે, એવું તું કહીશ નહીં. માર્ગ તો જે છે, એ જ છે, પણ બની નથી શકતું તો તું પ્રયત્ન કરજે, શ્રદ્ધા બરાબર કરજે. (3-79-10)

**શ્રોતા :** તારું આચરણ એટલું પૂર્ણ ન થઈ શકે તો પણ શ્રદ્ધા તું આમ જ રાખજે કે આ જ માર્ગ છે.

**પૂજ્ય બહેનશ્રી :** માર્ગ તો આ જ છે. એ વિચાર કરીને, યુક્તિથી, આગમથી, યુક્તિથી જે ગુરુ કહે છે, એ પ્રમાણે તારાથી વિચારીને શ્રદ્ધા તો આ જ કરજે. જો શ્રદ્ધા બરાબર હશે તો આચરણ તારું સમ્યક્ થાશે. એટલે બેય ગુણ જુદા છે. માટે શ્રદ્ધા બરાબર કરજે. જેવી તારી રુચિ એવો તારો પુરુષાર્થ થાશે. શ્રદ્ધામાં અંદર .........

**શ્રોતા :** પરમાર્થ પ્રાપ્ત થયા વિષે કોઈપણ પ્રકારનું આકુળ-વ્યાકુળપણું રાખવું-થવું તેને દર્શન પરિષહ કહ્યો છે. જે પરિષહ ઉત્પન્ન થાય છે તો સુખકારક છે, પણ જો ધીરજથી તે વેદાય તો તેમાંથી દર્શનની ઉત્પત્તિ થવાનો સંભવ થાય છે.

**પૂજ્ય બહેનશ્રી : પરમાર્થની પ્રાપ્તિ થવા માટે જે આકુળતા થાય છે, કેમ આત્મા પ્રાપ્ત થાય અને કેવી રીતે થાય? એ બધી આકુળતા થાય એમાં એ દર્શન પરિષહ છે. અને પરિષહ છે, એક જાતનો. પણ એમાં ધીરજ રાખવી જોઈએ. ધીરજથી જો એને ધીરજ રાખે તો એમાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય. કેમ થાય? કેવી રીતે થાય? કેમ કરવું? કેમ આત્મા સ્વભાવ ઓળખાય? કેમ ઓળખાતો નથી? એમ અંદરથી ભાવના થાય ને આકુળતા થાય અને થાતું નથી એ એકજાતનો પરિષહ છે. કેમ થાય? કેવી રીતે થાય? આત્મનો સ્વભાવ જ્ઞાન સ્વભાવ એ જ્ઞાનસ્વભાવ કેમ ગ્રહણ થાય? આ રાગથી આ કેમ જુદો પડે એનું ભેદજ્ઞાન કેમ થાય એ પ્રજ્ઞાછીણી અંદરથી સૂક્ષ્મ થઈને અંદરથી જ્ઞાનને કેમ ગ્રહણ કરાય? આટલા ટાઈમ ગયા કેમ થાતું નથી. એવી બધી ભાવના થાય ને અંદર આકુળતા થાય તો પણ જો એમાં શાંતિ રાખીએ એ... મારી ભાવના છે માટે થાવાનું છે.**

**એનો પ્રયત્ન ચાલુ જ રાખે એમને એમ. એનો પ્રયત્ન ચાલુ જ રાખે અને ધીરે ધીરે ઓળખે આત્માનો સ્વભાવ શું છે? જ્ઞાયક શું છે? આ જ્ઞાન તે જ હું છું. આ બધો રાગ છે, એ મારો સ્વભાવ નથી, એ વેદન જુદી જાતનું છે અને જ્ઞાનનું જે જાણવાનો સ્વભાવ એ જાત જુદી છે. બેય જાત જુદી છે, એમ લક્ષણથી ઓળખે, ઓળખ્યા કરે, એને ગ્રહણ કરે તો એમાં સમ્યગ્દર્શન પ્રાપ્ત થાવાનું કારણ થાય છે અને એ દર્શનમોહ ચાલ્યો જાય છે, એમ કહે છે. એને ધીરજથી વેદાય. જો આકુળતા કરે, ઉતાવળ કરે તો ન થાય. પણ એમાં ધીરજ રાખવી જોઈએ. ગમે એટલો ટાઈમ જાય તોપણ એનો વારંવાર વારંવાર પ્રયત્ન કર્યા જ કરે, તો એમાંથી સમ્યગ્દર્શન પ્રાપ્ત થવાનું કારણ થાય છે, એટલે આકુળતા તો થાય એમાં, પણ શાંતિ રાખવી જોઈએ. (3-79-11)**

શ્રોતાઓ : ભગવતી માતનો જય હો....
માતાજીની અમૃતવાણીનો જય હો....

* * *

## પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી, ભાગ-૩

# તત્ત્વચર્ચા - ૮૦

**શ્રોતા :** ઉતાવળ કરવા જાઈએ તો બીજે ક્યાં આડેઅવળે રસ્તે (જવાનો ડર લાગે)

**પૂજ્ય બહેનશ્રી : હાં ઉતાવળ કરવાથી કાંઈ થાય નહીં. અને આડેઅવળે રસ્તે ઉતાવળ કરવા જાય છે, એ કાંઈ સ્વભાવ ગ્રહણ થાતો નથી. એ સ્વભાવ તો ધીરજથી જ ગ્રહણ થાય છે. પોતે શાંતિથી અંદર આ ક્યાં રાગ છે? ક્યાં જ્ઞાન છે? એમાં સૂક્ષ્મ થઈને જ્ઞાન સ્વભાવને ગ્રહણ કરે તો એ પકડાય એવો છે. ઉતાવળ કરે તો કાંઈકનું કાંઈક પકડાય જાય. ખોટું પકડાઈ જાય. ખોટો સંતોષ માની લે. નથી થાતું માટે ઉતાવળ કરે તો ખોટું થઈ જાય છે. ખોટી ઉતાવળ કરવાથી. એની ભાવનામાં ઉતાવળ થાય પણ શાંતિ રાખે તો થાય. યથાર્થ ન આવે ત્યાં સુધી એને શાંતિ થાય જ નહીં. ખરો જિજ્ઞાસુને ખરો આત્માર્થી હોય. એને સાચું ન આવે ત્યાં સુધી શાંતિ જ ન થાય. એનો આત્મા જ કહી દે કે આ કાંઈ અંદરથી શાંતિ આવતી નથી માટે આ યથાર્થ નથી. એને યથાર્થ હોય એને અંદરથી જ શાંતિ આવે. ઉતાવળ કરવાથી ખોટું થાય છે. ખોટું ગ્રહણ થઈ જાય છે. ક્યાંક ને ક્યાંક રોકાઈ જાય ને સૂક્ષ્મ રાગ હોય તો એને પકડાતો નથી. શુભરાગમાં ક્યાંક અંદર છૂટો પાડી શકતો નથી ઉતાવળ કરવાથી એમ એને થઈ જાય છે. ક્યાંક ક્યાંક રાગમાં રોકાઈ જાય છે.**

**ક્યાંક પ્રશસ્તમાં ક્યાંક ક્યાંક એને અંદર સૂક્ષ્મ થઈને જ્ઞાનને ગ્રહણ કરી શકતો નથી. વારંવાર ભાવના આવ્યા કરે, વિકલ્પ આવ્યા કરે એમ આવ્યા કરે તો ક્યાંક વિકલ્પથી પણ છૂટો છે, ભાવનાના વિકલ્પ આવે એનાથી પણ જુદો છે, એમ અંતરથી યથાર્થ ગ્રહણ થાવો જોઈએ એ થઈ શકતો નથી ઉતાવળ કરવાથી. ધ્યાન કરવા જાય, પરમાર્થને ગ્રહણ કરવા માટે, ધ્યાન કરે પણ ધ્યાનમાં યથાર્થ ગ્રહણ ન થાય, ને ધ્યાનમાં વિકલ્પ શાંત થઈ જાય અને એમ એને લાગે કે જાણે વિકલ્પ છે જ નહીં, હોય તોય નથી. એમાં ઉતાવળથી માની લે તો ખોટું થઈ જાય છે. (3-80-1)**

**શ્રોતા :** માતાજી! પ્રાપ્ત ન થાય ત્યાં સુધી પ્રાપ્ત કરવાની આકુળતા તો સ્વભાવિક થાય અને એને દર્શન પરિષહ કહ્યો પરિષહ બાવીસ તો સાંભળ્યા પણ આ દર્શન પરિષહ આમાં પરિષહ શું આવ્યો? ને બીજું એમ આવી રીતે ધીરજમાં ધીરજ રાખવામાં પ્રમાદ નહીં થઈ જાય એને?

**પૂજ્ય બહેનશ્રી :** યથાર્થ આત્માર્થીને પ્રમાદ, એ પોતે અંદર ગ્રહણ કરવું જોઈએ, પકડવું જોઈએ કે આ પ્રમાદ છે, કે ધીરજ છે, એમ. ધીરજ ને પ્રમાદમાં ફેર પડે છે, કે પકડાતું નથી એટલે શાંતિ રાખે છે, પણ પ્રમાદ નથી એમ કાંઈ કોઈ જાતના રાગને કારણે કે પ્રમાદને કારણે હું નથી અટકતો પણ મને પકડાતું નથી એટલે ધીરજ રાખે. ધીરજ ને પ્રમાદમાં ફેર છે. એ યથાર્થ આત્માર્થી છે માટે એને સાચું ગ્રહણ થાય છે, એને એ રીતે દર્શન પરિષહ એમ કીધો છે.

ખરો પરિષહ લાગુ પડે, યથાર્થ રીતે સમ્યગ્દર્શન થયા પછી, એને પરિષહ એ બધું લાગુ પડે છે. એ ચારિત્ર થાય, ન્યાં બધા પરિષહો લાગુ પડે છે, પણ આ એને સમ્યગ્દર્શન નથી થયું, પરમાર્થની પ્રાપ્તિ (નથી થઈ) તોપણ એ વચ્ચે (આવે) એને એ અપેક્ષાએ દર્શન પરિષહ કીધો છે. નહીંતર દર્શન પરિષહ કોઈ ખોટી શંકા ને કુતર્કો બધું કર્તૃત્વ એમાં પણ પોતે ડગતો નથી નિઃશંકગુણ એવો પ્રગટ થાય છે સમ્યગ્દૃષ્ટિને એ પોતે પોતાના શ્રદ્ધાથી ડગતો નથી. ગમે તેવું આખું બ્રહ્માંડ ખળભળી જાય. તોપણ પોતે પોતાનો જ્ઞાયક સ્વભાવ જે ગ્રહણ થયો એમાં એ ગમે એવા પરિષહો આવે કોઈ ન્યાય યુક્તિ એવા આપે કે જુદા જુદા તર્કો તો પણ એના જ્ઞાયકથી નિઃશંક રહે છે, એને શંકા પડતી નથી. એવા પરિષહો સમ્યગ્દૃષ્ટિને હોય છે પણ આ તો દર્શન પરિષહ જેને પરમાર્થની પ્રાપ્તિ નથી થઈ એને પરિષહ કીધો.

એ પરિષહ એને એ અપેક્ષાએ એનો પરિષહ છે. પ્રાપ્ત નથી થાતું અને આકુળતા થાય છે, એ અપેક્ષાએ એ પરિષહ એને જાતનો પરિષહ. ભાવના યથાર્થ છે અને પ્રગટ થતો નથી અને એનું કારણ વચ્ચે આ કર્મ નિમિત્ત છે માટે એ એમાં પોતે જ જોડાયેલો છે, એમાંથી પોતે ગ્રહણ કરવા માગે છે, થતું નથી માટે એને પરિષહ કીધો છે. વચ્ચે વચ્ચે કોઈ વિકલ્પો, કોઈ શંકાઓ, કોઈ તર્કો એમાં વચ્ચે વચ્ચે પોતાને રોકતું હોય એ બધા અંદરના પરિષહો છે.

નક્કી કરે કે આ વચ્ચે કાંઈ શંકા ઉત્પન્ન થાય, વળી શંકામાં ને શંકામાં પડી જાય એવા અનેક જાતના એને પરમાર્થને ગ્રહણ કરવા માટે અનેક જાતની અંદરમાં પોતાના પરિણામમાં પણ મુશ્કેલીઓ ઊભી થાય તોપણ એ ધીરજથી બધામાંથી પસાર થઈ અને પોતે નિઃશંકપણે ચૈતન્યને ગ્રહણ કરે છે, એમ. તો એમાં ધીરજથી પોતે આગળ જાય તો એમાં સમ્યગ્દર્શન પ્રાપ્ત થવાનું કારણ બને છે. (3-80-2)

**શ્રોતા :** સ્વભાવ પ્રાપ્તિની પણ બહુ આકુળતા કરવા જેવી નથી.

**પૂજ્ય બહેનશ્રી :** બહુ આકુળતા કરવાથી પછી એને ધીરજ જો નથી રહેતી તો પછી ક્યાંક ક્યાંક માની જાય છે. એવું એને થઈ જાય છે. પછી એને સહજ જે

આવીને આ સહજપણે 'આ જ્ઞાતા જ છે,' એમ ગ્રહણ–જ્ઞાયકને ગ્રહણ કરવાને બદલે ઉતાવળથી કૃત્રિમતા એ ક્યાંક એને ધ્યાન કરવા બેઠો ને આવે હવે ક્યાંય વિકલ્પ દેખાતા જ નથી. હવે મને થઈ ગયું છે. એમ થઈ જાય ખોટી રીતે મનાઈ જાય છે, એવું એને થઈ જાય છે. અંદરથી શાંતિ લાગે છે વિકલ્પ શાંત થઈ ગયા એવો એને કંઈક ભ્રમ ઉતાવળમાંથી ભ્રમ થઈ જાય છે. ઓલું તો એને અંતરમાંથી સહજપણે આ જ્ઞાયક જ છે બીજો છે જ નહીં એનો આત્મા જ છે, જે ગુરુદેવે કીધું ને જે શાસ્ત્રમાં છે તે આ જ છે બીજું છે જ નહીં એનું હૃદય આમ નિઃશંકપણે અંદરથી સહજપણે આવતું હોય છે. કોઈને પૂછવા જાવું પણ પડતું નથી.

આ જ માર્ગ છે બીજો છે જ નહીં અંતરમાં એનું હૃદય સહજપણે કહેતું હોય છે. આ જ સ્વાનુભૂતિ છે. આ જ ભગવાને કીધેલો માર્ગ ને ગુરુએ કીધેલો આ જ માર્ગ છે. એને અંતરમાંથી સહજપણે આવે છે. એને કોઈને પૂછીને નક્કી કરવું પડે એવું નથી. પોતે જ અંદરથી એની દૃઢતા અંદરથી જુદી જાતની આવે છે. (3-80-3)

**શ્રોતા :** જ્યાં જ્યાં ભૂલ થવાનો સંભવ છે ત્યાં ત્યાં જ્ઞાનીઓ યથાર્થ ખ્યાલ આપીને જે આવી રીતે આકુળતા થશે, એવી આકુળતા ન કરતો કે જેમાં આખી લાઈન ખોટી થઈ જાય

**પૂજ્ય બહેનશ્રી :** લાઈન ખોટી થઈ જાય એવી આકુળતા ન કરતો. એના કરતાં ભાવના રાખવી સારી છે. ઉતાવળ કરવા કરતાં એ, તો એમાં સાચો માર્ગ આવવાનો અવકાશ છે. વાંધો નથી પણ ઉતાવળ કરવાથી કંઈક બીજું થાય એના કરતાં થોડું થાય, તો વાંધો નથી. તો એનો માર્ગ યથાર્થ રહેશે. એમાં યથાર્થ આવવાનો અવકાશ છે.

**શ્રોતા :** પણ એમાં પણ ઘણું એ સમજવા જેવું છે ને! ....

**પૂજ્ય બહેનશ્રી :** સમજવા જેવું છે ઘણા ધ્યાન કરવા બેસે છે કે ધ્યાન થઈ ગયું, પછી આમ દેખ્યું પછી શાંતિ લાગે, પછી કંઈક દેખ્યું એવી એવી કંઈક કંઈક કલ્પનાઓ થાય છે. કોઈક કહે પ્રકાશ દેખ્યો, કાંઈ દેખ્યું હવે એમાં દેખવાનું કાંઈ નથી. પોતે જ છે. બહાર દેખવાનું કાંઈ નથી. એ તો અંદરની શાંતિ અને વિકલ્પથી છૂટો પડ્યો એ પોતાનો આત્મા જ એને કહી દે છે, એની સ્વાનુભૂતિ જ એને કહી દે છે. ન્યારા પડેલાનો માર્ગ એનો ન્યારો ને અંદરનો આત્મા જ એને નિઃશંકતા, એને દૃઢતા જુદી આવે છે. એ અસ્તિ ગ્રહણ થયા વગર એકલી એમને એમ એકાગ્રતા કરે પણ અસ્તિ ગ્રહણ કર્યા વગર આ વિભાવ તરફથી નાસ્તિ થયા વગર ભેદજ્ઞાન થયા વગર અને પોતાનું અસ્તિત્વ ગ્રહણ થયા વગર, સાચું ધ્યાન થઈ શકતું નથી.

**અને માત્ર એના વિકલ્પની ડામાડોળ હોય એટલું શાંત થાય વિકલ્પ ઓછા થઈ જાય એટલે. પણ અંદરથી જે જુદો પડીને અંદર સ્વભાવની અસ્તિ ગ્રહણ થાય અને વિભાવથી એનું ભેદજ્ઞાન થાય, દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય એની સાથે ભેદજ્ઞાન એ બેય સાથે હોય તો સ્વભાવની અસ્તિ ગ્રહણ કરે તો એને ધ્યાન અને એકાગ્રતા બંને સાચા થાય છે. તો પોતાનું અસ્તિત્વ ગ્રહણ કરીને એમાં એનું ધ્યાન ને એમાં એની લીનતા અને એમાં એને ઠરવાનું થાય છે. ઉપયોગને અંદર પોતા તરફ વાળે છે. ઓલું તો એને વિકલ્પ શાંત કરે છે, એના. એનો માર્ગ એક ભેદજ્ઞાનનો છે. દ્રવ્ય ઉપર દૃષ્ટિ પોતામાં દૃષ્ટિ અને વિભાવથી નાસ્તિ એટલે એનું ભેદજ્ઞાન થાય. (3-80-4)**

**શ્રોતા :** ઉદયભાવ એમાં મહત્તા અપાઈ જાય છે. અમે વિચાર કરીએ તો વિચારોથી જે ભાવ છે એ છૂટી શકતા નથી કે મહત્તા કુટુંબ પરિવારના સભ્યો સાથે મમતા હોય કે એ ઔદયિકભાવ હોય મહત્તા આપવા જેવી મહત્તા વિચારથી છૂટતી નથી. તો શું કરવું?

**પૂજ્ય બહેનશ્રી : ઉદયભાવ છે, પણ અંદર જો આત્માની લગની લાગે તો વિચાર કરે ને વિચારથી ન તૂટી જાય આત્મા તરફની લગની લાગે ને તો એ તૂટે. વાસ્તવિક તો ત્યારે તૂટે કે જ્ઞાયકને ઓળખે ત્યારે તૂટે. એ એણે એનાથી જુદો પડે કે હું તો જ્ઞાયક છું. આ મારું સ્વરૂપ નથી. વાસ્તવિક તો ત્યારે છૂટે છે, પણ ત્યાર પહેલા જો એ ઉદયભાવ ભલે રહ્યો પણ પોતે વિચાર કરે, પુરુષાર્થ કરે, માત્ર વિચાર એકલા કરે એમ નહીં. એની સાથે પોતાને એનો રસ તૂટી જાય તો એ મંદ પડી જાય છે. જે સંસાર સંબંધીના વિચારો હોય એનો રસ તૂટી જાય તો એ વિચારો મંદ પડી જાય છે. એનો રસ તૂટી જાય છે. કે આ તો બધું સારભૂત નથી. સારભૂત તો મારો આત્મા જ છે. આ તો બધું નિઃસાર છે. એવી જાતની અંદરથી જો એને નિશ્ચય આવે અને એ જાતનો રસ તૂટી જાય કે મહિમાવંત તો મારો આત્મા જ છે. આ તો બધું કાંઈ સારભૂત નથી.**

**એવી જાતનો જો અંદર નિશ્ચય આવે અને એવી જાતની જો અંદરથી નિરસતા લાગે તો એ તૂટે. એકલો વિચારમાત્ર વિચાર કર્યા કરે અને નિરસતા ન લાગે તો એમ ન તૂટે. અંદરથી ખરેખર આ મારું સ્વરૂપ નથી. આ સારભૂત નથી. આ મારો આત્મા શાશ્વત છે આ કાંઈ મહિમાવંત નથી. આ તો બધું માત્ર કલ્પનાથી માનેલું છે, એવી જાતનો અંદરથી વૈરાગ્ય આવવો જોઈએ, એ જાતની લગની લાગવી જોઈએ. વિચારની સાથે સાથે તો તૂટે. ઉદયભાવમાં પોતે જોડાઈ જાય પણ અંદરથી એને રસ તૂટી જાવો જોઈએ તો છૂટે છે. રસ તૂટે તો અશુભમાંથી શુભમાં આવે, પણ એ શુભમાં શુભેય મારું નથી એનાથી પણ હું જુદો છું. એ યથાર્થ નિશ્ચય, યથાર્થ વસ્તુને જાણે કે સાચું**

તો આ જ છે, આ બધું ખોટું જ છે. તો ખોટામાં ઊભું રહેવું એ એને અંતરથી જો લગની લાગે તો તૂટે. લગની વગર તૂટે નહીં.

આત્માની મહિમા આવ્યા વગર એ તૂટે જ નહીં. બહારના રાગ બધા એવા હોય છે, કે ચૈતન્ય તરફનો અંદર પ્રેમ જાગે તો બહારનો પ્રેમ તૂટી જાય છે. એક મારો આત્મા જ સર્વસ્વ છે, તે જ જાણવાલાયક, તે જ જોવાલાયક છે, તે જ વિચારવાલાયક છે, તે જ એનું ભજન કરવા યોગ્ય છે. આ બધું નકામું છે. આની બહારમાં ભગવાન જિનેન્દ્રદેવ જેણે વસ્તુ સ્વરૂપ બતાવ્યું તે જ હૃદયમાં રાખવા યોગ્ય છે. ગુરુ હૃદયમાં રાખવાયોગ્ય છે, શાસ્ત્રનું ચિંતવન કરવા યોગ્ય છે. આ બધું કાંઈ એના પ્રત્યે દૃષ્ટિ મૂકવા જેવી નથી. એને લક્ષમાં લેવા જેવું નથી. એના ઉપર રાગ કરવા જેવો નથી. એવો અંદરથી જો સાચો નિર્ણય આવે ને સાચા વિચાર અને સાચી લગની લાગે ને સાચો વૈરાગ્ય આવે તો તૂટે.

બાકી જીવે વૈરાગ્ય લાવીને ઘણીવાર તોડ્યોય છે, પણ યથાર્થ તો ક્યારે તૂટે? આત્માને લક્ષમાં લ્યે, જ્ઞાયકને ઓળખે તો વાસ્તવિક તૂટે. નહીંતર આમ વિચારથી વૈરાગ્યથી તૂટે છે. એનો રસ તૂટી જાય છે. ઉદયભાવ પોતાને કહેતો નથી, તું પરાણે આમાં જોડાય જા. પોતે જોડાય છે, એમ બહારનું કોઈ કહેતું નથી કે તું મને જો, તું મને સાંભળ, તું મારા વિચાર કર એમ કોઈ કહેતું નથી. પોતે જ પોતાના રાગથી જોડાય છે એનો રાગ નિઃરસતા લાગે તો તૂટી જાય. (મહત્તા થાય એની) એની મહિમા એની લાગે, મહત્તા એની લાગે છે. ચૈતન્યની મહત્તા લાગવી જોઈએ. ચૈતન્ય જ આશ્ચર્યભૂત ને મહિમાવંત પદાર્થ તો જગતમાં એક ચૈતન્ય આત્મા જ છે. અને એ જેણે આત્મા પ્રગટ કર્યો એવા જે જિનેન્દ્ર ભગવાન તે જ મહિમાવંત છે. અને એની સાધના કરનારા ગુરુ મહિમાવંત છે. બાકી કોઈ મહિમાવંત નથી અને મહિમાવંત મારો આત્મા છે. બીજો કોઈ નથી મહિમાવંત. એની મહિમા લાગે તો તૂટે. મહિમા લાગે તો નિરસતા આવી જાય તો તૂટી જાય. માત્ર વિચાર કર્યા કરે, લૂખા વિચાર કરે તો ન થાય.

(3-80-5)

**શ્રોતા :** જીવન આત્મામય બનાવી લેવું જોઈએ.

**પૂજ્ય બહેનશ્રી :** હાં, જીવન આત્મામય જ બનાવી દેવું જોઈએ. આ જીવન બધું રાગમાં વિકલ્પમય છે, એને બદલે આત્મામય જીવન અને બસ હું આત્મા જ છું, આ શરીર તે હું નથી હું તો આત્મા છું, હું તો ચૈતન્યમૂર્તિ, ચૈતન્યતા, ચૈતન્યનું સ્વરૂપ તે જ હું છું. આ હું નથી. એમ આત્મામય જીવન એને ડગલેપગલે બસ એને આત્મા જ યાદ આવે છે કે આ બધું કાંઈ નથી. આ બધુ બહારનું માત્ર. આ બધું પરદ્રવ્ય છે.

મારો આત્મા જુદો છે. હું તો ચૈતન્ય છું. આ બધા એને આશ્રયે જે વિચારો આવે એ વિચાર બધા નિરર્થક છે. કાંઈ સારભૂત નથી. હું તો એક ચૈતન્ય આત્મામય જીવન એવું સહજપણે એમ.

ભાવનાથી કરે, પહેલા તો સહજ થાવું મુશ્કેલ પડે, પ્રયત્નથી કરે. પણ આત્મામય જીવન થઈ જાય તો બધું છૂટી જાય. તો એની એકત્વબુદ્ધિ તૂટી જાય, તો બધું તૂટવાનો અવકાશ છે. આત્મામય જીવન બનાવે. અંતર દૃષ્ટિ કરીને હું તો આત્મા છું આ બધું બહાર દેખાય છે, તે બધું હું કાંઈ નથી. હું તો અંતરમાં કોઈક જુદો જ ચૈતન્ય દ્રવ્ય છું. આ બધું બહારમાં દેખાય છે. તે હું નથી. આ શરીર આવી જાતનું છે. આ બધું હું, બધું બહારની કલ્પનાએ આ બધું ઘર, કુટુંબ આ બધું પોતાનું માન્યું છે, એ બધું, કાંઈ હું નથી હું તો ચૈતન્ય આત્મા છું. ........ આમ તો બધું વિચાર ને વૈરાગ્યપૂર્વક બધું કર્યું પણ યથાર્થ કર્યું નથી. આત્માને સમજીને કર્યું નથી. હું તો આત્મા છું. આ મારું સ્વરૂપ નથી. પોતાનું અસ્તિત્વ ગ્રહણ કરીને જે વૈરાગ્ય આવે, જે વિચારો આવે, બધું પોતાનું અસ્તિત્વ ગ્રહણ કરી લેવાનું હું તો આત્મા છું. એવું સહજપણે એવો કરવાનું તો એટલું કરે. પહેલા સહજ હોતું નથી. પણ સહજ કરવાનો પ્રયત્ન કરે. વિકલ્પ તે હું નથી. હું તો પારિણામિકભાવે રહેનારો ચૈતન્ય સ્વરૂપ આત્મા છું, તે પારિણામિકભાવ તે મારું સ્વરૂપ છે. આ મારું સ્વરૂપ નથી. (3-80-6)

શ્રોતાઓ : ભગવતી માતનો જય હો....
માતાજીની અમૃતવાણીનો જય હો....

* * *

## પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી, ભાગ-૩

# તત્ત્વચર્ચા – ૮૧

**શ્રોતા :** પાત્રતા માટે વિશેષ પ્રયત્ન રાખવો તો એ પાત્રતામાં કેવી રીતે થાવું?

**પૂજ્ય બહેનશ્રી :** પાત્રતામાં એટલે પોતે આત્માને ગ્રહણ કેવી રીતે કરવો? એને માટે થઈને પાત્રતા વિશેષ, કોઈ જાતની તન્મયતા ન થાય, આત્માને, આત્માની મહિમા છૂટીને બહારની કોઈ મહિમા ન આવે, બહારની કોઈ આશ્ચર્યભૂત વસ્તુ ન

લાગે, એક આત્મા જ આશ્ચર્ય લાગે, બહારની કોઈ ચીજ આત્મા કરતા કોઈ વધી ન જાય એક આત્મા જ મારો સર્વોત્કૃષ્ટ છે. આત્મા સિવાય દેવ, ગુરુ, શાસ્ત્ર અને એક આત્મા. એના કરતાં કાંઈ વિશેષ લાગે નહીં. વિશેષ કોઈ એવા નિષ્પ્રયોજનમાં વિશેષ એમાં એકત્વ (ન) થઈ જાય, તન્મય (ન) થઈ જાય, બહારના કોઈ કોઈ પ્રસંગોમાં, કષાયના રસમાં એકત્વરૂપ વિશેષ તન્મય (ન) થઈ જાય, વિશેષ એ બધું આત્માર્થીને જેને આત્માનું પ્રયોજન છે બધું એને મંદ પડી જાય છે.

અનંતાનુબંધીનો રસ બધો મંદ પડી જાય છે પાત્રતામાં. એને તત્ત્વ કેમ ગ્રહણ થાય એ જાતની જિજ્ઞાસા રહ્યા કરે છે. બહારની બધી તન્મયતા, ક્યાંય તન્મયતા વિશેષ ન થઈ જાય આત્માને જુએ, આત્મા છૂટીને વિશેષપણે ક્યાંય રસ, સંસારિક કાર્યોમાં એને રસ વધારે પડતો ન આવી જાય આત્મા સિવાય. આત્મા જ એનું પ્રયોજન રહે છે. એવી એની પાત્રતા છે. એ આવે છે ને વિશાળબુદ્ધિ, મધ્યસ્થતા એ બધું તત્ત્વ પામવાનું ઉત્તમ પાત્ર છે. અંતરંગ ધ્યાનમાં આવે છે. ક્યાંય રાગમાં ખેંચાય નહીં, ક્યાંય દ્વેષમાં એકદમ ઓલો થઈ જાય એવું થાય નહીં, બધામાં મધ્યસ્થ રહે છે. એને બધું છૂટી નથી જાતું, પણ બધો રસ છૂટી જાય છે. બધી મર્યાદા થઈ જાય છે.

સમ્યગ્દૃષ્ટિ તો જુદો પડી જાય છે ભેદજ્ઞાન થાય એટલે, એ છૂટો પડી જાય છે, એટલે એને તો બધું મર્યાદામાં આવી જાય છે, કે અનંતાનુબંધી રસ હોય એને છૂટી ગયો ને ન્યારો થઈ ગયો એટલે એને ભેદજ્ઞાન થઈ ગયું તો વધારે પડતો ક્યાંય એ તો જુદો જ રહે છે. એકત્વ થાતો નથી. એવી રીતે જુદો રહે છે, પણ પાત્રતામાં પણ એ એમાં એના વિકલ્પ, કોઈ જાતના વધારે પડતો તન્મય થાતો નથી. એને પણ ભાવના તો આત્માની જ છે. આત્માનું જ પ્રયોજન મુખ્ય રહે છે, એને પ્રયોજન મુખ્ય છે, સમ્યગ્દૃષ્ટિને જ્ઞાયકતાની ધારા ચાલે છે. આને આત્મા પ્રગટ કરવો છે માટે રસ બધેથી તૂટીને વિશેષ ક્યાંય તન્મય થાતો નથી. કોઈ વિકલ્પોમાં, કોઈ બહારના કાર્યોમાં, કોઈ જાતના ઘર., કુટુંબ, પરિવાર વિશેષ તન્મય (ન થાય) ક્યાંય એને રસ કાર્યમાં જોડાય, પણ રસમાં તન્મય થાતો નથી. આત્માનું પ્રયોજન જ એને મુખ્ય રહે છે.

કષાયની ઉપશાંતતા..... બધાનો મેળ હોય છે. સરળતા બધું બધાને મેળ હોય છે. વધારે પડતો ક્યાંય રોકાતો નથી. આત્માનું પ્રયોજન હોય છે, એને આંતરિક એના પરિણામ સમજી શકે, વધારે પડતો ક્યાંય દેખાતો નથી. ક્યાંય એને આત્માને છૂટીને વિશેષ રસ આવતો નથી. એને મારો આત્મા જ બસ સર્વોત્કૃષ્ટ છે (આત્મા મને ન મળે તો આ બધો) આત્મા જ કેમ મળે એ એને ભાવના છે. આ બધુ નિઃસાર એને ક્યાંય રસ હોતો નથી વિશેષ રસ એને ક્યાંય આવતો નથી. (3-81-1)

**શ્રોતા :** એવું કાંઈક અત્યારે પાત્ર આપણે વારંવાર વિચારીને નક્કી કરે અને યથાર્થ નિર્ણય ઉપર આવ્યા તેમ પણ આત્મા સાક્ષી હોય તો. અને એ નિર્ણયમાં કાંઈક શંકા પડી જાય અથવા તો નિર્ણય છૂટી જાય એવું બધું બને ખરું?

**પૂજ્ય બહેનશ્રી : પોતે વિકલ્પથી કરે એટલે એ નિર્ણય છે ને! એટલે એ નિર્ણય જો પોતે વારંવાર દૃઢતાપૂર્વક કરેલો હોય તો નથી પડતો. તો એમને એમ રહે છે, પણ જો એનો પુરુષાર્થ મંદ પડે તો એ પડે તો એ ઢીલો પડે છે. પુરુષાર્થ મંદ પડે તો. પુરુષાર્થ મંદ ન પડે અને એવી ને એવી લગની રહે તે નથી પડતો. ધારણા જ્ઞાન ફરી જાય પણ કરેલો નિર્ણય પોતે લગનીથી અને પોતાની રુચિથી સાથે જિજ્ઞાસાથી કરેલો નિર્ણય હોય તો નથી ફરતો. એનો પુરુષાર્થ મંદ પડે તો પડે છે. (3-81-2)**

**શ્રોતા :** માતાજી! આપણે મંદ પુરુષાર્થમાં શું કરવું જોઈએ.

**પૂજ્ય બહેનશ્રી : મંદ પુરુષાર્થમાં રહે. ખરું આત્માનું જ કરવા જેવું છે આ બધું સારભૂત આત્મા છે. એવું પોતાને જે અંદરથી લાગતું હોય કે આત્માનું જ કરવા જેવું છે બધો વિચાર કરી અને જ્ઞાન સ્વભાવનો યથાર્થ નિર્ણય આ જ્ઞાનસ્વભાવ તે જ હું છું એમ નિર્ણય કર્યો (પણ નિર્ણય કર્યો) પણ પછી અંદરથી જે રુચિ મંદ પડી જાય તો નિર્ણયમાં ફેર પડી જાય. એમાં પુરુષાર્થ એ આત્મા તરફનો એ જિજ્ઞાસા ને લગની એવીને એવી હોય તો નિર્ણયમાં ફેર પડતો નથી. દરેક ઠેકાણે પુરુષાર્થ તો હોય જ છે. સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પછી પણ એને પુરુષાર્થ હોય છે. દરેક ઠેકાણે સાધકદશામાં પુરુષાર્થ હોય છે. તો જેને આત્માની રુચિ થઈ એમાં પણ પુરુષાર્થ તો સાથે જ હોય છે. જેણે જેણે આત્માનું નક્કી કર્યું કે આત્માનું જ કરવા જેવું છે, એમ નક્કી કર્યું અને એ નક્કી કર્યું અને જો બરાબર અંતરમાંથી નક્કી કરે તો એ પડતો નથી. પણ જો એમાં (એને ફરી જાય,) પુરુષાર્થ ફરી જાય તો ફરી જાય. (3-81-3)**

**શ્રોતા :** આત્મા 'મારે આત્મા જ પ્રાપ્ત કરવો છે,' એવી જે ભાવનાથી ઉપડ્યો હતો. એ ભાવના જો મંદ પડી જાય ....

**પૂજ્ય બહેનશ્રી : એ ભાવના મંદ પડે તો નિર્ણય ફરી જાય.**

**શ્રોતા :** આવી રીતે કરેલો પલટો ....

**પૂજ્ય બહેનશ્રી : તોપણ ભાવના મંદ પડે કે મારે આત્માનું જ કરવું છે, આત્મા જ સર્વસ્વ છે, એમ કરીને નિર્ણય કર્યો ને જો ભાવના ફરી જાય તો એના નિર્ણયમાં પણ ડામાડોળ થવાનો અવકાશ છે.**

**શ્રોતા :** માતાજી! આશંકા શું થાય છે કે પોતાનો ને પરનો હોવાપણું દ્રવ્ય-ગુણ અને પર્યાય ત્રણથી હોવાપણું ચેતનપણે ચેતનપણું જે મારું હોવાપણું છે. અચેતનપણું

એ શરીરાદિ બધા પરદ્રવ્યનું હોવાપણું છે અને એ હોવાપણું એનું એનારૂપે રહ્યા કરે છે, મારું મારારૂપે રહ્યા કરે છે. કોઈનું ગ્રહણ થતું નથી અને એટલી સમજણપૂર્વક અને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે ત્યાં પણ યોગ્યતા જ યોગ્યતાથી અથવા તો તે દ્રવ્ય તે પર્યાયનો કર્તા થઈને કાર્ય કરે છે આટલું બધું નક્કી કરીને ત્યારપછી વિકલ્પ જે કાંઈ રાગ ઉત્પન્ન થતાં હતા એને ગૌણ કરીને તેનું સ્વામિત્વપણું છોડીને 'હું એક જ્ઞાયક જ છું' એમ નિર્ણયમાં લીધું અને તેટલો જ નિર્ણય લીધા પછી પણ પાછો નિર્ણય ફરી જાય પણ પુરુષાર્થ મંદ થાય તો...

**પૂજ્ય બહેનશ્રી : પુરુષાર્થ મંદ પડે તો ફરે છે. ફરી મોટે ભાગે ફરતો નથી જેની ભાવના અંતરની હોય છે, કે આત્માનું જ કરવા જેવું છે, એવી અંતરની જેની ભાવના હોય છે, એને ફરતું નથી મોટેભાગે. તોપણ એમાં એક અવકાશ છે. એની ભાવના મંદ પડે તો ફરે. એનો નિર્ણય એનો ઢીલો પડે ભાવના મંદ પડે તો. (3-81-4)**

**શ્રોતા :** એટલે આપ જેમ કહો છો એમ પર્યાયે પર્યાયે પુરુષાર્થ જોઈએ એમ અહીંયા પણ પહેલી ભૂમિકામાં પણ નિરંતર એ જાતનો પુરુષાર્થ હોવો જોઈએ?

**પૂજ્ય બહેનશ્રી : પુરુષાર્થ હોવો જોઈએ. એમ કહેવાય છે ને! તું સત્સંગ કરજે, ગુરુની વાણી સાંભળજે, જે તારી આત્માની રુચિ ટકાવવા માટે એમ. પોતાનો પુરુષાર્થ એટલો ન હોય તો બીજા સંગોમાં તું રહીશ નહીં, આ જેમાં આત્માની વાત હોય, સત્સંગ હોય એવા પરિચયમાં રહેજે. વારંવાર એના વિચાર કરજે, સ્વાધ્યાય કરજે એમ આવે છે. કારણ કે તારી રુચિ ને પુષ્ટિ મળે તારી ભાવનાની પુષ્ટિ મળે, એ તો બધું આવે છે. ...... મંદ હોય, બીજા સંગમાં રહે તો એને રુચિને મંદ થવાનું કારણ બને જો એટલો પુરુષાર્થ ન હોય તો. નહીંતર કેટલાય એવા હોય છે કે ગમે તેવા સંયોગમાં હોય તોય પુરુષાર્થથી પોતાની રુચિને દઢ જાળવી રાખે છે અને પોતે એમનેએમ આગળ પણ વધે છે. એવા પોતાના પુરુષાર્થથી એમ પણ બને છે, પણ કેટલાકને જો એટલો પુરુષાર્થ ન હોય તો એને બહારની અથવા એને પોતાના પુરુષાર્થની મંદતાએ થાય છે. માટે તું તારો રુચિ, નિર્ણય એ બધો પુરુષાર્થથી જાળવી રાખજે અંદરથી. (3-81-5)**

**શ્રોતા :** આપે જે રુચિ રુચિ જોઈએ અને જ્ઞાનથી કરેલો નિર્ણય એ જુદી વસ્તુ છે. છતાં રુચિ મંદ થતાં નિર્ણય આ રીતે સમજણપૂર્વક કર્યો હોય, તોપણ એ પાછો ફરી જાય ખરો.

**પૂજ્ય બહેનશ્રી : ફરી જાય, રુચિ મંદ પડે તો પછી નિર્ણય મંદ પડે છે, એટલે એ એને દઢતામાં મોળપ આવી જાય છે. ફરી ન જાય તો (ફરી ન જાય) મોળપ આવી**

જાય છે. એનું મનન, શ્રવણ, સ્વાધ્યાય એ બધું. પોતાને અંદર પુરુષાર્થને જાળવવા માટે થઈને, શાસ્ત્રના એને પરિચયમાં રહેવું, સત્સંગમાં રહેવું, જેવો યોગ એવો ન બને તો પોતે શાસ્ત્રનું સ્વાધ્યાય કરે એનો. (3-81-6)

**શ્રોતા :** બે દ્રવ્ય વચ્ચે કર્તાકર્મસંબંધ નથી છતાં જેમ ......

**પૂજ્ય બહેનશ્રી :** એનો અર્થ ઉકેલવા એ પોતાથી ઉકેલવા જાય તો એ અર્થો મળે નહીં, એ અર્થ નીકળે નહીં. જે એમના હ્રદયમાંથી આવતું હોય અને એમનું જે શ્રવણ ને એ બધું થાય, એમાં જે આત્માને લાભ થાય એ જુદો જ થાય. એટલે એવું નિમિત્ત-ઉપાદાનનો એવો સંબંધ હોય છે. ..... તરીકે સમજવું એનો આશ્રય લેવો આત્માનો પણ વચ્ચે વ્યવહાર છે, એ વ્યવહાર એટલે કાંઈ છે જ નહીં એવો એનો અર્થ નથી. એ વચ્ચે સાધકદશા આવે છે, એ પણ વ્યવહાર છે. અને મુમુક્ષુઓની દશામાં પણ એને અંદર આત્માર્થી જે હોય નિશ્ચયરૂપે નિશ્ચયને સમજે આત્માનો આશ્રય કરવા જતાં, વચ્ચે આ બધું આવે છે દેવ, ગુરુ, શાસ્ત્ર, સત્સંગ બધું એને જેમ હોય એમ સમજે.

ને એકલી સમજણ હોય તો એ લૂખાશને પામે છે. સમજણ થાય, એ બરાબર છે, એ લાભનું કારણ પણ એનું વર્તન પણ એ રીતે હોય છે. તો વ્યવહાર અભૂતાર્થ કહેવાય. અભૂતાર્થ એટલે કાંઈ વસ્તુ જ નથી એમ નહીં. એની અપેક્ષાએ બરાબર છે. એની અપેક્ષાએ એ એની અપેક્ષાએ સત્યાર્થ છે, એમ આવે છે. ભૂતાર્થની અપેક્ષાએ અસત્યાર્થ છે. એવી રીતે અભૂતાર્થ હોય કે કાંઈ વસ્તુ જ નથી તો વચ્ચે સાધકદશા જ હોય નહીં. સમ્યગ્દર્શન થયા પછી તરત કેવળજ્ઞાન થઈ જાય, સાધકદશા વચ્ચે હોય જ નહીં તો. અને પર્યાય વચ્ચે હોય છે અધૂરાશ છે, કેમ હજી તો મુમુક્ષુઓ છે અને આત્માનું પ્રયોજન છે. એમાં વચ્ચે આ બધું આવે છે. અશુભથી બચવા માટે શુભભાવો આવે છે. અને આશ્રય આત્માનો લેવાનો રહે છે. (3-81-7)

**શ્રોતા :** સમ્યગ્દર્શન પહેલાં પણ જે કાંઈ નિર્ણય કર્યો, એ નિર્ણયને ટકાવી રાખવા માટેનો એને આગળ વધવાં માટે એને પણ આ જાતનું નિરંતર પુરુષાર્થ અપેક્ષિત પુરુષાર્થ એણે ચાલુ રાખવો પડે.

**પૂજ્ય બહેનશ્રી :** ચાલુ રાખવો જોઈએ. એ કરેલા નિર્ણયમાં મોળાશ ન આવે લૂખાશ ન આવે એટલા માટે થઈને અશુભથી બચવા શુભભાવો આવે દેવ, ગુરુ, શાસ્ત્રની મહિમા, શાસ્ત્ર સ્વાધ્યાય, સત્સંગ, વિચાર, વાંચન બધું હોય, સ્વાધ્યાય, વારંવાર જે વિચારો એનું રટણ કરે બધું આવ્યા કરે નહીંતર તો અનાદિનો છે પ્રવાહ એમાં ચાલ્યો જાય. કે આ જુદું છે બધું હવે શું કરવાનું એમ ..... હજી બાકી છે અનાદિનો

**પ્રવાહ એમાં તણાઈ જાય ને જીવ અનાદિનો એનો પ્રવાહ એમ છે, કે પુરુષાર્થની મંદતા થાતા એને વાર નથી લાગતી અનાદિનો પ્રવાહમાં ચાલ્યો જાય છે. ..... હોય તો ગમે એવા સંયોગમાં પણ પોતે ઊભો રહેલો છે. બહારના સંયોગ બીજા હોય અસત્સંગના. એવા બને તો અંદર બહુ ખટક થઈ જાય કે આ હું ક્યાંથી? હું આ તો મારે તો આ બીજું કરવાનું છે, એમ કરીને પુરુષાર્થ એમ પણ કોઈને વધી જાય છે, પણ મોટે ભાગે એને તો સત્સંગ ઉપર આદર હોવો જોઈએ. (3-81-8)**

**શ્રોતા :** એકદમ થાય અથવા નથી નિમિત્તનો **(સંગ) એને** પણ આદર તો હોય છે.

**પૂજ્ય બહેનશ્રી : એને આદર તો હોય જ છે, પણ એમાં આવી પડ્યો પછી શું થાય? નિર્ણય ક્યાંય પડ્યો રહે નિર્ણય છે ને આપણે, અને આ અનાદિના પ્રવાહમાં બધાં બહારના કાર્યોમાં અને અનાદિના અશુભના ભાવોમાં ક્યાંય હાલ્યો જાય છે. પુરુષાર્થ મંદ કરે તો.**

**શ્રોતા :** તારે (સંસારથી) બચવું હોય તો આ રીતે જ તું પહોંચી શકીશ બાકી તું એમ માન કે નિર્ણય થઈ ગયો છે અને હવે કાંઈ નથી (કરવાનું) ....

**પૂજ્ય બહેનશ્રી : હાં એ એમ નથી.**

**એ પોતે અનુભવાય જ રહ્યો છે, એ તમને પોતાને તમે એને ઓળખો એમ કહે છે. એને જાણો, એની શ્રદ્ધા કરો, એનું આચરણ કરો એમ કહે છે. તો કહે અનુભવી રહ્યો કેમ કીધું? અરે! અનુભવી રહ્યો છે એમ કહે છે, કે તમે રાજાને ઓળખો એમ આ ચેતનરાજા તું જ છો. તું એને ઓળખ એમ કહે છે. અનુભવનો અર્થ એટલે ઓલી પ્રત્યક્ષ અનુભૂતિ સમ્યગ્દર્શન નથી કહેતા. આ બીજો અનુભવ કહે છે. વેદન થઈ રહ્યું છે. સુખ-દુઃખનો અનુભવ એટલે સ્વાનુભૂતિનો અનુભવ એ અનુભવ અહીં લેવો (નથી) એ અનુભવ બીજો છે. સ્વાનુભૂતિ થઈ રહી છે ચૈતન્યરાજાની એ અનુભૂતિ લેવી ને એમાં અનુભવનો શબ્દ એ એના સંસ્કૃતમાં અર્થ થાય છે, થઈ રહ્યો છે, પોતે પોતારૂપે થઈ રહ્યો છે. પરિણમી રહ્યો છે, એમ અનુભવનો અર્થ બધે ઠેકાણે એક જ લેવાય કાંઈ?**

**એ પોતાનું સ્વરૂપ છે, એ રીતે છે આત્મામાં એમ છે, એ પોતાના સ્વરૂપ પ્રમાણે સ્વરૂપ છે, એવો છે ઈ એને ઓળખો એમ કહે છે. જેવું એનું સ્વરૂપ છે, એવો જ આત્મા છે એને ઓળખો. આબાળ-ગોપાળને બધાને એવો જ છે એનું સ્વરૂપ છે એવું એનું સ્વરૂપ જરાય એનામાં હાનિ નથી થઈ. જેવું સ્વરૂપ છે, એવું જ છે, એને ઓળખો એમ કહેવું છે. અનુભવાઈ રહ્યો આબાળ-ગોપાળને. જેવું એનું સ્વરૂપ છે, એવો જ આત્મા**

છે, એને ઓળખો. કેવી રીતે આત્માને ઓળખવો? એમ પ્રશ્ન થાય એ પોતે જ કીધું કે દરેક આબાળ-ગોપાળને એ આત્મા જેવો છે, એવો જ છે માટે તું એને ઓળખ એ ઓળખાય એવો છે. માટે તું પ્રયત્નથી ઓળખ, એમ કહે છે. જીવરાજ એમ જ જાણવો એ જીવરાજ રાજા છે, એને ઓળખી લ્યો એમ કહે છે. તારી પાસે જ છે ને તું જ છો. એને ઓળખી લે એમ કહે છે.

સ્વભાવ છે, એ સ્વભાવને સ્વભાવ તો પોતે કાંઈ નાશ ન થાય સ્વભાવ. ગમે એમ કાઢે પરને જાણવાનું કાંઈ જાય નહીં. ઓલા ચૌદ કળશ આવે છે ને એમાં આવે છે, કે ને પરને જાણે જાણે મારામાં કાંઈક પેસી ગયું એને કાઢવા માગે છે અને આકુળ વ્યાકુળ થાય છે તો એને કાંઈ ઓલો છિન્ન-ભિન્ન થઈ જાય છે અજ્ઞાનદશામાં. કાંઈ જ્ઞાન જાતું નથી. ઓલો અનેકાંત જાણનારો, (એકાંતવાદી) અનેકાંતને જાણનારો પોતે છિન્ન-ભિન્ન નહીં થાતો પોતે પોતાને જ્ઞાનને જ્ઞાનમાં વિશ્રામ લેતો જેમ છે, એમ જાણે સ્વરૂપમાં સ્થિર થાય છે. એ પરને જાણવાનું મારું જ્ઞાન છિન્ન-ભિન્ન થઈ ગયું. એટલે પોતે ઉલટાનું એકાંત માનવાથી નાશ પામે છે, એમ આવે છે ને પશુ છે, એમ અંદર આવે છે, બીજાને બીજાને જાણે તો હું છિન્ન-ભિન્ન થઈ જાઉં છું એવું માને છે. એ લોકો એમ કહે છે. પોતાને જાણે, પોતાના જ્ઞાનને જાણે છે, જ્ઞેયને નથી જાણતો, આજે જ્ઞેયને નથી જાણતો જેવું એકાંત જ્ઞેયને ન જાણે? આ લોકાલોકને જાણનારો, આ અવધિજ્ઞાન થાય છે, આ પ્રત્યભિજ્ઞાન થાય છે, આ બધું જ્ઞાન શું થાય છે? જ્ઞેયને નથી જાણતો?

ઓલાને 'આ જાણું છું તે આ છે.' ઓલું તો આ જ્ઞેયને નથી જાણતો. થાવાનું નથી. એનાથી જુદા રહીને જાણવાનો. જ્ઞેયને જુદા રહીને જાણવાનો છે. પોતા ઉપર દૃષ્ટિ મૂકે અને બહુ આકુળ-વ્યાકુળતામાં રોકાય નહીં પોતે તત્ત્વના વિચાર, બાહ્યના જાણવા ઉપર એના ઉપર એમ બહારના જાણવાની આકુળતા કરે નહીં એમ. પણ અંદરની અહીંથી જાણવાનું કાંઈ કાઢી નાખવાનું નથી. આટલું જાણી લઉં, આટલું આમ કરું જાણવાની આકુળતા ન કરાય, પણ જાણવાનો ગુણ છે, એ વયો થોડો જાય છે? એક આત્માને જાણવો તે પ્રયોજનભૂત છે. બહારનું જાણવાની આકુળતા એ તો ત્રાસ છે, એ પોતાને જાણે એમાં બીજું સહેજે જણાય છે. એની આકુળતા ન હોય કાંઈ બહારનું જાણવાનું છોડવાની વાત ક્યાં, એ તો સહેજે જણાય છે. એની આકુળતા ન કરે, એક આત્માને જાણે એ બધું જાણે, એ બહારનું એને જાણવાની આકુળતા ન હોય કે હું મારો આત્મા જાણી લઉં, દ્રવ્ય-ગુણ-પર્યાય આત્મા, પછી ઝાઝું ન જણાય તો એને આકુળતા નથી. એ તો ક્ષયોપશમજ્ઞાનમાં અમુક જણાય, અમુક ન જણાય એની

**આકુળતા ન હોય બહારનું જાણવાની, પણ એના ઝાઝું જણાતું નથી કેમ આગળ વધાય એમ જાણવા હારે એનો કાંઈ સંબંધ નથી. પોતાને જાણે એટલે બધું એમાં આવી જાય છે, પણ પછી એમાં જ્ઞેયને જાણતો જ નથી એવો એનો અર્થ નથી. (આકુળતા તરફ) પોતાને જાણે એમાં બધું આવી જાય છે. (આકુળતા) સહેજે જણાતું હોય, તત્ત્વજ્ઞાન શાસ્ત્રનો અભ્યાસ એ સહેજે જણાતું હોય એ જુદી વાત, આકુળતા કરવા જાય એ (ખોટું છે). પોતે પોતાને જાણે એમાં બધું આવી જાય છે. (3-81-9)**

**શ્રોતાઓ : ભગવતી માતનો જય હો....**
**માતાજીની અમૃતવાણીનો જય હો....**

* * *

## પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી, ભાગ-૩

# તત્ત્વચર્ચા – ૮૨

**શ્રોતા :** જેમાં રાગ પણ નથી અને દ્વેષ પણ નથી કર્તા-કર્મનો ભેદ પણ છૂટી ગયો. અને રાગ પણ નથી. એવા આત્માનો જે અનુભવ થયો એ આ આત્મા શુદ્ધનયનો વિષય.

**પૂજ્ય બહેનશ્રી : એ શુદ્ધનયનો વિષય છે, એમાં ભેદ નથી પડતો, દ્રવ્ય, ગુણ, પર્યાયનો ભેદ નથી પડતો એ બધો વિષય શુદ્ધનયનો છે, એનો અનુભવ થયો, સ્વાનુભૂતિ થઈ જે કહો એ બધો શુદ્ધનયનો વિષય છે.**

**શ્રોતા :** શુદ્ધનયનો વિષય છે, તો તે આશ્રય કરવાનું જે કહેવાય અથવા તો દૃષ્ટિનો વિષય અને આમાં ફરક **કે** એક જ ગણાય?

**પૂજ્ય બહેનશ્રી : જે દૃષ્ટિનો વિષય સવિકલ્પદશામાં હતો, દૃષ્ટિનો વિષય તે જ એનો વિષય સ્વાનુભૂતિમાં છે. એમાં વિકલ્પ છૂટી ગયા છે. એનો વિષય એમને એમ છે. તોપણ એના વેદનમાં પર્યાય ને એ બધું વેદનમાં આવે છે. એમાં એની નિર્વિકલ્પ પર્યાય છે, એ પ્રગટ થઈ છે. વિષય તો એકનો એક રહ્યો છે. વિષય નથી બદલાણો. જે સવિકલ્પદશામાં જે દ્રવ્યનો વિષય કર્યો તો એને, તે જ વિષય એને સ્વાનુભૂતિમાં છે. એનું ધ્યેય, એની જે દૃષ્ટિ છે તો તે એમ જ છે, પણ એનું વેદન**

સ્વાનુભૂતિમાં નિર્વિકલ્પરૂપે સ્વાનુભૂતિનું વેદન થાય છે અને એ વેદન એને જ્ઞાનમાં બધું ગ્રહણ થાય છે, એના ગુણો એની પર્યાયો બધું એને જ્ઞાનમાં બધું જણાય છે, એનું વેદન થાય છે. વિષય એક મુખ્યપણે દ્રવ્ય આશ્રયે છે જ્ઞાનમાં અને બધું એમાં જણાય છે, એને વિકલ્પ નથી. સહજપણે છે જે મુખ્ય છે, તે મુખ્ય જ છે ને જે બધું વેદનમાં તે એમ જ છે. એ નિર્વિકલ્પરૂપે છે. (3-82-1)

**શ્રોતા :** દૃષ્ટિનો વિષય અભેદ આત્મા..

**પૂજ્ય બહેનશ્રી : એક દ્રવ્ય છે મુખ્યપણે આ બધું એના વેદનમાં છે. ચિન્માત્ર એકરૂપ છે. ભલે એ શુદ્ધનયનો વિષય કહ્યો ન્યાં એ સ્વાનુભૂતિનો શુદ્ધનય કહેવામાં આવે છે. તે પરિણતિ સહિત બધો એને શુદ્ધનય કહો, સ્વાનુભૂતિ કહો બધો એમ કહીને કહેવામાં આવે છે, તે શુદ્ધનય અને એકલો દ્રવ્યનો આશ્રય કરીને શુદ્ધનય કહેવામાં આવે છે, તે દ્રવ્યનો જ વિષય કહે છે શુદ્ધનય દૃષ્ટિનો વિષય, એ બીજી રીતે છે અને આ પરિણતિ સહિતનો જે શુદ્ધનય છે, એમ એવી રીતે એની સ્વાનુભૂતિ તો પોતે શુદ્ધનય કહો, બધું એમ જ કહેવામાં આવે છે. પણ એમાં દ્રવ્ય, ગુણ, પર્યાય અભેદ એટલે એને ચિન્માત્ર એટલું ચૈતન્યમાત્ર રહી ગયું એટલે એમાં ગુણ ને પર્યાયો કાંઈ નથી અને એકલું દ્રવ્ય રહી ગયું છે, એમ નથી. એમાં ગુણો, પર્યાયો બધું છે જ્ઞાનમાં બધું જણાય છે. વિષય તો જ્યાં જેમ છે, એમ જ છે. વિષય છૂટી નથી જાતો.**

**જે મુખ્ય રીતે દ્રવ્ય છે, તે એમ જ છે. અને ગુણો ને પર્યાયો બધું એને જેમ છે, એમ વેદનમાં આવે છે. એ ચિન્માત્ર છે, એકલું ચિન્માત્ર ચિન્માત્ર થઈ ગયું એટલે એ ચિન્માત્ર એકલું ચૈતન્યરૂપ છે, એમાં બીજું વિભાવનું રૂપ નથી, વિકલ્પનું રૂપ નથી, કાંઈ નથી. એકલું દ્રવ્ય અને એના અનંત ગુણો અને એની પર્યાયો એકલું ચૈતન્ય જ છે. માટે ચિન્માત્ર કહેવામાં આવે છે. સિદ્ધ ભગવાન એકલા ચૈતન્યરૂપે પરિણમી ગયા. પૂર્ણ વીતરાગરૂપે પરિણમી ગયા. તો એમાં એના દ્રવ્ય, ગુણ ને પર્યાયો બધું છે. જેમાં અનંત ગુણો ને અનંત પર્યાયો અનંત આનંદ બધું છે. એ બધું શુદ્ધ. શુદ્ધનયનો વિષય કહેવામાં આવે છે, પણ એ શુદ્ધનય પરિણતિપૂર્વકનું કહેવામાં આવે છે. એનો દૃષ્ટિનો વિષય તો એક દ્રવ્યનો જ આશ્રય લેવો એનું બધું શુદ્ધ થઈ ગયું એટલે એ શુદ્ધનય છે, એમ કહેવામાં આવે છે. (3-82-2)**

**શ્રોતા :** માતાજી! એનો આપે શુદ્ધનયનો વિષય તો ખરો તથા દૃષ્ટિનો વિષય અને આ શુદ્ધનયનો જે વિષય છે એમાં ફરક છે. દૃષ્ટિનો વિષય તો કેવળજ્ઞાયક જે અનંતગુણોનો પિંડ એકલો અભેદ આત્મા ....

**પૂજ્ય બહેનશ્રી : એકલો અભેદ આત્મા. એમાં એની જે સ્વાનુભૂતિ રૂપે વેદન થાય છે, એ વિશેષરૂપે થાય છે. સવિકલ્પદશામાં એ સ્વાનુભૂતિ એ નથી અને અમુક રીતે સ્થિરતા છે, લીનતા છે, સમાધિ છે, પણ એને સ્વાનુભૂતિમાં વિશેષ થાય છે. અને તે એને જ્ઞાનમાં બધું જણાય છે. જાણવાનું કામ જ્ઞાન કરે છે. દૃષ્ટિ એક ધ્યેય રાખે છે. એક વસ્તુને ધ્યેયમાં રાખે છે, કે વસ્તુ મુખ્ય અસલી સ્વરૂપ શું છે, એને ધ્યેયમાં એક દૃષ્ટિ એક ધ્યેયમાં રાખે છે. અને જ્ઞાન બધું જાણવાનું કામ જ્ઞાનનું છે. જ્ઞાન દૃષ્ટિને જાણે છે, જ્ઞાન પોતાને જાણે છે. જ્ઞાન બધા ગુણોને જાણે, જ્ઞાન પર્યાયોને જાણે, બધું જ્ઞાન જાણે છે. (3-82-3)**

**શ્રોતા :** માતાજી! એનો એ અર્થ થયો કે જ્ઞાનકાળે દૃષ્ટિના વિષયને ધ્યેય બનાવે, ને સ્થિરતાનો પ્રયત્ન કરે એમાં જ્યાં સુધી દ્રવ્ય, ગુણ અને પર્યાય એવો ભેદ પણ લક્ષમાં લ્યે ત્યાં સુધી એને એકાગ્રતા ન થાય અથવા આ એક જાણનાર છે, એવો જ્યાં સુધી જ્ઞાનમાં પણ એવો અનુભવ ન થાય, એકરૂપ, એક જાણનારપણે તો ત્યાં સુધી પણ એમાં ભેદ પડે છે અને ભેદ પડે છે, એટલે અનુભવ ન થઈ શકે. તો એનો અર્થ એ થયો કે દૃષ્ટિમાં જ્ઞાયક ધ્રુવને લઈને જ્ઞાનમાં પણ એક અભેદ અનુભવવાનો પ્રયત્ન કરવો જોઈએ એ જાણનાર છે, એમ જ્ઞાનમાં પણ, અભ્યાસના કાળે એ જુદી વસ્તુ છે. ભેદ પાડીને અભ્યાસના કાળે જુદો, બધું દ્રવ્ય, ગુણ ને પર્યાય જુદાં, એના ભેદોને લઈને જેમ છે, એમ જાણી લે પણ હવે એને અનુભવવાનો કાળ અથવા ધ્યાનનો કાળ છે ત્યારે તો જ્ઞાનમાં પણ એક જ્ઞાન જ છે, એની મુખ્યતાથી જ એને એકાગ્રતા કરવાનો પ્રયત્ન કરવો જોઈએ એ બરાબર છે?

**પૂજ્ય બહેનશ્રી : એમાં એના જ્ઞાનમાં ગુણ-ગુણીનો ભેદ પડે કે દ્રવ્ય, ગુણ, પર્યાયનો ભેદ પડે એ ભેદ વિકલ્પ જે પડે છે, એ રાગને લઈને પડે છે. એ જ્ઞાનને જાણવાનું નથી છોડવાનું, એ રાગને લઈને ભેદ પડે છે. એ રાગથી છૂટે એટલે એ રાગ, વિકલ્પ છૂટી જાય છે. જાણવાનું નથી છૂટતું કે આ ગુણ છે ને ગુણી છે, એવો ભેદ એ રાગ મિશ્રિત જ્ઞાન છે, એટલે એવો ભેદ એમાં આવે છે, કે હું આ જ્ઞાયક છું આ પર્યાય છે, આ અધૂરી પર્યાય, આટલી સાધકની પર્યાય, આ રાગની પર્યાય, આમાં ભેદજ્ઞાનની ધારા વર્તે એ બધું જ્ઞાનમાં જણાય છે, એ જ્ઞાનનું જાણવાનું એ આ હું જાણવાનું છોડી દઉં એ નહીં, રાગ છૂટી જાય એટલે સહેજે જ્ઞાનનું રાગમિશ્રિતપણું હોય છે એ છૂટી જાય છે. જ્ઞાનનું જાણવાનું જે છે, તે તો એ ગુણ ને પર્યાય, એ તો એનું જાણવાનું એમ સ્વાનુભૂતિમાં પણ ઊભું રહે છે, એ જાણવાનું છૂટતું નથી પણ રાગ છૂટે છે. એ દૃષ્ટિનો**

વિષય એક દ્રવ્યને આલંબન કર્યો, એનો આશ્રય કર્યો, એનો આશ્રય કર્યો એટલે પછી જ્ઞાનને પણ હું આ બધું એક જ ધ્યાનમાં લે એમ નથી.

રાગથી છૂટીને સ્વરૂપમાં ઠરવાનો પ્રયત્ન કરે છે. આ જાણવું નહીં એમ નહીં. આ રાગની જે અસ્થિરતા થાય છે બહાર ઉપયોગ જવાથી, તે અસ્થિર, ઘડીમાં કોઈ વિકલ્પ આવે, ઘડીમાં કોઈ વિકલ્પ આવે એ રાગને, લઈને દ્વેષને લઈને, અનેક જાતના, અનેક જાતના શુભ પણ વિકલ્પ આવે છે, અમુક જાણવાના વિકલ્પ આવે છે, એ વિકલ્પથી છૂટીને બસ હવે બસ થયું, ઘણું થયું. હવે હું મારા સ્વરૂપમાં ઠરી જાઉં છું. એ પોતા દૃષ્ટિના વિષયમાં આ આત્મા જે છે, એક ધ્યેય કરી ધ્યેયમાં ઠરી જાવું. વિકલ્પથી છૂટવા માગે છે. એ વિકલ્પથી છૂટે એમાં જાણવાનું સહેજે એને ભેદરૂપ ખંડખંડરૂપ જાણતો હતો એ જાણવાનું સહેજે છૂટી જાય છે.

રાગથી છૂટે એટલે જાણવાનું છૂટે જ છે. રાગમિશ્રિત, પણ જેમ અંદર જાય છે તો વિકલ્પ છૂટી જાય ને નિર્વિકલ્પદશામાં એનું જાણવાનું છૂટી નથી જાતું, જે જાણવાનો છોડવાનો પ્રયત્ન નહીં પણ રાગથી છૂટવાનો પ્રયત્ન કરવાનો છે. એ જાણવાનું છૂટતું નથી. જાણવાનું છૂટે તો શૂન્યતા થઈ જાય. જાણવાનું નથી છૂટતું પણ એને રાગથી છૂટી અને આકુળતા આકુળ-વ્યાકુળ થાય છે, તે સ્વરૂપમાં સ્થિર થાય છે. આ આત્મા તે જ હું છું આ (બીજું) કોઈ હું નથી. આ આત્મા તે જ સુખરૂપે, વિકલ્પ નહીં સહેજે એને શાંતિ આત્મામાં લાગે છે, જે બહારના અનેક જાતના વિકલ્પો રાગમિશ્રિત, એનાથી છૂટીને આ ગુણ છે, આ ભિન્ન છે, એ બધી શ્રુતની ઉપાધિ કહેવામાં આવે છે. એ શ્રુતની જે ઉપાધિ છે, એનાથી પણ છૂટીને વિકલ્પ સહિત છે. માટે રાગમિશ્રિત છે, એટલે એ જ્ઞાન નથી છૂટતું, રાગ છૂટે છે.

તે અંદરમાં ઠરી જાય છે, એટલે અંદરમાં આકુળતાથી છૂટીને સ્વરૂપમાં લીન થાય છે, એ વિકલ્પ છૂટી જાય છે. વિકલ્પ છૂટી જાય છે, એટલે સ્વરૂપની સ્વાનુભૂતિમાં એ પોતાને જાણે છે, ગુણોને જાણે છે. પોતાના આનંદને જાણે છે, બધાને જાણે છે, એમ ભેદ પાડીને વિકલ્પ કરીને નથી જાણતો, સહેજે જણાય છે. એ કહેવાય છે ને 'શ્રુતની ઉપાધિ સો ભિન્ન જાણીયે,' ઉપાધિ એટલે એને રાગમિશ્રિત છે માટે એનાથી છૂટે છે. જે કોઈ દ્રવ્ય, ગુણ, પર્યાયના વિચારો છે શુક્લધ્યાન થાય તો દ્રવ્ય, ગુણ પર્યાયોમાં વિચારો થાય છે તોપણ એમાં એને રાગ મિશ્રિત છે, એટલે એમાંથી પણ એ ખંડ ખંડ થાય છે, એટલે એમાંથી સ્થિર થાય છે વધારે. પછી એક ઉપર સ્થિર થાય છે.

એનું જ્યારે એવું શુક્લધ્યાન જામે છે ત્યારે એને કેવળજ્ઞાન પ્રગટ થાય છે. એમાં જ્ઞાન નથી છૂટતું પણ રાગ છૂટે છે. એને વીતરાગદશાની પ્રાપ્તિ થાય છે, એટલે

કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે, એ રાગ છૂટીને વીતરાગતા થાય એની સાથે જ્ઞાનને સંબંધ છે. જ્ઞાન નિર્મળ થાય છે. જ્યાં સ્વાનુભૂતિમાં જાય તો એનું જ્ઞાન નિર્મળતાને પામે છે. જેટલે અંશે વીતરાગતા થાય એટલે અંશે જ્ઞાન નિર્મળ થાય છે. આ બહારમાંથી ક્ષયોપશમજ્ઞાન ખંડ ખંડ થાય છે. એક એક નયને જાણવા માટે ઊભો રહે છે, એટલે જ્ઞાન છૂટવા એના ઉપર ધ્યાન આપવા કરતાં રાગથી છૂટવાનો (પ્રયત્ન કરવો) પોતાની આસક્તિને લઈને પોતે ક્યાંક ક્યાંક રોકાય છે. આગળ વધી શકતો નથી પહેલાં શ્રુતના વિચારો જાણવા માટે બધું આવે છે. કે જ્ઞાન સ્વભાવ આત્માનો નિર્ણય કરીને પછી અંદર મતિ-શ્રુતનો ઉપયોગ અંદરમાં લઈ જાય છે, એટલે બહારમાં જે ઉપયોગ જાતો હતો તે ઉપયોગને પોતાના સ્વરૂપમાં લીન કરે છે.

એટલે આ જાણવાનું છોડી દઉં એનો ઉપયોગને પાછો વાળે છે. જે બહાર ઉપયોગ રાગ મિશ્રિત ઉપયોગ બહાર જાય છે, એ ઉપયોગને પોતામાં પાછો વાળી અને 'હું આ ચૈતન્ય જ છું' એમ પછી ગુણભેદના, પર્યાયભેદના કે અધૂરી પૂરી પર્યાયના કોઈ જાતના વિચાર નહીં કરતાં સ્વરૂપમાં સ્થિર થાય છે. એને એટલી આકુળતા લાગે છે હું મારા સ્વરૂપમાં સ્થિર થાઉં છું એમ. એટલે એને વિચારવાનું એ બધું જાણવાનું સહેજે છૂટી જાય છે. રાગમિશ્રિત છે એટલે સહેજે છૂટી જાય છે અને સ્વરૂપ જે દૃષ્ટિનું ધ્યેય છે, તે પ્રમાણે પોતે એમાં સ્થિર થાય છે. એમાં ઠરી જાય છે. ઓલું ને એને દૃષ્ટિ એને વિષય કર્યો છે. જે આત્માનો વિષય કરે છે 'આ સ્વરૂપ તે જ હું' એને ધ્યેયમાં રાખ્યું કે ગમે તેવા કાર્યોમાં ધ્યેય ન છૂટવું જોઈએ કે આત્માનો આશ્રય છોડતો નથી. આશ્રય નથી છોડતો ને આ પછી જ્યારે વધારે આગળ જતાં એમાં ઠરી જાય છે. રાગની આકુળતાથી (છોડી) અંદર ઠરી જાય છે. એને ઠરવાને લઈને વિકલ્પ છૂટે છે, એટલે જાણવાનું સહેજે જે ચારેકોર ઉપયોગ ફરતો હતો એ ઉપયોગ પોતાના સ્વરૂપમાં જાય છે. સહેજે ઉપયોગને પાછો વાળી દે છે. (3-82-4)

**શ્રોતા :** સહેજે ઉપયોગ પાછો વળે છે, એને જાણવામાં ભેદનો લક્ષ છૂટી જાય છે.

**પૂજ્ય બહેનશ્રી :** ભેદનું લક્ષ જે જાણવામાં ભેદ ઉપર લક્ષ છે તે છૂટી જાય છે. રાગ છૂટે તો એ ભેદવાળો ઉપયોગ પલટે છે. જ્યાં સુધી રાગ બહાર છે ત્યાં સુધી ઉપયોગ બહાર જ રહે છે. એનો રાગ બહારથી મંદ પડે તો એ અંદર રહે છે, એટલે પોતા તરફ ઉપયોગને લીન કરે છે સ્થિર કરે છે. તો વિકલ્પ છૂટીને તો એની નિર્વિકલ્પદશા થાય છે. (3-82-5)

**શ્રોતા :** ધ્રુવને સ્થિર કરે છે ત્યાં રાગ છોડવાનો એનો અભિપ્રાય રાગ છોડવાનો છે. **(પૂ. બહેનશ્રીઃ અભિપ્રાય રાગ છોડવાનો)** અને પછી જ્ઞાન સ્વ તરફ વળતા ભેદનું લક્ષ છૂટી જાય છે.

**પૂજ્ય બહેનશ્રી : ભેદનું લક્ષ છૂટી જાય છે, એને સહેજે. આચાર્યદેવ કહે છે ઘણું કહેવાઈ ગયું, ઘણી વાત થઈ ગઈ. બસ હવે બસ થાઓ, અંદર સ્વરૂપમાં લીન થાઓ, એટલે જે જાણવા તરફ ઉપયોગ હતો એની સાથે રાગ આવે છે, એટલે ખંડ ખંડ થાય છે, એટલે પોતે આકુળતા થાય છે, (એ છોડી) એટલે સ્વરૂપમાં સ્થિર થાય છે, (એમ કહે છે.) (3-82-6)**

**શ્રોતા :** એટલે માતાજી! નિર્વિકલ્પ અનુભવ વખતે એમ કહેવાય છે જ્ઞાનીનું અવલંબન ત્યાં જ્ઞાયકનું છે, પણ જાણવાનું બધું એ દ્રવ્ય, ગુણ, પર્યાય ભેદને એ પ્રમાણે. આ અવલંબન રાખીને આને જાણવું શ્રદ્ધાનું...

**પૂજ્ય બહેનશ્રી : એને પોતાએ શ્રદ્ધાએ આશ્રય લીધો છે દ્રવ્યનો, એમ જ્ઞાને પણ આશ્રય લીધો છે, પણ એનું કાર્ય બધું જાણવાનું છે કાર્ય જાણવાનું, એના આશ્રયે જ્ઞાનના આશ્રયમાં પણ દ્રવ્ય છે અને દૃષ્ટિના આશ્રયમાં પણ દ્રવ્ય છે. એમાં લીનતાપણું જે ઠરે એ પોતે સ્વરૂપને આશ્રય લઈને જ લીનતા કરવી પણ જ્ઞાનનો સ્વભાવ જાણવાનો છે. જો જાણવાનો સ્વભાવ ન હોય તો વેદનને જાણે કોણ? સ્વાનુભૂતિને જાણે કોણ? સ્વાનુભૂતિ પોતે પોતાને નથી જાણતી, જ્ઞાન એને જાણે છે. જ્ઞાન બધાને જાણે છે. એનો જાણવાનો સ્વભાવ છે પોતે દ્રવ્યને જાણે છે જ્ઞાન, અને દ્રવ્યનો આશ્રય કરે છે જ્ઞાન, પછી ગુણોને જાણે છે જ્ઞાન, પર્યાયોને જાણે છે, જ્ઞાન બધાને જાણે છે. નિર્વિકલ્પદશામાંથી બહાર આવે, (કોઈ બધું સ્વાનુભૂતિ), સ્વાનુભૂતિ થઈ તે બધું જ્ઞાન જાણે છે વિવેક કરે. બહાર આવીને પણ કઈ જાતના વિચારો અને કઈ જાતના અંદર સ્વરૂપમાં લીન થયો એ બધું જ્ઞાન જાણે છે.**

**દૃષ્ટિ એક આશ્રય કરે છે ને જ્ઞાન પણ આશ્રય કરે છે. જોકે અંતરમાં ભેદજ્ઞાનની દૃષ્ટિનો આશ્રય જોરદાર ન થાય એનો આશ્રય, દૃષ્ટિમાં જોરદાર ન થાય ત્યાં સુધી જ્ઞાનમાં પણ એ જોરદાર થાતો નથી. અને ત્યાં સુધી ઠરી શકતો નથી. અંદર ભેદજ્ઞાન થાય કે હું આ બધા રાગથી, આ બધા વિકલ્પથી છૂટો ન્યારો જ્ઞાયક છું એમ એને અંદરમાંથી શ્રદ્ધાનું જોર આવે કે હું એક જ્ઞાયક, તો એનાથી છૂટો પડે છે અને સ્વરૂપમાં ઠરવાનો પ્રયત્ન કરે. એને પ્રયોજનરૂપ કેટલાકને એટલી અંદર આત્માની લગની લાગે કે મૂળ પ્રયોજનભૂત જાણી લીધું. બસ હવે સ્વરૂપમાં ઠરી જાવું છે, કે આત્માનું એક પ્રયોજન સાધવું છે, એટલે આત્માને આશ્રયમાં લઈને સ્વરૂપમાં ઠરવાનો પ્રયત્ન કરવો.**

ઉપયોગ બહાર જાતો હોય એને અંતરમાં વાળવો તો એમાં પુરુષાર્થ જો એનો યથાર્થ થાય (એને જો એને યથાર્થ થાય) તો એને વિકલ્પ છૂટીને નિર્વિકલ્પદશાની પ્રાપ્તિ થાય છે, પણ એ એકધારાએ, શાસ્ત્રમાં આવે છે ને છ મહિના એકધારો એવો અભ્યાસ તું કર. દૃષ્ટિનો આશ્રય કરીને એવી ભેદજ્ઞાનથી એવી જાતનો અંદરથી દશા પ્રાપ્ત કર ને જો સહજ રીતે એ તારી ધારા થાય તો અંદર નિર્વિકલ્પદશા ને સ્વાનુભૂતિ થયા વગર રહેશે નહીં. એમ આચાર્યદેવ કહે છે. ઉપયોગ અંતર લાવવાનો આચાર્યદેવ કહે છે. મતિ-શ્રુતનો ઉપયોગ એટલે કે એનો રાગ છૂટે તો ઉપયોગ અંદર આવે ને રાગ છૂટ્યા વગર ઉપયોગ અંદર આવતો નથી. (3-82-7)

**શ્રોતાઓ :** ભગવતી માતનો જય હો....
માતાજીની અમૃતવાણીનો જય હો....

* * *

## પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી, ભાગ-૩

# તત્ત્વચર્ચા – ૮૩

**શ્રોતા :** ..

**પૂજ્ય બહેનશ્રી :** એ અનંતી શક્તિ તારામાં છે ભગવાન જેવી. એમાં જરાય ઓછી નથી અનંતકાળ ગયો તોય કોઈ શક્તિ એમાં ઘટી નથી. પરિપૂર્ણ શક્તિથી ભરેલો છે. એ ભગવાનને ઓળખે, એ ભગવાનનો સ્વભાવ ઓળખવો. આમ પણ લખ્યું છે સ્તોત્રમાં કહ્યું છે, કે હે ભગવાન તમારું નામ પણ અમને શાંતિકારક શીતળતા આપે છે. કલ્યાણમંદિર સ્તોત્રમાં આવે છે 'રક્ષે નામે પણ તમતણું જન્મથી ભુવનોને' તમારું નામ પણ અમને શાંતિ આપનારું છે. ''વાયુ રૂડો કમલસરનો સુરસીલો વહે જે, તીવ્ર તાપે હત પથિકને ગ્રીષ્મમાં રીઝવે તે.'' તીવ્રતાપથી પથિક ઉલસે એને શાંતિ આપે છે. એમ હે ભગવાન તમારું નામ એટલે નામ પોતે ભાવથી સ્વભાવ ઓળખીને આ તો શીતળતા એમ અંતર ચૈતન્ય ભગવાનને ઓળખે ને તો અંતરમાં શીતળતા પ્રગટ થાય છે. અંતરમાં પોતાનો સ્વભાવ, શીતળ છે. પાછળ પોતે ભાવ ગ્રહણ કરી લે તો અંદરથી શીતળતા પ્રગટ્યા વગર રહેતી નથી. બધામાં કરવાની શક્તિ છે, પણ જેને રુચિ લાગી હોય તે કરે છે. કરી તો શકે બધામાં, કોઈ એને રોકનાર નથી પોતે

તૈયાર થાય તો બધા કરી શકે છે. ગુરુદેવે કીધું 'તું પોતે ભગવાન છો.' જે કરવા ધારે એ કરી શકાય એમ છે, પણ પોતે કરતો જ નથી. (3-83-1)

**શ્રોતા :** તો કેમ કરવાથી થાય?

**પૂજ્ય બહેનશ્રી :** ઉપાદાન તૈયાર થાય તો એમાં જે પોતાની તૈયારી હોય તો આ નિમિત્તો મળ્યા વગર રહેતા જ નથી. દેવ, ગુરુ, શાસ્ત્રને નિમિત્ત કહેવાય છે. ભગવાનની વાણી પ્રબળ નિમિત્ત છે. પણ પોતે ઉપાદાન તૈયાર થાય તો એ નિમિત્ત નિમિત્તરૂપે પોતાનું થાય છે. પોતાની તૈયારી વગર કોઈ કરી દેતું નથી. પોતે તૈયાર થાય તો ભગવાનને નિમિત્તરૂપે પોતે ગ્રહણ કરે છે. ઉપાદાન-નિમિત્તનો એવો સંબંધ છે. અનાદિકાળથી અજાણ્યો માર્ગ, પહેલા દેશનાલબ્ધિ થાય છે, પણ એ દેશનામાં પોતે ગ્રહણ કરે તો એ દેશનાલબ્ધિ એને અંતરમાં પ્રગટ થાય છે. તો દેશનાલબ્ધિ થાય છે. કાંઈ કરી શકતો નથી. પરદ્રવ્ય સ્વતંત્ર છે. પરદ્રવ્ય, એના ગુણો ને એની પર્યાયો બધું સ્વતંત્ર, પોતે કાંઈ કરી શકતો નથી. પોતે પોતાના ભાવ કરે છે. શુભ ને અશુભ બેય ભાવો કરે. બાકી માને કે મેં આને ફેરવી દીધું મેં આનું સારું કરી દીધું, અને ખરાબ કરી દીધું. (3-83-2)

**શ્રોતા :** આપને ભગવાન શુદ્ધાત્માકા અંતરદૃષ્ટિસે અનુભવકા પ્રયોગ કિયા તો ઉસકા કુછ બતાઈએ.

**પૂજ્ય બહેનશ્રી :** ગુરુદેવને માર્ગ બહોત-બહોત સ્પષ્ટ કર દિયા હૈ. પ્રયત્ન તો અપનેકો કરના ચાહિયે. શુદ્ધાત્માકા સ્વરૂપ પહિચાનના. 'મૈં શુદ્ધ સ્વરૂપ હૂં,' ઉસકા સ્વભાવ ગ્રહણ કરકે 'મૈં શુદ્ધાત્મા હૂં,' શુદ્ધમેંસે શુદ્ધ પર્યાય પ્રગટ હોતી હૈ. જો શુદ્ધ આત્માકો જાનતે વહ શુદ્ધ હો જાતા હૈ. જો અશુદ્ધ જાનતે હૈ વહ અશુદ્ધ (હો જાતા હૈ). 'સમયસાર'મેં આતા હૈ, તો શુદ્ધાત્માકો જૈસા હૈ વૈસા હી જાનના, વૈસી પ્રતીત કરના, વો રૂપ પરિણમન કરના, વહ ઇસકા ઉપાય હૈ. વો પરિણમન કરના અપને હાથકી બાત હૈ. વહ નિમિત્ત હોતે હૈ દેવ, ગુરુ, શાસ્ત્ર. પરિણમન કરના તો અપને આપસે હોતા હૈ. પ્રયત્ન તો અપનેકો હી કરના પડતા હૈ. દરેક દ્રવ્ય સ્વતંત્ર હૈ, મૈં સ્વતંત્ર ઔર દૂસરા સ્વતંત્ર. દરેક આત્મા સ્વતંત્ર, દરેક દ્રવ્યોં સ્વતંત્ર, અપને આપસે પરિણમન કરતે હૈ, અનાદિકાળસે, સબ પરિણમન કરતે આયે હૈ વિભાવમેં પરિણમતે હૈ તો અપને પુરુષાર્થકી નબળાઈસે સ્વભાવમેં પરિણમે તો પણ અપને આપ પરિણમતે હૈ. ને સ્વભાવમેં પ્રયત્ન કરના 'મૈં શુદ્ધાત્મા હૂં, યહ સબ મૈં નહીં હૂં, મૈં શુદ્ધાત્મા હૂં' ઐસા શુદ્ધાત્માકા જ્ઞાન કરના, પ્રતીત કરના, વોરૂપ પરિણમન કરના, વારંવાર ઇસકા અભ્યાસ કરના, દિવસ ને રાત ક્ષણ ક્ષણમેં જાગતા, ઉંઘતા, સૂતા, સ્વપ્નામેં સબ વાર

'મેં શુદ્ધાત્મા હૂં' ઐસી પરિણતિ કરના વો ઉપચાર કરકે કરના ઔર ઉસકે ભીતરમેં જાકર પરિણતિ કરના વો હી ઉસકા ઉપાય હૈ.

ઇસકી પરિણતિ કરતે-કરતે વિકલ્પ તૂટ જાતા હૈ તો ઉસકા અનુભવ સ્વાનુભૂતિ હો જાતી હૈ. વો હી કરના વો હી ઉસકા ઉપાય હૈ. જૈસા હૈ વૈસા પરિણમન કરના. જો જિસકા સ્વભાવ હૈ ઉસમેંસે આતા હૈ. પરમેંસે તો આતા નહીં હૈ, કંઈ જ્ઞાન, દર્શન, ચારિત્ર પરમેંસે નહીં આતા હૈ. અપના સ્વભાવમેંસે આતા હૈ. જ્ઞાનરૂપ પરિણમના, દર્શનરૂપ પરિણમન કરના, સબ અપને સ્વભાવમેં હૈ ઉસમેં પ્રગટ હોતા હૈ. જૈસા સ્વભાવ હો. ઉસમેંસે (આતા હૈ) આંબામેંસે આંબા પ્રગટ હોતા હૈ. ઔર આકોલિયામેંસે આકોલિયા હોતા હૈ.

ઐસે આત્મામેંસે જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ અનંતગુણકી પર્યાય આત્મામેંસે હોતી હૈ. તો ઇસમેં જાના ઔર પ્રજ્ઞાછીણીકે દ્વારા ઉસકો પ્રગટ કરના વો હી ઉસકા ઉપાય હૈ જો ગુરુદેવે બતાયા હૈ વો કરના હૈ. અનાદિકાળસે વો ઉપાયસે મોક્ષ જાતા હૈ. અપને ભેદજ્ઞાન કરકે શુદ્ધાત્મા ઉપર દૃષ્ટિ કરનેસે પ્રગટ હોતા હૈ. દૂસરા કોઈ ઉપાય નહીં હૈ, એક હી ઉપાય હૈ. શુદ્ધાત્માકો ગ્રહણ કરકે ઇસકા વારંવાર ભેદજ્ઞાન કરના, ઉસરૂપ પરિણતિ કરના વોહી ઉસકા ઉપાય હૈ. વારંવાર કરના. જો ભૂલ જાતા હૈ તો ભી વારંવાર વારંવાર કરના. એકત્વબુદ્ધિ તોડ દેના વો હી ઉસકા ઉપાય હૈ. (3-83-3)

**શ્રોતા :** ઇસમેં જ્ઞાયકકા વિકલ્પ, જ્ઞાયક સૂક્ષ્મરૂપસે અંદરમેં આડા અંદરમેં (વિકલ્પ) બીચમેંસે આતા રહેતા હૈ. વો સતત બંધ હોય જાય જ્ઞાયકમેં ઉપયોગ કૈસે રુક જાતા હૈ કિસપ્રકારકા?

**પૂજ્ય બહેનશ્રી :** વો અપને પ્રયત્નસે હોતા હૈ. વારંવાર કરનેસે, અનાદિકા અભ્યાસ હૈ તો બહાર ચલા જાતા હૈ પણ અંતરમેં વારંવાર જાનેસે જ્ઞાયકરૂપ જૈસે 'શરીર મૈં નહી હૂં, મૈં તો જ્ઞાયકરૂપ હૂં, ચિદાત્મા વહ મેરા રૂપ હૈ, વહ હી મેરા સ્વરૂપ વો હી મેરા સંપૂર્ણ સ્વરૂપ વો હી હૈ.' ઉસરૂપ પરિણમન કરના વો હી ઉપાય હૈ, દૂસરા ઉપાય નહીં હૈ. (3-83-4)

**શ્રોતા :** ઉપયોગ તો આપને ફરમાયા સૂક્ષ્મ હૈ, વસ્તુ ભગવાન આત્મા અંતરમાં સૂક્ષ્મ હૈ તો ઉપયોગ સૂક્ષ્મ કિસ પ્રકાર હો કિ પકડ લે સૂક્ષ્મ ભગવાન આત્માકો?

**પૂજ્ય બહેનશ્રી :** સૂક્ષ્મ હો જાના ઔર સ્થૂળ ઉપયોગ બાહર જાતા હૈ. અપને ગ્રહણ કરનેમેં અપની જો પીપાસા હૈ વો માર્ગ બતા દેતા હૈ. વો પીપાસા ઐસી તીક્ષ્ણ હોતી હૈ તો અપના અસ્તિત્વકો ગ્રહણ કર લેતી હૈ વહ. ઐસા જિનેન્દ્રદેવ બતાતે હૈ,

**ગુરુ બતાતે હૈ, શાસ્ત્ર બતાતે હૈ વારંવાર કહતે હૈ તો અપને જો પિપાસા જાગે તો અપના અસ્તિત્વકો ગ્રહણ કર લેતા હૈ. (3-83-5)**

**શ્રોતા :** પર્યાયમેં યહ ભૂલ કહા અટક જાતી હૈ ને દ્રવ્ય સ્વભાવકી મહિમા કહાં રુક જાતી હૈ? ઇતના અંતરમેં બહેતે હુએ ઔર ન્યાયકે વિકલ્પ યે બીચમેં આડે આતે હૈ અંદરમેં સ્વભાવ આનંદકા સંદેહ ઇસમેં આતા હૈ.

**પૂજ્ય બહેનશ્રી : એ બીચમેં અટક જાતા હૈ, પુરુષાર્થકી મંદતાસે જો ઉસકો તીવ્રતા હોવે તો વહ તૂટ જાય તો રુકતા નહીં હૈ. જો તીવ્રતા હોવે તો જૈસે નદીકા પ્રવાહ જો ચલતા હૈ ઉસકો કોઈ રોકતા નહીં હૈ. ઐસે અપના જો પ્રવાહ ચલા અપની તરફ તો કોઈ રુકનેવાલા નહીં હૈ, સ્વતંત્ર હૈ. ઉસમેં રોકનેવાલા પોતાને અપને આપસે રુક જાતા હૈ, કર્મ નહીં ઇસકો રોકતા હૈ. જો ઇસકા પ્રવાહ ચલા તો ઇસકી તીવ્રતા ચલી તો ઉસકો કોઈ રોકનેવાલા નહીં હૈ. એ તો અપની પરિણતિકી દોડ દોડતે હી અપનેકો અપનેમેં ચલી જાતી હૈ. કોઈ રોકનેવાલા કોઈ નહીં હૈ. અનાદિ અનંત પારિણામિક દ્રવ્ય હૈ જો પરિણમન કરતે તો રોકનેવાલા દ્રવ્ય કોઈ નહીં હૈ. નિમિત્તમાત્ર કહનેમેં આતા હૈ. (3-83-6)**

**શ્રોતા :** જૈસે આપને કિસી બોલમેં ફરમાયા થા કે ચૈતન્યને ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના ફળે જ છે તો આ ન ફળે તો જગત-બ્રહ્માંડ શૂન્ય થઈ જાય.

**પૂજ્ય બહેનશ્રી : એ ચૈતન્યમાંથી નીકળેલી ભાવના અવશ્ય ફળે. જો ઇસકી ભાવના ન ફળે તો (એ ફળે જ તે.) જગત શૂન્ય થઈ જાય એટલે કે જો દ્રવ્ય પ્રમાણે સ્વભાવ હોય ઈસરૂપે જો પરિણમન ન હોવે તો દ્રવ્યકા નાશ હોવે સબ નાશ હોવે ઐસા હોતા હી નહીં. જિસકા સ્વભાવ હૈ, ઉસ તરફ ફળ આયે બિના રહેતા હી નહીં. ઇસકી ભાવના તીવ્ર હોવે અપને તરફ જાનેકી તો વો ભાવના ફળતી હૈ અવશ્ય ફળે જૈસે શુભભાવના ફળતે, અશુભ ફળતે સબ ફળતા હૈ. તો શુદ્ધભાવના કૈસે ન ફળે? એ તો અપનેમેંસે પ્રગટ હોતી હૈ. અપનેમેંસે સ્વભાવમેંસે પ્રગટ જો ભાવના અપને તરફ દૌડતી હૈ ઉસકા ફળ આયે બિના રહેતા હી નહીં. અવશ્ય .... જિસકા જૈસા સ્વભાવ ઉસ તરફ પરિણતિ હુયે બિના રહેતી નહીં. વહ રહ નહીં સકતા દ્રવ્ય. અપને તરફ પરિણતિ કરે બિના રહ હી નહીં સકતા હૈ. જિસકો તાલાવેલી જાગી પીપાસા જાગી તો ઉસકો ઐસી નિરાંત હોતી નહીં શાંતિ નહીં હોતી તો ઉસકી પરિણતિ અપને તરફ ચલી જાતી હૈ. એ સ્વભાવમેંસે ફળ આયે બિના રહેતા હી નહીં. (3-83-7)**

**શ્રોતા :** મતલબ એક હી જ્ઞાયક ધ્રુવકી ધ્રુવમેં મતલબ ઉપયોગ ઔર રુચિ સબ ઉધર બાજુ ઢલે.

**પૂજ્ય બહેનશ્રી :** **અંદર બાજુ ઢળી જાય એ રુચિ, સબ જ્ઞાયક તરફ લગની લગે, પીપાસા લગે તબ જ્ઞાયક તરફ ચલના ચાહિયે. ઉસકા વિચાર, ચિંતવન પરિણતિ સબ ઉસકે તરફ હોની ચાહિયે.**

**શ્રોતા :** જિતના બહારકા શાસ્ત્ર જ્ઞાન વગેરે બહુત કુછ પઢે, લિખે, કુછ યાદ કિયા વહ સબ પીછે રહ જાતા હૈ ક્યા?

**પૂજ્ય બહેનશ્રી :** **વહ સબ અપના પ્રયત્ન કરના, વો પઢે લીખે વહ ઉસમેં ક્યાં કામ કરતા હૈ. ઉસકો વિચાર કરનેમેં કામ આતા હૈ કે માર્ગ દેખનેમેં કામ નિમિત્ત હોતા હૈ પણ પુરુષાર્થ ભીતરમેં જો ભેદજ્ઞાન કરકે ઔર વિભાવકો, સ્વભાવે વિભાવ એ તોડકરકે પ્રજ્ઞાછીણી દ્વારા વો તો અપને પુરુષાર્થસે હોતા હૈ. ઉસકો સ્વાનુભૂતિ કોઈ અનુપમ હૈ, (..........)(3-83-8)**

**શ્રોતા :** પૂજ્ય ગુરુદેવશ્રી મિથ્યાત્વ ગાળવા માટે શ્રદ્ધાનું બળ વધારવાનું કહે છે આવું શ્રદ્ધાનું બળ વધારવા શું કરવું જોઈએ?

**પૂજ્ય બહેનશ્રી :** **દરેકનો એક ઉપાય છે. બધાનો એક જ ઉપાય છે શ્રદ્ધાનું બળ વધારવા પોતે પ્રયત્ન કરવો. અંદર ભાવના કરવી બધાનો 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.' પરમાર્થનો પંથ એક જ છે. દ્રવ્ય તરફ દૃષ્ટિ કરો, ભેદજ્ઞાન કરો, ઇસકા જ્ઞાન કરો, ઇસકા ધ્યાન કરો, ઇસકી પ્રતીત કરો, સબકા એક ઉપાય હૈ, શ્રદ્ધાનું બળ વધારવાને માટે બધું એક જ છે. 'મૈં દ્રવ્ય હૂં, મૈં ચૈતન્ય હૂં, યહ સબ મૈં નહીં હૂં.' ઐસા સ્વભાવકો બળ વધારનેકે લિયે દ્રવ્યકી આરાધના કરે, જ્ઞાયકકી આરાધના કરે વો શ્રદ્ધાકા બળ વધારનેકા ઉપાય હૈ. એક ઉપાય છે. જ્યાં ત્યાં, જ્યાં ત્યાં કોઈ ખોટા માર્ગમાં ફસાઈ નહીં જાતા. એક જ્ઞાયક હી હૂં બસ. એ અલ્પ, અલ્પ કાંઈ વિભાવ આવે, કોઈ શુભભાવના આવે ભાવના તો બીચમેં આવે તો ભી ઇસસે માર્ગ હોતા હૈ, ઇસસે માર્ગ હોતા હૈ. ભેદસે માર્ગ હોતા હૈ ઐસે માર્ગ જ્યાં ત્યાં રુકના નહીં ઔર 'મૈં દ્રવ્ય ચૈતન્ય હૂં'. ઇસ પર દૃષ્ટિ કરના વો શ્રદ્ધાકા બળ વારંવાર મૈં જ્ઞાયક હૂં. એ શ્રદ્ધાકા બળ વધારનેકા એક ઉપાય હૈ. જ્યાં ત્યાં રુકે બિના મૈં જ્ઞાયક હૂં, મૈં જ્ઞાયક હૂં, સર્વસે ભિન્ન એક જ્ઞાયક હૂં, એમ દૃઢતા કરના ઔર વિચાર કરકે ચિંતવન કરકે ગુરુએ ક્યા બતાયા હૈ ઐસે તત્ત્વમેં દૃષ્ટિ કરકે એક હી કરના, યથાર્થ નિર્ણય કરના. (3-83-9)**

**શ્રોતા :** ...... પ્રયોગમય જ્ઞાયકકી ધારા કેવી રીતે કરવી?

**પૂજ્ય બહેનશ્રી :** **આત્માર્થીને જ્ઞાયકની ધારા કાયમ નહીં ચલતી. તૂટ જાતી હૈ પણ ઇસકા અભ્યાસ કરના. 'મૈં જ્ઞાયક હૂં, જ્ઞાયક હૂં,' સહજ ધારા તો જિસકો ઐસી દશા પ્રગટ હોતી હૈ તો ઇસકો સહજધારા જ્ઞાયકકી હોતી હૈ. પહેલે ઐસી**

**સહજધારા તો હોતી નહીં હૈ. જ્ઞાયકકો પિછાના નહીં તદ્રૂપ પરિણતિ કરી નહીં, સહજધારા તો રહેતી નહીં, પરંતુ ઉસકા અભ્યાસ કરના, વારંવાર, 'મૈં જ્ઞાયક હૂં' યહ ઇસકો સ્વભાવ ગ્રહણ કરનેકા પ્રયત્ન કરના, વારંવાર અભ્યાસ કરના, એકત્વબુદ્ધિ હો જાય તો ભી ઉસકો તોડકરકે 'મૈં ભિન્ન ચૈતન્ય હૂં, જ્ઞાયક હૂં' ઐસા વારંવાર વારંવાર અભ્યાસ કરના. ઐસી જ્ઞાયકધારા ઇસકો સહજ નહીં રહેતી પણ અભ્યાસ કરના.**

**(3-83-10)**

**શ્રોતા :** સવિકલ્પદશામાં હું જ્ઞાનસ્વરૂપ છું, શુદ્ધસ્વરૂપ છું એવા સ્વરૂપને વેદન વડે જોવાનો પ્રયાસ યોગ્ય છે, કે નહીં? આવો પ્રયાસ કરીએ બરાબર છે? ...

**પૂજ્ય બહેનશ્રી : મૈં જ્ઞાયક હૂં, શુદ્ધ હૂં, સવિકલ્પદશા એ તો આવે વચ્ચે વિકલ્પમાં આવે જ્યાં સુધી નિર્વિકલ્પદશા નથી થઈ, સ્વાનુભૂતિ નથી થઈ એવી આનંદની કોઈ અનુપમદશા પ્રગટ નથી થઈ ત્યાં સુધી તો એ આવે જ. હું જ્ઞાયક છું વિકલ્પ તો વચ્ચે આવે પરંતુ સ્વભાવ ગ્રહણ કરનેકા પ્રયત્ન કરના ચાહિયે, (વિકલ્પ તો સવિકલ્પ તો વિકલ્પમેં વો ખડા હૈ વિકલ્પ) તો બીચમેં આતા હૈ. (3-83-11)**

**શ્રોતા :** નિર્વિકલ્પ કઈ રીતે થાય?

**પૂજ્ય બહેનશ્રી : નિર્વિકલ્પ તો જ્ઞાયક એ જ્ઞાતાધારાકી ઉગ્રતા હોવે તબ નિર્વિકલ્પ હોતા હૈ. ભેદજ્ઞાનકી. દ્રવ્યદૃષ્ટિકા બળ વધે, જ્ઞાતાધારાકી ઉગ્રતા હો જાય, તબ નિર્વિકલ્પદશા હોતી હૈ. એ તો સહજ સહજ, ભેદજ્ઞાનકી ધારા કોઈ સહજ હો જાય, કોઈ તીવ્રતા ઇસમેં હો જાય, તો નિર્વિકલ્પદશા હોતી હૈ. વિકલ્પ તરફસે લક્ષ છૂટ જાય, ઉપયોગ તૂટ જાય વો તરફસે ઉપયોગ યહ જ્ઞાયક તરફ તીવ્રતા બહુ બળસે આ જાય તો વિકલ્પ તૂટ જાતા હૈ. (3-83-12)**

**શ્રોતા :** ત્રિકાળી ધ્રુવ ને પર્યાય વચ્ચે ભાવભિન્નતા ને પ્રદેશભિન્નતા છે, એમાં ભાવભિન્નતા તો સમજાય છે, પણ પ્રદેશભિન્નતા કઈ રીતે છે, તે સમજાવશો.

**પૂજ્ય બહેનશ્રી : દ્રવ્ય અને પર્યાય વચ્ચે? દ્રવ્ય દૃષ્ટિના બળે એમ કહેવાય કે પર્યાયના પ્રદેશ ભિન્ન છે. વાસ્તવિક તો એ દ્રવ્યમાંથી પર્યાય પ્રગટ થાય છે, પણ દ્રવ્યદૃષ્ટિ દ્રવ્યને ગ્રહણ કરે છે (દ્રવ્ય), દ્રવ્યદૃષ્ટિમાં એકલું દ્રવ્ય ગ્રહણ થાય છે ને પર્યાય ગૌણ થાય છે, એટલે દ્રવ્ય દૃષ્ટિના બળમાં એ પ્રદેશ જુદા, એ પર્યાય એક ક્ષણપૂરતો મારો સ્વભાવ નથી પણ હું તો શાશ્વત આત્મા છું એવી દ્રવ્યદૃષ્ટિની અંદર એકલું દ્રવ્ય જ એના દેખવામાં આવે છે. એકલું દ્રવ્યનું જ જોર રહે છે માટે એનો ભાવ ભિન્ન છે માટે એનું ક્ષેત્ર પણ ભિન્ન છે, એમ દ્રવ્યદૃષ્ટિ એમ કહી દે છે, કે જે ભાવ ભિન્ન તે ક્ષેત્ર ભિન્ન છે, પણ જ્ઞાનમાં એમ જણાય છે, કે દ્રવ્ય જે દ્રવ્ય છે, એમાંથી આ પર્યાય**

થાય છે, પણ એ એક ક્ષણ પૂરતી છે. આ હું ત્રિકાળ છું. દ્રવ્ય ને પર્યાય બેયને જાણનારું જ્ઞાન એ બેયને અપેક્ષાથી એ સમજે છે, એની અપેક્ષા કઈ. પણ દ્રવ્ય દૃષ્ટિની મુખ્યતામાં પર્યાય ગૌણ થાય છે અને ભાવભિન્નતા ભાસે એની સાથે ક્ષેત્ર ભિન્નતા પણ છે, એમ દ્રવ્યદૃષ્ટિના જોરમાં એ આવે છે.

એ આ પર્યાય ક્ષણપૂરતી છે, એ એટલા પૂરતો હું નથી હું તો, ત્રિકાળ શાશ્વત છું. હું તો અનાદિ અનંત છું, પરિણમન કે કોઈ ઉપર દૃષ્ટિ જ નથી. દૃષ્ટિ એકલા અસ્તિત્વ ઉપર જ છે માટે બધું જુદું કરી નાખ્યું છે. દ્રવ્યદૃષ્ટિની મુખ્યતામાં, એના બળમાં એમ આવે છે, પણ જ્ઞાન પછી બેયનો વિવેક કરે. સાથે જ્ઞાન તો ઊભું જ છે, એ બેયનો વિવેક કરે છે. એ પર્યાય જો અદ્ધર લટકતી હોય તો આત્મામાંથી એ વેદન આત્માને કેમ થાય છે? શુદ્ધાત્માનું વેદન થાય છે. શુદ્ધ પર્યાય, અનુભૂતિનું વેદન થાય છે એ પર્યાય કાંઈ અદ્ધર નથી લટકતી. આત્માના સ્વભાવમાં પરિણમન થાય છે કોઈ અનુભૂતિનો, કોઈ અનંત ગુણ પર્યાય પરિણમે, એનું વેદન આત્માને થાય છે. એ વેદન થાય છે એ કાંઈ એકદમ ભિન્ન હોય ક્ષેત્ર તો વેદન આત્માને કેમ થાય એટલે જ્ઞાન બેયનો વિવેક કરે છે, પણ દ્રવ્યદૃષ્ટિથી બળવાન છે કે એની મુખ્યતાના એના જોરમાં બધું જુદું પડી જાય છે. ભાવથી, ક્ષેત્રથી, બધેથી, એ દ્રવ્યદૃષ્ટિ મુખ્ય રહે છે સાધકદશામાં એને દ્રવ્યદૃષ્ટિમાં એમ આવે છે, કે આ બધું (ભિન્ન છે) બસ હું તો એક શાશ્વત આત્મા છું એ કાંઈ નથી મારામાં એમ. (3-83-13)

**શ્રોતાઓ :** ભગવતી માતનો જય હો....
માતાજીની અમૃતવાણીનો જય હો....

* * *

## પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી, ભાગ-૩

# તત્ત્વચર્ચા – ૮૪

**શ્રોતા :** આ બાજુનો રસ તોડવો અને આત્મા બાજુનો રસ વધારવાનો બેય તાકાત લગાવવાની... ...

**પૂજ્ય બહેનશ્રી : અંતરનો જેને રસ લાગે ત્યાં સહેજે છૂટી જાય બેય પ્રયત્ન કરવાં નથી પડતા એક તરફને જ્યાં ખેંચાણ થાય ત્યાં બીજો રસ છૂટી જાય છે સહેજે જે પોતા તરફ રસ જ્યાં જાગ્યો આત્મા તરફ, આત્મા તરફ જેને રસ જાગ્યો ત્યાં**

વિભાવ તરફનો રસ તૂટી જાય છે. સહેજે પોતા તરફની રમણતા વધે એમાં ચૈતન્યમાં લીનતા વધે ત્યાં આ રસ છૂટી જ જાય છે સહેજે. જેમ સ્વરૂપાચરણ ચારિત્ર પ્રગટે ને અનંતાનુબંધીનો રસ તૂટી જ જાય છે. જેને અંતરથી તે વિશેષ દેશવિરત આવે ત્યાં અંદરની સ્વાનુભૂતિ વધે. ત્યાં દેશવિરતિ પણ સહેજે આવી જાય એને પછી કરવું નથી પડતું કે આટલા કષાય છોડવા કે આ કરવું, તે કરવું એમ એને રોકાવું (નથી પડતું) જો બહાર એમ રોકાય તો અંતર તરફથી વધી ગયેલો હોય એને જ તૂટી જાય છે. ઓલો એમાં ને એમાં રોકાઈને એને એમ તૂટતો નથી. કે આ કષાય ઓછા કરું કે આ કરું તે કરું. પોતા તરફ વળે ત્યાં સહેજે તૂટી જાય છે, એમ. ઓલો તો એને શુભભાવનામાં આવે, મંદકષાય થાય પણ કષાયનો અભાવ થઈને ભેદજ્ઞાનની ધારા પ્રગટ કરે, પોતા તરફ જાય છે ઓલું સહેજે તૂટી જાય છે બે પ્રયત્ન નથી કરવા પડતા. એક પ્રયત્નમાં બે સમાઈ જાય છે. જ્યાં અહીંથી તૂટે ત્યાં રસ વધી જ જાય છે. રસ વધે ત્યાં અહીંથી તૂટી જ જાય છે. બે પ્રયત્ન જુદાં જુદાં નથી. (3-84-1)

**શ્રોતા :** જ્યાં ચૈતન્ય આત્મા છે ત્યાંથી જ્ઞાનની પર્યાયમાં આવે છે. કાંઈ જડમાંથી રાગમાંથી કે ભેદરૂપ વિકલ્પમાંથી ક્યાંય જ્ઞાનની પર્યાય આવતી નથી. તેવું અનુમાનજ્ઞાનમાં પણ નક્કી થાય છે. છતાં પણ પોતાનો આત્મા અનુભવમાં આવતો નથી. તો આત્માનો અનુભવ ન થવામાં દૃષ્ટિનો દોષ છે, કે જ્ઞાનનો દોષ છે, એ વિશે સમજાવશો.

**પૂજ્ય બહેનશ્રી : આત્મામાં દૃષ્ટિ ને જ્ઞાન બેયનો દોષ છે આત્માનો અનુભવ નથી આવતો. દૃષ્ટિનો મુખ્ય દોષ છે. દૃષ્ટિ પર તરફ જાય છે. દૃષ્ટિ સ્વ તરફ આવે, દૃષ્ટિનું જોર થાય તો જ્ઞાનનું જોર થાય. દૃષ્ટિ સમ્યક્ થાય તો જ્ઞાન પણ સમ્યક્ થાય. દૃષ્ટિ ને જ્ઞાનમાં બેયમાં ફેર છે, પણ દૃષ્ટિ મુખ્ય છે, દૃષ્ટિ ફરે એટલે જ્ઞાન ફરી જ જાય છે. અને જ્ઞાનમાં જો સમ્યક્તા નથી તો દૃષ્ટિમાં પહેલાં તો પહેલી ભૂમિકામાં જ્ઞાન સાચા વિચાર ને બધું આવે છે અને દૃષ્ટિ કેમ સમ્યક્ થાય એનામાં એને માટે વિચાર ને ચિંતવન આવે પણ મોક્ષમાર્ગમાં પહેલી દૃષ્ટિ મુખ્ય છે. દૃષ્ટિની સાથે જ્ઞાન છે. દૃષ્ટિ મુખ્ય છે. (તે) સમ્યક્ થાય, તો જ્ઞાન સમ્યક્ થઈ જાય છે.**

**એક જ માર્ગ છે ને એક માર્ગે જાવાનું છે, મૂળ જે છે કહેવું એટલે એક જ કહેવાનું હોય બીજું શું કહેવાનું હોય? કાંઈ શાસ્ત્રમાં વાંચે કાંઈ જુદું હોય? આ તો એક જ માર્ગ. માર્ગ તો એક જ હોય ને કરવાનો. ગુરુદેવે એક જ બતાવ્યું છે. બધું કરીને કરીને કરવાનું આત્માનું કરવાનું છે. તત્ત્વનું ચિંતવન કરે, શાસ્ત્રાભ્યાસ કરે, દેવ, ગુરુ, શાસ્ત્રની મહિમા કરે, બધામાં કરવાનું ધ્યેય તો એક આત્માનું જ છે. ચૈતન્ય આત્માને ઓળખ.**

આખો જ્ઞાયક અનંતગુણથી ભરેલો આત્મા ઓળખ. એક જ કરવાનું રહે છે. એને સ્વભાવ કેવી રીતે પ્રગટ થાય? એ કરવાનું છે. એના મૂળ સ્વભાવ જે છે જ્ઞાનથી ભરેલો આત્મા, દર્શન, ચારિત્ર આનંદાદિ અનંત ગુણોથી ભરેલો એ ગુણ શુદ્ધરૂપે કેવી રીતે પરિણમે? જે અનાદિથી વિભાવ પર્યાય થઈ રહી છે, એ વિભાવ પર્યાય પલટીને સ્વભાવપર્યાય કેવી રીતે થાય? શુદ્ધપર્યાય શુદ્ધાત્મા શુદ્ધતારૂપે કેવી રીતે પરિણમે એ જ પ્રયત્ન કરવાનો છે. એ શુદ્ધાત્મા જે વિભાવ તરફ દૃષ્ટિ કરીને વિભાવ પર્યાય થઈ રહી છે, એ વિભાવ પર્યાય છૂટીને, પલટીને, શુદ્ધરૂપે પરિણમે ઈ જ એની ખરાં સ્વભાવની પ્રગટતા છે. આ તો બધો વિભાવ છે.

એનું ઘર છે, એનું મૂળ રહેવાનું સ્થાન છે, એ જ કરવા જેવું છે. ''સમયસાર''માં આવે છે, કે સ્થાતાનું સ્થાન (છે). રહેનારનું રહેઠાણ છે, બધું ઈ જ છે, પણ એ બહાર ચાલ્યો ગયો છે. એ મારો સ્વભાવ નથી. એ મારું ઘર નથી, એ પરઘર છે હું ચૈતન્યનું મારું સ્વામીત્વ મારું ચૈતન્યમાં છે. પરનું સ્વામિત્વ તે અજ્ઞાન અવસ્થાએ છે. પરને હું કરી શકું છું એ અજ્ઞાનતા છે. પરને કરી શકતો નથી ને પરનું કરવા મથી રહ્યો છે. પોતે ચૈતન્ય તરફ દૃષ્ટિ કરે તો પોતે પોતાનું જ કરી શકે છે. પોતાના ગુણોની પર્યાય શુદ્ધરૂપે કેમ પરિણમે એ પોતે કરી શકે છે. પરનું કરી શકતો નથી. અજ્ઞાનતાએ માન્યું છે માટે પોતામાં સ્વભાવમાં દૃષ્ટિ ગઈ નથી. શુદ્ધમાંથી શુદ્ધપર્યાય પ્રગટ થાય એ કરવાનું છે, એનું ભેદજ્ઞાન કરીને આ બધું પરઘર છે પરનું છે આચાર્યદેવ કહે છે, કે અહીં આવો.. અહીં આવો આ તારું રહેવાનું રહેઠાણ છે. આ તારું પદ છે આ તો બધું (બીજું) અપદ છે.

પોતે પોતાનું પદ ચૈતન્યપદ છે, એમાં તું આવ. એ જ તારે કરવાનું છે. ઈ કરવાનું છે. બાકી બહારનું, વિભાવની પ્રવૃત્તિ એનાથી નિવૃત્તિ કર, નિવૃત્ત સ્વરૂપ આત્મા એમાં જ પરિણતિ પ્રગટ કરવા જેવી છે. પોતામાં પરિણતિ કરવી પર તરફની પરિણતિ કેમ તૂટી જાય? ઈ કરવાનું છે જીવનમાં. એને માટે શાસ્ત્રાભ્યાસ, દેવ, ગુરુ, શાસ્ત્રાદિની મહિમા, ગુરુદેવની મહિમા, ચૈતન્યની પરિણતિ કેમ પ્રગટ થાય? શુદ્ધાત્મા તરફની દ્રવ્યદૃષ્ટિ કેમ પ્રગટ થાય? એની એને અનુભૂતિ કેમ થાય? એ કરવા જેવું છે. ખરું એ છે. એ જીવનનું કર્તવ્ય છે. એમાં જ મુક્તિ મળે છે, એ જે વિભાવ છૂટી જાય ને સ્વભાવ પ્રગટ થાય. એમાં જ મુક્તિનો અંશ ને સર્વથા મુક્તિ એમાં જ છે. કરવાનું ઈ છે.

જે શુભાશુભ બેય ભાવો છે (જે) જ્ઞાનથી વિપરીત (છે), કારણ કે શુભભાવમાં અંદર વિચાર કરે તો આકુળતા ભાસે છે. બેયમાં આકુળતા, બેય અશાંતિરૂપ છે. એ તો અશુભથી બચવા શુભ આવે, દેવ, ગુરુ, શાસ્ત્રની મહિમા, શુદ્ધ શાસ્ત્ર અભ્યાસ

**બધું પણ વિચાર કરે તે કાંઈ સિદ્ધ ભગવાનમાં આવ્યો નથી. એ તો અધૂરીદશામાં છે. માટે મૂળ સ્વભાવ નથી. જે મૂળ સ્વભાવ ન હોય એ આકુળતારૂપ જ હોય માટે આકુળતારૂપ છે, જ્ઞાન છે એ શાંતિરૂપ છે. (3-84-2)**

**શ્રોતા :** જાણનારની જગ્યા ને રાગની જગ્યા ને જ્ઞાયકની જગ્યા એ બધી જુદી તો એની અંદરથી કંઈ રીતે આમ આપણે પ્રયોજનભૂત રીતે **લેવાનું ?**

**પૂજ્ય બહેનશ્રી : એકલું પોતાને જિજ્ઞાસા જ પોતાનો માર્ગ કરી દે છે. તીખી તમન્ના અને ઝંખના થાય તો અંદરથી પોતાનો સ્વભાવ જુદો પાડી શકે પોતે જ એને એવી ઉગ્રતા જ જાગે તો જુદો પાડી શકે.**

**શ્રોતા :** એવા જુદો પ્રકારનો પ્રકાશ...

**પૂજ્ય બહેનશ્રી : એ જ્ઞાયક અને જ્ઞાન એ જ્ઞાન તો જ્ઞાયકમાં જ છે, એટલે જ્ઞાયક અને રાગ એ બેય જુદા પાડી શકે એનો પ્રયત્ન અંદર એને ક્યાંય ચેન ન પડે. ક્ષણે ક્ષણે, વારંવાર એની ને એની ઝંખના રહ્યા કરે તો એ પોતે જ (જુદા) પાડી શકે છે. સ્વભાવને ઓળખીને. કારણ કરવાનું તો પોતાને જ છે. દેવ, ગુરુ, શાસ્ત્ર માર્ગ બતાવે પણ માર્ગે તો પોતાને ચાલવાનું છે. બાકી તો અંદર પોતે જ શોધી લે છે. કે આ જાણનારો છે ને આ રાગ છે. આ રાગ છે આ જાણનારો છે. આ રાગ છે આ જાણનારો છે, એમ ક્ષણે ક્ષણે ભેદજ્ઞાન કરે, એટલી અંદરથી ઝંખના લાગે કાંઈ ક્યાંય, એકત્વબુદ્ધિ થઈ રહી. અને ક્યાં હું આ જોડાઈ રહ્યો છું ? હું તો જાણનારો જ્ઞાયક, આ બધું જુદું, આ બધું મારાથી જુદું જ છે. (3-84-3)**

**શ્રોતા :** સળંગ....સળંગ

**પૂજ્ય બહેનશ્રી : વારંવાર.....**

**શ્રોતા :** સળંગ નિવૃત્તિમાં નહીં પણ પ્રવૃત્તિમાં સળંગ..

**પૂજ્ય બહેનશ્રી : બધું પ્રવૃત્તિમાં એક ઠેકાણે બેસે એટલે કરે એ તો ઠીક એ તો ક્ષણપૂરતું થયું પણ એને વારંવાર ચોવીસે કલાક એવી તમન્ના રહે તો જ જુદો પડે છે. બધી રીતે ક્ષણે ક્ષણે ખાતા, પીતા, જાગતા, ઉઠતા, બધી રીતે એને થાવું જોઈએ તો થાય ને! ખરી જિજ્ઞાસા જોઈએ તો થાય. એકવાર કરી લીધું પછી એ છૂટી જાય એ કાંઈ એમાં ન થાય એવું. ઠીક એટલું કાંઈ ન કરતો હોય એના કરતાં ઠીક છે, પણ એમાં એને ભેદજ્ઞાન ન રહે. એ પાછી એકત્વબુદ્ધિ થઈ જાય, એક બેવાર બેઠો-બેઠો કરતો રહે છે. એના સ્વભાવથી જ ઓળખી જવાય છે આ જેમ એ કાચ ને હીરો એને ઝવેરી ઓળખી લે કે આ હીરો છે આ કાચ છે. જુદો પડે. કાળીજીરી ને સાકર કેમ પકડાય છે ? કે સાકર જુદી ને એનો સ્વાદ જુદો કાળીજીરી જુદી એમ આ રાગનો સ્વાદ જુદો જ**

**છે ને જ્ઞાન જુદું જ છે. શાંતિરૂપ છે. અને જાણવારૂપ છે ઓલો (રાગ) કંઈ જાણતુંય નથી પોતે પોતાને ને, આકુળતારૂપ છે. (3-84-4)**

**શ્રોતા :** હું થાકી જાઉં છું.

**પૂજ્ય બહેનશ્રી : છે, છે, છે, છે પોતાનું અસ્તિત્વ છે. પોતે છે છે, એ તો પોતે શાશ્વત છે. નાનપણથી પોતે અત્યાર સુધી છે. પોતે એનો એ છે. જે જે પર્યાયો આવીને ગઈ અને વિભાવની એ પોતાને જ્ઞાનમાં આવે કે નાનપણનું આ બધું વિભાવ પર્યાય પણ પોતે તો એમને એમ જાણનારો રહ્યો. પર્યાય બધી વિભાવ વઈ જાય છે. નવી નવી આવે છે. જાણનારો તો એમને એમ જ છે. છે.. છે ...છે ... છે અસ્તિત્વ, એવી રીતે અનંતકાળથી છે છે છે અસ્તિત્વરૂપ જ છે, એ જ્ઞાયક અસ્તિત્વરૂપ છે. ચૈતન્ય ઓલું તો બધી પર્યાય ભાગી જાય છે વિભાવ પર્યાય. એને એનું મૂળ અસ્તિત્વ ગ્રહણ કરવા જેવું છે. તો એનું ભેદજ્ઞાન થાય તો વિકલ્પ તૂટે, ભેદજ્ઞાન વગર નો તૂટે. મૂળ અસ્તિત્વ ગ્રહણ કરે તો. (3-84-5)**

**શ્રોતા :** કોઈવાર એવો વિચાર આવી જાય કે આવી રીતે આત્મા આપણો થાતો નથી... આ બધું શું છે....... વિચાર આવે કોઈવાર એમ થાય કે આમ તો....

**પૂજ્ય બહેનશ્રી : દરેક આત્મા છે. કરે એને થઈ શકે, પણ જિજ્ઞાસા પોતાની હોવી જોઈએ. એમાં મુંઝાવું નહીં.**

**શ્રોતા :** ઉત્કૃષ્ટ માર્ગ છે, એમાં તો કોઈ શંકા નથી. આમ કેવું **છે.** પણ આમ ઉત્કૃષ્ટતા **છે** તો હલકાફૂલ થઈ જવાય છે એવું તો થાય છે, **આમ** પણ હવે એનાથી સંતોષાઈ જાય તો મરી **ગયા** એવું લાગે છે. આગળ વધવા માટે એમ થાય કે તમારા જેવા પાસે થોડું આવીએ તો અમને કાંઈ પાછો જોર પકડે પાછું ફર્યા કરે...

**પૂજ્ય બહેનશ્રી : જિજ્ઞાસા એટલી હોય તો થાય, તૈયારી જોઈએ, એ ન થાય ત્યાં સુધી ભાવના રાખે કે કરવાનું તો આ જ છે, એમાં જ સુખ ને શાંતિ છે, એને પ્રગટ કરે તો જ ભવનો અભાવ થાય અને તો જ અંદર સમાધિ પ્રગટે એમ છે, બાકી નથી કોઈ ઉપાય. ન થાય ત્યાં સુધી ભાવના રાખે, મુંઝાય નહીં, આકુળતા ન કરે પણ એની એ તરફની પ્રીતિ, રુચિ એ બધું કર્યા કરે. (3-84-6)**

**શ્રોતા :** મુંઝાય નહીં તો પણ મુંઝવણ જેવા જુદાં પ્રકારની તીવ્રતા તો થાય ને? આમ રડવું આવી જાય કોઈવાર એમ થાય સમય ઓછો પડી જશે તો શું થશે? એવું બધું ન થાય? કે એને એવું ન થવું જોઈએ.

**પૂજ્ય બહેનશ્રી : ભાવનામાં આવે એવું તો આવે પણ આમ ...**

**શ્રોતા :** બહુ થઈ જાય છે કોઈવાર ઓલા રોજ આવે એક દિવસ ભલે પછી એમ થઈ જાય છે, કે આટલું ખોટું છે જો કરવું હોય તો પછી પુરુષાર્થ ઉપાડવો જોઈએ. ખાલી ખાલી આવી રીતે વિચારમાં આવી જાય એ ખોટું એવુંય થાય છે.

**પૂજ્ય બહેનશ્રી : બહુ વધારે પડતી આકુળતા કરવી નહીં. સહેજે થોડી આવી જાય અંદર ભાવના હોય તો, બહુ વધારે પડતી આકુળતા ન કરતા માર્ગ શોધી લેવો. પોતાના પુરુષાર્થની મંદતાએ નથી કરી શકાતું. આત્મા જ સર્વસ્વ છે, સર્વોત્કૃષ્ટ વસ્તુ જ જગતમાં એ છે. બીજું બધું તો બહારનું, કાંઈ આત્માને સુખરૂપ નથી. આ તો રુચિ પોતે પોતાના ચૈતન્ય તરફની મહિમાથી જ વધે છે. તત્ત્વચિંતન, તત્ત્વની મહિમા, દેવ, ગુરુ, શાસ્ત્રની મહિમા, એ બધું એ બધા ગુરુદેવ, જિનેન્દ્રદેવ, શાસ્ત્ર બધા શું કહી રહ્યા છે. તત્ત્વની મહિમા લાવીને તરત રુચિ વધારે, તત્ત્વ કોઈ અપૂર્વ છે, એમ નિર્ણય કરીને એનું ચિંતવન કરીને, શ્રદ્ધા કરીને રુચિ વધારે પોતાથી. હું જ્ઞાયક છું, જ્ઞાતા છું, એમ કર્તાબુદ્ધિ છોડી નાખે. પોતાના સ્વભાવ તરફ જેમ બને એમ પરિણતિને દોડાવવી એ ક્ષણે ક્ષણે એમ.**

**એક જ્ઞાયક આત્માકો ભેદજ્ઞાનકી ધારા કૈસે પ્રગટ થાય? દ્રવ્યદૃષ્ટિ ઔર ઉસકા જ્ઞાન ભેદજ્ઞાન સબ વિકલ્પ તૂટકે સ્વાનુભૂતિ કૈસે હોય? ઐસા માર્ગ ગુરુદેવને બહોત બતાયા. ક્રિયામેં પડે થે, કોઈ માર્ગ જાનતે નહીં થે. એ સબ સ્થાનકવાસી ને દેરાવાસી સબ ક્રિયા..ક્રિયા..ક્રિયા. ભીતરકા માર્ગ ગુરુદેવે પ્રગટ કિયા હૈ. ઐસા કોઈ અદ્ભૂત આત્માકો ઓળખો, આત્મા દ્રવ્ય, ગુણ, પર્યાય સબ, દો દ્રવ્ય સ્વતંત્ર હૈ, જડકા જડમેં, ચૈતન્યકા ચૈતન્યમેં એ સ્વતંત્રતા પહિચાનો. વિભાવ પર્યાય ભી આત્માકા સ્વભાવગુણ નહીં હૈ. વો ભેદજ્ઞાન કરો. દ્રવ્ય ભીતરમેં મુક્તિકા માર્ગ હૈ, બાહર નહીં હૈ. મુક્તિકા અંશ ભીતરમેં પ્રગટતા હૈ. પૂર્ણતા ભી ભીતરમેં હોતા હૈ સબ. ઐસા માર્ગ બતાનેવાલા હૈ. પંચમકાળમેં વિષમકાળમેં એ ગુરુદેવે જેવા જન્મ ઇસકા હુઆ. કેટલાય જીવોંકી રુચિ ઉત્પન્ન થઈ ગઈ આત્માકી. સબ ક્રિયામેં, સબ ક્રિયામેં ધર્મ માનતે થે, બહોત તો કોઈ શુભભાવમેં માનતે થે. શુભભાવસે તો પુણ્ય, દેવલોક હોતે હૈ એ તો ભવકા અભાવ તો નહીં હોતા. ચૈતન્યકી કોઈ અદ્ભૂતતા, ચૈતન્યકી અનુપમતા એ બતાનેવાલે ગુરુદેવ એક હી થે. (3-84-7)**

**શ્રોતા :** અધ્યાત્મદશા કેવી રીતે થાય?

**પૂજ્ય બહેનશ્રી : આ એક જ્ઞાયકનું સ્વરૂપ ઓળખે 'મૈં જ્ઞાયક હૂં', આ સબ ભિન્ન હૈ, યે પુદ્ગલ વિભાવ પર્યાય હૈ યે 'મૈં જ્ઞાયક' વારંવાર વારંવાર 'મૈં જ્ઞાયક, જ્ઞાતા હૂં.' એ કર્તાબુદ્ધિ છોડીને, 'પરદ્રવ્યકા મૈં કુછ નહીં કર સકતા હૂં.' 'હું જ્ઞાયક હૂં'**

'મૈં જ્ઞાયક હૂઁ' ઐસે એના અંતરમાં જઈને એનો સ્વભાવ ઓળખીને અંતરથી જ્ઞાયકનો અભ્યાસ કરે વારંવાર, 'મૈં જ્ઞાયક હૂં,' જ્ઞાયક જ્ઞાતા દૃષ્ટા રહેવાનો અભ્યાસ કરે એમ. 'મૈં જ્ઞાયક', ભેદજ્ઞાનની ધારા ક્ષણે ક્ષણે એકવાર કરી લીધું એમ થાય નહીં. પણ એને ક્ષણે ક્ષણે વારંવાર એકત્વબુદ્ધિ તોડીને 'હું જ્ઞાયક છું...જ્ઞાયક છું...જ્ઞાયક છું.'

ખાતા, પીતા, સૂતા, સ્વપ્નમાં બસ એક અભ્યાસ કરે તો એનારૂપ જો પરિણતિ થાય તો વિકલ્પ તૂટવાનો કોઈ એને પ્રસંગ બની આવે તો નિર્વિકલ્પદશા થાય. ત્યાં એકદમ એકવાર એમ કરી લ્યે તો એમ ન થાય એનો ક્ષણે, ક્ષણે, ક્ષણે અભ્યાસ કરવો જોઈએ. એ જાતનું ચિંતવન, એ જાતનો શાસ્ત્ર અભ્યાસ એ જાતનું અંતરમાં વારંવાર એની એ તરફ પરિણતિ વારંવાર ભાવના કરે, એ જાતનો સ્વભાવ ઓળખે અંદરમાં જાય સ્વભાવ ઓળખીને 'હું જ્ઞાયક છૂટો જ છું.' જ્ઞાયકનો અભ્યાસ કરવો વારંવાર. આ અભ્યાસ કેમ અનાદિનો છે? કે એકત્વબુદ્ધિ વારેવારે સહજ થઈ જાય છે. આ વિભાવ પરિણતિની એકત્વબુદ્ધિ સહજ રહે છે, એમ સહજ જો 'મૈં જ્ઞાયક હૂં' એમ જ્ઞાયકને ઓળખીને મૂળ એમ અસ્તિત્વમાંથી ઓળખીને 'હું જ્ઞાયક છું...જ્ઞાયક છું' એમ અભ્યાસ કરે તો એ જ્ઞાયકની પરિણતિ પ્રગટ થયા વગર રહેતી નથી. જ્ઞાયકનો અભ્યાસ કરવો. (3-84-8)

**શ્રોતા :** ઓળખવો એટલે શું?

**પૂજ્ય બહેનશ્રી :** ઓળખવો એટલે? એનું મૂળ અસ્તિત્વ ઓળખવું કે હું જાણનારો જ્ઞાયક છું એમાં એનું અસ્તિત્વ મૂળ વસ્તુને ઓળખવી એમ. વિકલ્પ આવે પણ એ વિકલ્પની પાછળ હું જ્ઞાયક જાણવાવાળો છું. જે બધા વિકલ્પ આવે વિકલ્પની પાછળ જાણનારો કોણ છે? એ જાણનારો કોણ છે, એને સૂક્ષ્મતા, જ્ઞાનને સૂક્ષ્મ કરીને એને અંતરમાં જઈને ઓળખી લેવો. ઓળખવો એટલે એને ગ્રહણ કરવો, મૂળ સ્વભાવ ઓળખવો એનો. એનું અસ્તિત્વ ઓળખવું કે હું કોણ? 'હું જ્ઞાયક છું' એમ જાણનારો, પરમાં અસ્તિત્વ મનાઈ ગયું છે. વિભાવમાં, પર પુદ્ગલ, મારું અસ્તિત્વ જાણવારૂપે,' અનંતગુણથી ભરેલો જ્ઞાયક, ગુણ ભલે એને દેખાતા નથી, પણ અસાધારણ એવો જ્ઞાયકતા અસાધારણ ગુણ છે, એને લક્ષમાં આવે છે માટે મૂળ અસ્તિત્વ ગ્રહણ કરવું 'ઓળખવો' એટલે એનું મૂળ અસ્તિત્વ, આ હું છું અને આ હું નથી.

જે જાણનારો તે હું અને આ હું નથી. જે જાણનારો તે હું છું બીજું હું નથી એમ. જાણનારો હું છું. આ પરને જાણે એટલે જાણનારો એમ નહીં. સ્વયં મારું અસ્તિત્વ જાણવારૂપે છે. 'હું જાણનારો મારું અસ્તિત્વ જ જ્ઞાયકરૂપે છે,' એમ. ઓલા રાગદ્વેષનું અસ્તિત્વ, ઓલું તો જાણવાનું જ્ઞાયકનું અસ્તિત્વ 'એ જાણવારનું અસ્તિત્વ તે હું'

**એમાં પછી અનંતગુણ બધા અંદરમાં ભરેલા એ તો એને સ્વાનુભૂતિમાં એના વેદનમાં આવે. પણ પહેલાં એના તો એને જ્ઞાયક અસાધારણ ગુણ છે, એટલે જ્ઞાયકનું અસ્તિત્વ ગ્રહણ કરવું એમ. ક્ષણે ક્ષણે એની ભેદજ્ઞાનનો અભ્યાસ કરે, ક્ષણે ક્ષણે 'હું જ્ઞાયક છું...જ્ઞાયક છું' એમ વિકલ્પરૂપે નહીં પણ એનું અસ્તિત્વ ગ્રહણ કરે છે તો એને વિકલ્પ તૂટવાનો પ્રસંગ આવે ને સ્વાનુભૂતિ પ્રગટ થાય. (3-84-9)**

**શ્રોતાઓ : ભગવતી માતનો જય હો....**
**માતાજીની અમૃતવાણીનો જય હો....**

* * *

## પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી, ભાગ-૩

# તત્ત્વચર્ચા – ૮૫

**શ્રોતા :** એમ લાગતું હતું, કે ગુરુદેવે દીક્ષા લીધા પછી ....

**પંડિતજી :** ગુરુદેવે તો ડુંગર ડોલાવ્યો. ગુરુદેવ ડુંગર હતા. ડુંગર હલી ગયો.

**શ્રોતા :** એ હકીકત છે...હકીકત છે. આવું ગુરુદેવનું હૃદય એમાં શું થયું કે દીક્ષા પછી જાણે વાત્સલ્ય છે, એ ...... જો કોઈ ઉછળ્યું છે, ઉછાળ્યું હોય તો બહેને સંસારના સંસારના એને બેન બેન... ચારેકોર જ્યાં જુઓ, જ્યારે જુઓ તો બેન.....બેન....બેન.. બેને કર્યા કર્યું છે, એમ લાગ્યું છે આ સંન્યાસીને આવી રીતે હલાવ્યા કોણે? ગજબ કર્યું છે શબ્દ ઓછા પડે છે, શબ્દો જડતા નથી.. શબ્દો જડતા નથી... શબ્દો જડતા નહોતા. આવો ઉપકાર ને આ વાણી કેવી રીતે? અને અમને બધાને ભલામણ કરવા માટે એમને શબ્દો ઓછા પડે છે. આ બેન..બેન..બેન કર્યા કરે છે. ત્યારે એમ લાગ્યું કે ગુરુદેવને ખરેખર હલાવ્યા છે. ગજબ કર્યું છે. એકસો પાંચમા કળશમાં ૧૦૫માં શ્લોકમાં એમ લાગે છે કોઈ શાસ્ત્રો નહીં ચલાવ્યા હોય એટલા ૧૦૫માં. જ્ઞાયક.. જ્ઞાયક..જ્ઞાયક બીજી વાત નહીં.

**પંડિતજી :** ૧૦૫મો બોલ છે.

**શ્રોતા :** અને એવી રીતે બહારમાં ઘણીવખત મારે કહેવાનું કે આમને ક્યાંક કોઈ રીતે કહેવામાં આવે તો સારું એ બહારમાં કહેવરાવ્યું કે પર્યાય કંઈક કોઈમાં ઘુસી જાતી નથી, હદ કરી બસ.

**પૂજ્ય બહેનશ્રી : ગુરુદેવની કૃપા. આપણે તો એમની આગળથી જ શીખ્યા હતા. ગુરુદેવે બધું સમજાવ્યું છે. ગુરુદેવે આ ભવનો અભાવ કરીને આત્માનું સ્વરૂપ સમજાવ્યું. આત્મા કેવી રીતે પ્રાપ્ત થાય? અંતરમાં આત્મા છે, ભેદજ્ઞાન કેમ થાય? માર્ગ બધો એમણે સ્પષ્ટ કર્યો છે. કે અપૂર્વ વાત એમણે પ્રગટ કરી એમાંથી ગુરુદેવની વાણી જ એવી હતી કે પુરુષાર્થ થાય ને પુરુષાર્થ ઉપડે છે. એમની કૃપા, બાકી તો શું કહેવું?**

**પંડિતજી :** આ ભગવાનના ભક્તની આવી કથા ઇતિહાસમાં અત્યાર સુધી નથી. (વાત એવી છે, કે) ભક્ત આવા ભગવાનના જ્યારે ભગવાન ભક્તના કથન ઉપર ભાસ્ય રચે છે. (શ્રોતા : હદ કરી છે...હદ કરી છે અને તે પણ પૂરી પ્રસન્નતાથી પૂરી પ્રસન્નતાથી બહેન અમને તો) શાસ્ત્ર ઉપર ભગવાન ભાસ્ય રચે છે. વચનામૃત પ્રવચન વાંચતા એવું થાતું હતું આ તો ઇતિહાસમાં જોટો ન મળે. (3-85-1)

**શ્રોતા :** એટલે એક એક વાત અમારે તો અત્યારે હૃદયમાં આપનો જ પ્રભુ આધાર ગુરુદેવની અનુપસ્થિતિમાં છે. 'જગદમ્બા' ગુરુદેવ કહે છે પણ બીજું શું અમારી પાસે? બીજા ક્યા શબ્દો છે અમારી પાસે બીજા વાપરવાના બોલી શકીએ? પણ આપનો અનંત અનંત અમારા ઉપર ઉપકાર છે ને આપના ચરણકમળમાં સર્વોત્કૃષ્ટ ભક્તિથી કોટિ કોટિ અનંતવાર વંદન કરીએ છીએ, નમન કરીએ છીએ, પૂજન કરીએ છીએ, આપનું કીર્તન કરીએ છીએ, જે કંઈ કરીએ તે આપના માટે ઓછું છે. અમારા ઉપર આપની અનહદ કૃપા છે, એવી કૃપા સદાય માટે અમારા હૃદયમાં વસી રહે એવા આશીર્વાદ પ્રભુ આપની પાસે માગીએ છીએ.

**પૂજ્ય બહેનશ્રી : ગુરુદેવે કીધું એ જ કરવાનું છે, એક જ્ઞાયક આત્માને ઓળખવો. આત્મા બસ આત્મા જ સર્વોત્કૃષ્ટ વસ્તુ જગતમાં હોય તો આત્મા સર્વોત્કૃષ્ટ છે. આત્મા અનુપમ તત્ત્વ છે, એને ઓળખવો, આ બીજું બધું જગતમાં કોઈ સર્વોત્કૃષ્ટ વસ્તુ નથી. એક આત્મા જ સર્વોત્કૃષ્ટ છે. એને માટે થઈને બસ! દેવ-ગુરુ-શાસ્ત્રની મહિમા ને જ્ઞાયક...જ્ઞાયક.. આત્માનું રટણ એ ભેદજ્ઞાનની ધારા પ્રગટ કરવી એની ઉગ્રતા કરવી, જ્ઞાતાની તીખાશ કરવી તો વિકલ્પ તૂટીને સ્વાનુભૂતિ થાય, તો અંતરમાંથી કોઈ અપૂર્વ સુખ ને અપૂર્વ આત્માની કોઈ અપૂર્વ ચૈતન્યની ઋદ્ધિ પ્રગટે. ઈ જ કરવાનું છે. ગુરુદેવે માર્ગ બતાવ્યો અને એ માર્ગે ચાલવાનું છે. ખરું એ જ છે. ગુરુદેવ અહીં હતા ત્યારે લાખો ક્રોડો જીવોને એમણે જગાડ્યા છે ને એ જ કરવાનું ઈ જ છે.**

**શાસ્ત્રમાં આવે છે ને તું અહીંયા આવ...અહીંયા આવ. આ તારું પદ છે, આ તારું બીજું બધું અપદ છે. તને આચાર્યદેવ જગાડે, એમ ગુરુદેવે વારંવાર જગાડ્યા છે, કે આ આને ઓળખો, આ ચૈતન્યને ઓળખો, આ સર્વોત્કૃષ્ટ પદ આ છે. અહીંયા આવો, એ ગુરુદેવે કીધું છે. જે આચાર્યો કહે છે, ગુરુદેવ એમ જ કહેતા હતા. (3-85-2)**

**શ્રોતા :** ગુરુદેવના હૃદયમાં તો આપ જ રહો છો નિરંતર. એમ લાગ્યું છે. બહેન..બહેન..બહેન...બહેન કર્યા કરે છે, એટલે ઈ આશ્ચર્ય અમને થાય છે, કે આવું શું છે બહેનમાં ? કે જે ગુરુદેવને આટલા આકર્ષણ કર્યા. જે શાલાકા પુરુષનું વીર્ય બહેન જે કોઈને ક્યારેય આમ આમ નમ્યા નથી, ચાહ્યા નથી એક માત્ર આમ કે બહેન જ કર્યા કરે છે. ત્યારે એમ લાગ્યું કે આમાં કાંઈક એવું તત્ત્વ છે, કે જે એમને પ્રભાવિત કરી રહ્યું છે. બહેનની અનુભૂતિ ને બહેનની અભિવ્યક્તિ બેયે એમને એટલા આકર્ષ્યા છે, કે અમને આશ્ચર્ય થાય છે, કે બેને એવું શું શું શું જાદુ કર્યો ? કે ગુરુદેવ જેવા વ્યક્તિત્વને આટલું બધું વાળી દીધું. અનુભૂતિ..અનુભૂતિ...અનુભૂતિ.. એમના પુરુષાર્થની બહુ એમને આકર્ષ્યા.

**પૂજ્ય બહેનશ્રી : એમની કૃપા હતી.**

**શ્રોતા :** અરસપરસ એક બીજા એકબીજાને એવા એમ કહે. એ આપનું કહે આપ એની કૃપા કહો એટલે વાત પતી ગઈ.

શ્રોતા : માતે! પ્રશ્ન હૈ જબ પર્યાય દ્રવ્યકો સ્પર્શતી નહીં તો આનંદકા વેદન કહાંસે આયેગા ? ક્યાં દ્રવ્ય-પર્યાય અલગ અલગ ચક્કીકે દો પાટકી માફિક અલગ અલગ હૈ ? યા ભિન્ન પદાર્થ હૈ ?

**પૂજ્ય બહેનશ્રી : પર્યાયકા સ્વભાવ ક્ષણિક હૈ, ક્ષણ ક્ષણમેં પલટતી હૈ, દ્રવ્ય તો શાશ્વત હૈ, તો એ પર્યાયકા વેદન તો હોતા હૈ, પર્યાયકા વેદન નહીં હોતા હૈ ઐસા નહીં હૈ. પર્યાય વો જો ચૈતન્યદ્રવ્ય હૈ ઉસકી પર્યાય હૈ, વો પર્યાય અદ્ધર નહીં રહેતી. કોઈ દ્રવ્યકે બિના પર્યાય નહીં હોતી. દ્રવ્યમેંસે પર્યાય હોતી હૈ, સ્વાનુભૂતિમેં જો પર્યાય હોતી હૈ, તો ચૈતન્યકી પર્યાય હોતી હૈ, વો પર્યાયકા વેદન હોતા હૈ. ઇસલિયે વેદન તો ચૈતન્યકે જ્ઞાનમેં હોતા હૈ. વો દૃષ્ટિ ચૈતન્યકે ઉપર રહેતી હૈ શાશ્વત દ્રવ્ય પર. ભેદ પર દૃષ્ટિ નહીં રહેતી. ભેદ પર દૃષ્ટિ નહીં રહેતી પણ દ્રવ્ય ઉપર દૃષ્ટિ રહેતી હૈ. જ્ઞાન તો પર્યાયકા ગુણકા સબકા જ્ઞાન હોતા હૈ, વેદન ભી પર્યાયકા હોતા હૈ.**

**દ્રવ્યકો સ્પર્શતી નહીં હૈ, ઇસકા અર્થ ઐસા નહીં કે ઇસકા વેદન ભી નહીં હોતા. ઇસકા વેદન ઇસકા અર્થ ઐસા હૈ કે ઇસકા સ્વભાવ દ્રવ્યકા સ્વભાવ અનાદિ-અનંત દ્રવ્ય જૈસા હૈ, પર્યાય પલટતી હૈ. ઇસલિયે ઇસે સ્વભાવ ઇસકા લક્ષણ ઔર સ્વભાવ**

એ ભિન્ન-ભિન્ન હૈ બાકી વો દ્રવ્ય ઐસા કોઈ કટકા પર્યાય અલગ હૈ, કે પર્યાય કોઈ દૂસરી વસ્તુ હૈ, દ્રવ્ય કોઈ દૂસરી વસ્તુ હૈ ઐસી વસ્તુ ભિન્ન નહીં હૈ. એસે એ (પર્યાય) ક્ષણપૂરતી હૈ વો (દ્રવ્ય) શાશ્વત હૈ ઇતના ફેર હૈ ઉસમેં.

એક આત્માને ઓળખવો, બાકી બધું જ્ઞાયક..જ્ઞાયકમાં. આ બધું જાણ. આ કાંઈ જાણતું નથી. આ શરીર કાંઈ જાણતું નથી. અંદર જાણનારો જુદો છે, એ જાણનારો એ ચૈતન્ય તત્ત્વ છે ને શાશ્વતો છે. બસ! એમાં આનંદ છે, સુખ છે, એ બધું એમાં છે, જ્ઞાન છે, બધું ભરપૂર છે. એનો જ્ઞાનસ્વભાવ એવો છે, કે બધાથી ગ્રહણ થાય એવો છે. એને ગ્રહણ કરવો બસ, બાકી આ શરીર કાંઈ જાણતું નથી એ જુદું છે. અંદર સંકલ્પ-વિકલ્પ થાય એ પોતાનો સ્વભાવ નથી. એ પણ જુદા છે. અને એની અંદર, અંદરની અંદર ઊંડો ઊંડો એક ચૈતન્ય તત્ત્વ એ જ્ઞાયક એને ઓળખી લેવો, એ જ જીવનમાં કરવાનું છે. બસ ગુરુદેવ એક જ કહેતા હતા.

એમાં અનંત આનંદ અનુપમ તત્ત્વ છે, એની મહિમા લાવીને એ જ કરવા જેવું છે. બસ! એ થાય છે જ. ન થાય ત્યાં સુધી એની મહિમા કરવી. એની તરફ વારંવાર દૃષ્ટિ દેવી કે હું તો જુદો છું, હું જુદો છું અને દેવ, ગુરુ, શાસ્ત્રને હૃદયમાં રાખવા જોઈએ. જિનેન્દ્ર ભગવાને સંપૂર્ણ ચૈતન્ય તત્ત્વ પ્રગટ કર્યું છે ભગવાને, ગુરુ એને સાધના કરી રહ્યા છે. પંચ પરમેષ્ઠી ભગવાન, ગુરુ આ ગુરુદેવ કેટલું કહી ગયા છે. આચાર્ય, ઉપાધ્યાય, સાધુ ભગવંતો, મુનિરાજો બધું કહી રહ્યા છે અને શાસ્ત્રોમાં એ કેટલું એનું સ્પષ્ટીકરણ, કેટલું આત્માનું સ્વરૂપ આવે છે? એવા શાસ્ત્રો જે ભગવાનની વાણીમાંથી નીકળે એનું બહુમાન કરવાનું છે. શુભભાવમાં એ જ કરવું ને અંતરમાં આત્મા. એના જેવું જગતમાં કાંઈ ઉંચું નથી. બસ એક જ જીવનમાં કરવા જેવું છે. વારંવાર એ ન થાય ત્યાં સુધી વારંવાર ન્યાં જ દૃષ્ટિ દેવી, ન્યાં જ દૃષ્ટિ દેવી એ કરવા જેવું છે.

જેટલું થાય એટલું પણ વારંવાર એ જ કરવા જેવું છે બસ. એ ઝાઝા ક્યાંય ફાંફાં મારવાથી થાય એવું નથી. એક ચૈતન્યતત્ત્વને ગ્રહણ કરવું જોઈએ કે આ કરી લઉં... કે આ કરી લઉં....આ કરી લઉં, અંતર એક ચૈતન્યને ઓળખવો જોઈએ. આત્મા ને જ્ઞાયક વારંવાર..વારંવાર એક જ કરવા જેવું છે. એનામાં વારંવાર દૃષ્ટિ દે તો એ પ્રગટ થાય એવો છે. જેમ સ્ફટિક રત્ન નિર્મળ એમ આત્મા નિર્મળ એમાં લાલ ને લીલા ફૂલને લઈને રાતું-પીળું દેખાય એમ ચૈતન્ય એવો દેખાય કે આવો થઈ ગયો, મલિન થઈ ગયો, ક્રોધી થઈ ગયો અને માની થઈ ગયો. પણ અંતરમાં નિર્મળતાથી ભરેલો છે. એને ગ્રહણ કરવાનો છે.

પાણી મેલું દેખાય પણ પાણી સ્વભાવે નિર્મળ છે. અંદર ઔષધી નાખી નિર્મળતા પ્રગટ થાય એમ ચૈતન્યમાં છે. એ જ્ઞાનની ઔષધી દ્વારા એ પ્રગટ થાય છે માટે વારંવાર એક જ કરવા જેવું છે, એને માટે વાંચન, વિચાર બધું એને માટે કરવાનું છે. એક જ જીવનનું કર્તવ્ય, જન્મ-મરણ ટાળવાનો આ એક જ ઉપાય છે. વારંવાર ગુરુદેવે એક જ બતાવી રહ્યા છે. એ જ કરવાનું છે, નિર્વિકલ્પ તત્ત્વ આત્માનું બસ.

પર સંયોગમાં 'હું તો ચૈતન્ય છું, હું તો જ્ઞાયક છું' અને મનુષ્યભવમાં કાંઈ આત્માને ભલે બધું છૂટી ન જાય કાંઈ, પહેલેથી છૂટી નથી જાતું, પણ અંદર એક લક્ષ થાય તો જાગે છે, એને. પહેલાંના ગૃહસ્થો બધું એને કાંઈ છોડીને છૂટી નથી જાતું પણ અંતરથી એનો રસ તૂટીને ચૈતન્યનો રસ લાગે પહેલો. એક જ કરવાનું છે. એ ધ્યેય એક જ લેવાનું છે એ જ ખરો ખરો જન્મ સફળ ત્યારે કહેવાય છે, કે જ્યારે આત્માને ગ્રહણ કર્યો એ જન્મ સફળ, મનુષ્યભવ સફળ, બાકી મનુષ્યભવ ઘણીવાર મળ્યો છે, પણ જન્મ સફળ ક્યારે કહેવાય છે, કે અંદર આત્માને ઓળખે કે હું ચૈતન્ય છું એ જન્મ સફળ છે. છૂટી ન જાય એની રુચિ થાય ને તો જ થાય એમ. (3-85-3)

**શ્રોતા :** રુચિ થાય તોય ઘણું છે.

**પૂજ્ય બહેનશ્રી : રુચિ થાય તો થાય.**

**શ્રોતા :** રુચિ થવી જોઈએ.

**પૂજ્ય બહેનશ્રી :** રુચિ થવી જોઈએ. સ્વાનુભૂતિ, બધું પહેલે દ્રવ્ય, ગુણ, પર્યાય. આત્માકો પહિચાન કરકે દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરે ઔર સબકા જ્ઞાન કરના. જ્ઞાન તો સબકા કરના અને દૃષ્ટિ પલટના, વો હી કરના હૈ. દ્રવ્યદૃષ્ટિએ દ્રવ્ય હોતા હૈ. ગુણ દૃષ્ટિએ ગુણ હોતા હૈ. પર્યાયમેં ભી આતા હૈ. એ દ્રવ્ય, ગુણ, પર્યાય પણ વો એક દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરના, યહ સબકો મતિ-શ્રુત, અવધિ, મનઃપર્યય સબ વો તો અધૂરા જ્ઞાન હૈ, કેવળજ્ઞાન ભી સાપેક્ષ હો જાતા હૈ. પ્રગટ હોતા હૈ ને ઇસલિયે વો. ઉસમેં વો જો અનાદિ અનંત રહેતા હૈ ચૈતન્યકે સાથમેં જો જ્ઞાનરૂપ બસ જિસમેં કોઈ અપેક્ષા નહીં લાગુ હોતી, સ્વરૂપ પ્રત્યક્ષ રહે જ્ઞાન એકલા બસ સ્વરૂપ પ્રત્યક્ષ. વહ હી ગ્રહણ કરના. એ અનુપમ તત્ત્વ વો નિર્વિકલ્પ તત્ત્વ ઉસકો ગ્રહણ કરના. ઉસકા ભેદજ્ઞાન વારંવાર વારંવાર વિકલ્પ છૂટકર ભીતરમેં નિર્વિકલ્પદશા સ્વાનુભૂતિ કોઈ અપૂર્વ હોતી હૈ વહ સ્વાનુભૂતિ પ્રગટ કરે મુક્તિકા માર્ગ હોતા હૈ.

વહ સ્વાનુભૂતિ મુક્તિકા માર્ગ હૈ. વહ માર્ગ પ્રગટ હોતે હી પીછે ઇસકી ભૂમિકા બઢતે બઢતે અંશ.. અંશ..અંશ બઢતે, મુનિમેં તો ક્ષણ ક્ષણમેં અંતરમેં જાતે હૈ. ઉસકો બાહ્ય ચેન નહીં પડતા. ભીતરમેં રહેના ઉસકો અચ્છા લગતા હૈ. વારંવાર અંતર્મુહૂર્તે

અંતર્મુહૂર્તે ચલા જાતા હૈ. બાહ્યમેં જંગલ હો કે જો કોઈ હો તો અંતરમેં ચલા જાતા હૈ. વહ અંતર એક ઉસકા નિવાસસ્થાન વો સબ ઇસકા ઉસમેં રહેતા હૈ? આત્માકી સાધના કરતે કરતે કેવળજ્ઞાન પ્રગટ કરતા હૈ. વો હી મુનિરાજ કરતે હૈ. અનંત જન્મ-મરણ કરતે કરતે એક ગુરુદેવ મિલા ઔર યહ માર્ગ બતાયા, વહ માર્ગ ગ્રહણ કરના વહ હી કરના હૈ.

આત્મા શાશ્વત છે. આત્મા જાણનારો શાશ્વત છે ગુરુદેવે કીધું છે. શરીર જુદું, પર્યાય પોતાનો સ્વભાવ નથી. અંતરમાં આત્મા જ્ઞાયક શાશ્વતો છે, એ દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવી બસ એ કરવાનું છે. શુદ્ધાત્મા ઉપર દૃષ્ટિ કરવાથી શુદ્ધ પર્યાયો પ્રગટ થાય. પણ એ દૃષ્ટિ કેવી જાતની? સ્વભાવને ઓળખીને એના મૂળમાં જઈને એની દૃષ્ટિ કરવાની. ઉપર ઉપરથી વિચારો આવે, આવે પણ અંતરમાં મંથન કરીને ઊંડા ઉતરીને એ દૃષ્ટિ કરવાની છે, કે ગુરુદેવે દ્રવ્યની સ્વતંત્રતા બધાને બતાવી છે જે એ તો કોઈ એ તો અલૌકિક છે. (3-85-4)

**શ્રોતા :** ભલે શાસ્ત્રજ્ઞાન થોડું હોય મદદરૂપ થાય કે નહીં?

**પૂજ્ય બહેનશ્રી :** શાસ્ત્રજ્ઞાન તો એમાં ગુરુદેવે જે કીધું છે, એ આશયથી શાસ્ત્રનું જ્ઞાન વચ્ચે વિચારો આવે, બધું આવે. શાસ્ત્રમાં શું કહી રહ્યા છે આચાર્યો, આચાર્યોએ આખો માર્ગ બતાવ્યો છે. એ માર્ગ આચાર્યોએ શું બતાવ્યો? અને (ગુરુદેવ) પોતાની મેળાએ એના અર્થ કરતાં મુશ્કેલ પડે. ગુરુદેવે શાસ્ત્રોને સહેલા કર્યા છે માટે એ શાસ્ત્રનો શું અર્થ છે? એ ગુરુદેવ શું કહેતા હતા? એ આશય સમજીને એનો વિચાર કરી અને પછી દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરે. કારણ કે જ્યાં સુધી પોતે અનાદિનો અજાણ્યો માર્ગ છે, એક સ્વભાવને ઓળખતો નથી. એટલે શાસ્ત્ર શ્રુતજ્ઞાન વચ્ચે આવે છે, પણ જાવાનું તો અંતરમાં છે. વિકલ્પ તૂટીને મતિ-શ્રુતનો ઉપયોગ પહેલા નિર્ણય કરે છે પછી જ્યારે સ્વાનુભૂતિ વખતે એ છૂટી જાય છે. વચ્ચે આવે છે શાસ્ત્રજ્ઞાન પણ એ શાસ્ત્રજ્ઞાન કંઈ જાતનું? સ્વભાવને ઓળખે. સ્વભાવને ઓળખવાનો પ્રયત્ન કરે. એ વચ્ચે હોય તો એમાં કાંઈ નુકશાન નથી. પણ એમાં ને એમાં રોકાઈ (નહીં) પોતે દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવાની છે. પોતામાં જાવાનું છે. (3-85-5)

**શ્રોતા :** એ ધ્યાનમાં બેસવા માટે કોઈ પ્રોસીઝર ......

**પૂજ્ય બહેનશ્રી :** ધ્યાનમાં બેસવા માટે સ્વભાવને ઓળખવો. જ્ઞાયકની એકાગ્રતા. ધ્યાન એટલે સ્વભાવને ઓળખીને અંદર જે એકાગ્રતા કરવી, જ્ઞાયક ઉપર એ એનું નામ ધ્યાન છે. એકાગ્રતા વારંવાર વારંવાર જ્ઞાયકની-ભેદજ્ઞાનની ધારા પ્રગટ કરીને જ્ઞાયક...જ્ઞાયકમાં એકાગ્રતા કરવી એનું નામ ધ્યાન છે. એ એકાગ્રતા કરતાં

**કરતાં વિકલ્પ તૂટીને સ્વાનુભૂતિનો કોઈ પ્રસંગ બની આવે છે, એ ધ્યાન. પણ એ ધ્યાન જ્ઞાનપૂર્વકનું ધ્યાન હોવું જોઈએ. જ્ઞાન વગરનું એકલું ધ્યાન તો એ એકલું એમાં કાંઈ (નથી) વસ્તુને અસ્તિત્વ પોતાનું ગ્રહણ કરીને ધ્યાન હોવું જોઈએ. અસ્તિત્વ જ્ઞાયકને ઓળખ્યા વગરનું ધ્યાન તો ગુરુદેવ કહે છે ને 'તરંગરૂપ થાશે' એ કાંઈ અનેક જાતના વિકલ્પ મંદ થાશે પણ મૂળ વસ્તુ ગ્રહણ નહીં થાય. માટે તળિયાથી, વસ્તુને ગ્રહણ કરે તો ધ્યાન એમાં જામશે. ગ્રહણ કર્યા વગર ધ્યાન ક્યાં જામશે? ધ્યાન અદ્ધર અદ્ધર રહેશે. એ વસ્તુ દ્રવ્યને ઓળખીને એમાં ધ્યાન કરે તો ધ્યાન દૃઢ થાશે. માટે વસ્તુને ઓળખે. જ્ઞાનપૂર્વકનું ધ્યાન હોવું જોઈએ. (3-85-6)**

**શ્રોતા :** એટલે યત્નસાધ્ય છે. યત્નસાધ્ય છે પ્રયત્ન...

**પૂજ્ય બહેનશ્રી : પ્રયત્નસાધ્ય છે. જ્ઞાનપૂર્વકનું ધ્યાન હોવું જોઈએ. એ પ્રયત્ન કરે તો એ ધ્યાન થાય. એ કાંઈ ધ્યાન એની મેળે નથી આવતું. ધ્યાન સહજ આવે છે, એ કાંઈ એની મેળે નથી આવતું. એટલે એમાં કૃત્રિમતા ન હોય. સ્વભાવ જેવો છે, એવા સ્વભાવમાં એકાગ્ર થાવું પણ એ કાંઈ પ્રયત્ન કઈ વગર એની મેળાએ નથી આવી જાતું. (3-85-7)**

**શ્રોતા :** કારણ 'હું શુદ્ધ છું' વિકલ્પ પણ છેલ્લે સુધીના એને પ્રયત્ન 'હું શુદ્ધ છું' વિકલ્પ વખતે જે અનુભવ પહેલાની દશા વખતે ...

**પૂજ્ય બહેનશ્રી : એ પ્રયત્ન હોય છે પછી વિકલ્પ પણ છૂટી જાય છે. એ સહજ. પછી એ પ્રયત્ન પહેલાં શરૂઆતમાં વિકલ્પ એમાં આવે, પછી વિકલ્પ છૂટી જાય છે. પછી જે સ્વાનુભૂતિ વખતે સહજદશા થાય છે, પણ પહેલાં તો પ્રયત્ન હોય જ છે, પણ એ પ્રયત્ન એવી જાતનો. સ્વભાવને ઓળખીને પ્રયત્ન હોય છે. એ પ્રયત્ન સ્વભાવ ઓળખ્યા વગરનો પ્રયત્ન એ પ્રયત્ન ભલે એ વિચાર કરે, શરૂઆતમાં વિચારો આવે પણ સ્વભાવ ઓળખવાનો પ્રયત્ન કરે. પહેલાં પ્રયત્ન પછી સહજપણે છૂટી જાય છે. (3-85-8)**

**શ્રોતા :** એટલે આ જ અર્થ છે તળિયા તપાસવાનો? તળિયા તપાસવવાનો આ જ અર્થ છે.

**પૂજ્ય બહેનશ્રી : મૂળને ઓળખવો, સ્વભાવ ઓળખવો એ.**

**શ્રોતાઓ : ભગવતી માતનો જય હો....**
**માતાજીની અમૃતવાણીનો જય હો....**

* * *

## પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી, ભાગ-૩

# તત્ત્વચર્ચા – ૮૬

**શ્રોતા :** ક્રમબદ્ધથી ગભરાવું નહીં.

**પૂજ્ય બહેનશ્રી : ક્રમબદ્ધ 'પુરુષાર્થપૂર્વકનો ક્રમબદ્ધ' ગુરુદેવે કીધું છે, એકલું ક્રમબદ્ધ નથી કીધું. પુરુષાર્થપૂર્વક ક્રમબદ્ધ હોય છે. જેનો પુરુષાર્થ સ્વભાવ તરફ જાય એને ક્રમબદ્ધ સહજ આવે છે. જે સ્વભાવને ઓળખે એને યથાર્થ ક્રમબદ્ધ આવે છે. સ્વભાવ ઓળખ્યા વગર યથાર્થ ક્રમબદ્ધ હોતું નથી. સ્વભાવને ઓળખવામાં સ્વભાવ ને કાળ ને પુરુષાર્થ ને બધું ભેગું હોય છે. (3-86-1)**

**શ્રોતા :** પાંચે સમવાય ભેગા હોય છે.

**પૂજ્ય બહેનશ્રી : હાં. પાંચે સમવાય ભેગા હોય છે. એકલું ક્રમબદ્ધ ભેગું નથી હોતું. એકલું નથી હોતું એમ. એને સ્વભાવ ને ક્ષયોપશમલબ્ધિ ને વિશુદ્ધિલબ્ધિ ને એ બધું ભેગું આવે છે, પણ ઈ એને જોવા નથી જાવું પડતું. સ્વભાવને ઓળખે એમાં બધું ભેગું થઈ જાય છે. તું પ્રયત્ન કર એમ બધું ભેગું આવી જાશે એમ ક્રમબદ્ધને બધું ભેગું આવી જાશે. બાકી તો ક્રમબદ્ધ થયા જ કરે છે. જેને આત્મા નથી ઓળખવો એનું ક્રમબદ્ધ એ જાતનું છે. સ્વભાવને ઓળખે એનું ક્રમબદ્ધ પોતે પુરુષાર્થપૂર્વકનું ક્રમબદ્ધ હોય છે. પુરુષાર્થ કરનારને એમ વિચાર આવે કે ક્રમબદ્ધ થવાનું હોય તો થાશે તો તારે થાવાનું જ નથી. ક્રમબદ્ધ એવું હોય, પુરુષાર્થપૂર્વકનું ક્રમબદ્ધ હોય એમ. (3-86-2)**

**શ્રોતા :** ક્રમબદ્ધમાં પુરુષાર્થ ઉપડેલો જ હોય છે.

**પૂજ્ય બહેનશ્રી : એનો પુરુષાર્થ જ ઉપડેલો હોય છે ક્રમબદ્ધમાં લાગેલો.**

**શ્રોતા :** ગુરુદેવની વિદાય પછી ગુરુદેવ સ્વપ્નમાં ક્યારેક આવે એવું કશું આપને..

**પૂજ્ય બહેનશ્રી : એ સ્વપ્નામાં તો આવે પણ સ્વપ્ના તો સ્વપ્ના જ કહેવાય એને. આટલા વર્ષોમાં જે સંસાર હોય, પરિચય હોય. સ્વપ્ના તો આવે ને. દેવ તો એનાય સ્વપ્નાય આવે ને ચાલુ જે આ વ્યાખ્યાનમાં આ તે ચાલુય આવે ને દેવનાય આવે બધાય આવે પણ સ્વપ્ના તે સ્વપ્ના જ છે. દેવમાં બિરાજે છે ગુરુદેવ. કહે ને સ્વપ્નાની સુખડી ભૂખ ભાંગે નહીં. સ્વપ્નું એક ક્ષણવાર સંતોષ થાય. બાકી ગુરુદેવ અહીં હતા એ કોઈ જુદું જ હતું હવે તો એ સ્વપ્નાથી સંતોષ માનવાનો. ઠીક કંઈ ન**

હોય તો એમ થાય કે સ્વપ્ના આવ્યા ગુરુદેવનું સ્વપ્નું આવ્યું. ગુરુદેવ ન હોય એટલે એમ થાય સ્વપ્નું આવ્યું. જે સાક્ષાત્ આટલા આટલા વર્ષો પરિચય કર્યા પછી એમાં સ્વપ્નું એ તો એક ક્ષણમાત્ર. નિરંતર સમાગમ કરવો. ગુરુદેવ તો દેવ ને.....

પોતાને એટલી ચૈતન્ય તરફ જાવાની રુચિ, મહિમા, એ બધાની મંદતા અને પ્રયત્નની મંદતા છે. પ્રમાદમાં પડ્યો છે કોઈક બહારથી એને અંતરમાં જાવું એનો તીવ્ર પુરુષાર્થ પોતે જ નથી કરતો, એમાં કોઈ કર્મનું કારણ નથી. અકારણ પારિણામિક દ્રવ્ય એને કોઈ રોકતું નથી. પોતે જ પોતાની આળસથી પોતાના. ગુરુદેવ કહે છે ને 'પોતાની આળસથી પોતે રોકાણો છે,' એમ પોતાના પ્રયત્નની કચાશે પોતે રોકાણો છે. માટે પ્રયત્ન કરીને અંદર જાવું એ પોતાનું જ કાર્ય છે. કર્મને તો નિમિત્ત કહેવામાં આવે છે. કર્મ કાંઈ કરી શકતું નથી. પોતે જો અંદરથી પોતાની ભાવના જાગે ને પોતાની પરિણતિ સ્વ તરફ જાય તો એને કર્મ અટકાવતું નથી પણ પોતાનો જ પ્રમાદ છે. (3-86-3)

**શ્રોતા :** સુધારા કરવા પ્રયત્નમાં કેવી રીતે રહેવું જોઈએ?

**પૂજ્ય બહેનશ્રી :** પોતે જ વારંવાર 'હું જ્ઞાયક છું, જ્ઞાયક છું,' ક્ષણે ક્ષણે ભેદજ્ઞાનની ધારા, ભેદજ્ઞાનનો અભ્યાસ કરે 'હું ચૈતન્ય દ્રવ્ય છું' આ બધું ભિન્ન છે. વિભાવ ને પરદ્રવ્ય બધું ભિન્ન ને હું તો જ્ઞાયક, એવી એને ક્ષણે ક્ષણે એવી જાતની ધારા એ અંતરમાંથી એવી પરિણતિ, ક્ષણે ક્ષણે એનો અભ્યાસ કરે. અનાદિની એકત્વબુદ્ધિ થઈ રહી છે. પોતે પોતાને ભૂલી ગયો છે ભલે બુદ્ધિથી વિચારે પણ અંતરમાં જે પરિણતિ, ભેદજ્ઞાનની ધારા જોઈ નથી. માટે ક્ષણે ક્ષણે એનો જ અભ્યાસ ને એનો જ પ્રયત્ન કરવાનો રહે છે. જે સિદ્ધ નથી થયા ભેદજ્ઞાનના અભાવથી, જે થાય છે ભેદજ્ઞાનથી જ સિદ્ધ થાય છે. ભેદજ્ઞાન ને દ્રવ્યદૃષ્ટિ ચૈતન્ય ઉપર, અને ભેદજ્ઞાનની ધારા એ કરવા જેવું છે. ક્ષણે ક્ષણે એ જ ...... (3-86-4)

**શ્રોતા :** બુદ્ધિમાં ને અંદરમાં ભેદ પાડવો, બુદ્ધિમાં ને અંદરમાં જે ભેદ પાડે એ કંઈ રીતે બુદ્ધિમાં ને ધારણામાં તો લે છે?

**પૂજ્ય બહેનશ્રી :** ધારણામાં તો લે છે, પણ અંતર તત્ત્વમાં એ પોતે એ જાતની પરિણતિ જ નથી કરતો ને. વિચાર કર્યો કે હું જુદો છું, એમ પોતે નિર્ણય કર્યો, પણ અંદર જે એકત્વબુદ્ધિની પરિણતિ તો થઈ રહી છે. ક્ષણે ક્ષણે જે જ્ઞાયક જુદો દેખાતો નથી કાંઈ જુદો વેદનમાં આવતો નથી. ને બુદ્ધિમાં તો નિર્ણય કર્યો છે, પણ એ જાતની પરિણતિ ભેદજ્ઞાનની ધારા અંદર તત્ત્વમાં એ જ કરવી જોઈએ. તો એ થાય યથાર્થ. બુદ્ધિમાં નિર્ણય કર્યો અને નિર્ણય પડ્યો રહ્યો એને કાર્યમાં તો હોતો નથી. એટલે ધારણાથી નક્કી કર્યું છે. એ તત્ત્વમાં જઈને નિર્ણય કરે. તત્ત્વમાં એના સ્વભાવ ઉપર નિર્ણય કરે. (3-86-5)

**શ્રોતા :** આપને જે મંત્ર મળ્યો, જ્યાં ગળપણ હોય ત્યાં ગોળ હોય અને જ્યાં ગોળ હોય ત્યાં ગળપણ હોય અમને એવો મંત્ર આપો.

**પૂજ્ય બહેનશ્રી : મંત્ર પણ એ મંત્ર કરવાનું તો પોતાને જ છે ને! સાકરનો ગુણ સાકરનો સ્વભાવ જુદો, કાળીજીરીનો સ્વભાવ જુદો, પણ એ પોતે કરવાનું તો પોતાને જ છે ને! જ્ઞાન જ્ઞાનસ્વભાવે જ હોય છે અને આ જડ જડસ્વભાવે જ હોય છે. વિભાવ તે આકુળતારૂપ જ છે. આત્માનો સ્વભાવ નથી. એ આકુળતારૂપ છે વિપરીત છે આત્માથી આત્માના સ્વભાવે નથી. આત્મા નિરાકુળ છે. આત્માનું સ્વરૂપ જુદું છે. એ જ્ઞાનમાંથી જ્ઞાન પર્યાયો ઉપજે. જે આ શાસ્ત્રમાં આવે છે, સુવર્ણમાંથી સુવર્ણ થાય, લોઢમાંથી લોઢું થાય માટે પોતામાંથી જ પોતે પ્રગટે છે.**

**જે મંત્ર મળે છે ગુરુદેવથી મળ્યો છે ને એ કરવાનું તો પોતાને જ છે. બીજો કોઈ કરી દેતું નથી. જે ગુરુદેવે બતાવ્યું તે રૂપે જ પોતે પરિણમન કરે તો પ્રગટ થાય. માત્ર ઉપર ઉપરથી થાતું નથી. અંતરમાં ઊંડાણમાં જઈને જો પ્રયત્ન કરે તો જ પ્રગટ થાય છે. જ્યાં તત્ત્વ છે ત્યાં જ દૃષ્ટિ દે. ત્યાં જ એની પરિણતિ ને દોડાવે ત્યાં જ થંભે, ત્યાં જ લીન થાય, એનું જ જ્ઞાન કરે એનું જ ધ્યાન કરે, તો પ્રગટ થાય છે. જેમ બહારનો રસ લાગ્યો હોય તો એમ કેટલું મંથન કરે છે. તો અંતરમાં જઈને તે તરફ જવાનો પ્રયત્ન કરે તો જ પ્રગટ થાય છે. (3-86-6)**

**શ્રોતા :** ગંધ ગુણમેં હોતી હૈ તો ઉસમેંસે ગંધ આતી હૈ તો આત્મામેં અનંતગુણરૂપી કસ્તુરી હૈ તો ઉસકી ગંધ નહીં આતી.

**પૂજ્ય બહેનશ્રી : સુગંધ આતી હૈ પણ પોતે એને ઓળખી શકતો નથી. જ્ઞાન સ્વભાવ અસાધારણ ગુણ આત્મા જ્ઞાન સ્વભાવી, જ્યાં જુઓ ત્યાં જ્ઞાન જ દેખાય છે. જ્ઞાન પોતે જ્ઞાન સ્વભાવ છે, જ્ઞાન જ જ્યાં જુઓ ત્યાં જ્ઞાન જ છે. અંતર દૃષ્ટિને કરીને જોવે તો વિભાવપર્યાય તો આકુળતારૂપ છે. અંતરમાં એક નિરાકુળ આત્મા છે જે બધાને જાણનારો છે. જે જે વિભાવો પર્યાયો થાય એને જાણનારો એક પોતે જ ચૈતન્ય છે બધાને જાણનારો છે. જે નાનપણથી જે જે જે પર્યાયો પ્રગટ થાય એ બધાને જાણનારો એક સાચો એ જ્ઞાનસ્વભાવ એનામાં છે સુખને પોતે ઇચ્છી રહ્યો છે, પણ સુખ બહારથી આવે છે, એમ કલ્પના કરીને ગોતે છે. સુખ કાંઈ બહારથી આવતું નથી.**

**જેનામાં સુખ છે, એ એની પોતે એની ઈચ્છા કરે છે પણ ક્યાં સુખ છે એ શોધી શકતો નથી. એમ જ્ઞાન ને આનંદ ને એવા અનેક જાતના ગુણો જેની સુગંધ તો આવે છે, પણ એ પોતે જાણી શકતો નથી. એ સુગંધ ગુણની સુગંધ પોતાની પાસે જ છે, પણ બીજામાં આરોપ કરી દીધો છે જણાય છે, આવે છે, એ સુગંધનો અનંત ગુણની**

સુગંધમાં વસનારો પોતે છે, પણ પોતે જોતો નથી. જોવે છે બહાર. બહારથી જાણે આવે છે, એમ જોવે છે. જ્ઞાન પોતામાંથી આવે આનંદ પોતામાંથી આવે એ પ્રગટે પણ પોતે જોતો નથી. જોવાની દૃષ્ટિ કરે તો એમાંથી જ પ્રગટ થાય છે. એમાં ભેદજ્ઞાન કરે કે આ જુદો હું જુદો તો અંતરમાંથી તેને પ્રગટ થયા વગર રહેતી નથી એ ચૈતન્યની ચમત્કૃતિરૂપ અનંતગુણો ને એની પર્યાયો તે પ્રગટ થયા વગર રહેતી નથી. અને નિર્વિકલ્પદશામાં ભેદજ્ઞાન દ્વારા એને બધું પ્રગટ થઈ જાય છે. જો અંદરમાં જ્ઞાન ને ધ્યાનની એકાગ્રતા થાય તો એ પ્રગટ થયા વગર રહે નહીં. (3-86-7)

**શ્રોતા :** વચનામૃતમાં આવે છે 'પુરુષાર્થ કરવાની કળ સૂઝી જાય તો માર્ગ મળે.' પુરુષાર્થ કરવાની કળ એટલે શું?

**પૂજ્ય બહેનશ્રી :** કળ એટલે પોતે પોતાને જ્યાં સ્વભાવ છે, એ સ્વભાવને ઓળખીને અંતરમાં પોતે પોતાને ગ્રહણ કરે એ કળ. કળ પોતે જ પકડી શકે. બીજો કોણ એને પકડાવે છે? જે અનેક જાતની વિભાવપર્યાય થાય અને વચ્ચે રહેનાર કોણ શાશ્વતો છે? એને સૂક્ષ્મ થઈને, શાસ્ત્રમાં આવે છે પ્રજ્ઞાછીણીથી બે જુદા પડી જાય. એમ પોતે સૂક્ષ્મ દૃષ્ટિ કરીને, પોતે પોતાને જોવે એવી કળ પ્રગટ કરે, ધીરો થાય એ તરફ પોતાની પરિણતિને દોડાવે એવી કોઈ જ્ઞાનની વિરક્તિ એવી કોઈ પ્રગટ થાય કે જે પોતે પોતાને ગ્રહણ કરે. એ જાતની દૃષ્ટિ, એ જાતનું જ્ઞાન ને એવી વિરક્તિ પ્રગટ થાય એ પરિણતિ પોતા તરફ વેગ વાળીને પોતે પોતાને ગ્રહણ કરે છે. એ કળ પોતાને જ સુઝાડે પોતે જ અંદરથી સુઝી શકે એમ છે. જે ગુરુએ માર્ગ બતાવ્યો એ માર્ગે ચાલવાથી પોતાને સૂઝી જાય એમ છે. (3-86-8)

**શ્રોતા :** દ્રવ્યને ઊંડે..ઊંડે..ઊંડે ખેંચી જવું છે ઊંડે એટલે કઈ રીતે?

**પૂજ્ય બહેનશ્રી :** ઊંડે ઊંડે એટલે પોતાના સ્વભાવના મૂળમાં. જે સ્વભાવ મૂળ છે, એમાં ઊંડે જઈને ધીરો થઈને, તેને સૂક્ષ્મ થઈને અંતરમાં જો. આ સ્થૂળ સ્થૂળ જે પર્યાયો દેખાય એ નહીં. અનેક જાતના શુભભાવો આવે. અરિહંત, સિદ્ધ ભગવાન, આ પંચપરમેષ્ઠીના વિકલ્પ આવે, હું જ્ઞાન છું, દર્શન છું, ચારિત્ર છું એવા વિકલ્પ આવે એ બધા વિકલ્પ શુભભાવ વચ્ચે આવે ખરા પણ મૂળ સ્વભાવ તો એ શુભની પાછળ એ હજી શુદ્ધાત્મા છે. માટે ઊંડો થઈને, ધીરો થઈને અંતરમાં જઈને જો એમ. આ જ્ઞાન, દર્શન, ચારિત્રના જે ભેદ પડે એ ભેદ કોઈ એ ભેદ પૂરતો હું નથી. હું તો અનંતગુણથી ભરેલો એક શુદ્ધાત્મા, એના ઉપર એક અભેદ દૃષ્ટિ મૂકી દે એના ઉપર. ગુણના ભેદ પડે એમાંય રાગ આવે. એ વચ્ચે આવે ખરા પણ એ અંતરમાં એક ચૈતન્ય ગ્રહણ કરી લે એમ. (3-86-9)

**શ્રોતા :** ત્રણે કાળ અતીતકાળ કિસીમેં આતા હૈ જીવ અપને પરમેશ્વર એવા સર્વ સામર્થ્ય ધારક આત્માકો ભૂલ ગયા તો અપના પરમેશ્વર ઔર સર્વ સામર્થ્ય, તો સ્મરણ કરનેકી ક્યા રીતિ હૈ.

**પૂજ્ય બહેનશ્રી : અપને પરમેશ્વર આત્માકો ભૂલ ગયા વો 'સમયસાર'મેં આતા હૈ. એ મુઠ્ઠીમાં રાખેલું સોનું જેમ ભૂલે એમ પરમેશ્વર આત્માને તે ભૂલી ગયો. ભૂલી ગયો છે અનંતકાળથી એ પોતે જ પરમેશ્વર છે, પણ પોતે પોતાને ભૂલી ગયો છે. જાણે બહાર જાણે ખોવાઈ ગયો, બહાર ગોતવા નીકળ્યો છે. અનાદિકાળથી ભૂલાઈ ગયો છે. પોતાનું સામર્થ્ય પોતે ચૂકી ગયો છે. (3-86-10)**

**શ્રોતા :** સ્વકી કિંમત તો ખ્યાલમેં હૈ ઔર આત્માકી કિંમત અધ્યાત્મદશામેં કભી આઈ નહીં તો કૈસે રહેતે?

**પૂજ્ય બહેનશ્રી : અજ્ઞાનદશામેં કિંમત નહીં આઈ, પણ દેવ-ગુરુ-શાસ્ત્ર માર્ગ બતાતે હૈ કે ભાઈ! તું જો તારા આત્મામાં, અનંત શક્તિ ભરી હૈ, અનંત નિધિ ભરી હૈ. એ તો અંતરમાં રહે દેવ, ગુરુ-શાસ્ત્ર માર્ગ બતાતે હૈ તું ક્યોં દુઃખી હો રહા હૈ?**

**શ્રોતા :** આત્મા અપની પર્યાયકો ભી જાનતા હૈ, ઘટપટાદિકો જાનતા હી નહીં ઐસા કહા જાતા હૈ. પરપદાર્થકો જાને નહીં અપની પર્યાયકો જાનતા હૈ.

**પૂજ્ય બહેનશ્રી : વો નહીં જાનતા ઐસા તો નહીં. લક્ષ પર નહીં હૈ જ્ઞેય પર. જ્ઞેય ઉપર ઉસકા લક્ષ નહીં હૈ, જ્ઞેય ઉપર ઉપયોગ નહીં જાતા. જો જ્ઞાનીકો દૃષ્ટિ ફિર જાતી હૈ. જ્ઞાયક ઉપર આ જાતી હૈ. જ્ઞાયક તરફ પરિણતિ હો જાતી હૈ એટલે ઘટપટાદિ ઉસમેં જાનનેમેં નહીં આતા સ્વાનુભૂતિમેં, જાનનેમેં નહીં આતા. સ્વાનુભૂતિમેં તો એક આત્માકા વેદન આતા હૈ. પણ ઉપયોગ જબ બાહર આતા હૈ તબ વો ઘટપટાદિ જાનનેમેં નહીં આયે, જ્ઞાનકી પર્યાય પરિણમે એ બરાબર પણ ઘટ પટ એ ઘટ હે, પટ હે ઐસા જ્ઞાનમેં ઐસા નહીં જાનનેમેં આતા હૈ ઐસા નહીં હૈ, તો વ્યવહાર તો હોતા હૈ વો. દ્રવ્યકી અપેક્ષાસે જ્ઞાયકકી અપેક્ષાએ જ્ઞાયક જાનનેમેં આતા હૈ. વો પરકો જાનતે હી નહીં ઐસા નહીં હૈ. લોકાલોકકો નહીં જાનતે ઐસા નહીં હૈ. લોકાલોક જાનનેમેં આતા હૈ પણ વો જ્ઞાનમેં જાનનેંમેં આતા હૈ એ જ્ઞેય અપનેમેં એકમેક નહીં હો જાતા હૈ. એ જ્ઞેયકે સાથ તદ્રૂપ નહીં હો જાતા હૈ.**

**ઇસકા વેદન તો આતા હૈ. યહ દેવલોક હૈ, યહ નરક હૈ, યહ સબ હૈ, યે મનુષ્ય હૈ, દેવ હૈ ઐસા યહ જાનનેંમેં આતા હૈ, જ્ઞાનમેં નહીં જાનનેમેં આતા ઐસા નહીં હૈ. એ અપની પર્યાયકો જાનતે વો જ્ઞેય અપનેમેં એકમેક નહીં હોતા હૈ ઇસલિયે, જ્ઞેયકો નહીં જાનતા ઐસા આતે હૈ. જો જ્ઞેયકો નહીં જાનતે તો ઐસા જ્ઞાન કિસકા? એ જ્ઞાન**

કિસને પ્રકાશ કિયા સબ. ભગવાનકે જ્ઞાનમેં સબ આયા તો સબ પ્રકાશમય હુઆ, જો નહીં જાનતે તો કૈસે પ્રકાશમેં આયે? એ જ્ઞાનકા ઐસા સ્વભાવ હૈ, અનંત જો અનંત અનંત જો અનંત ઇસમેં કુછ નહીં જાનનેમેં આવે ઐસા જ્ઞાનગુણ ઐસા નહીં. અનંત અસાધારણ શક્તિ હૈ ઉસમેં યહ જૈસે આકાશમેં સબકો અવકાશ આપે ઐસી શક્તિ હૈ. ઐસે જ્ઞાનમેં ઐસી શક્તિ સબકો જાને, ઇતના જાને, ઇતના ન જાને ઐસા નહીં હૈ. સબકો જાનનેકી શક્તિ હૈ પણ ઉસમેં ઉપયોગ કરકે, રાગ કરકે કર્તા હોકે નહીં જાનતા, અપના સ્વભાવમેં રહકર સબ જાનનેમેં સહજમેં આ જાતા હૈ. લોકાલોક જાનનેંમેં આ જાતા હૈ.

ઉપયોગ જો પર તરફ કરતા હૈ તો રાગ હોતા હૈ પરંતુ જાનનેમેં નહીં આતા ઐસા નહીં હૈ. 'સમયસાર'મેં તો વો કળશ આતા હૈ કે અજ્ઞાની બહાર જાકે એ જ્ઞેયમેં થક જાતા હૂં, યહ સબ નિકાલ દૂં, મેરે જાનનેમેં આતા હૈ. ઇસકા સ્વભાવ હી હૈ જાનનેકા. યે નિકાલ કૈસે દે? જાનનેકા રાગ તોડ દે. કર્તાબુદ્ધિ તોડ દે. ઉસ તરફકા ઉપયોગ છોડ દે. અપને તરફ ઉપયોગ કર. ઐસે સહજ જાનનેમેં આ જાતા હૈ. સહજ જાનનેમેં આતા હૈ. એ અસાધારણ શક્તિ હૈ જ્ઞાનકી, તો જ્ઞાનગુણ. ગુણ ઇસકા નામ કહનેમેં આતા હૈ. જો ઇસમેં મર્યાદા નહીં હોવે કે ઇતના જાને ઔર ઇતના નહીં જાના. ઐસે જ્ઞાનકી મર્યાદા નહીં હોતી હૈ કે સ્વકો જાને પરકો નહીં જાને, ઐસે જ્ઞાનકી મર્યાદા ઐસે નહીં હોતી. તો એ સ્વભાવ કિસ કામકા?

આ આકાશ ઐસા હૈ કે સબકો જગ્યા આપે, એ ઐસા ઇસમેં નિમિત્ત હૈ. ભલે નિમિત્ત હૈ પણ સબકો જગ્યા આપે. એમ જ્ઞાન સબકો જાને. ઇસલિયે એસા અસાધારણ સ્વભાવ હૈ. ઇસમેં એકત્વ નહીં હોતા. અપને તો જ્ઞાયકકો જાને, જ્ઞાયકકો જાન એમ સ્વકો જાનનેસે પર સહેજે જાનનેમેં આ જાતા હૈ. એ ઐસા નહીં જાનતા. મેં રાગકો જાના એ જાનનેમેં નહીં આતા. સબકો જાનતા હૈ. પણ ઇસકો પર તરફ દૃષ્ટિકે ઉપયોગ નહીં કરના, રાગ કર્તાબુદ્ધિકો છોડ દે, એ જ્ઞેય નિમગ્નતા તોડ દે. જ્ઞાન નિમગ્ન હો જા. જ્ઞેય નિમગ્ન તોડ દે. એમ કહેવું છે. ભગવાન ઉપર ઉપયોગ જાય તો ભગવાનની ભક્તિનો મહિમા તો આવે જ. નથી આવતો એ ક્યા અર્થમાં? (3-86-11)

**શ્રોતા :** .........

**પૂજ્ય બહેનશ્રી :** એ શુભાશુભભાવ વિભાવભાવ હૈ. ઇસલિયે વો તરફ દૃષ્ટિ નહીં કરકે સ્વભાવમેં દૃષ્ટિ કર. દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરે છે, પણ ઐસે જબ શુભ ઉપયોગ ઔર અશુભ ઉપયોગકા ભેદ પાડે તો ઉસકો મંદ કષાય હૈ. શુદ્ધ ઉપયોગમેં જબ સ્વરૂપમેં સ્થિરતા નહીં રહેતી ઔર ઐસે એક ઠેકાણે ઉપયોગ જમ નહીં જાતા. દૃષ્ટિ

તો જ્ઞાયક ઉપર રહેતી હૈ, ભેદજ્ઞાનકી ધારા ચલતી હૈ. સ્વાનુભૂતિકી દશા, સ્વાનુભૂતિ હોવે તબ ઠીક હૈ ઉપયોગ સ્વાનુભૂતિમેં હો જાય અબ જ્ઞાતાધારા રહેતી હૈ ઉપયોગ જબ બહાર જાતા હૈ તબ તો ભગવાનકે તરફ જાતા હૈ ને ઇસકી દશા હૈ. કેવળજ્ઞાની હૈ એ તો સબ સર્વથા પૂર્ણ કેવળજ્ઞાન વીતરાગદશા હો જાતી હૈ ઔર બાકી જિસકી છદ્મસ્થદશા હૈ ઉપયોગ બહાર જાતા હૈ. ભગવાનકે તરફ જાતા હૈ તો શુભ ઉપયોગ શુભપરિણામ હોતા હૈ, પુણ્યબંધ હોતા હૈ.

પણ વો જાનતા હૈ કે યહ શુભભાવ ભી ભિન્ન હૈ. મેરા જ્ઞાતા જ્ઞેયકી ધારા ભિન્ન રહેતી હૈ વો હી ક્ષણે જબ શુભભાવ આતા હૈ વો હી ક્ષણે એ જાનતા હૈ 'એ વિભાવભાવ હૈ મૈં તો જ્ઞાયક હૂં.' પરંતુ સ્વરૂપમેં સ્થિર નહીં રહેતા એટલે શુભભાવ આતા હૈ. એટલે ભગવાન કે તરફ ઇસકા ઉપયોગ જાતા હૈ. પરંતુ એ દૃષ્ટિકી અપેક્ષાએ શુભ ઔર અશુભ દોનોં એકસરીખા હૈ એમ કહનેમેં આતા હૈ. એ શુભભાવ તો મુનિઓ હોય તો ભી છટ્ઠે-સાતમેં ગુણસ્થાને ઝૂલતે હૈ. ક્ષણમેં છટ્ઠા, ક્ષણમેં સાતમેં ઐસી સ્વાનુભૂતિ હોતી હૈ તો ભી ઉપયોગ બહાર આવે વો શાસ્ત્ર રચતે હૈ, ભગવાનકી ભક્તિકા શ્લોક રચતે હૈ, ભગવાનકા દર્શન કરતે હૈ ઐસે તો આતા હૈ. દૃષ્ટિકી અપેક્ષાએ ઐસે કહેનેમેં આતા હૈ, યહ દોનોં સમાન હૈ. શુભ ઔર અશુભ.

'સમયસાર'મેં આતે હૈ કે ઝંઝીર સોનાની બેડી કે લોઢાની બેડી બેય સરખી જ છે, એમ શુભ ને અશુભ આ દોનોં દૃષ્ટિકી અપેક્ષાએ દોનોં એક સરખા હૈ, એવી અપેક્ષાએ છે. પરંતુ ઐસે એમ નહીં હૈ કે શુભભાવ બહાર જાય તો ભગવાનકા દર્શન નહીં કરના ઐસા અર્થ નહીં હૈ. ઉપયોગ બહાર તો જાતા હૈ. અને જ્ઞાનમેં ખ્યાલમેં રખના કિ વો વિશુદ્ધભાવ હૈ, ઐસી જ્ઞાતાધારા ભિન્ન રહેતી હૈ કિ યહ મેરા સ્વભાવ નહીં હૈ. (3-86-12)

શ્રોતાઓ : ભગવતી માતનો જય હો....
માતાજીની અમૃતવાણીનો જય હો....

* * *

## પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી, ભાગ-૩

# તત્ત્વચર્ચા - ૮૭

**શ્રોતા :**

**પૂજ્ય બહેનશ્રી : જ્ઞાનમાં અસાધારણ શક્તિ છે. જ્ઞાનથી એક પર્યાય જ્ઞાન પરિણમન કરે એ નિર્મળ કેવળજ્ઞાન થઈને નિર્મળ વીતરાગતારૂપ પ્રગટ થઈ જાય, જ્ઞાન નિર્મળ થઈ જાય. એક સમયની પર્યાય હોય તો એની શક્તિ તો અનંત છે. અનંતતામાં શું ન જણાય? એમાં કાળ ગયો કાળ, વર્તમાન ને ભવિષ્ય એવી રીતે અપેક્ષાએ એ રહેલો છે. વર્તમાન માત્ર એક વર્તમાન પર્યાયની અંદર ત્રણે કાળ આવી જાય છે. ત્રણે કાળ ભિન્ન-ભિન્ન નથી જોવા પડતા કે ગયા કાળમાં જઈને જોવું નથી પડતું કે ભવિષ્યમાં જઈને જોવું નથી પડતું, એ તો વર્તમાનવત્ બધાને ત્રણેકાળને જાણી લે છે. એ ગયે કાળે આમ હતું, વર્તમાન આમ છે, ભવિષ્યકાળમાં આમ થવાનું છે. એવી એકે પર્યાયમાં અનંત શક્તિ આવી જાય છે અંદર. એ શું ન જાણે? એક પર્યાયમાં જો મર્યાદિત શક્તિ હોય તો એ જ્ઞાન જ નથી. એક પર્યાયમાં પૂરી શક્તિ છે. એની દરેક પર્યાયમાં પૂરી શક્તિ હોય છે અને કેવળજ્ઞાનની દરેક દરેક પર્યાયમાં પુરું પૂર્ણ શક્તિ હોય છે જાણવાની. (3-87-1)**

**શ્રોતા :** પર્યાયનો અંશ એક સમયનો અને બતાવે ત્રણેકાળને.

**પૂજ્ય બહેનશ્રી : ત્રણે કાળને જાણે. એક સમયની પર્યાય સમય કાળની સાથે એને સંબંધ નથી. ભાવ સાથે સંબંધ છે ને ભાવ અનંતો છે. અનંત કાળ ને એક સમય એક સમયની પર્યાય ભલે પણ એનો ભાવ અનંત છે. અનંત શક્તિવાળી પર્યાયો છે. એનો ભાવ અનંત છે. જાણવું ભાવથી છે, કાંઈ કાળથી જાણવાનું નથી થાતું. જાણવાનું ભાવથી છે. કાળ ભલે એક સમયનો પણ ભાવ શક્તિ એનામાં અનંતી હોય છે. (3-87-2)**

**શ્રોતા :** જે પર્યાય આવી નથી એ પર્યાયની અંદર .....

**પૂજ્ય બહેનશ્રી : એ પર્યાયને બતાવે છે, કે આ દ્રવ્યમાં આવી જાતની પર્યાય વીતી ગઈ છે અને આવી જાતની પર્યાય વીતવાની છે. બધું આવે છે શક્તિમાં. કોઈ રીતે પણ ગયા કાળે આમ હતું, ભવિષ્યે આમ હશે? એમ અલ્પ-અલ્પ જ્ઞાનવાળા કોઈ જ્ઞાનની નિર્મળતાવાળા કહી શકે છે, જ્ઞાન આમ હતું, ભવિષ્યે આમ થાશે, વર્તમાને આમ છે અને કેવળજ્ઞાનની શું વાત કરવી? પૂર્વના અંશો, વર્તમાનના અંશો, ભવિષ્યના**

**અંશો અલ્પ પર્યાયમાંથી જાણી શકાય છે. કેવળજ્ઞાન તો એક સમયમાં લોકાલોકને જાણનારી કેટલી નિર્મળ પર્યાય થઈ ગઈ છે. (3-87-3)**

**શ્રોતા :** જ્ઞેયના પ્રદેશ શક્તિરૂપ કે પ્રમેય શક્તિરૂપ?

**પૂજ્ય બહેનશ્રી : ..... પ્રમેયત્વ શક્તિમાં ને સર્વજ્ઞ શક્તિ બધું એક નિર્મળતાની એક વીતરાગી પર્યાયમાં બધું શક્તિવત્ સાથે જ હોય છે, એ કાંઈ એક શક્તિ કામ નથી કરતી. એમાં અનંતી શક્તિ કામ કરે છે. અનંતા ભાવ કામ કરે છે. એ (એકલી) પ્રમેયત્વશક્તિ એમાં નથી હોતી.**

**પંડિતજી : જ્ઞાનથી એમ બતાવવા.....**

**પૂજ્ય બહેનશ્રી : ઇ ક્યાં એમ જણાવતું હતું પોતે જાણનારો છે. ઇ કાંઈ જણાવતું નથી. પોતે જાણે છે, એમાં એનો સ્વભાવ એનામાં રહ્યો છે, એની પ્રમેયત્વ શક્તિ એનામાં રહી છે. એ પોતાથી જાણવું છે, એનાથી ક્યાં જાણવું છે? એ પ્રમેયત્વશક્તિ ઈ એની શક્તિએ કાંઈ મર્યાદિત ન હોય, એ બધું જાણવાની યોગ્યતા ધરાવે જણાવવાની યોગ્યતા ધરાવે. ઈ પ્રમેયત્વશક્તિ મર્યાદિત નથી. અનંતું જણાવવાની એનામાં શક્તિ છે. એનામાં અનંતી છે વર્તમાન ક્ષણ જણાવે આવે તોય શક્તિ છે ને એટલે એક વર્તમાનને જણાવે છે. (3-87-4)**

**પંડિતજી :** એમને મૂળ છે, કે જ્ઞાન કરતાં જ્ઞેય વધુ મુખ્ય છે. આ તો ચૈતન્યમય ઓલું તો જણાવે એને ત્રણે કાળ ભારે કરી.

**પૂજ્ય બહેનશ્રી : એ એનામાં અનંતી શક્તિ, પ્રમેયત્વમાં એ કાંઈ વર્તમાન થઈને ન જણાય એ અનંતું જણાવે છે.**

**શ્રોતા :** જ્ઞાનીઓ પણ હૃદય જાણવામાં હદ કરે છે. (પરમાં) હદ કરે છે. એ જાણે નહીં ને બીજાને જણાવે શી રીતે?

**પૂજ્ય બહેનશ્રી : એવી એનામાં યોગ્યતા છે પોતે નથી જાણતો બીજાને જણાવાની શક્તિ હોય એવી યોગ્યતા છે**

**શ્રોતા :** એ સર્વજ્ઞશક્તિ ભિન્ન થાય તો કાંઈ પ્રભુતા કંઈ લાગતી નથી સર્વજ્ઞનો આધાર જેને પ્રમેયત્વ ઉપર હોય એમ લાગે છે.

**પૂજ્ય બહેનશ્રી : પ્રમેયત્વ ઉપર આધાર નથી એનો પોતાનો સર્વજ્ઞતા ઉપર આધાર છે. એ તો એનું નિમિત્ત છે. પોતા ઉપર આધાર રાખે છે.**

**શ્રોતા :** એટલે બધા શોધાશોધ કરીએ છીએ ને કે આ ત્રણ કાળ લોકો વાત કરે છે ને પણ પડ્યું છે ક્રમબદ્ધ પડ્યું છે, માટે એ ક્રમબદ્ધ જણાય છે.

**પૂજ્ય બહેનશ્રી :** પડ્યું છે, એટલે નહીં પોતામાં શક્તિ છે. એ પોતામાં જાણવાની શક્તિ છે, એટલે એને નિમિત્ત કહેવાય છે. નિમિત્તની શું મહિમા છે? પોતાની મહિમા, ઉપાદાનની મહિમા, યોગ્યતાની મહિમા છે.

બધા ક્યાંય ક્રિયામાં પડેલા હતા, દૃષ્ટિ બધાની બહાર હતી. અંદરમાં વાળ્યા, (ગુરુદેવે) ચૈતન્ય તરફ વાળ્યા, ક્રિયામાંથી. ચૈતન્યના તેજ, ચૈતન્યના ઘરનું છે બહાર નથી એમ સમજાવ્યું. આત્માની મહિમા બતાવનારા આત્મા કોઈ અદ્ભૂત ચીજ છે, છે કાંઈ અજોડ એ એમનાથી બધાને જાણવાનું મળ્યું છે, માર્ગ મળ્યો છે. અમે એવી ભાવના હોય પણ કુદરત આગળ કોઈ ઉપાય નથી. એ ન હો તો તો ત્યાં જ્યાં ગુરુદેવ ન હોય એવા ક્ષેત્રમાં જન્મ એ એક આવા આ વિષમકાળમાં જન્મ થયો એ એક કેવું આશ્ચર્ય કેવી વાત છે. એ જન્મ સફળ થવાનું કારણ ગુરુદેવ છે. મહાપુરુષ છે. એવા કોઈ ભાગ્યે જ જન્મે છે. આત્મા તો એવો પણ વાણી બધાને જાગ્રત કરે એવી હતી. એવા એ જ્ઞાયક કોને કહેવાય? સ્વાનુભૂતિ કોને કહેવાય? બધું ગુરુદેવે બતાવ્યું છે બધું. બહુ સ્પષ્ટ, ક્યાંય ચોખ્ખે-ચોખ્ખું ક્યાંય નહીં કોઈને ભૂલે નહીં એવો માર્ગ ચોખ્ખો કરી દીધો. (3-87-5)

**શ્રોતા :** પૂછવું ન પડે એટલી ચોખવટ કરી છે.

**પૂજ્ય બહેનશ્રી :** એટલું ચોખ્ખું કરી દીધું છે. ભૂલ ન થાય એવી જાતની ચોખવટ કરી છે. એ માર્ગ ગુરુદેવે બહુ સ્પષ્ટ કર્યો છે. કાનેય પડી ન હતી, બધા ક્રિયામાં ધર્મ માનતા હતા. શું કરવાનું છે એય ગુરુદેવે બતાવ્યું છે. વિકલ્પ તૂટીને સ્વાનુભૂતિ થાય છે, એ પણ ગુરુદેવે બતાવ્યું. બધું ગુરુદેવે બતાવ્યું છે. (3-87-6)

**શ્રોતા :** એ વાત તો સંપ્રદાયમાં હતી જ નહીં. વિકલ્પ છૂટે ને નિર્વિકલ્પ અનુભૂતિ થાય ને આત્માનો અનુભવ થાય એ ક્યાંય નહોતી.

**પૂજ્ય બહેનશ્રી :** એ ક્યાંય ન હતી. મુનિદશામાં કેવળજ્ઞાન થાય, મુનિપણું આને કહેવાય એ બધું ગુરુદેવે બતાવ્યું. માર્ગ ક્યો? ક્યા માર્ગે કેવળજ્ઞાન થાય? એ બધું પહેલે સર્વથી બીજથી માંડીને પૂર્ણતા સુધી બધું આખું કહી દીધું છે. દ્રવ્ય, ગુણ, પર્યાય બધું ચોખ્ખે-ચોખ્ખું એના પછી પોતાને એના તરફ વળવાનું જ રહે બસ, એ જ્ઞાયક તરફ પરિણતિ જ કરવાની રહે છે, એટલું તૈયાર કરી કીધું કે આ જ્ઞાયકને તું ઓળખ ને જ્ઞાયક તરફ તારી પરિણતિ કર, આખું ભેદજ્ઞાન કર અને અંદર છૂટ્ટો પડી જાય. એ પરિણતિ કરવાની પોતાને બાકી રહે એટલું સ્પષ્ટ કરી દીધું એટલું આપી દીધું છે. ચોથા કાળમાં એવા પ્રસંગો બને તો જંગલમાં તો રાજકુમાર ને બધા ત્યાગ કરીને જંગલમાં મુનિદશા ધારણ કરતા, એ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ એવા હતા. જ્યાં ભગવાન

બિરાજતા હોય ત્યાં મુનિદશા અંગીકાર કરી લે છે. અત્યારે પંચમકાળ .. પંચમકાળની અંદર ગુરુદેવ જન્મ્યા એ જ મહાભાગ્યની વાત છે. એમાં મર્યાદા બહાર કાંઈ પરિણામ ન જાય એ રીતે મુમુક્ષુએ ધ્યાન રાખવા જેવું છે પોતાનું. મર્યાદા બહાર કોઈ કાર્ય હોવું ન જોઈએ.

મુમુક્ષુતાની બહાર કોઈ કાર્ય ન હોવા જોઈએ. શું થાય? પંચમકાળે વિષમભાવ, કાળ કોઈના હાથમાં નથી. અભિપ્રાય સૌના જુદા જુદા ભાવ થઈ ગયા. ગુરુદેવ બિરાજતા હતા ત્યારેય તો અંતરમાં અભિપ્રાય જુદા હતા. આ બધા કાર્યોમાં મુકાણાં એ કાર્ય મર્યાદા બહાર કાર્યો થાય શું થાય? આવા ક્ષેત્રમાં જન્મ થાય એ કાંઈ ગુરુદેવ વગરનો કાળ એ મહાદુઃષમ કાળ છે. (3-87-7)

**શ્રોતા :** ગુરુદેવને કેટલું આમ સાક્ષાત્ જોઈએ એમ આહાહા! આહાહા! ધન્ય અવતાર! ધન્યકાળ! તમારી વાણી સાથે એ વખતે. આહાહા!

**પૂજ્ય બહેનશ્રી :** એમને તો એટલો આનંદ આવતો વ્યાખ્યાનમાં એ વખતે. એવી શૈલી હતી કે આમ સાંભળનાર છક થઈ જાતા એવું બોલતા હતા. આમ ચૈતન્યનો કોઈ આત્માનો ચમત્કાર એમની વાણીમાં દેખાતો હોય એવું બોલતા. આહાહા! કરે ને ત્યારે તો એમની મુદ્રા ને કાંઈ જુદું જ થઈ જાતું. આહાહા! થાતું આહાહા! એમ કહીને તો મુદ્રા જુદી થાતી હતી. (3-87-8)

**શ્રોતા :** ભાવ એકદમ આવે છે, અને પછી પડી કેમ જાય છે?

**પૂજ્ય બહેનશ્રી :** પોતાની તૈયારી એટલી નથી. એટલી રુચિ નથી. એટલી ખૂબ રુચિ વચ્ચે હોય તો પડી ન જાય કે હજી તો ઘણું કરવાનું બાકી છે. હજી તો ઘણું કરવાનું બાકી છે. એવું જેના અંતરમાં હોય ને એ પડી ન જાય, હજી તો શું મેં કાંઈ કર્યું નથી જરાક કર્યું એમાં શું? હજી તો ઘણુંય પ્રગટ કરવાનું રહે છે, એમાં શું? એવી ભાવના અંતરની હોય ને એને કાંઈ લાગે જ નહીં. જન્મ-મરણ કરતાં કરતાં મનુષ્યદેહ માંડ મળે છે. એમાં આત્મા તરફ વલણ થવું, એમાં સાચી વાણી મળવી, ગુરુ મળવા આ બધું બહુ દુર્લભ છે. એમાં એ બધું મળે તો અંતરમાં રુચિ કરીને પોતે પુરુષાર્થ કરવો. એ જ કરવા જેવું છે.

અંતરમાં જવું તો એક જાણ્યા કરે છે. વિકલ્પ થાય બધા નાનપણનો અત્યાર સુધીનાં વિકલ્પ બધા ચાલ્યા ગયા, જાણનારો એમને એમ ઊભો છે. આ જડ છે કાંઈ નથી જાણતું. અંતરમાં વિકલ્પો થયા. નાનપણથી અત્યાર સુધી એને જાણનારો ઊભો છે, કે આ નાનપણમાં આમ થયું, તેમ થયું, તેમ થયું, બધું જાણનારો ઊભો છે, એ જાણનારો પોતે છે. એ જાણનારનો અંદર, એની અંદર અનંતા ગુણ ને અનંત આનંદ

**ને બધું એમાં ભર્યું છે, પણ પોતે બહારમાં ડોક્યા મારે છે, એટલે દેખાતું નથી એને. બધુંય જાણનારમાં છે. એ શાશ્વત હોય છે. એ અંતરમાં ઉતરે ત્યારે વિકલ્પો તૂટીને નિર્વિકલ્પદશા, સ્વાનુભૂતિની દશા બધું પ્રગટ થાય છે. એમાં આગળ વધતો વધતો પછી મુનિદશા આવે ને પછી એકલું આત્મામાં, સ્વાનુભૂતિમાં, આત્મામાં રહે તો કેવળજ્ઞાન ને વીતરાગદશા તો થાય છે. ખરું ત્યારે એને થાય છે. બાકી બહારથી વેશ ધારણ કરી લે એમાં કાંઈ થાય એવું નથી એ તો ક્રિયા છે બધી. અંતરમાંથી ભેદ પડવો જોઈએ ખરી રીતે. ભેદજ્ઞાન કરીને અંતરમાંથી સ્વાનુભૂતિની દશા પ્રગટ થાય છે.**

**(3-87-9)**

**શ્રોતા :** એવો માર્ગ સરસ લાગે બીજો નિરસ લાગે ત્યારે અંતરની સૂક્ષ્મ સંધિ જણાય. એમ ન હોય તો પરમાં બીજી રીતનું હોય અને ઉપયોગ અંતરમાં પ્રજ્ઞાછીણીનું કામ કરે.

**પૂજ્ય બહેનશ્રી : પણ એની મહિમા આવે તો જ સૂક્ષ્મ સંધિ જણાય ને! રસ બહારનો હોય ત્યાં સુધી તો ભેદજ્ઞાન થાય જ નહીં. રસ બહાર હોય તો ન જણાય. પણ એ જાણવાની જેની જિજ્ઞાસા હોય એને જ જણાય બીજાને નહીં. એ જેને મહિમા આવી જાય ને જિજ્ઞાસા હોય એને જણાય. સ્વભાવની જેને મહિમા આવી, પરથી નિરસતા થઈ જાય. એટલે સૂક્ષ્મ સંધિ જણાયા વગર ન થાય. એ જેને જિજ્ઞાસા એને જિજ્ઞાસા જ હોય એને મહિમા આવે, એને જિજ્ઞાસા હોયા વગર રહેતી નથી. સૂક્ષ્મ સંધિ એમ ન જણાય કે બહાર તીવ્ર રસ હોય કે વિભાવનો રસ એકદમ એકત્વબુદ્ધિ હોય તીવ્ર રસ હોય અને સૂક્ષ્મ સંધિ જણાય એમ ન બને. પણ એને તો રસ તૂટી જાય, શુભાશુભભાવ જ્ઞેય ઉપરથી રસ તૂટી જાય એમાં એને આનંદ ન લાગે, સુખ ન લાગે, આકુળતા લાગે, ત્યારે સૂક્ષ્મ સંધિ જણાય છે. નહીંતર નહીં જણાય.**

**પણ એ પોતે પ્રયત્ન કરે ત્યારે થાય પણ એ પ્રયત્ન કર્યા વગર રહેતો જ નથી. જેને અંતરની મહિમા લાગે એ પ્રયત્ન કરે જેને ચેન ન પડે, એ પ્રયત્ન કર્યા વગર રહેતો જ નથી. એટલે સૂક્ષ્મ સંધિ જણાયા વગર રહેતી નથી. કે હું આ જ્ઞાન સ્વરૂપ આત્મા છું ને આ હું નથી. એમ એને ગ્રહણ થયા વગર રહેતું જ નથી. પોતે પોતાને ગ્રહણ કરે છે અને પર તરફ જે લક્ષ હોય કે પરની એકત્વબુદ્ધિ તૂટી જાય છે અને સ્વ તરફ પોતે એકત્વબુદ્ધિ થાય છે. પોતે દ્રવ્યદૃષ્ટિ થાય છે, એટલે સૂક્ષ્મ સંધિ જણાયા વગર રહેતી જ નથી. ઉપયોગ સૂક્ષ્મ થઈ જાય કારણ કે નિરસતા લાગે, સ્વભાવની મહિમા લાગે એનો ઉપયોગ ક્યાં જઈને ઊભો રહેશે? પોતાને ગોતવા માટે જ ઊભો રહે છે. એકદમ તીવ્ર નિઃરસતા થઈ ગઈ એનો ઉપયોગ ક્યાં ટકશે જઈને? પોતે સ્વભાવને ગોત્યા**

વગર, શોધ્યા વગર રહેશે જ નહીં એટલે ઉપયોગ એનો સૂક્ષ્મ થઈ અને પોતાને ગ્રહણ કરી લે છે, કે હું આ છું અને આ હું નથી. એમ પોતે પોતાને ભેદજ્ઞાન કર્યા વગર નહીં રહે.

ભેદજ્ઞાન કરીને અંદર ઠરશે ત્યારે એને નિર્વિકલ્પદશા થાશે, ત્યારે વિકલ્પ તૂટશે ત્યાં સુધી તૂટશે નહીં. અંદર પોતે સ્વભાવને ગ્રહણ કરે છે કે આ હું જ્ઞાયક છું, આ એવી જ્ઞાતાધારાની ઉગ્રતા જ્યારે થાશે ત્યારે એનો વિકલ્પ તૂટશે. ..... વિભાવથી એકદમ નિઃરસતા આવી જાય. એનો ઉપયોગ ક્યાં જઈને રહેશે. પોતાના સ્વભાવનું ઘર ગોતી લેશે. સ્વભાવનું ઘર ગોતે એમાં એને વિશ્રામ થાશે બીજે ક્યાંય નહીં થાય. એટલે વિકલ્પ તૂટી જાશે, જ્ઞાતાધારાની ઉગ્રતા થાશે અને નિર્વિકલ્પદશા ને નિર્વિકલ્પતાનો આનંદ એને પ્રાપ્ત થાશે. એ સૂક્ષ્મ સંધિ ગ્રહણ થયા વગર રહેશે જ નહીં. તીવ્ર એને નિઃરસતા લાગે તો.

ઉપયોગ પોતામાં એકાગ્ર થાય તો જ પ્રાપ્તિ થાય નહીંતર ન થાય. ઉપયોગ જ્યાં સુધી બહાર કાંઈક રસ લાગે છે, ત્યાં સુધી દોડાદોડ કરે છે, એને ઉપયોગને ક્યાંય ઊભું રહેવાનું સ્થાન ન રહે, પોતાને સ્થાને જઈને જ ઉપયોગ ઊભો રહે છે, એને નિઃરસ થઈ ગયું બધું, એને ક્યાંય ચેન નથી પડતું શુભમાં, અશુભમાં તો પડતું જ નથી. પણ શુભમાં એને આકુળતા જ્યારે લાગે ત્યારે પોતાનું ઘર ગોતી લ્યે છે, એટલે ઉપયોગ સૂક્ષ્મ થઈને પ્રજ્ઞાછીણી એને પ્રાપ્ત થાય છે. એનું એમાં ..... ભેદજ્ઞાનની ધારા પ્રગટ થાય જે પ્રગટ થાય એને નિર્વિકલ્પદશા. પહેલાં ભેદજ્ઞાનની ધારા થાય ને પછી નિર્વિકલ્પદશા થાય. (3-87-10)

**શ્રોતા :** એના સંબંધમાં કોઈ મર્યાદા નહીં. જેટલી ઉગ્રતા પોતે કરે જેટલો તીવ્ર પુરુષાર્થ થાય તે પ્રમાણે નિર્વિકલ્પદશા થાય.

**પૂજ્ય બહેનશ્રી : ત્યારે એને નિર્વિકલ્પદશા પ્રાપ્ત થાય છે.**

**શ્રોતા :** પહેલા પ્રજ્ઞાની છીણી.

**પૂજ્ય બહેનશ્રી : પ્રજ્ઞાછીણીનો અર્થ જે 'સમયસાર'માં છે, એ તો નિર્વિકલ્પદશા સુધીનો છે. એ કાંઈ ભેદજ્ઞાનની ધારા પૂરતો ત્યાં અટકવા પૂરતો નથી. એ તો પ્રજ્ઞાછીણી એટલે ભેદજ્ઞાન થયું ને નિર્વિકલ્પદશા થઈ તે જ ક્ષણે થઈ એવો એનો અર્થ. ત્યાં તો પ્રજ્ઞાછીણી નિર્વિકલ્પદશામાં હોય છે, પણ જેને થાય એને એમ અર્થ પણ થાય કે ભેદજ્ઞાનની ધારા પ્રગટ થાય, અને નિર્વિકલ્પદશા પછી થાય. પણ 'સમયસાર'માં તો મૂળ અર્થ છે. નિર્વિકલ્પદશા તરફ જાય છે. પ્રજ્ઞાછીણી એટલે નિર્વિકલ્પદશા સુધીનું લઈ જાવું છે. પ્રજ્ઞાછીણીથી તૂટે એ આવે છે ને! ઠેઠ સુધી, ઠેઠ**

**સુધી. આત્મા મગ્ન થઈ જાય છે પણ એનો ક્રમ આ જ છે. ભેદજ્ઞાનની ધારા થાય ને પછી નિર્વિકલ્પદશા થાય, એનો ક્રમ આ. (3-87-11)**

**શ્રોતા :** એ થયા પછી કોઈ વ્યક્તિ સમયસર પુરુષાર્થ એ પ્રમાણેનો સમય ઓછો વતો ભલે, કોઈ પા કલાકમાં પણ પ્રગટ કરે એ વાત જુદી છે. જેની જેવી ઉગ્રતા.

**પૂજ્ય બહેનશ્રી : હાં..હાં..હાં એ તો એની જેવી એની ઉગ્રતા, (જેવી એની ઉગ્રતા એ પ્રમાણે) ઉગ્રતા ઉગ્રતા પણ એ ભેદજ્ઞાનની ધારા જ છે ત્યાં સુધી એનો વ્યવહાર છે. નિશ્ચય ક્યારે પ્રાપ્ત થાય? નિર્વિકલ્પદશા થાય ત્યારે.**

**શ્રોતા :** એ ત્યાંથી પાછું પડી શકે ને શક્યતા છે. પાછા પડવાની છે.

**પૂજ્ય બહેનશ્રી : હાં, પાછું ફરવાની શક્યતા છે.**

**શ્રોતા :** પહેલામાં પાછું પડવાની શક્યતા જ નથી આવી ગયું પછી.

**પૂજ્ય બહેનશ્રી : નિર્વિકલ્પદશા થઈ પાછો પડે નહીં.**

**શ્રોતા :** એ પાછું પડવાની શક્યતા માટે નિર્વિકલ્પ નથી થઈ શકતો જેને આશ્રય ને સમ્યક્દર્શન થઈ ગયું.

**પૂજ્ય બહેનશ્રી : એ સમ્યગ્દર્શન ને એ જ છે નિર્વિકલ્પદશા છે.**

**શ્રોતા :** એની પહેલાં ભલે જ્ઞાતાધારા પ્રગટ થઈ એને, તેમ છતાં તેને પાછું પડવાની શક્યતા હોવાથી એને સમ્યગ્દર્શન નથી.....

**પૂજ્ય બહેનશ્રી : ઈ એને વ્યવહાર છે ઓલો નિશ્ચયપૂર્વકનો વ્યવહાર. કર્તાબુદ્ધિ છૂટી જાય, જ્ઞાયકની ધારા પ્રગટ થાય પછી નિર્વિકલ્પદશા થાય.**

**શ્રોતાઓ : ભગવતી માતનો જય હો....**
**માતાજીની અમૃતવાણીનો જય હો....**

* * *

## પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી, ભાગ-૩

# તત્ત્વચર્ચા - ૮૮

**શ્રોતા :** ....

**પૂજ્ય બહેનશ્રી : નિર્વિકલ્પ ઉપયોગ એ વખતે હોય જ નહીં, શુભ ઉપયોગ હોય. ઉપયોગ શુભમાં હોય એ વખતે શુદ્ધ નિર્વિકલ્પદશા ન હોય શુદ્ધ પરિણતિ હોય. શુદ્ધ પરિણતિ ન જાય એની. ભેદજ્ઞાનની શુદ્ધ પરિણતિ જ્ઞાતાની પરિણતિ જ્ઞાયક, જ્ઞાયક... જ્ઞાતાની વેદનરૂપ પરિણતિ છે. અંશે સમાધિ, શાંતિ બધું વેદાય છે. ભેદજ્ઞાનની પરિણતિ, શુદ્ધ પરિણતિ જ્ઞાયકની, જ્ઞાતાની પરિણતિ, પણ નિર્વિકલ્પદશા ન હોય એ વખતે. શુદ્ધ ઉપયોગ એટલે નિર્વિકલ્પદશા એ ન હોય. શુભ ઉપયોગ હોય, શુદ્ધ પરિણતિ. શુદ્ધપરિણતિની ધારા તો ચાલુ જ રહે છે, એમાં તો ખંડ પડે જ નહીં, તો તો એની દશા જ ન રહે જો એમાં ખંડ ખંડ પડે એ તો ચાલુ જ રહે. (3-88-1)**

**શ્રોતા :** તો અશુભ વખતે અશુભોપયોગ હોય.

**પૂજ્ય બહેનશ્રી : તોય શુદ્ધપરિણતિ તો ચાલુ જ, ચાલુ જ છે. નિર્વિકલ્પદશા હોય ત્યારે શુભ પરિણતિ પ્રગટરૂપે ન હોય અબુદ્ધિપૂર્વક હોય, બુદ્ધિપૂર્વક ન હોય.**

**શ્રોતા :** બુદ્ધિપૂર્વક ન હોય.

**પૂજ્ય બહેનશ્રી : શુદ્ધોપયોગ એટલે નિર્વિકલ્પદશા, શુભ પરિણતિ એ વખતે બુદ્ધિપૂર્વક ન હોય અબુદ્ધિપૂર્વક હોય.**

**યે દશા મેરા સ્વરૂપ તો નહીં હૈ. મૈં તો નિષ્ક્રિય તત્ત્વ હૂં. અપને સ્વરૂપમેં સક્રિય હૂં, પરસે નિષ્ક્રિય હૂં. અપના ગુણોંકી પર્યાયમેં પરિણમન કરું. પણ પરસે તો મેં નિવૃત્ત હું. ઐસી ભેદજ્ઞાનકી જો ધારા ચલે વહી મૂળ તત્ત્વ હૈ. વો ધારા તીક્ષ્ણપણે ચલે, ઉગ્રતાસે ચલે, તો વહ હી ભેદજ્ઞાનકી ધારા..... તો વિકલ્પ તૂટકે નિર્વિકલ્પદશા હોગી. તો ભી ભેદજ્ઞાનકી પર્યાય હૈ આત્માકા સ્વરૂપકો ગ્રહણ કરતે હૈ, તો પણ જ્યારે નિર્વિકલ્પ હોતે હૈ, તબ તો એ શ્રુતજ્ઞાનકી ધારાકા વિકલ્પ છૂટ જાતા હૈ.**

**મતિ ઔર શ્રુતકા ઉપયોગ સમયસારમેં આતા હૈ કે અપને સ્વરૂપ તરફ જાતા હૈ. મૈં શુદ્ધ હૂં, મૈં ગુણ હૂં, મેરા ઐસા ગુણ હૈ? વહ વિકલ્પ ભી છૂટ જાતા હૈ. ઔર મૈં મૂળ તત્ત્વકો અપને અપનેકો ગ્રહણ કરના એટલે ઐસા વિચાર કરે ઉપયોગ એ વિચારમેં હોય, ભલે સૂક્ષ્મ ઉપયોગ કરે. રુચિ બઢે તો... વિચાર ચલે તો અચ્છી બાત હૈ પણ ધ્યેય વો પર રખના, જ્ઞાન મેં, જ્ઞાયક હૂં નિર્વિકલ્પ તત્ત્વ હૂં દિવસ ને રાત વો**

પર યહ દઢ સંસ્કાર પડે કે મૈં શરીર ભી નહીં હૂં, શુભાશુભભાવ જિતના ભી નહીં હૂં, ઐસે વિચારકી ધારા ચલે વહ હી મૂળ તત્ત્વ તો મૈં હી હૂં, મૈં ઇસસે પણ મૈં ઇસસે પાર મૈં જ્ઞાયક તત્ત્વ હૂં, ઐસી દૃષ્ટિકો રખની ચાહિયે, ઐસી દૃષ્ટિકા ધ્યેય મુખ્ય કરકે શ્રુતકા ચિંતવન હોના ચાહિયે. વો દૃષ્ટિ રખના ચાહિયે. વોહી કરના... ભલે સૂક્ષ્મ ધારા ચલે યા ન ચલે ઐસી પરવા કરવા કરતાં મૈં દ્રવ્યદૃષ્ટિ મેરે કૈસે દઢ હોવે વો કરના.

...... ચલે તો અચ્છી હૈ જો ચલે તો અચ્છી બાત હૈ કારણ કે સાધકકા ઉપયોગ એકમેં ટીકતા નહીં હૈ. કોઈ બાર સૂક્ષ્મધારા ...... ચલે તો ઉસકા ઉપયોગ કોઈવાર દેવ, ગુરુ, શાસ્ત્રમેં ચલા જાતા હૈ. તો કોઈવાર શ્રુતકા ચિંતવનમેં ચલા જાતા હૈ. તો જિનેન્દ્રદેવ જૈસા હૈ ઐસા અરિહંતકા દ્રવ્ય, ગુણ, પર્યાય ઉસમેં ભી ચલા જાતા હૈ. શ્રુતકા ચિંતવનમેં ભી ચલા જાતા હૈ, મુનિઓ હોવે તો શ્રુતકા ચિંતવનને ઉપયોગ ચલે ઔર કોઈવાર ભગવાનકા દર્શન ઔર જો શાસ્ત્રોં રચે મુનિઓ તો કોઈવાર કોઈ પદ્મનંદી આચાર્ય કોઈ ભગવાનકી ભક્તિકા સ્તોત્ર ભી રચતે હૈ અથવા શ્રુતકા ભી રચતે હૈ, કોઈ દ્રવ્યાનુયોગકા રચતા હૈ, તો કોઈ ચરણાનુયોગકા રચતા હૈ. કારણ ઉપયોગ જહાં રસ લાગે વહાં ચલતા હૈ. રુચિ પ્રમાણે ઉપયોગ એ કામ જાતા હૈ. તો કોઈ દ્રવ્યાનુયોગકા રચતા હૈ તો કોઈ ચરણાનુયોગકા રચતા હૈ. છટ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલનારા સબ આચાર્ય હૈ તો કોઈકા ઉપયોગ ગણિતાનુયોગમેં ચલા જાતા હૈ ઔર કોઈકા દ્રવ્યાનુયોગમેં ચલા જાતા હૈ, કોઈ અધ્યાત્મમેં ચલા જાતા હૈ. કોઈકા ઐસે ઐસે ચલા જાતા હૈ, ઇસલિયે રસ રુચિ એક બાજુ નહીં રહેતી પણ જ્ઞાયકકી રુચિ તીવ્ર કરના ચાહિયે વહ મુખ્ય હૈ. (3-88-2)

**શ્રોતા :** આ કરવાનું ઈ જ છે.

**પૂજ્ય બહેનશ્રી :** પુરુષાર્થ કરના ચાહિયે ભેદજ્ઞાનકી ધારા બઢાના ચાહિયે. ભેદજ્ઞાનકી ધારા....

**શ્રોતા :** વચ્ચે આ જાતી હૈ તો આ જાતી તો પહલે પર્યાયકા ભેદ કરું જ્ઞાયક .......... તો એક મૈં જ્ઞાયક હૂં ઐસા હી અભ્યાસ કરના.

**પૂજ્ય બહેનશ્રી :** જ્ઞાયકકા અભ્યાસ કરના, દ્રવ્યદૃષ્ટિકા, મૈં જ્ઞાયક હૂં, 'યહ સબ મૈં નહીં હૂં, મૈં જ્ઞાયક હૂં' ઐસા અભ્યાસ બઢાના ચાહિયે. પીછે વહ દશા હોવે યા ન હોવે. કારણ કે હોનેકા કારણ એ અપના કોઈ ભીતરસે કોઈ અપૂર્વ પુરુષાર્થ જો સહજ હોતા હૈ એ અપૂર્વ પુરુષાર્થ, એ જે પુરુષાર્થ કરતે કરતે ભેદજ્ઞાનકી ધારા કરતે હૈ. એ ઉસકા ઉપાય હૈ. ભેદજ્ઞાનકી ધારા બઢાના, દ્રવ્યદૃષ્ટિકો દઢ કરના, ઇસકા ઉપાય જો દશા આતી હૈ ઉસકો લાના. જિસકા ઉપાય દ્રવ્યદૃષ્ટિકો ભેદજ્ઞાનકી ધારા બઢાના

**વો હી ઉપાય હૈ. ઉસકો જોર દેના વહ હી ઉપાય હૈ. ઐસે કરતે વહ જો દશા આ જાતી હૈ ઇસકો ધીરજ રખના ચાહિયે. ઇસમેં શ્રુતજ્ઞાનકા ચિંતવન એ સબ આતા હૈ. પરંતુ જોર એક ભેદજ્ઞાનકી ધારા ઉપર રહેના ચાહિયે તો વો દશા જો જિસમેં આયે ... જો અપના ઐસે જિસસે કોઈ અદ્દ્ભૂત કોઈ આ જાતા હૈ ને તો કોઈ અંતર્મુખકા ઉપયોગ તો પાછા લાના મુશ્કેલ. અપના પુરુષાર્થ ભેદજ્ઞાનકી ધારા દ્વારા જો આતા હૈ ને! તો વો આપકો ખ્યાલમેં રહેતા હૈ વો કિસ તરહસે આયા ઔર કિસ તરહસે ગયા ઇસકા જો ખ્યાલ રહેતા હૈ ને તો અપને ઐસા પુરુષાર્થ ભી હોતા હૈ. (3-88-3)**

**શ્રોતા :** આચાર્યને એક બાત લિખી હૈ કિ જૈસે પરકી ઓર ઉપયોગ જાતા હૈ જૈસે અપની તરફ આતા હૈ તો ...... લેકિન જબ પરકી તરફ ઉપયોગ જાતા હૈ તો ઉસમેં પરકો જાનનેમેં અસ્તિ રહેતી હૈ?

**પૂજ્ય બહેનશ્રી : પરકી..**

**શ્રોતા :** એની પરકા જ્ઞાનરૂપ બહારકા ઉપયોગ પરકા જ્ઞાન હોતા રહેગા?

**પૂજ્ય બહેનશ્રી : અપનેકો જાનતે હૈ વો પરકો યથાર્થ જાનતે હૈ.**

શ્રોતા : અપનેસે જુડા હુઆ હૈ.

**શ્રોતા :** અપનેસે જુડા હુઆ જ્ઞાન હૈ. પરકો સબકો જાનતા રહેગા તો ઉસકા કોઈ હાનિ હુઈ?

**પૂજ્ય બહેનશ્રી : હાનિ કોઈ ઇસમેં રાગ સાથમેં રહેતા હૈ તો સ્વભાવમેં રહેતા નહીં. રાગકી હાનિ, જાનનેકા દુઃખ નહીં હૈ. રાગ...રાગ છદ્મસ્થકા ઉપયોગમેં રાગ સાથમેં રહેતા હૈ ને! ઇસસે નુકશાન હોતા હૈ રાગસે. રાગસે નુકશાન હોતા હૈ. બાકી જાનતા હૈ નુકશાન નહીં હોતા હૈ રાગસે નુકશાન હોતા હૈ. સ્વ-પરપ્રકાશક જ્ઞાન અપનેકો જાનતા હૈ ઔર પરકો જાનતા હૈ. પણ જાનતા હૈ પણ રાગ રહેતા હૈ ને વહ નુકશાનકારક હૈ. વીતરાગી ભગવાન સહજ જાનતા હૈ ઇસકો ઉપયોગ બહારમેં નહીં જાતા પણ સહજ જાનતા હૈ તો નુકશાન નહીં હોતા. છદ્મસ્થકા ઉપયોગમેં રાગ રહેતા હૈ ઉતના દુઃખ હૈ... (3-88-4)**

**શ્રોતા :** ચમત્કાર તો યહી હૈ .........

**પૂજ્ય બહેનશ્રી : અપને તરફ ઉપયોગકો લાના ચાહિયે પણ નહીં આતા હૈ છદ્મસ્થકા ઉપયોગ બાહર જાતા હી રહેતા હૈ. તો વારંવાર અપના તરફ લાનેકા પ્રયત્ન. બસ ભેદજ્ઞાનકા... બહાર ઉપયોગ જાતા હૈ તબ ભેદજ્ઞાનકી પરિણતિ રહેતી હૈ. ભેદજ્ઞાનકી, કે મૈં જ્ઞાયક હૂં..મૈં જ્ઞાયક હૂં... ભેદજ્ઞાનકી.....**

**શ્રોતા :** ઐસા લગતા હૈ જબ કોઈ ભી કાર્ય બુરા હૈ કિ ભાઈ યે તેરા કાર્ય નહીં હૈ.....

**પૂજ્ય બહેનશ્રી : ... ઐસા વિચાર રહેતા હોય. ઐસી ઉસકી પરિણતિ ઇસકા વેદન રહેના ચાહિયે. રહેના ચાહિયે મૈં ભિન્ન હૂં...ભિન્ન હૂં..ભિન્ન હૂં. ઐસા વેદન રહેના ચાહિયે. વિકલ્પમાત્ર નહીં. ઇસકા વેદન રહેના ચાહિયે જુદાઈકા ભાસ, ભીતરમેં રહેના ચાહિયે. મૈં જુદા જ્ઞાયક હૂં જ્ઞાયક હૂં; એ જુદાઈકા જો ભાસ રહેતે હૈ ઉસકો જો વિકલ્પ તૂટકે કોઈ જુદી નિર્વિકલ્પદશા હોતી હૈ. વો ઇસકા હોનેકા ઉપાય હૈ. જો ઇસકા ભેદજ્ઞાનકી વેદનકી પરિણતિ કરે, મૈં જુદા હૂં જુદા, ઉસકા વેદન રહેતા હૈ ઇસકો જો નિર્વિકલ્પરૂપ કોઈ જુદી દશા હોતી હૈ. વો હોતી હૈ ને તો પીછે ભી આતી હૈ. જિસકો વેદન રહેતા હૈ ઉસકો, ઇસકો વેદન નહીં રહેતા માત્ર વિચાર રહેતા હૈ તો આનેકે બાદ આ ગઈ, જિસકો આના હૈ ઉસકો મુશ્કેલ હો જાતા હૈ. ઇસકા વિચાર કરતા હૈ મૈં જુદાં હૂં જુદાં હૂં, વિચાર નહીં ઇસકો વેદન હોના ચાહિયે.. (3-88-5)**

**શ્રોતા :** વહ દશાકો યાદ રખના...

**પૂજ્ય બહેનશ્રી : ઇસકો વેદન હોના ચાહિયે. ક્ષણ ક્ષણમેં જુદા હૈ, જો ખાતા હૈ તો ભી જુદા હૂં ઉસકો વિચાર નહીં કરના પડતા સહજ ધારા.... સહજ હોતા હૈ તો વેદન આતા હૈ. જબ સહજ નહીં હોવે તબ ઇસકા અભ્યાસ કરના .... અભ્યાસ કરના....**

**શ્રોતા :** ....... જુદા જુદા હૈ, ધ્યાન તો રખે હૈ હમ જુદે હૈં યહ સબ સંસાર વિકલ્પ જુદી હૈ લેકિન અંદરસે જો બાત આની ચાહિયે વહ રહતી હી નહીં હૈ......

**પૂજ્ય બહેનશ્રી : એ ભાવના હોના ચાહિયે.... સહજ વેદન હોતા હૈ તો વો દશા** (શ્રોતા : વહ બાત દૂસરી હૈ) **વહ દશા વહ ફિર ભી દશા આ જાતી હૈ વો વેદન હોવે તો. અને કોઈકો ઐસા વેદનમેં રહેતા નહીં. કોઈ અદ્ધરસે ઐસા ઉસકા ઉપયોગ નિર્વિકલ્પ (કલ્પિત) હો જાય પીછે વર્તમાન વેદન કૈસે કરના નહીં ખ્યાલ રહેતા હૈ તો વહ દશા આની મુશ્કેલ હો જાતી હૈ. ઉસકા વેદન રહેના ચાહિયે ભેદજ્ઞાનકા. (શ્રોતા : ભેદજ્ઞાનકા અભ્યાસ કરના ચાહિયે) ઉસકા અભ્યાસ કરના ચાહિયે. ભેદજ્ઞાનકા અભ્યાસ કરના ચાહિયે. સમ્યગ્દૃષ્ટિકો તો વો હી હોતા હૈ. સમ્યગ્દૃષ્ટિ હોવે નિર્વિકલ્પ ધારા પ્રગટ હોવે, પીછે તો ભેદજ્ઞાનકી પરિણતિ ઇતની દૃઢ કે સૂતા, જાગતા સ્વપ્નમાં ભી ભેદજ્ઞાન ચલતા હી રહેતા હૈ ઉસકો વિચાર નહીં કરના પડતા. નિદ્રા હોય તો ભી ભિન્ન હૂં, જ્ઞાયક હૂં ઐસી સહજ દશા ઐસી સહજદશા રહેતી હૈ. તો ઇસકે પાછી સ્થિર નિર્વિકલ્પ દશા હો જાતી હૈ. ઐસી દશા હૈ. (3-88-6)**

**શ્રોતા :** ઉસકા હી અભ્યાસ કરના ચાહિયે.

**પૂજ્ય બહેનશ્રી : વો હી અભ્યાસ કરના ચાહિયે. બસ ઇસકે સાથમેં શ્રુતકા ચિંતવન, સૂક્ષ્મ ઉપયોગ સબ ચલતા હી રહેતા હૈ શુભભાવ તો રહેતા હૈ ઇસકે જો ભેદજ્ઞાનકી પરિણતિ રહેતી હૈ, ઉસકે પીછે નિર્વિકલ્પ ધારા સૂતે, જાગતે ... .....**

**એમાં આયુષ્ય આવી રીતે બંધાયેલું હોય તો શું થાય? શોક થાય તોય સમાધાન કરવા જેવું છે, ગુરુદેવે કીધું છે આત્મા શાશ્વતો છે શરીર તે આવે જાય. એક ભવ પછી બીજો ભવ એમને એમ જન્મ-મરણ ચાલ્યા જ કરે છે. એમાં કાંઈ શાશ્વત આત્માનું શરણ ગ્રહણ કરવા જેવું છે. એ વિભાવ તો આવો છે. શરીરેય આવું છે. વિભાવ એમાંથી .... ઈ આકુળતા રહે છે. સંકલ્પ-વિકલ્પ એ બધા આકુળતા રહે છે. એકલો નિર્વિકલ્પ આત્માનું સ્વરૂપ એ જ સુખરૂપ, એ જ યથાર્થ છે. જે બનવાનું હોય એને કોઈ ફેરવી શકે નહીં. જે ભવની અંદર ભવનો અભાવ થાય એવું કાંઈ કરવું એ ભવ મનુષ્યભવ સફળ છે. બાકી મનુષ્યભવ મળે એમાં ગુરુદેવ મળ્યા ને ભવનો અભાવ થયો, માર્ગ બતાવ્યો એ જ મહાભાગ્યની વાત છે અને એ ગ્રહણ કરવું અંતરમાંથી, પુરુષાર્થ કરવો. પોતાની જીવન સફળ ને એ કરવું. પુરુષાર્થ હોય એ પ્રમાણે. ભવનો અભાવ શુભાશુભભાવથી જુદો આત્મા ગ્રહણ કરે તો તે શુભભાવનો અભાવ થાય બાકી શુભભાવ એ પુણ્યબંધનું કારણ છે. ગુરુદેવે ઘણું કીધું છે ને તમે ઘણું સાંભળ્યું છે.**

**કોઈ પરદ્રવ્યનો યોગાનુયોગ પોતે કાંઈ કરી શકતો નથી એવા પ્રસંગો બને નજરે દેખ્યા છે. જે સુખનું ધામ, જ્ઞાનનું ધામ આત્મા છે, એને ગ્રહણ કરવો પોતે એ જાતનું ચિંતવન, મનન, વાંચન, વિચાર બધું કરવાથી દેવ, ગુરુ, શાસ્ત્રને હૃદયમાં રાખીને ચૈતન્યદેવને ગ્રહણ કરવો એ જ કરવાનું છે. બાકી આ બધું ખેદ થાય, દુઃખ થાય તો મનને ફેરવવા જોઈએ. કોલેજથી ઘરે આવતી હતી ને! (3-88-7)**

**શ્રોતા :** કોલેજ સહેજ સ્ટેશન બાકી હતું ઘાટકોપર ઘરે પહોંચતી હતી. ગાડી ઊભી રહી, જોવા ગઈને કેમ ઊભી છે, એમાં ગાડી ચાલુ થઈ....

**પૂજ્ય બહેનશ્રી : એ સંસારમાં એવું જ છે. બાકી શું થાય? છેવટે કાંઈ અંતરમાં શું ચાલતું હોય એ સાથે આવે છે. સમાધાન રાખ્યા વગર છૂટકો નથી. તેથી સમાધાન ..... બીજો કોઈ એનો ઉપાય જ નથી. જ્યાં નિરુપાય સહજ છે ત્યાં સમાધાન જ હોય છે. તમે ગમે એમ દુઃખ કરો પણ જે બનવાનું હોય એ બન્યા વગર ન રહે, એ કાંઈ ફરવાનું નથી. પરિણામને ફેરવીને ખેદ થાય તો પરિણામ ફેરવવા જેવા છે. આવી રીતે કેટલાય ભવો જીવ કરતો આવ્યો છે માટે હવે આવું ન થાય એના માટે પોતે એવા**

ભાવ કરવા જેવા છે. કે આવા સંયોગો ઉપસ્થિત ન થાય. સંસારનું સ્વરૂપ જ આવું છે. શરીરેય જુદું ને આત્માએ જુદો ને બધું જુદું .... એનો આત્મા તો શાશ્વત, જ્યાં જાય ત્યાં શાશ્વતો આત્મા છે દેહ ભલે બીજો બદલાય છે. આત્મા તો શાશ્વત છે. જ્યાં ગયો હોય ત્યાં આત્મા શાશ્વત છે. રુચિ અંતરમાં હતી આ જાતની એટલે સારા ભવમાં ગયો હોય એમ આપણે માનીએ. કારણ કે સંસ્કાર તો તમે બધાએ અંદર ધર્મના જ નાખેલા સાચા. બીજો કઈ ઉપાય નથી, સમાધાન કર્યા વગર કોઈ છૂટકો નથી. એટલે અંદર ખેદ થાય પણ ફેરવ્યા વગર છૂટકો નથી.

બધાનો આત્મા શાશ્વત છે. ચૈતન્યદેવ બિરાજે એને ગ્રહણ કરવાનો. દેવ, ગુરુ, શાસ્ત્ર હૃદયમાં રાખી એ જ માર્ગ ગુરુદેવે કીધો ગ્રહણ કરવો. અંતરમાં ચૈતન્યને ગ્રહણ કરવો, ચૈતન્યનો આનંદ એ ખરો આનંદ છે. બહાર તો આ બધું જન્મ-મરણ, જન્મ-મરણ કરતો જે બહારમાં સુખ માની બેઠો. સુખ એમાં નથી. એને કેટલાય કુટુંબને પોતે છોડતો આવ્યો અને કેટલાય કુટુંબે પોતાને છોડાવ્યા, અનંતકાળમાં કેટલુંય બનતું આવ્યું. કેટલુંય બનતું આવ્યું છે પોતે છોડીને આવ્યો અને બીજાએ પોતાને છોડ્યા, એવું કેટલુંય બનતું આવ્યું. ઓલામાં આવે છે ને 'અષ્ટપાહુડ'માં, કેટલી માતાના દૂધ પીધા, કેટલીય માતાને રોવડાવી, અનંત આખા સમુદ્ર ભરાય એટલી માતાને રોવડાવી, કેટલી માતાના દૂધ પીધા, એટલા જન્મ-મરણો કર્યા આ જગતની અંદર કોઈ સ્થાન એણે બાકી રાખ્યું નથી એટલા જન્મ-મરણ જીવે કર્યા.

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં એટલા એટલા પરિભ્રમણ કર્યા ક્યાંય એટલા દ્રવ્યો ફેરવ્યા, એટલા ક્ષેત્ર ફેરવ્યા એટલો કાળ ફેરવ્યા, કેટલા અધ્યવસાનો ભાવ, વિભાવ પણ એટલા ફેરવ્યા હવે આ મનુષ્યભવમાં ગુરુદેવ માંડ મળ્યા કેટલા પુણ્ય કર્યા હોય ત્યારે એમને એમ માર્ગ બતાવ્યો એ માર્ગ ગ્રહણ કરવા જેવો છે. જેનાથી ભવનો અભાવ થાય બસ એ જ કરવા જેવું છે જીવનમાં એ જ. કે હવે ભવ જ ન મળે એમ. એવી જાતનો માર્ગ ગુરુદેવે બતાવ્યો એ અપૂર્વ માર્ગ ગ્રહણ કરી ચૈતન્યદેવને ગ્રહણ કરવા જેવો છે. એટલું આયુષ્ય લઈને આવ્યો પાછો આવી રીતે આયુષ્ય પુરું થયું એટલે ખેદ થાય. આયુષ્ય એટલું ને પાછું આવો પ્રસંગ.. બધું વાતાવરણ ને શાંતિ ને.....

(3-88-8)

ચત્તારિ મંગલં, અરહંતા મંગલં, સિદ્ધા મંગલં, સાહૂ મંગલં,
કેવલી પણ્ણત્તો ધમ્મો મંગલં
ચત્તારિ લોગુત્તમા, અરહંતા લોગુત્તમા, સિદ્ધા લોગુત્તમા, સાહૂ લોગુત્તમા,
કેવલિપણ્ણત્તો ધમ્મો લોગુત્તમો.

**ચત્તારિ શરણં પવ્વજ્જામિ, અરહંતે શરણં પવ્વજ્જામિ, સિદ્ધે શરણં પવ્વજ્જામિ,**
**સાહૂ શરણં પવ્વજ્જામિ, કેવલિપણ્ણત્તં ધમ્મં શરણં પવ્વજ્જામિ.**
**ચાર શરણ, ચાર મંગલ, ચાર ઉત્તમ કરે જે, ભવસાગરથી તે તરે,**
**સકલ કર્મનો આણે અંત, મોક્ષ તણા સુખ લહે અનંત,**
**ભાવ ધરીને જે ગુણ ગાય, તે જીવ તરીને મુક્તિ જાય,**
**સંસારમાંહિ શરણ ચાર, અવર શરણ ન કોઈ**
**જે નર-નારી આદરે, તેને અક્ષય અવિચલ પદ હોય**
**અંગૂઠે અમૃત વસે, લબ્ધિ તણા ભંડાર**
**ગુરુ ગૌતમને સમરિયે તો સદાય મન વાંછિત ફળ દાતાર.**

**શ્રોતાઓ : ભગવતી માતનો જય હો....**
**માતાજીની અમૃતવાણીનો જય હો....**

* * *

## પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી, ભાગ-૩

# તત્ત્વચર્ચા - ૮૯

**શ્રોતા :** અમારે શુદ્ધોપયોગ કરવાનો છે અત્યારે આત્માનો મહિમા તો કેમ કરવો?

**પૂજ્ય બહેનશ્રી : શુદ્ધઉપયોગ કરવા માટે જ્ઞાતાધારાની તીવ્રતા કરવી. જે જ્ઞાયક છે, એને ગુરુદેવે જે માર્ગ બતાવ્યો એ માર્ગે બરાબર ભેદજ્ઞાનની ધારા, દ્રવ્યદૃષ્ટિ કરી અને એમાં શુભાશુભ જે પરિણામ થાય એ તે હું નથી. એનો સ્વભાવ તે હું નથી મારો સ્વભાવ ભિન્ન છે. એમ ભલે પોતાની પુરુષાર્થની મંદતાએ થાય છે તોપણ એ સ્વભાવ મારો નથી. એમ ભેદજ્ઞાન કરીને દ્રવ્ય ઉપર દૃષ્ટિ મૂકીને વારંવાર એ દ્રવ્યદૃષ્ટિ કરીને ભેદજ્ઞાનની ધારા વધારીને એ વારંવાર જ્ઞાતાધારાની ઉગ્રતા થવાથી શુદ્ધ થયો, નિર્વિકલ્પદશા પ્રાપ્ત થાય એમાંથી અને એ માર્ગ તો એક જ છે ત્રણકાળમાં જે માર્ગ કુંદકુંદાચાર્યે કહી ગયા છે જે માર્ગ ગુરુદેવે બતાવ્યો શાસ્ત્રોમાં પણ એ જ આવે છે. કુંદકુંદાચાર્ય પોતે ભગવાન આગળથી આવેલા છે, એમણે જે શાસ્ત્રમાં માર્ગ ચોક્ખો બતાવ્યો છે, એ જ માર્ગ મહાવિદેહમાં ચાલે છે અને એ જ માર્ગ કુંદકુંદાચાર્યદેવે બતાવ્યો છે એ એક જ માર્ગ છે.**

''એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ''. પરમાર્થના પંથ જે અહીં આચાર્યદેવે બતાવ્યો, ગુરુદેવે બતાવ્યો તે જ માર્ગ ભગવાન બતાવે છે, તેમાં માર્ગમાં કાંઈ ફેર હોતો નથી. બસ શુદ્ધઉપયોગ તો એક જ માર્ગે થાય છે જ્ઞાતાધારાની ઉગ્રતા કરવાથી નિર્વિકલ્પ ઉપયોગ થાય, સ્વાનુભૂતિ થાય, આનંદની દશા થાય. પોતે વિકલ્પ તૂટીને બહારના ઉપયોગ, બહારનું બધું ભૂલી જાય છે અને સ્વભાવની કોઈ સ્વભાવઘરમાં વસી જાય છે અને એના જે અનંતગુણો છે, એ અનંતગુણોની સ્વાનુભૂતિ થાય છે, એમાં આનંદ અને જ્ઞાન એમાં હોય છે અને અનંતગુણોની સ્વાનુભૂતિ એમાં સમાયેલી હોય છે. એવો અદ્દ્ભૂત ચૈતન્ય અનુપમ ચૈતન્ય સ્વાનુભવમાં આવે છે.

ઈ એક જ.... એને લાગે છે બીજી કોરથી હવા આવી લાગે છે. હું તો વિહારમાં જાતી.. (.......) ફેર બધો આ બધું .. (3-89-1)

**શ્રોતા :** શરીરમાં ફેરફાર થાય એ શરીરમાં સોજો થયો ગુરુદેવના પ્રતાપે નથી. તદ્દન સાચી વાત છે. એકદમ જ્ઞાયકતા. આખા દેશમાં ભારતખંડમાં ધર્મ દટાય ગયો હતો, તે મહારાજ સાહેબ (પૂજ્ય ગુરુદેવે) કાઢ્યો.

**પૂજ્ય બહેનશ્રી : મહારાજ સાહેબે જ કાઢ્યો. બધા શુભભાવ અને ક્રિયાઓમાં પડેલા હતા. ગુરુદેવે જ કાઢ્યું છે હવે ગુરુદેવની કૃપા હતી તમારી ઉપર, ગુરુદેવની કૃપાથી પુરુષાર્થ અંતરમાં કરે એને થયા વગર રહેતો નથી. ...(......)**

**શ્રોતા :** ...... પરદ્રવ્ય કેવા લાગે?

**પૂજ્ય બહેનશ્રી : પરદ્રવ્ય પર છે. પરદ્રવ્યનો એ વખતે ખ્યાલ પણ નથી જ્યાં ચૈતન્ય ચૈતન્યમાં રમી રહ્યો એને પરદ્રવ્ય ઉપર લક્ષ કે કાંઈ નથી. પોતે સ્વઘરમાં એકદમ વસી રહ્યો છે જાણે કોઈ જુદા કોઈ જુદા જ ભાવમાં અને જુદા જ ઘરમાં વસી ગયો હોય એવા શુદ્ધઉપયોગમાં વસી જાય છે. અનુભૂતિનો માર્ગ બીજો હોય જ નહીં. આચાર્યો જે કહી રહ્યા છે, એ ભગવાન કહી રહ્યા છે. આચાર્યોએ પોતે કર્યું છે જ્ઞાતાધારાની મહિમા બતાવી કોઈ 'સમયસાર'માં કર્તા-જ્ઞાતા કંઈ નહીં. જ્ઞાતા..જ્ઞાતા.. 'જે કરે સો કરતારા, જો જાને સો જાનનહારા.' જાનનહારા હોય એને સ્વાનુભૂતિ થાય છે. એની ઉગ્રતામાં સ્વાનુભૂતિ. 'ભેદવિજ્ઞાનતઃ સિદ્ધા સિદ્ધા યે કિલ કેચનઃ' એ ભેદવિજ્ઞાનથી સિદ્ધ થાય છે. દ્રવ્યદૃષ્ટિથી સુખી થાય છે વ્યવહારનય અભૂતાર્થ દૃષ્ટિ, શુદ્ધનય ભૂતાર્થ. શુદ્ધનયની શુદ્ધનયથી સ્વાનુભૂતિ થાય છે. અનેક પ્રકારે 'સમયસાર.' માં જે કીધું છે, ગુરુદેવે સ્પષ્ટ કરીને એનું હાર્દ પ્રકાશ્યું છે. બસ એ ભગવાન આગળ એ જ માર્ગ છે. માર્ગ તો એક જ હોય બીજો હોતો નથી. સ્વાનુભૂતિનો એક જ માર્ગ છે.**

**એક તો સ્વરૂપને ઓળખવું એના તરફ દૃષ્ટિ કરવી, એની વારંવાર એની જ મહિમા કરવી એ જ કરવાનું છે. આ શરીર અને શુભાશુભભાવો એ ચૈતન્યનું સ્વરૂપ**

નથી એનાથી જુદો ચૈતન્યને ઓળખવો એમાં વારંવાર દૃષ્ટિ કરવી એમાં લીનતા કરવી એ કરવાનું ગુરુદેવે માર્ગ બતાવ્યો એ જ કરવાનું છે. બાકી એની આગળ આ બધું કાંઈ નથી. એની આગળ. બહારનું બધું તુચ્છ છે, એની આગળ ચૈતન્યદેવ આગળ દેવ, ગુરુ, શાસ્ત્ર જે ..... કરે છે. કરવું તો ચૈતન્યમાં લીન થઈ જાવું. મુનિઓએ આત્માની સાધના કરી એ ક્ષણે ક્ષણે આત્મામાં લીન થયા અને ગુરુદેવે આત્માનો માર્ગ બતાવ્યો ગુરુદેવે અંતરમાં જે પ્રગટ કર્યો છે જે અહીં અંતરની સ્વાનુભૂતિની ને જ્ઞાન, દર્શન, ચારિત્ર જે અંતરમાં પ્રગટ કર્યો જે ગુરુદેવે સ્વરૂપ, દર્શન, જ્ઞાન અને સ્વરૂપ રમણતા જેમ સ્વમાં પ્રગટ કરી એ જ કરવા જેવું ખરું છે.

બેય તત્ત્વ જુદાં.....સ્વભાવથી અંદર ચૈતન્યને ઓળખવો એવી જિજ્ઞાસા ને એ જ રાખવા જેવું છે. એને ગ્રહણ કરવા, એ દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવાની હોય, નાનપણના સંસ્કાર એણે તાજા રાખવા જોઈએ. એ જાતનો વિચાર, વાંચન બધું કરવા જેવું છે. ચૈતન્યની ઉપર દૃષ્ટિ દેવા જેવી છે. જ્ઞાયક...જ્ઞાયક, દેવ, ગુરુ, શાસ્ત્ર હૃદયમાં ને જ્ઞાયક હૃદયમાં. ગુરુદેવે તો આખા હિન્દુસ્તાનને બધાને જગાડ્યા છે બધાને ચૈતન્યમય દ્રવ્યદૃષ્ટિ કરાવી છે. વિભાવ પોતાનો સ્વભાવ નથી. જ્ઞાયકનું બધું એ જ.

....... જન્મ-મરણ, જન્મ-મરણ આવા જીવે અનંત કર્યાં. કોઈકને કોઈકે છોડ્યા પોતાને બીજાએ છોડ્યા, એમ કરી કરીને ચાલ્યા જાય છે. યાદ આવે ઓચિંતાનું થઈ રહ્યું છે તે રાગ-દ્વેષરૂપ પરિણામ થઈ રહ્યા છે, એમાં જન્મ-મરણ અનંતકાળથી, ..... શાસ્ત્રમાં આવે છે ને અનંતા માતાના દૂધ પીધા છે, અનંતા માતાને રોવડાવી છે. દરિયા ભરાય એટલા માતાના આંસુ પણ શું થાય, સ્વરૂપ તો સંસારનું એવું જ છે. અંતર આત્મા તરફ વળે છૂટકો છે. જ્યાં સમાધાન વગર બીજો કોઈ છૂટકો જ નથી એનો ઉપાય જ એક સમાધાન છે. આત્મા શાશ્વત એનું ધ્યાન કરવું, દેવ, ગુરુ, શાસ્ત્રને હૃદયમાં રાખવા અને ચૈતન્ય આત્મા જ્ઞાયક આત્મા એનું જ ધ્યાન રાખવું ..... જિનેન્દ્રદેવ, ગુરુદેવ એ જ સ્મરણ કરવું ........ ગુરુદેવે જે કીધું છે (ઘણીવાર આવે છે) ગુરુદેવે કીધું છે જ્ઞાયક આત્મા, શરીર જુદું, વિભાવ સ્વરૂપ પોતાનું નથી. નિર્વિકલ્પ સ્વરૂપ આત્મા અનુપમ છે, એને ઓળખવો એના તરફ દૃષ્ટિ કરવી શાશ્વત દ્રવ્ય ઉપર, ગુરુદેવે કીધું છે ને શાસ્ત્રનો હાર્દ એમણે પ્રકાશ્યો એ શાસ્ત્રનું બધું સ્વાધ્યાય, મનન, ચિંતવન કરવા જેવું છે. વિચારથી બધું એ જીવનનું, મનુષ્ય જીવનનું સાફલ્ય છે. એ જ કરવા જેવું છે. વારંવાર જ્ઞાયકને ઓળખવો, ગુરુદેવ કહેતા હતા એ વાત. એને માટે સ્વાધ્યાય ને બધું કરવું. (3-89-2)

**શ્રોતા :** માતાજી ભાવ એવો આવી ગયો જેને આપના ચરણે રહીને કરી લઈએ.

**પૂજ્ય બહેનશ્રી :** દેવ-ગુરુ-શાસ્ત્ર અને વિકલ્પ આવે એમાં અને અંતરમાં જાય તો જ્ઞાયક બસ એ જીવનમાં એ જ છે. બાકી તો બધું સંસાર ચાલ્યા જ કરે છે. અંદર જ્ઞાયક ઉપર દ્રવ્યદૃષ્ટિ કરીને જ્ઞાયક...જ્ઞાયક કરતાં કરતાં અંતરમાં ભેદજ્ઞાનની ધારા એ દ્રવ્યદૃષ્ટિ જે પ્રગટ કરવાથી અંતરમાં જે અનુપમ તત્ત્વ એ પ્રગટ થાય છે. વિભાવ ગૌણ થઈ જાય એ જ કરવા જેવું છે. ચૈતન્ય તત્ત્વ ગુરુદેવે બતાવ્યું એ માર્ગે ચાલવાનું છે.

**શ્રોતા :** ગુરુદેવે માર્ગ બતાવ્યો પણ આપણને આવી રીતે આવી શૈલીમાં અમને જે આપ્યું છે, એમાં આપનો ઉપકાર છે. આવી સાદી ભાષા, કેવા કેવા ભાવો ભર્યા છે?

**પૂજ્ય બહેનશ્રી :** મંગળ છે બધું. અરિહંત મંગળ છે, સિદ્ધ મંગળ, સાધુ ભગવાન બધું મંગળ જ છે, આચાર્ય, ઉપાધ્યાય બધું મંગળ જ છે આત્મા ભી બધું દેવ, ગુરુ, શાસ્ત્ર બધું મંગળ જ છે. ચૈતન્યની આરાધના, દેવ, પંચ પરમેષ્ઠી મંગળ, બધા મંગળ છે. બધું મંગળ જ છે. ચૈતન્યને ધ્યેયે મંગળ સ્વરૂપ આત્મા ને મંગળ સ્વરૂપ પંચપરમેષ્ઠી બધું મંગળ જ છે, અંદર ચૈતન્ય મંગળ એ મંગળ સ્વરૂપ. ગુરુદેવે મંગળ સ્વરૂપ આત્મા બતાવ્યો છે અને એને બતાવનારા દેવ, ગુરુ, પંચ પરમેષ્ઠી મંગળ જ છે. અરિહંત ભગવાને પૂર્ણ સ્વરૂપ પ્રગટ કર્યું અને મુનિઓ બધા એની આરાધના કરે છે બધું મંગળ જ છે. એ સર્વોત્કૃષ્ટ મંગળ જગતમાં પંચ પરમેષ્ઠી છે અને ચૈતન્યદેવ એ મંગળ જ છે, એમ ઝાઝું તો ક્યાંય ઓલા કંઈ કરવું શું? બાકી જ્ઞાયકનું ધ્યેય રાખવું એ જ કરવા જેવું છે. ચૈતન્યના ધ્યેયે બધું કરવા જેવું. ચૈતન્યની આરાધના કરવા, હું જ્ઞાયક છું. બીજું બધું શરીર, વિભાવ બધા શુભાશુભભાવો પર, મારું સ્વરૂપ નથી. તો થાય છે પોતામાં એ કાંઈ જડ નથી કરતો, પણ એ સ્વભાવ મારો નથી. હું ચૈતન્યસ્વરૂપ આત્મા છું.

મંગળતાથી ઉત્તમ, શરણ બધું ચૈતન્યદેવ છે અને શુભભાવની અંદર પંચ પરમેષ્ઠી જગતમાં ઉત્તમ છે. શરણરૂપ છે ને મંગળરૂપ છે. બસ એ જ એનું ધ્યેય કરવા જેવું છે. બીજું શું કરવાનું. જગતનું સ્વરૂપ બધું ભૂલીને ચૈતન્ય ઉપર દૃષ્ટિ કરવાની બધું છૂટી નથી જાતું પણ ચૈતન્ય મુખ્ય ને બીજું બધું ગૌણ કરવા જેવું છે. બીજું બધું ગૌણ છે ને ચૈતન્ય મુખ્ય છે જગતમાં. દેવ, ગુરુ, શાસ્ત્ર હૃદયમાં અને ચૈતન્યદેવ હૃદયમાં રાખવા જોઈએ.

આત્માકા સ્વરૂપ અદ્ભૂત છે ગુરુદેવે માર્ગ ભરતક્ષેત્રમાં પ્રકાશ્યો, વર્તમાનમાં. એ જ્ઞાયક આત્માકો પહિચાનો, શરીર આ અપના નહીં હૈ, વિભાવ સ્વરૂપ શુભાશુભભાવ ભી અપના સ્વરૂપ નહીં હૈ. ઔર ઇસસે ભિન્ન ચૈતન્ય અનંતગુણ રત્નાકર બિરાજતે હૈ ઉસકો પહિચાનો, બહુત ગુરુદેવ ચૈતન્યકા ચમત્કાર ઉનકી વાણીમેં દિખનેમેં, ઇસકા શ્રુતજ્ઞાન ભી કોઈ અજબ હૈ. (3-89-3)

**શ્રોતા :** અજબ વાણીકા જોર ક્યા અજબ થા.

**પૂજ્ય બહેનશ્રી : હાં વાણીકા જોર ઔર શ્રુતજ્ઞાન અજબ થા. એ આત્મા ભી કોઈ .....**

**શ્રોતા :** ઉનકી જો બાત નીકલતી થી વહ એકદમ ઠોસ નીકલતી થી. રુચિ.....

**પૂજ્ય બહેનશ્રી : બહોત નિઃશંક ઔર દૃઢતા, અદ્ભૂત. સબકો ઐસા આત્માકા આત્મા તરફ સબકો રુચિ હો જાય. ઐસા વો તત્ત્વ દીખાતે થે. ભારતકા જીવોંકો બહોત આત્મા તરફ વાળ દિયા હૈ. ઔર ક્રિયામાં સબ પડ્યા થા. ક્રિયામેં ધર્મ માનતે થે ઔર આત્મામેં ધર્મ હૈ ગુરુદેવે બહોત પ્રકાશ્યા છે...બહોત પ્રકાશ્યા હૈ. (3-89-4)**

**શ્રોતા :** ચિદાનંદકી બહોત પ્રભાવના કિયા ગુરુદેવને...

**પૂજ્ય બહેનશ્રી : બહોત પ્રભાવના કિયા ગુરુદેવે.**

**શ્રોતા :** દિગંબરવાસીકો ભી માલૂમ નહીં થાય ક્યા જૈન ધર્મ હૈ દિગંબર, વહ બતાયા ગુરુદેવને...

**પૂજ્ય બહેનશ્રી : ગુરુદેવને બતાયા, દિગંબર ભી બાહ્યમેં પડા થા ઔર..... ક્રિયામેં પડા થા. ઔર શાસ્ત્રકા સ્વાધ્યાય કરે તો મૂળ પાઠ બોલ જાતે થે. ભીતરમેં શું ક્યાં આત્માકા સ્વરૂપ ક્યા હૈ? આ ભેદજ્ઞાન પ્રગટ કરો, દ્રવ્યદૃષ્ટિ કરો, શાશ્વત આત્મા હૈ, દ્રવ્ય પર દૃષ્ટિ કરો, સબ ગુરુદેવે બતાયા.**

**બધાનો સાર ગુરુદેવે એક જ બતાવ્યો. કરવાનું તો પોતાને જ છે. એકવાર કહેવાય, બે વાર કહેવાય, ત્રણવાર સાર તો એક જ છે. એની અપૂર્વતા લગાડ અને એ તરફ જા. બીજું બધુંય તુચ્છ છે. મહિમાવંત આત્માને ઓળખી લ્યે. બાકી બહાર વિકલ્પ હોય ત્યાં સુધી નિર્ણય તો કરે છે. મતિ-શ્રુતજ્ઞાનની બુદ્ધિઓ બધી નિર્ણય કરે પણ અંતરમાં જાય ત્યાં બધું છૂટી જાય છે. એ સ્વાનુભૂતિની દ્વારે તું જા. સ્વાનુભૂતિ પ્રગટ કરીને એમાં સમાઈ જા. એમ ગુરુદેવે એક જ માર્ગ બતાવ્યો એ જુદું સ્વરૂપ અને જુદી જ દુનિયા એમાં તું જા. એમ ગુરુદેવે કીધું છે. એ ચૈતન્ય ચમત્કાર બતાવ્યો એ કરવાનું એક જ છે. ત્યાં આનંદ છે એમાં જ્ઞાન છે, એમાં સમાધિ છે બધું એમાં જ છે. બાકી ન આવે ત્યાં સુધી શુભભાવ આવે છે. દૃષ્ટિ તો એની જ કર. શરીરનું શરીર કરે આ આત્માનું કામ આત્મા કરે. વાણી સાંભળવા એ બધું ગુરુદેવ ગયા વાંહેથી શરીર પણ આ થઈ ગયું. પહેલેથી જ એવું થઈ ગયું થોડુંક ટાઈમ.... (3-89-5)**

**શ્રોતા :** અમારા જેવાને ......ગુરુદેવને ........

**પૂજ્ય બહેનશ્રી : ગુરુદેવ જ હતા ને .....**

**શ્રોતા :** ગુરુદેવે તો એમાંથી બધાયને કીધું છે માતાજી વળગીને રહેજો. આપની તબિયત બગડી. જીવનમાં લાભ મળવો જોઈએ....

**પૂજ્ય બહેનશ્રી :** માર્ગ બતાવ્યો, હું તો શું કહું એક મૂળ પ્રયોજનભૂત તત્ત્વને ઓળખવો, ગુરુદેવ કહેનારા હતા, માર્ગ બતાવનારા હતા.

એ મંગળ સ્વાનભૂતિ થાય એ જ મુખ્ય કરવાનું છે. દર્શન એમાંથી પ્રગટે છે જ્ઞાન એમાંથી, ચારિત્ર એમાંથી બધું આત્મામાંથી પ્રગટે છે. બહારથી કાંઈ આવતું નથી. એ ચૈતન્ય જાણનારો છે, એમ ઓળખવો એ શાશ્વત આત્મા છે. ગુરુદેવે બતાવ્યું ને એ માર્ગે જાવાનું છે, એને. એને માટે શાસ્ત્ર સ્વાધ્યાય, ચિંતવન, મનન બધું એના માટે. દેવ, ગુરુ, શાસ્ત્રની મહિમા એ બધું ચૈતન્યની મહિમા, એ બધું એને માટે જ છે. ચૈતન્યને ગ્રહણ કરવાનો. એ ન થાય સુધી એને પ્રાપ્ત કર્યો એવા ગુરુદેવ, એવા જિનેન્દ્રદેવે પૂર્ણ પ્રાપ્ત કર્યો. ગુરુદેવે સાધના કરી, શાસ્ત્રમાં એ વાત આવે છે, એ બધું બધાની આરાધના કરવા જેવી છે.

ચૈતન્ય તત્ત્વને ઓળખવાનો. ચૈતન્ય હું જ્ઞાયક છું... જ્ઞાયક છું એનું રટણ એની ભાવના, હું જુદો ચૈતન્ય તત્ત્વ બધાથી જુદો છું. ક્ષણિકપૂરતો નથી. હું શાશ્વતો આત્મા છું, એ ગ્રહણ કરવા જેવું છે. એ ગ્રહણ થાય છે. જે જ્ઞાન સ્વરૂપ આત્મા એ પોતે પ્રજ્ઞાછીણીથી ગ્રહણ થાય છે અને એમાં સ્થિર થવાથી, એમાં લીન થવાથી સ્વાનુભૂતિ પ્રગટ થાય છે. વિશેષ લીન થવાથી, વિશેષ સ્વાનુભૂતિ થાય અને મુનિદશા આવે વિશેષરૂપ અને એમાં વિશેષે એકદમ જામી જવાથી શ્રેણી ચઢીને કેવળજ્ઞાન થાય એ જ માર્ગ છે. બીજો કોઈ માર્ગ નથી. સ્વનું દર્શન કરવા જેવું છે. ચૈતન્યનો આનંદ ને ચૈતન્યમાં જ્ઞાન બધું ચૈતન્યમાં છે બહાર કાંઈ નથી. એની રુચિ અને એના તરફનું વલણ ને એની તરફ પરિણતિ વારંવાર જાય તો એ પ્રગટે. એ જ કરવા જેવું છે પોતે કરે તો થાય એમ છે. કોઈ કરી દેતું નથી. (3-89-6)

**શ્રોતા :** એટલે હજુ આમ કાંઈક ખામી છે તો જ આગળ ન વધ્યો કહેવાય ને?

**પૂજ્ય બહેનશ્રી :** ખામી તો છે અનંતકાળથી નથી પ્રાપ્તિ ખામી વગર કાંઈ પોતાનું કારણ ઓછું ને કાર્ય ક્યાંથી થાય? કારણ જ પોતે પુરું દેતો નથી, પોતે કારણ આપે તો કાર્ય થયા વગર રહેતું નથી. સ્વભાવે નિર્મળ છે, પણ નિર્મળી ઔષધી નાખે તો એવો પ્રગટપણે નિર્મળ થાય, એમ ચૈતન્ય પોતે નિર્મળ શુદ્ધતાથી ભરેલો તત્ત્વ એમાં પોતે પ્રજ્ઞાછીણી દ્વારા એમાં આગળ જાય તો એની શુદ્ધતા પ્રગટ થાય છે. ઝાઝું બોલાતું નથી. આત્મા શબ્દ કોઈ જાણતા નહોતા. બધા ક્રિયામાં પડ્યા હતા ગુરુદેવે આત્મા.. આત્મા..આત્મા.. બધાને જાગ્રત કર્યા. (3-89-7)

શ્રોતાઓ : ભગવતી માતનો જય હો....

માતાજીની અમૃતવાણીનો જય હો....

* * *

## પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી, ભાગ-૩

# તત્ત્વચર્ચા - ૯૦

**શ્રોતા :** ....

**પૂજ્ય બહેનશ્રી :** એ તો બધા બહારના સંયોગો છે. બહારના સંયોગ કેવા બને કાંઈ હાથની વાત નથી. આત્માનું કરી લેવા જેવું છે. તમને તબિયતમાં શું નબળાઈ રહે છે? ........આ બધું (છોડી) આત્માનું કરી લેવું. ગુરુદેવે જે માર્ગ બતાવ્યો, માર્ગ ઘણા વર્ષોથી તમે બધાએ સાંભળ્યું છે. આત્માનું કરી લેવા જેવું છે. એને વિચારીને કેવા સંયોગ બન્યા, બહારના, આપણે આત્માનું જ કરી લેવા જેવું છે. આ ન થાય (.......) ભેદજ્ઞાન કરવા જેવું છે. શરીર જુદું, આત્મા જુદો, વિભાવ પર્યાય પોતાનો સ્વભાવ નથી, આત્માનું કરવા જેવું છે. જ્ઞાયક આત્મા, જ્ઞાયક આત્મા બસ. એને સમીપ રાખવા જેવું છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર આત્મામાં ભર્યા છે. આ અનંત આનંદ, અનંત જ્ઞાન બધું આત્મામાં છે, એમાંથી પ્રગટ કરવા જેવું છે. બાકી બહારના સંયોગ બધા અનંતકાળમાં ઘણાય બન્યા અને ઘણા ન બન્યા. જે ગુરુદેવે કીધું એ કરવા જેવું છે. આ બધા બહારના સંયોગો છે.

એને ગુરુદેવને રુચિ પણ બહારના સંયોગ ..... બહુ આકરા હતા. બધા બહારના સંયોગો છે. જ્ઞાયક આત્મા, જ્ઞાયક આત્મા, ગુરુદેવે જે બતાવ્યું. ગુરુએ વાણીમાં, એમની વાણીમાં આખો મુક્તિનો માર્ગ બતાવી રહ્યા છે, એ કરવા જેવું છે. ભેદજ્ઞાન પ્રગટ કરવા જેવું છે. હું જુદો..જુદો..જુદો. ચૈતન્ય જુદો એ જ કરવા જેવું છે. આ તો બધા બહારના સંયોગ છે. એ બધા ફેરફારો એના થયા કરે આત્મા એક શાશ્વત છે બસ. એ કરવા જેવું છે. જેઓ કેટલાય સંયોગ બન્યા એમાં એક શાશ્વત આત્મા બસ એક સાચું છે. બસ એ આ ઘણા સંયોગો બન્યા ને ઘણું બન્યું હવે અનંતકાળમાં ઘણી પોતે ક્યાં ક્યાં ભવો કરીને આવ્યો છે આ મનુષ્યભવમાં ગુરુદેવ મળ્યા ને આ માર્ગ મળ્યો આવો અપૂર્વ એ અપૂર્વતા આત્મામાં પ્રગટ કેવી રીતે થાય એ જ કરવાનું રહે છે.

આત્માની નિર્વિકલ્પ સ્વાનુભૂતિને રસ્તે એ માર્ગે ચાલવા જેવું છે. બસ એ જ ખરી વસ્તુ છે. માર્ગ ઈ છે. બાકી બધા બહારના સંયોગો તુચ્છ છે. અંદર મહિમાવંત હોય તો આત્મા છે. ઈ કરવા જેવું છે. પોતામાંથી પ્રગટે છે જ્ઞાનસ્વભાવ, આનંદ સ્વભાવ બધા કોઈ અભેદરૂપે અંતરમાંથી સ્થિરતા બધા અંતરમાં અનંતગુણો છે પોતે અંતરમાં દૃષ્ટિ કરે દ્રવ્ય ઉપર તો પ્રગટે છે, અનાદિકાળ ગયો ઘણાય સંયોગ બન્યા ઘણા, આત્મા

**તો એવોને એવો છે. એમાંથી કાંઈ નાશ નથી થયું. અનંત શક્તિથી ભરેલો એમને એમ છે. એને ઘણું કરવા જેવું છે બસ ઈ જ માર્ગ બહારમાં શુભભાવમાં દેવ, ગુરુ, શાસ્ત્ર અને અંતરમાં શુદ્ધ શુદ્ધતાથી ભરેલો આત્મા એને ગ્રહણ કરવા જેવો છે. (3-90-1)**

**શ્રોતા :** ભગવાનની વાણી તમે .......... સાંભળો છો, ભગવાન પણ તમે છો અને દિવ્યધ્વનિ છોડનાર પણ તમે છો.

**પૂજ્ય બહેનશ્રી : ..... કરવા જેવી છે, અને દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવા જેવી છે. ઈ જ સંસ્કાર અંદર નાખવા જેવા છે. ગુરુદેવે એમ કીધું, માર્ગ એને શુભભાવમાં દેવ, ગુરુ, શાસ્ત્ર ઈ જીવનમાં એ સિવાય બીજું શું ઊંચું છે? શુભભાવમાં દેવ, ગુરુ, શાસ્ત્ર અને અંતરમાં ચૈતન્યદેવની વારંવાર એ સમય કેમ આવે એના તરફ વલણ એ માર્ગે ગયો એના સિવાય જીવનમાં બીજું ઉંચું શું છે? સ્વાનુભૂતિના માર્ગે જાવું એના જેવું કોઈ ઉંચું નથી. (3-90-2)**

**શ્રોતા :** આત્માકા વૈભવ ક્યા હૈ ઔર ઉસકી મહિમા કૈસે આયે? મહિમા આયે તો જોવે....

**પૂજ્ય બહેનશ્રી : .... પોતે જેને અનુભવી રહ્યા છે જે દેવ જિનેન્દ્રદેવે પૂર્ણ કર્યો પ્રગટ કર્યો અને ગુરુ એની સાધના કરે બતાવે છે, કે અમે આત્માનો અનુભવ કરીને કહીએ છીએ કે તું જો અંતરમાં, અંતરમાં સુખ છે, આનંદ છે, કોઈ અલૌકિક આનંદ, અલૌકિક જ્ઞાન, જે એક સમયમાં લોકાલોકને પહોંચી વળે એવો અનંત અનંત સામર્થ્ય ભરેલું એક સમયની અંદર પોતેપોતાના સ્વભાવમાં રહીને સહજદશાએ જાણી શકે એવું જ્ઞાન, એવો અલૌકિક આનંદ એવો અનુપમ તત્ત્વ તારી પાસે જ છે. તું જો. કાંઈ પોતે વિચાર કરે પોતાને લાગી હોય જિજ્ઞાસા તો પોતે જોવે. એમાં પોતે ઉપાદાન તૈયાર કરીને. દેવ, ગુરુ, શાસ્ત્ર બતાવી રહ્યા છે. મહિમા તો જિસકો દુઃખ લાગે તો મહિમા આવે કે જિસકો જિજ્ઞાસા લગે, પીપાસા લગે, જિસકો સંસારમેં તન્મયતા હોતી હૈ ઉસકો તો મહિમા નહીં આતી.**

**પણ જિસકો દુઃખ લગતા હૈ યહ તો અચ્છા નહીં હૈ, વિચાર કરે કે એ તો દુઃખ હૈ કોઈ ઐસા કોઈ અનુપમ તત્ત્વ જગતમેં હૈ કિ જિસમેં સુખ હૈ. જિસકો જિજ્ઞાસા લગતી વહ જોતા હૈ તો ઉસકો મહિમા આતી હૈ. તો એ વૈભવ ક્યા હૈ ઇસકા પ્રયત્ન કરતે હૈ દેખનેકા. ક્યાં વૈભવ હૈ, કૌન બતાવે કૈસે પ્રગટ હોવે? વહ સબ ખોજ કરતા હૈ જિસકો જિજ્ઞાસા હોતી હૈ. જિજ્ઞાસા નહીં હોતી વહ નહીં કરતા હૈ. (3-90-3)**

**શ્રોતા :** જિજ્ઞાસા માટે શું રસ્તો કરવો?

**પૂજ્ય બહેનશ્રી : એ તો કારણનું કારણ થઈ ગયું. શું રસ્તો જેણે દુઃખ લાગે એને જિજ્ઞાસા લાગે. દુઃખ નથી લાગ્યું એને માટે કાંઈ પ્રશ્ન જ નથી. જેને દુઃખ લાગે**

**એને જિજ્ઞાસા આવ્યા વગર રહેતી જ નથી. આવો મનુષ્યભવ મળ્યો આવા ગુરુ મળ્યા જેણે માર્ગ બતાવ્યો કે તું તારામાં જો, આ બધો વિભાવભાવ, બધો આ તારો સ્વભાવ નથી આકુળતારૂપ છે. વિપરીત છે ગુરુએ માર્ગ બતાવ્યો અને જિજ્ઞાસા ન થાય તો પોતાની ખામી છે.**

**શ્રોતા :** આ દ્રવ્યલિંગી મુનિ શું ભૂલ કરે છે? અગિયાર અંગ ને નવ પૂર્વનો પાઠી છે તો એવી કઈ ભૂલ કરે છે, કે એ દ્રવ્યલિંગી જ રહે છે.

**પૂજ્ય બહેનશ્રી : એ ભૂલ એને અંતરમાં સૂક્ષ્મ રહી જાય છે ઊંડાણમાં શુભભાવથી કાંઈક લાભ થાય છે, એવું પ્રગટ નહીં, સૂક્ષ્મમાં. શુભભાવની રુચિ રહી જાય છે. શુદ્ધાત્માની રુચિ ને બદલે આ બધું થઈને એકલો નિરાળો, નિષ્ક્રિય, એકદમ વિભાવની પ્રવૃત્તિ જેમાં નથી એક સ્વભાવની પરિણમન જેમાં છે, એવો નિવૃત્તમય આત્મા, એવો નિવૃત્તસ્વરૂપ આત્મા તે જ સુખરૂપ છે, એવી જેને રુચિ નથી ને શુભભાવમાં ઊંડી મીઠાશ રહી જાય છે માટે એ રોકાઈ જાય છે. (3-90-4)**

**શ્રોતા :** સ્વરૂપ પૂર્ણ છે અને શક્તિએ ભગવાન છો તું. પૂર્ણ સ્વરૂપ છો એ એવો ભાવ છે ભગવાન એ જ છે. શક્તિએ ભગવાન છો. શક્તિએ ભગવાન શું કહેવાય? અવ્યક્ત, ગુપ્ત ભાવ છે વર્તમાન તો પર્યાયમાં ભાવ આવતો જ નથી, એની ઝાંખી કરવી છે તો કેવી રીતે કરવી?

**પૂજ્ય બહેનશ્રી : શક્તિમાં પૂર્ણ છે, એ પૂર્ણ હોય તો એમાંથી પૂર્ણતા પ્રગટે છે. જો પૂર્ણ પૂર્ણ સ્વભાવ જો ન હોય તો પૂર્ણતા આવે જ નહીં. અનંતકાળથી એનો સ્વભાવ પૂર્ણ પરમાત્મ સ્વરૂપે જ છે. એમાં એક અંશ પણ જો ઓછો થાય તો એ હોય જ નહીં. જે પૂર્ણ હોય તે જ પૂર્ણરૂપે પ્રગટે છે. દ્રવ્ય એ દ્રવ્ય એનું મૂળ શાશ્વત સ્વરૂપ એવું હોય જે દ્રવ્યને કોઈ પરદ્રવ્ય હાનિ કરી શકતું નથી. એ દ્રવ્યને કોઈ વિઘ્ન કરી શકતું નથી. એના સ્વભાવોને કોઈ ખંડન કરી શકતું નથી. એનું નામ જ સ્વતઃસિદ્ધ દ્રવ્ય કહેવાય. એનું નામ જ સ્વતઃસિદ્ધ સ્વભાવો કહેવાય એવા સ્વતઃસિદ્ધ દ્રવ્ય અને સ્વતઃસિદ્ધ બધા સ્વભાવોને કોઈપણ ખંડન કરી શકતું નથી. એને કોઈ નાશ કરી શકતું નથી.**

**એ ભલે દેખાતું નથી, જે છે, એમાંથી જ પ્રગટે છે. જે પૂર્ણ હોય તો જ પૂર્ણ પ્રગટે છે, પૂર્ણ જે કેવળજ્ઞાન થાય તે પૂર્ણ પ્રગટ પરમાત્મા છે પૂર્ણતામાંથી જ થાય છે પૂર્ણ હોય તો જ પૂર્ણતા આવે માટે એ પોતે અંદર સ્વભાવ ઓળખીને અંદર પ્રતીત કરે હું પૂર્ણ જ છું, અપૂર્ણતા હોય એમાંથી અપૂર્ણતા જ આવે. પૂર્ણતામાંથી પૂર્ણતા આવે એમ મૂળ જ પૂર્ણ છે, બસ પૂર્ણતાને લક્ષે જ શરૂઆત થાય. એ પૂર્ણ એમ કે કેવળજ્ઞાન પ્રગટ કર્યું, પૂર્ણ પર્યાય થશે... પૂર્ણ, દ્રવ્ય જ પૂર્ણ છે. એ દૃષ્ટિ જ તારી પૂર્ણ ઉપર કર તો**

**એમાંથી પૂર્ણ પ્રગટ થાશે. દ્રવ્ય મૂળ વસ્તુ જ એને કહેવાય કે જે પરિપૂર્ણ જ હોય. તેનો સ્વભાવ પરિપૂર્ણ જે દ્રવ્ય પરિપૂર્ણ એને કોઈ વિઘ્ન હોય નહીં, એને કોઈ નાશ કરી શકે જ નહીં એનું નામ દ્રવ્ય કહેવાય છે. (3-90-5)**

**શ્રોતા :** પરને જાણવું આ દુઃખનું કારણ છે, કે પરમાં રાગ કરવું તે દુઃખનું કારણ છે?

**પૂજ્ય બહેનશ્રી : પરને જાણવું એ દુઃખનું કારણ નથી. પરને પર ઉપર રાગ કરવો એ દુઃખનું કારણ છે.**

**શ્રોતા :** તો પછી સ્વને કેવી રીતે જાણે?

**પૂજ્ય બહેનશ્રી : સ્વ તરફ દૃષ્ટિ કરે તો સ્વ જણાય છે. પર તરફ દૃષ્ટિ અનાદિની છે, એટલે પર જણાય છે. સ્વ જ્ઞાયકને જાણે તો સ્વ જણાય છે.**

**શ્રોતા :** તો એના જ્ઞાનદોષ સાર્થક થાય કેમ કે સ્વને નથી જાણતો, પરને જ જાણી લે છે?

**પૂજ્ય બહેનશ્રી : એ પોતાની ભૂલ છે અનાદિની, પોતાને દૃષ્ટિનો દોષ છે.**

**શ્રોતા :** જ્ઞાનનો દોષ નહીં?

**પૂજ્ય બહેનશ્રી : જ્ઞાનનો દોષ નથી દૃષ્ટિનો દોષ છે.**

**શ્રોતા :** આત્માકા સ્વભાવ તો સબકો જાનનેકા હૈ. તો ઘટ-પટ આદિ પદાર્થ તો બિલકુલ સ્પષ્ટરૂપસે જાનનેમેં આતે હૈ તો અરૂપી આત્મા જાનનેમેં નહીં આતા વો કૈસે જણાય? યદિ જાનનેકા સ્વભાવ હૈ જૈસે રૂપીકો જાનતા વૈસે અરૂપીકો સ્પષ્ટ જાનના ચાહિયે.

**પૂજ્ય બહેનશ્રી : જાનનેકા સ્વભાવ જાણી તો સકતા હૈ. પણ આપ પ્રયત્ન નહીં કરતે, જાનનેમેં નહીં આતા. પણ એ પોતે પ્રયત્ન કરતો નથી, જાણી નથી શકતો, સ્વાનુભૂતિના એ વેદનમાં, એ વેદનમાં આવે છે, એમ એની શ્રદ્ધા થઈ શકે છે, એને વેદનમાં આવી શકે છે અને વિશેષ લીનતા કરવાથી પ્રગટ થઈ શકે છે, એમ સ્વભાવ તો સ્વભાવ કાંઈ હાનિ નથી પામ્યો. પણ એ સ્વભાવને પોતે જાણી શકે છે. વેદનમાં અનુભૂતિમાં લઈ શકે છે, શ્રદ્ધામાં આવી શકે છે અને કેવળજ્ઞાનમાં પૂર્ણ પ્રગટ કરી શકે છે. રાખી શકે.... આમ શાંતિ રાખે અંદર રટણ કર્યા કરે.**

**દેવ, ગુરુ, શાસ્ત્રનું, આત્માનું બધું રટણ કર્યું, ગુરુદેવે જે સમજાવ્યું છે ને રટણ કર્યા કરે જે છે, એનું રટણ કર્યા કરવું. આત્મામાં કાંઈ નથી લાગુ પડતું. આત્મા અનંત શક્તિવાન છે. ગુરુદેવે કીધું છે ને આત્મા ભગવાન છે, આત્માનું રટણ કરવું, દેવ, ગુરુ, શાસ્ત્ર ને આત્મા, આત્માનું રટણ કરવું. જે સાંભળ્યું હોય એનો વિચાર કરવો. એને મોઢે કાંઈ આવડતું આમ બોલાય તેમ બોલવું, ઉદય આગળ ઉપાય નથી શું થાય?**

**શાંતિ રાખવી એ જ સમાધાન છે. શરીરની વેદના કંઈ જાતની આવે એ તો ઉદય આગળ ઉપાય નથી. સનતકુમાર મુનિ થઈ ગયા એમને રોગ થયો હતો તો દેવે કીધું આવીને તમારો રોગ (મટાડું). કહે તું શું મટાડે એમણે પોતાની લબ્ધિ હતી થૂંકમાં પણ જે ઉદય છે, એ ઉદય આવવાનો છે. માટે કાંઈ... ભલે રહે એમાં. સાધના તો મુનિદશામાં, આત્માની સાધના કરતા હતા. સાતસો વર્ષ સુધી આ ગળતકોઢનો રોગ રહ્યો, બસ સાધના કરતા હતા મુનિદશામાં. ચક્રવર્તી જેવાને પણ રોગ આવી જાય, આ પંચમકાળમાં તો પછી શું હિસાબમાં છે. કોઈ ઉપાય જ નથી. (3-90-6)**

**શ્રોતા :** અહીં આવીએ એટલે બધું ભૂલી જઈએ છીએ. અહીંયા આપણને આટલું સાંભળવા મળે, દર્શન મળે ને એને પોતાને આપણે જઈને વાત કરીએ એ સાંભળે બહુ રુચિથી.

**પૂજ્ય બહેનશ્રી : ગુરુદેવને પ્રતાપે એવી ભાવના રાખવી બસ એક આત્મા જોઈએ છે. આ શરીર જન્મ-મરણ કરતાં કરતાં અનંતા ભવો આ ને... ભવનો અભાવ થાય એવી ભાવના પ્રગટ. આત્માની સાધના પ્રગટ કરીને ભવનો અભાવ... ભવમાં તો આ જ છે કાંઈ અનેક પ્રકારના રોગ આવે અને અનેક પ્રકારના શરીર આ અનંતકાળમાં થયા હતા ....... તો ભી બધા જે ઉદય આવે. તો ઉદય આકરા આવતા હતા પણ મુનિદશામાં ... મુનિઓ એક ક્ષણવારમાં કેવળજ્ઞાન પામતા ને આત્માની સાધના કરતા. એ આવે નહીં. ચોથાકાળમાં રોગ આવે ત્યારે કોઈકને આવે, આવતા પણ હતા ખરા. (3-90-7)**

**શ્રોતા :** આકરા આવતા...

**પૂજ્ય બહેનશ્રી : હાં આકરા આવતા.**

**શ્રોતા :** આ સાધના કરી હોય તો રોગ એને કાંઈ અસર ન કરે..

**પૂજ્ય બહેનશ્રી : પણ આત્માની સાધના કરેલી હોવી જોઈએ બધા ભક્તો ઉપર... (......)**

**એકત્વ-વિભક્ત આત્મા, પર સાથે જો એકત્વબુદ્ધિ હો રહી હૈ. એકત્વબુદ્ધિ તોડકે પરસે વિભક્ત થા આત્મા પોતે જ વિભક્ત, પરસે વિભક્ત જ આત્મા સ્વમેં એકત્વ લે. ઐસે આત્માકો પહિચાને એ વિભક્ત હૈ. જે પરસે વિભક્ત હૈ. આત્મા પર સાથે એકત્વ નહીં હો રહા. સ્વમેં એકત્વ હો રહા, પરસે વિભક્ત હૈ. એકત્વ નહીં હો રહા. પરસે વિભક્ત હૈ. ઐસે આત્મા ... 'દર્શાવું એક વિભક્ત એ આત્મા તણા નિજ વિભવથી. દર્શાવું તો કરજો પ્રમાણ' .... આત્માના વૈભવથી હું બતાવીશ કે આત્માની સ્વાનુભૂતિ જે મને પ્રગટ થયો છે આત્માનો સ્વાનુભવ એનાથી હું બતાવીશ તો એ**

**શ્રોતાજનો તમે પ્રમાણ કરજો. છળ દોષ ગ્રહણ નહીં કરતા. હું જેમ આત્માનો એકત્વ-વિભક્ત આત્માનું સ્વરૂપ બતાવીશ હું. પોતામાં, પોતામાં એકત્વ ને પરથી વિભક્ત એમ. આ શરીરથી જુદો, વિભાવ પર્યાયથી ભિન્ન અને પોતામાં એકત્વ, પોતાના જ્ઞાન, દર્શન, ચારિત્ર અનંતગુણોની સાથે જે એકત્વ છે. ઔર પરસે વિભક્ત હૈ. (3-90-8)**

**શ્રોતા :** વિભાવનું અસ્તિત્વ મારાથી જુદું....

**પૂજ્ય બહેનશ્રી : .......... મારું અસ્તિત્વ મારાથી છે. એ રીતે પરથી પોતાનું અસ્તિત્વ નથી જણાવ્યું, પોતાનું અસ્તિત્વ પોતાથી જ છે. જ્ઞાનનું અસ્તિત્વ કાંઈ પરને લઈને નથી. જ્ઞાનનું અસ્તિત્વ પોતાને લઈને છે, એટલે એમ પોતે પોતાથી જ. હું પરથી મારું અસ્તિત્વ છે, એમ નહીં મારું અસ્તિત્વ મારાથી. જ્ઞાયકનું અસ્તિત્વ જ્ઞાયકથી છે, એમ કહેવાનો આશય છે, પણ હું સ્વતંત્ર જ્ઞાયક, સ્વતઃસિદ્ધ છું. મારું જ્ઞાન તે પરને જાણવું એટલે મારું જ્ઞાન છે, એમ નહીં પણ હું સ્વતઃસિદ્ધ જ્ઞાયક છું, એમ. એમ છે, એને. પોતે જ્ઞાયકે સ્વયં કર્યું સ્વયં તત્ત્વનું જાણવું તો યથાર્થ દૃષ્ટિ પ્રગટ થાય છે. પરને જાણું માટે જ્ઞાયક (એમ નથી) ....... (3-90-9)**

**શ્રોતા :** એ નિશ્ચયથી તો પરદ્રવ્યથી નિરપેક્ષ થાય છે. એવી રીતે પોતાના દ્રવ્યથી પણ નિશ્ચયથી તો નિરપેક્ષ સમજો. એટલે કે પર્યાયો દ્રવ્ય નિરપેક્ષ પોતાના ષટ્કારકથી જે સ્વતંત્રપણે પરિણમી છે, એમ બરાબર છે?

**પૂજ્ય બહેનશ્રી : એ નિરપેક્ષપણે પર્યાય પર્યાયથી નિરપેક્ષ છે, પણ એ પર્યાયનું કોઈમાં આશ્રય નથી. એ એકાંતે નહીં લેવાનું એ પોતાના ષટ્કારક પોતામાં એ અપેક્ષાએ કહેવામાં આવે છે. એકાંત એમ લેવાથી તો દ્રવ્યનો આશ્રય પર્યાયને નથી. તો પર્યાય ક્યાં અદ્ધર થાય છે? એવો એનો આશય છે. માટે જે વિભાવ પર્યાય થાય છે, એમાં આ નિમિત્ત પર હોય છે પોતે ઉપાદાન હોય છે, પણ એ જો ક્ષણે ક્ષણે પર્યાયો થાય. એ પર્યાય પણ એક આત્માનો સ્વભાવ છે, સ્વભાવ એટલે પર્યાય દ્રવ્ય, ગુણ પર્યાય એ સત્ છે, એ સત્ છે, એ સત, પોતે સ્વયં પરિણમે છે. માટે એને નિરપેક્ષ લેવાય છે, પણ એ કાંઈ કોઈના આશ્રય વગર નિરાશ્રય છે, તદ્દન સર્વ અપેક્ષાએ એમ નથી. શુદ્ધાત્મામાં જે પર્યાય થાય એને આત્માનો આશ્રય હોય છે, એ આશ્રય એકાંતે સર્વથા નથી જ એમ કહેવાથી તો વેદન જે થાય છે એ વેદન કોને થાય છે.**

**સ્વાનુભૂતિમાં જે આનંદનું વેદન થાય. અનેક જાતની પર્યાયો પ્રગટ થાય, એનું વેદન જે થાય છે, એ વેદન કાંઈ અદ્ધર નથી હોતું. માટે નિરપેક્ષ ખરું પણ એ સર્વથા નિરપેક્ષ એમ નહીં લેવાનું. જોકે દ્રવ્યનો આશ્રય પર્યાયને હોય છે. શાસ્ત્રમાં પણ આવે છે, કે ત્રણે સત્ છે. પર્યાય સત્, ગુણ સત્, દ્રવ્ય સત્. પણ દ્રવ્ય વિના પર્યાય હોતી**

**નથી. પર્યાય વિના દ્રવ્ય હોતું નથી. એવી પણ અપેક્ષા શાસ્ત્રમાં આવે છે માટે બેય અપેક્ષાનો ખ્યાલ રાખવો. એક નિરપેક્ષ છે, એટલે સર્વથા નિરપેક્ષ એટલે એને દ્રવ્યની કોઈ જ રીતે આશ્રય જ નથી, એવો અર્થ નહીં લેવાનો. (3-90-10)**

**શ્રોતા :** વસ્તુપણે પર્યાય દ્રવ્યરૂપ આ વસ્તુપણે બંને એક જ વસ્તુ એટલે પર્યાય દ્રવ્યનો અંશ છે, એમ રાખીને પર્યાય સમય સમયની જે થાય છે પોતાના ષટ્કારકથી થાય છે, એમ લેવામાં આવે તો તે બરાબર છે.

**પૂજ્ય બહેનશ્રી : પર્યાય પોતે પોતાથી થાય છે, પણ દ્રવ્યનો, એ દ્રવ્યનો એક અંશ છે, એમ અપેક્ષા ખ્યાલમાં રાખવી.**

**શ્રોતા :** વસ્તુપણે બે ચીજ એક વસ્તુ છે, એટલું રાખીને આ પ્રમાણે....

**પૂજ્ય બહેનશ્રી : આ વસ્તુ તો સ્વયં થાય છે, એમ અપેક્ષા રાખીને એ અર્થ કરે તો વાંધો નથી, પણ સર્વથા નિરપેક્ષ તો એ અદ્ધર થઈ જાય છે. એને કોઈ આશ્રય વગરની પર્યાય, અંશ ક્યાંથી આવ્યો અંશી વગરનો અંશ એ ખોટું છે.**

**શ્રોતા :** આપનું કહેવું બરાબર છે. કોઈપણ પર્યાય અદ્ધર થતી નથી

**પૂજ્ય બહેનશ્રી : અદ્ધર નથી થતી.**

**શ્રોતા :** એટલે વસ્તુની વસ્તુમાં જ પર્યાય થાય છે, એટલો વસ્તુનો આશ્રય રાખીને પછી પર્યાય સમયે સમયની પર્યાય પોતાના સ્વતંત્ર ષટ્કારકથી થાય છે.

**પૂજ્ય બહેનશ્રી : એમ અર્થ લેવાનો. દ્રવ્યનો આશ્રય છે પર્યાયને, ગુણનો આશ્રય છે ક્યાં ગુણની પર્યાય થાય છે. એ અપેક્ષા ખ્યાલમાં રાખવી.**

**શ્રોતા :** નહીં તો સર્વથા ગુણનો સંબંધ પણ નહીં રહે. આ જ્ઞાનગુણની પર્યાય થઈ તો. પર્યાય સર્વથા નિરપેક્ષ આમ થાય ને આ તો જ્ઞાનની પર્યાય છે કે, દર્શનગુણની પર્યાય છે કેમ બને ?

**પૂજ્ય બહેનશ્રી : એમેય નહીં રહે. એ ગુણમાં આવી જાય છે. ચારિત્રની ચારિત્રરૂપ થાય, દર્શનની દર્શનરૂપ થાય, જ્ઞાનની જ્ઞાનરૂપે થાય, આનંદની આનંદરૂપે એ ગુણનો આશ્રય છે.**

**શ્રોતા :** એક પર્યાયને ગુણનો કે દ્રવ્યનો આશ્રય છે, એ વાત લક્ષમાં રાખીને પછી ષટ્કારકરૂપે એટલે પર્યાય પોતે સ્વયં પરિણમે છે.

**પૂજ્ય બહેનશ્રી : એ ષટ્કારકરૂપે સ્વયં પરિણમે છે. દ્રવ્ય એને સર્વથા કરે છે, એમ નહીં એ સ્વયં પોતે પોતાથી પરિણમે છે પર્યાય, પણ એમાં દ્રવ્યનો આશ્રય આવે છે.**

શ્રોતાઓ : **ભગવતી માતનો જય હો.... માતાજીની અમૃતવાણીનો જય હો....**

## પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી, ભાગ-૩

# તત્ત્વચર્ચા - ૯૧

**શ્રોતા :** કહેવામાં આવે છે કે દ્રવ્ય પર્યાયને અને પર્યાય દ્રવ્યને સ્પર્શતી નથી.

**પૂજ્ય બહેનશ્રી : બેયનો સ્વભાવ જુદો ઓલો ત્રિકાળ છે. દ્રવ્ય શાશ્વત રહેનારો છે અને પર્યાય ક્ષણપૂરતી છે. ક્ષણે આવીને ચાલી જાય, બીજે ક્ષણે બીજી પર્યાય હોય, ત્રીજી ક્ષણે ત્રીજી પર્યાય હોય, એટલે એ દ્રવ્યને પર્યાયને સ્પર્શતું નથી એમ આવે. ઈ પણ એકાંત. બેય સ્વતંત્ર છે, પણ સ્વતંત્ર, બેયના કાર્યો સ્વતંત્ર છે. ઓલું શાશ્વત છે ને ઓલું ક્ષણપૂરતું છે, એના કાર્ય અપેક્ષાએ, એના લક્ષણ અપેક્ષાએ એ અપેક્ષાએ કહેવાય છે બાકી દ્રવ્યને પર્યાય આશ્રયની અપેક્ષાએ બીજી ને ઓલી અપેક્ષાએ બીજું છે, એમ. (3-91-1)**

**શ્રોતા :** કેમ કે બંને એક પ્રદેશ છે ને સ્પર્શે નહીં. ભલે આકાશના એક ક્ષેત્રની અંદર શરીર અને આત્મા રહેલાં છે એ એકબીજાને સ્પર્શતા નથી, એ તો બરાબર છે, એ તો સમજાય છે, પણ આ તો દ્રવ્યને પર્યાય બે થઈને એક વસ્તુ છે એટલે બંનેના પ્રદેશો તો એક જ છે અને છતાં એકબીજાને સ્પર્શતા નથી એટલે સ્વરૂપની અપેક્ષાએ...

**પૂજ્ય બહેનશ્રી : બેય એના સ્વભાવ જુદા, એના કાર્યો જુદા માટે એ અપેક્ષાએ, એકનું ક્ષેત્ર જુદું સ્પર્શતા નથી, એ વાત જુદી છે અને આ તો સ્વભાવ અપેક્ષાએ, કાર્ય અપેક્ષાએ કે દ્રવ્ય પર્યાયને બધું એક છે એમ નહીં પણ બેયના સ્વભાવ જુદા એટલું લક્ષમાં રાખવા. તો ઓલો (દ્રવ્ય) શાશ્વત છે ને ઓલી (પર્યાય) ક્ષણે ક્ષણે પલટાય છે, ઓલું નિત્ય છે ને આ અનિત્ય છે. ઓલું એક સ્વરૂપે છે તો આ અનેક સ્વરૂપે છે. (3-91-2)**

**શ્રોતા :** એ ક્રમબદ્ધ પર્યાય માનવાથી પુરુષાર્થ ઊડી જાય છે?

**પૂજ્ય બહેનશ્રી : જે ક્રમબદ્ધ છે, એ પુરુષાર્થપૂર્વક ક્રમબદ્ધ છે. જે ક્રમબદ્ધ માને સાચું યથાર્થ ક્રમબદ્ધ માને, એમાં પુરુષાર્થ આવી જ જાય. એવો ક્રમબદ્ધ છે ને, ક્રમબદ્ધ સાચું માન્યું જ ત્યારે કહેવાય કે જેમાં પુરુષાર્થ હોય તો એ ક્રમબદ્ધ હોય. પુરુષાર્થપૂર્વકનું ક્રમબદ્ધ હોય. જેણે આમ થવાનું છે, ભવિતવ્ય પુરુષાર્થ એવી જાતનો કરવાનું પુરુષાર્થ. પુરુષાર્થ એટલે પોતાનો પરાક્રમ સૂચવે છે, કે પુરુષાર્થપૂર્વક ક્રમબદ્ધ, પુરુષાર્થપૂર્વક ક્રમબદ્ધ હોય, નહીંતર ક્રમબદ્ધમાં આવ્યો જ નથી. પુરુષાર્થ વગરનું જે ક્રમબદ્ધ માન્યું એ ક્રમબદ્ધ જ નથી. (3-91-3)**

**શ્રોતા :** કે જે તમે ટકતો ભાવ જે કીધો, એ તો સમ્યગ્દર્શનનો વિષય થઈ ગયો.

**પૂજ્ય બહેનશ્રી : શાશ્વત આત્મા, ટકતો ભાવ એને જ ગ્રહણ કરવા જેવો છે. બધી પર્યાયો પલટ્યા કરે છે. અંદર આત્માને ઓળખવો પર્યાયથી અને પર્યાય શાશ્વત આત્માને ઓળખે, ભેદજ્ઞાનની ધારા એમ ને એમ ટકાવે, આત્માને ગ્રહણ કરીને, સ્વભાવ ઓળખીને કે હું આ ચૈતન્ય છું, આ બધું જુદું છે, શરીરાદિ વિભાવ પર્યાય, શુભાશુભભાવ બધું આત્માથી જુદું છે. આત્માનું સ્વરૂપ નથી. મૂળ સ્વભાવ નથી તે તો વિભાવભાવ છે. અધૂરી પર્યાયો જે ક્ષયોપશમભાવ, ક્ષાયિકભાવ, ઉપશમભાવ એ બધી પર્યાયો પ્રગટે આત્મામાંથી તો પણ એ અધૂરા ભાવે છે. એક પૂર્ણ શાશ્વત આત્મા જે કાયમ ટકે એને ગ્રહણ કરે. પછી એને ગ્રહણ કરી જ્ઞાન બધાનું થાય કે આ વિભાવ છે, સ્વભાવ છે અંશે આમાં સ્વભાવપર્યાય પ્રગટે એ બધું પ્રગટે પણ, દૃષ્ટિ એક આત્મા ઉપર, એક ભેદજ્ઞાનની ધારા ક્ષણે ક્ષણે જો પ્રગટ થાય અંતરમાં અને જ્ઞાતાધારાની ઉગ્રતા થાય તો વિકલ્પ તૂટીને તો સ્વાનુભૂતિ થાય છે અને સ્વાનુભૂતિ તે જ મુક્તિનો માર્ગ છે.**

**અંતરમાં આત્માનો કોઈ અનુપમ સ્વભાવ છે, વેદનમાં આવે છે અને એ જ સ્વાનુભૂતિ વધતી જાય, એમાં લીનતા વધતી જાય, તો એને ભૂમિકા પણ વધતી જાય છે ખરું એ જ છે. એને માટે તત્ત્વવિચાર, શાસ્ત્ર અભ્યાસ, દેવ, ગુરુ, શાસ્ત્રની મહિમા, એક આત્માને ઓળખવા માટે છે, કે જ્ઞાયક આત્મા કેમ ગ્રહણ થાય અને ગ્રહણ થઈને પણ એની વારંવાર વારંવાર એની ભેદજ્ઞાનની ધારા પ્રગટ જો સહજ, એની પહેલા એની ભાવનારૂપે હોય પછી સહજધારા પ્રગટ થાય, તો એમાંથી વિકલ્પ તૂટીને કોઈવાર એવો સહજ નિર્વિકલ્પદશા થવાનો પ્રસંગ આવે છે. પહેલા તો ભેદજ્ઞાનની ધારા પ્રગટ થાય છે. દ્રવ્ય ઉપર દૃષ્ટિ કે જે આ ટકતો શાશ્વતો તે જ હું છું અને અંતરમાં જ મુક્તિનો માર્ગ છે, ઘણીવાર જીવે કર્યું, ક્રિયાઓ કરી, શુભભાવો કર્યા, શુભભાવથી પુણ્યબંધ થાય છે. દેવલોક મળે છે, પણ ભવનો અભાવ થતો નથી.**

**ભવનો અભાવ તો આ વિકલ્પ તૂટીને બેય શુભ ને અશુભ બેય તૂટીને અંતરમાં જે સ્વાનુભૂતિ થાય, એ જ મુક્તિનો માર્ગ છે, એને માટે વર્તમાનમાં એને ભેદજ્ઞાનની ધારા પ્રગટ થાય તો એ પ્રસંગ એને આવી ગયો. સ્વાનુભૂતિનો એ જ માર્ગ છે. જ્ઞાન પણ આત્મામાંથી પ્રગટે, દર્શન આત્મામાંથી, ચારિત્ર આત્મામાંથી બધું એમાંથી પ્રગટે. બહાર શુભભાવો એની સાથે હોય છે, પણ એ કાંઈ આત્માનો મૂળ સ્વભાવ નથી. અશુભભાવોથી બચવા, શુભભાવો વચમાં આવે પણ આત્માનો એ મૂળ સ્વભાવ નથી. દૃષ્ટિ તો બધું હેય માને છે, કે આ શ્રદ્ધામાં, તો જ્ઞાન જાણે છે, કે આ વચમાં બધું આવે છે, કે આ શુભભાવો આવે, અધૂરી પર્યાયો આવે, બધું આવે પણ જાણે છે, કે આ અધૂરાશ છે, કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી એની ભેદજ્ઞાનની ધારા અને સ્વાનુભૂતિ**

એમ ને એમ વધતી જાય પછી દશા વધતી જાય પછી એમાંથી પછી એને મુનિદશા આવે છે. એ મુનિદશામાં અંતરમાં ક્ષણે ક્ષણે વારે વારે સ્વાનુભૂતિમાં એ લીન થાય છે. વારે-વારે ક્ષણે ક્ષણે.

બહાર આવે તો કોઈ મુનિઓ શાસ્ત્રો રચે, ઉપદેશ આપે, ક્ષણે ક્ષણે અંતરમાં સ્વાનુભૂતિમાં ઝૂલતા હોય છે. બહાર આવે ને અંતરમાં જાય એમ કરતાં કરતાં પછી એને બહુ જ સ્વાનુભૂતિ અંતર ધારા વધી જાય એટલે કેવળજ્ઞાન પ્રગટ થાય, વીતરાગદશા પ્રગટ થાય. બાકી અનાદિકાળથી બહારનો હું કર્તા અને હું બધાનું કરી શકું એ બધું ભ્રમબુદ્ધિ કોઈનું, બીજાના દ્રવ્ય, ગુણ, પર્યાયને પોતે ફેરવી શકતો નથી. પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાયને પોતે પોતાના દ્રવ્ય, ગુણ તો અનાદિ, અનંત શુદ્ધ, શાશ્વત છે, એમાં પર્યાયોને પોતે પલટાવી શકે છે. વિભાવ પર્યાયમાંથી સ્વભાવપર્યાયને પ્રગટ કરી શકે છે. બધું છૂટી જાય. બીજાને કાંઈ પલટાવી શકતો નથી. આ જડના એ પલટાવી શકતો નથી. બહારનું કોઈ કાંઈ કરી શકે નહીં. માત્ર કર્તાબુદ્ધિ અજ્ઞાનતાથી છે કે હું કરું છું. એમ વિકલ્પમાં અંદર વિકલ્પ પણ પોતાનો સ્વભાવ નથી. પણ અજ્ઞાનદશાએ પોતાના પુરુષાર્થની મંદતાએ એમાં જોડાય પણ ભેદજ્ઞાનની ધારા પ્રગટે તો ક્ષણે ક્ષણે આ મારું સ્વરૂપ નથી. હું તો જ્ઞાયક છું, એવી જ્ઞાતાની ધારા સ્વસન્મુખ જાય તો પ્રગટ થાય, ખરું એ જ કરવાનું છે.

ગુરુદેવે માર્ગ બહુ સ્પષ્ટ કરીને બતાવી દીધો છે. બહુ સ્પષ્ટ કરીને. શાસ્ત્રોના ઉકેલ બધા ગુરુદેવે બતાવ્યા, જ્ઞાન, દર્શન, ચારિત્રના ભેદ, પહેલા જ્ઞાન છે, દર્શન છે, ચારિત્ર છે, એમ ભેદ કરે એટલે એને ભેદ પાડીને સમજાવે કે આ જ્ઞાન તે આત્મા, દર્શન તે આત્મા, ચારિત્ર તે આત્મા, જ્ઞાન, દર્શન, ચારિત્રને ઓળખે. આત્માને ભેદ પાડીને આત્માને બતાવે કે વ્યવહાર પરમાર્થને બતાવે છે, પણ વ્યવહાર નહીં એનું મૂળ જે આત્માનું સ્વરૂપ છે, એ સ્વરૂપમાં એ વ્યવહારનયો એમાં આવતા નથી. એનો સ્વભાવ નથી, અંશથી આ આત્મા તો આખો અંખડ શાશ્વત છે. એવી સાધકદશા આત્માનો મૂળ સ્વભાવ (નથી), આત્મા તો પરિપૂર્ણ શાશ્વત છે, સાધકદશા તો વચમાં આવે છે માટે એ વ્યવહારનય છે, એ નિષેધે છે. નિષેધે એટલે જે પરમાર્થ પર જ્યાં દૃષ્ટિ જાય. આત્માની ઉપર દૃષ્ટિ કરે, દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરે તો વ્યવહારનય નિષેધ કરવા યોગ્ય છે, પણ વ્યવહારનય વચ્ચે આવ્યા વગર રહેતો નથી સાધકદશામાં. એટલે એ જાણે છે, જાણવાયોગ્ય છે, કે આ વ્યવહારનય વચ્ચે આવે છે, આવ્યા વગર રહેતો નથી. એટલે એ આવે છે, માટે એ વ્યવહાર નય એને બતાવનારો છે, વચમાં આવે છે, પણ નિષેધ કરવાયોગ્ય છે. કારણ કે એનો સ્વભાવ મૂળ સ્વભાવ નથી એનો આત્માનો.

આત્મા તો પરિપૂર્ણ તત્ત્વ છે, એમાં વ્યવહારનય અધૂરો છે, ..... એમાં અધૂરી પર્યાય થોડી સાધકદશા પ્રગટી, વિશેષ પ્રગટી, પૂર્ણતા થઈ એ બધા વ્યવહારનયના

**ભેદો, પૂર્ણ શાશ્વત રહે દ્રવ્યમાં એવાં વ્યવહારના ભેદો એમાં હોતા નથી પણ જ્યાં સુધી એ પૂર્ણ ન થાય ત્યાં સુધી વચ્ચે જાણવાયોગ્ય છે પછી શુદ્ધ સ્વરૂપમાં પરિણતિ પૂર્ણ થઈ જાય પછી એ હોતો નથી. ઈ તરફ લક્ષ હોતું નથી. એ તરફનો રાગ હોતો નથી. માત્ર એ દ્રવ્યને પર્યાય એ વસ્તુનું સ્વરૂપ છે, તે રૂપે આત્મા પરિણમે છે, પણ એમાં વચ્ચે હોતો નથી વ્યવહારનય, માટે નિષેધ્યો છે. એનું મૂળ સ્વરૂપ નથી એ. માટે વ્યવહારનય જાણેલો પ્રયોજનવાન છે. એ વચ્ચે માત્ર આવે છે માટે પ્રતિપાદક છે. જાણવાયોગ્ય છે, પણ એ એમાં આદરવાયોગ્ય એમાં નથી. દ્રવ્યદૃષ્ટિએ આદરવાયોગ્ય નથી. દ્રવ્યદૃષ્ટિએ આદરવાયોગ્ય નથી. વ્યવહાર વ્યવહારથી આદરવાયોગ્ય છે. વ્યવહાર દ્રવ્યદૃષ્ટિથી આદરવાયોગ્ય નથી. દ્રવ્યદૃષ્ટિમાં એ હોતો જ નથી. માટે નિષેધ્યો. દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ નિષેધે છે. જ્ઞાનમાં એ જાણવાયોગ્ય છે. (3-91-4)**

**શ્રોતા :** પોતાની શુદ્ધ પર્યાય સાથે તત્-પણું ઘટે છે, કે અતત્-પણું?

**પૂજ્ય બહેનશ્રી : શુદ્ધપર્યાયની સાથે તત્પણું પણ છે ને અતત્પણું પણ છે.**

**શ્રોતા :** કેવી રીતે?

**પૂજ્ય બહેનશ્રી : શુદ્ધ પર્યાયોરૂપે આત્મા પરિણમે છે જેવું શુદ્ધ સ્વરૂપ આત્માનું છે, તે રૂપે આત્મા પરિણમે તત્-રૂપે છે, પણ પર્યાય જેટલો આત્મા નથી. આત્મા તો શાશ્વત છે, અખંડ છે, આખો છે, પર્યાયનું સ્વરૂપ ક્ષણપૂરતું માટે અતત્-પણું અને સ્વભાવ એની પોતાની પર્યાય છે માટે તત્-પણું. પોતાની પર્યાય છે માટે તત્-પણું પણ એક ક્ષણપૂરતી છે માટે અતત્-પણું છે. (3-91-5)**

**શ્રોતા :** આચાર્યો ભગવાન જ્યાં સુધી ભેદવિજ્ઞાન ન થાય ત્યાં સુધી આત્માને રાગાદિભાવોરૂપ કર્તાપણું માન્યું એમ ફરમાવ્યું છે, તો દૃષ્ટિ અને જ્ઞાન એ બંનેનો વિષય ભિન્ન-ભિન્ન થાય તો અમારે કઈ રીતે શ્રદ્ધા કરવી?

**પૂજ્ય બહેનશ્રી : દૃષ્ટિ ને જ્ઞાનનો વિષય ભિન્ન-ભિન્ન નથી. આત્મા અકર્તા, પરનો કર્તા નથી, સ્વભાવનો કર્તા, પર રાગાદિનો અકર્તા એ જ્યારે એને દ્રવ્યદૃષ્ટિ પ્રગટ થાય ત્યારે એ રાગાદિનો અકર્તા છે, પણ અલ્પ અસ્થિરતા રહે છે, એને જાણવાયોગ્ય છે. કર્તા એને સ્વામિત્વબુદ્ધિ નથી. એ કર્તા નથી. પરદ્રવ્યનો કર્તા નથી. પણ એ અજ્ઞાન અવસ્થાએ કર્તાબુદ્ધિ એણે માની છે. વાસ્તવિક રીતે એ પરપદાર્થનો કર્તા નથી. રાગાદિનો કર્તા એ દ્રવ્યદૃષ્ટિએ નથી. પણ એ રાગાદિનો કર્તા અજ્ઞાન અવસ્થાએ છે. અજ્ઞાન અવસ્થાએ છે, માટે દૃષ્ટિ અપેક્ષાએ કર્તા નથી. પણ જ્ઞાનમાં જાણવું. જ્ઞાન બેયનો વિષય કરે છે. જ્ઞાન દ્રવ્યને પણ જાણે છે અને જ્ઞાન પર્યાયને પણ**

**જાણે છે. બેયનો વિષય જ્ઞાન કરે છે, એટલે એમાં કાંઈ દૃષ્ટિ બેય ને જ્ઞાન, બેય નયોને જાણે છે, બેય પડખાને જાણે છે. (3-91-6)**

**શ્રોતા :** સ્થૂળ ઉપયોગ કે સૂક્ષ્મ ઉપયોગ કરતે અંદરમેં વાળનેકી વિધિ ક્યા?

**પૂજ્ય બહેનશ્રી : વિધિ તો અપનેકો કરની હૈ ને વહ તો સૂક્ષ્મ કરનેકા, સ્થૂળકો સૂક્ષ્મ કરનેકો ભીતરમેં જાના, સ્વભાવકો પહિચાનના એ વિધિ ક્યા હોતી હૈ? અપના માર્ગ અપને હાથમેં હોતા હૈ. સ્થૂળ તો બાહ્ય દૃષ્ટિ કરનેસે સ્થૂળ હો જાતા હૈ. ભીતરમેં દૃષ્ટિ કરનેસે, સ્વભાવકો ગ્રહણ કરનેસે સૂક્ષ્મ હોતા હૈ. સ્વભાવકો ઊંડા જાકર ગ્રહણ કરે તો સૂક્ષ્મ હોતા હૈ. બાહ્યદૃષ્ટિ કરનેસે સ્થૂળ હોતા હૈ. સ્વભાવકો જ્યાં પ્રજ્ઞાછીણી એ સૂક્ષ્મ છીણી એકદમ પોતે સ્વભાવને ગ્રહણ કરે તો સૂક્ષ્મ હોતા હૈ તબ વહ સૂક્ષ્મ, અસૂક્ષ્મ શુભભાવ હોવે, શુભભાવ વહ મેરા સ્વભાવ નહીં હૈ. એટલે જ્ઞાનકો સૂક્ષ્મ કરકે, સ્વભાવ ગ્રહણ કરે તો સૂક્ષ્મ હોતા હૈ. બહાર જાતે હૈ, તો સ્થૂળ હોતા હૈ. (3-91-7)**

**શ્રોતા :** જીવ રાગાદિકા કર્તા દૂસરી તરફ ઐસા આતા હૈ રાગાદિકા કર્તા નહીં હૈ.

**પૂજ્ય બહેનશ્રી : રાગાદિકા કર્તા હૈ, અજ્ઞાન અવસ્થામેં કર્તા હૈ. કર્તાબુદ્ધિ હોતી હૈ તબ તો કર્તા હૈ. સ્વભાવ અપેક્ષાએ કર્તા નહીં હૈ. જબ જ્ઞાન જ્ઞાતા હો જાતા હૈ તો કર્તાબુદ્ધિ છૂટ જાતી હૈ. એ કર્તા નહીં હૈ. વસ્તુસ્વભાવે કર્તા નહીં હૈ. આત્મામેં વિભાવકા સ્વભાવ હુઆ, વિભાવ કરનેકા સ્વભાવ હોવે તો તો સ્વભાવ રહે, વિભાવમેં વિભાવ કરનેકા આત્માકા સ્વભાવ હી નહીં. જબ જ્ઞાતા હો જાતા હૈ તબ વિભાવકા કર્તા છૂટ જાતા હૈ. પીછે અલ્પ અસ્થિરતા રહેતી હૈ પણ કર્તાબુદ્ધિ તૂટ જાતી હૈ. અજ્ઞાન અવસ્થામેં કર્તા હોતા હૈ. જબ જ્ઞાન જ્ઞાન હો જાતા હૈ. જ્ઞાતાધારા પ્રગટ હો જાતી હૈ તબ કર્તાબુદ્ધિ છૂટ જાતી હૈ. અલ્પ અસ્થિરતા રહેતી હૈ તો લીનતા કરતે કરતે સ્વાનુભૂતિ બઢતે બઢતે કેવળજ્ઞાન હો જાતા હૈ. (3-91-8)**

**શ્રોતા :** પરાશ્રિત જ્ઞાન સર્વથા હેય હૈ, ઔર જાણકારી હેય હૈ?

**પૂજ્ય બહેનશ્રી : શું પરાશ્રિત જ્ઞાન ને સ્વાશ્રિતજ્ઞાન?**

**પંડિતજી : પરાશ્રિતજ્ઞાન હેય છે તો પરની જાણકારી પણ હેય છે ને? પરની જાણકારી....**

**પૂજ્ય બહેનશ્રી : પરાશ્રિતજ્ઞાન એટલે પરનો આશ્રયે જે જ્ઞાન હોય વો હેય હૈ. એટલે રાગ હોતા હૈ ને પર તરફ જાનેસે રાગ હોતા હૈ, એકત્વબુદ્ધિ હોતી હૈ, વો હેય હૈ. જ્ઞાન હેય નહીં હૈ. એ પરાશ્રિતજ્ઞાન એટલે ઉસમેં એકત્વબુદ્ધિ કરના, ઉસકે**

તરફ રાગ કરના, ઉપયોગ ખંડ ખંડ હો તો ઉસમેં રુક જાતા હૈ વહ હેય હૈ સ્વભાવમેં જ્ઞાયકમેં સહજ જો જ્ઞાનમેં સબ સહજ જણાય જાય ઐસા જ્ઞાન હેય નહીં. એટલે જ્ઞાન તો આત્માકા સ્વભાવ હૈ, સ્વકો જાને, સ્વપરપ્રકાશક, આત્મામેં જબ જાતા હૈ, જ્ઞાયકતા પ્રગટ હોતી હૈ, વીતરાગદશા હો જાતી હૈ, તો સહજ સ્વપરપ્રકાશક હોતા હૈ. પરકો જાનનેકો નહીં જાતા. સહજ... સહજજ્ઞાનમેં સબ આ જાતા હૈ. એ જાણવું, એ જાણવું એ જાણે.. એ ફાંફાં મારે નહીં કુછ નહીં કરના. એક આત્માકો જાને, એક આત્માકો જાનતા હૈ ઉસમેં સબ આ જાતા હૈ, સહજ ઉસમેં આ જાતા હૈ. (3-91-9)

**શ્રોતા :** સ્વને જાણ્યા વિનાનું એકલું પરનું જાણું તે હેય છે.

**પૂજ્ય બહેનશ્રી :** પરને જાણવું હેય છે પર એટલી જ્ઞેય નિમગ્નતા તે હેય છે, જ્ઞેય નિમગ્નતા, એકલું પર જાણ્યા કરે, સ્વ જ્ઞાયકને નહીં જાણે તો હેય હૈ, જ્ઞેય નિમગ્ન ..... એ જ્ઞેય નિમગ્નતા વહ હેય હૈ, જ્ઞાનનિમગ્નતા-આત્મામેં રહેના, ઉસમેં જ્ઞાન ઔર જ્ઞેય સહજ જાનને મેં આવે વો સહજરૂપ હૈ. જ્ઞેયકો જાનનેકી બુદ્ધિ નહીં હૈ. રાગ કરના વહ હેય હૈ. ઇસલિયે નિમગ્નતા કરના વો હેય હૈ. પર યથાર્થ પરની શ્રદ્ધા શુભ હોતી હૈ. જો એક આત્માકો જાનતે, સ્વકો જાનતે હુએ, યથાર્થ પરકો જાનતે હૈ. જો એકાંત પરકો જાનતા હૈ વહ યથાર્થ જાનતા હી નહીં. સ્વ સ્વપૂર્વક પરકો જાનનેમેં આયે એ યથાર્થરૂપ હૈ એ એકલું પર યથાર્થ હોતા હી નહીં હૈ. ઉસમેં વિપર્યાસ આતા હૈ. મિથ્યાત્વ સાથમેં રહેતા હૈ ને એટલે. મિથ્યાજ્ઞાન હૈ યહ.

બધાએ એ જ કરવા જેવું છે આત્માનું. જીવનમાં એ જ કરવું શ્રેયભૂત છે. દેવ, ગુરુ, શાસ્ત્રની રુચિ ને આત્મા તરફની રુચિ રાખવી. આત્માને ગ્રહણ કરવો, ઓળખવો ને દેવ, ગુરુ, શાસ્ત્રને હૃદયમાં રાખવા એ જ જીવનમાં કરવા જેવું છે. બાકી જન્મ-મરણ, જન્મ-મરણ સંસારમાં થયા કરે. આ ભવમાં ગુરુદેવ મળ્યા ને આવો ધર્મ મળ્યો ચૈતન્યનો, ગુરુદેવે બતાવ્યો એ જ કરવા જેવું છે. કેમ આત્માને ઓળખાય? અનંતા જન્મ-મરણ કરતાં જીવ અનાદિકાળથી શુભભાવમાં અનેક ક્રિયાઓમાં રોકાય જાય છે, શુભભાવથી પુણ્ય બંધાય કાંઈ ભવનો અભાવ તો થાતો નથી. ભવનો અભાવ કેમ થાય એ માર્ગ ગુરુદેવ બતાવી ગયા છે શુદ્ધાત્માનો. (શ્રોતા : ગુરુદેવનો અનંતો ઉપકાર છે.) ઉપકાર છે, શુદ્ધાત્માને ઓળખવો, અંતરમાં વિભાવ પર્યાય પણ પોતાનો સ્વભાવ નથી. તો શરીર તો ક્યાં પોતાનું છે? ભેદજ્ઞાન કરીને આત્માને ઓળખવો એ જ કરવા જેવું છે. માટે ચૈતન્યદેવને ઓળખવો. એને માટે તત્ત્વચિંતવન બધુંય કરવા જેવું છે.

દેવ, ગુરુ, શાસ્ત્રને હૃદયમાં રાખી ચૈતન્યને ઓળખવો એક જ ઉપાય છે શુદ્ધાત્માને ઓળખવો. ગુરુદેવે તો આખા હિંદુસ્તાનના જીવોને જગાડીને માર્ગ બતાવ્યો

એ જ કરવા જેવું છે. જન્મ-મરણ જો આમ જોઈએ તો અનંત ક્યાંય એનો અનંત અનંત ક્યાંય એનો પાર નથી થાતો, ભવનો અભાવ કેમ થાય? ખરું એ જ છે. માર્ગ શુદ્ધાત્માના અંતરમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર આત્મામાંથી પ્રગટ કરવા જેવા છે. આત્મામાં જ છે એ. બધું એમાંથી પ્રગટ કરવા જેવું છે. ગુરુદેવે ઘણું બતાવ્યું છે. પ્રયત્ન પોતાને કરવાનો છે, ઉપાદાન તૈયાર પોતાને કરવાનું છે. અંતરમાં ભેદજ્ઞાનની ધારા પ્રગટ કરીને અંતરમાં આત્માની ક્ષણે ક્ષણે ક્ષણે આત્મા તરફ પરિણતિને વાળવી, દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરીને દ્રવ્ય આ શાશ્વત છે. અનાદિકાળ વિભાવથી આ ગમે તે થયું તો દ્રવ્ય ચૈતન્ય દ્રવ્ય તો એવું ને એવું છે. એના ઉપર દૃષ્ટિ કરી એ તરફ પરિણતિને વાળવી. ક્ષણે ક્ષણે એની ધારા એ જાતની પ્રગટ કરવી. અંદર આ આત્મા બધા ભાવોથી ઉપર ને ઉપર તરતો. કોઈ ભાવોની અંદર વિભાવભાવોમાં એ કાંઈ અંતરમાં એકમેક થયો નથી. એ માન્યતા કરી છે. આ એની અસ્થિરતાને એકત્વબુદ્ધિને લઈને બધું વિભાવભાવ દેખાય છે, પણ ખરો તો અંતરમાં જુએ તો બધાથી ઉપર તરતો ઉર્ધ્વ સ્વભાવી છે, એને ગ્રહણ કરવો. ક્ષણે.. ક્ષણે..ક્ષણે રાત ને દિવસ એની ભાવના એ તરફ પરિણતિ દોડાવવી તો એ જાતનું જીવન જ એ જાતનું ચૈતન્યમય થઈ જાય તો વિકલ્પ તૂટીને સ્વાનુભૂતિ થયા વગર રહેતી નથી.

ગુરુદેવે માર્ગ સરળ ને સુગમ બતાવ્યો છે. એ સ્વાનુભૂતિ થાય એ સમ્યગ્દર્શન છે. ભેદજ્ઞાનની ધારા સહજપણે અંદરમાં ક્ષણે ક્ષણે કરતાં પ્રગટ થાય, તો એમાં સ્વાનુભૂતિ થયા વગર રહેતી નથી. એ જ કરવા જેવું છે અને એ સ્વાનુભૂતિ વધતા વધતા જ પૂર્ણદશા ને વીતરાગદશાની પ્રાપ્તિ થાય છે. માટે સ્વાનુભૂતિ મુક્તિનો માર્ગ છે, એ સમ્યગ્દર્શન છે. એ જ કરવાનું છે. ભેદવિજ્ઞાનથી જ એ સ્વાનુભૂતિ પ્રગટ થાય છે. એ જ કરવા જેવું છે. ક્ષણે ક્ષણે ક્ષણે એ સહજદશા પ્રગટ થાય, પહેલાં એ પ્રયત્ન કરીને એ પ્રગટ કરવા જેવું ઈ જ છે. બધું કરીને કરવાનું જ એ છે. અંતરમાં આનંદ છે, આ અંતરમાં બધું અંતરમાં જ છે. બધું જ્ઞાનથી ભરેલો આત્મા, દર્શનથી, ચારિત્ર, આનંદથી ભરેલો આત્મા અનંતુગણોથી ભરેલો આત્મા, એમાંથી બધું પ્રગટ થાય છે. કરવાનું ઈ જ છે. દૃષ્ટિ આખી વિમુખ થઈ ગઈ. એને ચૈતન્યની સન્મુખ કરવા જેવી છે. જે બધી પર્યાયો જે વિભાવ થાય છે, એ સ્વ સન્મુખ થાય તો એની બધી અંશે અંશે પર્યાય એ સર્વગુણાંશ તે સમ્યગ્દર્શન. એક પોતા તરફ દૃષ્ટિ આવે તો બધી એની પર્યાયો શુદ્ધ સ્વરૂપે પરિણમી જાય છે, એ અંશે અંશે પરિણમતા પછી પૂર્ણ થાય છે.

શ્રોતાઓ : ભગવતી માતનો જય હો.... (3-91-10)

માતાજીની અમૃતવાણીનો જય હો....

## પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી, ભાગ-૩

# તત્ત્વચર્ચા - ૯૨

**શ્રોતા :** ......

**પૂજ્ય બહેનશ્રી :** મુક્તિકા માર્ગ ક્યા હૈ? આત્મા કૌન હૈ? ગુરુદેવને તો બહોત માર્ગ બતાયા સરલ કરકે 'સમયસાર'મેંસે ગોત ગોતકર. 'સમયસાર'મેં તો બહોત આત્માકા સ્વરૂપ બતાયા હૈ. આત્મા કૌન હૈ? દ્રવ્ય કૌન હૈ? વિભાવ ક્યા હૈ? ચૈતન્ય શુદ્ધાત્મા હૈ ઉસમેં વિભાવ પર્યાય ભી દ્રવ્યદૃષ્ટિસે વહ ભૂતાર્થ આત્મા હૈ, પર્યાય અભૂતાર્થ હૈ પર્યાયસે પર્યાય ભૂતાર્થ હૈ, દ્રવ્ય અપેક્ષાસે વહ અભૂતાર્થ હૈ, બહોત બાત વહ સમયસારમેંસે તો સ્વાનુભૂતિકી બહોત બાત આતી હૈ. સ્વાનુભૂતિ જબ હોવે તબ મુક્તિકા અંશ પ્રગટ હોતા હૈ. મુક્તિકી પર્યાય પ્રગટ હોય, સ્વાનુભૂતિ જબ બઢતી જાય તો એ સચ્ચી મુનિદશા આતી હૈ. છટ્ઠે-સાતમે અંતર્મુહૂર્ત, અંતર્મુહૂર્તમેં ઝૂલતે હૈ. ઐસી દશા જબ હોવે તબ મુનિદશા પ્રમત્ત, અપ્રમત્તદશા વહ સહજ પરિણતિ ઐસી હો જાય, તબ કહનેમેં આતી હૈ.

સમ્યગ્દર્શન તો ઉસકો ભીતરમેં ભેદજ્ઞાન હોવે, સ્વાનુભૂતિ હોવે તબ સમ્યગ્દર્શન કહનેમેં આતા હૈ. પીછે વિશેષ પરિણતિ સ્વાનુભૂતિકી હોવે તબ ઉસકે અનુસાર ઉસકે વ્રત હોતે હૈ. એ વ્રતકા શુભ પરિણામ સહજ આતા હૈ. એ હઠ નહીં કરના પડતા. એ સહજદશાકે સાથમેં જો શુદ્ધ પરિણતિ રહેતી હૈ ઉસકો દેશવ્રતી પરિણતિ કહનેમેં આતી હૈ ઔર ઉપચાર દેનેમેં આતે હૈ શુભભાવકો. શુભભાવ તો પુણ્યબંધકા કારણ હૈ. શુદ્ધ પર્યાય હોતી હૈ વહ મુક્તિકા માર્ગ પ્રગટ હોતા હૈ ભીતરમેં. વહ મુક્તિકા માર્ગ હૈ. વહ તો દ્રવ્યદૃષ્ટિ, દ્રવ્ય શાશ્વત હૈ, ઉસકે ઉપર દૃષ્ટિ કરની. ઉસ તરફ પરિણતિ કરની, ભીતરમેં ભેદજ્ઞાન કરના વહ હી મુક્તિકા માર્ગ 'સમયસાર'મેં બહોત આયા હૈ.

શુદ્ધનય, વ્યવહારનય તો ભીતરમેં હો ગયા, જ્ઞાન, દર્શન, ચારિત્રકા ભેદ પડતે હૈ વહ ભી વ્યવહાર હૈ. અખંડ આત્માકો પહિચાનો વહ શુદ્ધનય. ઉસકે સાથમેં જો વ્યવહાર આતા હૈ, મૈં જ્ઞાન, હૂં, દર્શન હૂં, ચારિત્ર હૂં ઔર વિકલ્પ આયા વગર રહેતા નહીં વહ શુભભાવ, જ્ઞાન, દર્શન, ચારિત્રકા ભેદ પડતા હૈ વહ ભી વ્યવહાર હૈ. વહ સાથમેં રહેતા હૈ. આદરણીય એક દ્રવ્ય ઉપર દૃષ્ટિ આદરણીય વહ સાથમેં હોતા હૈ ઉસકો જાનતે હૈ. ઐસી બહોત બાત આતી હૈ.

ઉસમેંસે ઉસકી ભાવના કરના, ભેદજ્ઞાન કૈસે પ્રગટ હો તો મુક્તિકી પર્યાય પ્રગટ હોતી હૈ. માટે બહારસે તો અનંતકાળમેં બહોત કિયા હૈ. શુભ પરિણામ, ક્રિયા બહાર બહુત બહુત કિયા, પુણ્યબંધ કિયા પણ શુદ્ધાત્માકો નહીં પહિચાના, શુદ્ધાત્માકો

પહિચાને તબ મુક્તિકી પર્યાય પ્રગટ હોતી હૈ. ભીતરમેં તો કોઈ અનુપમ આનંદદશા સ્વાનુભૂતિકી પ્રગટ હો ગઈ તબ સમ્યગ્દર્શન કહનેમેં આતા હૈ. દશા વધે એટલે સાથમેં જો પરિણામ રહેતા હૈ ઉસકો વ્રત ઉસકો શુભ પરિણામરૂપ વ્રત. શુદ્ધ પરિણતિ પ્રગટ હોય તો ઉસમેં શુદ્ધ પરિણતિ સાથમેં જો વ્રત રહેતા હૈ ઉસકો (વ્રત કહતે હૈ).

**(3-92-1)**

**શ્રોતા :** સ્વાનુભૂતિ કરનેકી ક્રિયા ક્યા હૈ?

**પૂજ્ય બહેનશ્રી : સ્વાનુભૂતિ–મૈં કૌન હૂં? મૈં જ્ઞાયક હૂં, મૈં ચૈતન્ય હૂં, યહ સબ મૈં નહીં હૂં, યહ શરીર મૈં નહીં હૂં, યહ સબ વિભાવ શુભભાવ ઔર અશુભભાવ દોનોંભાવ ભી વિભાવભાવ હૈ. શુભભાવ બીચમેં આતા હૈ, આયે વિના રહેતે નહીં પણ શ્રદ્ધા ઇસકી ઐસી હોતી હૈ કે વે સબ શુભાશુભભાવ મેરા સ્વભાવ નહીં હૈ. મૈં તો જ્ઞાયક જ્ઞાતા જાનનેવાલા હૂં. ઐસી પરિણતિ વિકલ્પરૂપસે નિર્ણયરૂપસે ઐસે ઉપર ઉપરસે ભીતરમેં જબ ભેદજ્ઞાન હોતા હૈ કિ યહ મૈં નહીં હૂં, યહ મૈં હૂં, ઐસે ભેદજ્ઞાનકી ધારા, સહજમેં જહાં હોતી હૈ, પ્રયત્ન કરતે કરતે સહજ ભેદજ્ઞાનકી ધારા હોતી હૈ તો ઉસમેં જો જ્ઞાતાધારાકી ઉગ્રતા હોતી હૈ, ઉસમેં વિકલ્પ તૂટ જાતા હૈ. વિકલ્પ તરફસે ઉપયોગ ઘટ જાતા હૈ. ઔર ઉપયોગ શુદ્ધાત્મામેં લીન હો જાતા હૈ, તબ સ્વાનુભૂતિ હોતી હૈ. વો વિકલ્પ શુદ્ધાત્મામેં લીન હોતા હૈ. શુદ્ધાત્માકા સ્વાનુભવ ઉસમેં જો અનંતગુણ ઔર ઉસકી સર્વ અંશ અંશ પર્યાય શુદ્ધ પ્રગટ હો જાતી હૈ તબ વેદન ઇસકો હોતા હૈ. અનુભૂતિ હોતી હૈ આનંદકી, વહ ઉપાય હૈ.**

**ભેદજ્ઞાનકી ધારા પ્રગટ કરના, ''ભેદવિજ્ઞાનતઃ સિદ્ધા, સિદ્ધા યે કિલ કેચનઃ'' જો સિદ્ધ હુઆ ભેદજ્ઞાનપૂર્વક હુઆ. ભેદજ્ઞાન 'યહ મૈં હૂં, યહ મૈં નહીં હૂં.' દ્રવ્ય ઉપર દૃષ્ટિ રહેતી હૈ, ભેદજ્ઞાનકી ધારા ચલતી હૈ, યહ દૃષ્ટિ વિકલ્પરૂપ નહીં હૈ, પહેલે તો ભાવના હોતી હૈ પણ પીછે તો દ્રવ્ય ઉપર સહજ દૃષ્ટિ હોતી હૈ. ઐસે ભેદજ્ઞાનકી ધારા અતૂટ ક્ષણે ક્ષણે ક્ષણે જબ પ્રગટ હોતી હૈ ઇસકી ઉગ્રતા હોતી હૈ જ્ઞાતાધારાકી તબ વિકલ્પ તૂટકે ભીતરમેં સ્વાનુભૂતિ હોતી હૈ. (3-92-2)**

**શ્રોતા :** અંતરંગ ઔર બહિરંગ પરિણતિ કૈસી હોતી હૈ?

**પૂજ્ય બહેનશ્રી : અંતરંગ પરિણતિમેં બસ જો જો પરિણામ હોતે હૈ અથવા મૈં જ્ઞાયક હૂં, જ્ઞાયક હૂં, જ્ઞાયક ક્ષણે ક્ષણે જ્ઞાયક હી ઉસકો યાદ નહીં કરના પડતા હૈ. ઇસકો અભ્યાસમેં સહજ રહેતા હૈ. જૈસે યે સંકલ્પ-વિકલ્પ જૈસે સહજ હો ગયા એ તો જ્ઞાતાકી ધારા એ તો સહજ હો ગઈ. આ જે અજ્ઞાનદશામેં જૈસે સંકલ્પ-વિકલ્પ સંકલ્પ-વિકલ્પ આયે બિના રહેતા નહીં ઐસા ઉસકી દશા ઐસી સહજ હો જાતી હૈ કે બસ**

જ્ઞાતાકી ધારા 'જ્ઞાયક હૂં... જ્ઞાયક હૂં... જ્ઞાયક હૂં' સહજ રહેતા હૈ ઐસી સહજ ધારા જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક ઐસી અંશે સમાધિ, અંશે શાંતિ, જ્ઞાતાધારા, કર્તાબુદ્ધિ તૂટ જાતી હૈ. જો જો કાર્ય હોતા હૈ જે ઇસકો કરનેવાલા નહીં મૈં તો જ્ઞાતા હૂં, ઐસા સહજ હો જાતા હૈ. ઐસા શરીરકી ક્રિયા, વાણીકી ક્રિયા, યહ સબ ક્રિયા, પરદ્રવ્યકી હૈ, મેરી નહીં હૈ. ઐસી જ્ઞાતાકી ધારા 'મૈં જ્ઞાયક હૂં'. જો વિકલ્પ આતા હૈ વિકલ્પ અસ્તિકા મેરી પુરુષાર્થકી નબળાઈસે આતા હૈ પણ એ મેરા સ્વભાવ નહીં હૈ. ઐસી જ્ઞાયકકી ધારા ઐસી સહજ રહેતી હૈ.

એ તો ક્ષણે ક્ષણે ક્ષણે બસ જો ખાતે, પીતે, જાગતે, સોતે, સ્વપ્નમેં બસ! 'મૈં ચૈતન્ય' જ્ઞાતાધારા ઇસકા મૈં કર્તા નહીં હોતા. સબકા વહ જ્ઞાયક...જ્ઞાયક...જ્ઞાયક જ્ઞાતા ઐસા સહજ વેદન ઉસકો રહેતા હૈ. જૈસે સંકલ્પ-વિકલ્પ અજ્ઞાનીકો સહજ રહેતા હૈ ઐસે ઉસકો જ્ઞાયકકી ધારા સહજ વેદનમેં રહેતી હૈ. ઐસા હોતે હોતે ઉસકો નિર્વિકલ્પદશા હો જાતી હૈ. કભી કભી કભી નિર્વિકલ્પદશા હો જાતી હૈ. નિર્વિકલ્પદશા ઉસકી... બીચમેં કોઈ ઇસકો કોઈ મંદ પરિણતિ. ઉસકો દેવ, ગુરુ, શાસ્ત્રકા બઢી હુઈ પરિણતિમેં દેવ જિનેન્દ્રદેવકી મહિમા આતી હૈ, ગુરુકી મહિમા આતી હૈ, શાસ્ત્રકા સ્વાધ્યાય હોતા હૈ. શ્રુતકા ચિંતવન હોતા હૈ. ઉપયોગ બહાર તો આતા હૈ. ઉપયોગ સ્વાનુભૂતિમેં નિરંતર નહીં રહેતા હૈ. સબ હોતા હૈ અશુભકા ચિંતવન હોતા હૈ, શાસ્ત્રકા અભ્યાસ કરતે હૈ, પણ જો શુભ વિકલ્પ આતા હૈ તો જાનતા હૈ કે જે જે શુભ વિકલ્પ આતા હૈ જિનેન્દ્રદેવકા દર્શન કરતે, પૂજન કરતે એ શુભભાવ મૈં નહીં હૂં. એ જ્ઞાયકકી ધારા સહજ હૈ, 'મૈં જ્ઞાયક જાનનેવાલા હૂં' ઐસા સહજ રહેતા હૈ. એ જાનનેવાલી ક્રિયા સહજ હોતી શુભભાવ ભી હોતા હૈ. ઔર જિનેન્દ્રદેવકી ભક્તિ ભી આતી હૈ. પણ જ્ઞાયકધારાકી ધારા ઐસી ઐસી રહેતી હૈ સહજ. ઉસકા ચિત્ત એકત્વ હોકર તન્મય હોકર, યહ સબ તન્મય નહીં હોતા, ઉસસે અલગ ન્યારા રહેતા હૈ સબ કાર્યમેં ન્યારા રહેતા હૈ. જો ક્રિયા હોતી હૈ. સબ મેં ન્યારા રહેતા હૈ.

પદ્મનંદી આચાર્ય ઔર ...... જિનેન્દ્રદેવકી ભક્તિ ઐસે કિતને શ્લોક રચતે હૈ તો ભી પરિણતિ ઉસકો ન્યારી ન્યારી રહેતી હૈ. ગુરુકી સેવા, ગુરુકી મહિમા, યથાર્થ ચિંતવન પણ પરિણતિ તો ન્યારી ન્યારી રહેતી હૈ. વૈરાગ્ય પરિણતિ ઐસી રહેતી હૈ. ગૃહસ્થાશ્રમ હો તો અશુભભાવકો ગૌણ કરકે શુભભાવ ઐસા રહેતા હૈ. આ ભીતરમેં જ્ઞાયકકી ધારા ચલતી હૈ. લીનતા નહીં હૈ ગૃહસ્થાશ્રમમેં પીછે જબ લીનતા બઢ જાતી હૈ તબ મુનિદશા હોતી હૈ ઔર લીનતા અમુક અંશ જિતની થી, પુરુષાર્થ કમ હૈ તો લીનતા કમ હોતી હૈ. પણ જ્ઞાયકકી ધારા તો ચલતી હૈ. સ્વરૂપાચરણ ચારિત્ર પ્રગટ

**હુઆ ને! અનંતાનુબંધી છૂટ ગયા ઔર સ્વરૂપાચરણ ચારિત્ર પ્રગટ હો એટલે અંશે શાંતિ, અંશે જ્ઞાતાધારા, બધું સબ એ મુક્તિકા માર્ગ તરફ ઐસી દિશા પલટ ગઈ હૈ. દૃષ્ટિકી દિશા પલટ ગઈ. (3-92-3)**

**શ્રોતા :** ભૂમિકા કોની?

**પૂજ્ય બહેનશ્રી : ભૂમિકા! એ ભૂમિકા એટલે ઉસકી જો દશા આતી હૈ યહ સમ્યગ્દર્શનકી દશા, પીછે પાંચમાં ગુણસ્થાન, પછી છઠ્ઠા, સાતમા ઐસે ક્રમ ક્રમસે આતે હૈ ઉસકો ભૂમિકા કહનેમેં આતા હૈ.**

**શ્રોતા :** જૈસે જૈસે ગુણસ્થાન બઢે ઐસે

**પૂજ્ય બહેનશ્રી : હાં ગુણસ્થાન બઢતે હૈ. વહ ભૂમિકા એ ભૂમિકા. ગુણસ્થાન બઢતે હૈ. ભૂમિકા બઢતી હૈ**

**શ્રોતા :** જૈસે જેસે આંતરિક શુદ્ધિ બઢતી...

**પૂજ્ય બહેનશ્રી : હાં! આંતરિક શુદ્ધિ બઢતી હૈ. જૈસે ભૂમિકા બઢતી, ઐસે ગુણસ્થાન બઢતા હૈ ઐસે શુદ્ધિ ભી બઢતી હૈ.**

**શ્રોતા :** જે દર્શન માને શ્રદ્ધારૂપમેં હમકો વહ અનુભવ હોતા હૈ જ્ઞાતાકા પ્રત્યક્ષરૂપસે?

**પૂજ્ય બહેનશ્રી : સમ્યગ્દર્શનકી ભૂમિકામેં શ્રદ્ધારૂપસે અનુભવ ઐસે નહીં હૈ. એ જ્ઞાયકકી ધારા જો રહેતી હૈ ને! વો શ્રદ્ધારૂપસે ઐસે શ્રદ્ધા કર લી હૈ. મૈં જ્ઞાયક હૂં શ્રદ્ધારૂપ ઉસે અંશે વેદન હોતા હૈ. મૈં જ્ઞાયક હૂં જૈસા વેદન જે એ કહ્યા ને રાગકા દ્વેષકા જબ વેદન રહેતા હૈ. એમ જ્ઞાયક ચૈતન્ય દ્રવ્યકા વેદન રહેતા હૈ. મૈં જ્ઞાયક હૂં, મૈં શાંત હૂં, ઐસા શ્રદ્ધા કરનેસે નહીં, જૈનધર્મ સચ્ચા હૈ કે તત્ત્વ સચ્ચા હૈ, એમ વિકલ્પમેં શ્રદ્ધા કર લી ઐસા નહીં. 'ચૈતન્ય મૈં દ્રવ્ય હૂં, ચૈતન્ય હૂં' ઐસા અંશે વેદન હોતા હૈ તો ભૂલ નહીં જાતા હૈ. ઐસા વેદન 'મૈં ચૈતન્ય જ્ઞાયક હૂં' ઐસા વેદન રહેતા હૈ પીછે કભી કભી વિકલ્પ તૂટ જાતા હૈ. તો સ્વાનુભૂતિ વો શ્રદ્ધારૂપ સ્વાનુભૂતિ નહીં, ચૈતન્યકા પ્રત્યક્ષ વેદન હોતા હૈ. વેદન અપેક્ષાએ પ્રત્યક્ષરૂપ, જ્ઞાન પરોક્ષ હૈ. કેવળજ્ઞાનીકા જ્ઞાન પ્રત્યક્ષ હૈ. ઉસકા સમ્યગ્દૃષ્ટિકા જ્ઞાન પરોક્ષ પણ ઉસકા વેદન પ્રત્યક્ષ હૈ કે સ્વાનુભૂતિ પ્રત્યક્ષ જ હોય.**

**ચૈતન્ય જૈસા ચૈતન્યકા સ્વરૂપ હૈ. ઉસકા અનંતગુણ ઔર ઇસકી જો શુદ્ધ-અંશે શુદ્ધ પર્યાય સબકા વેદન ઉસકો હોતા હૈ. વિકલ્પ તૂટ જાતા હૈ તબ શૂન્ય નહીં હો જાતા. જબ સ્વાનુભૂતિ હોતી હૈ તો જૈસા ચૈતન્યકા સ્વરૂપ હૈ અનંતગુણ, શુદ્ધ પર્યાય કોઈ અપૂર્વ વેદન જો અનંતકાળમેં નહીં હુઆ, ઐસા અનુપમ ચૈતન્યકા આનંદકા વેદન**

હોતા હૈ. જો આનંદ જગતમેં કોઈકે સાથમેં મિલાન નહીં હોતા. ઐસા ચૈતન્યકા અનુપમ આનંદ. ઔર આત્મામેંસે પ્રગટતા જ્ઞાન ઔર શુદ્ધરૂપે પરિણમતી અનંતગુણોંકી પર્યાય કોઈ અનુપમ તત્ત્વ ઉસકો વેદનમેં આતા હૈ. વેદન પ્રગટ હોતા હૈ. વિકલ્પ આતા હૈ તબ ભેદજ્ઞાનકી ધારા, જ્ઞાયકકી ધારા રહેતી હૈ. એ જ્ઞાયકકી અંશે સમાધિ ઔર અંશે વેદન, અંશે સુખ, વિકલ્પ સાથમેં રહેતા હૈ. ઇસમેં વહ જો સ્વાનુભૂતિમેં જો અનુપમ આનંદ ઔર અનંત ગુણ-પર્યાય ઇસકે જો પ્રત્યક્ષ વેદન હોતા હૈ ઐસા નહીં હોતા. પણ જ્ઞાયકકી ધારા ઔર ઐસે અંશે વેદન જ્ઞાયકકા હોતા હૈ વિકલ્પ સાથમેં રહેતા હૈ. વિકલ્પ તૂટ જાતા હૈ તબ તો જૈસા સિદ્ધ ભગવાનકા આનંદ હૈ ઐસા અંશે આનંદ સમ્યગ્દૃષ્ટિકો પ્રગટ હોતા હૈ. જૈસા કેવળજ્ઞાનકા આનંદ હૈ વૈસા સમ્યગ્દૃષ્ટિકો અંશ આનંદ ગૃહસ્થાશ્રમમેં શ્રદ્ધા કર લિયા વિકલ્પસે ઐસા શ્રદ્ધારૂપ વેદન નહીં. પરિણમનરૂપ વેદન હૈ.

ગુરુદેવનો ઉપદેશ એવો હતો કે અંતરમાં અવ્યક્તપણે દેશનાલબ્ધિ પ્રાપ્ત થઈ જાય એવો એ હતો. ગુરુદેવનું વ્યાખ્યાન એવું હતું. આ અપૂર્વ આત્માને બતાવતા હતા. જેને આત્માની તૈયારી હોય તો અંદરમાંથી દેશનાલબ્ધિ પ્રગટ થઈ જાય અંતરમાં દેશનાલબ્ધિ અંતરમાં પ્રગટ થઈ જાય છે. આ આત્મા કોણ છે? એનું શું સ્વરૂપ છે. ચૈતન્ય તત્ત્વ છે એક, જેમ આ બધા તત્ત્વો દેખાય છે આ જડ તત્ત્વ એની અંદર એક જાણનાર તત્ત્વ છે. એ જાણનાર તત્ત્વને ઓળખવું એ જ કરવાનું છે, કે હું કોણ છું? મારું શું સ્વરૂપ છે? હું એક ચૈતન્ય તત્ત્વ છું, મારામાં ગુણો શું છે? મારી અવસ્થા શું છે? એ બધું જાણવું ને જાણવાની જિજ્ઞાસા થવી, એ જાતનો વિચાર કરવો, એ જાતનો શાસ્ત્ર સ્વાધ્યાય કરવો.

દેવ, ગુરુ, શાસ્ત્ર એ ઘણું બતાવ્યું, કેવી સાધના કરવી? એ બધું વિચારીને અંતરમાં એ કરવા જેવું છે. ક્ષણે ક્ષણે જ્ઞાયકની આરાધના, જ્ઞાયક હું, જ્ઞાયક છું, વિભાવ પર્યાય મારો સ્વભાવ નથી. શરીર પણ પરદ્રવ્ય છે, એ બધાથી મારું જુદું તત્ત્વ છે, એમ ભેદજ્ઞાન કરીને અંતરમાં વારંવાર વારંવાર એનું જ રટણ ને એની ભાવના, એની પરિણતિ પ્રગટ કરવા જેવી છે. (3-92-4)

**શ્રોતા :** અમે ઇન્ગ્લેન્ડમાં રહીએ છીએ સંયોગો પણ ઉજળા છે, પણ અમને શાંતિ નથી મળતી તો શી રીતે શાંતિ અમને મળે?

**પૂજ્ય બહેનશ્રી :** એ શાંતિ અંતરમાં છે, પોતાને જ કરવાનું છે શાંતિ કેમ મળે એ પોતાને જ કરવાનું છે. શાંતિ અંતર આત્મામાં ભરી છે, બહારમાં ક્યાંય નથી. શાંતિ તો અંતર આત્મા શાંતિનો સાગર છે. અંતરમાંથી શાંતિ પ્રગટ થાય તો ખૂટે એવી

નથી. અંતરમાં આનંદ ભર્યો છે. શાંતિ બસ, આત્માને ઓળખવો. એના તરફ એનું જ્ઞાન, એની દૃષ્ટિ, એની લીનતા એ કરવાનું છે. વારંવાર એના ઈ જ કરવાનું છે તો જ શાંતિ મળે અંતરમાં. બહાર ક્યાંય શાંતિ નથી. (3-92-5)

**શ્રોતા :** અમ બાળકોને પ્રાથમિક શિક્ષણ કેવી રીતે આપવું?

**પૂજ્ય બહેનશ્રી :** ઈ શિક્ષણ તો પોતે હજી તૈયાર થાય તો બાળકોને શિક્ષણ આપી શકે, પોતે પહેલા તૈયાર થવાનું રહે છે. પોતે જ હું કોણ છું એ પોતે અંદરથી નિર્ણય કરી દૃઢતા કરીને પછી બાળકોને શિક્ષણ અપાય છે. બાળકોને પણ એ જાતનું એ શિખવવું. એ જાતની શાસ્ત્રની સ્વાધ્યાય, બાળકોને જે એ પ્રથમ ભૂમિકામાં શું? એ બધું શિખવવા જેવું છે. પોતે જે કરે, બાળકોને પણ નાના ને મોટા બધાને એક જ કરવાનું છે. સાચા ગુરુ કોણ, સાચા શાસ્ત્ર કોણ, આત્મા કોણ? બધું સમજવાનું છે. (3-92-6)

**શ્રોતા :** પણ સુખની પ્રાપ્તિ થતી નથી.

**પૂજ્ય બહેનશ્રી :** તમે બધાએ ઘણીવાર શું કરવું? કેમ કરવું? પૂછ્યા જ કરે છે, એનો જવાબ આપ્યો છે પ્રયત્ન તો પોતાને કરવાનો રહે છે. આ તો ઠીક દૂર રહે છે, એટલે, દૂર રહેનારને એ જ કહેવાનું હોય કે જ્ઞાયક આત્માને ઓળખવો, તત્ત્વનો વિચાર કરવો. દેવ, ગુરુ, શાસ્ત્રે શું કીધું છે, એ વિચાર કરવો, ગુરુદેવે અપૂર્વ માર્ગ બતાવ્યો છે, બાકી તમે બધાએ ઘણીવાર પૂછ્યું, શું કરવું? કેમ કરવું? એનો ઘણી રીતે, જુદી જુદી રીતે જવાબ આવી જાય છે. કરવાનું પોતાને જ રહે છે. (3-92-7)

**શ્રોતા :** અંતરમાં પરિણમન તો નથી થતું, માતાજી!

**પૂજ્ય બહેનશ્રી :** પરિણમન કરવું પોતાના હાથની વાત છે. એ કાંઈ કોઈ કરી દેતું નથી. અનંતકાળ ગયો એમાં નથી થયું એમાં પોતાનું કારણ છે. જે કરે છે, એ પોતાથી જ કરે છે. નથી કરતા એ પોતાના અભાવ, પોતાના પુરુષાર્થના અભાવથી નથી કરતો. કોઈનું કારણ નથી. પોતે જ મુખ્ય કરતો, પોતાનું પરિણમન પલટાવવું પોતાના હાથની વાત છે. ''પોતાની આળસે રે નિરખ્યા નહીં નયને હરિને'' ગુરુદેવ કહેતા. પોતાની આળસને કારણે ચૈતન્યદેવ હરિને પોતે નિહાળતો નથી, જોતો નથી, પોતાને કારણે. અનંતકાળ ગયો, પોતાની આળસને લઈને, પોતે માર્ગને ભૂલ્યો, પોતે માર્ગને દેખ્યો નહીં, દેખાડનાર મળ્યા તો પોતાની આળસને કારણે પોતે જોયો નથી. માટે પોતે જ તૈયાર થઈને પોતાને જોવાનું છે. પોતે અંતરમાં જોવે તો પોતે ચૈતન્યદેવ પોતે જ બેઠો છે. પોતે નિહાળતો નથી. પોતાની આળસ છે. પોતાનો પ્રમાદ છે. આંખ ખોલીને જોતો નથી કે હું કોણ ચૈતન્યદેવ બિરાજું છું? બિરાજમાન છે, એનું દર્શન

પોતે કરતો નથી. પોતાનું કારણ છે. કર્મ બિચારા શું કરે, 'કર્મ બિચારે કૌન, ભૂલ મેરી અધિકાઈ.' પોતાની ભૂલને કારણે, પોતાની આળસને કારણે પોતે જોતો નથી.

અનંતગુણથી ભરેલો, અનંતગુણમાં ગુણથી એકમેક થયેલો, અનંતગુણમાંથી સ્વભાવકાર્યને પ્રગટ કરનારો એવો ચૈતન્ય દેવ અકારણ પારિણામિક દ્રવ્ય પોતે બેઠો છે. પોતે જ જોતો નથી, પોતાની જ ખામી છે, ગુરુદેવ મળ્યા, ગુરુદેવે ઘણો માર્ગ બતાવ્યો એટલું સહેલું કરી દીધું કાંઈ પૂછવાનું રહે નહીં. અંતરમાંથી શોધી લ્યે એટલો માર્ગ બતાવ્યો, એકદમ ચોખ્ખો સ્પષ્ટ કરીને, પોતાના નયનની આળસે પોતે જોતો નથી પોતાને, દૂર કાંઈ નથી. પોતાની સમીપ પોતે જ છે બીજો કોઈ નથી. એક વિભાવ ચક્કર ને એક સ્વભાવ બેય સાથે હોવા છતાં એને સૂક્ષ્મ થઈને પોતે ભેદ પાડીને જોતો નથી કે હું કોણ છું? દરેકનો જવાબ એક જ આવે છે, કે ઇચ્છે છે છતાં નથી કરતો પોતાને કારણે. ખરી અંદરથી લાગી જ નથી. ઇચ્છે છે હજી, લાગી જ નથી, લાગી હોય તો થયા વગર રહેતો જ નથી. દરેકનો જવાબ એક જ છે, કે પોતે જ નથી પ્રયાસ કરતો. અંતરમાં ઊંડો જાતો જ નથી પોતે, ખરી લાગે તો અંતરમાં ગયા વગર રહે જ નહીં. અંતરમાં માર્ગ પોતાનો પોતે જ કરી લે છે. ગુરુદેવે તો માર્ગ ચોક્ખો કરીને બતાવ્યો હવે કરવાનું પોતાને બાકી રહે છે. એમાં આનંદ, જ્ઞાન બધું અંતરમાં છે.

(3-92-8)

શ્રોતાઓ : ભગવતી માતનો જય હો....
માતાજીની અમૃતવાણીનો જય હો....

* * *

## પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી, ભાગ-૩

# તત્ત્વચર્ચા - ૯૩

**શ્રોતા :** ....

**પૂજ્ય બહેનશ્રી :** વિધિ ભેદજ્ઞાન કરવું એ જ વિધિ છે. ભેદજ્ઞાનની વિધિ એટલે પોતે તૈયાર કરે. સ્વભાવને ઓળખવો કે આ જે સ્વભાવ તે હું, ને વિભાવ બેયના લક્ષણ ઓળખી લેવા સ્વભાવ ને વિભાવના કે આકુળતારૂપ છે, વિભાવ છે ને આ જ્ઞાનસ્વભાવ શાંતિરૂપ, નિરાકુળરૂપ છે. જાણનારો જાણી રહ્યો છે. એ સ્વભાવ લક્ષણ ને વિભાવલક્ષણ એ ભેદ એને લક્ષણથી જુદા પાડવા. બેયના લક્ષણ જુદા છે.

બેયના કાર્યો જુદા, બેયના વેદન જુદા છે. એ રીતે જુદા પાડી દેવા જોઈએ એ એની વિધિ. અંદર સૂક્ષ્મ થઈને ઓળખી લ્યે કે આકુળતારૂપ જે છે, જે કાંઈ જાણતું નથી જેને જાણનારો પોતે જ્ઞાયક સ્વયં જ્ઞાયક છે એનું અસ્તિત્વ સ્વયં જ્ઞાયકરૂપ છે, એ મંદ હોય તોય પણ આકુળતારૂપ છે અને આ સ્વભાવ લક્ષણ નિરાકુળ છે. ગમે એવા ઉંચામાં ઉંચા શુભભાવ હોય તો એનું લક્ષણ તો એ આકુળતારૂપ છે. એ બેયને જુદા પાડે કે આ જે આકુળતારૂપ છે, તે હું નથી. હું તો ચૈતન્ય જ્ઞાયકરૂપ મારો સ્વભાવ(ઇ) લક્ષણ છે.

શુભાશુભભાવોથી પણ જુદો, ચૈતન્ય જ્ઞાયક, પછી વચ્ચે જે અલ્પ અસ્થિરતા આવે, એ જાણે, એમાં એકત્વ થાતો નથી. 'હું સ્વયં જ્ઞાયક છું' એ ભેદજ્ઞાનની વિધિ છે, એને લક્ષણથી ઓળખવું જોઈએ. અંતરમાં જઈને લક્ષણ ઓળખે. એ જેને ખરી (લગની) લાગે એ જ એના લક્ષણને ઓળખી શકે છે. ઈ જે ધીરો થઈને એને ગ્રહણ કરી એના લક્ષણને ઓળખીને પછી એનામાં એ જાતની પરિણતિને પ્રગટ કરી શકે, 'સ્વયં જ્ઞાયક જ છું મારો સ્વભાવ સ્વતઃસિદ્ધ જ્ઞાયક છે.' કોઈનો બનાવેલો નથી. સ્વતઃસિદ્ધ જ્ઞાયક, ચૈતન્ય અસ્તિત્વ, મારું અસ્તિત્વ મારાથી છે. અનંતગુણથી ગુંથાયેલો એવો અસ્તિત્વ એકરૂપ પોતે ચૈતન્ય છું. (3-93-1)

**શ્રોતા :** ચોવીસે કલાક પૂજ્યશ્રી આ રીતે ભાવના રાખવી જ જોઈએ.

**પૂજ્ય બહેનશ્રી :** ચોવીસે કલાક એમ જે એને ક્ષણે ક્ષણે ક્ષણે ક્ષણે વિભાવનો એનો અભ્યાસ, એને અધ્યાસ થઈ ગયો છે, એને ક્ષણે ક્ષણે ક્ષણે ક્ષણે એ જાતની પરિણતિ પ્રગટ કરે તો થાય. ચોવીસે કલાક તો સહજ ધારા જેને પ્રગટે એને ચોવીસે કલાક રહે. બાકી ઈ જાતનો પ્રયત્ન કરી શકે. સહજદશા નથી એને. સહજદશા હોય એને ભેદજ્ઞાનની ધારા, જ્ઞાયકતા એ ચોવીસે કલાક રહે. એ કોઈવાર એ વિકલ્પ તૂટીને સ્વાનુભૂતિમાં જાય છે બાકી વર્તમાનદશામાં ચોવીસે કલાક એને ક્ષણે ક્ષણે ક્ષણે ક્ષણે સહજ ધારા જ હોય જ્ઞાયકતાની. કરી શકે છે. (3-93-2)

**શ્રોતા :** આપણે એ પ્રથમ ક્યા શાસ્ત્રનો અભ્યાસ કરવો જોઈએ?

**પૂજ્ય બહેનશ્રી :** જે સમજાય આત્મદર્શન પ્રગટ કરવા માટે જે પોતાને સહેલા પડે એ મુખ્ય તો એમાં 'સમયસાર' શાસ્ત્ર છે. સમજાય નહીં તો ગુરુદેવના પ્રવચનો, ગુરુદેવે જે માર્ગ બતાવ્યો છે, ગુરુદેવે જે શાસ્ત્રો 'સમયસાર'ના પ્રવચનો છે, એ જેમાં ગુરુદેવે માર્ગ ચોખ્ખો કરીને બતાવ્યો છે. ગુરુદેવના પ્રવચનો વાંચવા, મૂળ તો 'સમયસાર'નો માર્ગ એકદમ આ રીતે છે, એમાં આગળ જવાનું છે, પણ એ માર્ગ એ ગુરુદેવે એને સ્પષ્ટ કર્યો છે. માટે 'સમયસાર'ના પ્રવચનો છે જે તમને સહેલું પડે એ

**વાંચવું. ગુરુદેવે તો દરેક શાસ્ત્રોના અર્થો ઉકેલીને માર્ગ ચોખ્ખો કર્યો છે. પ્રવચનો તો ઘણા બહાર પડ્યા છે. (3-93-3)**

**શ્રોતા :** એક સમયસારની ઉપર આપણે લક્ષ રાખવાનું .....

**પૂજ્ય બહેનશ્રી : એ પ્રવચનો ને જે તમને સહેલું પડે એ વાંચવું. અઘરું પડતું હોય તો જે સહેલું પડે એ પ્રવચનો વાચવા, ગુરુદેવના પ્રવચનો ઘણા બહાર પડેલા છે.**

**શ્રોતા :** ટૂંકાણમાં ટૂકાણ ને સહેલામાં સહેલા રીતે 'બહેનશ્રીના વચનામૃત' છે, એમાં 'સમયસાર'નો અર્થ પણ આવી જાય છે ને ગુરુદેવની વાણીના અર્થ પણ આવી જાય છે. બહુ ટૂંકાણમાં બહું સારું છે, બીજા પ્રવચનો, 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપરના, એમાં ઘણું સત્ આવી ગયું છે ટૂંકાણમાં. જે આપણે સહેલી આપણી માતૃભાષામાં પછી આપણે વધારે ટાઈમ હોય તો 'સમયસાર'નો અભ્યાસ કરવો. ગુરુદેવની વાણી પણ છે એમાં.

**પૂજ્ય બહેનશ્રી : મૂળ શાસ્ત્ર સમજાય તો સારું. જેમાં ભગવાને કીધેલો ધર્મ સમજાય એ જ ઉત્તમ છે, એ જ શરણ છે બધું એ જ છે. પહેલા આત્મા મંગળ છે, જ્ઞાયક મંગળ છે. જીવનમાં એ જ કરવા જેવું છે. ચૈતન્યની મંગળતા, જ્ઞાયક મંગળ, અને હૃદયમાં દેવ, ગુરુ, શાસ્ત્રને રાખવા એ જ મંગળ છે. અંતરમાં જ્ઞાયક, પંચ પરમેષ્ઠી મંગળ છે. ધર્મ મંગળ છે, સ્વભાવ ધર્મ આત્માનો જે પ્રગટ થાય એ મંગળ છે. જ્ઞાયકને ઓળખવો એ મંગળ છે. (3-93-4)**

**શ્રોતા :** વિચારે તો ભગવાન છો, અત્યારે તો ભગવાન છો, એ કેવી રીતે ભગવાન?

**પૂજ્ય બહેનશ્રી : સ્વભાવે ભગવાન, સ્વભાવે તો ભગવાન છે પ્રગટ થાય ત્યારે પ્રગટ ભગવાન, સ્વભાવ તો પોતે જેવા જિનેન્દ્ર ભગવાન છે, સિદ્ધ ભગવાન છે, એવો સ્વભાવ પોતાનો છે સિદ્ધ ભગવાન જેવો છે. સિદ્ધ ભગવાનને જે અનંતા ગુણ અને જે એમણે પ્રગટ પર્યાય છે. એને પ્રગટ પર્યાય નથી, વિભાવ પર્યાય છે, પણ અંદર સ્વભાવ તો સિદ્ધ ભગવાન જેવો જ છે. માટે સ્વભાવે-શક્તિએ ભગવાન છો, પ્રગટથી ભગવાનને ઓળખે ચૈતન્ય ભગવાનને તો પોતે પ્રગટ ભગવાન જેવો થાય છે. ગુરુદેવ ભગવાન કહે છે એમ કે શક્તિએ તું ભગવાન છો. તારી શક્તિ ભગવાન જેવી જ છે. જેટલા ગુણો ભગવાનના છે, તેટલા જ ગુણો તારામાં છે, અનંતી શક્તિ તારામાં છે ભગવાન જેટલી. એમાં જરાય ઓછી નથી. અનંતકાળ ગયો તોય કોઈ શક્તિ એમાં ઘટી નથી, પરિપૂર્ણ શક્તિથી ભરેલો છે તું. એ ભગવાનને ઓળખવાનો, એ ભગવાનનો સ્વભાવ ઓળખવો.**

જિનેન્દ્રદેવ તમારું નામ પણ સારું છે. સ્તોત્રમાં પણ કહે છે હે ભગવાન! તમારું નામ પણ અમને શાંતિકારક શીતળતા આપે છે. 'કલ્યાણમંદિર સ્તોત્ર'માં આવે છે ''રક્ષે નામે પણ તમપણું જન્મથી ભુવનોને'' તમારું નામ પણ અમને શાંતિ આપનાર ''વાયુ રૂડો કમલસરનો સુરસીલો વહે જે, તીવ્રોતાપે હત પથિકને ગ્રીષ્મમાં રીઝવે તે.'' તીવ્ર તાપથી પથિક ઓલો થઈ ગયો જેને શાંતિ આપે છે, એમ હે ભગવાન તમારું નામ એટલે નામ પોતે ભાવથી સ્વભાવ ઓળખીને આ તો શીતળતા, એમ અંતર ચૈતન્ય ભગવાનને ઓળખે ને તો અંતરમાં શીતળતા પ્રગટ થાય છે. અંતરમાં પોતાનો સ્વભાવ શીતળતા, જ્ઞાનની પાછળ પોતે ભાવ ગ્રહણ કરી લે તો અંદરથી શીતળતા પ્રગટાવા લાગે, બધામાં કરવાની શક્તિ છે, પણ જેને રુચિ લાગી હોય તે કરે છે. કરી તો શકે બધામાં, કોઈ એને રોકનાર નથી પોતે તૈયાર થાય બધા કરી શકે એમ. ગુરુદેવે કીધું 'તું પોતે ભગવાન છો.' જે કરવા ધારે કરી શકાય એમ છે, પણ પોતે કરતો નથી.

(3-93-5)

**શ્રોતા :** તો પુરુષાર્થ કેમ થાય?

**પૂજ્ય બહેનશ્રી :** ઉપાદાન તૈયાર થાય તો એમાં જે પોતાની તૈયારી હોય એવા નિમિત્તો મળ્યા વગર રહેતા જ નથી. દેવ, ગુરુ, શાસ્ત્રને નિમિત્ત કહેવાય છે. ભગવાનની વાણી પ્રબળ નિમિત્ત છે, પણ પોતે ઉપાદાન તૈયાર થાય તો એ નિમિત્ત નિમિત્તરૂપે પોતાનું થાય છે. પોતાની તૈયારી વગર કોઈ કરી દેતું નથી. પોતે તૈયાર થાય તો ભગવાનને નિમિત્તરૂપે પોતે ગ્રહણ કરે છે. ઉપાદાન-નિમિત્તનો એવો સંબંધ છે. અનાદિકાળથી અજાણ્યો માર્ગ પહેલા દેશનાલબ્ધિ થાય છે, પણ એ દેશનામાં પોતે ગ્રહણ કરે તો એ દેશના લબ્ધિ અંતરમાં પ્રગટ થાય છે. તો દેશનાલબ્ધિ થાય છે.

(3-93-6)

**શ્રોતા :** જીવ ખાલી શુભાશુભભાવ કરીને જન્મ્યો, મર્યો. બીજું પરમાં અનાદિકાળથી આજ સુધીમાં કાંઈ કર્યું જ નથી?

**પૂજ્ય બહેનશ્રી :** પરનું કાંઈ કરી શકતો નથી. પરદ્રવ્ય સ્વતંત્ર છે. પરદ્રવ્ય એના ગુણો ને એની પર્યાયો બધું સ્વતંત્ર પોતે કાંઈ કરી શકતો નથી. પોતે પોતાના ભાવ કરે છે. શુભ ને અશુભ બેય ભાવો કરે બાકી માને કે મેં આને ફેરવી દીધું આનું સારું કરી દીધું, ખરાબ કરી દીધું. સૌના પુણ્ય-પાપના ઉદય પ્રમાણે બને છે. કોઈ કોઈને કરી શકતું નથી. માત્ર પોતે નિમિત્ત થાય તો એમ માને છે, કે મેં કરી દીધું, કોઈનું કરી શકતું નથી પોતે પોતાના ભાવો વિભાવમાં શુભાશુભભાવો, ને સ્વભાવમાં જાય તો પોતાને સ્વભાવનો કર્તા થાય સ્વભાવનો. બાકી પરનું કાંઈ કરી શકતો નથી.

જ્ઞાની જ્ઞાનને ભાવે કે આનંદને ભાવે, જ્ઞાની જ્ઞાયકતાને ભાવે છે આખા, ચૈતન્યદ્રવ્ય ને એમાં એના ગુણો સમાય, એક ગુણની ભાવના નથી એમાં, એક જ્ઞાયક આખો જ્ઞાયક ગ્રહણ કરવો એમાં અનંતગુણ આવી જાય છે. એ જ્ઞાયક, એક આનંદ એમ. ઈ તો જ્ઞાન એનો અસાધારણ ગુણ છે, એટલે જ્ઞાયકને ગ્રહણ કરે એમ કહેવામાં આવે છે. જ્ઞાયકને ગ્રહણ કરે એમ અસાધારણ ગુણ છે, એટલે આનંદની ભાવના કરે કે જ્ઞાનની ભાવના કરે એમ નથી એ તો જ્ઞાયક ગ્રહણ કરે છે.

'હું જ્ઞાયક ચૈતન્ય છું, આ પરદ્રવ્યથી જુદો, હું જ્ઞાયક, હું એક જ્ઞાયક સ્વરૂપ' એમાં જે ગુણો હોય એનું અનંતગુણનું અંશે વેદન એને પ્રગટ થાય છે. એક ગુણ પ્રગટ થાય એવી એવી ભાવના નથી હોતી. ચૈતન્યનો સ્વભાવ જે સ્વભાવ છે, એ પ્રગટ થાય એવી ભાવના એ જ્ઞાયકની ભાવનાથી બધું અંદર પ્રગટ થાય છે. કોઈ એક ગુણની ઇચ્છા એને હોતી નથી. દ્રવ્ય ઉપર એની દૃષ્ટિ નથી. ગુણભેદ તો વચ્ચે આવે છે. જ્ઞાન, દર્શન, ચારિત્રના ભેદ ઉપર એની દૃષ્ટિ નથી. દૃષ્ટિ તો અખંડ ઉપર (છે) પછી જ્ઞાન, દર્શન, ચારિત્રના ભેદ એમાં સહેજે આવી જાય છે. જ્ઞાનની, દર્શનની, ચારિત્રની આરાધના એમાં સહેજે આવી જાય છે. (3-93-7)

**શ્રોતા :** ....આપે અભેદથી જવાબ આપ્યો.

**પૂજ્ય બહેનશ્રી :** પણ જ્ઞાનીની દશા જ એવી હોય છે, એ અભેદને જ ગ્રહણ કરે છે. એ કાંઈ ભેદને ગ્રહણ કરતા નથી. ભેદને તો જાણે. વચ્ચે ભેદ આવી જાય છે, બાકી ગ્રહણ તો એ અભેદને જ કરે છે. ભેદને ગ્રહણ કરતો નથી. જ્ઞાનીની સહજદશા જ એવી હોય છે, કે એ અભેદને ગ્રહણ કરે છે. એ અમારે ઓલું શ્રીમદ્ માં 'અમારે કાંઈ જોઈતું નથી. ભગવાન ક્યું પદ આપશે?' કે જ્ઞાન જોઈએ છે, કે આનંદ જોઈએ છે, કે કેવળજ્ઞાન જોઈએ કે આ જોઈએ છે? એ ક્યાંય મોક્ષની ઇચ્છા, ઈ ઇચ્છા બધા વિકલ્પના ભેદો છે. કાંઈ એક બસ સહજ અવસ્થા જે એ પ્રગટ થાઓ, જે જ્ઞાયકતા, જ્ઞાયકતારૂપે પરિપૂર્ણ થાઓ બસ. એક કેવળજ્ઞાન જ્ઞાન એક જોઈએ છે, એમ નથી. આખી શુદ્ધિ એવી બધી પ્રગટ થઈ જાય છે. મોક્ષની ઇચ્છા પણ એ વિકલ્પ ભેદરૂપ છે. ''ભવ મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો.'' મોક્ષની ઇચ્છાનો વિકલ્પ એમાં આવે ભાવના કેવળજ્ઞાન થાય, વીતરાગતા થાય, પણ એ કાંઈ વિકલ્પમાં રોકાતો નથી. પરિપૂર્ણતા થઈને પરિણતિ થાય તે પૂર્ણતા થાઓ. (3-93-8)

**શ્રોતા :** આપણને જ્ઞાનમાં એવું જ બળ રહે જ્ઞાનના વિષયોમાં એવું જ બળ રહેતું હશે જેવું શ્રદ્ધાના બળ વખતે?

**પૂજ્ય બહેનશ્રી : શ્રદ્ધા ને જ્ઞાન બેય સાથે જ છે, એટલે બેયનું બળ સાથે છે. શ્રદ્ધામાં નિઃશંકતા આવે છે અને જ્ઞાન, જ્ઞાન કરે છે. શ્રદ્ધા ને જ્ઞાન બેય સાથે શ્રદ્ધા થાય એની સાથે સાચું જ્ઞાન હોય જ છે, એટલે માટે શ્રદ્ધાનું ને જ્ઞાનનું બળ બેય સાથે જ હોય છે. જ્ઞાન વિષયને જાણે છે. ત્યારે શ્રદ્ધા છે, એ એક ઉપર દૃષ્ટિ. એનો વિષય એક અખંડ છે. એ એકબીજાને મદદ કરનાર છે કોઈને ઢીલું પાડનાર નથી. શ્રદ્ધા જોરદાર હોય તો એમાં જ્ઞાન પણ જોરદાર છે જ્ઞાન પણ જોરદાર છે, એની શ્રદ્ધા પણ જોરદાર છે. એકબીજાને સંબંધ છે, એમ. (3-93-9)**

**શ્રોતા :** શ્રદ્ધા નયના અર્થમાં છે અને જ્ઞાન પ્રમાણના વિષયના અર્થમાં છે.

**પૂજ્ય બહેનશ્રી : એમ નહીં, દૃષ્ટિ ત્રિકાળને શ્રદ્ધે આત્મા ભલે એમ કહે જ્ઞાન પ્રમાણને કહે છે, પણ તોય એને કાંઈ ઢીલો નથી જ્ઞાન પાડતો કાંઈ! જ્ઞાન બેય નયને જાણે છે. એ તો બોલવામાં એમ આવ્યું કે જ્ઞાન પ્રમાણને કહે પણ એની પરિણતિની અંદર જે છે, એ દૃષ્ટિ અને જ્ઞાન એકબીજાને ઢીલું નથી પાડતું. એકબીજાને બળ જ આપે છે. એની પરિણતિની અંદર જે શ્રદ્ધા કહે છે, એ જાતના વિષયને જ્ઞાન બરાબર જાણે છે. જે શ્રદ્ધાનો વિષય છે, એને જ્ઞાન જાણે છે અને જ્ઞાન ભેદને પણ જાણે છે, એટલે જ્ઞાન અભેદને જાણે છે અને ભેદને જાણે છે, એટલે અભેદનું બળ એનું ઢીલું કરીને ભેદને જાણે છે, એવો એનો અર્થ નથી. જ્ઞાન અભેદને જાણે છે અને વિશેષમાં ભેદને જાણે છે. અને એને અભેદને તોડીને ભેદને જાણે છે, એવો એનો અર્થ નથી.**

**(3-93-10)**

**શ્રોતા :** વિશેષને દુભવ્યા વગર જ્ઞાન જાણે

**પૂજ્ય બહેનશ્રી : જ્ઞાન વિશેષ વિશેષ છે જ્ઞાન. ઓલું (દૃષ્ટિ) સામાન્ય છે ત્યારે આ જ્ઞાન વિશેષ છે. એ સામાન્ય-વિશેષને બેયને જાણે એટલે કાંઈ સામાન્યને ઢીલું પાડીને વિશેષને જાણે છે, એવું નથી. એ તો એને બળ આપે છે ને વિશેષને જાણે છે ને આખો અખંડપણે છે. સામાન્ય ને વિશેષ બેય એનો. એમ જુદો નથી પાડતો. દૃષ્ટિ મુખ્ય રહે એટલે જ્ઞાન એને ઢીલું પાડે છે, એવો અર્થ નથી. તો તો એની સાધકના માર્ગમાં એમ થાય જ્ઞાન બેયને જાણે એટલે જ્ઞાન સાથે રહે તો જ્ઞાન દૃષ્ટિને ઢીલી પડે છે. ઢીલી નથી પાડતો, દૃષ્ટિનું બળ ઉલ્ટાનું એ બેય સાથે રહીને બળ વધારે છે. વિશેષ પ્રયત્ન કરે છે. જ્ઞાન માર્ગને બરાબર જાણે છે, જ્ઞાનમાર્ગને તો વિશેષ પ્રયત્ન થાય છે, જેટલું અધુરું છે, એને જાણે છે અને દૃષ્ટિ મુખ્ય રહે છે બળવાન રહે છે.**

**અંતરમાં રહેલા એક ગુણો એકબીજાને સહચરરૂપે બળ જ આપે છે. આવે કે બેયના વિષય જુદા આને પ્રમાણના અર્થમાં કહેવો દૃષ્ટિમાં પણ એની પરિણતિમાં**

**એકબીજાને બળ જ આપનારો છે બેય. દૃષ્ટિપૂર્વક જ્ઞાનના વિષય છે, એ દૃષ્ટિને ઢીલું નથી પાડતું જ્ઞાન. એ તો જ્ઞાન કરવું જ નહીં એવો એનો અર્થ નથી. જ્ઞાનનો યથાર્થ માર્ગ જે બે પ્રકાર છે દ્રવ્ય ને પર્યાય છે. જ્ઞાન તો યથાર્થ જાણે બધું. જે અધુરું છે, પુરું છે, જે સામાન્ય, વિશેષ બધું જાણે છે. એ દૃષ્ટિને કાંઈ ઢીલી નથી પાડતું જ્ઞાન. દૃષ્ટિને બળવાન કરે છે. દૃષ્ટિપૂર્વક પોતાનું કાર્ય સાધે છે. (3-93-11)**

**શ્રોતા :** પદાર્થને, કાંઈ જેમ વધારે વિચાર કરીએ આપણે, તેવી રીતે કાંઈ વસ્તુનું આખું સ્વરૂપ છિન્ન-ભિન્ન જેવું બેસે ?

**પૂજ્ય બહેનશ્રી : એવું નથી બહુ વિચારથી છિન્ન-ભિન્ન બેસે એવું નથી. છિન્ન-ભિન્નતા થાય તે પોતાની જ્ઞાનની ભૂલ છે. એ બહુ વિચાર કરે તો જ્ઞાન નિર્મળ થાય છે. વિચાર કરવાથી કાંઈ છિન્ન-ભિન્નતા થાતી નથી. એ તો એને યથાર્થ માર્ગ મળે છે. જો એ સમ્યક્ માર્ગે વિચાર કરે, સમ્યક્ રીતે તો યથાર્થ માર્ગ એમાંથી મળે છે, પણ ઈ જો એને યથાર્થ નહીં વિચારતા, છિન્ન-ભિન્ન તરીકે ખંડ ખંડ રીતે એવી જાણે તો એમ થાય. બાકી સમ્યક્ રીતે જાણે તો છિન્ન-ભિન્નતા નથી આવતી. અખંડને સાથે રાખી અને ખંડ કેવી રીતે છે ? ભેદ કેવી રીતે છે ? એમ ખંડને અખંડની સંધિપૂર્વક વિચાર કરે તો એમાં કાંઈ છિન્ન-ભિન્નતા નથી આવતી. સામાન્ય અખંડને સાથે રાખીને વિચાર કરે તો છિન્ન-ભિન્નતા નથી આવતી, પણ છિન્ન-ભિન્ન સર્વથા છિન્ન-ભિન્ન છે, એવી રીતે વિચાર કરે તો એના વિચારમાં ભૂલ છે, એવી રીતે વિચાર સમ્યક્ વિચાર નથી એ, સમ્યક્ રીતે વિચાર કરવો જોઈએ કે અખંડતા રાખીને ખંડનો વિચાર કરવો જોઈએ. (3-93-12)**

**શ્રોતા :** દૃષ્ટિમાં વાત બરાબર બેસવી જોઈએ પછી જ્ઞાનની બેસવી જોઈએ...

**પૂજ્ય બહેનશ્રી : દૃષ્ટિમાં બરાબર યથાર્થતા આવવી જોઈએ અને જ્ઞાનમાં યથાર્થતા આવવી જોઈએ તો એ યથાર્થ વિચાર એનો થાય. દૃષ્ટિ બરાબર બેસી જાવી જોઈએ. દૃષ્ટિ અખંડને ગ્રહણ કરે, જ્ઞાન ભેદને, અખંડને બેયને ગ્રહણ કરે, એ બધું જ્ઞાન પોતે જ જાણે છે. એ જ્ઞાનમાં સમ્યક્તા સમ્યક્ રીતે જ્ઞાનમાં વિચાર કરવો જોઈએ તો છિન્ન-ભિન્નતા નથી આવતી. (3-93-13)**

**શ્રોતા :** આ લોકો પંડિતજીને બહુ દોષ દે છે કાંઈ પણ વાત કરીએ તો કહે કે તમે વસ્તુના ટુકડા કરી નાખ્યા.

**પૂજ્ય બહેનશ્રી : એ અખંડતા છોડીને વાત કરે તો ટુકડા એ બરાબર, અખંડતા.... અખંડતા છોડી દીધી ને તો છીન્ન-ભિન્નતા જણાય.**

**શ્રોતાઓ : ભગવતી માતનો જય હો.... માતાજીની અમૃતવાણીનો જય હો....**

## પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી, ભાગ-૩

# તત્ત્વચર્ચા - ૯૪

**શ્રોતા :** બાળકને બા છે, બા છે, એ પૂછે તારી બા કોણ છે? ત્યારે એમ જ કહે બા એક જ એમ અમને ખાલી એક આત્મા જ ખબર છે તો સમ્યગ્દર્શન થઈ શકે?

**પૂજ્ય બહેનશ્રી : એને અંતરથી આવવું જોઈએ બાળકને જેમ આવે છે 'મારી બા, મારી બા' એમ એનું હૃદય પોકારે છે, એમ એનું હૃદય અંદર ચૈતન્યની પરિણતિ પોકાર કરે કે 'મારો આત્મા આત્મા' મારે જ્ઞાયક સિવાય કાંઈ નથી જોઈતું. ચેન નથી પડતું મને વિભાવમાં શાંતિ લાગતી નથી. અનેક જાતની સંકલ્પ-વિકલ્પની જાળ આ બધું મને કાંઈ સુખ લાગતું નથી. મને મારા આત્મા વગર ક્યાંય ચેન પડતું નથી. જેમ બાળક કેમ ગમે હોય તો બા વગર ચૈન નથી પડતું એને ખાવાનું, પીવાનું, ગમે એ એને દે તોય 'મારી બા, મારી બા' કરતો, સૂવરાવે કરે તોય 'મારી બા, મારી બા' કરતો રહે છે અને જરાક આમ બોલે નહીં તો એના હૃદયમાં 'મારી બા, મારી બા' થાતું હોય છે, એમ અંતરમાંથી ક્યાંય એને ચેન પડે નહીં બહારમાં વિભાવમાં, ક્યાંય શાંતિ લાગે નહીં. જ્યાં સુધી મને મારો આત્મા જ્યાં સુધી મને જ્ઞાયકદેવના દર્શન થાય નહીં ત્યાં સુધી મને શાંતિ થાય નહીં. એટલી અંતરથી જેમ બાળકને લાગે એવી રીતે એમ લાગે કે જ્ઞાયક વગર મને ક્યાંય શાંતિ (નથી) જ્ઞાયક વગર, બસ જ્ઞાયક એ જ મારું જીવન છે. જ્ઞાયક એ જ મારું જીવન. સાચું જીવન હોય તો જ્ઞાયકની પરિણતિ પ્રગટ થાય, ચૈતન્યની પરિણતિ ચૈતન્યરૂપ થાય એ જ સાચું જીવન છે. બાકી વિભાવનું જીવન તો જીવન નથી એટલી અંદરથી ભાવના ઉગ્ર થાય તો એને આત્મા જ્ઞાયક મળ્યા વગર રહે જ નહીં. એના માર્ગે એ પોતે જ ચાલ્યો છે. દેવ, ગુરુ, શાસ્ત્રે માર્ગ ઘણો જ બતાવ્યો છે, પણ કરવાનું પોતાને રહી જાય છે. (3-94-1)**

**શ્રોતા :** બસ ઈ જ અમને થાય છે, કે જ્ઞાયક એ છ મહિના પુરુષાર્થ કરીએ તો પ્રાપ્ત થાય ને!

**પૂજ્ય બહેનશ્રી : હા, શાસ્ત્રમાં આવે છે, કે ઉત્કૃષ્ટ છ મહિના ઉગ્ર ભાવના થાય તો મળ્યા વગર રહે જ નહીં.**

**શ્રોતા :** પણ સમજો કે ન થાય પણ ઈ ચૈતન્ય પરિણતિ છે, એ સ્વયં પર્યાય છે ને! સમ્યગ્દર્શનની. એ પરિણતિ ગમે ત્યારે આવી જાય પણ શાંતિ રાખવી ને!

**પૂજ્ય બહેનશ્રી : શાંતિ, ભાવના રાખવી.**

**શ્રોતા :** કારણ કે ઉગ્ર થાય તો છે, કે જલ્દી આપણે કરી લઈએ કારણ કે પછી તો ખબર નથી ક્યાં જાશું.

**પૂજ્ય બહેનશ્રી : ભાવના રાખવી કે આ ક્યાંય સુખ નથી, કારણ કે આ મારો સ્વભાવ નથી, મારો સ્વભાવ ચૈતન્ય છે ને હું જ્ઞાયક છું, હું જાણનાર છું આનાથી જુદો છું, એવી ભેદજ્ઞાનની પરિણતિ તૈયાર કરે પછી એમાં આકુળતા ન કરે પણ ભાવના રાખે કે ગમે ત્યારે મારે જ્ઞાયક તરફ જાવું જ છે અને એ પ્રયત્ન કરવો જ છે, ગુરુદેવે જે માર્ગ બતાવ્યો એ માર્ગે જાવું જ છે, એવી દૃઢતા રાખીને વારંવાર એનો પ્રયત્ન કર્યા કરે. ન થાય તો આકુળતા ન કરવી. પણ શાંતિ રાખીને માર્ગે જાય તો એને મળ્યા વગર રહેતું નથી. અંતરમાંથી જો લાગી હોય તો એ મળ્યા વગર રહે જ નહીં.**

**ગમે ત્યારે પણ એની ભાવના ઉગ્ર કરે, પ્રયત્ન ઉગ્ર કરે. એનો માર્ગ એની મેળાએ થાય. ભેદરૂપ સ્વભાવને ઓળખે, સ્વભાવનું લક્ષણ ઓળખે કે આ હું ચૈતન્ય જ્ઞાયક છું અને આ વિભાવ છે તે આકુળતામય છે. હું શાંતિરૂપ, જ્ઞાનરૂપ એવો ચૈતન્ય સ્વભાવ મારો છે. ચૈતન્યનો, જેમ બાળક માતાનો છેડો મૂકે નહીં હું જ્ઞાયકનો છેડો મુકું જ નહીં એવું ગ્રહણ કર્યે જ છૂટકો. એવી અંદરથી ભાવના કરે. ગ્રહણ થયા વગર રહે જ નહીં. ગ્રહણ થાય તો પછી એ છેડો મૂકતો જ નથી. એવી પરિણતિ પ્રગટ થાય.**

**પહેલા એ તરફ દૃષ્ટિ થઈ, જ્ઞાન કરે, એ જાતનું આચરણ કરે. તો એને ભેદજ્ઞાનની ધારા પ્રગટ કરે તો ગમે ત્યારે એને નિર્વિકલ્પદશા થયા વગર રહેશે નહીં. પહેલાં ભેદજ્ઞાનની પરિણતિ તૈયાર કરે કે આ હું છું. હું આ ચૈતન્ય છું, હું જ્ઞાયક છું, જ્ઞાયક આ હું નથી...નથી... વિકલ્પ આવે એ મારો સ્વભાવ નથી..નથી... એમ અંતરમાંથી થાય. શુભાશુભ વિકલ્પ વખતે આ હું નથી, આ હું નથી. હું આ ચૈતન્ય છું... ચૈતન્ય છું, એવું અંતરમાંથી એને થાય તો પ્રગટ થાય. (3-94-2)**

**શ્રોતા :** અશુભમાંથી શુભમાં જાય છે. પછી પણ શુભ પણ ભાવ આપણો નહીં. શુભભાવથી જુદું.

**પૂજ્ય બહેનશ્રી : હા, એનાથી જુદું શુભભાવ તો વચ્ચે આવે જ અશુભથી બચવા શુભ ન આવે તો ક્યાં ઊભો રહે? તો તો ઉલટો અશુભમાં જાય, શુભ આવે પણ એ મારો સ્વભાવ નથી. શુભેય મારો સ્વભાવ નથી. હું તો શુદ્ધાત્મા છું, જ્ઞાયક છું. આ પ્રવૃત્તિ મારો સ્વભાવ નથી, હું તો ચૈતન્ય નિવૃત્તમય પરિણતિ છું. સ્વભાવનો કાર્ય કરનારો, હું વિભાવનો કાર્ય કરનારો હું નથી. (3-94-3)**

**શ્રોતા :** અશુભભાવ છૂટ્યા પછી સમ્યગ્દર્શનની પર્યાય થાય ને? અશુભ-ભાવથી શુભભાવ, અશુભમાંથી તો શુભમાં આવ્યો પણ શુભ પણ છૂટી જાય ને?

**પૂજ્ય બહેનશ્રી :** શુભનો વિકલ્પ તૂટી જાય તો સમ્યગ્દર્શન થાય. એનો ક્ષય ન થાય. પણ ક્ષણભર એને ભેદજ્ઞાનની પરિણતિ થઈ એ તરફથી ઉપયોગ છૂટી જાય અને તો નિર્વિકલ્પદશા થાય. પછી તો, હજી તો સાધકદશા છે, અંશ છે માટે પાછો એને વિકલ્પ આવે છે, પણ એની ભેદજ્ઞાનની ધારા રહે છે, કે આ હું નથી. હું તો ચૈતન્ય છું. આ શુભભાવ મારો સ્વભાવ નથી. હું તો ચૈતન્ય છું. એમ વિકલ્પ આવે તોય એવી ભેદજ્ઞાનદશા તૈયાર રહે છે અને ઉપયોગ પલટીને સ્વાનુભૂતિમાં જાય છે તો વિકલ્પ તૂટી જાય છે. છૂટી જાય તોય કેમ નથી થાતો? એની આકુળતા નહીં કરવાની શાંતિ રાખવી.

સ્વયં પરાક્રમી, પોતાના પુરુષાર્થની પરિણતિથી ચાલનારો એક ચક્રથી ચાલનારો, એવો ચૈતન્ય દ્રવ્ય પરની તરફ જઈને જાણે કે હું કાંઈ કરી શકતો નથી એવું થઈ જાય. સ્વયં પોતાનું ચક્ર જો ફેરવે તો પોતાના ચૈતન્ય તરફ પરિણતિ કરનારો એવો સ્વયં સ્વતઃ પરાક્રમી છે. સ્વયં જાગૃત, જાગતો છે. જાગતો (જીવ) ઊભો છે ક્યાં જાય? આચાર્યદેવ બીજું એમાં ભેદજ્ઞાન લઈ લીધું કે સ્વયં ભેદજ્ઞાનની પ્રવીણતાથી. ભેદજ્ઞાનની એવી પ્રવીણતા, એની ચાલાકી એને હોય છે, કે એ પ્રવીણતાથી બસ 'હું આ જ છું, હું નિઃશંક આ છું. આ ચૈતન્ય તે જ હું છું. આ જાણનારો તે જ હું છું.' એવો નિઃશંક સમર્થ થાય છે, એનો પુરુષાર્થ જોરદાર ઉપાડે છે. હું આ એકેય નહીં. બીજો આ વિભાવ પર્યાય છે, એમાં હું ક્યાં ગયો? હું ક્યાંય ગયો નથી. આ તે હું છું બીજો નથી એટલી નિઃશંકતાને દૃઢતા આવે છે, કે એના પુરુષાર્થનું બળ એને પ્રગટે.

આ રાજા જ છે, એને સેવન કરવાથી અવશ્ય ધનની પ્રાપ્તિ થાવાની જ છે. આ અનુભૂતિ સ્વરૂપ જે આત્મા, મને સ્વયં એને સ્વભાવ મને જ્ઞાન અસાધારણ અનુભવાઈ રહ્યો છે, તે જ હું છું. સ્વયં અનુભવ, જ્ઞાન અનુભૂતિરૂપ અત્યારે છું, આનંદની અનુભૂતિ ભલે પછી થાય. એના અનંતગુણસ્વરૂપ એની ચિન્મુદ્રા છાપવાળો જે સ્વયં શુદ્ધાત્મા જ હું છું એનું વેદન ભલે નથી પણ જ્ઞાનની અનુભૂતિ જ્ઞાનરૂપે જે અનુભૂતિ થઈ રહી છે, એ જ આબાળગોપાળને એ અનુભૂતિ સ્વરૂપને હું પોતે ગ્રહણ કરીને એમ કહે છે કે બસ આ હું જ છું એમાં આચરણમાં સમર્થ થાય છે. એવી ભેદજ્ઞાનની પ્રવીણતા વાપરે તો ચાલાકીથી તો એકદમ આ શુભાશુભભાવો હોય. એમાં એકેય અંશ જે શુભ અંશ આવે એ પણ મારું સ્વરૂપ નથી. શુભની પર્યાય, હું જ્ઞાન છું, દર્શન છું, ચારિત્ર એવા ચારિત્રના એવા દર્શનના ગુણના ભેદના વિકલ્પો એ પણ હું નથી. એવી પ્રવીણતા વાપરે છે એની જ્ઞાનની કે બધાથી છૂટો પડી જાય છે.

બધાને જોવે છે બધા વિકલ્પો આવે છે ઈ વિકલ્પથી પોતે જુદું જ્ઞાન કરે છે, કે આ જુદો છું હું ચૈતન્ય આ જુદું છે, એ આવે છે ભલે મારી પરિણતિમાં આવે છે, પણ આ મારું મૂળ સ્વરૂપ નથી. આ જુદું છે ને આ જુદું છે, આ જુદું છે ને આ જુદું છે, એવી

પ્રવીણતા વાપરે છે. આની અંદર આ સોનું છે ને આ પાષાણ છે, સોનું છે ને આ પાષાણ છે, એમ પ્રવીણ માણસ એકદમ જુદું પાડે છે. આ સોનાનો ભાગ, આ પાષાણનો ભાગ. આ સોનાનો ભાગ, આ પાષાણનો ભાગ એમ આ જ્ઞાનનો ભાગ છે ને આ વિભાવનો ભાગ છે. આ વિભાવનો વિકલ્પ ભેદ આકુળતાનો ભાગ છે, ને આ જ્ઞાનનો ભાગ છે, એમ પ્રવીણતાથી એને જુદો પાડતો પાડતો પોતે પોતાના આચરણમાં સમર્થ થાય છે. એવી રીતે સાધ્યની સિદ્ધિની ઉત્પત્તિ છે બીજી કોઈ રીતે ઉત્પત્તિ નથી.

અંતરમાં વધતા પ્રગટ કરવાનું છે. પહેલાં તો જે બહાર કર્તાબુદ્ધિ છે, એથી છૂટીને નિષ્કર્મ, નિષ્કર્મ થાવું જીવને બહુ દુષ્કર થઈ પડ્યું છે. આટલો પ્રવૃત્તિનો એનો રસ છે, વિકલ્પ, સંકલ્પ વગર રહી શકતો નથી. કર્તાબુદ્ધિ વગર રહી શકતો નથી. એમાં એકદમ નિષ્કર્મ થાવું એને બહુ દુષ્કર પડે છે. સ્વભાવની ક્રિયા જે પ્રગટ થાય એ તો એને દેખાતી નથી. સ્થૂળ ઉપયોગ થઈ ગયો છે, એટલે પોતાની સ્વભાવ પરિણતિ, હું સ્વભાવની પરિણતિ કરનારો એ વેદનમાં આવતું નથી ને આમ નિષ્કર્મ થાવું છે, એમ નિષ્કર્મ થાવું એને દુષ્કર થઈ પડે છે, કે જાણે હું શૂન્ય થઈ જઈશ નિષ્કર્મ અવસ્થા પ્રગટ કરવાથી! તે નિષ્કર્મ અવસ્થા પ્રગટ કરીને અંતરમાંથી જે પરિણતિ પ્રગટ થાય એટલી નિઃશંકતા પ્રગટ કરવી એને બહુ દુર્લભ થઈ પડે છે, પણ પુરુષાર્થી જીવ છે. જેને લાગી છે જેને મારી મા જોઈએ છે, એમ મારો આત્મા જ જોઈએ છે, એ નિષ્કર્મ થઈ જાય છે. પહેલાં ઓલો બાળક જેમ બધે નથી જોતું, નથી જોતું, મારી બા જોઈએ છે, કાંઈ નથી જોઈતું. એમ નિષ્કર્મ થઈને એ ચૈતન્યમાં જાય છે ત્યારે સ્વભાવ પરિણતિ એને પ્રગટ થાય છે.

સ્વભાવને જ્ઞાનની અનુભૂતિ તો થઈ ગઈ છે, આનંદની અનુભૂતિ એને વિશેષ પ્રગટ થઈ છે. અનુપમ આનંદ પ્રગટ થાય છે. અને આનંદમાં અનંતગુણો સમાયેલા છે, એટલે જ્ઞાયક એકલા જ્ઞાયકતાથી ભરેલો નથી. અનંત આનંદ સાગરથી ભરેલો અનંત ગુણોથી, અનંત ચૈતન્યથી ને અનંતધર્મો ભરેલા છે. જે ધર્મો વચનમાં પણ ન આવે, એવી જાતના અનંત ધર્મોથી ભરેલો જે જ્ઞાયક એને વેદનમાં આવે છે, કે આવી બા જેવી લગની, બાની લગની, છોકરાની કેટલી હોય છે! ક્યાંય ચેન નથી પડતું. ગમે એટલા માણસ હોય ને આમ ઢગલા ખાવાના કરે, કે કપડાના કરે ગમે એ કરે તોય ચેન નથી પડતું, 'મારી બા,' ઘડી ઘડી એને યાદ આવે 'મારી બા' ઓલા છોકરાને મા વગર શાંતિ નથી. પોતાનો એને સ્વાદ આવે છે. ચૈતન્યનો સ્વાદ આવે છે, જ્ઞાનની નજીક છે આ અસ્તિત્વતાનો આખો સારાંશ પાંચ પાંચ મિનિટમાં આવી જવો જોઈએ. આ રીતે સાધવાનું છે માર્ગ આખો, આચાર્યદેવે બતાવી દીધો છે. જેમ કોઈ વસ્તુને

જાણે, પછી શ્રદ્ધા કરે, પછી એનું જ કરવું અનુચરણ પછી યત્નથી, જીવરાજ એમ જ જાણવો, એ શ્રદ્ધવો એનું કરવું અનુચરણ, જાણવો, શ્રદ્ધવો અને અનુચરણ કરવો.

વિચાર કરીને નિર્ણય કરે, આ જ્ઞાનસ્વરૂપ આત્મા છે, એને જાણે, આ બરાબર છે? એમ જ છે પહેલા જાણે છે, કે આ લક્ષણ પછી નક્કી કરે છે આ એમ જ છે? એટલે નિઃશંક થાય છે, સ્થિર થાય છે કે આ આમ જ છે. 'હું આ આત્મા જ છું' એટલી નિઃશંકતા થાય છે, એટલે પછી પ્રયત્ન કરે છે, એ બાજુનો. સહજ એકદમ આવતું નથી. ઓલું બધું નિઃશંક શી રીતે થવાય? બીજું કાંઈ કર્યા વગર આવતું નથી. એ કરવાનું શું છે કે નિષ્કર્મ થઈ જા, કે જ્ઞાતા થઈ જા, જોયા કર, શું કરવા બોજો ........ કરે છે. અંદરથી સ્વભાવ કર્મ પ્રગટ થાય છે, એ નથી જોતો. નિષ્કર્મ થાવું બસ એ લક્ષણ છે.

અંદર કાંઈક કાંઈક એને ઘટમાળ ચાલતી જ હોય છે. ઘટમાળ છે ને એને છૂટી પાડવી પણ ઘટમાળ પછી છૂટી પડે પણ એનું ભેદજ્ઞાન તો કર પહેલાં. ઘટમાળ છૂટીને નિર્વિકલ્પદશા થાય પણ ઘટમાળનું ભેદજ્ઞાન તો કર એમ. ઘટમાળને જાણનારો તે હું છે, એમ તો નક્કી કર. નક્કી કરીને હું એ જુદો જુદો એમ તો પ્રયત્ન કર. સ્વભાવ જોઈએ, સ્વભાવ જોઈએ. સ્વભાવની પાછળ પડીશ તો સ્વભાવ પ્રગટ થયા વગર રહેશે નહીં. ભગવાનને જ્યાં જોઉં ત્યાં દેખે..... અંદર જ્યાં જોઉં ત્યાં નાથ એટલે ચૈતન્યદેવ જ દેખાય, એ વિશેષમાં સામાન્ય દેખાય. આચાર્યદેવ એટલું જ દેખાડે છે. આમ ગ્રહણ કરી કરીને કહે તું જો તો ખરો. વિશેષમાં સામાન્ય છે. તું સામાન્ય ગોતવા ક્યાં જાય છે? નથી દેખાતું, નથી દેખાતું વિશેષ તારો કાયમનો અનુભવમાં આવેલું વિશેષ છે, એમાં સામાન્ય છે, એમાં તો જો. એ જ્યાં જોઉં તો ત્યાં દેખું બધે ઠેકાણે તારો નાથ ચૈતન્યદેવ જ દેખાય છે. તું જો તો ખરો, તારી પર્યાય, પર્યાયની અંદર બધાની અંદર તારું સામાન્ય ભરેલું છે તું જો તો ખરો, એ કાંઈ એનાથી જુદું નથી. દરેકમાં સામાન્ય છે અંદર. પ્રત્યેકમાં સામાન્ય છે કોઈ વિશેષ એવું નથી, વિભાવ પરિણતિનું કે જેમાં સામાન્ય ન હોય. (3-94-4)

**શ્રોતા :** વિભાવ પરિણતિમાં....

**પૂજ્ય બહેનશ્રી :** એ સાથે સામાન્ય આવી જાય છે. એમાં વિભાવ પરિણતિ પોતાની પરિણતિ આ શુભ અવસ્થા પોતાની છે. કાંઈ ફેર નથી, તું પોતે જ તારું અસ્તિત્વ, સ્વયં અસ્તિત્વ, જ્ઞાન જ્ઞાયકતા સ્વયં, તારું બધું સ્વયં છે, એને જો. જાગતો (જીવ) ઊભો છે. જ્ઞાન તો અસાધારણ છે, પણ દરેક ગુણો સ્વતઃસિદ્ધ છે તારામાં છે. તું જાગતો જ ઉભો છે. તે તારા તરફ જોયું નથી, એમ જોઈને જાગતો જીવ ઊભો છે

**ક્યાં જાય? સ્વતઃસિદ્ધ છે. કોઈ અનંતકાળ ગયો એનો કાંઈ નાશ થાતો નથી એવો ને એવો છે. માટે તું એને જો. ગમે તે વિભાવ પર્યાયો થાય, ગમે એ થાય તોય એ જાગતો (જીવ) જ ઊભો છે એનો નાશ નથી. (3-94-5)**

**શ્રોતા :** જેમ દ્રવ્યને પણ જાગતું દ્રવ્ય કહેવાય.

**પૂજ્ય બહેનશ્રી : હા, શક્તિરૂપ છે પણ જાગતું જ છે. પર્યાયમાં પ્રગટ થાય એ તો વળી વિશેષ વેદનરૂપ થાય છે, પણ શક્તિરૂપ છે, તોય એ જાગતું છે. શક્તિ એટલી એકકોર પડી છે, એમ નહીં. પણ જાગતું જ છે. એનો જ્ઞાન સ્વભાવ અસાધારણ એને અનુભૂતિ, બાળ-ગોપાળ બધાને અનુભૂતિમાં આવી રહ્યો છે. શાસ્ત્રમાં આવે છે, પણ એ પોતે જોતો નથી જાગતો જ ઊભો છે. પોતે પોતાના ક્ષેત્રમાં, એનો ભાવો અનંતા, એની પર્યાય તે વિભાવમાં જાય છે, પણ એ તો બધી રીતે જાગતો જ ઊભો છે. ધારે તો જાણી શકે એટલો ક્ષયોપશમ તો મનુષ્યભવમાં લઈને જ આવ્યો છે, પણ પોતે કરતો નથી. એટલો તો ક્ષયોપશમ છે, કે પોતે ભેદજ્ઞાન કરીને એની પ્રવીણતા પ્રગટ કરીને 'આ હું છું અને આ હું નથી'. પોતે પોતાને જાણી શકે એટલું ક્ષયોપશમ તો લઈને આવેલો જ છે, પણ પોતે પર તરફ જાય છે. દરકાર કરતો નથી. પ્રમાદમાં પડેલો છે. એટલો તો ક્ષયોપશમ છે પોતાને ગ્રહણ કરી શકે છે. (3-94-6)**

**શ્રોતા :** સમકિતી એકવાર સમ્યગ્દર્શન પામે એટલે સાતે તત્ત્વને ઓળખી જાય છે. મોક્ષતત્ત્વને કેવી રીતે ઓળખાણ પડે.

**પૂજ્ય બહેનશ્રી : બધાય તત્ત્વ ઓળખાય. અંશે એનો મોક્ષ થઈ ગયો છે. સ્વાનુભૂતિ થઈ એટલે અંશે મોક્ષ તત્ત્વ એને આવી ગયું. બધુંય આવી ગયું. અંશે મુક્તિ થઈ ગઈ. વિભાવથી મુક્ત થઈ ગયો. વિકલ્પથી છૂટી ગયો, અંશે એ નિરાળો થઈને અંશે મુક્તિ થઈ ગઈ. મુક્ત થઈ ગયો. અંશે એને અનુભવ થઈ ગયો મોક્ષદશાનો. મોક્ષ તત્ત્વને જાણી લીધું. સંવર આવી ગયું, નિર્જરા આવી ગયું, બધું આવી ગયું. મોક્ષ તત્ત્વ એટલે પૂરો મોક્ષ થાય એ નહીં. પણ અંશે મોક્ષ થઈ ગયો એમ. મોક્ષ થઈ ગયો એનો જે અકર્તા થઈ ગયો. સ્વભાવનો કર્તા થઈ ગયો. બંધમાંથી મોક્ષ અંશે થઈ ગયો. સંવર થઈ ગયું ને નિર્જરા થઈ ગઈ, બધું થઈ ગયું. (3-94-7)**

**શ્રોતા :** આ દ્રવ્ય સામાન્ય છે, એ કેવી રીતે? કંઈ ખ્યાલ નથી આવતો.

**પૂજ્ય બહેનશ્રી : પર્યાય વિશેષ છે ને સામાન્ય એમાંથી જે જ્ઞાન એમાં સામાન્યથી વિશેષ સામાન્ય એને ઓળખી શકતો નથી પણ સામાન્ય છે, એમાંથી જોઈ જોઈ વિચાર કરી લે. વિશેષમાં જે સામાન્ય સામાન્ય લવણ એ એને વિશેષ લવણ તરફ દૃષ્ટાંત આપ્યું હતું ને આજ. એને સામાન્યને ઓળખતો નથી ને વિશેષ તરફ**

જાય છે. ખારો જે સ્વાદ છે, એ આંગળીનો સ્વાદ નથી એક જ્ઞાનાકાર છે એને સ્વાદ નથી લેતો ને જ્ઞેયાકારનો સ્વાદ લે છે, કે હું રાગી થઈ ગયો, દ્વેષી થઈ ગયો, આ થઈ ગયો પણ એ બધાને જાણનારો કોણ છે? એને તું જાણી લે. એ જાણનારો એકરૂપે છે, એ પોતે જાણતો નથી, વિશેષમાં સામાન્ય જે છે, એને પોતે દેખતો નથી પણ એમાં સામાન્ય રહેલું છે. એ બધાને રાગી થઈ ગયો, દ્વેષી થઈ ગયો તો એ થઈ નથી ગયો પોતે માન્યો છે, એને જાણનારો જે છે, એને જોઈ લે એમાં જોતો નથી પોતાની ભૂલ છે. એમાં એકાકાર પોતે સામાન્ય સ્વરૂપ એને જોઈ લે. વિશેષને ગૌણ કરીને સામાન્યને મુખ્ય કરી દે. એવો જ્ઞાનાકાર એવી દ્રવ્ય ઉપર દૃષ્ટિ. સામાન્યને મુખ્ય કરી દે એને ગૌણ કરી દે. એમ ભેદજ્ઞાન કરી લે તો, થઈ શકે એમ છે.

સામાન્યનો નાશ નથી થયો, સામાન્ય સાથે જ છે, એ. એ બધાને જે જે પર્યાય જાય છે, એને જાણનારો તો એમને એમ ઊભો રહે છે. બધી પર્યાયો આવે વઈ જાય છે, ને પોતે જાણનારો તો એમને એમ ઊભો રહે છે, એને ખ્યાલ છે આમ બન્યું આમ બન્યું હતું દરેક પર્યાય, જાણનારો તો એમને એમ ઊભો છે, એ જાણનારને જોતો નથી ને પર્યાય તરફ જોયા કરે છે. માટે દ્રવ્ય તરફ જોઈ લે, સામાન્ય તરફ જોઈ લે. એ અસ્તિત્વ કોનું અસ્તિત્વ છે? કે જેમાં જણાય છે. જણાઈ રહ્યું છે, એ અસ્તિત્વ પોતાનું સ્વયં અસ્તિત્વ છે, એને જોઈ લે. પોતે અસ્તિત્વને ગ્રહણ કરતાં, સામાન્યને ગ્રહણ કરી શકે એવો પ્રયત્ન કરી શકે છે. સામાન્ય યથાર્થ યથાર્થપણે ગ્રહણ થાય તો એની દશા બદલાઈ જાય પણ પ્રયત્ન તો થઈ શકે. વિશેષ છે છતાં સામાન્યને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરે–એ સામાન્યને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરતાં કરતાં એનો અભ્યાસ કરતાં કરતાં સામાન્ય ગ્રહણ થાય તો ભેદજ્ઞાન થાય અને ભેદજ્ઞાનનો અભ્યાસ થાય તો વિકલ્પ તૂટીને સ્વાનુભૂતિ થાય એવી જે સહજપણે સામાન્યની દશા ભેદજ્ઞાનની દશા થઈ જાય તો વિકલ્પ તૂટીને સ્વાનુભૂતિ થાય છે. (3-94-8)

**શ્રોતા :** એ જ જ્ઞાયકદેવ..

**પૂજ્ય બહેનશ્રી :** એ જ્ઞાયકદેવ એ ખરો જ્ઞાયકદેવ. બાકી વિકલ્પ તૂટીને સ્વાનુભૂતિ થાય એટલે એ જ્ઞાયકદેવના જેટલા ગુણો છે, એ યથાર્થપણે એને વેદનમાં આવી જાય છે, એના ગુણોની પર્યાયો વેદનમાં આવી જાય છે. ખરું તો સામાન્ય જ્ઞાયકદેવ એને ગ્રહણ થઈ જાય છે, એનું અસાધારણ નિર્વિકલ્પદશામાં એનું યથાર્થ વેદન થાય છે.

**શ્રોતાઓ :** ભગવતી માતનો જય હો....
માતાજીની અમૃતવાણીનો જય હો.... * * *

## પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી, ભાગ-૩

# તત્ત્વચર્ચા - ૯૫

**શ્રોતા :** ....

**પૂજ્ય બહેનશ્રી :** સ્વાનુભૂતિ પ્રગટ કરવી એ જ જીવનનું કર્તવ્ય છે, એનાથી ભવનો અભાવ થાય છે, એમાં જ આનંદ ભર્યો છે, એમાંથી જ આનંદ પ્રગટે છે. સર્વાંગે આનંદ, આનંદ આનંદ પૂર્ણ પ્રગટ થાય દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરીને એ દ્રવ્યનો વારંવાર એનો અભ્યાસ, વારંવાર કરીને સહજ થાય એનો સ્વભાવ છે, એ પ્રમાણે પરિણતિ પ્રગટ કરે, એનું જ્ઞાન, એનું દર્શન, એનું ચારિત્ર બધું કરીને પ્રગટ કરે. અંતરમાં જઈને એનો ને એનો વારંવાર પ્રયત્ન કરે તો અંદરથી નિર્વિકલ્પ આનંદદશા પ્રગટ થયા વગર રહે નહીં. એ આનંદનો સાગર ભર્યો છે, એમાં જ આનંદ વિશેષ છે. એ આનંદ એવો છે, કે એમાં એને તૃપ્ત થઈ જાય તો એને બહાર આવવાનું મન ન થાય. એવો ચૈતન્ય સ્વભાવમાં આનંદ ભરેલો છે. એ તૃપ્તિ

'આમાં સદા પ્રીતિવંત બન, આમાં સદા સંતુષ્ટ ને,
આનાથી બન તું તૃપ્ત, તુજને સુખ અહો! ઉત્તમ થશે.'

આમાં પ્રીતિવંત થા, આમાં બસ સંતોષ એમાં તૃપ્ત થવાથી તને ઉત્તમ સુખની પ્રાપ્તિ થશે. બીજે ક્યાંય બહાર જાવા જેવું નથી. અંતરમાં છે ને અંતરમાંથી પ્રગટ થાય છે. એ ભેદજ્ઞાનની ધારા પ્રગટ કરીને બસ એ જ કરવાનું. બહારથી કર્તાબુદ્ધિ છોડીને એકદમ ચૈતન્યની પરિણતિ પ્રગટ કરી લ્યે અંતર. બહારથી નિવૃત્તિ થઈને અંતરની પરિણતિ નિવૃત્તરૂપ પ્રગટ કરીને અંતરમાંથી દશા પ્રગટ થાય છે. એ કરવા જેવું છે ભેદજ્ઞાનની ધારા પ્રગટ કરીને એમાં ને એમાં વારંવાર 'હું આ છું, હું ચૈતન્ય છું, આ હું નથી. હું ચૈતન્ય છું,' એમ ચૈતન્ય તરફની દૃષ્ટિ વારંવાર વારંવાર કરવાથી એનો સ્વભાવ પ્રગટ થયા વગર રહેતો નથી. એ જ કરવાનું છે.

એની નિર્વિકલ્પદશા થઈ, એની વારંવાર આરાધના કરવાથી મુનિઓ ક્ષણે ક્ષણે એમાં ધ્યાન કરે છે અને એમાં જ રહે છે તો વીતરાગદશાની પ્રાપ્તિ થાય છે, તેમાંથી પછી બહાર આવતા જ નથી. સાદિ અનંત અનંત સમાધિ સુખમાં જાય છે. એમાં જ રહે છે. મુનિઓ તો સતતં અનુભવ એનો અનંત ચૈતન્ય છે. સતત એનો અનુભવ કરે છે જેમાં અનંત ચૈતન્ય ચિહ્નો અનંતતાથી ભરેલો એવા ચૈતન્ય ચિહ્નો એવો ગુણનો

**સાગર છે. એ સ્વાનુભૂતિ એને પ્રગટ થાય છે. મુનિઓ વારંવાર એમાં તદ્રૂપ પરિણમી રહ્યા છે. (3-95-1)**

**શ્રોતા :** નિર્વિકલ્પદશામાં થાય શું?

**પૂજ્ય બહેનશ્રી : ચૈતન્ય અનંતગુણોનો સાગર, અનંત ગંભીરતા, અનંત ગુણોથી ભરેલો જેનો પાર ન આવે એવા અનંત. અનંતો કાળ જાય તોય પણ તેનું જ્ઞાન ખૂટતું નથી. અનંતકાળ સુધી જે આનંદ ભોગવે છે તોય આનંદ ખૂટતો નથી. એવા અનંત અનંત ગુણોથી ભરેલો એવા એને ગુણો અનંત, એની એની અનંતી પર્યાયો થાય તોય ખૂટે નહીં. એવો અનંત અનંત ગુણોથી ભરેલો આત્મા એનું એને વેદન થાય છે. એનો આનંદગુણ હોય છે, પણ અનંત ગુણોનું વેદન કરે છે. જગતથી જુદો-કોઈ જગતથી જુદો અપૂર્વલોકમાં પોતે ચૈતન્ય જુદા જ દેશમાં. અનંતગુણનો, અનંતગુણ પર્યાયનો દરેક 'સર્વગુણાંશ તે સમ્યગ્દર્શન.' બધાના અંશ, બધા ગુણોનું એને વેદન છે. બધા ગુણોની પર્યાયો પ્રગટ થાય, એનું વેદન થાય એની શૂન્યતા નથી પણ જાગૃત રહે છે, વેદન રહે છે, સ્વાનુભૂતિ રહે છે. (3-95-2)**

**શ્રોતા :** જાગતો જીવ ઊભો છે ને તે ..... અમને તો ... અર્થ સમજાતો નથી 'જાગતો જીવ ઊભો છે, તે ક્યાં જાય?'

**પૂજ્ય બહેનશ્રી : જાગતો જ ઊભો છે, જાગૃત જીવ, જાગતો–જ્ઞાનથી જાગતો, દ્રવ્ય-ગુણથી જાગતો, એની કાંઈ શૂન્યતા થઈ નથી. જાગતો જાગતો જ છે જાગૃત અવસ્થા જ છે, ક્યાંય છુપાઈ ગયો નથી. પોતાને જોતો જ નથી. જાગૃતરૂપ જ છે, એનો જાણવાનો સ્વભાવ ક્યાંય ગયો નથી. અસાધારણ જ્ઞાન સ્વભાવ અનંતકાળ ગયો તોય એવોને એવો છે, એમાં કોઈ ફેર નથી. તું પોતે જ તારું અસ્તિત્વ, સ્વયં અસ્તિત્વ, જ્ઞાન, જ્ઞાયકતા સ્વયં, તારું બધું સ્વયં છે, એ જાગતો જીવ છે, એ જ્ઞાન તો અસાધારણ છે, પણ દરેક ગુણો સ્વતઃસિદ્ધ છે તારામાં. એ જાગતો જ રહે છે. તેં તારા તરફ જોયું નહીં. એ જીવ જાગતો જીવ ઊભો છે, ક્યાં જાય? સ્વતઃસિદ્ધ છે, કોઈ અનંતકાળ ગયો, એનો કાંઈ નાશ થાતો નથી. એવો ને એવો છે. માટે તેને જાગતો કહ્યો છે. (3-95-3)**

**શ્રોતા :** વિભાવમાં સૂતો છે.

**પૂજ્ય બહેનશ્રી : ગમે એટલી વિભાવ પર્યાયો થાય, ગમે એટલી થાય તોય જાગતો જ છે, એનો નાશ નથી.**

**શ્રોતા :** દ્રવ્યને પણ જાગતું જાગતું જ દ્રવ્ય કહેવાય છે.

**પૂજ્ય બહેનશ્રી : શક્તિએ છે પણ જાગતો જ છે, પર્યાયમાં પ્રગટ થાય તો વિશેષ વેદનરૂપ થાય છે, પણ શક્તિરૂપે તો જાગતો જ છે. શક્તિરૂપ એટલે પડી છે**

એમ નહીં. જાગતો જ છે. એનો જ્ઞાન સ્વભાવ અસાધારણ, એની અનુભૂતિ બાળગોપાળને અનુભૂતિમાં આવી રહ્યો છે, શાસ્ત્રમાં આવે છે.

વિકલ્પદશા હોય તો શ્રદ્ધામાં તો ભેદજ્ઞાનની પરિણતિ થાય છે ભેદજ્ઞાનની, ક્ષણે ક્ષણે ભેદજ્ઞાનની સહજ દશા રહે તો એ શ્રદ્ધાનું પરિણમન છે. ક્ષણે ક્ષણે ક્ષણે ભેદજ્ઞાનની પરિણતિ, પછી નિર્વિકલ્પદશા વિકલ્પ છૂટે ત્યારે થાય, પણ શ્રદ્ધાનું પરિણમન, ભેદજ્ઞાનની પરિણતિ, જ્ઞાતાધારા એની અલગ જ રહે છે. વિકલ્પ જે આવે એનાથી હું જુદો છું, જુદો છું, એવું સહજ પરિણતિ રહે છે. સ્વરૂપ અંતરમાં જ્ઞાતાનું પરિણમન જે સ્વરૂપાચરણ ચારિત્ર છે. પણ બહારમાં એમ કાંઈ કોઈ ચારિત્ર ત્યાગનું કે એવું કાંઈ બહારમાં ન આવે. સમ્યગ્દર્શનની દશાને યોગ્ય થયો એનાથી બાહ્ય આચરણ બીજું એને કોઈ અન્યાયવાળું કે એવું એવું ન હોય બાકી બીજું ત્યાગરૂપ આચરણ તો એને જ્યારે પંચમ ગુણસ્થાન આવે સ્વરૂપાચરણ છે, એમાંથી દેશચારિત્ર જ્યારે થાય ત્યારે બાહ્ય આચરણો દેખાય, બાકી એ સિવાય એ અનંતાનુબંધી તૂટી ગયો છે, એટલે સ્વરૂપાચરણ ચારિત્ર છે, એટલે બહારમાં એને યોગ્ય સમ્યગ્દર્શનને યોગ્ય હોય એવું પ્રવર્તન હોય. દેવ, ગુરુ, શાસ્ત્રની એને મહિમા હોય, નિઃશંકતા, નિઃકાંક્ષા એવા ગુણો બહાર હોય, એવી જાતનું હોય, પણ ત્યાગરૂપ વિશેષ હોય એવું ન હોય એને આસક્તિ તૂટી જાય કોઈ એને દશાથી એની જે દશા છે, એનાથી કોઈ બીજું આચરણ ન હોય. એની પ્રવૃત્તિ અમુક જાતની વિશેષ, બહારમાં કોઈ દેશ પ્રતિકૂળ કે આચરણ કે એવી જાતનો વિષય એવું ન હોય, પણ ત્યાગરૂપ આચરણ હોય છે.

**(3-95-4)**

**શ્રોતા :** સમ્યગ્દર્શન પામ્યા પહેલાં પણ?

**પૂજ્ય બહેનશ્રી :** એવું ન હોય ખાસ એને પહેલાં મુમુક્ષુની દશા છે, એટલે એને છોડીને. બહારમાં કોઈ મર્યાદા ઉલ્લંઘન કરીને એવું આચરણ ન હોય, મર્યાદા તોડીને એવું ન થાય. મર્યાદા બહારનું આચરણ ન હોય. સમ્યગ્દર્શનમાં મર્યાદા બહાર ન હોય. સમ્યગ્દર્શન પહેલાં પણ મર્યાદા બહાર ન હોય. પછી એનું ખાસ એવું નામવાળું એવું નહીં પણ એ મર્યાદા તોડીને એવું આચરણ ન થાય, નિરાળાપણું અમુકજાતનું તો દેખાઈ આવે જેને પરિચય હોય એ નિરાળો જ રહે છે. બહારમાં કોઈ જાતની એને કોઈ અતિશય આસક્તિ કે એવું હોય નહીં ને એના પરિચયમાં આવે તો જણાઈ આવે છે. ક્રિયા ઉપરથી એનો માપ ન થાય અંતર ઉપરથી એનું માપ થાય. મુમુક્ષુદશામાં જે આત્માર્થી હોય એને એવી વિશેષ જાતની ઓલી એને બહુ તીવ્રતા બહારમાં એવી હોય નહીં પણ એની તો મુમુક્ષુતાની એનો પરિચય હોય તો ખ્યાલ

આવે. બાકી ભેદજ્ઞાનની દશાની તો વાત જ કોઈ (જુદી છે) આખો પલટો થઈ જાય છે, એનો.

શુભ ને અશુભ બેય જાતનો રસ તૂટી ગયો છે. જ્યાં સુધી વીતરાગદશા થઈ નથી ત્યાં સુધી શુભ આવ્યા વગર રહેતો નથી. અમુક પ્રકારે શુભ તો ક્યાંય સુધી હોય છે, પણ એ હેયબુદ્ધિએ હોય છે, એ ભેદજ્ઞાન એનું ક્ષણે ક્ષણે ભેદજ્ઞાન હોય છે. મુનિદશામાં તો એકદમ મંદ થઈ જાય. ક્ષણે ક્ષણે સ્વરૂપમાં ઝૂલતા હોય છે મુનિરાજ આનંદદશામાં, નિર્વિકલ્પ આનંદમાં એમ ક્ષણે ક્ષણે ઝૂલતા હોય છે. બહાર આવે ત્યાં શ્રુતજ્ઞાન, દેવ, ગુરુ, શાસ્ત્રના એ બધા વિચારો આવે. બીજા તો બધા ગૌણ થઈ ગયા હોય છે. ગૃહસ્થાશ્રમના વિકલ્પ તો તૂટી ગયા છે. એ સિવાય સંજ્વલનનો છે જરા આવે. બાકી ક્ષણે ક્ષણે આત્મઅનુભવમાં ઝૂલતા હોય છે. જેને આત્માની લાગી હોય એ ભવી જ હોય એમાં એવા વિચારો કરવા, જેને આત્માનું કરવું, આત્માનું સુખ જેને જોઈતું હોય, જેને વિભાવનો રસ તૂટી ગયો હોય, જેને વિભાવમાં રહેવું નથી જેને સ્વભાવ જ જોઈએ છે, એ ભવી જ હોય. ઈ એવા વિકલ્પ તો, એ વિકલ્પ નિષ્પ્રયોજન. ભવી, અભવી બસ જો ભવ્યતા પ્રગટ કરવી હોય તો આત્માની જેને આત્મા તરફ જાવું અને આત્માની પરિણતિ પ્રગટ કરવી તો એ ભવી જ હોય, વિભાવ તૂટી જાય સ્વભાવનો રસ જાગૃત થાય તો એ ભવી જ. જેને સ્વભાવની તન્મયતા લાગી, ઉંડાણમાંથી કે આ સ્વભાવ જ મારે જોઈએ છે જે અનંત શક્તિઓથી ભરેલો આ અપૂર્વતાથી ભરેલો સ્વભાવ મારે જોઈએ છે જેને પ્રગટ થાય રુચિમાં તો એ ભવી જ હોય છે.

એ વિકલ્પ નિષ્પ્રયોજન છે, એનું લક્ષણ જ એ છે, કે જેને ક્યાંય ચેન પડે નહીં એક સ્વભાવ વગર તો એ ભવી જ હોય છે. આત્મા સ્વભાવ પ્રગટ કરે જ છૂટકો છે ત્યાં ભવિની ક્યાં વાત? ભવી હોય તો થાય ને! ભવી પણ પુરુષાર્થ કરે તો જ થાય છે અનંતા ભવી એવા હોય છે, કે જે પુરુષાર્થ નથી કરતાં તો ભવી હોય તોય પુરુષાર્થ કરે તો થાય છે. માટે પુરુષાર્થ જ કરવો કે પુરુષાર્થથી જ સ્વભાવ પ્રગટ થાય છે. સ્વભાવ એ બધું હોય, પણ પ્રયત્ન વગર થાતું નથી. સ્વભાવને ક્ષયોપશમ ને કાળ ને એ બધું કહેવાય પણ અંદર પ્રયત્ન ભેગો હોય તો થાય છે. પ્રયત્ન વગર થાતું નથી. માટે પ્રયત્ન કરીને પોતાની રુચિ પ્રગટ કરીને સ્વભાવની પર્યાય પ્રગટ કરવી પોતાના હાથની વાત છે. (3-95-5)

**શ્રોતા :** ખ્યાલ આવતો હોય અને રુચિ પૂરી પ્રગટી નથી એમ પણ ખ્યાલ આવતો હોય.

**પૂજ્ય બહેનશ્રી :** જેટલી પ્રગટ ન થઈ હોય એટલો પ્રગટ કરવાનો પ્રયત્ન કરે. ઇચ્છાથી તો મંદ રુચિ હોય તો મંદનું કાર્ય આવે બાકી તીવ્ર હોય તો તીવ્રનું કાર્ય આવે. માટે વિશેષ પ્રગટ કરીને, વિશેષ પ્રયત્ન કરવાનો પ્રયત્ન કરે કે વિશેષ કેમ પુરુષાર્થ જાગે? ને વિશેષ રુચિ કેમ જાગે? એનો પ્રયત્ન કરે જેને અંતરમાંથી સ્વભાવ પ્રગટ જ કરવો છે, એ સ્વભાવ જે અનંતકાળથી શક્તિરૂપે છે, એ પ્રગટરૂપે કાર્યમાં કેમ આવે? એ કાર્યમાં આવે તો વેદનમાં આવે છે. માટે એનું લક્ષણ ઓળખીને વિશેષ પ્રયત્ન કરે. વિશેષ રુચિ જાગૃત કરે. ગુરુદેવ એમ જ કહેતા હતા કે પોતાના પ્રયત્નથી જ થાય છે. એને કોઈ રોકતું નથી. (3-95-6)

**શ્રોતા :** ત્યાં તો એક જાતનો પુરુષાર્થ જ જરૂર પડે છે. રુચિ જગાવવા માટે પણ, રુચિને વધારવા માટે પણ.

**પૂજ્ય બહેનશ્રી :** પુરુષાર્થની જ જરૂર પડે છે. રુચિ વિશેષ નહીં જાગવાનું કારણ પોતે ક્યાંય રોકાઈ જાય છે બહારમાં. એટલે રુચિ જાગતી નથી બહારની તન્મયતા વધી જાય છે વિભાવની, એની રુચિ મંદ પડે છે. માટે સ્વભાવની તન્મયતા જાગે એવો પ્રયત્ન કરવો જોઈએ. સ્વભાવની રુચિ કેમ જાગે? સ્વભાવ જ સર્વસ્વ છે. સ્વભાવ જ સંતોષ કરવાયોગ્ય છે. સ્વભાવમાં જ તૃપ્તિ થાય એમ, એવો પોતાને દૃઢ વિશ્વાસ કરીને એ તરફ પ્રયત્ન કરે. સ્વભાવ જ સુખનું કારણ છે. બીજું કોઈ કારણ નથી. આનંદનો સાગર બધો સ્વભાવમાં જ ભરેલો છે. એવી દૃઢતા કરીને એ જાતનું કરવાનું છે. (3-95-7)

**શ્રોતા :** પર્યાય પરદ્રવ્ય છે, પરભાવ છે?

**પૂજ્ય બહેનશ્રી :** પર્યાય પરદ્રવ્ય છે ને એ તો એના અમુક જાતના લક્ષણો જુદા છે. પર્યાય પ્રગટે છે કોની? કોના દ્રવ્યમાંથી પ્રગટે છે? કોની પર્યાય છે? પર્યાય કાંઈ એક અંશ છે. પર્યાય કાંઈ કોઈ એવું સ્વતંત્ર દ્રવ્ય નથી કે જેમાંથી એ બધું પ્રગટ્યા જ કરે એવું સ્વતંત્ર દ્રવ્ય પર્યાય નથી. પર્યાય તો એક અંશરૂપ સત્ છે. એ કાંઈ સર્વાંશરૂપે આખું ભરેલું સત્ત્વ એમાંથી અનંતી પર્યાયો નિકળ્યા જ કરે એવું સત્ એ પર્યાય નથી. એ પર્યાય તો એક અંશ સત્ છે, એટલે એ અંશ સત્ અપેક્ષાએ એને પરદ્રવ્ય ને પરકાળ ને ભાવને એમ કહેવાય છે. એની અપેક્ષા સમજવી. એ તો એક અંશરૂપી સત્ છે આખું સત્ તો જે દ્રવ્ય છે, એ જ છે. એ દ્રવ્યની પર્યાય છે, એમ અપેક્ષા સમજવી જોઈએ. દ્રવ્ય કહેવાય કોઈ અપેક્ષાએ કહેવાય છે. બાકી દ્રવ્ય તો જે છે, એ છે, એ અનંતગુણથી ભરેલું જે દ્રવ્ય છે. અનંત શક્તિઓથી ભરેલું છે. જેમાં અનંતકાળ સુધી પર્યાયો પરિણમ્યા કરે તોય જે શક્તિઓનો (ભરેલો) છે દ્રવ્યનો નાશ

નથી થાતો. એવી પર્યાયોને અનંતી શક્તિ જેમાં ભરેલી છે. અનંતા ગુણો ભરેલા છે. એ સ્વતઃસિદ્ધ દ્રવ્ય, ઓલું (પર્યાય) તો એક અંશ પૂરતું સત્ છે, એ અંશ સત્ છે પર્યાય સત્, ગુણ સત્, દ્રવ્ય સત્ કહેવાય પણ આ તો અંશ સત્ છે ઓલું (દ્રવ્ય) તો આખું સત્ છે.

માટે એની અપેક્ષા સમજવી જોઈએ. એ (પર્યાય) છે અંશ છે ને (આ દ્રવ્ય) આખું છે. એ અપેક્ષાએ એને સત્ કીધું માટે એ પરદ્રવ્યપણે, એટલે એ કાંઈ બધી અપેક્ષાએ પરદ્રવ્ય નથી કે એમાંથી પર્યાય થાય? જો એ પરદ્રવ્ય હોય તો વેદન કોને થાય એ? વેદન તો એ પર્યાયનું પોતાને થાય છે. વેદન કરનારો પોતે માટે, એ સર્વથા બધી અપેક્ષા એમાં પરદ્રવ્યની લાગુ પડતી નથી. એની અપેક્ષા સમજવી જોઈએ.

(3-95-8)

**શ્રોતા :** સત્ છે, પણ અંશરૂપી સત્ છે.

**પૂજ્ય બહેનશ્રી :** આંશિક સત્ છે, એ આખું સત્ નથી. એ અંશે અંશે બદલાયા કરે છે માટે એ અંશ પૂરતું છે માટે એને અંશ ને અંશ જાણવું માટે એને પરદ્રવ્ય ને (પર)ક્ષેત્ર ને (પર)કાળને એવું કીધું. બાકી એ ભેદરૂપ છે, એને જેમ છે, એમ જાણ. બાકી તું તો અખંડ છો એ અખંડમાંથી બધી પર્યાયો પ્રગટે છે. દ્રવ્ય ઉપર દૃષ્ટિ કર ને એ બધું જ્ઞાન કર. જેમ છે, એમ જાણ. યથાર્થ જ્ઞાન થાશે તો યથાર્થ તારી પુરુષાર્થની પરિણતિ યથાર્થ થાશે. નહીંતર યથાર્થ જ્ઞાન નહીં થાય તો ક્યાંક ક્યાંક પ્રયત્ન પરિણતિ અટકી જાશે. માટે યથાર્થ જ્ઞાન કરીને યથાર્થ પ્રયત્ન કર. દૃષ્ટિના જોરે પ્રયત્ન થાય ને જ્ઞાન એને બેય તરફથી સાચે માર્ગે એને પ્રયત્ન આવે એમ થાય છે.

(3-95-9)

**શ્રોતા :** એને આમ તપાસ તો રહે ને એમ કરવા જાય તો દૃષ્ટિનું બળ કંઈક (ઓછું થાય?) ...

**પૂજ્ય બહેનશ્રી :** દૃષ્ટિ એક ચૈતન્યને ગ્રહણ કરીને થંભી, દૃષ્ટિ દૃઢ થઈ ગઈ. ને પરિણામને જાણે તો એમાં કાંઈ દૃષ્ટિ કાંઈ નબળી નથી થાતી. દૃષ્ટિ તો ઉલટી જોરદાર થાય છે. ચારે તરફનું જ્ઞાન કરવાથી, અનેકાંત ધર્મને જાણવાથી દૃષ્ટિ કાંઈ નબળી નથી થાતી. દૃષ્ટિ તો બળવાન થાય છે. ઉલટી ચારે તરફનું જ્ઞાન કરવાથી દૃષ્ટિમાં એમ જોર આવે છે, કે દ્રવ્ય અખંડની અપેક્ષાએ કે આ દ્રવ્ય પોતે એક અભેદ છે અને આ દૃષ્ટિનું બળ આવે છે, ચારે તરફથી જ્ઞાન થાય છે અનેકાંત ધર્મને જાણવાથી પરિણામમાં શું છે? દ્રવ્યમાં શું છે? સ્વભાવમાં શું છે? વિભાવમાં શું છે? સાધના કેમ થાય? પૂર્ણતા કેમ થાય? મુનિદશા કેવી હોય? અંશે ચારિત્ર કેવું હોય? સ્વરૂપાચરણ કેવું હોય?

**એમ બધું જ્ઞાન કરવાથી દૃષ્ટિનું બળ વધે છે ઉલ્ટાનું. આ રસ્તે જવાય છે, એ જ ધ્યેય કરી લીધું કે અહીં જવાય છે, પણ હજી ચારે બાજુનું જ્ઞાન કરે તો કાંઈ એને જાવાનો પંથ છે, એ કાંઈ રસ્તે જાતો હોય તો ક્યાંય ઢીલું નથી પડતું ઉલટું એને જ્ઞાન થાય છે. અહીં જવાથી અહીં ખોટું થશે, સાચું થશે, આ જ બરાબર સાચું છે, એમ જાવાના પગ ઢીલા ન પડે ઉલટાનું દૃઢ થાય છે, કે જે જાઉં છું, એ બરાબર છે, માર્ગ તે. (3-95-10)**

**શ્રોતા :** પર્યાય સત્ છે, ગુણ સત્ છે, એ વિશેષ યથાર્થ હોય તો વાત સાચી

પંડિતજી : .......

**પૂજ્ય બહેનશ્રી : એ પર્યાય સત્, ગુણ સત્ ત્રણેય સત્ છે, પણ એ કંઈ જાતના સત્ છે એની અપેક્ષા સમજવી. એમણે પૂછ્યું હતું કે ત્રણેય સત્ છે.**

**શ્રોતા :** ત્રણેય સત્ છે નિશ્ચયથી ખરેખર ત્રણેય સત્ છે.

**પૂજ્ય બહેનશ્રી : હા, ત્રણેય સત્ તો છે, પણ કઈ જાતનું સત્ છે કે ઓલું (દ્રવ્ય) અખંડ સત્ છે અનંતગુણથી ભરેલું (દ્રવ્ય) સત્ છે. ઓલું ગુણ છે, એ અનાદિ અનંત સાથે રહે પણ ગુણે એક અંશરૂપ છે અને પર્યાય તો ક્ષણે ક્ષણે પલટાય એવી જાતનું સત્ છે, કેવી જાતના ત્રણે સત્ છે, એમ એની અપેક્ષા બરાબર સમજવી. ત્રણેય એકજાતના સત્ નથી. દ્રવ્ય તો દ્રવ્યરૂપે અખંડ સ્વતઃસિદ્ધ અનંત ગુણથી ભરેલું એવું સત્ છે. ઓલું ગુણ છે, એ અનાદિ અનંત રહે પણ એક અંશ છે. પર્યાય છે, તે ક્ષણે ક્ષણે નવી-નવી થાય એવી જાતનું એક સત્ છે, એમ. (3-95-11)**

**શ્રોતા :** જેટલો સમય ટકે ત્યારે ....

**પૂજ્ય બહેનશ્રી : જેટલો સમય ટકે એટલું સ્વતંત્ર સત્ છે. એટલી એટલે એ પ્રગટ થાય છે, એ સત્ છે, એની હૈયાતી છે, એ અપેક્ષાએ.**

**શ્રોતાઓ : ભગવતી માતનો જય હો....**
**માતાજીની અમૃતવાણીનો જય હો....**

* * *

## પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી, ભાગ-૩

# તત્ત્વચર્ચા - ૯૬

**શ્રોતા :** શ્રદ્ધાનું વર્ણન ઘણીવાર પૂછ્યું છે પણ કાંઈ દિલ ખોલીને વાત કરતાં હોય એવું લાગતું નથી.

**પૂજ્ય બહેનશ્રી : એમાં દિલ ખોલીને શું વાત કરવી. એમાં કહેવાનું કાંઈ થોડી વાત છે. જે કહેવાતું હોય એ કહેવાય છે. ગ્રહણ તો પોતાને કરવાનું છે. એ કાંઈ કહેવાની વાત નથી. જે જાતનું હોય એ જાતનું અમુક પ્રકારે કહેવાય છે. પછી ગ્રહણ પોતાને કરવાનું રહે છે. જ્ઞાનીની જ્ઞાતાધારા જુદી જ રહે છે, એની દિશા પલટાઈ ગઈ હોય છે. એની દૃષ્ટિ આખી આમ હતી એ ઉલટી ફરી ગઈ છે. આ એની સ્વરૂપ સન્મુખ દિશા થઈ ગઈ છે, એની પરિણતિ આખી સ્વરૂપ સન્મુખ થઈ ગઈ છે. જે વિકલ્પ છે, કે જે જે બધા વિભાવો છે એનો જ્ઞાતા રહે છે, ક્ષણે ક્ષણે જ્ઞાતા રહે છે. એનું અંતરનું કાર્ય આખું જુદું જ છે. જે એકત્વબુદ્ધિનું કાર્ય જે હતું બહારમાં-વિકલ્પમાં તન્મય જે આત્માની કોઈ જાતની પરિણતિ નહોતી. એકત્વબુદ્ધિ હતી એના બદલે પોતે એક જ્ઞાયક આત્મા તરફની પરિણતિ આખી ક્ષણે ક્ષણે સહજ થઈ ગઈ છે. એમાં એનો ઉપયોગ કોઈવાર બહારથી છૂટીને અંતરમાં જામી જાય છે, નિર્વિકલ્પદશાને પ્રગટ કરે છે. બાકી ક્ષણે ક્ષણે સહજધારા આ અંશે શાંતિ, સમાધિ જ્ઞાયકની ધારા એ તો એને ચાલે જ છે. એને શુભભાવમાં જિનેન્દ્રદેવ, શ્રુતનું ચિંતવન એ તો બધું ગુરુ, દેવ, ગુરુ, શાસ્ત્રની અમુક જાતની એમાં જોડાય છતાં કોઈ જાતના પરિણમનમાં જોડાય તોય છૂટો જ રહે છે. (3-96-1)**

**શ્રોતા :** અને કહે છે, કે આત્મા જ અનુભવમાં આવી જાય છે, પણ પણ આ જીવને નથી પકડાતો વિભાવ જણાઈ જાય છે કે આ રાગ-દ્વેષનો કરનારો હું છું એમ વિભાવ ફક્ત આત્મા અનુભવમાં આવે એમ કહે એ આત્મા તો અનુભવમાં નથી આવતો. વેદનમાં કઈ રીતે લેવો ? વિભાવ તો પ્રગટ અનુભવમાં આવી જ રહ્યો છે.

**પૂજ્ય બહેનશ્રી : ચૈતન્ય છે, એ જ્ઞાનસ્વભાવથી જાણી શકાય એવો છે. 'સમયસાર'માં આવે છે ને આબાળ-ગોપાળ બધાને, આબાળ-ગોપાળ બધાને જ્ઞાનમાં આવી શકે એવો છે. કારણ કે એ જ્ઞાન સ્વરૂપે છે. વિભાવ તો વેદનમાં આવે છે, પણ જ્ઞાન પોતે જાણનારો કોણ છે ? એને જાણનારો ઓળખી શકાય છે ? એ જાણનારને પોતે જાણીને એનું ભેદજ્ઞાન કરે, એમાં લીન થાય વિષય છૂટે તો લીન થાય. કરીને જાણે. ઘણીવાર ધ્યાન કર્યા, વિકલ્પ મંદ કર્યા શાંતિ શાંતિ લાગે પણ સ્વભાવને ઓળખીને જે ભેદજ્ઞાન કરીને અંતરમાંથી જે આનંદ આવે એ આનંદ જુદો છે. સ્પષ્ટ અનુભવમાં**

આવી ગયો છે, એનો અર્થ એમ કે જ્ઞાનસ્વભાવે જાણનાર જણાઈ રહ્યો છે, એમ જ્ઞાન સ્વભાવે એનો ગુણ અસાધારણ છે. અનુભવમાં એવી રીતે આવી રહ્યો છે. મૂળ સ્વભાવ છે જે છે, એમાં લીન થઈને વેદનપૂર્વક ભલે અનુભવમાં નથી આવતો પણ એ જ્ઞાનસ્વભાવે અનુભવમાં આવી રહ્યો છે, કે હું જાણનારો, બધાનો જાણનારો કોણ છે. જાણનાર તરીકે અનુભવમાં આવી રહ્યો છે. આ જડ તો કાંઈ જાણતું નથી. સંકલ્પ-વિકલ્પ આવે તો એ બધા આવીને વયા જાય છે. વિભાવ પર્યાય આવી આવીને વઈ જાય છે, પણ એનો જાણનારો એમને એમ ઊભો રહે છે. માટે બધાને અનુભવમાં આવી રહ્યો છે. બાળપણથી પોતે મોટો થયો ત્યાં સુધી શું શું બન્યું? કેમ બહારના સંયોગ કેમ કેવી રીતે થયા? એ બધું જાણનારો તો ઊભો જ છે. જાણનારો બધાને અનુભવમાં આવી રહ્યો છે, પણ પોતે જાણતો નથી જાણનારને. વિભાવને જાણી રહ્યો છે. પોતે વિચાર કરે તો આ બધું જાણનારો તો બધાનું જાણનારો એમ ને એમ જ ઊભો છે.

**શ્રોતા :** લક્ષ આવતું નથી.

**પૂજ્ય બહેનશ્રી :** લક્ષ આપતો નથી જે ભલે પોતે લીન થાય? ..... પણ પહેલાં જ્ઞાન સ્વભાવે તો અનુભવમાં આવી રહ્યો છે. જ્ઞાનગુણ છે અસાધારણ પણ જ્ઞાન એક ગુણ બીજાને જાણે એટલે જ્ઞાન એમ નહીં. સ્વતઃસિદ્ધ પોતે જ્ઞાયક જ છે. પોતાનું અસ્તિત્વ ગ્રહણ કરવું કે આ બધા પર્યાયો જે થાય વિકલ્પભાવ તો બધા પલટતા જાય છે. વિચારો જે જે આવે એ પલટતા પણ. એની અંદર શાશ્વત જે ટકનાર છે એ કોણ છે, એ હું પોતાનું અસ્તિત્વ ગ્રહણ કરું કે આ બધા પલટતા ભાવોની અંદર શાશ્વત ટકનારો જે જે વિચારો આવે એને જાણનારો એમને એમ ટકતો ભાવ ઊભો રહે છે, કે આ વિચારો આવ્યા, આ આવ્યા, આવ્યા એને જાણનારું તત્ત્વ એ એમને એમ એ ટકનારો જે ભાવ જે જાણનારો, કાયમનો જાણનારો છે, એનું અસ્તિત્વ ગ્રહણ કરવું. બાકી એની અધૂરી બહાર ઉપયોગ જાય એને લઈને તો પૂર્વભવે અનંતા ભવ કર્યા, ભવોને ભૂલતો આવ્યો છે, કે ગયે ભવે ક્યાં પણ આ ભવનું છે, એ એનું જ્ઞાન એટલું તો રહે છે, કે આ ઈ ભાવરૂપ એકદમ એને કાયમ રહે છે, કે આ ક્યા ક્યા પર્યાયો થયા નાનપણથી અત્યાર સુધીમાં, અને ક્યા ક્યા વિચારો એ બધાનો જાણનારો ભાવ છે, એ જાણનારનું એક અસ્તિત્વ એક ટકતો ભાવ છે.

એ ટકતો ભાવ એને ગ્રહણ કરે, એ પોતાનું મૂળ અસ્તિત્વ એને ગ્રહણ કરે. એ અસ્તિત્વ પોતાનું એવું હોવું જોઈએ, કે અસ્તિત્વ સ્વતઃસિદ્ધ એનું કોઈએ બનાવ્યું નથી કે એ કાંઈ અધૂરું ન હોય. એ તો પૂરું હોય. પણ અધૂરાશ તો પોતાને વિભાવ પર્યાયમાં પોતે ગયો છે કર્મના નિમિત્તે, એટલે અધૂરી પર્યાય જે જ્ઞાનની બધી થઈ ગઈ છે, પણ મૂળ શક્તિમાં તો એ પૂર્ણ જ છે. શક્તિ તો એને પૂર્ણ જ છે, એ મૂળ શક્તિ જેની છે

**જ્ઞાયકરૂપે અનાદિ અનંત એને ગ્રહણ કરવાનું. મૂળ અસ્તિત્વ ટકતો ભાવ જે સદાને માટે ટકનાર. સ્વપ્નામાં આવે તો સ્વપ્નાનો જાણનારો જુદો રહે છે. એ જાણનારો જે જુદો જ રહે છે, એનું અસ્તિત્વ ગ્રહણ કરવું એ ખરું. પણ એ ગ્રહણ કરવાને માટે એને એટલી તૈયારી, એટલી અંદરથી નિરાળાપણું આવે કે આ હું નથી. હું તો આ ચૈતન્ય અસ્તિત્વ મારું જે છે, એમ વારંવાર એને ગ્રહણ કર્યા જ કરે, કર્યા જ કરે, તો એમાં એની દૃષ્ટિ જામે અને કાંઈક એ એને શ્રદ્ધા આવે કે 'આ તે હું' એમાં દૃષ્ટિ જામે, એની લીનતા થાય, એનું જ્ઞાન થાય, પણ વારંવાર એની પાછળ પડે તો અસ્તિત્વ એને ગ્રહણ થાય. (3-96-3)**

**શ્રોતા :** જ્ઞાનથી ટકતો ભાવ જે છે, એ જ પોતે ઇષ્ટ શુદ્ધભાવ છે. પ્રગટ થઈને આમ કોઈપણ શુભાશુભભાવો સંકલ્પ-વિકલ્પથી રહિત પોતે પહેલા તો અનંતગુણથી સહિત છે, પણ રાગાદિ પોતે ....... પોતે પોતાને દેહાત્મબુદ્ધિ જ્યારે એને ટળી જાય છે ને આત્મબુદ્ધિ થઈ જાય છે પોતે. એની સાથે એકત્વ તૂટી ગયું એનું એને જ્ઞાન થાય છે, તો આ વસ્તુ જે બરાબર છે? એ મને શંકા છે તો અમારી કાંઈ ભૂલ થઈ છે?

**પૂજ્ય બહેનશ્રી : એનો અનુભવ છે, એટલે કે એના જ્ઞાનમાં આવી જાય છે, કે આ દેહાત્મબુદ્ધિ એટલે હું એનાથી જુદો છું. આ અકષાયભાવે છે, આ હું શાંતિ સ્વરૂપે છું.**

**શ્રોતા :** એટલે એ વિકલ્પથી નહીં પણ વિકલ્પ રહિત જ્ઞાન...

**પૂજ્ય બહેનશ્રી : વિકલ્પ રહિત અકષાયભાવે. હું એનાથી જુદો, મારું અસ્તિત્વ આનાથી જુદું. એમાં એને અંશે શાંતિ, અકષાયભાવ, નિરાકુળતાભાવ, દેહ નથી, દેહથી જુદો નિરાળો, વિકલ્પથી જુદો, જે વિકલ્પ આવે કે હું આ જ છું એ વિકલ્પથીયે જુદો એમ આવે કે હું આ આત્મા છું, એ વિકલ્પ જે આવ્યો આત્માને ઈ વિકલ્પ પણ એમાં નથી. એનાથી રહિત છે. આત્માને ગ્રહણ કરનારો જે વિકલ્પ એમ આવે કે આ જ્ઞાન છે, ઈ જ્ઞાન છે, એમ ગ્રહણ કર્યું ઈ એ વિકલ્પ છે, પણ સહજ અસ્તિત્વ ગ્રહણ થાય એ અસ્તિત્વ તે પોતે હું છું. પરથી રહિત અને પોતાથી ભરેલો છે. ઈ અમુક ભાવો એને ખ્યાલમાં અમુકભાવ ખ્યાલમાં આવે છે. એ ગુણો ને પર્યાયો તો એને સ્વાનુભૂતિમાં વેદન છે, આ તો એને એક જાતનું જ્ઞાન એને થાય છે, એમ એ જાતનો ખ્યાલ આવે કે આ અસ્તિત્વ કષાય વગરનું છે. વિકલ્પ વગરનું છે. કારણ જ્યાં કષાયો નથી, ત્યાં વિકલ્પ પણ નથી. ત્યાં નિરાકુળતા પદ. એ ભાવોને એકબીજાને સંબંધ છે, એટલે એ ભાવો બધા ખ્યાલમાં આવે છે. જ્યાં નિરાળો ગ્રહણ થયો, ત્યાં દેહ નથી એમાં એ આવી જાય છે. એમાં વિકલ્પ નથી એ આવી જાય છે, એટલે બધા ભાવો એમાં સમાઈ જાય છે.**

**હું જ્ઞાયક જાણનારો સ્વયં જ્ઞાયક છું એની અંદર બધા ભાવો સમાઈ જાય છે. એ સિવાયના એમાં અનંતા ગુણો છે, કેટલાક વચનાતીત પણ છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ એ તો વાણીમાં પણ આવે છે, પણ એ વિકલ્પ તૂટીને જ્યારે ઉપયોગ બહારથી છૂટીને અંતરમાં જ્યારે ઉપયોગ લીન થઈ જાય ત્યારે એ ભરચક પોતાના ગુણો ને પર્યાયોથી ભરચક ભરેલો છે, ઈ એનું વેદન થાય છે. પહેલાં એને એમ લાગે કે આનાથી હું જુદો, એકલો અસ્તિત્વ એટલે આ પરથી ખાલી પણ મારામાં શૂન્યતા જેવું એને લાગે કારણ કે બીજા ગુણો એને ભાસતા નથી. એ બીજા ગુણો તો વેદનમાં આવતા નથી. આટલું ભાસે કે નિરાકુળતા કે શાંતિ કે જ્ઞાન કે એવું ભાસે બીજું નથી ભાસતું. એ શૂન્યતા જેવું લાગે. પણ પરથી શૂન્ય પણ પોતાથી ભરેલો. એ બધા ભાવો તો એમાં આવી જાય છે. એક જ્ઞાયક ગ્રહણ કરે એમાં નિરાકુળતા, એમાં શાંતિ, એમાં બધું એમાં સમાઈ જાય છે. દેહથી અતીત એ બધું એમાં સમાઈ જાય છે. પોતાનું અસ્તિત્વ ગ્રહણ કરવાનું છે. (3-96-4)**

**શ્રોતા :** એક ક્ષણ પોતે ધારો કે સિદ્ધ ભગવાન જેવી રીતે સુખ અનુભવી રહ્યા છે, એ નિરાકુળતાનું એનું ....

**પૂજ્ય બહેનશ્રી : સિદ્ધ ભગવાનનું સુખ જે અનુભવમાં આવે એ નિર્વિકલ્પદશામાં આવે. નિર્વિકલ્પદશામાં, આ હજી વિકલ્પવાળું છે, એનું. શ્રદ્ધામાં માત્ર આવે છે. નિરાકુળતા, શાંતિ એ બધું એને માત્ર શ્રદ્ધામાં છે. એને એને વિચારથી અમુક ગ્રહણ કર્યું છે. હજી એનાથી વિકલ્પ તૂટીને જે દશા આવે અને જે સિદ્ધ ભગવાન જેવો આનંદ આવે એ જુદું રહી જાય છે. એ તો વિકલ્પ તૂટીને જેના અનંતગુણ પર્યાયનું જે વેદન થાય એ ભાવ જુદો રહી જાય છે. આ એને હજી વિકલ્પની દશામાં જે એને ખ્યાલમાં આવ્યું છે, એ જુદું છે, એમાં એને શૂન્યતા નથી રહેતી. સ્વાનુભૂતિ જે પ્રગટ થાય એમાં શૂન્યતાનો ભાસ નથી રહેતો પણ ભરચક ભરેલો છે એવી જાતનું વેદન થાય છે. આ એક શ્રદ્ધારૂપ છે. વિકલ્પ ઊભા છે અને પોતે જરાક છૂટો પડીને શ્રદ્ધા કરે છે, એમાં આવો ભાસ એને આવે છે. એ સિદ્ધ ભગવાન જેવો અનુભવ એ નિર્વિકલ્પદશામાં થાય છે. આ માત્ર શ્રદ્ધા કરે છે. (3-96-5)**

**શ્રોતા :** પરિણામ જ્યારે બહાર જાય ઉપયોગ બહાર જાય. પરિણામ કરવા મંડી જાય ત્યાંથી પાછો વાળીને પરિણામ અંદર લીધા તો કષાયભાવ કરે નહીં પોતે. એનામાં એકમેક ન થઈ જાય પોતે.

**પૂજ્ય બહેનશ્રી : એ જ પરિણામ ઊભા રહે પણ એકત્વબુદ્ધિને તોડી નાખે એમ. એકત્વબુદ્ધિ તોડી નાખે. કારણ કે વિકલ્પની દશામાં ઊભો છે. વિકલ્પ તૂટીને**

**નિર્વિકલ્પદશા નથી થઈ. તેમ વિકલ્પને એક પછી એક વિકલ્પ ચાલ્યા કરે છે. એ વિકલ્પ જે એમાંથી ભાવને ફેરવી નાખ્યો કે હું તો જ્ઞાયક છું. એ જ્ઞાયક છું એમ આવ્યું એટલે ઓલો વિકલ્પ વયો ગયો પણ બીજા વિકલ્પ ઊભા રહે છે, પણ એ પોતે ભેદજ્ઞાન કરે આ વિકલ્પ છે, તે હું નથી. હું તો જ્ઞાયક છું. વિકલ્પ તે હું નથી. હું તો જ્ઞાયક છું.**

**(3-96-6)**

**શ્રોતા :** આ જ્ઞાયક છું એમ પણ ન રહે.

**પૂજ્ય બહેનશ્રી : હાં એ હું જ્ઞાયક છું એ પણ વિકલ્પ છે.**

**શ્રોતા :** એ પણ ન રહે તો પોતે પોતે સહજ સ્વરૂપમાં નથી આવી જતો ?

**પૂજ્ય બહેનશ્રી : સહજ સ્વરૂપમાં આવી જાય પણ એનું વેદન થાવું જોઈએ.**

**શ્રોતા :** એટલે પોતે વેદનમાં પોતે એ પોતે એમને એમ પોતાને જણાય છે પોતે જ્યારથી પોતાને સુખ શાંતિનો અનુભવ થાય છે. પોતે પરિણામ નથી કરતો એટલે જે ..

**પૂજ્ય બહેનશ્રી : એ પરિણામ છૂટે તો અંદર સ્વરૂપ પરિણતિ પ્રગટ થાવી જોઈએ. સ્વરૂપ પરિણતિ પ્રગટ થાવી જોઈએ. એક પરિણામ તૂટે એટલે બીજી પરિણતિ પ્રગટ થાવી જોઈએ. એ પરિણતિ અંતરમાંથી કોઈ અપૂર્વ પ્રગટ થાવી જોઈએ. ત્યાં સુધી એને જે હજી અમુક જાતની વિકલ્પમાં સૂક્ષ્મ વિકલ્પમાં પણ ઊભો હોય છે, એને ખ્યાલ નથી પણ અમુક ઊભો હોય છે. હજી એને ભેદજ્ઞાનની ધારા જે સહજ પ્રગટ થાવી જોઈએ, એ નથી થઈ. હજી એને એમ આવે છે, કે આમ આ એમ ઉપયોગ વાળે છે, પણ હજી અંદર નિર્વિકલ્પદશા સુધી ગયો નથી. હજી વર્તમાન પ્રયત્ન કરે છે. ભેદજ્ઞાનની પ્રયાસ ચાલુ છે પ્રયાસ, પણ એ સહજ દશા હજી નથી, એમાં નથી આવતી. ઈ તો એને અંતરમાંથી જ એવું આવી જાય જોર કે અંદરની શુદ્ધ આ અનુભવની પરિણતિ પ્રગટ થઈ જાય તેને એમ જ થઈ જાય, કે આ જ મુક્તિનો માર્ગ બસ. બસ આ જ આ જ આત્માનો સ્વભાવ. આ ભરચક ભરેલો આત્મા એ એને અંતરથી, કોઈ, કોઈ શ્રદ્ધાનું બળ ને વેદનનું બળ કાંઈક જુદું જ આવી જાય. એની અપૂર્વતા કોઈ લાગી જાય બસ! આ જુદું જ છે, એમ અંતરમાંથી થઈ જાય. અંતરમાં એને હજી પ્રયત્નની દશા છે પ્રયત્નદશા છે. (ઉગ્ર પુરુષાર્થની જરૂર છે) હાં ઉગ્ર પુરુષાર્થની જરૂર પડે છે.**

**(3-96-7)**

**શ્રોતા :** કારણ કે દુઃખમાંથી છૂટવાનો માર્ગ એક જ છે.

**પૂજ્ય બહેનશ્રી : હાં, એક જ છે તું સ્વભાવ તરફ જા, જ્ઞાયક તરફ જા. એ વારેવારે જાય છે, પણ પણ હજી સહજદશા નથી થઈ. સહજદશા થયા પછી એ વિકલ્પ**

તૂટીને ઉપયોગ અંદરમાં જામી ગયો, એ અંતર્મુહૂર્ત એવો જામી જાય કે એને બહાર બધું ચૂકી જાય કે આ શરીર છે, કે નહીં, વિકલ્પ છે, કે નહીં કાંઈ નહીં બધું ચૂકી જ જાય, જુદી જ દુનિયામાં આવી ગયો. આત્માની કોઈ જુદી દુનિયામાં આવી ગયો એવી જાતની એને અનુભૂતિ થાય છે ત્યારે એ અનુભૂતિ જ છે. જુદો કોઈની સાથે મેળ ન ખાય એવો કોઈ આત્મામાંથી પ્રગટ થતો મૂળ જે ટકતો ભાવ છે, એમાંથી પ્રગટતું આનંદ, એમાંથી પ્રગટતું જ્ઞાન, એમાંથી પ્રગટતી પર્યાયો છે. એને કોઈ આ સહજ તત્ત્વનો કોઈ જુદો જ અનુભવ થાય એમ. કે આ કોઈ દિવસ નહોતું થયું એવું એમ લાગે એવી અપૂર્વતા લાગે. એ કોઈ જુદું જ એનું છે, એમ લાગે. આત્મામાં કોઈ શ્રદ્ધાનું બળ જુદું જ આવી જાય છે અને પ્રયત્ન ઓલો પ્રયાસની દશા. પ્રયાસ કરવામાં વાંધો નથી, પણ અંતરમાં એ પ્રગટે. આખી દિશા જ બદલાઈ જાય એની.

એમાં એક આત્મા છે, એ ગુરુદેવે સ્પષ્ટીકરણ કર્યું છે, એ મુક્તિનો માર્ગને થંભાવી રાખ્યો છે. નહીંતર આ પંચમકાળના જીવો કેટલાક બિચારા સમજે નહીં ને બીજા ઓલા વાડામાં તણાઈ જાય છે. જૈનમાં બધું જ કહી નાખ્યું છે. આખી સ્વાનુભૂતિ જૈનમાં ભરેલી છે. યથાર્થ સ્વાનુભૂતિ એમાં ભરેલી છે. બીચારા અન્ય જગ્યાએ વયા જાય. કુંદકુંદાચાર્યદેવે કેટલું સ્પષ્ટ કર્યું છે. બદ્ધસ્પૃષ્ટ ભાવો ઉપર તરે છે. તારામાં પ્રવેશ કરતાં જ નથી..... બદ્ધસ્પૃષ્ટ ભાવો એને સ્પર્શતા જ નથી.

એક આત્મા ભૂતાર્થ છે, એવી વાત આવે છે. અંદરમાં જુદો આખો સ્વાનુભૂતિ કર એની, સ્વાનુભૂતિની મહિમા 'સમયસાર'માં આવે છે. એ ઓળખતું તું કોણ? ગુરુદેવે બહાર કાઢ્યું એ અંદરથી, એ બધાં હીરા પડ્યા છે 'સમયસાર'માં. પણ એ હીરાને ઓળખાવનાર ગુરુદેવ છે. (3-96-8)

**શ્રોતા :** મૂળ 'સમયસાર' મળી ગયું.

**પૂજ્ય બહેનશ્રી :** હા મૂળ જ મળી ગયું, સાથે સાથે કળશ જ એવા આવે તે કળશનો અર્થ તો ક્યાંય રહી જાય છે બીજા બધા પ્રશ્ન કરતાં હોય. અંદર ..... અનંતા ભાવો ભર્યા છે. અનંતા ભાવોની ચૈતન્યસત્તા ખ્યાલમાં આવે છે અંદર, આત્મા એવો, એના ભાવો અનંતા, મુક્તિમાર્ગ એવો છે. એને ટૂંકામાં કહે તો એકમાં બધું આવી જાય છે. અને વિસ્તાર કરો તો અનંત અનંત અનંત એનો પાર ન આવે એના શબ્દ સંખ્યાતા પણ, એના ભાવો અનંતા, શબ્દો અનંતા થાય નહીં, શબ્દ તો સંખ્યા છે. એની ભાવો અનંતા છે. પણ એના વાણી કાંઈ અનંત અનંત ન થાય. વાણીની સંખ્યા છે, એ ભાવો અનંતાનંત કર્યા કરે છે. ન્યાં બેઠા બેઠા રત્નની પ્રતિમાની પૂજા કરે. ન્યાં બીજો દેવલોકના દેવોથી ચૌદ દેવલોકના દેવો એ બધા તો ભગવાન જ્યાં જ્યાં બિરાજતા

હોય, ત્યાં એ આવે છે, વાણી સાંભળે છે. ન્યાં સમોસરણમાં આવે છે ભગવાનની સ્તુતિ સાક્ષાત્ તીર્થંકર ભગવાન બિરાજતા હોય (વીસ વિહરમાન ભગવાન) ત્યાં બધે જ્યાં જ્યાં ભગવાન બિરાજતા હોય આવે છે અને મધ્યલોકમાં જ્યાં જ્યાં પ્રતિમાઓ કોઈ છે ન્યાં બધે દર્શન, પૂજન કરવા બધે આવે છે. બીજા દેવલોકના. અનુત્તર વિમાનના ને નવ ગ્રૈવેયકના ઉપરના મંદિરો હોય છે ત્યાં પૂજા ને ભક્તિ કરતાં હોય છે.

નથી પ્રગટ થયો ત્યાં સુધી એને શુદ્ધિને માટે એ બધું કરતા હોય છે સ્વાનુભૂતિની વિશેષતાને, લીનતા કરવાને માટે એ બધું કરે છે. દેવલોકના દેવો તો વિશેષ લીનતા કરી શકતા નથી, પરંતુ એને ભેદજ્ઞાનની ધારા ને સ્વાનુભૂતિ ને ચોથું ગુણસ્થાન હોય છે. એમાં એ ચોથા ગુણસ્થાન પ્રમાણે એની સ્વાનુભૂતિ ઓછી અને બહારથી આ બધું કરતાં હોય છે. એ મનુષ્યોમાં તો ચોથા ગુણસ્થાનથી ઉપર થાય છે, અને સ્વાનુભૂતિ વધતી જાય છે. ભેદજ્ઞાનની ધારા બધું સ્વાનુભૂતિરૂપ વધતી જાય છે મનુષ્યોમાં.

(દેવો) મનુષ્યભવ ક્યારે મળે? ક્યારે અમે ...... ક્યારે અમે શુદ્ધની વૃદ્ધિ કરીએ એવી ભાવના ભાવતા હોય છે. આ જોગ મળ્યો, આ જીવનની અંદર ચૈતન્યદેવ કેમ ઓળખાય? એની રુચિ, એની ભાવના, એ બધું કરવા જેવું છે. એવી ભાવનાપૂર્વક દેવ, ગુરુ, શાસ્ત્રના રટણ શુભભાવમાં રહીને અંતરમાં આત્માની શુદ્ધિ કેમ થાય? જ્ઞાયકને કેમ ઓળખાય? એ કરવા જેવું છે. બીજું બધું સંસારનું દુઃખ છે પણ આ કરવા જેવું છે.

**શ્રોતા :** અમારે શું વિચારો કર્યા કરવા જોઈએ?

**પૂજ્ય બહેનશ્રી :** ભાવના કરવી કે, હું ચૈતન્યદેવ છું, મારું સ્વરૂપ જ્ઞાયક છે. શરીર હું નથી, વિભાવભાવો હું નથી, શુભાશુભભાવોથી જુદો હું ચૈતન્ય છું, અનંતગુણથી ભરેલો એવો અનેક પ્રકારના વિચારો થાય. ભાવના એ કરીને હું જુદો ચૈતન્ય છું, જે જિનેન્દ્રદેવે પ્રગટ કર્યું છે ગુરુ સાધના કરે છે, જે શાસ્ત્રમાં આવે છે, ગુરુએ બતાવ્યું એ બધું ચૈતન્યદેવનું જે સ્વરૂપ બતાવ્યું એવી એની ભાવના કરવી. એ ન થાય ત્યાં સુધી દેવ, ગુરુ, શાસ્ત્ર એ હૃદયમાં રાખીને એની મહિમા કરે. (3-96-9)

શ્રોતાઓ : ભગવતી માતનો જય હો....

માતાજીની અમૃતવાણીનો જય હો....

* * *

## પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી, ભાગ-૩

# તત્ત્વચર્ચા - ૯૭

**શ્રોતા :** કોઈ કોઈનું કરતું નથી.

**પૂજ્ય બહેનશ્રી : કોઈ કોઈનું કરી શકતું નથી, પોતે સ્વતંત્ર છે. જીવે પોતાના પરિણામ સ્વતંત્ર કર્યા, સ્વતંત્ર ભોગવે, કોઈ કરી શકે નહીં. ઇન્દ્રો ઉતરે તોય કરી શકતા નથી. કોઈનું કોઈ કરી શકતું નથી. પોતાના જે પરિણામ એનો જે ઉદય આવે એ પોતે જ ભોગવે છે. બીજું કોઈ નથી કરી શકતું. (3-97-1)**

**શ્રોતા :** પણ આપણે લીધે બચ્ચાઓને તકલીફ પડે એવું લાગે ને આપણને અમારા કર્મના ઉદયને હિસાબે...

**પૂજ્ય બહેનશ્રી : તમારા ઉદયથી, એને તકલીફ પડે (એમ નથી) એના ઉદયથી એને તકલીફ, એનો ઉદય સ્વતંત્ર ને તમારોય સ્વતંત્ર બેયનો સ્વતંત્ર. બેયનો એવો મેળ આવી જાય છે. બેયના ઉદય જુદા છે. એણે એવા પરિણામ કર્યા હોય કે જેને લઈને એ તકલીફ ભોગવવી પડે. (3-97-2)**

**શ્રોતા :** પણ અમારા ઘરે જ આવે એવી રીતે........

**પૂજ્ય બહેનશ્રી : એવું પોતે જ પરિણામ એવા કર્યા હોય કે એવી જાતનો સંયોગ બને છે પોતાને. કોઈ રાજાના ઘરે જન્મે, કોઈ દરિદ્રના ઘરે જન્મે કોઈ ક્યાંય જન્મે છે, એ બધા મૂળ પોતાના ઉદયને લઈને આવે છે. કોઈ એને કરતું નથી. એટલે આવે છે ને ગુરુદેવ કહે છે, શાસ્ત્રમાં આવે છે કે આત્માનું કરી લેવું બસ, આત્માને ઓળખી લે. તારા આ જન્મ-મરણ કરતાં કરતાં અનેક જાતના ભવો થાય છે. મનુષ્યજન્મ પામે છે પોતાના પરિણામથી. કોઈ દેવ, થાય, કોઈ મનુષ્ય થાય, કોઈ ઢોર થાય, પોતાના પરિણામથી થાય છે. એમાં કોઈ કોઈનું કરી શકતું નથી. શુભાશુભભાવનો કરનારો પોતે, એનો ફળ ભોગવાનારો પોતે અને એનાથી જુદો પડી અને 'હું આત્મા શાશ્વત છું જાણનારો, મારામાં આનંદ છે', એમ કરીને આત્માને ઓળખનારો પોતે એ મોક્ષને પામે છે. અંતરમાં મુક્તિની દશા, અંતરમાં પ્રગટ કરે છે, અંતરમાં ભેદજ્ઞાન કરીને શરીર જુદું, (આ) બધા સંકલ્પ-વિકલ્પ એ મારો સ્વભાવ નહીં. હું જાણનારો આત્મા એમ કરીને પોતે. મુક્તિની દશા પણ પોતે કરે છે અને શુભાશુભભાવો કરીને જન્મ-મરણ કરનારો પોતે એમાં કોઈનું કોઈ (કાંઈ પણ) કરી શકતું નથી. ઇન્દ્ર હોય કે કોઈપણ કોઈના કર્તા નથી.**

જિનેન્દ્ર ભગવાન, ગુરુદેવ બધા ઉપદેશ આપે, પણ પુરુષાર્થ કરવાનું પોતાને રહે છે. કોઈનું કોઈ કરી શકતું નથી. પણ આત્માનું ધ્યાન કરીને કેવળજ્ઞાન પામે, ઇન્દ્રો જેને સહાયમાં હોય છે, કોઈ પુરુષાર્થ કરે છે પોતે સ્વયં ને કેવળજ્ઞાન પામે પોતે સ્વયં એમાં કોઈ સાથ દેવા નથી આવતું. ઉપરથી કાંઈ ઉપસર્ગ પરિષહ આવે તો એ પોતે જ એમાં ઇન્દ્રો સહાયમાં હોય છે તો એ વખતે આત્માનું ધ્યાન કરવાનું મુનિઓ જંગલમાં વયા જાય છે. ચક્રવર્તીઓને ભગવાન જેવા પણ જંગલમાં ઋષભદેવ ભગવાન આત્માની સાધના કરતા હોય છે. એને કોઈ ઉપસર્ગો હોતા નથી, કોઈને હોય છે. આત્માની સાધના પોતે સ્વયં કરે છે. ભગવાનના ઓલા ઉપરથી કમઠનો જીવ ને પછી એ ઓલો પદ્માવતી ને આવે છે સહાય કરવા. ભગવાન પ્રત્યે અહોભાવ હોય છે. એ બધું સ્વતંત્ર ...... થાય છે. કોઈનું કારણ નથી.

આત્માને ઓળખવો આ શરીરનું હું કાંઈ કરી શકતો નથી. માત્ર નિમિત્તથી શરીરમાં જે થાવાનું હોય એ થાય છે. એને કોઈ કાંઈ કરી શકતા નથી. અંતરમાં જે વિકલ્પ આવે એ વિભાવભાવ એમાંથી પોતે છૂટો પડી અને હું આત્મા છું એમ ઓળખી શકે છે, કે હું શાશ્વતો આત્મા છું. પછી એમાં એકત્વબુદ્ધિ તોડીને જે અંદરથી રાગ ને દ્વેષ ને સંકલ્પ ને વિકલ્પ થાય એ મારું સ્વરૂપ નથી એની તન્મયતા તોડી હું તો આત્મા છું એ પોતે કરી શકે. આત્માને ઓળખી શકે. દેવ, ગુરુ, શાસ્ત્ર શું કહી રહ્યા છે? એનો અભ્યાસ કરે, એનું ચિંતવન કરે, મનન કરે કે માર્ગ શું છે આત્માનો મેળવવાનો એ પોતે કરી શકે છે.

દેવ, ગુરુ, શાસ્ત્રને હૃદયમાં રાખીને 'હું ચૈતન્ય આત્મા કેવો છું?' આત્માને ઓળખવાનો પ્રયત્ન કરે, તો પુણ્ય બંધાય, દેવલોક થાય પણ ભવનો અભાવ તો આત્માને ઓળખે તો જ થાય છે, પણ આનંદ, જ્ઞાન બધું આત્મામાં છે, પણ આત્માને ઓળખે, અંદર જાય, બહારની સુખબુદ્ધિ તોડે, તો અંતરમાંથી સુખ પ્રગટે, એને આકુળતા લાગે કે આકુળતાથી, 'સુખ અંતરમાં છે, અંતરમાં શોધ્યો તો અંતરમાંથી મળે એમ.' તત્ત્વનો વિચાર જે માર્ગ મળ્યો કેમ મળે બધું સાચું જ્ઞાન કરે જીવનમાં. દેવ, ગુરુ, શાસ્ત્ર શું કહી રહ્યા છે? ગુરુદેવે શું માર્ગ બતાવ્યો છે બધું ઓળખવું જોઈએ તો માર્ગ મળે. કરે તો સાચો માર્ગ મળે. આત્મા જ માનતા નથી અત્યારે ઘણાં તો. ગુરુદેવને પ્રતાપે આટલા બધા માણસો, આત્માને ઓળખતા થયા, આત્મા છે, એને ઓળખીને એ રુચિવાળા થયા. (3-97-3)

**શ્રોતા :** ગુરુદેવે બધું આપ્યું છે.

**પૂજ્ય બહેનશ્રી : નિશ્ચય અંતરમાંથી આ થાય છે આત્મામાં, આત્માની અંતરમાં.**

**શ્રોતા :** હું કાંઈ કરી શકતો નથી મારામાં કશું કરી શકતો નથી

**પૂજ્ય બહેનશ્રી : પણ એ કરી શકતો જ નથી. સાચી વાત છે, એ.**

**શ્રોતા :** એ સમજીએ પણ કાંઈપણ કરીએ જ નહીં. પણ કાંઈક કરવું તો પડશે ને?

**પૂજ્ય બહેનશ્રી : કરીએ જ નહીં એમ નહીં પણ કર્તાબુદ્ધિ તોડવાની છે. પછી જ્યાં સુધી રાગ છે ત્યાં સુધી થયા વગર રહેવાનું નથી. પણ એ કર્તાબુદ્ધિ તો તોડવાની છે.**

**શ્રોતા :** પોતે જીવન છે ત્યાં સુધી તો આપણે કાંઈ ને કાંઈ કરતા જ રહેશું ને!

**પૂજ્ય બહેનશ્રી : કરવાનું, એ પણ હું કરી શકું છું બીજાનું, જીવાડી શકું, મારી શકું, કોઈકનું આમ કરી શકું...**

**શ્રોતા :** કરી શકતો જ નથી પણ જીવન જીવવું કેવી રીતે? સંપૂર્ણ કેવી રીતે કરવું, ટાઈમ કેમ પાસ કરવો?

શ્રોતા : ઘણી વખત રાગ આવ્યા વિના રહેશે જ નહીં ને થવાનું એમ થાય.

**પૂજ્ય બહેનશ્રી : એ છે, એટલે એ થવાનું જ છે, પણ હું કરી શકું છું એ તારી શ્રદ્ધા તોડ એમ.**

**શ્રોતા :** હું કરી કાંઈ શકતો જ નથી એ મને ખ્યાલ આવી ગયો.

**પૂજ્ય બહેનશ્રી : શ્રદ્ધા.. શ્રદ્ધા કરવી.**

**શ્રોતા :** શ્રદ્ધામાં છે એમ મને ખ્યાલ આવી ગયો હું કાંઈ કરી શકતો નથી એ ખ્યાલ મને આવી ગયો.

**પૂજ્ય બહેનશ્રી : એટલે એમાં એની નિર્લેપતા આવે ને ઓલું તો મેં આ કર્યું, મેં આનું કર્યું મેં આમ ન કર્યું આમ કર્યું ન હોત તો આમ થાત, આમ ન કર્યું હોત તો આમ ન થાત. મેં ધ્યાન ન રાખ્યું એટલે આમ થયું, એવા બધા વિકલ્પ એને છૂટી જાય છે, કે મારા ધ્યાનને કારણે ....**

**શ્રોતા :** પણ કરવું શું? બધું છૂટી જાય છે

**પૂજ્ય બહેનશ્રી : પણ એ છૂટવાનું ક્યાં અંદર રાગ છે, એટલે છૂટવાનું નથી પણ શ્રદ્ધા જ તોડવાની છે**

**શ્રોતા :** પહેલાં જ્ઞાન ને શ્રદ્ધા કરવાની છે. પછી બધું જ

**પૂજ્ય બહેનશ્રી : શ્રદ્ધા કરવાની છે. શ્રદ્ધા તો કરે છે, કે હું નથી કરી શકતો. આત્મામાં કાંઈ કરી શકું છું. મારા જ્ઞાનને કરી શકું, આનંદ કરી શકું, બધું અંદર આત્મામાંથી પ્રગટ કરી શકું, મારા આત્મામાં આનંદ અનંત આનંદ ભર્યો, જ્ઞાન ભર્યો એ બધું આત્મામાંથી પ્રગટે, આત્મામાં કરી શકું, બહાર નથી કરી શકતો. શ્રદ્ધા ફેરવે તો શું થાય છે જોવે છે. થયા વગર રહેવાનું જ નથી. શ્રદ્ધા ફેરવે પછી એ તો હાલ્યા જ કરવાનું. (3-97-4)**

**શ્રોતા :** શ્રદ્ધા જ્ઞાન કરે તો એ વાત ખ્યાલ આવે.

**પૂજ્ય બહેનશ્રી : ખ્યાલ આવે,**

**શ્રોતા :** શ્રદ્ધા પહેલાં કરવાની પહેલાં કાંઈક કર્તૃત્વની બુદ્ધિ તોડવાની કે જે થવાનું હોય તે જ થાય.

**પૂજ્ય બહેનશ્રી : એ બધું થવાનું છે, પણ એની દિશા, શ્રદ્ધાની દિશા ફેરવવાની છે.**

**એવું લાગે જ્ઞાયક ચૈતન્ય છું, એમાં આનંદ છે, જ્ઞાન છે, એ બધું આત્મામાં સ્વભાવથી ભરેલો છે. જે પાણી સ્વભાવે શીતળ છે. અને અગ્નિના નિમિત્તે ઉષ્ણ થાય છે. પોતાનું વાસ્તવિકરૂપ નથી. માત્ર એનો સંયોગ છે. એ ઉષ્ણ દેખાય છે ને માત્ર સંયોગ છે. એમ આત્મા પોતે આનંદ સ્વભાવ ને શાંત ને આનંદરૂપ પણ એને આ કર્મના નિમિત્તે પોતાની ખામી છે પુરુષાર્થની, તે પોતે કર્મમાં પોતે જોડાય છે, એટલે એમાં વિભાવ પર્યાય થાય છે. આ .... એકત્વબુદ્ધિ કરીને હું રાગી થઈ ગયો છું, દ્વેષી થઈ ગયો છું એકત્વબુદ્ધિ કરે છે, પણ હું જુદો છું એવી જાતનું પોતે પોતાને ઓળખે અને અંદર ભેદજ્ઞાન કરે તો અનંત જ્ઞાન, અનંત દર્શન પોતે ચૈતન્ય વિકલ્પ છૂટીને અંતરમાં જ સ્વાનુભૂતિ આત્માની પ્રગટ થાય છે. જેવા સિદ્ધ ભગવાન છે, એવો અનુભવમાં આવે આત્મા તત્ત્વ છે, એનો સ્વભાવ ઓળખવો એવું દ્રવ્ય ઓળખવું, એનો ગુણ ઓળખવો. એની પર્યાય એ ક્ષણે ક્ષણે પર્યાયો વિભાવમાં હોય ત્યાં સુધી વિભાવ પર્યાય, સ્વભાવમાં જાય ત્યાં સ્વભાવની પર્યાયો પ્રગટે.**

**જેમ પાણીમાં મોજા થાય એમ એવી જાતની એનામાં પર્યાયો હોય એના ગુણ એવી પર્યાયો સ્વભાવમાં થાય. એના દ્રવ્ય, ગુણ, પર્યાયો ઓળખવા, એ સ્વતઃસિદ્ધ તત્ત્વ છે, એનું ભેદજ્ઞાન કેમ થાય તો અંતરમાં આત્મામાંથી જ માર્ગ મળી જાય છે. બહાર ક્રિયાઓ કરી, શુભભાવ કર્યા એમાંથી પુણ્યબંધ થાય છે, દેવલોક થાય છે, પણ ભવનો અભાવ નથી થાતો. ભવનો અભાવ તો અંતરમાં આત્માને ઓળખી અને વિકલ્પ તૂટે, રાગ-દ્વેષવાળો હું નથી પણ અકષાય વીતરાગી છું એવી દૃષ્ટિ કરે, એવું**

જ્ઞાન કરે, એમાં લીનતા કરે તો પ્રગટ થાય છે. બહારથી ઘણીવાર જ્ઞાન, દર્શન, ચારિત્ર એ બધું કર્યું પણ શુભભાવો કર્યા. અંતર આત્મામાંથી જે સોનામાંથી સોનું પ્રગટે એમ આત્મામાંથી જ આત્માના સ્વભાવપર્યાય પ્રગટે માટે એ કરવા જેવું છે. એને માટે તત્ત્વવિચાર એવી જાતનો શાસ્ત્રાભ્યાસ. એ દેવ, ગુરુ, શાસ્ત્ર હૃદયમાં રાખે ને હું ચૈતન્ય છું એ ઓળખવા માટે પ્રયત્ન કરવો, તત્ત્વના વિચાર એ જાતનો શાસ્ત્ર સ્વાધ્યાય જ્યાં થાતો હોય એવી જાતનો સત્સંગ કરવો, એ જાતનું વાંચન સાંભળવું, એનો વિચાર કરવો. ક્ષણે ક્ષણે એની જિજ્ઞાસા કરવી તો પ્રગટ થાય. (3-97-5)

**શ્રોતા :** આત્માને મેઈન ઓળખવો.

**પૂજ્ય બહેનશ્રી :** હા, આત્મા કેમ ઓળખાય? એને માટે વિચાર, ચિંતવન બધું કરવું. એ વાંચન, વિચારો, સ્વાધ્યાય, સત્સંગ બધું એને માટે એને ઓળખવા માટે.

**શ્રોતા :** પોતાની ખામી છે. પોતાની ખામી છે.

**પૂજ્ય બહેનશ્રી :** પોતાના પ્રયત્નની ખામી છે. રુચિ એટલી, ઊંડી રુચિ હોવી જોઈએ. આ જ કરવાનું છે. એટલું અંદર ઉંડાણમાંથી થાવું જોઈએ. ક્યાંય ચેન પડે. નહીં, બહારમાં ક્યાંય સુખ લાગે નહીં. સુખ આત્મામાં છે, જ્યાં સુધી આત્મામાં સુખ, આનંદ, જ્ઞાન ન આવે ત્યાં સુધી એને શાંતિ ન થાય ને ક્યાંય ચેન ન પડે એવો એને ક્ષણે ક્ષણે એટલી અંદર તીવ્ર અંદર ભાવના, જિજ્ઞાસા હોય તો પ્રયત્ન એ તરફ ઉગ્રપણે વળે છે. પોતાની રુચિની ખામી છે, પુરુષાર્થની ખામી છે માટે નથી થાતું. જીવનની અંદર એ કરવા જેવું આ જ છે. હું એક જ્ઞાયક આત્મા જાણનારો છું, એ ચૈતન્ય તત્ત્વ છે જેમ આ બધા પુદ્ગલોને એ બધું દેખાય છે, એ જેમ એક વસ્તુ છે, એમ એક હું વસ્તુ ચૈતન્ય છું. મારામાં જ્ઞાનગુણ છે એવો અસાધારણ જ્ઞાનગુણ છે. જ્ઞાયક સાથે ઓળખાય છે. એ જ્ઞાયકતાથી ભરેલો છે.

આ જડ કાંઈ જાણતું નથી. જાણનારો ચૈતન્યદેવ છે, એનાથી એ ઓળખાય છે. જ્ઞાયકતાથી, એ જ્ઞાયકને ઓળખવો એ એમાં જીવનનું કર્તવ્ય છે. એ ન થાય ત્યાં સુધી દેવ, ગુરુ, શાસ્ત્ર હૃદયમાં રાખી, દેવ, ગુરુ, શાસ્ત્રે જે બતાવ્યું છે, ગુરુએ જે સાધના કરી છે એ સાધના પોતાને કરવાની છે, એવી ભાવના અંદર રાખીને મહિમા કરી તત્ત્વનું ચિંતવન કરવું, જીવનમાં એ જ કર્તવ્ય છે બાકી બહારનું બધું થયા કરે. જ્ઞાયક હું ચૈતન્યદેવ છું, એવી ઊંડી રુચિ, ઊંડો પ્રયત્ન કરે તો એ પ્રગટ થાય તો એની ભેદજ્ઞાનની ધારા પ્રગટ થાય, પર પદાર્થને હું કરી શકું છું એવી કર્તાબુદ્ધિ છે અનાદિકાળની. 'હું કરું તો થાય છે,' પોતે કરતો નથી. દરેક દ્રવ્ય સ્વતંત્ર પરિણમે છે. પોતે સ્વતંત્ર છે.

પોતાના ઉત્પાદ, વ્યય પોતામાં સ્વભાવ તરફ વળે તો સ્વભાવરૂપ ઉત્પાદ, વ્યય થાય. આ વિભાવ તરફ છે, એટલે વિભાવ તરફ થઈ જાય. પર દ્રવ્ય તરફની સ્વામિત્વબુદ્ધિ છોડીને 'હું એનો સ્વામી છું અને હું કર્તા છું' ને એવી સ્વામિત્વબુદ્ધિ તોડીને હું જ્ઞાતા છું એવી ભેદજ્ઞાનની ધારા પ્રગટ કરીને અંદર ઊંડી રુચિ ને ઉંડી રુચિ હોય તો થાય છે તો ભેદજ્ઞાન થાય.

એવી ભેદજ્ઞાનની ધારા અંદરથી પ્રગટ કરી તો એને માર્ગ મળે, વિકલ્પ તૂટીને સ્વાનુભૂતિ થાય. આત્મામાંથી આનંદ પ્રગટે, આત્મામાંથી જ્ઞાન પ્રગટે જેમાં જે છે, એમાંથી પ્રગટે. એ જીવનમાં એ કરવા જેવું છે. એની સાધના બસ, એની લગની ને એ જ કરવા જેવું છે. એની વિશેષ આરાધના, હું પૂર્ણ કેવળજ્ઞાન વીતરાગદશા જે પ્રાપ્ત થાય એ વીતરાગતાનો અંશ પ્રગટ થાય છે. એની શ્રદ્ધા થાય પહેલાં, એની સ્વાનુભૂતિ થાય પછી એમાં વિશેષતા વધતી જાય ખરું એ કરવાનું છે, પણ પોતાના પ્રયત્નની ખામી છે.

ગુરુદેવે ઘણું બતાવ્યું છે, ગુરુદેવે ઘણો માર્ગ ચોખ્ખો કર્યો છે. ગુરુદેવનો ઉપદેશ બધાએ સાંભળ્યો છે. પછી કાંઈ કહેવાનું કાંઈ રહેતું નથી. ગુરુદેવે બધું જ બતાવી દીધું છે. પોતાના પ્રયત્નની ખામી. ભાવના એનું રટણ, એનો પ્રયત્ન, એની મહિમા કરવા જેવી છે. શુભભાવમાં દેવ, ગુરુ, શાસ્ત્રને રાખવા જોઈએ. અંતર શુદ્ધાત્મામાં આત્મા, અબુદ્ધિપૂર્વક (રાગ) પોતે, શ્રેણી ચઢે (તો) અબુદ્ધિપૂર્વક શુભરાગ (હોય) તો પણ એનો સાક્ષી રહે છે. (3-97-6)

**શ્રોતા :** શુભરાગ હોય એ વખતે એમાં એકત્વ પણ કરે અને સાક્ષી પણ રહે છે.

**પૂજ્ય બહેનશ્રી : રાગ તો અસ્થિરતાનો છે. સાક્ષી રહે છે, એકત્વબુદ્ધિ નથી.**

**શ્રોતા :** એ ભલે આત્મામાં એકત્વબુદ્ધિ....

**પૂજ્ય બહેનશ્રી : સ્વભાવમાં એકત્વ પરથી વિભક્ત. સ્વભાવની એકત્વ પરિણતિ હોય ત્યાં પરથી વિભક્ત પરિણતિ હોય છે.**

**શ્રોતા :** પણ એકદમ .......... લાગે આમ સાવ આપણે પાછળ છીએ.

**પૂજ્ય બહેનશ્રી : પુરુષાર્થની હાની-વૃદ્ધિ થયા કરે, અંદરથી હજુ બહું ..... સ્વભાવ તરફની ગતિ પ્રગટ થઈ ન હોય ને એટલે અન્ય બધો વિચાર કરે છે.**

**શ્રોતા :** .....

**પૂજ્ય બહેનશ્રી : એને સહજ પ્રયત્ન જ્યાં સુધી ચાલું નથી હોતો ત્યાં સુધી એમ થયા કરે ભાવના અને પ્રયત્ન કરે. સહજ રીતે અજ્ઞાનદશામાં ચાલુ થાતું નથી. એમને એમ થાય છે. સહજદશા થાય ત્યારે એ સહજ પ્રયત્ન નક્કી થાય છે.**

**શ્રોતા :** આ જે પહેલાં વચનામૃતમાં આવે છે ને પહેલાં પ્રથમ આછો અસ્તિત્વનો ખ્યાલ આવે પછી એમાંથી ખ્યાલ આવે છે.

**પૂજ્ય બહેનશ્રી : અસ્તિત્વનો ખ્યાલ આવે પણ એ કાંઈ સહજ પ્રયત્નદશા નથી. એ તો એને ગ્રહણ કરે છે વિચાર કરે છે.**

**શ્રોતા :** અમને એમ લાગે છે

**પૂજ્ય બહેનશ્રી : સ્વભાવની ગતિ ને પરિણતિની અપેક્ષાએ છે બાકી તો જ્યાં મુનિઓની દશા એ સાધકો જેવી ઉંચી દશા એની તો શું વાત કરું. મુનિ જંગલમાં એકલા આત્માનું ધ્યાન કરતા હોય, ક્ષણે ક્ષણે સ્વરૂપમાં લીન થાય, અપ્રમત્તદશામાં એ ક્ષણે ક્ષણે જાણે ખાતા-પીતા કાંઈ જેને નિદ્રા પણ એક સામાન્ય હોય છે, એ ક્ષણે ક્ષણે સ્વરૂપમાં જાય એવી એની દશાની શું વાત કરવી. એ સ્વરૂપની દશા ને એ અંતર આત્મામાં ઝૂલતા હોય જે એક ચૈતન્યઘરમાં જ વસે છે કાંઈ બહાર આવે છે જ્ઞાનમાત્ર બહાર આવે છે, એમ કહેવાય, આ બહાર આવ્યા ને અંદર ગયા. અંતર્મુહૂર્તે, અંતર્મુહૂર્તે એની દશાની શું વાત કરવી.**

**આ તો જે સમ્યગ્દૃષ્ટિને અમુક દશા હોય ઈ અનાદિકાળથી જે દશા પલટી ગઈ એ એની અપેક્ષાએ એની જુદી દશા છે, એની કોઈ અચિંત્ય છે. બધાથી એને વિભાવદશાથી પલટો ખાધો એટલે એને જાત્યાંતર છે. જુદા જ એની સ્વાનુભૂતિની દશા જુદા જ લોકમાં છે, એમ કહેવાય પણ મુનિઓની દશાની શું વાત કરવી. મુનિ તો સાધના કરે છે. કેવળજ્ઞાન લીધું કે લેશે એવી દશામાં મુનિઓ વસતા હોય છે જંગલમાં રહેતા કોઈવાર ગામમાં આવે આહારનો વિકલ્પ આવે તો, ભગવાનના દર્શન કરવા જ્યાં મંદિર હોય ત્યાં જાય બાકી જંગલમાં જ રહે. (3-97-7)**

**શ્રોતાઓ : ભગવતી માતનો જય હો....**
**માતાજીની અમૃતવાણીનો જય હો....**

* * *

## પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી, ભાગ-૩

# તત્ત્વચર્ચા - ૯૮

**શ્રોતા :** શરૂઆતનું સમ્યગ્દર્શન હોય અને પચાસ વર્ષ પછીનું હોય તો એમાં પણ ફરક તો પડતો જ હશે ને?

**પૂજ્ય બહેનશ્રી : દશાની ગાઢપ થાય એ.**

**શ્રોતા :** એ ગાઢપ થાય એટલે સવિકલ્પદશામાં શું ફેર પડે?

**પૂજ્ય બહેનશ્રી : ઉત્તરોત્તર એની ગાઢપતા થાતી જાય જે એના સ્વરૂપાચરણ ચારિત્ર છે, એ સ્વરૂપાચરણ ચારિત્રની પણ વૃદ્ધિ થાતી જાય એની તારતમ્યતા વધતી જાય છે. સ્વરૂપાચરણ ચારિત્રની.**

**શ્રોતા :** નિર્વિકલ્પદશા પણ ઓછા ઓછા અંતરે આવતી જાય ને?

**પૂજ્ય બહેનશ્રી : બધું સ્વરૂપાચરણ ચારિત્ર વધે એટલે બધી વિશેષતા થાતી જાય છે, પણ એ પંચમ ગુણસ્થાનને યોગ્ય જે હોય એ નથી હોતું ચોથા ગુણસ્થાનને યોગ્ય હોય એ પ્રમાણે હોય છે.**

**શ્રોતા :** એમાં નિર્વિકલ્પદશામાં જેટલા સમય પહેલાં ટકતા હોય એના કરતા વધુ ટકે એવું બને.

**પૂજ્ય બહેનશ્રી : એ એની નિર્વિકલ્પદશા અમુક પ્રકારની વધતી જાય એ પ્રમાણે થાતું જાય. એમાં વધે, કાળ ટૂકો થાય એમ ભાવની વિશેષતા થાય, કેટલા કાળ ઉપર..**

**શ્રોતા :** ભાવની વિશેષતા એટલે?

**પૂજ્ય બહેનશ્રી : એ કાંઈ કહેવાની વાત છે, એ તો સ્વાનુભૂતિની વાત છે. ભાવ એટલે અંદરની વિશેષતા થાય છે. ઝાઝીવાર ટકે જલ્દી આવે એવી ભાવની વિશેષતા આવે એની એકાગ્રતાની લીનતાની વિશેષતા. એને કહેવાની વાત નથી. આ તો વાણીમાં શું કહી શકાય? (3-98-1)**

**શ્રોતા :** કહી નથી જાતી?

**પૂજ્ય બહેનશ્રી : એ કહેવાની કાંઈ વાત નથી. એ વૃદ્ધિ થાય છે વિશેષપણે. ભાવ સહજ એને અંદર ક્ષણે ક્ષણે જાય, શુભભાવ હોય તો ભગવાનના દર્શન કરવાની મુનિઓને પણ ભાવના આવે છે. ભાવના આવે એટલે બહારમાં આવી ભગવાનના**

દર્શન કરે પછી જંગલમાં ચાલ્યા જાય એમ સ્વરૂપમાં ઝૂલતા ઝૂલતા વળી વિકલ્પ આવે ત્યારે બહાર આવે શાસ્ત્ર રચે છે, ભગવાનના દર્શન કરે છે. (3-98-2)

**શ્રોતા :** .......

**પૂજ્ય બહેનશ્રી :** ગુરુદેવ પધાર્યા બધાને ઘણું આપી ગયા છે અંતરમાંથી સ્વરૂપ સમજવાનું છે. બહારનું કોઈ સંક્ષિપ્ત અંતરમાંથી સમ્યગ્જ્ઞાન હોય, વિચાર કરનાર, શાસ્ત્રજ્ઞાન કરીને જાણનાર.

**શ્રોતા :** .......

**પૂજ્ય બહેનશ્રી :** ઇસસે જન્મ-મરણકા અભાવ હોતા હૈ. બહારકી ક્રિયા તો અનંતકાળ બહોત કિયા (બાહરકી ક્રિયા) નવમી ગ્રૈવેયકે ઉપજાયા. મુનિવ્રત ધારી ગ્રૈવેયક ઉપજાયા. આત્માકો પહિચાને, બિના જ્ઞાયક આત્મા પહિચાને. બિના હો નહીં સકતા હૈ. આત્માકો પહિચાને તબ ભવકા અભાવ હોતા હૈ. અંતરમેં જો સ્વાનુભૂતિ હોતી તબ આત્માકા કલ્યાણ ઔર ભવકા અભાવ હોતા હૈ. શુભભાવ કર્યે પુણ્યબંધ હોતા હૈ દેવલોક હોતા હૈ, ભવકા અભાવ નહીં હોતા ઇસલિયે આત્માકો પહિચાન. વો શાસ્ત્રમેંસે આત્માકા સ્વરૂપ ક્યા બતાતે હૈ વો સમજના.

સ્વભાવકો પ્રગટ કરે એની સાધના કરે એની આરાધના કરે, ચૈતન્ય દ્રવ્યની આરાધના કરે, અને બધું આત્મા તો સ્થાયી સામાયિક. સ્થાયી પ્રતિક્રમણ બધું ચૈતન્ય સ્વરૂપ જ છે, એ સ્વરૂપની આરાધના કરે ને આરાધનાના દિવસો એ બધું કરવાનું છે. મુનિનો મુક્તિમાર્ગ ક્ષમા ને આર્જવ છે. એમાં શ્રાવકો અંશે સમાઈ જાય છે. તો સમ્યગ્દર્શન પ્રગટ કરીને એમાં એવી આરાધના કરવાની. જે દ્રવ્યદૃષ્ટિ કરી એ જાતની પર્યાય પ્રગટ કરવાની એ આરાધનાના દિવસોએ ચૈતન્યદેવ જે સ્વરૂપે શુદ્ધાત્મા છે, એવી શુદ્ધ પર્યાયો પ્રગટ કરવાની અને તેની આરાધના કરવાની એ જ કરવાનું છે. જે દ્રવ્ય છે, એવી પર્યાય પ્રગટ કરવાની. વારંવાર એ સાધના 'હું ચૈતન્ય છું, જ્ઞાયક છું' ભેદજ્ઞાન કરે, શુદ્ધ સ્વરૂપ છું. મારામાં હું પૂર્ણ સ્વરૂપ છું. કોઈ જાતનો વિભાવના કોઈ જાતના અમંગળિક ભાવો મારામાં નથી કે ચૈતન્ય નિર્મળતાથી ભરેલો ચૈતન્ય અનંતગુણોથી ભરેલો ચૈતન્ય છું એની આરાધના વારંવાર કરવી એમ. ........ એ કરવાનું છે. (3-97-3)

**શ્રોતા :** શુદ્ધપર્યાય પ્રગટ કરવાની ભાવના તો બધાયને છે. પણ થાતું કેમ નથી? એ ખબર નથી પડતી.

**પૂજ્ય બહેનશ્રી :** ભાવના છે, પણ પ્રયત્ન નથી કરતો ને! ભાવના ભાવના રાખે પણ એ જાતનો પ્રયત્ન કરે, જે જાતનું દ્રવ્ય છે બાકી પર્યાય પ્રગટ કરવાનો પ્રયત્ન

**કરે. દ્રવ્ય છે, એવી જાતની એની અંદર દૃષ્ટિ કરે, દૃષ્ટિને પહેલા દૃઢ કરી લેવી, દૃષ્ટિ દૃઢ કર્યા પછી એની પરિણતિ વિશેષ પ્રગટ કરી લેવી. પ્રયત્ન નથી, ભાવના હોય છે. એને પ્રયત્ન ક્ષણે ક્ષણે કરવો જોઈએ. હું ચૈતન્ય આ સ્વરૂપે છું હું શુદ્ધાત્મા બધાથી નિરાળો, શુભાશુભભાવની ક્ષણિક પર્યાયો જેટલો હું નથી. શુદ્ધાત્મા શાશ્વત વારંવાર વારંવાર એનો પ્રયત્ન કરવો જોઈએ. તો એ ભેદજ્ઞાનની ધારા એવી દ્રવ્યદૃષ્ટિ અને એવી જાતની પરિણતિ પ્રગટ કરવી જોઈએ, પ્રયત્ન કરવો જોઈએ તો પ્રગટ થાય. અંદર ચૈતન્ય અસ્તિ સ્વરૂપ છે, એમાં જે બધું પડ્યું છે, એ પ્રગટ થાય. આત્મા સામાયિક બધું આત્મા જ છે. એની આરાધના કરવાથી પર્યાય લીનતામાં સ્વરૂપ રમણતામાં એ પ્રગટ થાય, એ જે સ્વરૂપને ગ્રહણ કરવાથી. (3-98-4)**

**શ્રોતા :** આત્માની અનોખી ક્રિયા કેમ કરવી? પકડાતું નથી બહું સમજમાં આવી જાય પણ કામ કેમ કરવું એ ખબર નથી.

**પૂજ્ય બહેનશ્રી : અંદર ઊંડો ઉતરે તો ખ્યાલમાં આવી જાય છે, કે આ બધું વિભાવ ક્રિયા શું થઈ રહી અને સ્વભાવ ક્રિયા પણ પ્રગટ થાય એ આત્માનો સ્વભાવ જ છે. સ્વભાવ છે, એ પ્રગટ થયા વગર રહે નહીં સ્વભાવ તરફ જાતો નથી. સ્વભાવ તરફ જાય તો પ્રગટ થાય. ચૈતન્ય પોતે જ પોતાના સ્વભાવને એ રીતે પરિણતિ કરીને પ્રગટ કરી શકે એવી એનામાં પરિણતિ, એવી ક્રિયા એવો પર્યાય પ્રગટ થાય એવો એનો સ્વભાવ છે, પણ પોતે એ જાતનો વિકલ્પ, પુરુષાર્થ કરે તો થાય. પોતાના કર્તા સિવાય પોતાના વિભાવમાં, વિભાવમાં પોતે પ્રગટ કરે થાય. દૃષ્ટિ જ એક અભેદ શાશ્વત ઉપર પણ આ બધું પરિણતિ અંદરથી પુરુષાર્થ કરે તો થાય. (3-98-5)**

**શ્રોતા :** પર્યાય જુદી રહીને આત્માનું ધ્યાન કરતી હશે?

**પૂજ્ય બહેનશ્રી : પોતે પોતાનું ધ્યાન કરે એમાં પર્યાય ભેગી આવી જાય છે કે 'હું ચૈતન્ય શાશ્વતો છું, હું ચૈતન્ય છું' એમાં એને પર્યાય જુદી ભેગી એ જે હોય એમાં સાથે આવી જાય છે. આ જે દ્રવ્ય છે, એ દ્રવ્યની પર્યાય છે, પણ પર્યાય ક્ષણપૂરતી છે ને દ્રવ્ય શાશ્વત છે. એ બેય દૃષ્ટિ, પર્યાય તરફ દૃષ્ટિ જોતી પણ નથી. જ્ઞાન બધાનું થાય છે, એ જ્ઞાનમાં પોતે શાશ્વત છે, એમાં પર્યાય ક્ષણે ક્ષણે થાય છે, એ જ્ઞાનમાં બધું આવે છે, દૃષ્ટિ પોતે એક શાશ્વત ઉપર છે અભેદ. પર્યાય એમાં ભેગી આવી જાય છે. કોઈ અપેક્ષાએ ભેગું ને, કોઈ અપેક્ષાએ જુદું, દ્રવ્યની જ પર્યાય છે, દૃષ્ટિ એના ઉપર જાતી (નથી) એક દ્રવ્યને ગ્રહણ કરે માટે એ અપેક્ષાએ જુદી છે. અને પર્યાય દ્રવ્યની છે માટે એની સાથે રહે છે. (3-98-6)**

**શ્રોતા :** ક્યાંક એમ આવે છે, કે પર્યાય દ્રવ્યનું ધ્યાન કરે છે અને ક્યાંક એમ આવે છે, કે ધ્યાતાપુરુષ ધ્યાન ધ્યાવે છે તો કાંઈ અમારી સમજણમાં કાંઈ ગડબડ રહ્યા કરે છે.

**પૂજ્ય બહેનશ્રી : પર્યાય દ્રવ્યનું ધ્યાન કરે એ, પર્યાય ભેગી આવે તો પર્યાય ધ્યાન કરે. ધ્યાતા એટલે પોતે મૂળ દ્રવ્ય ધ્યાન કરે, દ્રવ્ય તરફથી જોઈએ તો દ્રવ્ય ધ્યાન કરે છે. પર્યાય તરફ જોઈએ તો પર્યાય ધ્યાન કરે છે. જે અપેક્ષાએ જ્યાં વ્યાખ્યા હોય એની અપેક્ષા સમજવી જોઈએ.**

**ભીતરમેં જ્ઞાયક આત્માકો પહિચાનો એસા કહતે થે. જ્ઞાયક આત્મા જાનનેવાલા સિદ્ધ ભગવાન જૈસા હૈ, ઉસમેં આનંદ હૈ, જ્ઞાન હૈ સબ ઉસમેં હૈ તો પહિચાનો, ઔર ભેદ દેવ, ગુરુ, શાસ્ત્રકો દિલમેં રખના ઔર આત્માકો પહિચાન લે ઐસા કહતે થે. ઔર ઇસકા ભેદજ્ઞાન કરો ભીતરમેં, બહાર ક્રિયા કરતે કરતે નહીં હોતા. ભીતરમેં આત્માકો પહિચાનનેસે મુક્તિ હોતી હૈ. મુક્તદશા ભીતરમેં હોતી હૈ. જ્ઞાન આનંદ ભીતરમેંસે મિલતા હૈ. ઇસકો પહિચાનો ઐસા કહતે હૈ. વહ કરના હૈ. બાકી ....... પછી કહી શકે છે, પણ વસ્તુ સ્વરૂપ જ આમ છે, એવું નથી. (3-98-7)**

**શ્રોતા :** આપનો કહેવાનો આશય એ કે જે વસ્તુ સ્વરૂપ જ્ઞાનમાં જેમ છે, એમ બરાબર હોવું જોઈએ.

**પૂજ્ય બહેનશ્રી : સમજે બરાબર તો, દ્રવ્યદૃષ્ટિમાં બધુ ગૌણ થાય છે, પણ જ્ઞાનમાં બધું હોય છે (કઈ અપેક્ષાએ?) એ દ્રવ્યદૃષ્ટિ થઈ નથી એટલે એને મુખ્ય રાખે પણ ઓલાને તદ્દન એમ નથી એવું ન રાખે.**

**શ્રોતા :** જ્ઞાનમાં જેમ છે, એમ બરાબર રહેવું જોઈએ.

**પૂજ્ય બહેનશ્રી : જ્ઞાનમાં રહેવું જોઈએ. નહીંતર પછી એની સાધનામાં વાંધો આવે જો જ્ઞાનમાંથી નીકળી જાય તો. સાધના કેમ કરવી? તદ્દન ભેદમાં નહીં તો પર્યાયની શુદ્ધતા છે, એ વેદન કોને થાય છે, એ બધું જ્ઞાનમાં રહેવું જોઈએ. પોતે પોતાને જાણે મુખ્ય કરીને પણ એમાં બધું અનંતતા જ્ઞાનમાં ભરેલી છે, એ જ્ઞાનમાં રહેવી જોઈએ બસ. એમાં કોઈ પડખું જાવું ન જોઈએ. (3-98-8)**

**શ્રોતા :** ....... વેદન શબ્દ મુખ્ય વેદનમાં આવે છે, આમ જણાય છે

**પૂજ્ય બહેનશ્રી : આત્માનું કલ્યાણ એ જ કરવાનું છે. એક માર્ગ એના હાથમાં આવી ગયો. આત્માનો પણ ગુરુદેવે તો માર્ગ બતાવ્યો, રસ્તે બધાને રસ્તો બતાવી દીધો છે. હવે ચાલવું પોતાને રહે છે. પ્રયત્ન કરવાનો પોતાને રહે છે. માર્ગ તો એકદમ ચોખ્ખો કરી દીધો છે. એ જાતની એકાગ્રતા, એ જાતનું ધ્યાન કે આત્મા જુદો છે, એ**

દ્રવ્ય, ગુણ, પર્યાય આત્મા વસ્તુ શું? એમાં ગુણો શું? એ પર્યાય એટલે પલટે શું? એ બધા વિચારો કરીને અંતરમાં પહેલાં આત્માની સ્વાનુભૂતિ થાય. સ્વાનુભૂતિ પછી વિશેષ વિશેષ એમાં એકાગ્રતા થાતા એ એકાગ્રતામાં પહેલાં બહુ જ એ એકાગ્રતાની પરિણતિમાં એ ખ્યાલમાં આવી ગયો. બહુ એકાગ્ર આત્મામાં થાવાનું. એકાગ્ર છે, એટલે જ્ઞાનપૂર્વક ધ્યાન, ધ્યાન એવું જોઈએ કે જ્ઞાનપૂર્વકમાં સમજણપૂર્વકનું. ગુરુદેવનાં.... પ્રતાપથી બાકી તો બધું પોતાનું સ્પષ્ટીકરણ બહું કરતી નથી માત્ર કોઈ પૂછે, કે કેમ થયું? આત્માનું એકાગ્ર, આત્માનું ભેદજ્ઞાન કરી સ્વાનુભૂતિ કરવાથી થાય. કોઈને સ્વાનુભૂતિ ન થાય આત્માની ને તો એમાં જન્મ-મરણ ટળતા નથી. આત્માની સ્વાનુભૂતિપૂર્વક જે હોય કે આત્માને અંતરમાં ઓળખીને ભેદજ્ઞાન થાય એ તો એને આત્માનું સુખ મળે, આનંદ થાય પછી એની સાથે કોઈ પ્રકારનું જ્ઞાન થાય એ જુદી વાત છે. કોઈકને થાય કોઈકને ન થાય પણ અંતરમાંથી જે થાય એનાથી જન્મ-મરણ ટળીને. મુક્તિનો અંશ પ્રગટ થાય. ઈ તો લગભગ કરી શકે બધા પણ અંતરમાં પૂર્વ જન્મની એ વળી બહુ એકાગ્ર થવાથી કોઈને થાય ન થાય. ગુરુદેવના પ્રતાપથી બધું..

આત્માને ઓળખવો આ શરીર જુદું છે, આત્મા જુદો છે, ચૈતન્ય તત્ત્વ અંતરમાં બિરાજે છે સંકલ્પ-વિકલ્પ, વિભાવ બધી અશુદ્ધ પર્યાયો છે, એક શુદ્ધાત્માને ઓળખવો, એ જ કરવાનું છે. શુદ્ધાત્માને ઓળખે તો શુદ્ધ પર્યાય પ્રગટશે, આત્મામાં શુદ્ધતા, નિર્મળતા, જ્ઞાન, આનંદ બધું આત્મામાંથી પ્રગટે છે. બહારથી નહીં. અંતર દૃષ્ટિ કરવાની છે. બાહ્ય દૃષ્ટિ તોડીને અંતરની દૃષ્ટિ કર ને અંતરમાં જોવે તો ચૈતન્યમાંથી બધું નીકળે છે. ચૈતન્ય મૂળ તત્ત્વ છે, એ તત્ત્વમાં બધું ભર્યું છે એમાંથી નીકળે છે. બહારથી કાંઈ આવતું નથી એને પ્રગટ કરવા માટે એની દૃષ્ટિ કરવી, એનું જ્ઞાન કરવું એની તરફ લીનતા કરવી એ કરવાનું છે. એમાં ચિંતન, વાંચન, મનન બધુંય કરવા જેવું છે. એની રુચિ વધારવા જેવી છે.

એમાં જે હોય એમાંથી પ્રગટે છે બીજેથી પ્રગટતું નથી. જડમાં એમાં જ્ઞાન ને આનંદ જડમાં ભર્યા નથી પણ ચૈતન્યમાં ભર્યા છે. ચૈતન્યનો સ્વભાવ જ્ઞાન આનંદથી ભરપૂર છે જેનો જે સ્વભાવ એમાંથી એ નીકળે. લોઢામાંથી લોઢું જ થાય ને સોનામાંથી સોનું જ થાય. એમ ચૈતન્યમાંથી ચૈતન્યની પર્યાયો નીકળે જ્ઞાનમાંથી જ્ઞાન જ નીકળે, જડમાંથી જડની પર્યાયો. માટે ચૈતન્ય તરફ દૃષ્ટિ કરવા જેવી છે. બહારથી કાંઈ નથી. અંતરમાં જે ભર્યું છે, એમાં પ્રયાસ કરે તો નીકળે છે માટે એ જ કરવા જેવું છે.

જ્ઞાન ને આનંદ કેમ પ્રગટ થાય? એવી ભાવના જ્ઞાયક તરફ દૃષ્ટિ કરવા જેવી છે. અંતરમાં જ્ઞાયક અને શુભ પરિણામમાં દેવ, ગુરુ, શાસ્ત્ર એની મહિમા એ ભૂલવા

જેવો નથી. દેવ,ગુરુ, શાસ્ત્ર હૃદયમાં રાખવા ને જ્ઞાયક આત્મા હૃદયમાં રાખવો ગુરુદેવ ઘણું સમજાવી ગયા છે. એ કરવા જેવું છે.

આ વિભાવ છે, એ બધો કાંઈ સ્વભાવ નથી. સ્વભાવ તો પોતાનો સહેલો છે, પણ અનાદિનો અભ્યાસ નથી એટલે કઠણ થઈ પડે છે. જો સ્વભાવ સમજે તો સહજ ને સુગમ છે, પણ પોતે સમજ્યો જ નથી અનાદિથી, પણ જો સમજે એમાં પહેલાં પ્રથમ ભૂમિકા કઠણ લાગે છે, પણ એનો વિચાર કરીને ચિંતવન કરીને પછી સ્વભાવમાંથી ચૈતન્યને ઓળખવા પ્રયત્ન કરે આ બધાનો જાણનારો કોણ છે? કે હું જ્ઞાયક જાણનાર છું. એમ પ્રયત્ન કરે તો સહજ છે ને સુગમ છે. માટે પ્રયત્ન કરવાનો. કઠણ લાગે પણ પ્રયત્ન છોડવો નહીં. કઠણ લાગે પણ પ્રયત્ન તો કરવો. વ્યવહારના કાર્યો ભલે કઠણ લાગે તો કેમ પોતે કેમ કરે છે. જે શીખવું હોય એ કર્યે જ છૂટકો. જે ધંધા ભાઈઓ કરે, બહેનું કરે, ગમે તે કઠણ લાગે તોય એને કરે એની પાછળ પડે. એમ આ કઠણ લાગે તોય પ્રયત્ન કરવા જેવો છે. વારંવાર એનો જ અભ્યાસ કરે તો સમજ્યા વગર રહે જ નહીં. પોતાનો સ્વભાવ છે, કેમ ન થાય. માટે એનો વારંવાર એનો પ્રયત્ન કરે એનું ચિંતવન, એનું મનન, એનું વાંચન એનું રટણ આ બધું બહાર તો અનાદિનો પરિગ્રહ છે ન્યાં ક્યાંય સુખ નથી આકુળતા ભરી છે વિચાર કરે તો.

અંદર ચૈતન્યમાં નિરાકુળતા ને આનંદ ભર્યો છે અને એ નિરાકુળતા બહાર પદાર્થોમાંથી આવતી નથી. જેનો જે સ્વભાવ છે એમાંથી પ્રગટે છે. પોતાના સ્વભાવમાં ભર્યું છે, એમાંથી પ્રગટે છે. માટે એને જ ઓળખવાનો છે. એમાં જ પ્રયત્ન કરવો. જેનો જે સ્વભાવ હોય એમાંથી એ પ્રગટે, બીજામાંથી પ્રગટતો નથી. અગ્નિનો ઉષ્ણ સ્વભાવ, બરફનો ઠંડો સ્વભાવ એ બેયનો સ્વભાવ તેમ ચૈતન્યનો જ્ઞાન શીતળ સ્વભાવ અને વિભાવનો તો આકુળતાનો સ્વભાવ છે. માટે એનું ભેદજ્ઞાન કરવું કે 'હું ચૈતન્ય ને આ વિભાવ'. ભલે ઉંચામાં ઉંચો શુભભાવ વચ્ચે આવે દેવ, ગુરુ, શાસ્ત્રના શુભ પરિણામ, પણ એ શુભ છે, એનાથી ચૈતન્ય જુદો ને જુદી દૃષ્ટિ કરવી અને વિકલ્પમાં પણ દેવ, ગુરુ, શાસ્ત્ર શુભભાવમાં હોય, પણ પોતે ચૈતન્યને જાણવાનો ગુરુદેવ એ જ કહેતા હતા. ચૈતન્યને જાણવાનો પ્રયત્ન કર શુદ્ધાત્માનો, એ જ કરવાનું છે જીવનમાં વારંવાર પ્રયત્ન કરવાનો રહે છે. (3-98-9)

શ્રોતાઓ : ભગવતી માતનો જય હો....

માતાજીની અમૃતવાણીનો જય હો....

* * *

## પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી, ભાગ-૩

# તત્ત્વચર્ચા - ૯૯

**શ્રોતા :** .....

**પૂજ્ય બહેનશ્રી :** જ્ઞાયક આત્માની આરાધના કરવી, જ્ઞાયક આત્માની આરાધના એમાં બધા ગુણ, બધું આવી જાય એની આરાધના કરવાથી અંતર જે એના સ્વભાવમાં પડ્યો છે, પ્રગટ થાય છે. એની વારંવાર એની તરફ દૃષ્ટિ, જ્ઞાન, રમણતા બધું એ જ કરવા જેવું છે. જાણે ગુરુદેવે માર્ગ બતાવ્યો છે. આરાધનાના દિવસો એ જ્ઞાયક આત્માની આરાધના એ આત્મા ક્ષમા, આર્જવ, માર્દવ અનંતગુણોથી ભરેલો છે. એના સ્વભાવધર્મો તો કોઈ અલગ ચીજ છે, એની આરાધના કરવા જેવી છે. બીજા બધા વિભાવો છે, એનો ત્યાગ કરી એનું ભેદજ્ઞાન કરી સ્વભાવમાં નથી, સ્વભાવ જુદો છે. એ જુદા સ્વભાવની આરાધના કરવી મુનિઓ કરે છે, વિશેષ ઉત્કૃષ્ટ આરાધના અને શ્રાવકોએ પણ આ કરવા જેવું છે. મૂળ પહેલાં દ્રવ્યદૃષ્ટિ કરી એ જાતની પરિણતિ કરે, વારંવાર એ જાતની પરિણતિ કરે, ભેદજ્ઞાન કરે, એ જાતની દૃષ્ટિ કરે તો વિકલ્પ તૂટીને નિર્વિકલ્પદશા સ્વાનુભૂતિનો અંશ પ્રગટ થાય છે. અંતરમાં જે આત્મામાં પ્રગટ થયો, (જે) ભર્યું જ છે. (તે) પ્રગટ થાય છે. એ સ્વાનુભૂતિ કેમ પ્રગટ થાય એ દશા કેમ પ્રગટ થાય? એની આરાધના વારંવાર કરવા જેવી છે.

મુક્તિનો માર્ગ તો અંતરમાં છે જ્ઞાયકમાં રહેલો છે. જ્ઞાયક પોતે જ મુક્ત સ્વરૂપ છે, એમાંથી પોતે ભ્રમને લઈને જાણે હું આમ બધે અટવાઈ ગયો છું, એવું એને થઈ ગયું છે. અનાદિનું દ્રવ્ય તો મુક્ત છે, પર્યાયમાં એને વિભાવ થઈ રહ્યો છે. એ પર્યાયને પણ શુદ્ધ પર્યાયમાં પણ શુદ્ધતા થાય, ત્યારે સંસારથી મુક્ત થાય. દ્રવ્ય તો શુદ્ધતાથી ભરેલો એવો જ્ઞાયકની એવી દૃષ્ટિ એવું જ્ઞાન ને એવી જાતની શુદ્ધતા પ્રગટ કરવાથી મુક્તિનો અંશ પ્રગટ થાય છે. ને વિશેષ વિશેષ કરતાં પૂર્ણતા થાય છે. એ કરવાનું છે. એમાં જાવાનું ને એમાં સ્થિત થવા જેવું છે. અનાદિથી જાણે બહારથી કાંઈક આવે તો માની લે છે, પણ અંતરમાં દ્રવ્યમાં જે ભરેલું છે, એમાંથી જ પ્રગટ કરવાનું છે. દ્રવ્યમાં જ બધું ભરેલું છે. દ્રવ્યના જે સ્વભાવો છે, એ સ્વભાવમાંથી જ પ્રગટ કરવાનું છે. એ સ્વભાવની વારંવાર આરાધના કરે એ દૃષ્ટિ એના તરફ કરે, જ્ઞાનની પરિણતિ એ જાતની કરે તો એને સ્વભાવથી પ્રગટ થાય. (3-99-1)

**શ્રોતા :** પરિણતિમાં દ્રવ્યગુણથી જાણે છે ને..... કેવી રીતે શુદ્ધ ને?

**પૂજ્ય બહેનશ્રી :** અરિહંત ભગવાનનું દ્રવ્ય જેવું છે અનંત ગુણથી ભરેલું એવું પોતાનું દ્રવ્ય છે. અરિહંત ભગવાનના જેવા ગુણો છે, એવા પોતાના ગુણો છે. અરિહંતને જે પર્યાય પ્રગટ થઈ, અંશ પ્રગટ થયો અને પૂર્ણતા કેવળજ્ઞાન પ્રગટ કર્યું જે એ અરિહંત ભગવાનના દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણે. એ પોતાને જાણે છે. પણ એ બરાબર એમને એમ દ્રવ્ય ઉપર એનું કેવું દ્રવ્ય છે? એમના ગુણો કેવા છે? એવો હું છું. એમ પોતા તરફ દૃષ્ટિ કરે તો થાય. અરિહંત ભગવાનના દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણે એટલે જાણવા પૂરતો નથી. એ જાણ્યું ક્યારે કહેવાય? પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાયને જે ઓળખે તો અરિહંત ભગવાનના દ્રવ્ય, ગુણ, પર્યાય ઓળખ્યા. એ પોતાને ઓળખે, પોતાને ઓળખે, એ ભગવાનને ઓળખે, એ પોતાને ઓળખે, એવો ઉપાદાન-નિમિત્તનો સંબંધ છે. ભગવાન જેવાં છે, એટલે જેવા ભગવાન એવો હું છું. તારા તરફ દૃષ્ટિ કર એમ. ભગવાન તરફ દૃષ્ટિ કરતો હતો તે પોતા તરફ દૃષ્ટિ કરે છે. પોતા તરફ પુરુષાર્થને લઈ જવાનો છે. તો પોતાને ઓળખે. ત્યારે જ ખરા ભગવાનને ઓળખ્યા કહેવાય.

ભગવાનને જે પોતાને પૂર્ણ સ્વરૂપનું વેદન થયું છે, એ પૂર્ણ આનંદ એવું વેદન પોતે પ્રગટ કરે દ્રવ્યથી પણ ભગવાન જેવો છે. ગુણોથી પણ, પર્યાયો ભગવાનને જે પ્રગટ થઈ એવી પર્યાયમાંથી ભગવાનનું જે સ્વભાવનું વેદન છે એ વેદન એવો અંશપણે વેદન ને પછી પૂર્ણપણે વેદન આનંદથી ભરેલો છે. તો એ ભગવાનને ઓળખે. ભગવાનને જે ઓળખે તે પોતાને ઓળખ્યા વગર રહેતો જ નથી. તો જ ભગવાનને ઓળખ્યા કહેવાય. પોતે પોતાની અંશપણે અનુભૂતિ અને પછી તે પ્રગટ કરે તો જ ભગવાનને ઓળખ્યા કહેવાય. પોતા તરફ જાય, પોતે પોતાની સ્વાનુભૂતિ પ્રગટ કરે તો જ એણે ભગવાનને ઓળખ્યા કહેવાય. જેવો અંશ મને છે એવો જ ભગવાનનો પૂર્ણ થયો તો જ એણે ભગવાનને ઓળખ્યા કહેવાય.

જ્ઞાનકી, દર્શનકી, આનંદકી, પૂર્ણ પ્રગટતા નહીં હોતી ઔર અશુદ્ધરૂપી પર્યાય ભી વહ અબુદ્ધિપૂર્વક હો જાતી હૈ. જો વિકલ્પ, સવિકલ્પ મેં હોતા હૈ વહ વિકલ્પ તો ઐસે ખ્યાલમેં આતા હૈ કે વિકલ્પ હૈ, ઔર સ્વાનુભૂતિમેં તો કેવળજ્ઞાન નહીં હુઆ, પણ અશુદ્ધતા ઈ જાતકા અબુદ્ધિપૂર્વક હો જાતી હૈ. (3-99-2)

**શ્રોતા :** ઉસમેં ઉસકો .....

**પૂજ્ય બહેનશ્રી :** હાં, ઉસમેં વો શુદ્ધતા .......... અબુદ્ધિપૂર્વક ખ્યાલમેં અનુભૂતિમેં નહીં રહતા હૈ કે મૈં ઐસે મલિન હું કિ આકુળતાકી મલિનતા મેરે થી. ઔર કોઈ ઐસે શંકા રાગ-દ્વેષથી કોઈ જાતનું એને ખ્યાલમેં નહીં રહેતા ઔર એકદમ જૈસે નિરાળા શાંતિ, આનંદ વો અનુભવમેં આતા હૈ ઇસલિયે અનુભવમેં વો મલિનતાકા

**અનુભવ નહીં (શાંતિકા અનુભવ) શાંતિકા અનુભવ, આનંદકા અનુભવ પ્રગટ હોતા હૈ. પણ ઇસમેં ઇતના કે આનંદ અંશ પ્રગટ હોતા હૈ. એ આનંદકી પૂર્ણતા ઔર જ્ઞાનકી પૂર્ણતા ઔર  સબકી પૂર્ણતા વો પૂર્ણતા નહીં હોતી અંશ પ્રગટ હોતા હૈ. અંશ હોતા પણ એ અંશમેં મલિનતાકા અનુભવ નહીં હોતા. શુદ્ધતાકા અનુભવ હોતા હૈ.(3-99-3)**

**શ્રોતા :** પૂર્ણ ગુણોંકા અંશ શુદ્ધ હોતા હૈ.

**પૂજ્ય બહેનશ્રી : હાં, આંશિક શુદ્ધ સબ ગુણોકા અંશ શુદ્ધ હોતા હૈ ઔર પૂર્ણ શુદ્ધ નહીં હોતા, પણ અશુદ્ધતાકા અનુભવ નહીં હોતા. (.......) નહીં વો અબુદ્ધિપૂર્વક હોતા હૈ. અનુભવ શુદ્ધતાકા હોતા હૈ. ઔર અશુદ્ધતા અબુદ્ધિપૂર્વક હો જાતી હૈ. ઔર પ્રગટતાકા અંશ પ્રગટ હોતા હૈ. શુદ્ધતાકા અંશ પ્રગટ હોતા હૈ. ઔર ગુણકી પ્રગટતા જો હોતી હૈ. ગુણ પરિણમન કરતા હૈ શુદ્ધરૂપે અંશ પ્રગટ હોતા હૈ સબકા અંશ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ સબ મેં 'સર્વગુણાંશ તે સમ્યગ્દર્શન' સબકા અંશ પ્રગટ હોતા હૈ ઔર કેવળજ્ઞાનીકો જ્ઞાન પૂર્ણ આનંદ, પૂર્ણ ઐસા પૂર્ણ નહીં હોતા. પણ અંશકી અનુભૂતિ હોતી હૈ. જૈસે સિદ્ધ ભગવાનકા અંશ પ્રગટ હો ઉસસે પૂર્ણ હૈ. પણ એ જાતિકા અંશ પ્રગટ હોતા હૈ. (ઉસી જાતિકા) ઉસી જાતિકા અંશ પ્રગટ હોતા હૈ. જો સ્વાનુભૂતિ ભગવાનકો હોતી હૈ, જો સ્વાનુભૂતિ કેવળજ્ઞાનીકો હોતી હૈ ઇસકા અંશ પ્રગટ હોતા હૈ. પૂર્ણચંદ્ર હોવે ઇસકા બીજ જો બીજ પ્રગટ હોતી હૈ ઉસકી જાતિકા હોતા હૈ. ઐસે હી પ્રગટ હોતા હૈ. પણ અશુદ્ધતાકા અનુભવ નહીં હોતા હૈ. (3-99-4)**

**શ્રોતા :** ઐસે અનુભવ શુદ્ધ પર્યાયકા

**પૂજ્ય બહેનશ્રી : હા, શુદ્ધ પર્યાય, વહ સ્વાનુભૂતિકી શુદ્ધ પર્યાય, ઐસી અનુભૂતિ. તો સવિકલ્પદશામેં તો અશુદ્ધતા વિશેષ શુદ્ધતા જ્ઞાતા, દ્દષ્ટાકી ધારા રહેતી હૈ તો ઇસમેં શુદ્ધતા, અશુદ્ધતા દોનોં સાથમેં રહેતી હૈ. સવિકલ્પદશામેં રહેતી હૈ. એ દૃષ્ટિ જ્ઞાયક ઉપર રહેતી હૈ અંશે વો તરફકી પરિણતિ ભી રહેતી હૈ, અંશે વો શાંતિ ભી રહેતી હૈ, સાથમેં વો આકુળતાકા ભી .. સાથમેં રહેતા હૈ વો ખ્યાલમેં ભી રહેતા હૈ. અને સ્વાનુભૂતિમેં ખ્યાલમેં રહેતા હૈ. (3-99-5)**

**શ્રોતા :** જ્ઞાનસે જ્ઞાતા આત્મા હર સમય સમીપ હી હૈ તબ વહ  પર્યાય પર્યાયમેં ઉસકા આધાર રહેતા હૈ.

**પૂજ્ય બહેનશ્રી : જ્ઞાનીકી પ્રત્યેક પર્યાય (આત્માકે સમીપ હી રહતી હૈ) આત્માકે સમીપ પરિણતિ રહેતી હૈ.**

**શ્રોતા :** આત્માકે સમીપ પરિણતિ હોતી હૈ તો પ્રત્યેક પરિણતિમેં ઉસકો ઐસા આભાસ રહેતા હૈ?

**પૂજ્ય બહેનશ્રી : હા, પ્રત્યેક પરિણતિમેં ઐસા 'મૈં જ્ઞાયક, (મૈં જ્ઞાયક હૂં)' ઐસા પ્રત્યેક પરિણતિમેં રહતા હૈ. ઇસકો ખંડ ખંડ નહીં હોતા. અખંડપણે વો ધારા રહેતી હૈ. (વો જ્ઞાનધારા રહેતી હૈ) જ્ઞાનધારા, જ્ઞાતાધારા જ્ઞાયક જ્ઞાતાકી ધારા વો કર્તાબુદ્ધિ હૈ અનાદિકી વો છૂટ જાતી હૈ. જ્ઞાતાધારા બસ યહ કાયમ રહેતી હૈ. જ્ઞાયકકે સમય પરિણતિ અંશે એ સ્વરૂપ રમણતા તો સ્વાનુભૂતિમેં રહેતી હૈ. પણ જ્ઞાનમેં દૃષ્ટિ ઔર જ્ઞાન ઔર અંશે વો તરફકી પરિણતિ વો સવિકલ્પધારામેં રહેતી હૈ. ઐસી દોનોં સાથમેં રહેતી હૈ, તીનોં સાથમેં રહેતી હૈ. કારણ કે વો ચારિત્ર પ્રગટ નહીં હુઆ. સ્વરૂપ રમણતા વો નહીં પણ અનંતાનુબંધી ઇસકો છૂટ ગયા હૈ ઇસલિયે વો જાતિકી પરિણતિ સ્વરૂપ સન્મુખ રહેતી હૈ. (3-99-6)**

**શ્રોતા :** હર સમય રહેતી હૈ.

**પૂજ્ય બહેનશ્રી : હર સમય રહેતી હૈ.**

**શ્રોતા :** ઉસીકો શુદ્ધ પરિણતિ કહતે હૈ.

**પૂજ્ય બહેનશ્રી : ઉસીકો શુદ્ધ પરિણતિ ઔર સાથમેં અશુભધારા રહેતી હૈ વો મિશ્રધારા કહનેમેં આતા હૈ. હાં વો કર્મધારા રહેતી હૈ. જ્ઞાતાધારા ઔર કર્મધારા.**

**શ્રોતા :** શુદ્ધ કે હિસાબસે શુદ્ધ બતાયા ઐસા હોતા હૈ તો ઉસી અપેક્ષાસે?

**પૂજ્ય બહેનશ્રી : ઉસી અપેક્ષાસે.**

**શ્રોતા :** દો ધારા એક સાથ રહતી હૈ.

**પૂજ્ય બહેનશ્રી : દો ધારા ઐસી ચલતી હૈ**

**શ્રોતા :** ચારિત્ર અપેક્ષાસે હૈ.

**પૂજ્ય બહેનશ્રી : જ્ઞાતાધારા ઔર અશુદ્ધતાકી ધારા. ચારિત્રમેં અંશે શુદ્ધ ચારિત્ર હુઆ ઔર કમ હૈ વો અસ્થિરતા જો રહેતી હૈ, અનંતાનુબંધી કષાય હુઆ ને ઇસલિયે છૂટ ગયા એટલે અંશે સ્વરૂપાચરણચારિત્ર જો સવિકલ્પદશામેં રહેતા હૈ વો તો રહેતા હૈ ઔર સ્વાનુભૂતિમેં તો શુદ્ધતાકા અનુભવ હોતા હૈ અને સ્વરૂપાચરણ ચારિત્ર સવિકલ્પધારામેં ભી ઉસકો રહેતા હૈ. નહીં તો અનંતાનુબંધી કષાય જો હોતી હૈ, ક્યા કાર્ય કિયા. તો સ્વરૂપ સન્મુખકી પરિણતિ પ્રગટ હુઈ ઇસલિયે જ્ઞાતાધારા ઔર અશુદ્ધધારા દોનોં સાથમેં. કર્મધારા ને જ્ઞાતાધારા. (3-99-7)**

**શ્રોતા :** જબ ઉપયોગ બહાર હોતા હૈ તબ ભી વો (પરિણતિ) હોતી હૈ?

**પૂજ્ય બહેનશ્રી : ઉપયોગ નહીં પરિણતિ રહેતી હૈ. ઉપયોગ તો બહાર ભી જાતા હૈ ઔર પર્યાયમેં આતા હૈ, પણ પરિણતિ ઇસકી (પરિણતિ બરાબર હૈ) પરિણતિ બરાબર હૈ.**

**શ્રોતા :** જો શુદ્ધ રહેતી હૈ. જિતની શુદ્ધ હો સકતી હૈ ઉતની?

**પૂજ્ય બહેનશ્રી : હાં, ઉતની પરિણતિ રહ સકતી હૈ. વો ઇસકા ઐસા ખ્યાલમેં ભી રહેતા હૈ કે મેરી પરિણતિ નિરાળી હો ગઈ હૈ. ઉસકા કાર્યમેં વિકલ્પમેં અસ્થિરતા હોતી હૈ તો ભી અંશે મેરી પરિણતિ નહીં હૈ.**

**શ્રોતા :** રાગકા વેદન અલગ હોતા હૈ.

**પૂજ્ય બહેનશ્રી : હા રાગકા અલગ ઔર અંશે મેરી જ્ઞાતાધારા નિરાળી હો ગઈ હૈ. ઇસકો ઇસકો ખ્યાલમેં રહેતા હૈ. ઇસકા અંશે વેદનમેં રહેતા હૈ. રાગમેં એકત્વ નહીં હો જાતા. (રાગકા જ્ઞાન જુદા રહકર જાનતા હૈ) વો છૂટા છૂટા રહેતા હૈ. ઐસા આત્મા નિર્વિકલ્પમેં શુદ્ધતાકા અનુભવ હોતા હૈ. (3-99-8)**

**શ્રોતા :** ઐસા સહજ ચૈતન્યકો જાનનેવાલા સ્વાનુભૂતિ ઐસે આતી હૈ કે જલ્દી જલ્દી આતી હૈ?

**પૂજ્ય બહેનશ્રી : ઇસકો વો શાસ્ત્રમેં લિખા હૈ ને વો કોઈકો બહોત ટાઈમમેં આતી હૈ કોઈકો જલ્દી, મુનિ જૈસા તો નહીં હોતે હૈ .... મુનિદશા ક્ષણમેં અંતરમેં જાતી હૈ. આતી હૈ ઔર દેશવ્રતી શ્રાવક હોતા હૈ ઉસકો શુભભાવના હોતી હૈ, ઔર ગૃહસ્થાશ્રમી શ્રાવક હોય, પણ કોઈ શ્રાવક ઐસા ભી હોય કોઈ નિવૃત્ત પરિણતિ હોય તો વળી વિશેષ વ્યક્તપણે આતા હૈ પણ મુનિ જૈસા નહીં હોતા. (3-99-9)**

**શ્રોતા :** એક દિનમેં કઈ બાર આ જાતી હૈ?

**પૂજ્ય બહેનશ્રી : એક દિનમેં કોઈકો આતી ભી હૈ નહીં ભી આતી હૈ ઐસા નિયમ નહીં હૈ. (ઉસકા કોઈ નિયમ નહીં હૈ) નિયમ નહીં હૈ.**

**શ્રોતા :** ......

**પૂજ્ય બહેનશ્રી : કિતની દફે એક દિનમેં આયે ઉસકા નિયમ નહીં હૈ. પરિણતિ નિવૃત્તમય હો જાય તો કોઈને એક-બે-ત્રણવાર આતી હૈ કોઈને બે આતી હૈ. કોઈકો ઇસકા નિયમ નહીં હૈ. પુરુષાર્થ ઐસા નિયમ નહીં હૈ. કોઈ શ્રાવકમેં કોઈ ઐલ્લક હોવે, કોઈ ક્ષુલ્લક હોવે ઐસે ઐસે યથાર્થ સ્વરૂપમેં ભેદજ્ઞાન ઔર ચારિત્ર અંતરમેં પ્રગટ હુઆ ઇસકો ઉસકો જલ્દી આતી હૈ ઐસા શ્રાવકકો કોઈ દેશવ્રતી શ્રાવક ઐસા ગૃહસ્થાશ્રમમેં ઐસા હોવે, તો ઉસકો ઐલ્લક, ક્ષુલ્લક જૈસા નહીં આતા, કોઈ**

**ચોથે ગુણસ્થાનવાળા, અંતરમેં બહોત નિવૃત્ત પરિણતિ નહીં હોય તો ઉસકો દેરસે આતા હૈ. કોઈ ચોથા ગુણસ્થાનમેં કોઈ નિવૃત્ત પરિણતિ વિશેષ હોવે, તો જલ્દી ભી આતી હૈ, પણ એ ચોથા ગુણસ્થાનકે યોગ્ય હોતી હૈ. ચોથા ગુણસ્થાનસે વિશેષ નહીં હોતી. (3-99-10)**

**શ્રોતા :** બાકી શુદ્ધ પરિણતિકી ધારા બરાબર (રહતી) હૈ

**પૂજ્ય બહેનશ્રી : શુદ્ધ પરિણતિ કી ધારા બરાબર હૈ, બરાબર હૈ.**

**શ્રોતા :** કોઈ ઉસકા શુદ્ધતાકા નિયમ હૈ કે રાગકો જુદા કરતી હૈ, રાગ સે ભેદવિજ્ઞાન કરતી હૈ અંતરમેં...

**પૂજ્ય બહેનશ્રી : હા, રાગસે ભેદવિજ્ઞાન કરતી હૈ.**

**શ્રોતા :** રાગાદિકે પરિણામ જબ અંદરમેં હૈ ઉસ ક્ષણ ઉસે જુદા કરતે હૈ?

**પૂજ્ય બહેનશ્રી : ઐસે જુદા હી લગતે હૈ. ભેદવિજ્ઞાન નિરંતર રહતા હૈ, રાગસે ભેદજ્ઞાન નિરંતર કરતા હૈ. કોઈ કાર્યમેં વહ જુડા નહીં..... કોઈ જુડા નહીં. કાર્યમેં તો નહીં ભીતર વિકલ્પ ચલતે હૈ તો વિકલ્પમેં જોડાણ નહીં હોતા હૈ.**

**શ્રોતા :** આપકી તબિયત ઠીક હૈ ન?

**પૂજ્ય બહેનશ્રી : તબિયત ઐસી સબ ચલતી રહેતી હૈ**

**શ્રોતા :** દૃષ્ટિ ઔર જ્ઞાન સાથ રહતે હૈ. દૂસરા યે કે જ્ઞાનધારા ઔર કર્મધારા દોનોં સાથ ચલતી હૈ પુરુષાર્થ કરે તો મુખ્ય ગૌણ હોતી રહેતી હૈ?

**પૂજ્ય બહેનશ્રી : જ્ઞાનધારાસે વો દૃષ્ટિકી અપેક્ષાસે તો મુખ્ય હી રહેતી હૈ. મુખ્ય-ગૌણ નહીં હોતા. દૃષ્ટિકી અપેક્ષા જ્ઞાનધારા હી મુખ્ય હી રહેતી હૈ. કોઈ દફે આચરણ ઇસકો સવિકલ્પદશામેં આચરણ વિશેષ હો જાય તો એ મુખ્ય જ્ઞાતાધારા વો ગૌણ હો જાતી હૈ. વો કર્મધારા ગૌણ એ વિભાવકી ધારા ગૌણ હોતી હૈ. ઇસકી પરિણતિ વિશેષ સ્વરૂપ તરફ જાય. ભલે નિર્વિકલ્પ સ્વરૂપ તરફ ઇસકા વિશેષ પરિણતિ જાય તો મુખ્ય ગૌણ હોતા હૈ પણ દૃષ્ટિકી અપેક્ષાસે તો નિરંતર યે જ્ઞાયકકી ધારા મુખ્ય રહેતી હૈ. (3-99-11)**

**શ્રોતા :** ઐસે યે વિચારધારા જો હૈ તો એ વિચારધારા શુભભાવમેં રહેતી હૈ?

**પૂજ્ય બહેનશ્રી : વિચારધારા જો રહેતી હૈ વિચારમેં એ વિચારધારા .... ઇસકી ભેદરૂપ પરિણતિ હો ગઈ.**

**શ્રોતા :** વિચારધારાકે સાથમેં જબ નિર્વિચાર હો જાય .... વિચાર દૂર થતા ખત્મ હો જાય તો ઉસ સમય સમાધિ હો સકતી હૈ ઉસકી?

**પૂજ્ય બહેનશ્રી : વિચાર છૂટ જાય ઔર જ્ઞાતાધારાકી ઉગ્રતા હો જાય વિચાર છૂટ જાય તબ સ્વાનુભૂતિ.**

**શ્રોતા :** જબ તક વિચાર હૈ તબ તક શુભભાવ હૈ?

**પૂજ્ય બહેનશ્રી : હાં તો તો શુભભાવ હૈ. સ્વરૂપકા ચિંતન તો સાથમેં હૈ. શુભભાવ તો રહેતા હૈ પણ શુભકા ચિંતવન વો ભી છૂટ જાય તો ઉસકો સ્વાનુભૂતિ હોતી હૈ. ભેદજ્ઞાનકી ધારાકા સ્વરૂપ ઐસા હૈ. ભેદજ્ઞાનકી-જ્ઞાતાધારાકી મુખ્યતા રહેતી હૈ. શુદ્ધરૂપે વિભાવ છૂટીને ...... રાગ રહીને ........ ઉસકો ભિન્ન રહેતી હૈ. તો ભી ભેદ જાનતે હૈ વો ભી સાથમેં ઇસકા ઉપયોગ સ્થિર હો જાતા હૈ. ઇસકો વો વિચારકી ધારામેં ભી જબ આકુળતા લગતી હૈ તો એ ..... એ તો સ્વરૂપમેં લીન હો જાતા હૈ. નિર્વિકલ્પદશા હો જાતી હૈ. (3-99-12)**

**શ્રોતાઓ : ભગવતી માતનો જય હો....**
**માતાજીની અમૃતવાણીનો જય હો....**

* * *

## પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી, ભાગ-૩

## તત્ત્વચર્ચા - ૧૦૦

**શ્રોતા :** લૌકિકમાં તો ગમે એ કામ કરે છે તો કરે જ છે.

**પૂજ્ય બહેનશ્રી : પૂરા જ કરે છે. લૌકિકમાં તો કાંઈક શિખામણ દે તો લૌકિકમાં તો પાછળ પડે કે આ મારે કરવું જ છે એમ પાછળ પડે છે, માટે આ એની પાછળ પડવું જોઈએ. એને વારંવાર ગમે તે થાય, ગમે તેમ થાય પણ ચૈતન્યની દોર ન છોડવી. લૌકિકમાં ગમે તે થાય, એની પાછળ પડે એમ આ અલૌકિક છે આ. આ તો ચૈતન્યથી જુદો લોક છે, આ લોક તો બાહ્ય જે વિભાવલોકથી ચૈતન્યલોક શુદ્ધાત્મા લોક જુદો છે, એની પાછળ પડવા જેવું છે તો થાય છે, એમ કાંઈક જરાક જરાક કરવાથી નહીં થાય, પ્રયત્ન કરવો જોઈએ. (....) વારંવાર એનો જ પ્રયત્ન કરવો જોઈએ. એમ જ નહીં થાય. વારંવાર વારંવાર વારંવાર 'હું જ્ઞાયક, હું જ્ઞાયક, મારો સ્વભાવ, એ જ્ઞાન સ્વભાવ, હું જાણનારો હું જ્ઞાયક, અનંત ગુણોથી ભરપૂર' વારંવાર એમ બોલવારૂપ નહીં અંદર સ્વભાવમાંથી ઓળખવો પડે. (3-100-1)**

**શ્રોતા :** આત્માને ઓળખવા માટે ક્યું પુસ્તક લેવું? શરૂઆત ક્યા પુસ્તકથી કરીએ?

**પૂજ્ય બહેનશ્રી : ગુરુદેવના પ્રવચનો ઘણી જાતના બહાર પડેલા છે એમાં સહેલું જે લાગે એ અંદર સમજાય એવું છે. એ જ કરવા જેવું છે. ઘણી જાતના પ્રવચનો ગુરુદેવના બહાર પડેલા છે. મૂળ તો સમયસાર શાસ્ત્ર, એ શાસ્ત્ર ઉપર ગુરુદેવના પ્રવચનો જુદા જુદા ઘણી જાતના પ્રવચનો છે એનાથી શરૂઆત કરવી. ગુરુદેવ ઘણી સાદી ભાષામાં સમજાવે છે. (3-100-2)**

**શ્રોતા :** વચનામૃત તો સહુથી જુદું જ લાગે છે સમજવા માટે, બહુ સરસ! ટૂંકી ભાષામાં અને જે શરૂઆત કરતા હોય ને એના માટે બહુ સરસ છે.

**પૂજ્ય બહેનશ્રી : ગુરુદેવ દેકર ગયે હૈ.**

**શ્રોતા :** માતાજી! એવું હજી બીજું કાંઈ સરળભાષામાં પુસ્તક આવે એવી ભાવના છે.

**પૂજ્ય બહેનશ્રી : નીકળી ગયું એ નીકળી ગયું, બહાર પડી ગયું. પડી ગયું. ક્યાં છપાવવાનો વિચાર હતો જ નહીં એ નીકળી ગયું. ગુરુદેવના પ્રતાપે જે સમજાણું એ બોલતા હતા એ નીકળી ગયું.**

**શ્રોતા :** અમને બધાને બહુ લાભપ્રદ છે

**પૂજ્ય બહેનશ્રી : ગુરુદેવે .......... દ્રવ્ય ઉપર દૃષ્ટિ જે સાધકની હોય છે, એ દૃષ્ટિ તો એમને એમ રહે છે. જ્ઞાન તે તરફ જાય છે. છદ્મસ્થનું એ પર્યાયને જાણે અને દ્રવ્યને પણ જાણે, જ્ઞાનને જાણે ને એના પોતાના દ્રવ્યને જાણે અને પર્યાય જાણે બાહ્યપદાર્થોને જાણે બધું જાણે છે, પણ એ જાણે એ છદ્મસ્થનો ઉપયોગ એક સમયે એક તરફ હોય અને કેવળજ્ઞાની એક સમયની અંદર બધું જાણી લે. (.....) એની પરિણતિ જ એવી જાતની છે. (3-100-3)**

**શ્રોતા :** એમાં પોતાના ત્રિકાળી સ્વભાવને પણ જાણે?

**પૂજ્ય બહેનશ્રી : પોતાને પણ જાણે ને પરને પણ જાણે. પણ એને દરેકને જાણે એવો એનો નિર્મળ સ્વભાવ છે. એ એક સમયની અંદર બધું જાણી લે છે. કેવળજ્ઞાન શું ન જાણે? બધું જાણે. અનંત અનંત શક્તિથી ભરેલો છે. એનું જ્ઞાન અનંત જે જ્ઞાન જો પુરું ન જાણે તો એ જ્ઞાન જ નથી. જ્ઞાન જો ન જાણે તો એ જ્ઞાન જ નથી. જ્ઞાન તો પરિપૂર્ણ જાણે, પોતાને જાણે, પરને જાણે એને વેદન એમ રહે છે, કે હું એ મારા સ્વભાવને પણ જાણું છું અને બીજાને પણ જાણું છે. એ જ્ઞાન જ્ઞાનને જાણે એ જાતનું નહીં એ નહીં. વસ્તુસ્થિતિએ જ્ઞાન જ્ઞાનને જાણ્યું છતાં એને વેદનમાં એમ આવે**

**છે, કે હું આ લોકાલોકને જાણું છું અને મારા સ્વભાવને પણ જાણું છું. બધું એક સમયમાં બેય (શ્રોતા બધું જાણે એમાં પોતે પણ આવી ગયો?) પોતે પણ આવી જાય છે. પોતે નથી આવતો? પોતે તો પહેલા આવે છે. (3-100-4)**

**શ્રોતા :** હવે બીજી વાત આવી કે આમ કેટલાંક એમ કહે છે આમ તો કોઈ વ્યક્તિની વાત નથી આ. આ એમ કે લોકાલોકને તો વ્યવહારથી જાણે છે. એક અપેક્ષાએ તો બરાબર છે કારણ કે જ્ઞાન તન્મય થઈને જાણતું નથી એ અપેક્ષાએ બરાબર છે.

**પૂજ્ય બહેનશ્રી : જ્ઞાન બરાબર છે વ્યવહારથી છે.**

**શ્રોતા :** એ વ્યવહારથી જાણે છે કારણ કે એમાં તન્મય થયો નથી પણ જાણે છે તો વાસ્તવિક જ જાણે છે.

**પૂજ્ય બહેનશ્રી : વાસ્તવિક જાણે છે.**

**શ્રોતા :** એ ઉપચાર માત્ર જાણતો નથી કાંઈ કેવળજ્ઞાનમાં.

**પૂજ્ય બહેનશ્રી : વ્યવહાર એટલે પરદ્રવ્ય છે માટે.**

**શ્રોતા :** પેલો જે વ્યવહારનો આપણે અર્થ કરીએ છીએ કે આ તો માત્ર ઉપચાર છે.

**પૂજ્ય બહેનશ્રી : ઉપચાર એટલે ખોટું એવો એનો અર્થ નથી. ઉપચાર એટલે ખોટું એવો અર્થ નથી. જેમ વિભાવ પર્યાય જે થાય છે ચૈતન્યનો સ્વભાવ નથી પણ એ વિભાવપર્યાય ખોટી જ છે, એમ નથી. વિભાવપર્યાય ખોટી છે તો તો (અસ્તિત્વ તો છે) એનું અસ્તિત્વ તો છે. કારણ કે વેદાંતમાં કોઈ કહે વિભાવ છે જ નહીં બધી માયા છે, એવી જાતનું નથી. એ તો રાગ તો થાય છે, પણ એ પોતાનો સ્વભાવ નથી માટે એ એને અસદ્ભૂત વ્યવહારપણે કહેવાય છે કારણ કે એ તો પોતાનો સ્વભાવ નથી એટલે ખોટું એમ લોકાલોકને જાણે છે ઈ તો નથી જાણતું એવો સદ્ભૂત વ્યવહાર છે. (3-100-5)**

**શ્રોતા :** એ તો વ્યવહાર શ્રદ્ધા આવે છે ને એટલે કે એમ કે એ તો ઉપચાર થયો ને? તમે કહો છે તમારા શાસ્ત્રમાં એવું નથી.

**પૂજ્ય બહેનશ્રી : ઉપચાર એટલે તદ્દન ખોટું જ છે, ગધેડાના શીંગડા જેવું છે, એવું નથી.**

**શ્રોતા :** ન્યાં વ્યવહારમાં એ પ્રમાણે નથી બતાવતું,

**પૂજ્ય બહેનશ્રી : એવો અર્થ નથી એવું નથી.**

**શ્રોતા :** જાણે છે તો વાસ્તવિક જાણે છે. પણ વ્યવહારને પણ કેવળજ્ઞાન વાસ્તવિક જ જાણે છે.

**પૂજ્ય બહેનશ્રી : વાસ્તવિક જાણે છે, કારણ કે જો પોતાનો સ્વભાવ છે, એને કાઢી નાખે તો એને એ કઢાય શી રીતે? એ તો પોતાનો સ્વભાવ સહેજે જણાય છે, એને ઇચ્છા નથી જાણવાની તો પણ જ્યાં પોતાના સ્વભાવમાં વીતરાગ થાય, પોતે પોતાને જાણતો લોકાલોકને સહજ જાણે એવો એનો સ્વભાવ છે. એ સ્વભાવ ક્યાં જાય છે? એ સ્વભાવને કાંઈક એ સ્વભાવ પોતે પોતામાં વિશ્રામ લે તો સમયસારમાં આવે છે. બીજો એમાં સહેજે જણાઈ જાય છે. જો એને કાઢવા માગે તો એને ઉલ્ટાનું એ તો આકુળતા થાય કાઢી જ શકાતો નથી. એ સહજ સ્વભાવ હોય એ નીકળી ક્યાંથી જાય? (3-100-6)**

**શ્રોતા :** એનું સ્વરૂપ જ એવું છે.

**પૂજ્ય બહેનશ્રી : સ્વરૂપ જ છે સહજ છે.**

**શ્રોતા :** લોકાલોકને જાણવું, એને લોકાલોકને જાણવું એ તો એમ કે બહારની કોઈ બીજી વધારાની ઉપાધિ નથી. એનું સ્વરૂપ જ એવું છે.

**પૂજ્ય બહેનશ્રી : ઉપાધિ એટલે આકુળતારૂપ જે બહારની અંદર એવું નથી. એ સહજ છે. એ તો પોતામાં આનંદ કરતો ખેલતો સહજપણે જાણે છે, એને કાંઈ ઉપાધિ આવતી નથી. પોતે પોતાને જાણતો સહજ જાણે છે. પછી એને વેદનમાં એમ નથી આવતું તો પર નથી જાણતો. હું તો જ્ઞાન જાણું છું, એવું એને નથી. એ તો સહેજે જે જાતના દ્રવ્ય છે ઈ જાતના દ્રવ્યોને એ જાણે છે બસ! વસ્તુસ્થિતિ નિશ્ચયમાં ભલે પોતાના જ્ઞાનને જાણે પણ એને વેદનમાં તો એમ જ આવે છે, કે આ અનંતા દ્રવ્યો છે, આ અનંત ગુણ પર્યાયો છે, એ બધું લોકાલોક જેમ છે, એમ જાણે છે, એમ જ જાણે છે. એમાં કાંઈ ફેર નથી પડતો. આ એટલો ફેર કે છદ્મસ્થ છે, એ ક્રમે ક્રમે જાણે છે ને આ એકસાથે જાણે છે. છદ્મસ્થ એક સાથે બેય નથી જાણતો. એને પરિણતિ રહે છે છદ્મસ્થને કે હું આ છું ને આ પર, હું આ ને આ પર એવી ક્ષણે ક્ષણે સહજ પરિણતિ રહે છે, પણ એનો ઉપયોગ બે ઠેકાણે કામ નથી કરતો. પરને જાણે ત્યારે સ્વ તરફ ઉપયોગ નથી. સ્વ તરફ ઉપયોગ હોય ત્યારે પર તરફ નથી. (3-100-7)**

**શ્રોતા :** કારણ કે જાણવાની એની યોગ્યતા છે.

**પૂજ્ય બહેનશ્રી : એમ એ ક્રમસર છે, પણ એની પરિણતિ પર તરફ ઉપયોગ જાય તો એને ભેદજ્ઞાનની જે પરિણતિ પ્રગટે છે, એ તો એનું .... કે હું આ ચૈતન્ય છું, હું આ નથી, હું આ ચૈતન્ય છું, હું આ નથી. એવી વેદનરૂપ પરિણતિ એની ઉપજે છે.**

**એમાં પછી કોઈવાર એને વિકલ્પ છૂટીને સ્વાનુભૂતિ થાય ત્યારે પર તરફનું લક્ષ તદ્દન વયુ જાય છે અને એકલી સ્વાનુભૂતિમાં ઉપયોગ, એમાં આનંદ હોય એમાં ઉપયોગ જ્ઞાનસ્વરૂપ એનું વેદન રહે છે. બહાર ઉપયોગ હોય ત્યારે આ જાણે છે. વિભાવને જાણે, અધૂરી પર્યાયોને જાણે, પોતાના પૂર્ણ સ્વભાવને જાણે, દ્રવ્યને જાણે, બધું એ જાણી શકે છે, પણ એને એકસાથે પરિણતિ બહાર ઊભી જ રહે છે ભેદજ્ઞાનની સહજ.**

**જો ભેદજ્ઞાનની પરિણતિ ન રહે તો એનો સમ્યગ્જ્ઞાન જ જૂઠું છે. ભેદજ્ઞાનની પરિણતિ તો ક્ષણે ક્ષણે વિભાવો પર્યાય થાય તો પણ એ પોતે જુદો ને જુદો જ્ઞાયકભાવરૂપ રહે છે. એ જુદું રહે એ ક્રમ એ ક્રમ ઉપયોગમાં પડે છે. પરિણતિમાં એને ક્રમ નથી પડતો. પરિણતિ સહેજે રહે છે. (3-100-8)**

**શ્રોતા :** ઉપયોગમાં ક્રમ પડે.

**પૂજ્ય બહેનશ્રી : ઉપયોગમાં ક્રમ પડે છે, એની પરિણતિમાં ક્રમ નથી. પરિણતિ તો સહજ રહે છે. વેદનરૂપ 'હું જ્ઞાયક જ્ઞાયક, જ્ઞાયક, એમ સ્વયં જ્ઞાયક પરને જાણું છું એટલે જ્ઞાયક એમ નહીં.' હું સ્વયં જ્ઞાયક. જ્ઞાયક છું. (3-100-9)**

**શ્રોતા :** હું જ્ઞાયક જ છું આત્મા જ્ઞાનં સ્વયં જ્ઞાનં..

**પૂજ્ય બહેનશ્રી : એ જ્ઞાયક એવો હોય કે એને મર્યાદા નથી કે આટલું જાણે ને આટલું ન જાણે એવું પોતે જ્ઞાયક એટલે બધું સહજ આવે છે. પોતાને કેવળજ્ઞાની પોતે પોતામાં સમાઈ ગયા સંપૂર્ણ પછી સહજપણે જાણે છે. કોઈ જાતની ઉપાધિ કે આકુળતા નથી. એકદમ સૂક્ષ્મ સૂક્ષ્મ ભાવો ગયા કાળના ભૂતકાળના, વર્તમાનના, ભવિષ્યના બધું એક સાથે, એક સમયની અંદર બધુંય જણાઈ જાય, અનંતા દ્રવ્યો, અનંતા ગુણ, અનંતી પર્યાયો બધું એક સાથે આવી જાય એને.**

**શ્રોતા :** હવે આનંદ અથવા સુખ જ્યારે સાધક પોતાના સ્વરૂપમાં જાગૃકતા થાય ત્યારે સુખનો અનુભવ અથવા વેદન આપોઆપ થાય છે, એ પ્રમાણે આપણી પદ્ધતિ છે. જેમ ઈ જ્યારે આપોઆપ એને સુખનો અનુભવ થાય છે સાધકને આગળ તો પોતાના સ્વરૂપનું જે જ્ઞાન થયું કે મારા સ્વરૂપમાં કોઈપણ પ્રકારના મોહાદિભાવોનો અભાવ જ છે, એટલે કે આકુળતાનો બિલકુલ અભાવ છે, એ જે અને વેદનમાં તે જ સમય આનંદનું વેદન છે. આપણે બતાવવું હોય કોઈને તો આપણે જ્યારે બહાર આવીએ ત્યારે એમ થાય કે આ આકુળતાનો અભાવ છે, મોહનો અભાવ થયો. મારા નિર્વિકલ્પ સ્વભાવમાં બધાનો અભાવ છે. એટલે એ આનંદનો જે અનુભવ છે, એ નેગેટિવ એટલે કે ભાષામાં આવે છે નકારથી. વિધિ ને નિષેધ થયા છે હવે મારા મારા કોઈપણ પ્રકારનો મોહ ને આકુળતાનો મારામાં અભાવ એવા મારા સ્વભાવને હું વંદન કરું છું. એનું વેદન તો

એટલે પોઝીટીવનું હોય ને આનંદ અને સુખનું ગુણનું જે વેદન થાય છે, એને નકારાત્મક વેદન નથી.

**પૂજ્ય બહેનશ્રી : એને મોહાદિ ને આકુળતા થઈ છે, એટલે વ્યાકુળતા પ્રગટ થઈ એ તો શાંતિરૂપ છે, કે મને એક શાંતિ ને સુખ પ્રગટ થયું કે જે આકુળતા વિભાવમાં થાતી હતી એ અમુક અંશે શાંતિ તો એને ભેદજ્ઞાનની ધારામાં પ્રગટે છે, જ્ઞાતાધારા છે, એ ત્યાં અમુક જાતની શાંતિ સમાધિની પ્રગટે છે, નિરાકુળતા અંશે પ્રગટે છે અને જ્યાં એને ભેદજ્ઞાનની ધારા પણ વિકલ્પ તૂટીને અંતરમાં જાય છે, એમાં એક આનંદગુણ છે ચૈતન્યનો, કે જે આનંદગુણ મોહાદિનો અભાવ એટલી શાંતિ કે સુખ એ સુખ માત્ર નહીં, પણ આનંદ તો એ જે ભાષામાં ન આવે, એવો આનંદ એક સદ્‌ભાવરૂપ અસ્તિત્વ એક આનંદગુણ આત્મામાં સ્વયં છે. આનંદ અને શાંતિ એ બેય જાત, જુદી જાત છે. શાંતિ છે, એ ઠરવારૂપ સમાધિરૂપ છે. આનંદ છે, એ તો એક એનો કોઈ વચનોમાં ન આવે એવો આનંદ ગુણ છે જે એ બહારના 'અહીં મને બહુ આનંદ આવ્યો, મારે સુખ થયું' એ 'અહીં મને બહુ આનંદ આવે છે' ઈ જે અંદરથી એને અંદરથી જે ધ્વનિ આવ્યા કરે છે. બહારમાં જ્યાં ત્યાં આનંદ ગોતવા ફરે છે, એ આનંદગુણ એને વિભાવમાં વિપર્યાસ થઈ ગયો છે. તો એ આનંદગુણ ખરેખર એ કોઈ વચનાતીત છે. એ આનંદગુણ એને કોઈ નિર્વિકલ્પદશામાં એને પ્રગટ થયો છે.**

**(3-100-10)**

**શ્રોતા :** એ સદ્‌ભાવરૂપે એને પ્રગટ થાય છે.

**પૂજ્ય બહેનશ્રી : એ સદ્‌ભાવરૂપ થાય છે.**

**શ્રોતા :** ભાષામાં એમ આવે છે. ભાષામાં આમ કે કોઈ પણ આકુળતાનો અભાવ છે, એકદમ હું નિરાકુળ છું. પણ ભેદભાવ...

**પૂજ્ય બહેનશ્રી : આત્મા નિરાકુળતારૂપ નહીં પણ આનંદરૂપ સ્વયં. (પોતે સ્વયં) નિરાકુળતાનો, નિરાકુળતા પ્રગટે એટલે આનંદ એમ નહીં. નિરાકુળતા પ્રગટે પણ આનંદગુણ સ્વયં એનામાં એક ચૈતન્યમાં એવો આનંદગુણ છે. જેમ જ્ઞાનગુણ છે, એમ આનંદગુણ છે, એ જડ કે કોઈનો નથી. એવો એક ચૈતન્યમાં કોઈ વચનાતીત એવો આનંદગુણ છે, જે શાસ્ત્રમાં આવે છે, કે જે વચનાતીત છે, એ કોઈ સ્વસંવેદન આહ્‌લાદરૂપ કોઈ અપૂર્વ પ્રગટે છે, એટલે આનંદગુણ સ્વયં આત્મામાં છે. (3-100-11)**

**શ્રોતા :** એટલે એની ઓળખાણ નિરાકુળતા કરતો હતો એની ઓળખાણ બરાબર થઈ નહોતી.

**પૂજ્ય બહેનશ્રી :** નિરાકુળતા શબ્દ છે ને એ ઓળખાણ માટે છે. એ તો સુખ ને શાંતિરૂપે એની ઓળખાણ થાય, એની ઓળખાણ એટલી છે, કે સુખ અને શાંતિ. આ આનંદગુણ તો કોઈ સ્વયં છે, કે જેને કોઈ વિભાવમાં એની કોઈ ઉપમા નથી કે જે અનુપમ છે, કે જેને કોઈ ઉપમા લાગુ નથી પડતી. એવો આનંદગુણ એને નિર્વિકલ્પદશામાં પ્રગટ થાય છે, એ એની ભેદજ્ઞાનની ધારામાં પણ એ આનંદગુણ પ્રગટ નથી થાતો. એ વિકલ્પ તૂટે ત્યારે જ આનંદગુણ પ્રગટ થાય છે. (3-100-12)

**શ્રોતા :** પણ તે વખતે મોહાદિનો પહેલા અભાવ થાય છે, એટલે આપણે એને ઓળખાણ આપી કે હવે મને નિરાકુળતા થઈ પણ એ એમ વસ્તુ આખી જુદી સ્વદ્ભાવરૂપ .....

**પૂજ્ય બહેનશ્રી :** એ જુદી કોઈ વસ્તુ છે. મોહાદિનો અભાવ થયો તો એ એક નિરાકુળતા થઈ. નિરાકુળતામાં ખબર નથી. એનાથી વિશેષ વિશેષ. અનુપમ છે. એ તો એક વાણીનો વચનનો કોઈ વિષય એને કોઈ ઉપમા ન આવે. ........

એ જ્ઞાયકનો મંત્ર આપ્યો છે કે હું જાણનાર જ્ઞાયક છું, એ પરિણામમાં એ કરવાનું, દેવ, ગુરુ ને શાસ્ત્ર હૃદયમાં રાખવાના ને અંતરમાં જ્ઞાયક એ જ કરવાનું એને મુખ્ય રાખવો એમ છે. એને અગ્ર રાખવો. બધે ઠેકાણે એક જ્ઞાયક બસ નિરાળો જ્ઞાયક એ જ આગળ રાખવો. બીજું બધું ગૌણ છે એને બસ વિભાવ પર્યાય પોતાનો સ્વભાવ નથી. શુભ પરિણામ આવે, રુચે એ પોતાનો સ્વભાવ તો નથી. એક મુખ્ય આગ્રહ બધે ઠેકાણે અગ્ર એક જ્ઞાયક છે જે અનંતગુણથી ભરેલો જેમાં આનંદ આદિ અનંતગુણો છે. જ્ઞાયકને અંતરમાં રાખવો. એ ચૈતન્યગુણનો આખો ભરેલો, રત્નાકર એને ગ્રહણ કરવો એ જ કરવા જેવું છે અને સૂક્ષ્મ ઉપયોગ કરીને અંતરમાંથી સ્વભાવ એને ગ્રહણ કરી લ્યે એને ગ્રહણ કરવો, એની મહિમા, એનું ચિંતવન, એનું ભેદજ્ઞાન કરવા જઈએ આ હું નથી ને આ હું ચૈતન્ય છું, 'નિરાળો ચૈતન્ય બધાથી જુદો,' એને મુખ્ય અગ્ર દરેક પ્રસંગમાં એને અગ્ર રાખવા જેવો છે. જ્યાં ચૈતન્યનું પ્રયોજન સધાય એ કાર્ય કરવા જેવું છે. બીજા કોઈ કાર્ય બધા ગૌણ છે. એક ચૈતન્ય મુખ્ય પ્રયોજન સધાય એ જ કરવાનું છે.

બીજું કાંઈપણ (નહીં) જીવનમાં એ જ કરવા જેવું છે. ગુરુદેવે એ જ બતાવ્યું છે, એ જ કરવાનું છે. બીજું બધું ગૌણ છે, એ વિભાવ પર્યાયને તો એ તો ચૈતન્યનો સ્વભાવ પણ મૂળ ચૈતન્યનો સ્વભાવ જે પ્રગટરૂપે છે જેનો નાશ ન થાય, અનાદિ અનંત ચૈતન્ય પોતે જ્ઞાન સ્વભાવે રહ્યો એ આનંદ એનો કાંઈ નાશ થાતો નથી. એ સદાને માટે શાશ્વત છે, એને ગ્રહણ કરી લે. આ બધું તો કાંઈ પર્યાયો તો ફરી જાય છે.

શાશ્વત આત્મા એને ગ્રહણ કરવો, સદાને માટે પોતે શાશ્વતરૂપ છે, એમાંથી જે પર્યાય પ્રગટ થાય એ સુખરૂપ ને આનંદરૂપ છે. એ જ ગ્રહણ કરવાની. એ જ ગ્રહણ કરે તો જન્મમરણ ટળી જાય છે. દેવલોકનો ભવ એ પણ આત્માનો સ્વભાવ નથી એ પણ ભવ છે. માટે અંદરમાંથી મુક્ત સ્વભાવ આત્મા, અંદર મુક્તિની પર્યાય અંદરમાંથી પ્રગટે છે. બહારથી આવતી નથી. માટે અંદર ચૈતન્ય નિરાળો મુક્ત સ્વરૂપ એનું ગ્રહણ કરવું એ જ જીવનનું કર્તવ્ય છે, એ જ કરવાનું રહે છે. બીજું ...... (3-100-13)

**શ્રોતાઓ :** ભગવતી માતનો જય હો....
માતાજીની અમૃતવાણીનો જય હો....

* * *

## પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી, ભાગ-૩

# તત્ત્વચર્ચા - ૧૦૧

**શ્રોતા :** ...

**પૂજ્ય બહેનશ્રી :** ગુરુદેવનો પરમ ઉપકાર છે. આ ભરતક્ષેત્રને બધું ચૈતન્યનું સ્વરૂપ સમજાવ્યું હોય તો બધું ગુરુદેવે બતાવ્યું છે, ગુરુદેવે જે માર્ગ બતાવ્યો એ માર્ગે જ બધાને ચાલવાનું છે. આ પંચમકાળની અંદર આ વિષમકાળની અંદર ગુરુદેવનો જે જન્મ થયો એ મહાભાગ્યની વાત હતી કે ગુરુદેવ અહીં પધારીને ચૈતન્ય કોઈ અપૂર્વ છે, એની અપૂર્વતા બતાવી અને અંતર દૃષ્ટિ કરવા સમજાવ્યું એ ગુરુદેવનો પરમ ઉપકાર છે. ગુરુદેવ વગરનું તો બધું એવું સુનું લાગે છે. ભલે બધા કહે પણ બધા બોલે પણ ગુરુદેવ એ તો ગુરુદેવ હતા એમની વાણી કોઈ અપૂર્વ હતી એમની વાણી પાછળ એકલો ચૈતન્ય જ દેખાતો હતો. એ માર્ગે ચાલવાનું છે. ગુરુદેવે કીધું 'એક જ્ઞાયકને ઓળખો' બસ. બીજું બધુંય ચૈતન્યથી જુદું છે.

આ શરીર જુદું, આ વિભાવપર્યાય આત્માનો સ્વભાવ નથી. બધું એનાથી જુદું છે. એક ચૈતન્ય ધ્રુવ, જ્ઞાયક જે અનાદિ અનંત શાશ્વતો છે, અનંતા દ્રવ્યોની સાથે એ રહે તો એવો ને એવો છે. એના દ્રવ્ય, ગુણ, પર્યાય એમાં જાતા નથી. એના દ્રવ્ય, ગુણ, પર્યાય આમાં આવતા નથી. પોતે પોતામાં જ રહ્યો છે. એવા અનંતા દ્રવ્યોની સાથે રહે તો પોતે તો એવો ને એવો છે. એના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ બધું એનામાં, બીજાના બીજામાં, એનો સ્વભાવ ફીટીને કોઈવાર પરદ્રવ્યરૂપે થાતો નથી. એના ગુણો પરરૂપે

થાતા નથી. એની પર્યાય કોઈ પરરૂપે થાતી નથી. પોતે પોતામાં રહેનારો શાશ્વતો ચૈતન્ય પૂર્ણ સ્વભાવે છે, પણ એની દૃષ્ટિ વિભાવમાં ગઈ છે, એટલે એની જ્ઞાનની અને બધી શક્તિઓ જાણે ઓછી થઈ ગઈ હોય એવો એને એની ભાસમાં આવે છે જ્ઞાનની શક્તિ તો પર તરફ ગઈ એટલે એની શક્તિ ઓછી થઈ ગઈ છે, પર્યાયની પ્રગટતા નથી પણ સ્વભાવ તો પૂર્ણ જ છે. સ્વભાવ પૂર્ણ છે. પર્યાયની શક્તિ ઓછી થઈ ગઈ છે.

બાકી સ્વભાવથી પરિપૂર્ણ એવો આત્મા એના તરફ દૃષ્ટિ કરવી, એનું જ્ઞાન કરવું, એના એના તરફ લીનતા કરવી, એ જ જીવનમાં કરવા જેવું છે અને એની જ્ઞાયકની ધારા પ્રગટાવીને એ જ્ઞાયકની ધારા એ જ્ઞાયકતા પ્રગટ થાય એટલે એમાં કર્તાબુદ્ધિ છૂટી જાય છે, એકલી જ્ઞાયકતા છે, એને અંશે મુક્તદશા થાય છે. એની અંશે નિર્મળતાની દશા, અંશે શાંતિ પ્રગટ થાય છે અને એને વિકલ્પ તરફથી દૃષ્ટિ ઉઠાવીને નિર્વિકલ્પદશા થાય તો તો એની આખી ચૈતન્યની દિશા જ જુદી થઈ જાય છે. એ તો ચૈતન્ય પોતે પોતાના ઉત્પાદ-વ્યયમાં રમનારો, અનંતગુણમાં ઝૂલનારો અનંત ગુણ પર્યાયમાં રહેનારો એ કોઈ ચૈતન્યનું અદ્ભૂત સ્વરૂપ પ્રગટ થાય છે, એ વિકલ્પ છોડીને વિકલ્પ છૂટી જ્ઞાતાધારાને ઉગ્રતા થતા વિકલ્પ છૂટી જાય છે અને નિર્વિકલ્પદશા પ્રગટ થાય છે.

અને એવી ને એવી જ્ઞાનીઓ એવી જ્ઞાતાધારાએ રહે છે. પંચ પરમેષ્ઠીઓએ જે આચાર્ય, ઉપાધ્યાય ને સાધુ. અરિહંત ને સિદ્ધ ભગવાને તો પૂર્ણતા સાધી છે. બાકી એની સાધકદશા જે સાધે છે, એ તો ક્ષણે ક્ષણે એમાં વસે છે, એમને કોઈ ચૈતન્ય વગર એમની પરિણતિ નથી એને ચેન ન પડે. એ વારંવાર એમની પરિણતિ સહજ એવી હોય છે, કે ચૈતન્યમાં જ જાય છે, એમની પરિણતિ જ એવી સહજ હોય છે. ચૈતન્ય તરફ જ એની ધારા ચાલ્યા જ કરે છે અને મુનિઓની ધારા તો ક્ષણે ક્ષણે અંતરમાં જ જાય છે. એવી જ્ઞાતાધારા, એવી જ્ઞાયક એવા જ્ઞાયકને ઓળખવો એ જ જીવનનું કર્તવ્ય છે. એ જ્ઞાયક આખો મહિમાથી અદ્ભૂત ભરેલો છે. એમાં અદ્ભૂતતા ભરેલી છે. માટે બધી અદ્ભૂતતા છોડીને જ્ઞાયકની અદ્ભૂતતા ગ્રહણ કરવી. એ જ જીવનનું સાફલ્ય અને એ જ કરવા જેવું છે બાકી બધું એની આગળ તુચ્છ છે. એની વિશેષતા હોય તો ચૈતન્યની જ છે.

એને વિકલ્પમાં દેવ, ગુરુ, શાસ્ત્ર અને એમાં શુભમાં એ અને શુદ્ધાત્મામાં ચૈતન્ય બાકી કાંઈ 'હું શુદ્ધ છું, અશુદ્ધ છું, જ્ઞાન છું, દર્શન છું, ચારિત્ર છું,'–એ બધા વિકલ્પના ભેદ વચમાં આવે છતાં જ્યારે નિર્વિકલ્પદશા થાય ત્યારે તે વિકલ્પ છૂટી જાય ને એકલી

નિર્વિકલ્પદશા પ્રગટ થાય છે, પણ એ નિર્વિકલ્પદશા પોતે પોતાની પરિણતિની ઈ જાતની દોડથી પ્રગટ થાય છે. એમાં કોઈ પરનો આશ્રય હોતો નથી. પોતાની સહજ પરિણતિની દશા પ્રગટ થાય છે. એ સહજ સ્વરૂપ આત્મા, એનું સહજજ્ઞાન, એનું સહજ દર્શન, સહજ ચારિત્ર એની પરિણતિ સહજદશાએ પ્રાપ્ત થાય છે. એની દોડ જ એ તરફ થઈ જાય છે, એને ચૈતન્ય વગર ચેન નથી પડતું, એટલે એ તરફ જ એની દોડ થઈ જાય છે.

એ જ જીવનનું કર્તવ્ય છે, એ જ્ઞાયકને ઓળખવો એની મહિમા કરવી, એની લીનતા કરવી, એનો અભ્યાસ કરવો, એ જ કરવાનું અને એ પ્રગટ થયા પછી ચૈતન્યની અદ્દ્ભૂત દશા, પછી ભેદજ્ઞાનની ધારા સહજ વર્તે છે. એને ક્ષણે ક્ષણે ભેદજ્ઞાનની ધારા વર્તે છે. એને ગમે તે કાર્યમાં કોઈ વિકલ્પમાં એ જ્ઞાતાધારા એની છૂટતી નથી. જાગતા, સૂતા, સ્વપ્નમાં ખાતા, પીતા એની જ્ઞાયકની ધારા છૂટતી નથી. અને નિર્વિકલ્પદશા તરફની એની પરિણતિ એની દશા પ્રમાણે સહજ હોય છે. મુનિઓની દશા તો વારંવાર એમાં જાય છે. એવું ચૈતન્યનું સ્વરૂપ, એવી ચૈતન્ય તરફની દિશા એની એવી જગતથી કોઈ જુદી દુનિયા ચૈતન્યની દુનિયા એ પ્રગટ કરવા જેવી છે. ઈ જ જીવનનું કર્તવ્ય છે.

જે ગુરુદેવે બતાવ્યું છે તે આ ભરતક્ષેત્રની અંદર કોઈ જાણતું નહોતું. બધા ક્રિયામાં પડેલા હતા શુભભાવે એને કાંઈ ખ્યાલ નહોતો, ક્રિયા અને શુભભાવથી ધર્મ થાય એવું માનનારા હતા. આવા શુદ્ધાત્માને બતાવનારા ગુરુદેવ હતા. એ ગુરુદેવની મહિમા જેટલી કરીએ એટલી ઓછી છે. બાકી બધા એ ચરણોના દાસ છું. હું તો એમના ચરણોનો દાસ છું. જેમણે બતાવ્યું તે કેવળ એમણે જ આ માર્ગ બતાવ્યો છે, અને માર્ગે ચાલવું એ જ જીવનનું કર્તવ્ય છે. અને કરવા જેવું એ જ છે. અંતરમાં જ ધર્મ, અંતરમાંથી જે શાંતિ આવે છે, એ ક્યાંય બહારથી નથી આવતી. બહાર ગમે એટલી ક્રિયાઓ કરે તો પણ અંતરમાં કાંઈ શાંતિ, બહારથી ઝાઝી ક્રિયા કરે છે કે આ કરે પણ શાંતિ તો અંતરમાં છે. ચૈતન્યમાં જ્યાં શાંતિ છે, એમાંથી જ પ્રગટે છે, આનંદે એમાંથી પ્રગટે છે. જ્ઞાન એમાંથી પ્રગટે છે.

દેવ, ગુરુ, શાસ્ત્ર એના નિમિત્ત બહાર હોય છે, શુભભાવના થાય, ગુરુ માર્ગ બતાવે, પછી કરવાનું પોતાને. ગુરુદેવે બધાને જાગ્રત કર્યા, માર્ગ બતાવ્યો-દેખાડ્યો. એ ભગવાનને ઓળખે, ગુરુને ઓળખે, એ પોતાને ઓળખે, ખરું પોતાનું સ્વરૂપ પોતે પોતાના ચૈતન્યના ધ્યેયે બધું કરવાનું છે, કે હું મારા ચૈતન્યદ્રવ્યને કેમ ઓળખું, અનંતગુણો એમાં છે, એની શુદ્ધ પર્યાય કેમ પ્રગટ થાય? એ કરવાનું છે. એની ભેદજ્ઞાનની ધારા પ્રગટ થાય તો અંતરમાંથી આનંદ પ્રગટે તો વિકલ્પ તૂટીને

નિર્વિકલ્પદશામાં જે આનંદ પ્રગટે એ જુદો જ છે. ભેદજ્ઞાન શરૂ કરવા જેવું છે. આત્મા સ્વભાવે શીતળ જેમ બરફ શીતળ એમ શીતળ સ્વભાવી છે, એ તો એક દૃષ્ટાંત છે બાકી આ અનંત અનંત શીતળતાનો આનંદનો દરિયો છે, એમ. ભેદજ્ઞાન કરવા જેવું, પાણી મેલું દેખાય પણ પાણી સ્વભાવે નિર્મળ છે, એમ આ બધા વિભાવમાં દેખાય આત્મા જાણે મલિન થઈ ગયો, મલિન થયો નથી પણ શુદ્ધાત્મા છે, એનું ભેદજ્ઞાન કરે કે હું શુદ્ધ સ્વરૂપી છું.

એમ પ્રજ્ઞાછીણી દ્વારા પોતાને જુદો પાડે તો જુદો પડી જાય છે પણ એનો ક્ષણે ક્ષણે પ્રયત્ન કરીને, પ્રત્યન કર્યા વગર થાતું નથી. એની ભેદજ્ઞાનની ધારા પ્રગટ થાય છે. વિભાવ બધા વિભાવ છે, શુભાશુભભાવો, વિભાવ વચ્ચે શુભભાવ આવે ખરો પણ એ વિભાવ છે. જ્યાં સુધી શુદ્ધાત્મા ન પ્રગટે ત્યાં વચ્ચે શુભભાવ તો હોય છે. શુદ્ધાત્માના ધ્યેયે બધું થાય. પરિપૂર્ણ શુદ્ધાત્મા તો કેવળજ્ઞાન થાય ત્યારે પૂર્ણ પર્યાય પ્રગટ થાય છે. પહેલાં તો એની દૃષ્ટિ થાય, એની સાધના થાય પછી એની પૂર્ણતા થાય. જીવનમાં એ જ કરવા જેવું છે. દેવ, ગુરુ, શાસ્ત્રે જે બતાવ્યું છે, શુદ્ધાત્માને ઓળખવો, જ્ઞાયકને ઓળખવો એ કરવા જેવું છે. અંતરમાં શાંતિ છે. બહારમાં ક્યાંય શાંતિ નથી.

અનંતા જન્મ-મરણ કરતાં કરતાં મનુષ્યભવ મળ્યો. એમાં ગુરુદેવે આ અપૂર્વ માર્ગ બતાવ્યો, નહીંતર બધા ક્યાંય પડ્યા હોત. ગુરુદેવનો ઉપકાર જેટલો માનીએ એટલો ઓછો છે. આ તો બધાના જીવનના પલટા કરી નાખ્યા. બાકી તો આ બધું બહારનું છે બધું. અંતરમાં........

દ્રવ્યદૃષ્ટિથી હું પૂર્ણ છું....... પૂર્ણ છું દ્રવ્યદૃષ્ટિથી અને પર્યાયમાં હું અધૂરો છું. પર્યાય જ્યાં સુધી પૂર્ણ નથી થાતી. મારે વિભાવ પર્યાય જ્યાં સુધી પોતે પોતાને જાણતો નથી, ત્યાં સુધી એક્તવબુદ્ધિ છે, જ્ઞાયકને જ્યારે જાણે ત્યારે એકત્વબુદ્ધિ તૂટી જાય છે. તેથી એ દ્રવ્યદૃષ્ટિ અને પ્રમાણ બેય સાથે જ રહે છે. એટલે દ્રવ્યદૃષ્ટિ એની પ્રમાણ બેય જુદા નથી. એટલે દ્રવ્યદૃષ્ટિ મુખ્ય થાય એની સાથે પ્રમાણ હોય જ છે. એકલું પ્રમાણ હોય કે એકલી દ્રવ્યદૃષ્ટિ હોય નહીં. માટે દ્રવ્ય પૂર્ણપણે જણાયું અને પ્રમાણ હોય જ. નહીંતર દ્રવ્યદૃષ્ટિ ખોટી થાય છે. એકલું પ્રમાણ હોય તો પ્રમાણ ખોટું પડે. માટે દ્રવ્યદૃષ્ટિ જ્યાં હોય ત્યાં પ્રમાણ યથાર્થ હોય. યથાર્થ પ્રમાણ જ્યાં હોય ત્યાં દ્રવ્યદૃષ્ટિ સાથે હોય છે. માટે દ્રવ્યને મુખ્ય કરીને એની સાથે પ્રમાણભૂતતાને પોતે હું પરિપૂર્ણ જ્ઞાયક છું ન્યાં દ્રવ્યદૃષ્ટિ ગુણ સાથે હું શુદ્ધ છું, પર્યાયમાં અધૂરો છું, પર્યાયમાં વિભાવ છે, પૂર્ણ થાય ત્યારે પૂર્ણ પ્રગટ પર્યાય છે, એમ જ્ઞાન જાણે છે દૃષ્ટિ પૂર્ણ ઉપર રહે છે. એથી દૃષ્ટિ અને પ્રમાણ બેય સાથે જ છે. એકલું પ્રમાણથી જાણવામાં આવે કે એકલી દ્રવ્યદૃષ્ટિ

**હોય તો ખોટું. એકલું પ્રમાણ હોતું જ નથી એ તો એમાં એમ જો દૃષ્ટિ મુખ્ય રહે છે. પ્રમાણની ......... (મુખ્યતા નથી, ગૌણ છે) જ્ઞાયકતાથી, શુદ્ધતાથી ભરેલો આત્મા એમાં અનંતા ગુણો છે. અનંતી એક એક ગુણની અંદર અનંત અનંત શક્તિઓ છે એક એક અનંતગુણનું અનંતી શક્તિઓ.**

**પણ ભેદ ઉપર દૃષ્ટિ નથી, જ્ઞાન બધું જાણે. દ્રવ્યદૃષ્ટિમાં તો એક આત્મા શાશ્વત પરિપૂર્ણ આવો દૃષ્ટિમાં આખો એમ આવી જાય છે. જ્ઞાન બધું જાણે છે. એમાં ગુણ, ગુણ અનંતા, આમાં ભરેલા છે, એમાં પર્યાયો થાય છે, એ બધું જ્ઞાન જાણે છે. વર્તમાન વિભાવ પર્યાય છે જે શુદ્ધ પર્યાયો હજી પ્રગટ નથી થઈ. એ શક્તિમાં છે. પણ જ્યારે સાધકદશા પ્રગટ થાય છે ત્યારે શુદ્ધતાનો અંશ પ્રગટ થાય છે. ભેદજ્ઞાનની ધારા પ્રગટે, જ્ઞાતાધારા પ્રગટ થાય છે. આવી જ્ઞાતાધારા વધતા જ્ઞાતાની ઉગ્રતા થતા નિર્વિકલ્પદશા પ્રગટ થાય છે. અને નિર્વિકલ્પદશા, સ્વાનુભૂતિ વધતા વધતા એનું ગુણસ્થાન વધે છે.**

**જ્ઞાતાની ધારા વધે, જ્ઞાતાની ઉગ્રતા વધી, એટલે એને એકદમ સ્વરૂપ રમણતામાં આનંદ થઈ ગયો. એમ કરતાં પૂર્ણદશા પ્રગટ થાય છે. દૃષ્ટિ ...... એમાં નવ તત્ત્વ ઉપર એની દૃષ્ટિ એ વિકલ્પરૂપ, નિર્વિકલ્પદશામાં નવ તત્ત્વ પ્રમાણ પોતે એ દૃષ્ટિનો વિષય નથી. સ્વાનુભૂતિ છે. તેમાં અનંતગુણો ને પર્યાયનું ચૈતન્ય પરિણમન બધું સ્વાનુભૂતિમાં ...... બીજું સર્વથા, સર્વથા પર્યાય જ્યારે દ્રવ્ય તરફ વળે છે ત્યારે એને પર્યાય તરફ દૃષ્ટિ હોતી નથી ગૌણતામાં આવી જાય છે, પણ એ દૃષ્ટિ નથી. એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે. જ્ઞાન જ્યારે પર્યાય તરફ વળે છે ત્યારે એને પર્યાયનું જ્ઞાન હોય છે, એટલે ઉપયોગ ન્યાં હોય છે પર્યાય તરફ. ત્યારે એની પરિણતિ દ્રવ્ય તરફ હોય છે, પણ ઉપયોગ પર્યાય તરફ હોય છે. અને દ્રવ્ય તરફ ઉપયોગ હોય છે ત્યારે પરિણતિ તો એનાથી જેમ કામ કરતી હોય એ કરે પણ ઉપયોગ એકવાર એક જ તરફ ઉપયોગ હોય છે.**

**એક તરફ ઉપયોગનું પરિણમન ..........**

**સર્વથા જુદો છે પણ એની પરિણતિ તો ચાલુ જ રહે છે.....**

**સ્વાનુભૂતિ વખતે જ્ઞાતાધારાની કોઈ અપૂર્વ પરિણતિ ચાલે છે. પણ ઉપયોગ તો જુદો રહે છે. (3-101-1)**

**શ્રોતા :** પરને જાણવામાં દુઃખ લાગવું જોઈએ કે પરની જે એકતાબુદ્ધિમાં દુઃખ લાગવું જોઈએ.

પંડિતજી : પરને જાણવામાં દુઃખ લાગવું જોઈએ કે પર સાથે એકત્વમાં દુઃખ લાગવું જોઈએ?

**પૂજ્ય બહેનશ્રી : એકત્વબુદ્ધિમાં. ઉપયોગ પર તરફનો રોકાઈ જાય છે. વિભાવ તરફ, પોતાને જાણતો નથી. એ બરાબર, પોતાનો જ્ઞાયકને છોડીને પરમાં જાય છે, એ પર તરફની દિશા છે, એટલે આ દિશા ઉંધી છે માટે સ્વ તરફની દિશા હોવી જોઈએ. પણ તે જાણવાથી દુઃખ છે કે જાણવાથી વિભાવ નથી. (3-101-2)**

**શ્રોતા :** ઉપયોગ છે એ પરને જાણવાનું બંધ કરી દે, પર તરફની જોવાની આંખો બંધ કરી દે.

**પૂજ્ય બહેનશ્રી : .....**

**આ બધું પર નીકળી જાય, પર નીકળી જાય, પર નીકળી જાય, પર નીકળી પણ તારો જ્ઞાનસ્વભાવ છે એ પર છે? એ પર આવે ને આકુળતા થઈ જાય છે, આ પર આવે છે તો આકુળતા થઈ જાય છે પણ એ તારી પરિણતિનો દોષ છે. તારા રાગનો દોષ છે. એમાં પર આવી જાય એટલે કાંઈ પર જાણવામાં આવી જાય. એ કાંઈ તારા દોષનું કારણ નથી થાતું. પણ તારો પોતાનો રાગ છે એ દોષનું કારણ છે.(3-101-3)**

**શ્રોતા :** જ્યાં ચારે તરફ અત્યારે આ ઘનિષ્ઠ નિકૃષ્ટ કાળમાં જ્યારે ચાર તરફથી વિષય-વાસના અને ધર્મને નામે જુદા જુદા સૌ સૌની માન્યતા પ્રમાણે જ્યાં મિથ્યાત્વનું પોષણ ચાલતું હતું એવા કાળમાં, એવા નિકૃષ્ટકાળને પલટાવીને પૂજ્યશ્રી ગુરુદેવે ઉત્કૃષ્ટ દિગંબર જૈનધર્મ માર્ગ સરળતાથી અને આપણને સૌને જે બોધ આપ્યો એવા પરમ પૂજ્ય શ્રી સદ્‌ગુરુદેવનો, આપણે સૌ બાળકો ઉપર અપાર અપાર ઉપકાર વર્તે છે જેમનું વર્ણન કોઈપણ શબ્દોથી અગર કોઈપણ વિચારથી કે મનનથી પણ કરી શકાય એમ નથી. તે તો અંતરપરિણમન થાય અને જેને થયું છે, એવા એવા જ્ઞાનીઓ અરિહંતો ત્રિકાળર્તી સર્વજ્ઞદેવને ખ્યાલ આવે. એ ઉપકારવશ અમને અંતરથી ઘણા સમયથી આપશ્રીનું સુસ્વાગત હીરાની વધાવવાની ભાવના થાતી હતી તે પ્રસંગને અનુભવતા અમારું હૃદય ભાવથી ગદ્‌ગદ્ થઈ જાય છે.

**પૂજ્ય બહેનશ્રી : ગુરુદેવે કીધું એ જ કરવાનું છે. બધાએ એ જ કરવાનું છે. ગુરુદેવે ઘણું કીધું છે, ગુરુદેવ કોઈ અપૂર્વ આત્મા, એની વાણી કોઈ અપૂર્વ હતી એમની વાણીમાં આત્મા દેખાતો હતો. એ વાણીમાં એકલો આત્માનું સ્વરૂપ કહેતા હોય એવી એમની વાણી હતી. ગુરુદેવે કીધું એ કરવાનું છે જીવનમાં, એક આત્માને ઓળખવો, આત્માને ઓળખવો, એની રુચિ ને જિજ્ઞાસા પ્રગટ કરવી, આત્મા, આત્મા સિવાય કોઈ (નહીં) જ્ઞાયક, જ્ઞાયક ચૈતન્ય, ચૈતન્ય હું ચૈતન્ય છું એ ભાવના કરવી આ શરીર તે હું નથી. આ વિભાવ તે હું નથી. વિભાવ મારો સ્વભાવ નથી. હું ચૈતન્યસ્વરૂપી આત્મા છું. ચૈતન્યદેવ છે ગુરુદેવ ચૈતન્ય ભગવાન આત્મ ભગવાન કહેતા હતા, શક્તિએ ભગવાન છે સિદ્ધ જેવા દરેક આત્મા શક્તિએ છે, પણ ભૂલી ગયો છે, એટલે પર વિભાવમાં પોતાપણું માની લે છે.**

એ સિદ્ધ ભગવાન જેવો આત્મા ચૈતન્યદેવ બિરાજે છે, એને ઓળખવો. પોતે જ છે ક્યાંય ગોતવા જવો પડે એમ નથી. કે ક્યાંય બહાર એને શોધવા જાવું પડે કે ક્યાં આત્મા છે? આત્મા પોતે જ છે, એનું સ્વરૂપ ઓળખવાનું, એનું ગુરુદેવે ઘણું સ્પષ્ટ કરી કરીને સ્વરૂપ સમજાવ્યું છે. એ તો વિચાર કરીને સૂક્ષ્મ થઈને અંતરમાં જો તો અંતરમાં પોતે જ છે, પોતાનો સ્વભાવ ઓળખી લે. જેવા અરિહંત ભગવાનના દ્રવ્ય, ગુણ, પર્યાય એવા જ તારા છે. એવા ભગવાન જેવો જ તું છો. તારું દ્રવ્ય એવું, તારા ગુણ એવા, તારી અવસ્થા પ્રગટ કર તો એવી જ છે. ભગવાન જેવા વેદન બધું વિભાવનું થઈ રહ્યું છે, એમાંથી તારી પરિણતિ બદલાવી નાખ. ચૈતન્યદેવનું વેદન પ્રગટ કર. એની અનુભૂતિ પ્રગટ કર, એ કરવાનું છે. સૂક્ષ્મ થઈને ઓળખ, એનું ભેદજ્ઞાન કર કે આ હું નથી, આ હું નથી, આ મારું સ્વરૂપ નથી, આ મારું રહેવાનું રહેઠાણ નથી. મારો રહેવાનું રહેઠાણ ચૈતન્યનું ઘર એ જ મારું છે. બીજું કાંઈ મારું નથી.

એવું અંતરમાંથી નિર્ણય કરીને એ બાજુ પરિણતિને દોડાવ એમ. કે આ શુભભાવના આવે તો પણ એ પણ મારું સ્વરૂપ નથી. વચ્ચે શુભભાવ આવે, દેવ, ભવ થાય તો એ કાંઈ ચૈતન્યનું સ્વરૂપ નથી. ચૈતન્યદેવ તો એનાથી શુભથી પણ જુદો રહે, ચૈતન્યદેવ બિરાજે છે. એનું સૂક્ષ્મમાં સૂક્ષ્મ ભાવ આવે હું જ્ઞાન છું, દર્શન છું, ચારિત્ર છું એ પણ વિકલ્પના ભેદ છે, પણ વચ્ચે આવી રીતે આવ્યા વગર રહેતા નથી. તો એનાથી ઈ વિકલ્પથી ભેદ કરું, 'હું તો ચૈતન્ય અખંડ દ્રવ્ય છું.' વચ્ચે જ્ઞાન, દર્શન, ચારિત્રના ભેદ આવે તો પણ 'હું એક અભેદ ચૈતન્ય છું,' એવી દૃષ્ટિ કર પણ વચ્ચે ભેદ તો આવે છે. એનું જ્ઞાન એ જાતની આરાધના કર.

વારંવાર એ જ આરાધના કર ક્ષણે ક્ષણે એને ઓળખવાનો પ્રયત્ન કરે તો અંતરમાં સુખ છે, અંતરમાં આનંદ છે, બધું એમાં જ છે એમાંથી પ્રગટ થાશે. બધા ભેદ પડે જ્ઞાનના, દર્શન, ચારિત્ર એ બધા ભેદ જેટલો હું નથી, હું તો અખંડ છું, અખંડ દ્રવ્ય ઉપર દૃષ્ટિ કર. જ્ઞાયક આત્માને ઓળખ. એક જ કરવાનું છે. એમાં જવાથી સ્વાનુભૂતિ પ્રગટ થશે. એમાં જવાથી આત્માનો આનંદ પ્રગટ થાશે. બાકી બહારમાં અનંતકાળથી રોકાણો તો એમાંથી કાંઈ સુખ કે કાંઈ શાંતિ નથી. સુખશાંતિ આત્મામાં જ ભરી છે. એના એ તરફ એ તરફ પરિણતિ કર, કરવાનું એ જ છે. અંતરમાં એ જાતનું જ્ઞાન, એ જાતની વિરક્તિ, બધું એ જ ચૈતન્ય તરફ વળ એ જ. એ કરવાનું છે.

(3-101-4)

શ્રોતાઓ : ભગવતી માતનો જય હો....

માતાજીની અમૃતવાણીનો જય હો....

## પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી, ભાગ-૩
# તત્ત્વચર્ચા - ૧૦૨

**શ્રોતા :** કરવાનું પણ એ આપણા નસીબમાં હોય ત્યારે થાય કે આપણે કરીએ તો થાય?

**પૂજ્ય બહેનશ્રી : નસીબ કાંઈ કરતું નથી, પોતે પુરુષાર્થ કરે તો થાય છે. નસીબથી કાંઈ થાય છે? નસીબથી તો બહારનું ધન મળે, શરીર આ મળે આ નિરોગતા થાય એ બધી નસીબથી. પણ અંતરમાં કરવું એ પોતાના હાથની વાત છે. વિકલ્પ જે એકત્વબુદ્ધિ બધી વિભાવ સાથે થઈ ગઈ છે. રાગ, દ્વેષની એકત્વબુદ્ધિ તોડ હું તો ચૈતન્ય છું. નિર્વિકલ્પ તત્ત્વ છું, એમ પ્રયત્ન કરવો પોતાના હાથની વાત છે. જે ગુરુદેવે માર્ગ બતાવ્યો એ માર્ગે પોતે પ્રયત્ન કરવો, ચાલવું પોતાના હાથની વાત છે. એ કાંઈ નસીબ કરતું નથી. નસીબ એને રોકતુંય નથી. પુરુષાર્થ કરવો પોતાના હાથ(ની વાત છે). પુરુષાર્થ કરવામાં પોતે સ્વતંત્ર છે. અનંતકાળથી જન્મ-મરણ થાય. પોતાના વિભાવથી થાય, પોતાથી થયા છે. માટે મોક્ષ થાય એ પણ પોતાથી થાય છે. મોક્ષ જનારો પોતે ને જન્મ-મરણ કરીને રખડનારો પોતે જ છે. બીજું કોઈ નથી. કોઈ એને રખડાવતું નથી ને કોઈ એને મોક્ષ દેતું નથી. મોક્ષ પ્રગટ કરનારો પોતે છે.**

**એ દેવ, ગુરુ, શાસ્ત્ર માર્ગ બતાવે છે, પણ કરવાનું તો પોતાને જ છે. સ્વતંત્ર છે પોતે કરવાનું. દરેક દ્રવ્ય સ્વતંત્ર, પોતે સ્વતંત્ર, જડ સ્વતંત્ર બધા સ્વતંત્ર કોઈ કોઈને રોકતું હોય તો દ્રવ્ય પરાધીન થઈ જાય. દ્રવ્ય પરાધીન નથી. સ્વતંત્ર દ્રવ્ય છે. (પોતે ઉંધો ચાલે છે) પોતે ઊંધો ચાલી રહ્યો છે. પોતે સવળો થાય તો બધું સવળું જ છે. પોતાની દૃષ્ટિની ભૂલે રોકાણો છે. એક દૃષ્ટિની ભૂલે આખો સાગર ભર્યો છે, પણ દેખાતો નથી. આમ દૃષ્ટિની ભૂલે અંદર આનંદ સાગર, જ્ઞાનસાગર ભર્યો છે. છતાં પોતાના દૃષ્ટિના દોષે એને બીજું બહારનું દેખાય છે. આત્મા દેખાતો નથી.(3-102-1)**

**શ્રોતા :** દૃષ્ટિનો દોષ પણ નસીબમાં હોય ત્યારે સુધરે કે...

**પૂજ્ય બહેનશ્રી : નસીબથી નહીં પોતાના પુરુષાર્થને કારણે પોતાની ભૂલ છે, ભૂલી ગયો છે. નસીબ કાંઈ કરતું નથી. નસીબ તો બહારનું બધા આ સારા-નરસા સંયોગ આવે બાકી ભાવ પલટાવવા પોતાના હાથની વાત છે.**

**જન્મ-મરણ કેમ ટળે એ કરવા જેવું છે. ........ માટે શુભાશુભભાવથી હું અત્યંત જુદો આત્મા છું. વચ્ચે શુભભાવ આવે પણ એ પુણ્યબંધનું કારણ છે. 'હું ચૈતન્ય શુદ્ધાત્મા છું,' એ શુદ્ધાત્માને ઓળખવાનો પ્રયત્ન કરે તો થાય એ ન થાય ત્યાં સુધી**

**એનું ચિંતવન, મનન, દેવ, ગુરુ, શાસ્ત્રની મહિમા, અંતરમાં ચૈતન્યદેવ કેમ ઓળખાય? એવો પ્રયત્ન કરવા જેવો છે. સ્વાધ્યાય કરે, તત્ત્વચિંતવન કરે, ......... પહેલી યથાર્થ શ્રદ્ધા થાય પછી યથાર્થ ચારિત્ર આવે પણ મુમુક્ષુને તીવ્ર સંકલ્પ-વિકલ્પમાં તીવ્રતા ન હોય. વીતરાગદશા તો પછી થાય. વિકલ્પ મંદ પડે પણ તીવ્રતા ન હોય એની તન્મયતા તોડી નાખે છે. મર્યાદા બહાર ન જાય, સ્વરૂપની મર્યાદામાં રહેવું એ જ સ્વભાવ છે એનો. (3-102-2)**

**શ્રોતા :** ....

જ્યાં સુધી એને કે ગ્રહણ્ય વધારી ન શકીએ?.....ત્યાં સુધી ક્રમની અંદર આવવું જોઈએ. જેમકે અર્થશાસ્ત્ર છે. કેવી રીતે પૈસો ભેગો કરવો એ જ બતાવે છે. અર્થનો સંગ્રહ કેવી રીતે કરવો એ બતાવે છે

**પૂજ્ય બહેનશ્રી : એના વ્યવહારમાર્ગ બેય માર્ગ તો એનો ભેદ જુદી જાતનો છે. અમારે ગુરુદેવ તો એક આત્માને ગ્રહણ કરતા હતા કે બહારમાં બધું પુણ્યને લઈને થાય છે. જે પુણ્ય હોય એ પ્રમાણે થાય. જે પોતે ભલે કષાયની મંદતા કરે નીતિ ન્યાય કરે એ બધું કરે કે વ્યવહાર સારા રાખે. બધું કરે. પૈસાનું ઉપાર્જન તો પુણ્ય વિના થઈ શકતું નથી. ગમે એટલો પ્રયત્ન થાય પણ તોય પુણ્ય હોય તો જ મળે એ તો પુણ્યની વાત છે, એટલે એને વિકલ્પ શુભ આવે કે શુભ ઠેકાણે વાપર્યા. કે એમ કે ન્યાયથી કરે બધા શુભભાવો છે. એની અંદર એક આત્માને કેમ ઓળખવો અમારા ગુરુદેવ એમ જ કહેતા હતા ને વસ્તુસ્થિતિ પણ એમ જ છે આ અનંતકાળથી જન્મ-મરણ કરતાં કરતાં ભવનો અભાવ કેમ થાય એ જ મુખ્ય વાત છે. એ જ જીવનમાં કરવા જેવું ને એક ધ્યેય છે, કે અનંતા જન્મ-મરણ કરતાં કરતાં શુભભાવો પણ કર્યા. નીતિ, ન્યાય, દયા બધું કર્યું એ ભલે વચ્ચે આવે એનો કાંઈ વાંધો નથી એનાથી પુણ્યબંધ થાય પણ આત્માનો માર્ગ અંતરમાં જુદો જ રહી જાય છે.**

**આત્માને કેમ ઓળખવો? એનાથી ભવનો અભાવ થાય છે. દેવલોક પણ ઘણીવાર મળ્યો પણ એનાથી પુણ્યબંધ થાય છે, ભવ તો પુણ્યબંધથી મળે છે. ભવનો અભાવ તો આત્માને ઓળખે કે હું ચૈતન્ય છું, મારો જ્ઞાન સ્વભાવ છે આ બધા ભાવોથી હું જુદો, ન્યારું તત્ત્વ છું. હું એક ચૈતન્ય તત્ત્વ છું, આ જડ એક તત્ત્વ એમ એક અંદર ચૈતન્યતત્ત્વ છે, એ તત્ત્વ કેમ આચાર્યો, ભગવંતો, મુનિ ભગવંતો બધાએ જે માર્ગ બતાવ્યો માર્ગે ચાલે તો ભવનો અભાવ થાય, અનંતકાળથી દુઃખ જે દુઃખ થઈ રહ્યું છે તે દુઃખનો અભાવ થાય. અંતર આત્મામાંથી સુખ ને આનંદ પ્રગટે એટલે**

**એ માર્ગ તો આખો આત્માનો ન્યારો જ રહે છે. આ વ્યવહારમાર્ગથી આત્માનો માર્ગ આખો જુદો રહે છે. એનો મેળ કરવો બહુ મુશ્કેલ પડે છે. (3-102-3)**

**શ્રોતા :** અધ્યાત્મ ..... છે તો લોકવ્યવહારની અંદર અને લોકમાં શિક્ષણની અંદર .....?

**પૂજ્ય બહેનશ્રી : એને શિક્ષણ એ વ્યવહારનું શિક્ષણ છે, એની સાથે આત્માનું શિક્ષણ ને વ્યવહારનું શિક્ષણ એ બે સાથે હોય છે.**

**શ્રોતા :** અધ્યાત્મ અને મનની સાથે અને સમાજવિજ્ઞાનની સાથે જો આપણે જોડી ન શકીએ ભગવાન ઋષભદેવ કે જેમણે આપણી જે સમાજની રચના કરી આદિનાથ આપણે માનીએ છીએ તો એની રજૂઆત તો વ્યવહારનું ઉત્થાપન નથી.

**પૂજ્ય બહેનશ્રી : એ ગૃહસ્થાશ્રમમાં એ બધું હોય છે, પણ અંતરમાં એનો આત્મા ન્યારો, માર્ગ જાણ્યા વગર ભવની મુક્તિ જેને જોઈતી હોય તો મુક્તિ તો અંદર આત્માને જુદો કરીને ઓળખે તો જ મુક્તિ થાય. આ બધા એક વ્યવહારું કાર્ય, સામાન્યકાર્ય છે જેને સમાજનું કાર્ય કરવું હોય એને માટે છે. કે સમાજનું કેમ સારું થાય? પુણ્યબંધ કેમ થાય? એને માટે. જેને આત્મા જોઈતો હોય, ભવનો અભાવ કરવો હોય એને આત્મા ઓળખવાનો છે અને જેને સમાજનું કાર્ય કરવુ હોય એ સમાજની વ્યવસ્થા કરે. એની સાથે ..... ભગવાન તો ગૃહસ્થાશ્રમમાં રહીને જે શુભ જે ભાવ આવ્યો. એ પ્રમાણે કાર્ય કર્યું બાકી તો એ ન્યારા જ હતા. પછી તો બધું છોડીને મુનિ થઈ ગયા હતા. અને આત્માનું ધ્યાન કર્યું. જ્યાં સુધી ગૃહસ્થાશ્રમમાં હતા એવા ભાવો આવ્યા ત્યાં સુધી કાર્યોમાં જોડાતા હતા.**

**આત્મા જોઈતો હોય એને માટે આજ છે, વ્યવહાર સુધારવો હોય એને માટે ઈ છે. એની સાથે ઈ હોય તો એ અંતરમાં રુચિ તો એ જ હોવી જોઈએ કે જન્મ-મરણનો અભાવ કેમ થાય? અને આત્મા કેમ ઓળખાય. એવી જેને ભાવના હોય એ તો આત્માને ઓળખવાનો પ્રયત્ન કરે. જેને સમાજ સુધારવો હોય તો એ સમાજનું કાર્ય કરે. બેયની રુચિમાં ફેર છે. (3-102-4)**

**શ્રોતા :** વ્યવહારમાં શું છે ..... અધ્યાત્મનું જ્ઞાન એ તો ગણ્યા-ગાઠ્યા માણસો તો ........ અધ્યાત્મ શીખવી શકે પણ રીતિ જરૂર શીખવી શકે.

**પૂજ્ય બહેનશ્રી : રુચિ જેને તૈયારી હોય એ શીખે છે, ન શીખે તો આત્માની તૈયારી, ગુરુદેવને એવો પ્રભાવનાનો વિકલ્પ હતો તો એમણે હિન્દુસ્તાનમાં હજારો માણસો તૈયાર થઈ ગયા છે, આત્માની રુચિવાળા થયા છે, ત્યાં હજારો થયા છે. એ**

**તો જેને લાગી હોય એ થાય છે તૈયાર. નથી લાગી હોતી એ સમાજમાં હોય છે. એમાં કાંઈ સૌની રુચિ ઉપર આધાર રાખે છે.**

**ગુરુદેવ તીર્થંકરનું દ્રવ્ય હતું. એમણે ખરો માર્ગ બતાવ્યો છે. આત્માને કેમ ઓળખવો, જ્ઞાયક આત્મા શું છે? એ બધું ગુરુદેવે બતાવ્યું, ગુરુદેવનો પરમ ઉપકાર છે. શાસ્ત્રનો પણ. ભેદજ્ઞાનનો, જ્ઞાયક આત્માનો, શરીર જુદું, વિભાવ જુદો, સ્વભાવ જ્ઞાયક આત્માને બતાવનાર આખા હિન્દુસ્તાનમાં એમણે ડંકો, ગુરુદેવનો પરમ ઉપકાર છે, એ જુદી જાતનો એમનો બધા ઉપર ઉપકાર છે. અહીંથી નૈરોબી જઈને એમણે બધાને લાભ આપ્યો. (......) ગુરુદેવે કીધું છે જ્ઞાયક આત્માને ઓળખવો, ભેદજ્ઞાન કરવું, શરીર જુદું, સંકલ્પ-વિકલ્પ આત્માનું સ્વરૂપ નથી, જ્ઞાયક આત્મામાં આનંદ છે. દેવ, ગુરુ, શાસ્ત્રની મહિમા રાખવી, અંતરમાં જ્ઞાયકને ઓળખવો. એને માટે તત્ત્વચિંતવન, શાસ્ત્ર અભ્યાસ બધું કરવાનું છે, ગુરુદેવે માર્ગ બતાવ્યો એ કરવાનો છે. (3-102-5)**

**શ્રોતા :** આપકા ઇસ વિષયમેં ક્યા અનુભવ હૈ? આત્માકો કૈસે દેખા જા સકતા હૈ? એ અનુભૂતિ કૈસે હો સકતી હૈ? ઇસમેં આપકા ક્યાં અનુભવ હૈ?

**પૂજ્ય બહેનશ્રી : એ આત્માકો જ્ઞાનસે જાના જા સકતા હૈ ઔર ભેદજ્ઞાન કરકે, ભેદજ્ઞાન ક્ષણ ક્ષણ 'મૈં જ્ઞાયક હૂં, ચૈતન્ય હૂં, મૈં આનંદ હૂં,' એ સબ ઇસમેં જ્ઞાન, શ્રદ્ધા ઔર આચરણ કરનેસે ઐસા વિકલ્પ તૂટકે ફિર સ્વાનુભૂતિ હો સકતી હૈ. ગૃહસ્થાશ્રમમેં ભી હો સકતી હૈ. પણ મુનિ જબ હોતે હૈ તબ વિશેષ હોય. ક્ષણ ક્ષણમેં સ્વાનુભૂતિ હોતી હૈ. ઔર ગૃહસ્થાશ્રમમમેં સ્વાનુભૂતિ તો હો સકતી હૈ ઇસકો સમ્યગ્દર્શન કહનેમેં આતા હૈ. (3-102-6)**

**શ્રોતા :** હો સકતી હૈ એક બાત હૈ, ઔર હોતી હૈ એક બાત હૈ ...............

**પૂજ્ય બહેનશ્રી : વ્યક્તિગત બાત ક્યા કહે હો સકતી હૈ.**

**શ્રોતા :** જો અપના અનુભવ હોતા હૈ ઉસકી બાત હૈ જો અનુભવ નહીં હોતા વહ કહતા નહીં હૈ

શ્રોતા : માતાજીકો તો ૧૮ વર્ષકી ઉમ્રમેં પ્રાપ્ત હો ગયા થા.

**શ્રોતા :** ........ ...આપને અનુભૂતિકા માર્ગ કૈસે નિશ્ચય કિયા? ઔર કૈસે આપકો અનુભૂતિ હોતી હૈ?

**પૂજ્ય બહેનશ્રી : જ્યારે આત્મામેં ધ્યાન કરનેસે ઔર જ્ઞાન કરનેસે જ્ઞાન સચ્ચા જ્ઞાન ઔર સચ્ચા ધ્યાન કરનેસે અનુભૂતિ હો સકતી હૈ. ઔર**

**શ્રોતા :** ............ ધ્યાન એટલે શું? કઈ રીતે ધ્યાન કરવું જોઈએ?

**પૂજ્ય બહેનશ્રી :** ગ્રહણ કરના ચૈતન્યકા સ્વભાવકો એ સ્વભાવમેં મૈં જાનનવાલા હૂં, યહ સબ જો વિભાવ આકુલ પરિણતિ હૈ વહ મૈં નહીં હૂં, ઉસકા કર્તા મૈં નહીં હૂં, ઇસકા આકુળતા મૈં નહીં હૂં. મુઝમેં શાંતિ ઔર નિરાકુળતા મુજમેં હૈ ઐસા ભીતરમેં દ્રવ્યમેંસે ગ્રહણ કરના ઉપર ઉપરમેંસે વિચાર કરકે નહીં. ભીતરમેં જાકર યહ આત્મા હૈ, ઇસમેં જ્ઞાન હૈ, ઇસમેં સબ હૈ ઇસમેં એ જ્ઞાનસ્વરૂપ આત્મા તત્ત્વ હૈ જૈસા યહ તત્ત્વ હૈ ઐસા તત્ત્વ હૈ ઉસમેં ભીતરમેં જાકર, ઇસકા મૂલમેં જાકર ઉસકો ગ્રહણ કરકે ઉસમેં લીન હોના, લીન હોનેસે જો આનંદ હોતા હૈ વહ પ્રગટ હોગા. જો આનંદકા સાગર જ્ઞાનકા સાગર ભરા હૈ, ઉસમેં જો લીન હોતે હૈ તો પ્રગટ હોતા હૈ. જિસકા જો સ્વભાવ હોતા હૈ ઉસકા જો લીનતા કરનેસે ઉસકા વેદન હોતા હૈ. ઔર બાહરમેં જાતા હૈ તો વિભાવકા વેદન હોતા હૈ. ભીતરમેં જાતા હો તો આનંદકા વેદન હોતા હૈ. યહ અનુભવ આત્મામેં હો સકતા હૈ, સબ કુછ હો સકતા હૈ. એ કર્તાબુદ્ધિ છૂટ જાતી હૈ, ''મૈં જ્ઞાયક હૂં, બાહરમેં સંકલ્પ-વિકલ્પ સબ આવે તો ભી મૈં જાનનેવાલા'' ઐસા વિરક્તિ હો જાતી હૈ. ઔર સ્વભાવમેં વારંવાર વારંવાર વારંવાર ઘૂલમિલ જાકર યે તો દૂસરી દુનિયામેં ચલા જાતા હૈ. ચૈતન્યકી દુનિયા દૂસરી હૈ ઔર બાહરકી દુનિયા દૂસરી હૈ ઇસમેં ચલા જાતા હૈ. (3-102-7)

**શ્રોતા :** સીમંધર ભગવાનકા .........

**પૂજ્ય બહેનશ્રી :** સીમંધર ભગવાન વો તો ...... પૂર્વભવકા જાતિસ્મરણકા અંશ હૈ વહ ભી હોતા હૈ, ગુરુદેવ થે, હોતા હૈ પણ મેરે મુખસે જાતિસ્મરમણકી બાત કહતી નહીં હૂં. એ સમ્યગ્દર્શન ભી ૧૮કી સાલમેં હુઆ ૧૮ વર્ષમેં ભેદજ્ઞાન હુઆ પણ મૈં વ્યક્તિગત ક્યા કહૂં ઔર જાતિસ્મરણ ભી હુઆ થા પણ વહ વ્યક્તિગત બાત નહીં કરતી હૂં. (3-102-8)

**શ્રોતા :** જાતિસ્મરણ એકબાર આયા....

**પૂજ્ય બહેનશ્રી :** એ તો ચલા આતા હૈ ઐસે ઐસે વૃદ્ધિ હોતી હૈ

**શ્રોતા :** સીમંધર ભગવાન ........?

**પૂજ્ય બહેનશ્રી :** સીમંધર ભગવાન બિરાજતે હૈ મહાવિદેહક્ષેત્રમેં ઔર હૃદયમેં ઉસકી સ્મરણ હોતી હૈ

**શ્રોતા :** ......

**પૂજ્ય બહેનશ્રી :** શરીરસે વો નહીં ચલા જા સકતા હૈ ઔર આત્મા ઉધર નહીં ચલા જા સકતા, શરીરસે ઔર આત્મા ઉધર નહીં ચલા જાતા હૈ પણ અપના પરિણામમેં ઐસા યાદ ઔર સ્મરણ ઉસસે હો સકતા હૈ. ઉસકા ધ્યાન હો સકતા હૈ.

**શ્રોતા :** .....

**પૂજ્ય બહેનશ્રી : આત્મા વહાં ચલા જાતા હૈ, ઐસા નહીં હૈ. આત્મામેં નહીં, જ્ઞાનમેં હો સકતા હૈ. (......) જ્ઞાનમેં હોતા હૈ, મુનિકો હોતા હૈ તો આહારક શરીર વહ ચલા જાતા હૈ. અને આહારક શરીરસે વહાં જાતા હૈ**

**શ્રોતા :** સીમંધર ભગવાનકે પાસ કુંદકુંદસ્વામી ગયે વહાં પર કૈસે ગયે?

**પૂજ્ય બહેનશ્રી : હા, કુંદકુંદસ્વામી વો આચાર્ય તો ગયા થા મહાવિદેહક્ષેત્ર**

**શ્રોતા :** .....

**પૂજ્ય બહેનશ્રી : હોતા હૈ નિર્મળ ધ્યાન હોતા હૈ, વહ સીમંધર ભગવાનકા દર્શન કર સકતે હૈ. ......**

**શ્રોતા :** ...........

**પૂજ્ય બહેનશ્રી : જ્ઞાન ઔર ધ્યાન દોય ઉસમેં આ જાતા હૈ. ઇસમેં એકલા જ્ઞાનકા નહીં, ધ્યાન તો બહોત કિયા હૈ. ત્રણ ત્રણ કલાક ધ્યાનમેં રહતે થે, જ્ઞાન ઔર ધ્યાન દોનોં માર્ગ હૈ.**

**શ્રોતા :** ધ્યાન

**પૂજ્ય બહેનશ્રી : સ્વાનુભૂતિ પ્રત્યક્ષ હોતે હૈ, સબ હો સકતા હૈ. ધ્યાન ભી હોતા હૈ ઔર જ્ઞાન ભી હોતા હૈ. પઠન, પાઠનસે નહીં હોતા, ભીતરકા જ્ઞાન ઔર ભીતરકા ધ્યાન... ભીતરકા જ્ઞાન ઔર ધ્યાન સે હોતા હૈ.**

**શ્રોતા :** ધ્યાનસે

**પૂજ્ય બહેનશ્રી : ગુરુદેવે જે માર્ગ બતાવ્યો એ માર્ગે ચાલવું. એ સ્મરણ રાખી, ગુરુદેવને હૃદયમાં રાખી બધું કરવું. એ માર્ગે બધાએ ચાલવાનું છે. એ પંચ પરમેષ્ઠી મંગળ છે, ગુરુદેવ મંગળ છે, બધું શાસ્ત્ર મંગળ છે. દેવ, ગુરુ, શાસ્ત્રની મહિમા, હૃદયમાં રાખીને જ્ઞાયક આત્માને હૃદયમાં રાખવો, એનું સ્મરણ કરવું, ભેદજ્ઞાન કરવું, ગુરુદેવે કીધું કરવાનું છે. એ મંગળ છે. પંચ પરમેષ્ઠી મંગળ છે, હૃદયમાં રાખવું જ્ઞાયકમાં બધે હૃદયમાં રાખી ભેદજ્ઞાન પ્રગટ ગુરુદેવે કીધું એ બધું કરવાનું છે.**

**ચિંતનકા કાર્ય તો આત્મામેં હોતા હૈ શરીર તો ભિન્ન હૈ, શરીર તો જડકા કાર્ય શરીર કરતા હૈ, આત્માકા કાર્ય આત્મા કરતા હૈ. દોનોં પદાર્થ ભિન્ન હૈ. એકલા ચિંતવનકા અસર શરીર પર નહીં હો સકતી હૈ. શરીર સ્વતંત્ર હૈ, રોગ આતા હૈ સ્વતંત્ર હૈ વો જૈસા હોતા હૈ ઐસા પરિણમન હોતા હૈ. કોઈ અશાતાકા ઉદય આતા હૈ તો અશાતા હોતી હૈ, શાતાકા ઉદય આતા હૈ તો શાતા હોતી હૈ. આત્મા તો સ્વતંત્ર હૈ. આત્માકા કાર્ય આત્મામેં હોતા હૈ. કોઈ ચિંતવન, કોઈ જ્ઞાનધારા, જ્ઞાતાકી ધારા એ આત્મામેં હોતી હૈ. (3-102-9)**

**શ્રોતા :** પહલે આપકા સ્વાસ્થ્ય ઠીક નહીં થા વહ અશાતાકા ઉદય થા, બીચમેં શાતાકા ઉદય હો ગયા હૈ.

**પૂજ્ય બહેનશ્રી : અસાતાકા ઉદય થા એ સબ ફેરફાર હો ગયા. એ ઉદય સ્વતંત્ર હૈ કિસીકા કર્તા નહીં, આત્માકા કર્તા નહીં હો સકતા હૈ.**

**શ્રોતા :** દોનોં સ્વતંત્ર હૈ

**પૂજ્ય બહેનશ્રી : દોનોં દ્રવ્ય સ્વતંત્ર હૈ**

**શ્રોતા :** યહ હી ભેદવિજ્ઞાન હૈ.

**પૂજ્ય બહેનશ્રી : હા, ભેદવિજ્ઞાન હૈ.**

**શ્રોતા :** પુદ્ગલ અલગ ઔર આત્મા અલગ દોનોં ભેદવિજ્ઞાન

**પૂજ્ય બહેનશ્રી : દોનોં ભેદવિજ્ઞાન હૈ. દોનોં વસ્તુ ભિન્ન હૈ. એ વિભાવ ભી આત્મા સ્વભાવ નહીં હૈ, વિભાવ ભી સ્વતંત્ર, શુભાશુભભાવ હોતા હૈ વહ અપની પુરુષાર્થકી મંદતાસે હોતા હૈ પણ ઉસકા સ્વભાવ આત્માકા નહીં. આત્માકા સ્વભાવ હૈ નહીં. આત્માકા કાર્ય આત્મામેં હોતા હૈ, વિભાવકા વિભાવમેં જબતક ઇસકી એકત્વબુદ્ધિ હોતી હૈ તો યહ ભૂલ હોતી હૈ, ભ્રાંતિ હોતી હૈ. જબ ભેદજ્ઞાન હોતા હૈ તો તબ ભેદવિજ્ઞાનકી ધારા ચલતી હૈ. (3-102-10)**

**શ્રોતા :** આપને યહ શાસ્ત્ર તો બહોત અચ્છા બનાયા.

**પૂજ્ય બહેનશ્રી : યહ તો હોતા હૈ યહ હાથકી ક્રિયા હોતી હૈ આત્માકા કાર્ય નહીં હો સકતા હૈ.**

**શ્રોતા :** આપકી શુભકામનાએ તો હોગી શાસ્ત્રમેં.

**પૂજ્ય બહેનશ્રી : શુભભાવના હોતી હૈ શુભભાવના. શુદ્ધાત્મા તો ઉસસે ભિન્ન હૈ. શુદ્ધાત્માકો વહ નહીં કરતા. શુભભાવસે પુણ્યબંધ હોતા હૈ ઔર શુદ્ધાત્માકા કાર્ય જો શુદ્ધ પરિણતિ આત્માનુભવ જો સ્વાનુભવ હોતા હૈ, નિર્વિકલ્પધારા હોતી હૈ ઉસસે મુક્તિ હોતી હૈ. શુભભાવસે પુણ્યબંધ હોતા હૈ. (3-102-11)**

**શ્રોતા :** એક બાત જાનના ચાહ રહા હૂં આપસે, બહોત દૂરસે આયા હૂં ઇન્દૌરસે કિ સ્વામીજીને જો સ્વાધ્યાયકી પરંપરા ઉઠાયી થી વહ યહાંપર કિતની ચલ રહી હૈ?

**પૂજ્ય બહેનશ્રી : સ્વાધ્યાય તો સબ લોગ કરતે હૈ.**

**શ્રોતા :** કિસ તરહ કરતે હૈ?

**પૂજ્ય બહેનશ્રી : ગુરુદેવે જે માર્ગ બતાયા હૈ વહ માર્ગ ઇસલિયે કે આત્મામેં આત્મામેં સુખ હૈ, આત્મામાં આનંદ હૈ, દ્રવ્ય, ગુણ, પર્યાય આત્માકા, આત્મામેં પરકા**

**પરમેં. વહ કોઈ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ આત્માકા આત્મામેં, પરકા પરમેં ઐસા જો ગુરુદેવને જો માર્ગ બતાયા, જો શાસ્ત્રમેં આતા હૈ, ઉસકા રહસ્ય જો બતાયા હૈ તો અપને વિચારસે સબ ઐસા સ્વાધ્યાય કરતે હૈ. સામુદાયિક ભી કરતે હૈ. અપને અપને અલગ અલગ ભી કરતે હૈ. વ્યક્તિગત ભી કરતે હૈ. સામુદાયિકમેં તો કરતે હૈ.......**

**(3-102-12)**

**શ્રોતા :** આપકો કૌનસા અચ્છા લગતા હૈ સામુદાયિક કે વ્યક્તિગત?

**પૂજ્ય બહેનશ્રી : યહ તો કોઈ અપેક્ષાએ સામુદાયિક ભી અચ્છા, કોઈ અપેક્ષાએ વ્યક્તિગત. મૈં તો ઐસે તબિયત હૈ તો અપની વ્યક્તિગત કરતી હૂં.**

**શ્રોતા :** મેરી અપેક્ષાસે સામુદાયિક સ્વાધ્યાય અચ્છા હૈ.

**પૂજ્ય બહેનશ્રી : સબ કુછ જાનનેકા મિલતા હૈ કોઈ જાન સકતા હૈ તો જાનનેકા મિલતા હૈ, ઔર જો વ્યક્તિગત અપને વિચાર, ચિંતવન જિસકો ચલતા હૈ ભીતરમેં ઉસકો વ્યક્તિગત અચ્છા લગતા હૈ ઔર વિશેષ જાનનેકે લિયે કોઈ નવા નવા જાનનેકે લિયે સામુદાયિક ભી અચ્છા લગતા હૈ. (3-102-13)**

**શ્રોતા :** ગ્રંથમેંસે પઢના અચ્છા હૈ કિ રેકોર્ડ સુનના?

**પૂજ્ય બહેનશ્રી : એ ગુરુદેવે જો માર્ગ બતાયા હૈ તો રેકોર્ડ સુનના ભી અચ્છા હૈ જો માર્ગ બતાયા તો ઉસમેં ખ્યાલ આતા હૈ. ગુરુદેવે ક્યા માર્ગ બતાયા હૈ ઔર શાસ્ત્રકા સ્વાધ્યાય ભી અપને શ્રુતકા ચિંતવન હોતા હૈ સ્વાધ્યાય ભી અચ્છા હૈ. ગુરુદેવે માર્ગ બતાવ્યો યહ જાનનેકે લિયે ગુરુદેવકા રેકોર્ડિંગ ચલતા હૈ વહ ભી અચ્છા હૈ.**

**(3-102-14)**

**શ્રોતા :** સંક્ષેપમેં બતાયે કિ ગુરુદેવને માર્ગ કૌનસા બતાયા હૈ?

**પૂજ્ય બહેનશ્રી : ગુરુદેવને આત્માકા મુક્તિકા માર્ગ બતાયા, આ આત્મા દ્રવ્ય કોઈ અલૌકિક હૈ, અનુપમ હૈ, ઉસમેં સુખ હૈ, ઉસમેં આનંદ હૈ. ઇસસે જ્ઞાન આતા હૈ, ઇસમેં દર્શન, ચારિત્ર સબ આત્મામેંસે આતા હૈ. બાહરસે નહીં આતા હૈ. યહ બહારની ક્રિયા અનંતકાળમેં બહોત કરી, શુભ પરિણામ ભી કિયા ઔર જ્ઞાન બાહર કરનેસે નહીં આતા. જો જિસકા સ્વભાવ હૈ ઉસમેંસે જ્ઞાન, ઉસમેંસે દર્શન, ઉસમેંસે ચારિત્ર, બાકી જો આતા હૈ તો શુભ પરિણામ હૈ, વો શાસ્ત્ર સ્વાધ્યાય કરતે હૈ ઔર ચારિત્ર શુભભાવ ભી હોતા હૈ યહ શુભભાવ હૈ ઉસસે પુણ્ય બંધ હોતા હૈ. પણ જો આત્મામેંસે જ્ઞાન, દર્શન, ચારિત્ર પ્રગટ હોતા હૈ વહ આત્મા ઉસકો સુખ**

**દેનેવાલા ઔર આત્માકો આનંદ દેનેવાલા મૂળ તત્ત્વમેંસે જો પ્રગટ હોતા હૈ વહ યથાર્થ હોતા હૈ.**

**ગુરુદેવે માર્ગ બતાયા તો ભીતરમેં જો ઇસમેં જ્ઞાન હૈ, ઇસમેં દર્શન હૈ, ઉસમેં ચારિત્ર હૈ, સબ ઇસમેં હૈ જિસકા જો જિસ તત્ત્વકા હોતા હૈ ઉસમેંસે વહ પ્રગટ હોતા હૈ ઉસકા ભેદજ્ઞાન કરે ઉસકા પહલે અંશ પ્રગટ હોતા હૈ નિર્વિકલ્પ સ્વાનુભૂતિ ઇસમેં બઢતે બઢતે વો લીનતા બઢતી હૈ તો ચારિત્રદશા ભીતરમેં હોતી હૈ તો બહાર મુનિદશા ભી હોતી હૈ ઇસમેં લીન હોનેસે કેવળજ્ઞાન ભી ઇસમેં ભીતરમેંસે હોતા હૈ ઇસલિયે વો સ્વાનુભૂતિ હોતી હૈ તો દુનિયાસે કોઈ જુદી દુનિયામેં ચલા જાતા હૈ ઇસકી ઐસી સ્વાનુભૂતિ હોતી હૈ. મુનિ તો વારંવાર તો ક્ષણે ક્ષણે આત્મામેંસે ઐસે લીનતા કરતા હૈ. સમ્યગ્દૃષ્ટિ ભી નિર્વિકલ્પ સ્વાનુભૂતિ હોતી હૈ ઐસા માર્ગ ગુરુદેવને બતાયા હૈ.**

**(3-102-15)**

**શ્રોતાઓ : ભગવતી માતનો જય હો....**
**માતાજીની અમૃતવાણીનો જય હો....**

* * *

## પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી, ભાગ-૩

# તત્ત્વચર્ચા - ૧૦૩

**શ્રોતા :** આપકે જૈસી સ્વાનુભૂતિ હો સકતી હૈ.

**પૂજ્ય બહેનશ્રી : એ ગુરુદેવકે પ્રતાપસે હોતી હૈ તો ઉસમેં કહનેકી કોઈ બાત નહીં ...**

**શ્રોતા :** ઇસકી કોઈ ભાષા નહીં હોતી હૈ, સ્વાનુભૂતિકી કોઈ ભાષા નહીં હોતી.

**પૂજ્ય બહેનશ્રી : યે ભાષા નહીં વો તો અનુપમ હૈ, યે તો અપૂર્વ હૈ, યહ કોઈ ભાષામેં નહીં આતા હૈ, જો વેદનમેં આતા હૈ, અનુભવમેં આતા હૈ. એ વચનાતીત હૈ. વચનમેં નહીં આતા હૈ. ઇસકા માત્ર લક્ષણ ઔર ઇશારા ઐસા હો સકતા હૈ.**

**શ્રોતા :** ક્યા ઇશારા હો સકતા હૈ?

**પૂજ્ય બહેનશ્રી : યહ અનુભૂતિ કોઈ અપૂર્વ હૈ, અનુપમ હૈ, ઇસમેં આનંદ હૈ, વિકલ્પ તૂટનેસે જ્ઞાતાકી ઉગ્રતા હોનેસે સ્વાનુભૂતિ હોતી હૈ યહ તો અપૂર્વ હૈ, અનુપમ હૈ–ઐસા ઇશારા હો સકતા હૈ. એ કાંઈ બતા નહીં સકતે હૈ.**

**શ્રોતા :** હમ લોક ઇતને સારે લોગ બૈઠે હૈ ઇસમેંસે બહોત કો તો જાનતા ભી નહીં હૂં પણ જાનતા હૂં ઇસલિયે કે સબ લોગ એક હી બાતકે લિયે આયે હૈ .... ...... હમકો કોઈ સંદેશ દીજિયે છોટાસા.

**પૂજ્ય બહેનશ્રી : આત્મા જ્ઞાયક તત્ત્વકો પહિચાનો, ભીતરમેં જ્ઞાયક હૈ ઐસા ભેદવિજ્ઞાન કરો, જો સિદ્ધિ હોતી હૈ ભેદવિજ્ઞાનસે હોતી હૈ શાસ્ત્રમેં આતા હૈ. વહ ચૈતન્ય તત્ત્વ હૈ ઇસકા ઉપર દૃષ્ટિ કરો, યે દ્રવ્યકે ઉપર દૃષ્ટિ કરો, ઇસકા જ્ઞાન કરો, ઇસમેં લીનતા કરો, ઇસકા ભેદજ્ઞાન કરો, વહ કરનેકા હૈ. ઇસકી ભાવના, રુચિ કરવી 'યહ મૈં નહીં હૂં, મૈં નહીં હૂં. મૈં ચૈતન્ય હૂં, મૈં ચૈતન્ય હૂં' ઐસા ભીતરમેંસે લગનેસે પરિણતિ પ્રગટ કરો. ઇસમેં આત્માકા આનંદ હોતા હૈ ઇસમેં જ્ઞાન સબ ઇસમેં હોતા હૈ. યે પ્રગટ કરો આચાર્યદેવ કહતે હૈ ઇધર આ, ઇધર આ, યહ પદ તેરા હૈ ઇસમેં લીન હો યહ પદ તેરા હૈ, યહ સબ અપદ હૈ. યહ ચૈતન્યપદમેં, ઇસમેં લીન હો જાય, ઐસા જ્ઞાન હો જાય બસ વહ કરનેકા હૈ, જીવનકા સાફલ્ય ઇસમેં હૈ ઔર દૂસરા સબ બાહર બાહ્ય હૈ, યહ કરનેકા હૈ.**

**'જ્ઞાયક તત્ત્વમેં,' જ્ઞાયકદેવ હૂં, મૈં ચૈતન્ય ભગવાન હૂં, યહ મેરા દ્રવ્ય–જૈસા અરિહંત ભગવાનકા દ્રવ્ય, ગુણ, પર્યાય (હૈ) ઐસા મેરા હૈ. મેરી પર્યાય પ્રગટ નહીં હુઈ, ભગવાન તો મેરેમેં શક્તિરૂપ હૈ, (જિનેન્દ્ર) ભગવાનને પ્રગટ કિયા હૈ તો 'જૈસા ભગવાનકા દ્રવ્ય હૈ, વૈસા મેરા હૈ.' ઐસે અંતરમેં જાકરકે ઐસી અનુપમ તત્ત્વ અનંતગુણસે ભરેલા આત્મા અનંત શક્તિસે ભરેલા જો અનંતકાળ ગયા કોઈ શક્તિકા નાશ નહીં હુઆ એ તો અનંત શક્તિસે ભરપૂર આત્મા, અપાર સાગર ગંભીરતાસે ભરેલા, ઇસમેં દૃષ્ટિ કરે તો અપાર સાગર, ભરેલા આત્મા અનુપમ વહ પ્રગટ હોતા હૈ, વહ કરનેકા હૈ. જ્ઞાયકદેવકો પ્રગટ કરના હૈ. (3-103-1)**

**શ્રોતા :** .......... આપને સોનગઢ સ્વર્ણપુરીકી તરહ બસા લિયા સોનગઢકા અર્થ સ્વર્ણપુરી હી હોતા હૈ. બહોત કૃતજ્ઞ હૂં કિ આપને શાંતિસે રેકોર્ડિંગ કરને દિયા મૈંને આપકો કષ્ટ દિયા ઔર સબ લોગોંકો ....

**પૂજ્ય બહેનશ્રી : એ માર્ગ પ્રમાણે બધા ચાલે છે અને જે વાંચન કરે છે અમારા ચંદુભાઈ બ્રહ્મચારી છે એ વાંચન કરે છે બપોરે ૩ થી ૪ બાકી ગુરુદેવનું ટેપ રેકોર્ડિંગ ચાલે છે. અને ટેપ બે ટાઈમ ચાલે છે. સવારે ને રાત્રે ટેપ ચાલે છે. ટેપ ઘણી ગુરુદેવની છે. એ ટેપમાં જાણે સાક્ષાત્ ગુરુદેવ બોલતા હોય એવું જ લાગે છે. એની પાસે નજીકમાં રહેનાર ચંદુભાઈ બ્રહ્મચારી એમણે નિરંતર ગુરુદેવની સેવા કરી છે, એ**

**વાંચન કરે છે. બાકી ભગવાનની ભક્તિ થાય છે. ભગવાનની પૂજા થાય છે, એ બધો કાર્યક્રમ એમ ને એમ ચાલે છે. (3-103-2)**

**શ્રોતા :** એમની હૈયાતિમાં હતો એ પ્રમાણે જ કાર્યક્રમ અત્યારે ચાલે છે.

**પૂજ્ય બહેનશ્રી : એ પ્રમાણે જ કાર્યક્રમ છે. ગુરુદેવ સાક્ષાત્ વ્યાખ્યાન આપતા હતા એને બદલે ટેપ રેકોર્ડિંગ ચાલે છે. ગુરુદેવ બે વાર વ્યાખ્યાન આપતા હતા એકવાર ચંદુભાઈ આપે ને એકવાર ટેપ રેકોર્ડિંગ ચાલે છે.**

**શ્રોતા :** રાત્રે ચર્ચા થતી હતી..

**પૂજ્ય બહેનશ્રી : ચર્ચા ને બદલે ટેપ ચાલે છે.**

**શ્રોતા :** હવે વ્યવસ્થા ક્યા પ્રકારની છે, ચાલતી હતી એ જ પ્રકારની છે?

**પૂજ્ય બહેનશ્રી : એમાં આ પહેલાં જેમ ચાલતું હતું એમ જ છે. પૂજા, ભક્તિ, વાંચન બધું જેમ ચાલે એમ ચાલે છે.**

**શ્રોતા :** નિર્વાણ પછી સત્તા સંઘર્ષ  તે કાંઈ એમના અનુયાયીઓમાં કાંઈ મતભેદો.......

**પૂજ્ય બહેનશ્રી : મતભેદો તો સૌના અભિપ્રાય પ્રમાણે હોય છે! ગુરુદેવ હતા અને જેટલા અહીં આશ્રમમાં રહેતા હતા એમ રહે છે. બોર્ડિંગ ચાલે છે. મુમુક્ષુઓના ઘર બધા એમને એમ છે. બધા જેમ રહેતા હતા એમ જ રહે છે. કોઈ આંહીથી જે મુમુક્ષુના ઘર હતા બધા એમ છે. બ્રહ્મચારી બહેનો કાયમ રહેનારા છે. (3-103-3)**

**શ્રોતા :** બ્રહ્મચારી બહેનો કેટલા છે?

**પૂજ્ય બહેનશ્રી : એને વાંચતા, ચાલતા, સ્વાધ્યાય કરતાં બધા એમના પ્રતાપે ગુરુદેવના પ્રતાપે શીખી ગયા છે. દરેક ઠેકાણે નાના બાળકો, બધા એટલું શીખી ગયા છે, એમના પ્રતાપે વ્યાખ્યાન ચાલે છે.**

**શ્રોતા :** ગુરુદેવ પછી લોકો તમારા પ્રત્યે આટલું કેમ આકર્ષાય?

**પૂજ્ય બહેનશ્રી : એનું કારણ હું શું કહી શકું?**

**શ્રોતા :** લોકોને પૂછો... સમાજને.. બધાને સ્વાનુભૂતિનું આકર્ષણ બધાને અહીં ખેંચી લાવે છે. અમે ગુરુદેવે પોતે એટલી મહિમા કરી કે બેન એક જ છે, બેન એક જ છે. અનુભૂતિ થઈ તે અનુભૂતિ શું છે સામાન્ય લોકોને સમજાવી શકાય એમ છે? કહી શકો?

**પૂજ્ય બહેનશ્રી : વચનમાં આવી શકે એવી નથી, કે વચનાતીત છે, એ તો ગુરુદેવનો પરમ ઉપકાર એમણે માર્ગ બતાવ્યો પુરુષાર્થ કરવાથી થાય. એ વચનાતીત**

**છે. સ્વાનુભૂતિ એ કોઈ વસ્તુ જુદી છે. આ સંકલ્પ-વિકલ્પથી પેલે પાર આત્મા બિરાજે છે. એ આત્મામાં અનંત ગુણ છે, અનંત કોઈ અપૂર્વ સ્વભાવ આત્મામાં કોઈ એમ કહે કે વિકલ્પ છૂટે એટલે શૂન્ય થઈ જાય એમ નથી. પણ અંદર જાગૃતિ આવે છે, એને એ કોઈ અપૂર્વ વેદન સ્વાનુભૂતિમાં છે. એ જાગૃત સ્વરૂપ છે. કોઈ જુદી જ દુનિયામાં ચાલ્યો ગયો હોય લોકથી અલૌકિક દુનિયામાં ગયો હોય એવી જાતની સ્વાનુભૂતિ થઈ છે. એ કોઈ અંતરમાંથી એના તળમાંથી જે આનંદ આવે, જે જ્ઞાન પ્રગટે અનંતગુણોની જે અવસ્થાઓ પ્રગટે એ કોઈ અપૂર્વ હોય છે. (3-103-4)**

**શ્રોતા :** અનેરો હોય છે

**પૂજ્ય બહેનશ્રી : એ અનેરો હોય છે, અનેરો દ્રવ્ય જે પ્રગટ થયા પછી એમાં જ તૃપ્તિ ને એમાં...**

**શ્રોતા :** એવું લાગે છે કે ગુરુદેવ દ્વારા એ શક્તિપાઠ થયો હશે ?

**પૂજ્ય બહેનશ્રી : ગુરુદેવ નિમિત્ત, ઉપાદાન પોતાનું હોય છે પોતે પુરુષાર્થ કરે તો થાય છે. ગુરુદેવનો પરમ ઉપકાર છે, એમણે માર્ગ બતાવ્યો છે. જો માર્ગ ન બતાવ્યો હોત તો પુરુષાર્થ કઈ રીતે થાત ?**

**શ્રોતા :** એટલે શક્તિપાઠમાં એ ઘટાવી શકાય ? શક્તિપાઠ એટલે કોઈની શક્તિ બીજામાં આરોપ કરે.

**પૂજ્ય બહેનશ્રી : ગુરુદેવે માર્ગ બતાવ્યો અને પુરુષાર્થ કરવાનો પોતાને હોય છે. વસ્તુસ્થિતિ એવી છે. ભગવાન પણ માર્ગ જ બતાવે છે. પુરુષાર્થ પોતાથી થાય છે. નિમિત્ત હોતા હૈ તો એ માર્ગ બતાતે હૈ ઇસલિયે ગુરુદેવને, આપને, મેરેકો દિયા એમ ઉપકારથી કહેવાય કે તમે મને આત્મા આપ્યો, પણ પુરુષાર્થ પોતે કરે, ગુરુદેવનો પરમ ઉપકાર છે. બાકી કોઈ કોઈની ભગવાન પણ પોતાને ઉપકાર કરે, માર્ગ બતાવે કરવાનું પોતાને રહે છે. કરવાનું પોતાને રહે છે. માર્ગ અંતરમાં આત્માને ઓળખવો અંદર આત્મા બિરાજે છે, એનો સ્વભાવ કોઈ જુદો છે, એના સ્વભાવને ઓળખવો, પોતે બહારથી એને દુનિયામાંથી એને રસ ઉડી જાય, આત્માનો જ રસ લાગે. કોઈ સંકલ્પ-વિકલ્પ ક્યાંય લગની લાગે નહીં. ખાવા-પીવું બેસવું ક્યાંય ચેન પડે નહીં. એક આત્મા આત્મા પોકાર કરે બસ ક્યાંય ચેન ન પડે. સૂતા, જાગતા, સ્વપ્નમાં બસ! એક આત્મા સિવાય કોઈ લગની ન હોય. એવી અંતરમાંથી લગની લાગે કોઈ જુદી જાતની તો જ અંદરથી આત્મા પ્રગટ થાય. (3-103-5)**

**શ્રોતા :** લગની લાગે અહીંયા રહો કે ગમે તે ત્યાં ચાલ્યા જાઓ ફરક પડે ?

**પૂજ્ય બહેનશ્રી : ચાલ્યા જવાથી કે અહીં રહેવાથી કાંઈ ફરક ન પડે. અંતરમાં કોઈ એવી સાચી....**

**શ્રોતા :** આ સંસ્થા સાથે વચ્ચે જોડાઈ રહેવા કરતાં અમે ક્યાંય બહાર ફરીને અથવા તો બીજી રીતે ધર્મનો પ્રચાર કરીએ અત્યારે તો તમને, બધાં સાથે જ ગણે છે તમે ધ્યાન ન પણ આપતા હો, છતાં આ સંસ્થાનો પ્રાણ છો અથવા તો મુખ્ય છો જ જે કાંઈ આકર્ષણ છો અહીંનું.

**પૂજ્ય બહેનશ્રી : ઘણા વર્ષોથી રહ્યા એટલે એમ ગણે છે. હું તો એકાંતમાં જ રહેતી કોઈના પરિચયમાં (આવતી નહીં), ગુરુદેવ ગયા પછી આટલો પરિચય થાય છે. ગુરુદેવ બિરાજતા હતા ત્યારે હું તો એકલી એકાંતમાં રહેતી. મારા પરિચયમાં કોઈ બહુ આવી શકતું નહોતું. આ ગુરુદેવ અત્યારે નથી એટલે આટલા પરિચયમાં બધા આ છે. હું એકાંતમાં રહેનારી છું. (3-103-6)**

**શ્રોતા :** આનાથી તમારી આધ્યાત્મિક સાધનામાં ફેર પડે.

**પૂજ્ય બહેનશ્રી : સાધનામાં ફેર ન પડે એ તો અંતરનો પુરુષાર્થ અંતરથી ચાલ્યા જ કરે છે. જંગલમાં જાય, જંગલમાં જાવાની ભાવના તો થાય પણ એવી જાતનો સંયોગ ન દેખાય, તો એ જંગલમાં જવાની ભાવના તો થાય. સંયોગ બહારના....**

**શ્રોતા :** ભવિષ્યનું જ્ઞાન કરવાથી....

**પૂજ્ય બહેનશ્રી : એ બહારમાં કહેવાની શું વાત? ભવિષ્યનું જ્ઞાનની ગયાકાળનું જ્ઞાન એ તો આત્માનો સ્વભાવ છે. ભવિષ્યનું જ્ઞાન કે ભવિષ્ય આમ થવાનું છે.**

**શ્રોતા :** કોઈનું ભવિષ્ય નહીં. આપનું પોતાનું ભાવિનું જ્ઞાન છે, આંતરિક, આંતરિક પોતે અંતર સ્મરણ.

**પૂજ્ય બહેનશ્રી : ઈ પણ અંદર વ્યક્તિગત શું કહેવાય? એ અંતરમાં ધ્યાન થાય એટલે એટલે એ તો થયા વગર રહેતું નથી. અંદર હોય શકે છે. વ્યક્તિગત હું એનો વિસ્તાર કરતી નથી.**

**શ્રોતા :** જેવું આધ્યાત્મિક ધ્યાન ગુરુદેવ તેવું .......

**પૂજ્ય બહેનશ્રી : અર્થ તો કાંઈ નહીં પોતાને લાભ છે.**

**શ્રોતા :** શું લાભ છે?

**પૂજ્ય બહેનશ્રી : પોતાને પોતાનું લાભ થાય છે અને ગુરુદેવે, ગુરુદેવ પ્રચાર કર્યો હતો બાકી હું નથી કહી શકતી.**

**શ્રોતા :** આત્મજ્ઞાનસે ઐસા અનુભવ હો હૈ રહા ગુરુદેવકા.... ?

**પૂજ્ય બહેનશ્રી : એ કાંઈ કહેવાની વાત નથી. ગુરુદેવ તો દેવમાં બિરાજમાન છે.**

**શ્રોતા :** કૌનસે દેવમેં.

**પૂજ્ય બહેનશ્રી : એ કાંઈ કહેવાની વાત નથી.**

**જાણવું, શાસ્ત્રની સ્વાધ્યાય, શાસ્ત્રોમાં શું કહે છે, એ, ગુરુદેવ અંદર શું માર્ગ બતાવતા હતા? અંદર એક ચૈતન્યદ્રવ્ય છે પણ એ કેવું છે? એના ગુણ કેવા છે? એની પર્યાય, અવસ્થાઓ કેવી છે? એ જાણવા માટે, જે જાણતા હોય એનો કાંઈ સત્સંગ કરવો, પરિચય કરવો શાસ્ત્રની સ્વાધ્યાય કરવી, વિચાર કરવો, વાંચન કરવો. અંદર જિજ્ઞાસા કરવી. એને ક્યાંય રુચે નહીં, કેમ જન્મ-મરણ ટળે, આત્માને ઓળખવા માટે. અંતરમાં લગની લાગે તો થાય, ને આત્મા, આત્મા શબ્દ નહીં. પણ અંતરમાંથી કેમ ઓળખાય છે, એને માટે વિચાર, વાંચન કરવું ......(.....) (3-103-7)**

**શ્રોતા :** શબ્દ દ્વારા જ થઈ શકે? જાણવાનો માર્ગ કેમ મળે?

**પૂજ્ય બહેનશ્રી : જાણવાનો માર્ગ એમ ન મળે, સાચું જ્ઞાન થાય તો સાચે માર્ગે જાય છે. કોઈ ગામ જાવું છે તો ક્યે માર્ગે જાવું, એ માર્ગનું જ્ઞાન હોય તો ન્યાં પગ ઉપડે છે, એકલા તપથી કેવી રીતે થાય? એ જ્ઞાન સાચું જ્ઞાન જોઈએ સાથે. તપથી તો ઠીક, અંદરમાં જે ઓલા બધા ખાવા-પીવાના વિચારો આવતા હોય, એ મંદ થાય તો પુણ્ય બંધાય. બીજું તો શું એને માર્ગ તો અંદર આત્મામાં કેમ જવાય? માર્ગ કેવી રીતે મળે? સાચું જ્ઞાન કરે તો સાચી વિરક્તિ આવે કે સાચું જ્ઞાન કે આ વિભાવમાં સુખ નથી, બહારમાં સુખ નથી. સાચે સાચુ સુખ નથી. આત્મામાં સુખ છે, એવો નિર્ણય કરે તો એમાંથી તૂટીને જે જ્ઞાન થાય તેમાં તપેય સાચો થાય. જ્ઞાન સાચું થાય તો તપ સાચું થાય તો સમજ્યા વગરનો તપ તો અનંતકાળમાં ઘણીવાર કર્યો. એમને એમ તપ કરવાથી પુણ્ય બંધાય, દેવલોક થાય. બીજે જન્મ-મરણ કાંઈ એનાથી ટળતા નથી. પાછા દેવલોક થાય વળી ભવ મળે છે. વળી પાછું ઢોરમાં ને બધે અવતરીએ છીએ. (3-103-8)**

**શ્રોતા :** સાચા-ખોટાનો ફરક તો આત્મા દ્વારા જ થાય છે.

**પૂજ્ય બહેનશ્રી : સાચા જ્ઞાન દ્વારા થાય, સાચા જ્ઞાન દ્વારા થાય, સાચું જ્ઞાન થાય તો એને સાચું તપ તો અંતરમાંથી તપ પ્રગટે, એવો તપ પ્રગટે કે આહારની ઇચ્છા જ ન થાય. મુનિઓ ધ્યાનમાં રહે. આહારનો વિકલ્પ જ ન આવે તો સાચો તપ. અંદર આત્મામાં ડૂબી જાય તો વિકલ્પ ન આવે એવો તપ થાય એમ. (3-103-9)**

**શ્રોતા :** એ સાચા ખોટાની કેવી રીતે ખબર પડે? આપણે જેવી રીતે જૈનધર્મમાં તો કહીએ છીએ ને કે સારું કાર્ય કરે, સારું કર્મ કરે તો સારું ફળ મળે. અને ખરાબ કર્મ કરે તો ખરાબ ફળ મળે. તો કાંઈ એનો માપદંડ કેવી રીતે નક્કી કરી શકાય કે આ સારું કાર્ય છે ને આ ખરાબ કાર્ય છે. કારણ કે...

**પૂજ્ય બહેનશ્રી : એ પોતે પોતાના ભાવથી જાણી શકાય આ સાચું ખોટું તો ભાવથી જાણી શકે છે કે આ શુભભાવો, દયા, દાન એ તો બધા શુભભાવો છે. અને ઓલા બધા અહિંસા અને નિર્દયતા એ તો અશુભભાવો દેખાઈ આવે છે, તો સાચું ખરાબ તો દેખાઈ આવે છે. પણ એનાથી જુદું પાછો આત્માને ઓળખવો. સારું કરે તો પુણ્ય બંધાય છે. (3-103-10)**

**શ્રોતા :** સારું ખોટાનું માપદંડ કંઈક ખરું? અમને કેવી રીતે ખબર પડે? દૃષ્ટિથી હોય સૌ પોતપોતાના દૃષ્ટિથી જુએ. એક કાર્ય હોય આપણા માટે ખરાબ હોય, અથવા આપણે એને ખરાબ માનતા હોય, પણ બીજી વ્યક્તિ માટે એ કાર્ય એની દૃષ્ટિએ એ માનતા હોય .....

**પૂજ્ય બહેનશ્રી : સૌની દૃષ્ટિ સૌની આગળ પોતાની. જિજ્ઞાસા લાગી હોય તો એ નિર્ણય પોતે જ કરી શકે છે.**

**શ્રોતા :** એટલે આત્મા ઓળખે એ જ સરસ. બાકી તો આ બહારનું આપણા ધર્મમાં કોઈ માપ-દંડ નથી.

**પૂજ્ય બહેનશ્રી : સાચા દેવ, ગુરુ, શાસ્ત્ર શું માર્ગ બતાવી રહ્યા છે? જે પંથે મોટા પુરુષો ચાલ્યા અને જે માર્ગ શાસ્ત્રમાં મુનિઓએ બતાવ્યો, ગુરુએ બતાવ્યો એ ક્યા માર્ગે ચાલ્યા છે? એ માર્ગ સાથે પોતે મેળવે કે હું એ માર્ગે જાઉં છું કે બીજે માર્ગે જાઉં છું કે સાચા માર્ગે કોણ ગયું છે? સાચા ગુરુ કોણ છે? સાચા દેવ કોણ છે? સાચા શાસ્ત્રમાં શું આવે છે, એનો નિર્ણય તો પોતાને. જે મુમુક્ષુ હોય, સાચી મોક્ષની અભિલાષા હોય એ પોતે પારખી જ લે છે કે સાચું શું છે? (3-103-11)**

**શ્રોતા :** એટલે આત્મા ઓળખે એ જ એની પરખ, એમ આત્મા જ સાક્ષી પૂરે..

**પૂજ્ય બહેનશ્રી : આત્મા પોતાનો આત્મા પરીક્ષા કરી શકે છે.**

**શ્રોતા :** અને બાકી કાંઈ માપદંડ જેવું તો નહીં ને? આ કાર્ય છે....

**પૂજ્ય બહેનશ્રી : માપદંડ ગુરુને પૂછે. ગુરુને પૂછે, એનું માપદંડ કરવાનો પોતે નિર્ણય કરે ને એ ગુરુને પૂછે.**

**શ્રોતા :** આ સારું કાર્ય છે, કે આ ખરાબ છે

**પૂજ્ય બહેનશ્રી : એ ગુરુને પૂછે. ને પોતે નક્કી કરી શકે**

**શ્રોતા :** અને ગુરુ ત્યારે એમની સાથે ન હોય ને એને જ.

**પૂજ્ય બહેનશ્રી : તો પોતે નક્કી કરે. પોતે નક્કી કરે**

**શ્રોતા :** બાકી આપણે જૈનધર્મમાં કે શાસ્ત્રમાં કાંઈ એવું માપદંડ તો કંઈ નથી જ ને? કોઈ કાર્ય માટે? .....

**પૂજ્ય બહેનશ્રી : માપદંડ તો છે, પણ પોતાને ઓળખવો જોઈએ ને! કે ક્યા પરિણામનું ક્યું ફળ આવે? બધું શાસ્ત્રમાં લખેલું છે. માપદંડ તો બધું જ છે.**

**શ્રોતા :** એટલે આ કર્મની થિયરી

**પૂજ્ય બહેનશ્રી : આ કર્મથી આ ફળ મળે આ કર્મથી આ ફળ મળે બધું જ છે.**

**શ્રોતા :** કર્મથી જ જન્મ ને મરણ થાય છે ને? જન્મ ને મરણ કર્મની ઉપર આધાર રાખેલો છે

**પૂજ્ય બહેનશ્રી : હા કર્મ ઉપર જ આધાર છે**

**શ્રોતા :** અને કર્મને ખપાવવા કઈ રીતે?

**પૂજ્ય બહેનશ્રી : ........ ખપી શકે છે.**

**શ્રોતા :** એટલે સૌથી પહેલા તો આત્માને ઓળખવો એ જ કરવું જોઈએ

**પૂજ્ય બહેનશ્રી : આત્માને ઓળખવો એ જ મુખ્ય છે.**

**શ્રોતા :** એટલે સૌથી પહેલા આત્માને જ ઓળખો ત્યાર પછી જ આ બધી...

**પૂજ્ય બહેનશ્રી : આત્માને પહેલો ઓળખવો. એવો તો ભવનો અભાવ થાય આ એની (કર્મની) નિર્જરા આત્માને ઓળખે તો નિર્જરા થાય**

**શ્રોતા :** અને પછી મોક્ષ?

**પૂજ્ય બહેનશ્રી : પછી તો મોક્ષ થાય. પહેલાં થોડા અંશે થાય, સમ્યગ્દર્શન થાય, સ્વાનુભૂતિ થાય, અંશે પછી મુનિ થાય ને પછી મોક્ષ. અહીંના સંસ્કાર પડ્યા છે. સુરેન્દ્રનગર છે ને! આ કરવા જેવું તો આ જ છે. ન્યાં બધે જાતા હશે ને મંદિરે ને વાંચનમાં ને બધે. ગુરુદેવ બતાવે (,,,,,,,,,,) નાનપણથી તમને બધાને સંસ્કાર પડ્યા છે. દેવ, ગુરુ, શાસ્ત્રને હૃદયમાં રાખો, અને જ્ઞાયકદેવ કેમ ઓળખવો? ગુરુદેવે માર્ગ બતાવ્યો છે. ઈ કરવાનું એ છે જીવનમાં. જ્ઞાયક...જ્ઞાયક કેમ ઓળખાય? ચૈતન્યદેવ કેમ ઓળખાય એનું ભેદજ્ઞાન કેમ થાય એની સ્વાનુભૂતિ કેમ થાય? એ બધો માર્ગ, ગુરુદેવનો પરમ ઉપકાર છે, એ કરવાનું છે જીવનમાં ખરું તે એને માટે તત્ત્વ ચિંતવન,**

શાસ્ત્રાભ્યાસ, દેવ, ગુરુ, શાસ્ત્રની મહિમા, અંતર આત્માને ઓળખવો. આત્મા તો જુદો, આ બધા શરીરથી જુદો, વિભાવ પર્યાય એનો સ્વભાવ નહીં. ચૈતન્યદેવ જેમ સ્ફટિક નિર્મળ. એમ આત્મા સ્વભાવે નિર્મળ એમાં કર્મના નિમિત્ત, એમાં વિભાવ દેખાય પણ વિભાવ કાંઈ આત્માનો સ્વભાવ નથી. એનાથી આત્માને જુદા પાડવો એ છે.

જેમ પાણી સ્વભાવે શીતળ અગ્નિના નિમિત્તે ઉનું દેખાય. એમ પછી અગ્નિનો સંયોગ જાય એટલે શીતળ થાય એમ. આત્મા આ સ્વભાવે શાંત, શીતળ, આનંદ સ્વરૂપ છે, ને કર્મ પોતે જોડાય છે, જો એનો પુરુષાર્થ કરીને પોતા તરફ વળે. પોતે એવું જ્ઞાન, એવું પ્રગટ કરે, એવું સમ્યક્ સ્વભાવે આત્માને ગ્રહણ કરે તો એનું ભેદજ્ઞાન થાય એ કરવાનું છે. ક્ષણે ક્ષણે ભેદજ્ઞાન કેમ થાય? આત્માને કેમ ઓળખાય? એ કરવાનું છે. તો જન્મ-મરણ ટળે છે. ગુરુદેવે એ જ બતાવ્યું છે ને એ જ કરવાનું છે.

ગુરુદેવે આ ઉપદેશ આપ્યો, ઘણા જીવો તૈયાર થયા છે. આત્માની શુદ્ધિરૂપ ક્યા આત્મા? એનો શું સ્વભાવ? એના મૂળ સ્વભાવમાંથી એણે ગ્રહણ કરી લેવો જોઈએ. શું સ્વરૂપ છે, એનું ક્ષણે ક્ષણે ક્ષણે એને ઓળખવા માટે પ્રયત્ન કર્યા કરવો ને તત્ત્વ છે, એ તત્ત્વને ઓળખીને અને કહે છે બધું મળે, સાક્ષાત્ સદ્ગુરુદેવ મળી ચૂક્યા છે. આવો મનુષ્યભવ મળ્યો ગુરુદેવે માર્ગ બતાવ્યો. કેવી દેશનાલબ્ધિ ગુરુદેવે તો એકલી દેશના આપી કે અંદરથી આત્મા દેશનાલબ્ધિ અંતરમાં પ્રગટ થઈ જાય એવું છે, પણ કરવાનું પોતાને છે, એમ પુરુષાર્થ કરે તો થાય એવું છે. એ રુચિ રાખવા જેવી છે બાકી તો સંસાર જન્મ-મરણ અનંતા થયા છે, એમાં આ ભવની અંદર આ ભવનો અભાવ થાય એવો માર્ગ મળ્યો, એવા ગુરુદેવ મળ્યા, જેણે માર્ગ બતાવ્યો. (3-103-12)

શ્રોતાઓ : ભગવતી માતનો જય હો....
માતાજીની અમૃતવાણીનો જય હો....

* * *

## પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી, ભાગ-૩

# તત્ત્વચર્ચા - ૧૦૪

**શ્રોતા :** ....

**પૂજ્ય બહેનશ્રી :** એણે કીધું ગુરુદેવના પ્રતાપે સહેજે બધાં, કાંઈ એવા જ્ઞાન ધ્યાનનાં વિશેષ પ્રયત્ન વગર ગુરુદેવે કેવો માર્ગ સુલભ કરી દીધો. ક્યાંના ક્યાં બધાં હતા કેટલો માર્ગ સરળ કરી દીધો છે.... દ્રવ્ય ને ગુણને પર્યાય ને બધું ક્યાંના ક્યાંય કેટલો માર્ગ સરળ કરી દીધો છે........ જ્યારે આવો આવે ત્યારે કહે કે આ બધાં પક્ષ કયાં ઊભા છે ને, આપે ક્યાં પહોંચી ગયાં છીએ. ત્યારે આપણે આત્માને ન ઓળખીએ તોય ક્યાં પહોંચી ગયા છીએ. કાંઠે પહોંચાડી દીધા છે. ગુરુદેવે કાંઠે પહોંચાડી દીધાં છે. હાથ ઝાલી ઝાલીને ક્યાં પહોંચાડી દીધાં. એમ ગુરુની કૃપાથી, ગુરુ તો ક્યાંય પહોંચાડી દે. જેટલે સુધી પહોંચાડી શકાય એટલે સુધી પહોંચાડ્યા. પછી કરવાનું પોતાને ઈ કહે છે.

જ્યાં ઓલો ઉંબરો આવે ને ઘરમાં હવે તું જા. તને અહીં સુધી લાવી દીધો એમ કહે છે : ચડી ચડીને ઓલો મહેલના ઉંબરામાં લાવી દીધા. એવી રીતે લાવી દીધા ગુરુદેવે. જેટલું પોતાથી થાય એટલું કર્યું. કરવાનું પોતાને છે. ગુરુની કૃપા એમનો ઉપકાર, એમણે ક્યાંય પહોંચાડી દીધા. ઠેઠ ડુંગરની ટોંચ પર લઈ આવ્યા. હવે તું અંદર પહોંચીને જોવાનું. ભગવાનના દર્શન કરવાના. દુનિયા કઈ દિશામાં છે અને આ મુમુક્ષુને કઈ દિશામાં ગુરુદેવે લાવી દીધા. હાથ પકડી પકડીને લાવ્યાં. ખેંચી ખેંચીને લાવ્યા મુમુક્ષુને. આ તો માર્ગ આ છે.

આવા ગુરુ અનંતકાળે મળવા મુશ્કેલ છે. આવા ગુરુ મળી ગયા. અનંતકાળ ભટક્યો પણ આવા ગુરુ મળ્યા નહીં. એવી રીતે કે કોઈને કાંઈ કરવું પડ્યું નહીં. કાંઈ છોડવું પડ્યું નહીં. કાંઈ મહેનત પડી નહીં. કાંઈ કરવું નહીં. સહેજે સહેજે.... પહોંચાડી દીધા. કોઈને ત્યાગ કરવો પડ્યો નહીં, કાંઈ પરિષહ સહન કરવા પડ્યા નહીં. મારા ગુરુદેવે કોઈને મહેનત કરવી પડે કે એટલું બધું જ્ઞાન ચોખ્ખું કરી દીધું કે હવે ધ્યાન કરવાનું બાકી રહે એટલું બધું કરી દીધું છે. તમે ધ્યાન કરી કરીને વર્ષો સુધી કરો કે સ્વાનુભૂતિ નહીં આવે. આ તો સીમંધર ભગવાન આગળ પહોંચી ગયા. હું તો આત્મા પહોંચી ગયો. ગુરુદેવે જ્યાં અમને પહોંચાડ્યા છે અમે વગર મહેનતે પહોંચી ગયા છીએ. ગુરુએ દયા કરી અમે વગર મહેનતે પહોંચી ગયી છીએ. ત્યાગ કર્યા, વ્રત કર્યા, ધ્યાન કર્યા, મુનિ થયા તોય ત્યાંને ત્યાં રહ્યાં એના જેવું થયું બધાં ન્યાં ને ન્યાં ફીફાં ખાંડ્યા કરે છે. ગુરુ બધું કરી દે છે. ગુરુ તને હાથ ઝાલીને તારી દેશે. (3-104-1)

**શ્રોતા :** ....

**પૂજ્ય બહેનશ્રી : જાણનાર છે જાણનારા આત્માને ઓળખવો એ ખરો છે. સુખ આત્મામાં છે**

**શ્રોતા :** આત્મા દેખાતો નથી.

**પૂજ્ય બહેનશ્રી : દેખાતો નથી એ પોતાની દૃષ્ટિ ઉંધી થઈ ગઈ છે. જોવે તો દેખાય એવો છે, જાણનારો છે. બધા જે વિભાવ સંકલ્પ-વિકલ્પ થઈ રહ્યા છે, એમાં જાણનારો ઊભો જ છે પણ પોતે જોતો નથી. બધાનો જાણનારો કોણ છે. નાનપણથી અત્યાર સુધી જે જે સંકલ્પ-વિકલ્પ કર્યા એનો જાણનારો તો પોતે ઊભો જ છે. એ જાણનારમાં જ સુખ છે, એમાં આનંદ ગુણ ભર્યો છે એમાં જ્ઞાનગુણ ભર્યો છે. એમાં આનંદ ગુણ ભર્યો છે, એ આત્મા છે. શાશ્વતો છે. કોઈથી નાશ નથી થાતો. અનાદિ અનંત છે. અનંતા જન્મ-મરણ કર્યા, તો એ આત્મા તો એમને એમ શાશ્વતો છે. એને ઓળખવો જીવનમાં એમાં સુખ ભર્યું છે. (3-104-2)**

**શ્રોતા :** એને ઓળખવાની રીત?

**પૂજ્ય બહેનશ્રી : એને ઓળખવાની રીત ઈ તરફનો વિચાર કરવો અને એ તરફની જિજ્ઞાસા કરવી, ગુરુદેવે જે માર્ગ બતાવ્યો એ માર્ગે ચાલવું. આ બધા વિભાવભાવો છે, તે હું નથી. ઈ મારો સ્વભાવ નથી. અંદર જે સંકલ્પ-વિકલ્પાદિ પરિણામો જે થાય છે, એ બધા વિભાવભાવ છે. બધા શુભાશુભ જે જે ભાવો થાય એ બધા વિભાવભાવો છે. શરીર ઉપર ઉપર રહે છે, એનાથી જુદો અંતરમાં આત્મા બિરાજે છે, એને ઓળખવો. (3-104-3)**

**શ્રોતા :** જેમ તાવ આવે છે તો દુઃખે છે. શરીરની .....

**પૂજ્ય બહેનશ્રી : શું કીધું?**

**પંડિતજી : પર છે ... તો કેમ દુઃખે છે. શરીર તારું નથી તો કેમ દુઃખે છે.**

**પૂજ્ય બહેનશ્રી : એ રાગને લઈને દુઃખે છે. શરીર કાંઈ જાણતું નથી. જો એનો ઉપયોગ બીજે જાય તો એ દુઃખની ખબર જ નથી પડતી. એમ ઉપયોગ આત્મા તરફ જાય તો એ તો પરદ્રવ્ય જ છે. આત્મા તરફ જો એની પરિણતિ વળે છે તો એ તો પરદ્રવ્ય છે, એ કાંઈ દુઃખનું કારણ નથી. દુઃખ તો રાગને લઈને થાય છે. શુભભાવ પણ પુણ્યબંધનું કારણ છે, એનાથી દેવલોક મળે છે, પણ એનાથી શુદ્ધાત્મા મુક્તિ નથી થાતી. બધાથી જુદો એક શુદ્ધાત્માને ઓળખવો એ ખરું છે. શુભભાવથી પુણ્ય બંધાય છે, ભવનો અભાવ કરવા માટે અંતરમાં આત્મા શું? એનો સ્વભાવ છે? એમ એ જાણનારો કેવો છે, એને ઓળખવો. (3-104-4)**

**શ્રોતા :** મોક્ષ પામવાની ઇચ્છા રાખીએ એ એકભાવ છે, એ ભાવમાં પુણ્ય બંધાય.

**પૂજ્ય બહેનશ્રી : ઇચ્છા રાખી પુણ્ય બંધાય પણ ઇચ્છા આવ્યા વગર રહેતી નથી. પુણ્ય ભલે બંધાય પુણ્ય ઉપર દૃષ્ટિ ન કરવી.**

**શ્રોતા :** પુણ્ય બંધનું કારણ કેમ?

**પૂજ્ય બહેનશ્રી : બંધનું કારણ એ તો બંધમાં જ પડેલો છે. ઇચ્છા તો વચ્ચે આવ્યા વગર રહેતી નથી પણ એનાથી હું જુદો જ છું એમ ભાવના કરવી. આ બધાય ભાવોથી હું જુદો ચૈતન્ય છું. હું ચૈતન્ય છું એવી દૃષ્ટિ કરે, એવી ભાવના, ભેદજ્ઞાન કરવાનો પ્રયત્ન કરવો. દરેક ભાવોથી હું જુદો છું. ઇચ્છાનો પણ હું જાણનારો છું, ઇચ્છા એ મારું સ્વરૂપ નથી. દરેક ભાવથી ભેદજ્ઞાન કરવાનો પ્રયત્ન કરવો. ઇચ્છા તો વચ્ચે આવ્યા વગર રહેતી જ નથી. એ તો પુણ્યબંધ છે, પણ જ્યાં સુધી મોક્ષની પર્યાય પ્રગટ ન થાય ત્યાં સુધી તે હોય છે, એનું ભેદજ્ઞાન કરવું કે હું એનાથી જુદો છું. એ છૂટી નથી જાતું તરત, પણ એનું ભેદજ્ઞાન થાય છે કે આ હું જુદો છું આ મારો સ્વભાવ જુદો ને આ જે શુભાશુભભાવો આવે છે, એ જુદા છે ને હું જુદો છું. એમાં મારે પુરુષાર્થની નબળાઈથી જોડાઈ જવાય છે, પણ એનો સ્વભાવ જુદો ને મારો સ્વભાવ જુદો છે, એમ પહેલા એનું ભેદજ્ઞાન કરે છે. એ ભેદજ્ઞાન કરતાં કરતાં જ્યારે એની લીનતા થાય છે સ્વભાવની પછી પૂર્ણ લીનતા થાય ત્યારે એ છૂટી જાય છે. પહેલાં એને અલ્પ છૂટે છે, એનો રસ તૂટે છે. અનંતાનુબંધી જાય છે પછી ક્રમે ક્રમે જાય છે, પણ પહેલાં એનું ભેદજ્ઞાન થાય છે, પછી છૂટે છે. (3-104-5)**

**શ્રોતા :** ખાલી નથી ને?

**પૂજ્ય બહેનશ્રી : ખાલી કાંઈ નથી. પોતે પૂર્ણ ભરેલો અંદર ભરપૂર ભરેલો છે. એ ખાલી નથી. એ તો વિભાવમાં એનો પડેલો જાણે શૂન્ય થઈ જાતો હોય એમ લાગે, શૂન્ય નથી ભરપૂર ભરેલો છે. આ અનંતાગુણોથી ભરેલો ચૈતન્યદેવ છે. એમાં સુખ આનંદ અનંતી ઋદ્ધિ ભરેલી છે, ચૈતન્યદ્રવ્યમાં અનંત ગુણ ને અનંત પર્યાયથી ભરેલો એની ઋદ્ધિ છે, એ ઋદ્ધિ અંતરમાં જાય તો અનંતગુણની અંશે અંશે પર્યાય પ્રગટે. નિર્વિકલ્પદશામાં એની શુદ્ધાત્માની દરેક અનંતગુણની પર્યાયો પ્રગટ થાય છે. એ શૂન્ય નથી, ભરપૂર છે અને એ પછી અંતરથી સ્વાનુભૂતિ એની ક્રમે ક્રમે વધતી જાય છે, એ વધતા વધતાં પછી પૂર્ણ મુક્તદશાને પામે છે. કેવળજ્ઞાનને પામે છે. (3-104-6)**

**શ્રોતા :** આ જ ભવમાં શક્યતા રહે?

**પૂજ્ય બહેનશ્રી : આ ભવમાં થઈ શકે પ્રયત્ન કરે તો. પ્રયત્ન ન કરે તો ન થાય, એની પહેલાં રુચિ, ભાવના, ભેદજ્ઞાનનો પ્રયત્ન કરે તો થાય, પુરુષાર્થ કરે તો થાય આ ભવમાં, પુરુષાર્થ ન કરે તો ન થાય.**

**શ્રોતા :** એને માટે કાંઈ ઉપાય છે?

**પૂજ્ય બહેનશ્રી : ઉપાય પોતે પ્રયત્ન કરવો એ ઉપાય. સાચું જ્ઞાન કરવું તે. સાચું જ્ઞાન કરવું ભેદજ્ઞાન કરવું. યથાર્થ ભેદજ્ઞાન કરીને ભેદજ્ઞાન યથાર્થ જ્ઞાન કરે તો ધ્યાન થાય. જેનું જ્ઞાન યથાર્થ છે, એનું ધ્યાન યથાર્થ છે. મૂળ પ્રયોજનભૂત તત્ત્વ ગ્રહણ થાય એટલું જ્ઞાન કરે અને યથાર્થ જ્ઞાન થાય તો યથાર્થ ધ્યાન થાય, એકલું ધ્યાન તરંગરૂપ થાય છે માટે યથાર્થ જ્ઞાનપૂર્વકનું ધ્યાન તે યથાર્થ થાય છે. પહેલા એની રુચિ કરે, ગુરુદેવે શું કીધું એ વિચાર કરે, તત્ત્વવિચાર કરે, શાસ્ત્રમાંથી જાણે ગુરુદેવના ઉપદેશમાંથી જાણે એમ જાણીને નક્કી કરે કે આ સ્વભાવ છે, પછી એનો પ્રયત્ન કરે.**

**(3-104-7)**

**શ્રોતા :** જ્ઞાનથી ધ્યાન મળે કે ધ્યાનથી જ્ઞાન મળે?

**પૂજ્ય બહેનશ્રી : સમજ્યા વગરનું ધ્યાન કરે તો ક્યાં જઈને ઊભો રહેશે? પોતાનું અસ્તિત્વ પોતાના આત્માને ગ્રહણ ન કરે તો ધ્યાન કેવી રીતે કરે? પછી તો વિકલ્પ મંદ એકલા એકલા કર્યા કરે કે આ સંકલ્પ-વિકલ્પને ટાળ્યા કરે, કેવી રીતે તૂટે? જે સંકલ્પ-વિકલ્પ વગરનો નિર્વિકલ્પ એ આત્મા છે વિકલ્પ વગરનો એને ઓળખ્યા વગર એનું ધ્યાન ક્યાં ટકશે? માટે એને ઓળખે કે આ આત્મા છે, એમ ઓળખે તો એમાં એકાગ્ર થાય, સમજ્યા વગરનો ક્યે રસ્તે જાશે? નક્કી કરે કે આ ભાવનગર જાવું છે તો આ રસ્તે જાવાનું છે, તો એ રસ્તે પગ ઉપડે. પણ જ્ઞાન ન હોય કે ક્યે રસ્તે જાવાનું છે? એમને એમ ધ્યાન કરે સંકલ્પ-વિકલ્પ ટાળી નાખો. રાગ-દ્વેષ ટાળો તો ક્યાં ઊભો રહેશે? જ્ઞાન કરે કે આ આત્મા છે, આત્મામાં એકાગ્ર થવાનું છે તો જ્ઞાનપૂર્વકનું ધ્યાન તે સાચું ધ્યાન છે. ધ્યાનપૂર્વકનું જ્ઞાન ક્યાં? ધ્યાન ક્યાં કોને આધારે કરશે? સમજ્યા વગરનો એમ. (3-104-8)**

**શ્રોતા :** જ્ઞાન ગમે ત્યાં વચનમાં પણ શ્રદ્ધા રાખો, ગમે તેવા વચન એટલે શું?

**પૂજ્ય બહેનશ્રી : શુદ્ધ ગમે તેવા વચન એ શ્રીમદ્ એમ કરીને એમ કહેવા માગે છે જે જ્ઞાનમાંથી નીકળેલું વચન હોય જે ભેદજ્ઞાનની ધારા જેને પ્રગટ થઈ, સ્વાનુભૂતિની દશા જેને પ્રગટ થઈ એની વાણી, એને લગતી જ હોય છે. ઈ વાણી કાંઈ કોઈ બીજે માર્ગે ચડે, કોઈ એવી જાતની ન હોય. સમ્યક્ માર્ગે ચડે એવી જ હોય છે. એને નીકળે છે. માટે ગમે તેવા વચન એટલે એનો અર્થ એ છે કે એની વાણી યથાર્થ જ**

**હોય, માટે તેમાં શ્રદ્ધા રાખવી. એ રીતે આત્માનું કલ્યાણ કરનારી જ વાણી હોય શકે, બીજી હોય નહીં. (3-104-9)**

**શ્રોતા :** વ્યવહારના કોઈ વચનોમાં ?

**પૂજ્ય બહેનશ્રી : વ્યવહારના વચનો હોય કે, પરમાર્થના વચન હોય, પણ એ જ્ઞાની જે સમ્યક્ માર્ગે ચાલે છે, એની વાણી ઈ કોઈ એની બીજે માર્ગે ચડાવે એવી હોય જ નહીં.**

**શ્રોતા :** વ્યવહારમાં કોઈક વાર જ્ઞાનીની વાણી યથાર્થ આવતી નથી અને એથી જે કાંઈ વચનામૃત એ પણ એમ કે આપે કદાચ લઈએ તો સમાજમાં શું બીજે કાંઈ બરાબર ન થાય એવું કાંઈ લાગે તો ?

**પૂજ્ય બહેનશ્રી : કહે છે, કે ને પોતાની દૃષ્ટિએ જે કલ્પના કરી એ ખોટી છે. જીવ અનાદિકાળથી પોતાની દૃષ્ટિએ કલ્પના કરી રહ્યો છે, કે આનું આમ થાય કે આમ સમજવું હિત કે અહિત એ પોતાની દૃષ્ટિએ કલ્પના કરવી એ બરાબર નથી. જેને પોતે મહાપુરુષ માન્યા એને ગુરુદેવ જેવા જે પોતે આખો જે અનાદિકાળનો જે માર્ગ પોતે સમ્યક્ માર્ગે જે ચાલ્યા, જેણે આત્માની સ્વાનુભૂતિ પ્રગટ કરી એના વચનો એને આ ખબર છે નથી ખબર એવી જે કલ્પના કરવી એ પોતાનો એક જાતનો ભ્રમ છે અને પોતે એ જાતની કલ્પના કરવી બરાબર નથી. કારણ કે પોતે કલ્પના કરે છે, કે આમાં હિત છે કે નથી એ હિત ને અહિત એ બરાબર નથી. જે મુમુક્ષુ સાચો હોય જેને મુક્તિ જોઈતી હોય તે જે ગુરુ કહેલા વચનો એની શ્રદ્ધા હોય છે તો એનું કલ્યાણના માર્ગે એની પરિણતિ જાય છે. (3-104-10)**

**શ્રોતા :** એ મુમુક્ષુને એવો રાગ હોય કે જ્ઞાની ગમે તે વચન કહે તોપણ એને એમાં બિલકુલ આશંકા કે બીજો વિચાર ન હોય.

**પૂજ્ય બહેનશ્રી : બીજો વિચાર ન હોય જેને મોક્ષ જોઈતો હોય જેને આત્માર્થતા .... હોય કે મારે મુક્તિ જ જોઈએ એવી કલ્પનામાં એ ઊભો છે, કે મારે સમાજનું શું કામ ? મારે તો મારા આત્માનું કામ છે. મારે આત્માનું કામ, મારે આત્માનું પ્રયોજન છે તો જે જ્ઞાનીએ જે માર્ગ બતાવ્યો, ગમે તે કહે મારે પ્રમાણ છે, એમ. સમાજમાં શું થાય એ જોવાનું મારે હોતું નથી. મારે તો મારા આત્માનું શું કલ્યાણ થાય એ જ મારે અર્પણતા કરીને વર્તન કરવું એ જ મુમુક્ષુની પરિણતિ હોય છે બીજું કાંઈ નથી હોતું. (3-104-11)**

**શ્રોતા :** એ આવી પરિણતિ આવ્યા વિના કોઈને પણ સમ્યગ્દર્શન થાય એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ન હોઈ શકે.

**પૂજ્ય બહેનશ્રી : જેને એવી પરિણતિ હોય છે. જે મોક્ષમાર્ગે જાય એની પરિણતિ એવી અર્પણતાની અંતરમાં હોય છે એણે સ્વચ્છંદ પરિણતિ ન હોય. બહારના કાર્યોમાં કોઈને પકડાય ન પકડાય પણ એની પોતાની એવી સ્વચ્છંદી પરિણતિ ન હોય પોતાની ઇચ્છાએ વર્તવું કે જે મુનિ, મુનિ હોય છે, એને પણ એમ હોય છે, કે પોતાથી મોટા ગુરુ આચાર્યો હોય આચાર્યો શું કહે છે, એમાં એની અર્પણતા હોય છે. ભગવાને શું કીધું? આચાર્યો પણ કહે છે, જિનવરે આમ કીધું, જિનવરે આમ કીધું, શાસ્ત્રો રચે છે તો જિનવરે આમ કીધું, જિનવરે આમ કીધું એવી એની પરિણતિ હોય છે અને ભગવાન કુંદકુંદાચાર્ય જેવા પણ કહે છે, કે મને જે સ્વાનુભૂતિ થઈ એ મારા ગુરુથી, દેવથી સર્વજ્ઞદેવથી પરંપરાથી જે મને મળ્યું અને મારી સ્વાનુભુતિ એનાથી હું કહું છું એટલે મુનિરાજો હોય એમના હૃદયમાં પણ એમ જ દેવ, ગુરુ, શાસ્ત્ર હોય. મુનિરાજને પોતાના મોટા આચાર્ય હોય પણ એ એના હૃદયમાં હોય છે, એવી પરિણતિની એવી જાતની હોય છે. સ્વચ્છંદ પરિણતિ હોતી નથી. (3-104-12)**

**શ્રોતા :** વીતરાગમાર્ગમાં આવો જ એક પ્રકાર .....

**પૂજ્ય બહેનશ્રી : આવો એક પ્રકાર હોય જ છે, એ સ્વચ્છંદ પરિણતિ હોતી નથી.**

**શ્રોતા :** સ્વચ્છંદ એટલે પોતાની મતિકલ્પનાથી કાંઈપણ કરે એ બધું સ્વચ્છંદમાં જાય.

**પૂજ્ય બહેનશ્રી : બધું સ્વચ્છંદ, પોતાની મતિકલ્પનાથી, વિચાર કરવો ને અભિપ્રાય બાંધી લેવો એ પોતાની મતિકલ્પના કે મારાથી જે આ મોટા આચાર્યો છે, એની આ ભૂલ છે એને એ એની સમજણમાં ભૂલ છે પોતાની મતિકલ્પના છે, એવું ન હોય એવી સ્વચ્છંદ પરિણતિ ન હોય. એ કાંઈ બહારમાં શું હોય તારે કાંઈ વિચાર કરવાનું એવી ડહાપણ કરવાની તારે જરૂર નથી. તારે તો તારા આત્માનું કરવાનું છે. (3-104-13)**

**શ્રોતા :** મુમુક્ષુની લાયકાત આ હોય, કે જ્ઞાની શું કહે છે, એના વચન ઉપર શ્રદ્ધા રાખે પછી એમાં એનો આગળ-પાછળનો વિચાર એને ન હોય.

**પૂજ્ય બહેનશ્રી : આગળ-પાછળનો વિચાર એને ન હોય.**

**શ્રોતા :** મુમુક્ષુની ભૂમિકામાં આત્માની મુખ્યતાપૂર્વક સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાની યોગ્યતા હોય તો થાય એને આવા જ વિકલ્પ આવે આથી વિરુદ્ધના વિકલ્પ આવે નહીં.

**પૂજ્ય બહેનશ્રી : આથી વિરુદ્ધ ન આવે. ગુરુએ શું કીધું, જ્ઞાની આચાર્યેએ શું કીધું, ભગવાને શું કીધું? એ બધું એની એની આજ્ઞાએ કે મને નથી સમજાતું કે મારી ભૂલ થાય છે હું ક્યાંક રોકાવ છું પણ જે ગુરુ છે, એની ભૂલ નથી મારી ભૂલ છે, એવી એની પરિણતિ હોય છે. કોઈ એમ કહે કે એ તો છદ્મસ્થ એવો વિચાર કરવાની તારે જરૂર નથી. એ તો કેટલા મહાપુરુષ ક્યાંય પહોંચી ગયા છે અને તું તો હજી ભ્રમમાં પડેલો છો, તું એનો વિચાર, એની ઓલી કલ્પના કરીને એની પદવી કઈ જાતની એ માપવાની તારે શું કામ છે? એ પોતે તારી પોતાની લાયકાત નથી, માટે તારે અર્પણતાથી બસ તારા આત્માના માર્ગે ચાલવું. (3-104-14)**

**શ્રોતા :** બીજી રીતે પણ મુમુક્ષુ છે તો અર્પણતા છે, એને આત્માલાભ થાવાનો છે. બીજો ગમે તે એની અર્પણતા જે જ્ઞાની પ્રત્યેની છે...

**પૂજ્ય બહેનશ્રી : એનો લાભ એને થાવાનો જ છે. થાવાનો છે.**

**શ્રોતા :** કેમ કે એનું સ્વચ્છંદ કહો કે એનો કષાય કહો, એમાં રોકાઈ જ રહે છે અને એની પરિણતિ આત્મા તરફ જઈ શકે છે.

**પૂજ્ય બહેનશ્રી : એની તો આત્મા તરફ જ જાય છે અર્પણતા છે. એટલે નહીંતર ઓલી પોતાની મતિ-કલ્પનાથી આ માર્ગ આ જે એમ વિચાર કર્યો એમ ધીરે ધીરે તું બીજો વિચાર કરે કે આ માર્ગમાં ભૂલ છે, આ માર્ગમાં હું જાણું છું એ બરાબર છે. વ્યવહાર કરતાં કરતાં, પછી આમાં આટલી ભૂલ છે, પુરું નથી જાણતા, શાસ્ત્રમાં આમ આવે છે, એમ કરતાં કરતાં તારી સ્વચ્છંદતા એ તરફ ચાલી જાય છે (ઘણી વધી જશે) ઘણી વધી જાય. એક નિર્ણય કર્યો હતો વ્યવહારમાં ભૂલ હોય એને આમ પરમાર્થમાં આમ ભૂલ છે, ફલાણી આમ ભૂલ છે એમ તું ભૂલ ગોતવા જાઈશ તો એ તારી પરિણતિ જ ખોટી છે. (3-104-15)**

**શ્રોતા :** ભૂલની પરિણતિ મુમુક્ષુની ખોટી છે

**પૂજ્ય બહેનશ્રી : ખોટી છે**

**શ્રોતા :** પ્રશ્ન એ થાય કે જ્ઞાનીને ઓળખવા કેવી રીતે? એમાં મારો પ્રશ્ન સામાન્ય છે ... સામાન્ય તો કુગુરુને સુગુરુમાં ભેદ પડી શકે છે, કે જેનું વજન આત્મા તરફ જતું હોય એ સુગુરુ ને પણ મુમુક્ષુને, એક મુમુક્ષુની ભૂમિકામાં ક્ષયોપશમજ્ઞાન છે અને સાચા આત્મજ્ઞાની છે. એ બેયને મુમુક્ષુ કંઈ રીતે ઓળખે?

**પૂજ્ય બહેનશ્રી : એક ગુરુ એકને**

**શ્રોતા :** એક મુમુક્ષુ છે, કે જેને ક્ષયોપશમજ્ઞાનમાં બધું જેવું જ્ઞાની કહે છે એ પ્રમાણે બધી વાતને વાણી આવે છે. અને બીજો ખરેખર સત્પુરુષ છે, એ બેયમાં એને અંતર કેવી રીતે પડે?

**પૂજ્ય બહેનશ્રી : એનો પરિચય કરવાથી એના અંતર ઓળખવાથી ખ્યાલ આવે, કે માત્ર ક્ષયોપશમથી બોલે છે એને સ્વાનુભૂતિ અંતરમાં નથી ને બોલે છે, એને જ્ઞાનીનું વજન ક્યાં જાય છે? એની પરિણતિ શું કામ કરે છે, એ સાચો મુમુક્ષુ હોય એના હૃદય નેત્રો એવા થઈ ગયા હોય છે, કે કોઈ અપૂર્વ વાણી જ્ઞાનીની કોઈ વાણી અપૂર્વ હોય છે અને અંતરમાંથી ભીંજાયેલી અને ભેદજ્ઞાન પડતી વાણી, ક્ષણે ક્ષણે ભેદજ્ઞાન પડતી વાણી, સ્વાનુભૂતિ તરફ અનુભવમાંથી આત્મસ્પર્શી વાણીની એ એને ગ્રહણ કરી શકે છે. એના હૃદયના નેત્રો જ એવી જાતના ગ્રહણ કરવાને યોગ્ય થઈ ગયા છે. અને આ માત્ર ક્ષયોપશમથી બોલે છે, એ એના અંતરના કંઈ જાતની દિશા ને કંઈ તરફનું વજન અને એવી જાતનું ભિંજાયેલું ને કેવી રીતે નીકળે છે અને ક્યાં વજન આવે છે? ઓળખી શકે છે. કેવી રીતે આવે છે ઓલું ક્ષયોપશમજ્ઞાન હોય અને ઓલું અનુભૂતિનું જ્ઞાન હોય ઈ અંતરમાંથી જે બોલતો હોય એ કાંઈક જુદું જ નીકળતું હોય અને ઓલું જે ક્ષયોપશમથી નીકળતું હોય એ કાંઈ જુદી રીતે નીકળતું હોય એ ગ્રહણ કરી શકે છે. જે મુમુક્ષુતા હોય એ ગ્રહણ કરી શકે એવો વિશેષ પરિચય કરવાથી. (3-104-16)**

**શ્રોતા :** વિશેષ પરિચયમાં શું છે કે વર્તમાન જે સત્પુરુષ આપણને લાગ્યા હોય એનો વિશેષ પરિચય થઈ શકે નહીં? અને બીજા મુમુક્ષુના પરિચયમાં આવીને એની પરિણતિ વજન તો એ પણ સાંભળેલું જેણે જ્ઞાની પાસેથી એટલે વજન તો ત્યાં ...

**પૂજ્ય બહેનશ્રી : વજન તો આપે, પણ એનું હૃદય (પરિણતિમાં) હૃદયની પરિણતિ કામ નથી કરતી. તો એનો પરિચય હોય તો એમાંથી ઓળખી શકે કે આની પરિણતિ નથી કામ કરતી હજી અને ઓલું જો એને સાચી જિજ્ઞાસા હોય તો એનો પરિચય કરવાનો પ્રયત્ન કરે. એને પોતાની જો પરીક્ષા જ કરવી છે, કે સાચા સ્વાનુભૂતિવાળા એવા આત્મા કોણ છે? જો એને નક્કી જ કરવું છે, તો એનો પરિચય કરવાનો પ્રયત્ન કરે, નક્કી કરવાનો તો એ પરિચયથી ઓળખી શકે એને. એટલી તો પોતાની તૈયારી પરીક્ષક શક્તિ હોવી જ જોઈએ કે આ અનુભૂતિથી બોલે છે, કે નથી બોલતા, કે કેવી રીતે બોલે છે, એટલી પરિક્ષકશક્તિ મુમુક્ષુતાની ભૂમિકામાં એને એટલી તો તૈયારી પોતે કરવી એ થઈ જાય છે. એ હોવી જ જોઈએ એ જિજ્ઞાસા એવી જાતની ભૂમિકામાં એવું હોવું જોઈએ. (3-104-17)**

શ્રોતાઓ : ભગવતી માતનો જય હો....
માતાજીની અમૃતવાણીનો જય હો.... * * *

## પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી, ભાગ-૩

# તત્ત્વચર્ચા - ૧૦૫

**શ્રોતા :** માતાજી અનેક ઠેકાણે એમ લખ્યું છે, કે જીવ ને આત્મા પ્રાપ્ત ન થવો મૂળ કારણ એનું સ્વચ્છંદ છે, સ્વચ્છંદ કહીને શું કહેવું છે?

**પૂજ્ય બહેનશ્રી : પોતાની મતિકલ્પનાથી માર્ગને પોતે જાણ્યો કે માર્ગ આમ જ હોય, આમ જ હોય હું જે કહું એ સાચું જ છે, એવી જાતની સ્વચ્છંદવૃત્તિ. પોતે ન્યાંને ન્યાં અટકી ગયો છે, કે આત્મા આમ હોય, શાસ્ત્રમાં આમ આવે છે. કાં તો બહું શાસ્ત્રાભ્યાસ કર્યો હોય, કાંઈ કર્યું હોય તો બસ આમ જ છે, એટલે એ રીતે પોતાની મતિથી જે નક્કી કર્યું હોય એમાં ને એમાં રોકાઈ ગયો છે, એટલે જે જ્ઞાની શું કહે છે, અને જેણે માર્ગ જાણ્યો અનુભૂતિવાળા આત્મા શું કહે છે, એ એને જોવાનો અવકાશ નથી રહેતો એટલે સ્વચ્છંદમાં અટકી જાય છે અને પોતાની તો એટલી તૈયારી નથી. એટલે પોતે તો ગ્રહણ પોતાની મતિકલ્પનાથી માર્ગનો નિર્ણય કરી લે છે, કે આમ જ માર્ગ હોય, આમ જ માર્ગ હોય. ગમે ત્યાં અટકતો હોય તો એને કાંઈ પૂછવાનું રહેતું નથી ને હું બધું જાણું છે, મને બધું આવડે છે, એમ થઈ જાય છે, એટલે રોકાઈ જાય છે, એમ. ઓલો એને અવકાશ રહે છે, કે શું વિશેષ જાણનાર કોણ છે, કેમ છે? એમ એને અવકાશ રહે છે.**

**ગૌતમસ્વામી ઇન્દ્રભૂતિ હતા, ઓલા વેદાંતમાં પડ્યા હતા તો ઓલા(ઇન્દ્ર)એ આવીને પરીક્ષા કરી તો એને એટલી તૈયારી હતી કે આ શું? એને આશ્ચર્ય લાગ્યું કે આ હું નથી જાણતો, એટલું બધું આવડતું હતું તો આ મને પ્રશ્ન પૂછે છે દ્રવ્ય કેટલા? આ મને કાંઈ આવડતું કેમ નથી? હું તો માનતો હતો કે હું સર્વજ્ઞ છું એને આશ્ચર્ય લાગ્યું ન્યાં જવાની તૈયારી કરી. એટલું અંદર યોગ્યતા હોય કે 'હું નથી જાણતો' એમ થઈ ગયું તો જવાનું, પણ 'હું બધું જાણું છું' પોતાથી નક્કી કર્યું એને ક્યાંય અવકાશ રહેતો નથી. (3-105-1)**

**શ્રોતા :** શ્રીમદ્જીએ એક ઠેકાણે કહ્યું કે જ્ઞાની પુરુષ કરતાં પરિગ્રહ પ્રત્યે જો તને પ્રેમ વધારે છે તો તને ખરી રીતે આત્માને ઓળખ્યો નથી અથવા સ્વરૂપ પામવાને લાયક નથી.

**પૂજ્ય બહેનશ્રી : જ્ઞાની કરતાં પરિગ્રહ વખતે પ્રત્યે એને બહારનો રસ વધી જાય વધારે અને જ્ઞાની જેને જ્ઞાન પ્રાપ્ત થયું એ તરફ મહિમા નહીં ને પરિગ્રહની**

**મહિમા આવે તો ખરેખર એને લાયકાત નથી. એને પરિગ્રહ ગૌણ થઈ જાવો જોઈએ. બહારનો રસ ઉતરી જાવો જોઈએ અને જે જ્ઞાની તરફ એની મહિમા એટલે જ્ઞાન જોઈએ છે એટલે આત્મા તરફ મહિમા આવવી જોઈએ છે, જ્ઞાની એ તરફ મહિમા એટલે કે એને આત્મા તરફ મહિમા એને અંતરમાં એવો આત્મવિચાર, માટે એ એવી જાતની મહિમા ઓલો (પરિગ્રહને) ગૌણ થઈ જાવો જોઈએ. તો જ એને અર્પણતા ને આત્માર્થતા હોય છે. (3-105-2)**

**શ્રોતા :** જ્ઞાનીનો મહિમા ને આત્માનો મહિમા સાથે બેને મેળ છે.

**પૂજ્ય બહેનશ્રી : જે જ્ઞાની મહિમા કરે છે, એનો અર્થ એમ છે, કે આત્મા તરફ એને આત્મા જોઈએ છે, એવું અંતરમાં એવું ધ્યેય હોવું જોઈએ. એની અર્પણતા જે જ્ઞાની કહે સાચું એટલે જે જાણેલા છે, એ વાત કરે એ સાચી છે, એટલે એની જિજ્ઞાસા આત્મા તરફ વળવાની છે, કે આત્માનો શું માર્ગ છે મને કેમ સમજાય એ અવકાશ છે એને. એ પરિગ્રહનો રસ એને ઉતરી જાય. બહારથી હોય પરિગ્રહ પણ એને રસ ઉતરી જાય છે. (3-105-3)**

**શ્રોતા :** આપનો સમાગમ તો ત્રણ-ચાર દિવસ પ્રસંગ પૂરતો રહે છે. એમાં આવી રીતે કોઈક વખત આવવાનું બન્યું જુદી વાત છે, નહીંતર તો કેવળ દર્શન પૂરતો રહે છે. પરિચય ઝાઝો થાય નહીં અને જ્ઞાનીને ઓળખવા હોય અથવા શી રીતે થોડું વધારે આમ કઈ રીતે પામવું ?

**પૂજ્ય બહેનશ્રી : અમુક પરિચય હોવો જોઈએ એવું કાંઈ નથી હોતું. એ એનો પોતે અમુક શબ્દોમાંથી નક્કી કરી શકે છે. અમુક તો આમ તો વર્ષોનો પરિચય છે આ તો એક આવવાનું ઓછું બને છે.**

**શ્રોતા :** ચાર-છ દિવસથી ખરેખર કહું છું ચાર-છ દિવસથી આપના વચન સાંભળ્યા નહોતા એટલે આ જે તો હિંમત કરીને આવ્યો. 'જવું જ છે.' જઈને પૂછીશ, તત્ત્વનો કોઈ રીતે ચર્ચા કરીએ તો બે એ વખતે શબ્દ સાંભળવા મળે.

**પૂજ્ય બહેનશ્રી : ન મળે પણ ટાઈમ તો ખૂબ જાતનો પરિચય છે. કોઈને વિચાર આવે નહીં પ્રશ્ન કરે એ જુદી વાત છે.**

**શ્રોતા :** અમારે હમણાં ખૂબ રહ્યા છે, કોઈ જ્ઞાનીના શરણે જઈને આપણું કાંઈક કરીએ.

**પૂજ્ય બહેનશ્રી : સારું, ભાવના સારી છે. ઘણું આપી ગયા છે, ઘણું આપી ગયા છે.**

**શ્રોતા :** પણ એ વખતે કાંઈક આવું ને આવું સ્વચ્છંદ થયેલો ને રહી ગયા. હવે એમ થાય છે, કે કાંઈ હવે બોલવું..

**પૂજ્ય બહેનશ્રી : શ્રીમદ્‌ માં આવે છે ને પ્રત્યક્ષ સદ્‌ગુરુ ન હોય તો એમણે કીધેલા વચનો, અને એમણે જે કીધેલું હોય એને એનું રટણ કરવું, એ માર્ગે ચાલવું એમ આવે છે ગુરુએ ઓલું ધોબીનું દૃષ્ટાંત કે આ તારું વસ્ત્ર નથી એમ, ગુરુ કહે છે, કે તું નથી, તું જુદો છું, તું આત્મા છો, તું આ તારું વસ્ત્ર નથી, વારંવાર કહે છે ને પછી જાગૃત થાય છે એટલે વારંવાર એટલે કે કાંઈ નિરંતર સંભળાવવા ગુરુદેવ કહેતા હતા કે નિરંતર સંભળવા એ નવરા નથી હોતા પણ એ ભાવથી એ પોતે વારંવાર અંદર પોતાની ભાવના નિરંતર વારંવાર ગુરુદેવના શબ્દો એ પોતે ગ્રહણ કરી લ્યે છે.**

**(3-105-4)**

**શ્રોતા :** આ તો અમને ખ્યાલ આવ્યા પછી આપની આગળ ગુરુથી નિરંતર પ્રતિબોધવામાં આવે....

**પૂજ્ય બહેનશ્રી : નિરંતર કરવાનું છે. ગુરુદેવની વાણી અનુભૂતિની વાણી હોય એ જુદું હોય છે. 'તું જુદો છો, તું જુદો છો, આ તારું નથી' એમ જે અનુભવમાંથી બોલે એ એની ભાષા ને એનો વળાંક એ જુદો હોય. ઓલો ક્ષયોપશમથી બોલે એની ભીંસ ને એનો વળાંક ને અમુક પ્રકારે આવતો હોય એ જે ઓલા મુમુક્ષુ હોય ને એ ગ્રહણ કરી લે છે અંતરથી. (3-105-5)**

**શ્રોતા :** ભેદજ્ઞાન કઈ રીતે થાય?

**પૂજ્ય બહેનશ્રી : એ તો પોતે પોતાના પ્રયત્નથી થાય, ને માર્ગ તો આત્માને ઓળખવો, ક્ષણે ક્ષણે 'હું જ્ઞાયક છું.. જ્ઞાયક છું, આ હું નથી, આ હું નથી. વિભાવ હું નથી, સંકલ્પ-વિકલ્પ જે આવે તે હું નથી. હું ચૈતન્ય છું,' પણ એ તો ઉપરથી વિકલ્પ કરે, અંતરમાંથી જ્યારે સ્વભાવ ઓળખીને કરે ત્યારે યથાર્થ થાય. પહેલા તો ભાવનારૂપ કરે, પ્રયત્ન પોતે. એમાં ભેદજ્ઞાન કરે તો નિર્વિકલ્પદશા થાય બાકી તો ભેદજ્ઞાન અને અનુભૂતિ થાય ક્યાંથી? એકત્વબુદ્ધિ અનાદિકાળની છે. એટલી તૈયારી હોય એટલી રુચિ હોય, અંતરની મહિમા હોય તો થાય. વારે વારે એ જ તરફ જાય. ક્ષણે ક્ષણે જેટલું ક્ષણ ક્ષણનું જીવન ઓલામાં ઘડાઈ ગયું છે, એટલું પોતાનું ક્ષણ ક્ષણનું જ્ઞાયક તરફનું થાય તો પોતે એને પહોંચી શકે. તો પહોંચી શકે. (3-105-5)**

**શ્રોતા :** એ તો ઊંડાણમાં જાય, ઊંડાણમાં કેવી રીતે?

**પૂજ્ય બહેનશ્રી : ઊંડાણમાં પોતે સ્વભાવ ઓળખે ને મૂળમાં જાવું, ઊંડાણ એ છે. ઉપર ઉપરથી કર્યા કરે કે વિકલ્પ કર્યા કરે 'હું જુદો જુદો' એમ નહીં પણ એ**

**પોતે સ્વભાવ જ્યાં છે ત્યાં જાય ઉંડાણથી એવું જ્ઞાન કરે. સૂક્ષ્મ થઈને ઊંડો થઈને જાય તો ઉપર ઉપરથી. ઘણીવાર વિચાર કર્યા કરે, પણ અંતરમાં જે સ્વભાવ છે, એને ગ્રહણ કરવો એ જ છે. (3-105-7)**

**શ્રોતા :** સ્વભાવ દેખાતો નથી ને?

**પૂજ્ય બહેનશ્રી : દેખાતો નથી પણ પોતે નક્કી કરી શકે છે, દેખાય નહીં પણ વિચાર કરે તો પોતે જ છે. વિકલ્પ સંકલ્પ, તો બધા વિભાવભાવો ચાલ્યા જાય છે તો પોતાને દુઃખરૂપ લાગે છે પોતે જાણનારો ઊભો રહે છે. જ્ઞાન પણ છે અત્યાર સુધી વિચારો આવી ગયા પોતે જાણનારો ઊભો જ છે, એ તો પોતે જ છે, પણ પોતે ઓળખતો નથી પોતાને. (3-105-8)**

**શ્રોતા :** જાગતો જીવ ઊભો જ છે.

**પૂજ્ય બહેનશ્રી : ઊભો જ છે, શાશ્વતો જાગતો જીવ ઊભો છે, પણ જોતો નથી.**

**શ્રોતા :** દેખાય છે વિકલ્પ થાય છે પણ અંદર આત્મા તો પોતે એમને એમ છે.

**પૂજ્ય બહેનશ્રી : અંદર આત્મા તો પોતે જ છે. જાણનારો એ તરફ નથી જોતો ને વિકલ્પને જોવે છે. આત્મા તરફ પરિણતિ જાય એ દુનિયા જુદી છે. વિભાવની દુનિયા જુદી છે. આત્માની દુનિયા જુદી છે. કેટલું કરવાનું છે. આત્માની દુનિયા જુદી છે. અનાદિનો અભ્યાસ બહારનો છે. અંતરમાં જઈ શકતો નથી. પોતે જ છે પોતાને ભૂલી ગયો છે, પોતે જ્ઞાનનું ધામ, જ્ઞાયકતા ભરેલી છે. જ્ઞાયકદેવ છે, પણ પોતે ભૂલી ગયો છે. વિચાર કરીને પાછળ પડે, એનું ચિંતવન, મનન, સાધન બધું આત્માને ઓળખવાનું કરે. દેવ, ગુરુ, શાસ્ત્રની મહિમા, અંતરમાં જ્ઞાયકદેવને ઓળખવા માટે કરે. પોતે જ છે કાંઈ પોતાને ભૂલી ગયો છે. સ્વભાવ તરફ ઉપયોગ જાય તો આત્મા આત્માને ઓળખાય એમ છે. બાકી બાહ્ય ને બાહ્ય લક્ષ કરવાથી કાંઈ આત્મા ઓળખાતો નથી. આત્મા તરફનો વિચાર ને ચિંતવન, મનન એમ મૂળ તત્ત્વમાંથી આત્માને ઓળખે તો ઓળખાય એમ છે. એની જ લગની લાગે, 'હું જ્ઞાયક છું, હું ચૈતન્યદેવ છું. મારામાં બધું ભર્યું છે,' એટલે મહિમા આવે, એને સ્વભાવમાંથી ઓળખે, અંદર લીન થાય, એનું જ્ઞાન કરે, તો અંતરમાં સ્વાનુભૂતિ થાય, ગુરુદેવે એ જ માર્ગ બતાવ્યો છે. એ જ કરવાનું છે.**

**જન્મ-મરણ કરતાં કરતાં મનુષ્યભવ મળે એમાં આત્માનું સ્વરૂપ સમજાય એ જ જીવન સફળ છે. બાકી બહારનું તો બધું અનંતકાળમાં મળી ચૂક્યું છે. એક આત્મા નથી મળ્યો. આત્માની પદવી એવી અપૂર્વ છે આચાર્યદેવ કહે છે ને ગુરુદેવ કહેતા કે**

દેવલોક ને બધું મળ્યું બધી પદવી મળી ચૂકી એક આત્માની પદવી નથી મળી જે અનુપમ છે. એ અનુપમ જે એક સમ્યગ્દર્શન ને જિનેન્દ્ર ભગવાન જીવને અનંતકાળમાં મળ્યા નથી. જે અપૂર્વ છે. જિનેન્દ્ર ભગવાન મળ્યા તો પોતે ઓળખ્યા નથી. માટે મળ્યા જ નથી. માટે જિનેશ્વરદેવ ને સમ્યગ્દર્શન બેય દુર્લભ ચીજ છે માટે એ મળ્યા વગરનું રહી ગયું બાકી બધું મળી ચૂક્યું.

માટે આત્માને ઓળખે, આત્માની સ્વાનુભૂતિ કરે એમાં લીનતા કરે તો જેવા જિનેશ્વરદેવ સ્વરૂપ કેવળજ્ઞાન પ્રગટ કર્યું એવો પોતે થઈ શકે છે. જેવું ભગવાનનું સ્વરૂપ એવું આત્માનું છે. માટે આત્માને ઓળખી એને પોતે સિદ્ધ ભગવાન જેવો જિનેન્દ્ર ભગવાન જેવો છે, એને ઓળખે તો ભગવાન જેવા છે, એવી જાતનું પોતે દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા કરતો ભગવાન જેવો થઈ શકે છે. માટે ઈ જ કરવા જેવું છે જીવનમાં. દેવ, ગુરુ, શાસ્ત્રની મહિમા ને જ્ઞાયક ને હૃદયમાં રાખવું, બાકી બહારનું તો અનંતકાળ તો થયા જ કરે છે બસ. એ કરવા જેવું છે. સાધના કરતાં કરતાં પૂર્ણ થાય છે. એ કરવાનું છે. પંચ પરમેષ્ઠી મંગળભૂત ને આત્મા મંગળભૂત છે. મંગળમય આત્મા એને પ્રગટ કરવા જેવો છે ને હૃદયમાં દેવ, ગુરુ, શાસ્ત્રને વસાવવા જેવા છે. (3-105-9)

**શ્રોતા :** એમાંથી આપણને ભાવ આવે તો આપણે કહીએ કે આ કરો, આ કરો, આ કરો, પણ કરવાનું શી રીતે આવે, શુભભાવ ને અશુભભાવ રહે છે.

**પંડિતજી :** આત્મા ને આત્માના ભાવ એટલે પર્યાય બે જુદા હોય તો પછી આમ કરો આમ કરો એમ કહેવાનું રહેતું નથી કારણ કે આત્માથી તો આમ કરો એ જુદું છે.

**પૂજ્ય બહેનશ્રી :** જુદું છે, એનો સ્વભાવ જુદો છે આત્માનો, વિભાવથી આત્માનો સ્વભાવ જુદો છે, પણ એ પોતે જ જોડાય છે, એ પર્યાય એને પોતે પર્યાય એની અશુદ્ધનયથી એની પર્યાય એનામાં થઈ. જે શુભભાવો થાય એ પર્યાય પણ એની અશુભભાવ પણ પર્યાય એની. પણ એ સ્વભાવ એનો નથી. પણ પોતે એમ માને છે, કે આ બધાનો કર્તા હું જ છું, આ બધું મારામાં પેસી ગયું છે. હું મલિન થઈ ગયો, મારામાં આ બધું 'આ શરીર તે હું આ વિભાવપર્યાયો થાય તે હું છું,' એને એકત્વબુદ્ધિ થઈ ગઈ છે. એકત્વબુદ્ધિ તોડવાની છે. કે હું તો જાણનારો ચૈતન્ય તત્ત્વ છું આ બધી પર્યાયો જે થાય, વિભાવની એ મારો સ્વભાવ નથી. એ થાય પોતે જોડાય છે, એટલે થાય છે. એ કાંઈ અદ્ધરથી નથી થાતી કે કોઈ એને પરાણે કરાવતું નથી, પોતે જોડાય છે, પર્યાય એનામાં થાય છે પણ એનો સ્વભાવ નથી. માટે 'હું મારો એ મારો સ્વભાવ નથી, હું એનાથી જુદો છું', એવી શ્રદ્ધા ને જ્ઞાન કરવું કે હું એનાથી જુદો છું મારા એ સ્વભાવો નથી, પણ પોતે એની પુરુષાર્થની એની નબળાઈ છે પોતે સ્વભાવનો પુરુષાર્થ

કરતો નથી એટલે વિભાવમાં જોડાયા કરે છે, એટલે આ કરું, આ કરુ.. આ કરું એમ થાય છે, પણ હું એનાથી અત્યંત જુદો છું, એમ જ્ઞાન કરવું એની શ્રદ્ધા કરવી.

એમ શ્રદ્ધા ને જ્ઞાન યથાર્થ કર પછી એમાં લીનતા થાય, લીનતા ને સ્વરૂપ રમણતા થાય તો એ વિભાવપર્યાયો બધી ટળી જાય કારણ કે એ પોતાનો સ્વભાવ નથી. સ્ફટિક જેમ સ્વભાવે નિર્મળ છે, એમ આત્મા સ્વભાવે નિર્મળ છે, એમાં જે મલિન જે દેખાય સ્ફટિકમાં લાલ ને કાળું ને એવા પ્રતિબિંબો પડે એનો સ્વભાવ નથી પણ એનામાં પડે છે, ખરા એટલે જેમ આત્મા છે, એમાંય વિભાવભાવો થાય છે, પણ એનો સ્વભાવ નથી. પોતે જોડાય એટલે થાય છે, પણ પુરુષાર્થ કરીને 'હું એનાથી જુદો છું' એવું જ્ઞાન કરી, શ્રદ્ધા કરી અને પોતાના સ્વભાવમાં લીનતા કરે એમ કહે છે.

તું જ્ઞાન, દર્શન, ચારિત્ર એવા પ્રગટ કરકે એનાથી ભેદજ્ઞાન, એનું ભેદજ્ઞાન કરવાનું કહે છે. તારા ચૈતન્ય ઉપર દૃષ્ટિ કર કે હું શુદ્ધ છું. હું દ્રવ્ય મારું ચૈતન્યદ્રવ્ય શુદ્ધ છે, આ. વિભાવભાવો મારામાં નથી. એનાથી જુદો છે એ. વિભાવ પર્યાય એનો સ્વભાવ નથી. સ્વભાવ અપેક્ષાએ અત્યંત જુદો છે, પણ એ પર્યાય થાય છે, એનામાં પુરુષાર્થની નબળાઈથી એનામાં થાય છે. માટે ઈ તોડવાનો પ્રયત્ન કરવો એમ.

**(3-105-10)**

**શ્રોતા :** તોડવાપણું એક ભાવ જ છે એમ, પુરુષાર્થ કરવો પણ એક ભાવ છે.

**પૂજ્ય બહેનશ્રી :** એ ભાવ જ છે, પણ એ ભાવ આવ્યા વગર રહેતા નથી. આત્મા નિર્વિકલ્પ તત્ત્વ છે, એનામાં કોઈ જાતના વિકલ્પ નથી. 'આ કરું કે ન કરું.' આ મોક્ષ કરું કે હું આ બંધનથી મુકાઉં એવી બધી ભાવના તો થાય જ્યાં સુધી સ્વભાવ પ્રગટ થયો નથી ત્યાં સુધી ભાવના થાય છે, પણ એ વિકલ્પ મારો સ્વભાવ નથી એવું જ્ઞાન કરે. એ જ્ઞાન કરે ને વચ્ચે આવા ભાવો તો આવે છે. આ સાધનામાં ભાવ તો વચ્ચે બધા આવે છે, પણ એનું જ્ઞાન યથાર્થ કર કે મારું ચૈતન્ય દ્રવ્ય તો અત્યંત નિર્વિકલ્પ તત્ત્વ છે, એમાં કોઈ જાતના વિકલ્પ નથી. પણ એ વિકલ્પ આવ્યા વગર રહેતા જ નથી.

એ પોતે સ્વભાવ તરફ વળે તો વિકલ્પ આવે જ છે. એ વિકલ્પ સાધનામાં એ વિકલ્પ આવ્યા વગર રહેતા નથી. પંચ પરમેષ્ઠી ભગવાનના વિકલ્પ, શ્રુતજ્ઞાનના વિકલ્પ, બધું જાણવાના બધા આ અરિહંત ભગવાન, સિદ્ધ ભગવાન, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ બધાની ભક્તિ આવે, શ્રુતજ્ઞાનનું ચિંતવન આવે, બધું આવે, પણ જેવો સિદ્ધ ભગવાન એવો ચૈતન્યનું સ્વરૂપ નિર્વિકલ્પ તત્ત્વ છે. એવા એના સ્વભાવ મૂળ નથી પણ અધૂરી પર્યાયો છે. સ્વભાવે પૂર્ણ પણ શક્તિરૂપે છે. પ્રગટ નથી માટે

એની પ્રગટતા કરવા માટે વચ્ચે બધા ભાવો આવે પણ એનું જ્ઞાન અને શ્રદ્ધા યથાર્થ કરે, કે આ મારો સ્વભાવ નથી પણ વચ્ચે આવ્યા વગર રહેતો નથી.

પુરુષાર્થ કરીને સ્વભાવમાં રમણતા કરવાનો પ્રયત્ન કરે જ્યારે એને સમ્યગ્દર્શન થાય ત્યારે નિર્વિકલ્પદશા થાય ત્યારે એ બધું છૂટી જાય છે ક્ષણવાર પણ હજી પૂર્ણ નથી થયું એટલે પાછા આવે છે, પણ એની ભેદજ્ઞાનની ધારા એમને એમ રહે છે, કે હું તો પરિપૂર્ણ શુદ્ધ તત્ત્વ છું, પણ આ આવ્યા વગર રહેતા નથી. પછી એની સાધના જેમ જેમ વધતી જાય એમ એ છૂટતા જાય છે. અને એમ સાધના કરતા મુનિદશા આવે ને ક્ષણે ક્ષણે આત્મામાં લીન થાય, નિર્વિકલ્પ સ્વાનુભૂતિ વધતી જાય એટલે એ બધા તૂટતા જાય છે અને પૂર્ણ કેવળજ્ઞાન થાય એટલે તદ્દન તૂટીને વીતરાગદશા થાય છે. માટે જેવો છે, એવો જ્ઞાન ને શ્રદ્ધા બરાબર કરવી એમ. વચ્ચે એ ભાવો આવ્યા વગર રહેતા નથી. ભાવો મારું સ્વરૂપ નથી એમ જ્ઞાન અને એવી શ્રદ્ધા, એવી પ્રતીત કરવાની છે. વચ્ચે એ ભાવો તો આવ્યા વગર રહેતા નથી.

આચાર્ય દેવ કહે છે, કે અરેરે! આ વ્યવહાર છે, પણ એ હસ્તાવલંબનતુલ્ય કહેવામાં આવે છે એ વચ્ચે આવ્યા વગર રહેતો નથી ખેદ છે. કારણ કે સાધકદશા વચ્ચે આવ્યા વગર રહેતી જ નથી. સાધ્ય એક પૂર્ણ આત્મા લક્ષમાં હોય તો એ સાધકદશા વચ્ચે આવે. અધૂરાશ છે માટે હું આ કરું એમ બધો વિચારો એને આવ્યા વગર રહેતા નથી. દર્શન, જ્ઞાન, ચારિત્રના ભેદો આવે છે. હું જ્ઞાન, છું, દર્શન, છું, ચારિત્ર છું એ જાતના ગુણભેદના વિચાર આવે છે, પણ એ પૂર્ણ તત્ત્વમાં એ ગુણભેદના વિચારો પણ એક વિકલ્પ છે, પણ એ જાણે છે બરાબર છે, કે આ વચ્ચે આવ્યા વગર રહેતું નથી. યથાર્થ જ્ઞાન ને શ્રદ્ધા હોય તો યથાર્થ માર્ગે ચાલી શકે છે. જે ભાવનગર ક્યાંય જાવું હોય તો ગામ તો એનું નક્કી કર્યું હોય કે આ રસ્તે જવાય છે તો એનો પગ બરાબર ચાલે છે, એમ શ્રદ્ધા ને જ્ઞાન યથાર્થ જેવો સ્વભાવ છે, એવું જ શ્રદ્ધા ને જ્ઞાન કરે તો એનું આચરણ બરાબર થાય તો પછી એના વિકલ્પ તૂટે છે, એમ.

**(3-105-11)**

**શ્રોતા :** ભગવાનની ભક્તિનો પ્રશસ્ત ઉત્કૃષ્ટ રાગ હોય, અમારે શું કરવું એ વખતે ભક્તિ ગાવાના ભાવ વખતે પણ અમારે ગાવાનું ...

**પૂજ્ય બહેનશ્રી :** હું પૂર્ણ એ વખતે જ જે સમ્યગ્દૃષ્ટિ છે, એ નિરાળો જ રહે છે, એમાં એકત્વબુદ્ધિ ઉત્કૃષ્ટિ ભક્તિ એને આવે, ભગવાનની એવી ભક્તિ આવે પણ એનો આત્મા નિરાળો રહે છે. એ ભક્તિના ભાવમાં એકત્વ થાતો નથી. એ ક્ષણે પણ એ જુદો જ નિરાળો રહે છે, કે આ વિકલ્પ જુદા ને હું જુદો. આ ભક્તિ જુદી નહીં પણ

**આ વિકલ્પ જે રાગના આવે છે, એનાથી હું જુદો ને આ ભક્તિના રાગનો વિકલ્પ જુદો જ છે. એવું ભેદજ્ઞાનની ધારા વર્તે છે. હું એનાથી જુદો છું. (3-105-12)**

**શ્રોતા :** જુદો કહેવાનો અર્થ નિષેધાત્મક વસ્તુ થઈ ને?

**પૂજ્ય બહેનશ્રી : હાં એ પણ સહજ રહે છે આ નિષેધાત્મક છે. વ્યવહારે આદરણીય છે, અને દ્રવ્યદૃષ્ટિમાં નિષેધાત્મક છે, બેય ધારા સાથે રહે છે. એક દ્રવ્યદૃષ્ટિની મુખ્યતા ને નિષેધ કરે અને એક વ્યવહારમાં પાછું એનું આચરણ આદર કરે છે. આદર તો એ ભક્તિ એની એવી આવે કે જાણે એવી ભક્તિ આવે એને. શ્રદ્ધા તો યથાર્થ કરવા જેવી છે. શ્રદ્ધા તો યથાર્થ કરવી. બાકી તો જ્યાં સુધી વિકલ્પમાં બેઠો ત્યાં વિકલ્પ કર્યા કરે. 'આ ભક્તિ તે હું નથી, નથી' કર્યા કરે તો એ વખતે એને ભક્તિ ઉપડવી પણ મુશ્કેલ પડે એમ ભક્તિ કરવા જેવી નથી. એમ કૃત્રિમ કરવા જઈએ તો એને ભક્તિ ઉપડવી મુશ્કેલ પડે છે. ભક્તિ કરતો જાય ને આ હું નથી, આ ભક્તિ મારું સ્વરૂપ નથી, એમ એમ એ વિકલ્પ કરતો જાય તો ભક્તિ, એને ભક્તિ ઉપડવી મુશ્કેલ પડે. ઓલી તો એને સહજ ધારા વર્તતી હોય છે. (3-105-13)**

**શ્રોતા :** જ્ઞાનીને તો ધારા વહે છે.

**પૂજ્ય બહેનશ્રી : એણે અજ્ઞાનીએ એવી ભાવના રાખવી કે હું આ નિરાળું તત્ત્વ છું એમ. હું નીરાળું તત્ત્વ છું. બધા રાગમાં જોડાવું એ મારું મૂળ સ્વરૂપ નથી કે ભગવાન જ બધું મને કરી દે છે, કે ભગવાન જ આમ કરી દે છે, ભગવાન. હું તો ભગવાને જે ભગવાન તો પરિપૂર્ણ વીતરાગ છે. હું મારી ભાવનાથી ભગવાનને કહું છું કે હે ભગવાન 'તમે મને તારો', પણ એ ધ્યાન રાખે કે હું તો ચૈતન્યતત્ત્વ ભગવાન! હું પુરુષાર્થ કરીશ ત્યારે તરીશ. એમ જ્ઞાન તો યથાર્થ કરવું જોઈએ. પણ ભક્તિ કરે ત્યારે એમ ભાવના તો ભક્તિમાં એનો રંગાયેલો હોય એ વખતે 'આ હું નથી'. વિકલ્પ કર્યા કરે કૃત્રિમ તો ભક્તિ ઉપડવી મુશ્કેલ પડે. (3-105-14)**

**શ્રોતાઓ : ભગવતી માતનો જય હો....**
**માતાજીની અમૃતવાણીનો જય હો....**

* * *

## પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી, ભાગ-૩

# તત્ત્વચર્ચા - ૧૦૬

**શ્રોતા :** સમજતાં છતાં રાગ-દ્વેષના ભાવ તો થઈ જાય છે, એને કોઈ કરવાનો ભાવ ન હોય છતાં થઈ જાય છે, એનું કારણ શું છે?

**પૂજ્ય બહેનશ્રી : અનાદિકાળનો અભ્યાસ છે, એમાં જોડાયેલો છે વિભાવમાં, એટલે એ તો થાય છે, પણ એને એકત્વબુદ્ધિ ન કરે, એમાં તન્મય ન થાય એનાથી જુદો રહે, સ્વભાવ નથી એમ.**

**શ્રોતા :** જ્યારે જ્યારે તન્મય થાય ત્યારે ભેદજ્ઞાન કરવું

**પૂજ્ય બહેનશ્રી : જ્યારે આવે ત્યારે ભેદજ્ઞાનનું તો ખ્યાલ રાખવું, સહજ ભેદજ્ઞાન ન હોય તો એને વિકલ્પાત્મક હોય.**

**શ્રોતા :** પછી ભેદજ્ઞાનની ધારા માટેનો પુરુષાર્થ ચાલુ ને ચાલુ રાખવો.

**પૂજ્ય બહેનશ્રી : અભ્યાસ કરે, એવા પ્રશસ્ત કાર્યોની અંદર એ ભાવના રાખે તો જે એમ કૃત્રિમ કરતો જાય તો તો એક એક જાતનો શુષ્ક દૃષ્ટિમાં જાતો હોય એવું એને થઈ જાય, દરેક પ્રશસ્ત ભાવોમાં એમને એમ કર્યા કરે, પણ ભાવના યથાર્થ હોય તો દરેકમાં વિકલ્પ વિકલ્પ... વિકલ્પ, એમ કૃત્રિમતા, યથાર્થ જ્ઞાન કરવાની જરૂર છે, એને પછી. ભેદજ્ઞાન યથાર્થ કેવી રીતે થાય એ અભ્યાસ કરવાની જરૂર છે. (એ અભ્યાસ કેવી રીતે કરવો) એમાં શુભભાવ તૂટી પડે અને શુભમાં ન જાતો હોય અશુભમાં જાય ઉલટાનો એવી પરિસ્થિતિ એને આવે. આચાર્યદેવ કહે છે, કે ને અમે તને ઉંચે ચડવાનું કહીએ છીએ, ઉંચે ચડતા નીચે પડવાનું નથી કહેતા. માટે ઉંચે જા. શુભાશુભભાવ. શુભમાંથી શુદ્ધ ભૂમિકામાં જાવાનું કહીએ છીએ તને. (3-106-1)**

**શ્રોતા :** અર્પણતા નથી આવતી તો ભક્તિભાવમાં આપે જેમ કહ્યું ને કૃત્રિમ લાગે છે, એમ તન્મયતા કરવામાં પણ એમ થાય કે આ તો આપણે કર્યા પછી આપણો જે શુભાશુભ રાગ ભિન્ન છે, એમ જ ખ્યાલમાં આવે અને ભક્તિનો ભાવ તન્મયતા ન થાય તો ભક્તિ પૂરી થતી પણ નથી, આવું બહું જ....

**પૂજ્ય બહેનશ્રી : એ બધાએ એવી ઓલી સહજદશા ન હોય ને એટલે સંકલ્પ-વિકલ્પ થયા કરે. પણ જ્ઞાન યથાર્થ કરવું, એ વખતે વિકલ્પ કર્યા કરવો એવો અર્થ નથી. પણ જ્ઞાન યથાર્થ કરવું કે આ ભક્તિમાં હું નથી, વિકલ્પાત્મક કરવાથી તો એની ભાવના રોકાય જાય એવું છે. જ્ઞાન યથાર્થ કરવું.**

**શ્રોતા :** ભગવાનને ભી પર્યાય, જેમ આપણને જેમ પર્યાય હોય એમ ભગવાનને પર્યાય હોય તો એમને રાગ-દ્વેષની પર્યાય કેમ નથી?

**પૂજ્ય બહેનશ્રી : રાગ-દ્વેષની પર્યાય નથી, એમને શુદ્ધ પર્યાય છે. રાગ-દ્વેષની પર્યાય એમને તૂટી ગઈ, ક્ષય થઈ ગયો, વીતરાગદશા થઈ ગઈ. એવી વીતરાગદશા થઈ. હવે કોઈ દિવસ એમને રાગ-દ્વેષની પર્યાય ઉત્પન્ન જ ન થાય. છાશમાંથી માખણ થાય અને જે માખણ વલોવાય માખણમાંથી ઘી થાય તો એ ઘીનું માખણ કોઈ રીતે ન થાય. એમ એના જે સ્વભાવરૂપે પરિણમી ગયા ભગવાન, જે સ્વભાવ એનો મૂળ સ્વભાવ જ ચૈતન્યનો હતો, જ્ઞાન ને આનંદરૂપે જે કોઈ અપૂર્વ આનંદને અપૂર્વ જ્ઞાન, સહજજ્ઞાન જે એક સમયની અંદર લોકાલોકને પ્રકાશે એવો સહજ જ્ઞાનસ્વરૂપ પોતાને જાણે અને પરને જાણે એવું જ્ઞાન જે એક સમયમાં જાણે એવું જ્ઞાન પ્રગટ થયું એવો આનંદ પ્રગટ થયો એવી અપૂર્વદશા પ્રગટ થઈ. એવી વીતરાગદશા પ્રગટ થઈ એ કોઈ રીતે રાગ-દ્વેષ પછી થાય જ નહીં. તૂટી ગયા અંદર સ્વભાવમાંથી. એ વિભાવ ચાલ્યો જ ગયો. થાય જ નહીં. આત્મામાં અનાદિના સંસ્કાર હતા બધા તૂટી ગયા, તો સ્વભાવના જે સ્વભાવ મૂળ હતો એ પ્રગટ થયો, પ્રગટ થઈ ગયો, સ્થિર થઈ ગયો.**

**(3-106-2)**

**શ્રોતા :** પર્યાય સમજાય છે, એમ શ્રીમદ્ નું વાક્ય, તો પછી એ કંઈ અપેક્ષાએ?

**પૂજ્ય બહેનશ્રી : કેવળજ્ઞાન સમજાય છે, એક અંશમાંથી પૂર્ણ સમજાય છે, એમ હજી પૂર્ણ થયું નથી. જ્ઞાનમાં આવે છે, સ્વાનુભૂતિ જે થઈ એમાંથી એ અંશ ઉપરથી પૂર્ણતા સમજાય છે, અંશમાંથી પૂર્ણતા સમજાય છે**

**શ્રોતા :** બળવંતભાઈએ કીધું કે કંઈ સંભળાવો, આટલા જાગૃત છીએ એને શું સમજાવીએ હીરાભાઈ દુઃખાવો ઓછો થઈ ગયો હિંમતભાઈ ગયા ત્યારે ઓછો છે પણ ઓલા વખતે તો ઘણો દુઃખાવો હતો તોય તે જાગૃતિ તો પોણા ચાર વાગે ખૂબ દુઃખાવો ઉપડ્યો પછી ડૉક્ટરે ઇન્જેક્શન આપ્યું.

**પૂજ્ય બહેનશ્રી : આમ બધા દબાવતા હતા કેટલાય જણા.....**

**શ્રોતા :** આમ સારું લાગે દબાણ માતાજી! મસાજ કરવાથી માલીસ કરવાથી સારું લાગે. પણ તે વખતે એમ કહ્યું મને જે અત્યારે થઈ જાય તો. હું તૈયાર જ છું મને કાંઈ વાંધો નથી અંદરની તત્ત્વની ...

**પૂજ્ય બહેનશ્રી : એના પડકાર બધા જોરદાર છે જોરદાર છે.**

**શ્રોતા :** એક એક વાક્ય અને એક એક શબ્દ, મને ખાત્રી ખરી નથી કલ્પના થાય છે આ તો. કલ્પના જુદી છે અને હું જુદો છું. આટલું તો જોર, બહુ જોર, ગજબનું

જોર, પૂછીએ ને કે લખવું હોય તો લખી લેજો સિદ્ધશીલામાં મળીશ એમ કહે. લખવું હોય તો લખી લેજે આટલું જોર, આવે એ વખતે...

ડૉક્ટરે કીધું કે ઝાડો-પેશાબ બધું, એમણે કહ્યું, મારો પૂર્ણાનંદ અંદર છે.

**પૂજ્ય બહેનશ્રી : બહુ હિંમતવાળા**

**શ્રોતા :** ગજબ જાગૃતિ હતી. આમ મરણ જોવા જેવું, બહુ જોર હતું, એ જે કહેતા હતા જાણે તે આપણને પ્રત્યક્ષ થતું.

**પૂજ્ય બહેનશ્રી : બધા એના વાંચનમાં જાતા**

**શ્રોતા :** અરે ગજબ વાંચન, એના ઉત્તર પણ એવા જ હોય, હવે તો આપ બિના ઉત્તર સંભળાવો આપના પર કેટલી એમની કૃપા હતી, બહુ જ.... માતાજીની તો એટલી કાંઈ ભી કોઈ કહે તો માતાજી........

કાંઈ થયું તો બેનને એમ થયું કેટલી બધી વેદના...કેટલી બધી....

ગમે એમ મારું માથું કપાઈ જાય તોય સત્ય ન છોડું.

**પૂજ્ય બહેનશ્રી : ...... ક્ષણમાં શું થઈ જાય એની કાંઈ ખબર નથી. આત્માનું કરી લેવા જેવું છે.** (શ્રોતા : પોતે તો કરીને વયા ગયા) **એની ઓચિંતાનું એકદમ કોઈ દિવસ દુઃખ એવું આવ્યું નથી.**

**શ્રોતા :** કોઈ દિવસ આવ્યું નથી પરમ દિવસે આવ્યું હશે તો કાલ બોલ્યા. પરમ દિવસ એટલું .... એ બે વાગ્યાનું એકધારું સાત વાગ્યા સુધી. આમને આમ સાંજના હાંફ ચડે, ઘડીકમાં બોલે ઘડીક પાછું આવી જાય મુઠ્ઠી વાળી જાય આંખ્યું મીચી જાય ......... એટલું જોર....... (ઘડીક ફરી જાય) મહાવીર મહાવીર ભગવાન ભગવાન જ્ઞાયક જ્ઞાયક

પંડિતજી : વિભાવો ઓછા થઈ ગયા અંદર જવા.

**પૂજ્ય બહેનશ્રી : અનંતકાળથી આવા જન્મ-મરણ કેટલાય કર્યા છે. કેટલાય જન્મ-મરણ કર્યા, અનંતકાળમાં કેટલાય ને પોતે છોડ્યા, પોતે, પોતે છોડી છોડીને આવ્યો, કેટલાય પોતાને છોડીને ચાલ્યા ગયા, પોતે છોડીને એવા અનંતા જન્મ-મરણ કરતાં કરતાં આવા ગુરુદેવ મળ્યા ને આ માર્ગ મળ્યો બસ એ કરવા જેવું છે, એમને જે ..... ઘણા વર્ષો અહીં રહ્યા ને આ રુચિ રાખી, કેટલા વર્ષો થયા અહીં જ રહેતા હતા.**

**(3-106-3)**

**શ્રોતા :** અઢાર વર્ષ થયા.

**પૂજ્ય બહેનશ્રી : એ કરવા જેવું છે બધાએ જન્મ-મરણ કરતાં કરતાં મનુષ્યભવની અંદર આ ગુરુદેવે માર્ગ બતાવ્યો એ કરીને ભેદજ્ઞાનની ધારા પ્રગટ**

કરીને કરવા જેવું છે. અંદર આત્મા નિર્વિકલ્પ તત્ત્વ કેમ ઓળખાય એ કરવા જેવું છે. જન્મ-મરણ કરતાં આ ભવનો અભાવ કેમ થાય એ કરવા જેવું છે. એવા અનંતા ભવો કર્યા આવા, મનુષ્યના અનંતા, દેવના અનંતા, નારકીના, તિર્યંચના અનંતા અનંતા ભવો કર્યા. એ ભવનો અભાવ કેમ થાય એ કરવા જેવું છે. ગુરુદેવે ભવનો અભાવ કેમ થાય માર્ગ બતાવ્યો છે, કે આત્માને ઓળખ, જ્ઞાયક આત્માને, એમાં સુખ ને એમાં આનંદ છે, એ શાશ્વતો આત્મા છે. બાકી બધા તો આ શરીર ને આ જે જન્મ ધારણ કરે છે, એનું અવશ્ય આયુષ્ય પુરું થાય છે ને મરણ થાય છે માટે આ શાશ્વતો આત્મા એ એક શાશ્વત છે.

દેહ વિનાશી, ને હું અવિનાશી. દેહ તો વિનાશી ને હું તો અવિનાશી છું. એ આત્મા અંદર શાશ્વત છે. ..... પકડવાની હોય છે પોતાની ગતિ પોતે પકડી લેવી, ચૈતન્યની ગતિ એ ખરું છે, એ જ કરવાનું છે. એ જ કરવા જેવું છે. કેટલાય જન્મ-મરણ કર્યા, કેટલા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, કેટલા પરાવર્તનો પોતે એક પુદ્ગલના કેટલા અનંતા, પુદ્ગલો ગ્રહ્યા ને છોડ્યા કોઈ જગતમાં એવું પુદ્ગલ બાકી નથી જે ગ્રહણ કરીને છોડ્યું ન હોય. આકાશાસ્તિકાયના દરેક પ્રદેશે જન્મ-મરણ કર્યા. કાળના સમયોની અંદર કેટલા કાળ પરાવર્તનો કર્યા બહારના પરાવર્તનો એવા ભવના અનંતા અનંતા કર્યા છે, પણ ભવનો અભાવ કેમ થાય એ કરવાનું રહે છે.

ગુરુદેવે માર્ગ બતાવ્યો છે. એ છે અંદર જ્ઞાયક આત્માને ઓળખવો એ શાશ્વતો આત્મા, જન્મ-મરણ, જન્મ-મરણ તો થયા જ કરે છે. એવા અનંતા જન્મ-મરણ થયા. ઓચિંતાનું અરે શું થાય? એ ખબર નથી તો પોતાને ખ્યાલ નથી આવતો. પોતાને ખ્યાલ આવે તો શું? અંદર અંદર શાશ્વતો આત્મા છે, એ જ ગ્રહણ કરવા જેવો છે. એને જ ઓળખવા જેવો છે. આત્મા આનંદ સ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ એમાં અનંત ભંડાર ભર્યો છે, એ કરવા જેવું છે. અનંતી શક્તિનો ધરનારો, અનંત શુદ્ધ પર્યાયો એમાંથી પ્રગટે છે, પ્રગટ કરવાયોગ્ય છે. બાકી આવું તો થયા જ કરે છે. શાસ્ત્રમાં આવે છે ને કે તે અનંતા જન્મ-મરણ ને આ તારા મરણથી તારા માતા રોવે એના અનંતા સમુદ્ર ભરાય એટલા તે જન્મ-મરણ કર્યા છે. એ જન્મ-મરણનો કાંઈ પાર નથી.

એક ગુરુદેવ આ પંચમકાળમાં મળ્યા ને બધાને માર્ગ બતાવ્યો એ ભાગ્યની વાત છે. એ માર્ગે ચાલવા જેવું છે તો ભવનો અભાવ થાય. ભવનો અભાવ કેમ થાય એ કરવા જેવું છે. હવે આવા ભવો જ ન થાય, કે જેમાં જન્મ-મરણ અંદર વિભાવ પરિણતિ, વિભાવ પરિણતિ છે, એ જ દુઃખ. આત્માનો સ્વભાવ નથી. એ દુઃખમય છે, આકુળતામય છે. ને અંદર સ્વભાવ પરિણતિ કેમ પ્રગટ થાય, સ્વભાવ ઓળખીને

ચૈતન્ય દ્રવ્યને ઓળખીને ચૈતન્યની શુદ્ધ પર્યાય પ્રગટ થાય તો એમાં સુખ ને આનંદ છે પોતાનો સ્વભાવ સુખરૂપ છે. વિભાવ હમેશા દુઃખરૂપ જ છે.

માટે વિભાવ તરફથી દૃષ્ટિ ઉઠાવીને સ્વભાવ તરફ દૃષ્ટિ કરે, દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવી. અંતરમાં શુદ્ધ પરિણતિ પ્રગટ કેમ થાય એ કરવા જેવું છે. એ જ કરવા જેવું છે. એ તીર્થંકરો ને મહા ચક્રવર્તીઓ ને બધાય આત્માનું ધ્યાન કરે, જંગલમાં જઈને આત્માની સાધના કરતાં હતા. આગળના માણસો એક પાણીના ઓલા પરપોટા જેવું ઓલા ઝાકળના બિંદુ દેખીને, વિલય થાય દેખીને એને વૈરાગ્ય આવી જાતો હતો ને દીક્ષા લઈ લેતા હતા. આવો એ સંસાર આવો છે. તીર્થંકરો એવું કાંઈક દેખીને દીક્ષા લઈને ચાલી નીકળે, એવો આ સંસાર છે.

શાશ્વતો આત્મા છે, આત્માનું ધ્યાન કરવું, મુનિદશા અંગીકાર કરીને, સાધના કરીને, કેવળજ્ઞાન પ્રગટ કરવું એ માર્ગ ઈ જ છે. બધાના એને જ એ માર્ગને આદરે છે, ચૈતન્યના માર્ગે જ જાય છે. તીર્થંકરો, ચક્રવર્તીઓ બધા એ જ માર્ગે જાય છે. એ માર્ગ ગ્રહણ કરવો પહેલાં સમ્યગ્દર્શન અંશ પ્રગટ થાય પછી એની પૂર્ણતા પ્રગટ થાય સંસાર એવો જ છે. દેવ, ગુરુ, શાસ્ત્ર હૃદયમાં ને જ્ઞાયક આત્મા હૃદયમાં રાખવા જેવો છે. ''વિદ્યુત લક્ષ્મી પ્રભુતા પતંગ, આયુષ્ય તે તો જળના તરંગ'' એવું શ્રીમદ્ લખે છે એવું છે. એ ત્યાં ક્ષણનો પ્રસંગ ન્યાં ક્યાંય રાચવા જેવું નથી. એક આત્મામાં જ આત્માને ગ્રહણ કરવા જેવો છે. એમાં તૃપ્તિ ને એમાં સુખ ને એમાં આનંદ છે તે કરવા જેવી છે. શાંતિવાળા હતા તમને કહી ગયા છે તમારે શાંતિ રાખવી (3-106-4)

**શ્રોતા :** કાંઈક કરવું હોય તો સાથે કરશું—બહુ યાદ આવે છે.

**પૂજ્ય બહેનશ્રી :** આત્માને ઓળખીને એનું ભેદજ્ઞાન કરવા જેવું છે. અંદર નિર્વિકલ્પ તત્ત્વ છે, એની અનુભૂતિ કેમ થાય એ કરવા જેવું છે. ન અર્થ સમજાય તો (એકદમ એને) ...એકદમ ..... કેટલા વર્ષોથી અહીં રહેતા હતા. (૧૮ વર્ષથી ઘર હતું...) આત્મા શરણ, પંચ પરમેષ્ઠી શરણ, મંગળ, ઉત્તમ બધું આત્માને પંચપરમેષ્ઠી છે. બીજું તો બધું સંસારમાં ચાલ્યા જ કરે. એના પરમાણુ બધું સ્વતંત્ર એ સ્વતંત્ર પરિણમે આત્મા એને કાંઈ ફેરવી શકતો નથી. આત્મા સ્વતંત્ર, પોતાના ભાવ પોતે ફેરવી શકે છે. એ ભાવ એ ક્યાં વિભાવભાવ એનો સ્વભાવ નથી. પોતે એનાથી જુદો છે. સ્વભાવ છે, એને ઓળખે અંતર એની જ્ઞાન ને દ્રવ્ય, દૃષ્ટિ કરીને અંદર લીન થાય એ જ કરવા જેવું છે. એ જાત્રામાં... (તમારી હારે જાત્રામાં આવ્યા હતા તમારી મોટરમાં જ.) મોટરમાં જ. એ તો જે છે, એને ઓળખવા જેવો છે. આત્માને ગ્રહણ કરવા જેવો છે. (3-106-5)

**પંડિતજી :** વચનામૃત પર ઓલું જોરદાર બોલતા હતા તે બધું પાછું ...... એવું ન બોલાય.... વચનામૃત તમારા ઓલા ....... જે ..... (શ્રોતા : એ છેલ્લે ઘડી સુધી એવું ને એવું જોર.) એમ નહીં કે પછી ઢીલા પડ્યા. અંદર ઘોલન ચાલે છે સ્વર્ગથી પણ અધિક સુખી આપણે કઈ ગભરાઈ જાય આ તો મારું બધું ફરી ગયું આ ખાટલામાં કેમ કાઢું ? કે આ તો સ્વર્ગથી અધિક સુખ થઈ ગયું આ તો.

**પૂજ્ય બહેનશ્રી : ગુરુદેવે બતાવ્યો જે માર્ગ ગ્રહણ કરવા જેવો છે. વર્ષો સુધી બધાને જાગૃત કર્યા છે. વાણી વરસાવી છે. આખા હિન્દુસ્તાન, ભરતક્ષેત્રમાં કેટલાય જીવો જાગૃત થઈ ગયા છે. આત્મા, આત્માની વાતુ કરીને. એનો સ્વભાવ બતાવ્યો ગુરુદેવે આત્માનો. એમની વાણી અપૂર્વ હતી. વાણીમાં એકલો આત્મા જ બતાવતા હતા. ગુરુદેવે ખરો માર્ગ તો બતાવ્યો બધાને ક્રિયામાં પડ્યા હતા એને ઊંચા લાવી દીધા. આપણે તો એમના દાસ છીએ એમણે બધો માર્ગ બતાવ્યો. (3-106-6)**

**ચત્તારિ મંગલં, અરહંતા મંગલં, સિદ્ધા મંગલં, સાહૂ મંગલં,**
**કેવલી પણ્ણત્તો ધમ્મો મંગલં**
**ચત્તારિ લોગુત્તમા, અરહંતા લોગુત્તમા, સિદ્ધા લોગુત્તમા, સાહૂ લોગુત્તમા,**
**કેવલિપણ્ણત્તો ધમ્મો લોગુત્તમો.**
**ચત્તારિ શરણં પવ્વજ્જામિ, અરહંતે શરણં પવ્વજ્જામિ, સિદ્ધે શરણં પવ્વજ્જામિ,**
**સાહૂ શરણં પવ્વજ્જામિ, કેવલિપણ્ણત્તં ધમ્મં શરણં પવ્વજ્જામિ.**
**ચાર શરણ, ચાર મંગલ, ચાર ઉત્તમ કરે જે, ભવસાગરથી તરે તે,**
**સકલ કર્મનો આણે અંત, મોક્ષ તણા સુખ લહે અનંત,**
**ભાવ ધરીને જે ગુણ ગાય, તે જીવ તરીને મુક્તિ જાય,**
**સંસારમાંહિ શરણ ચાર, અવર શરણ ન કોઈ,**
**જે નર-નારી આદરે, તેને અક્ષય અવિચલ પદ હોય,**
**અંગૂઠે અમૃત વસે, લબ્ધિ તણા ભંડાર,**
**ગુરુ ગૌતમને સમરિયે તો સદાય મન વાંછિત ફળ દાતાર.**

**શ્રોતાઓ : ભગવતી માતનો જય હો....**
**માતાજીની અમૃતવાણીનો જય હો....**

* * *

## પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી, ભાગ-૩

# તત્ત્વચર્ચા - ૧૦૭

**શ્રોતા :** ....

**પૂજ્ય બહેનશ્રી :** જીવે અનંતા પરાવર્તન કર્યા. જગતના જેટલા પરમાણુને બધાને ગ્રહણ કરી ચૂક્યો, કોઈ એવા લોક કાંઈક ખાલી બાકી છે? તો એવા કોઈ પરમાણુ નથી કે જે જીવે ગ્રહણ કર્યા ને છોડ્યા ન હોય એવા પરાવર્તનો દ્રવ્ય પરિવર્તન, આકાશના આકાશીસ્તિકાયના પ્રદેશે પ્રદેશે પરાવર્તન એ તો કાળના પરાવર્તન એને બધી જે કાળના પરાવર્તન જે કાળ અવસર્પિણી ઉત્સર્પિણીના જે જન્મી મરી ચૂક્યો છે બધા કરી ચૂક્યો છે. એના ભાવના જે અધ્યવસાયો એ બધા કરી ચૂક્યો છે. એવા અનંતા પરાવર્તનો કર્યા જીવે. એવો અનંત કર્યું કાળ જુઓ તો અનંત, કાંઈ પાર નથી એટલું કરી ચૂક્યો છે, એ. એટલા જન્મ-મરણ કર્યા, આકાસ્તિકાયના પ્રદેશે, પ્રદેશે જન્મી-મરી ચૂક્યો છે. જગતના બધા પરમાણુ એને ગ્રહણ કરીને છોડ્યા છે. અવસર્પિણી, ઉત્સર્પિણીના જેટલા સમયો થાય એ પ્રમાણે એનું પરાવર્તન એ કરી ચૂક્યો છે પછી એની ગણતરી તો બહુ લાંબી આવે છે. પરાવર્તન ને એના ભાવો બધા કરી ચૂક્યો અધ્યવસાનો.

અવસર્પિણી ને ઉત્સર્પિણીના કાળ ને અધ્યવસાન એ બધા એને બધે એણે એય ન કર્યું .... એકલા કર્યા, ઘણીવાર ક્રિયાને લઈને મુનિએ થઈ ગયો, બધું થઈ ગયો, ક્રિયાકાંડો કર્યા, બધું છોડીને વયો ગયો પણ અંદરથી આત્માને ઓળખ્યો નહીં અને ગ્રહણ કોઈ એવા સાચા દેવ, કે ગુરુ કે એને કોઈ અર્પણતા કરી નહીં કે એને ગ્રહણ કર્યું નહીં. આત્માને ગ્રહણ કર્યો નહીં એટલે અનંતા .... અનંતકાળથી જીવને બધું મળી ચૂક્યું છે, પણ એક સમ્યગ્દર્શન અને જિનેન્દ્રદેવ નથી મળ્યા એવું શાસ્ત્રમાં આવે છે. જિનેન્દ્રદેવ મળ્યા પણ પોતે ગ્રહણ–ઓળખ્યા નથી. એટલે સાચા દેવ ને ગુરુ એને મળ્યા જ નથી જો મળ્યા તો એણે સ્વીકાર્યા નથી માટે. સાચા દેવ, ગુરુ મળ્યા નથી ને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ નથી. એ બેય ચીજ એને અપૂર્વ એને રહી ગઈ છે. બીજું બધું કાંઈ એને અપૂર્વ નથી. બધુંય કરી ચૂક્યો, દેવલોકના અનંતા ભવો કરી ચૂક્યો છે. દેવલોકમાં એ કેટલાય અનંતવાર જન્મી-મરી ચૂક્યો, નરકમાં અનંતવાર જન્મી મરી ચૂક્યો, તીર્યંચના અનંતા ભવો કરી ચૂક્યો, મનુષ્યોના અનંતા કરી ચૂક્યો, બધું કરી ચૂક્યો પણ એ પદવી કોઈ એને અપૂર્વ નથી. રાજા થયો, શેઠ થયો, બધું એ કોઈ

પદવી અપૂર્વ નથી. એક અપૂર્વ પદવી જે સમ્યગ્દર્શનની પદવી એ હે પ્રભુ! એ પદવી કોઈ અપૂર્વ મને મળી નથી. એ અનંતકાળમાં જીવને મળી નથી એક. અને એક સાચા દેવ ને ગુરુ એને મળ્યા નથી કારણ કે એણે સાચા ભાવથી સ્વીકાર્યા નથી માટે એને મળ્યા જ નથી.

મળ્યા આમ કહેવાય કે એને અનંતવાર મળ્યા, ભગવાન મળ્યા, ગુરુ મળ્યા પણ એણે ગ્રહણ કર્યા નથી. માટે મળ્યા જ નથી. એણે સ્વીકાર્યા નથી. સાચા દેવ, ગુરુને અંદર હૃદયથી સ્વીકારે તો એનો મોક્ષ થયા વગર રહે નહીં. સ્વીકારે એટલે કે પોતે અંતરમાં ભળીને પોતાના આત્માનું ધ્યેય રાખીને અને એમના આત્માને ઓળખીને સ્વીકારે જે જિનેન્દ્રદેવને ઓળખે એ આત્માને ઓળખ્યા વગર રહેતો નથી. જે સાચા ગુરુને ઓળખે એ આત્માને ઓળખ્યા વગર રહેતો નથી. એવા અને આત્માને ઓળખે એ સાચા દેવ, ગુરુને ઓળખ્યા વગર રહેતો જ નથી. પણ ખરી રીતે એને ઓળખ્યા જ નથી. સાચા દેવ, ગુરુને ઓળખે, એના આત્માને ઓળખ્યો નથી. માટે પોતાના આત્માને ઓળખ્યો નથી. સાચું અંદર હૃદયમાંથી એણે સ્વીકાર કર્યો જ નથી.

એ પોતે આત્મા કોણ છે? જિનેન્દ્રદેવનો આત્મા કોણ છે? ગુરુનો આત્મા કોણ છે? એણે હૃદયથી ગ્રહણ કર્યો નથી. એમના આત્માને ઓળખે તો પોતાના આત્માને ઓળખ્યા વગર રહે નહીં. અને પોતાના આત્માને ઓળખે તો ભગવાનને ઓળખ્યા વગર રહે નહીં એવો નિમિત્ત, ઉપાદાનનો સંબંધ છે, પણ એ એણે ગ્રહણ કર્યો છે. અનંતકાળથી દેશનાલબ્ધિ થઈ નથી એટલે કે દેશના તો મળી પણ પોતે અંદર ગ્રહણ કર્યો નથી. જો અંદરથી દેશના ગ્રહણ કરે તો એને સમ્યગ્દર્શન થયા વગર રહે જ નહીં. અનાદિકાળમાં એકવાર તો સાચા દેવ ને સાચા ગુરુ એને મળવા જોઈએ એવો નિમિત્ત-ઉપાદાનનો સંબંધ છે, પણ મળ્યા છે, પણ સ્વીકાર્યા નથી–એમ.

દેશનાલબ્ધિ થાય અનાદિકાળથી પણ દેશના પોતે ગ્રહણ કરી નથી. એવો નિમિત્ત-ઉપાદાનનો સંબંધ છે. પોતે તૈયાર થાય તો દેવ ને ગુરુ મળી જ જાય. પોતાની તૈયારી નથી. દેવ, ગુરુ એને મળ્યા નથી મળ્યા તોય નથી મળ્યા એમ. આ ભવમાં આવા ગુરુ મળ્યા અને પોતે તૈયારી કરે તો એ ખરું છે તો એને નિમિત્તને નિમિત્ત તરીકે સ્વીકાર્યું છે. પોતાના ઉપાદાનની તૈયારી કરે તો. પરમાત્મપ્રકાશમાં આવે છે ને સમ્યગ્દર્શન ને જિનવરસ્વામી મળ્યા. એ પદવી અપૂર્વ છે. એ બધું પ્રાપ્ત થઈ ગયું. બીજું કાંઈ અપૂર્વ નથી. બધું મળી ચૂક્યું છે. દેવ, ગુરુને ઓળખી લે, એના આત્માને ઓળખી લે તો તારો આત્મા તને ઓળખાશે, શું કહી રહ્યા છે? એનો આશય શું છે? એને ગ્રહણ કરી લે તો તારો આત્મા તને ઓળખાશે.

**એટલે અંતરમાં તારી તૈયારી કર તો, તારા ઉપાદાનની તૈયારી કર તો નિમિત્ત તને યથાર્થ ગ્રહણ થશે, નિમિત્તમાં ઉપદેશમાં શું કહેવા માગે છે, નિમિત્ત તો મહાબળવાન, ગુરુદેવ મહા જોરદાર ઉપદેશક પણ પોતાની તૈયારીથી પોતે ગ્રહણ કરે તો થાય, ઉપદેશ તો એવો, બધાને ભેદજ્ઞાન થઈ જાય ને આત્માની સ્વાનુભૂતિ થઈ જાય એવી જાતનો એમનો ઉપદેશ હતો પણ સૌના લાયકાત પ્રમાણે ને તૈયારી પ્રમાણે ગ્રહણ થાય છે. (3-107-1)**

**શ્રોતા :** એ કોઈ અપૂર્વ માગે.

**પૂજ્ય બહેનશ્રી : વેદના વખતે જ્ઞાયક યાદ રાખવો, એ તો એટલી તૈયારી હોય તો ગુરુદેવને પ્રતાપે આટલું, આટલા સંસ્કાર અંદર હોય તો જ રહી શકે.**

**શ્રોતા :** એવું યાદ રાખવાથી એ જાતનો કોઈ ઉંચા પ્રકારનો શુભ...

**પૂજ્ય બહેનશ્રી : સહજદશા તો હોય નહીં પણ તોય ભાવના એવી ઊગ્ર રાખે તોય તે એને લાભ તો છે એને પોતાને. એકત્વબુદ્ધિ એટલી પોતાને અનંતકાળ અનંતકાળથી એકત્વબુદ્ધિ થઈ રહી છે, એનું ભેદજ્ઞાન કરવાનો પ્રયાસ કરે છે તો પણ સારું છે. એ તરફ વલણ તો કરે છે.**

**શ્રોતા :** ફક્ત ભેદજ્ઞાન પણ અપૂર્વ છે આ પ્રકારનું જ્ઞાયકની દૃષ્ટિ રાખવાની ......

**પૂજ્ય બહેનશ્રી : ખરી અપૂર્વતા તો સહજદશા થાય એ ખરી એ અપૂર્વતા તો એ છે. આને અપૂર્વ એનો પ્રયત્ન અપેક્ષાએ અપૂર્વ વાસ્તવિક અપૂર્વતા તો એ સહજદશા થાય એ છે, પણ એનો પ્રયત્ન કરવો પણ સારો છે એમ. એની સમીપ થવાનું કારણ થાય છે. યથાર્થ પુરુષાર્થ હોય તો એને સમીપ થવાનું કારણ થાય છે. સાચી અપૂર્વતા તો ભેદજ્ઞાન થાય ત્યારે કહેવાય. શ્રદ્ધા એ દૃઢ થાય, પ્રયત્ન કરે, શ્રદ્ધા દૃઢ થાય 'હું જ્ઞાયક છું, જ્ઞાયક છું, જ્ઞાયક છું' એમ વારંવાર ગોખવા પૂરતું નહીં પણ અંતરથી રુચિપૂર્વક કરતો હોય છે. શ્રદ્ધા એને જ્ઞાન સાથે હોય છે. સાચું તો આ જ છે ને. ગુરુદેવે માર્ગ બતાવ્યો, ખરે ટાણે એ અંદર જ્ઞાયક હાજર થાય એ ખરું છે. અંદર વેદના વખતે પણ શાંતિ ને પોતે 'હું જુદો છું, જુદો છું' તો એને શાંતિ રહે અનંતકાળમાં બધું બહારનું કર્યું, શુભભાવો કર્યા પણ આ અંદર જ્ઞાયકને ઓળખ્યો નથી. એ તરફનો પ્રયત્નેય કર્યો નથી અને એ તરફની રુચિ કરી નથી અને અનંતકાળે સાચો (પ્રયત્ન) એ સાચું કરે તો અવશ્ય એનું કારણ બને છે. (3-107-2)**

**શ્રોતા :** રુચિ હોય આત્માની લોકોને બહુ કાંઈ પ્રતિકૂળતા હોય એવું બીજું કાંઈ બને તો પાછો અંદર ફરક પડી જાય સતત નથી થાતું એનું શું કારણ ?

**પૂજ્ય બહેનશ્રી : અનાદિકાળનો અભ્યાસ છે ને એટલે એને બીજામાં, એમાં તણાઈ જાય છે, પણ એને માટે વારંવાર વારંવાર પ્રયત્ન કરવો કે સાચું તો આ જ છે. સાચું આ જ્ઞાયકમાંથી અંતરમાંથી જે જ્ઞાન, દર્શન, ચારિત્ર, સુખ, આનંદ જે પ્રગટે એ સાચું ખરું એ જ છે, અને કરવા જેવું એ છે. એની મહિમા, એની લગની વારંવાર પ્રયત્ન કરીને ફેરવ્યા કરે તો એ કરવા જેવું. આ અભ્યાસ અનાદિનો છે, એટલે એ તરફ ચાલ્યો જાય છે, પણ ખરું એ છે. અંતરમાં હું નિર્વિકલ્પ તત્ત્વ છું આ દેહ મારો નથી. હું દેહથી અતીત, વચનથી અતીત અને વિકલ્પથી અતીત ચૈતન્ય તત્ત્વ છું. આ શરીરમાં રોગ આવે એ પણ હું નથી હું તો રોગ વગરનો જ્ઞાયકમાં રોગ પ્રવેશ કરતો નથી આત્મામાં.**

**આત્મા તો જ્ઞાનઘન છે, આનંદઘન છે, એમાં કોઈ બહારનું, કોઈ રોગ, પદાર્થ એમાં પ્રવેશ કરતો નથી. એની બહારની કોઈ જાતની વિક્રિયા થાય કે મારા આત્મામાં પ્રવેશ કરતી નથી. હું તો અત્યંત જુદો છું એવી ભાવના કરે વારંવાર એનો પ્રયત્ન કરે તો એ પ્રગટ્યા વગર રહેતો નથી. (અજ્ઞાનીને) મરણ તણી બીક છે. જ્ઞાનીને આનંદની લહેર છે. પણ જે જ્ઞાનદશા નથી પ્રગટી તો એને પોતે ભાવના કરે કે જ્ઞાનદશાની એની સમય ફાળવીને તો એ એને આનંદ ને ઉત્સાહ પ્રગટે છે. ભલે આત્માનો આનંદ એ જુદી વાત છે, પણ એ તરફનો પ્રયત્ન કરે તો એને અંતરમાં એવી જાતની શાંતિ અને આનંદ રહે છે.**

**એવી ભાવના ઉગ્ર હોય તો એ જાતના પુણ્ય બંધાય તો એ જાતનો સંયોગ બની આવે છે, પણ એને ભાવના વખતે તો 'હું તો નિરાળું તત્ત્વ છું, હું તો ચૈતન્ય છું' અને શુભભાવનામાં દેવ, ગુરુ, શાસ્ત્ર અને અંદર ચૈતન્ય હું તો નિરાળો બધાથી, એવું ભાવના તો એવી 'હું નિરાળો છું' પણ એમાંથી જે પુણ્ય બંધાય છે. દેવ, ગુરુ, શાસ્ત્રના જે શુભ પરિણામ હોય છે, પુણ્ય બંધાય, એ પુણ્યને લઈને એવી જાતના સંયોગ પાછા બની આવે છે. સાથે રહે છે, એનાથી પુણ્ય બંધાય છે. એ પુણ્યથી બધા સંયોગો આવે પણ એનું ધ્યેય તો જ્ઞાયક ઉપર જ હોવું જોઈએ, મને જ્ઞાયક આત્મા કેમ ગ્રહણ થાય? એના હૃદયમાં દેવ, ગુરુ, શાસ્ત્ર એ તો દેવ, ગુરુ, શાસ્ત્ર મને મળે એવી ભાવના હોય શુભભાવના, પણ એ જાતનો એને પુણ્ય બંધાય છે, તેવા સંયોગ બની આવે.**

**(3-107-3)**

**શ્રોતા :** ...... લાગે છે એમાં જ્ઞાયક તત્ત્વ તો એટલું સૂક્ષ્મ લાગે છે, કે આ ભાવ પમાશે કે નહીં? ક્યારેક એવું થઈ જાય છે.

**પૂજ્ય બહેનશ્રી :** એ સૂક્ષ્મ, તો એને સ્થૂળ ઉપયોગ થઈ ગયો એની અપેક્ષાએ સૂક્ષ્મ છે. બાકી પોતે જ છે. પોતે પોતાથી કાંઈ દૂર નથી. પોતે જ છે પોતાની સમીપ છે, સમીપે શું કહે 'પોતે જ છે, બીજું કોઈ નથી.' આ જેમ બહારમાં એકત્વબુદ્ધિ, શરીરમાં, વિભાવોમાં એકત્વબુદ્ધિ થઈ રહી એ જેમ દેખાય છે, એ તો સ્થૂળ દેખાય છે, પણ અંતરમાં એને જાણનારો પોતે જ છે બીજો નથી, કે આ શરીરથી જુદો આ વિકલ્પો થાય એ બધા પર્યાયો બધી ચાલી જાય ને જાણનારો હું ઊભો છું, મારું અસ્તિત્વ ઊભું છે, કે જે એનું જાણનારો છે શું શું બની ગયું, શું વર્તમાન ગયો કાળ એ તો બધો એને ખ્યાલમાં છે. એ બધું એનો જાણનારો ઊભો જ છે અને એ પોતે જ છે. એ સૂક્ષ્મ એને સ્થૂળ ઉપયોગની અપેક્ષાએ, બાકી દ્રવ્ય કાંઈ પોતે પોતાની અપેક્ષાએ સૂક્ષ્મ નથી. પોતે પોતાનાથી સ્પષ્ટ પ્રત્યક્ષ છે, પણ એ પરની પર તરફ ઉપયોગ ગયો માટે એ સૂક્ષ્મ થયો, પણ પોતે પોતાથી સ્પષ્ટ પ્રત્યક્ષ છે. પોતે પોતાને પકડવો એ કાંઈ અનાદિકાળનો અભ્યાસ નથી માટે એને દુર્લભ છે, પણ પોતે જ છે માટે સુલભ છે.

આચાર્યદેવ કહે છે અનાદિકાળથી નથી પ્રગટ થયું માટે દુર્લભ છે, પણ ઓલું તો પરને પોતાનું કરવું એ દુર્લભ છે. આ તો પોતે જ છે માટે પોતે પોતાને ગ્રહણ કરવો એ સુલભ છે અને સ્પષ્ટ પ્રત્યક્ષ છે. એવો સૂક્ષ્મ એવી જાતનો નથી કે પોતાને પકડી ન શકાય. પોતે જ છે બીજો કોઈ નથી, પણ તું પોતે પોતાને ભૂલી ગયો તારું અસ્તિત્વ અંદર તું પોતે જ છો એને ગ્રહણ કર તો પોતે જ છે બીજો કોઈ નથી એમ. બધી જે પર્યાયો થઈ રહી એની અંદરમાં જોવે કે એનો જાણનારો કોણ છે? પોતે જ છે બીજો કોઈ નથી.

એ સ્વયં જ્ઞાયક તત્ત્વ સ્વયં ચૈતન્યદેવ પોતે જ છે. સ્પષ્ટ પ્રત્યક્ષ છે. પહેલા એને શ્રદ્ધામાં ગ્રહણ થાય છે, સ્વભાવના લક્ષણ ઓળખીને ગ્રહણ થાય છે, એવી જાતની શ્રદ્ધા થાય છે, પછી એ જાતનો અભ્યાસ કરતાં કરતાં એને નિર્વિકલ્પ સ્વાનુભૂતિમાં સ્પષ્ટ પ્રત્યક્ષ એનું વેદન થાય છે, પણ એ કેવળજ્ઞાનની અપેક્ષાએ પરોક્ષ હોય, પણ વેદન અપેક્ષાએ તો સ્પષ્ટ પ્રત્યક્ષ છે. એ કાંઈ છાનું નથી. પોતાનું પોતે વેદનમાં આવી શકે એવો છે, અને શ્રદ્ધામાં પણ આવી શકે એવો છે, એ શ્રદ્ધા કાંઈ એવી કાંઈ અદ્ધરથી કરવાની નથી. પોતાના લક્ષણ ઓળખીને અંતરમાંથી શ્રદ્ધા થઈ શકે છે. પોતાનો સ્વભાવ ઓળખી લ્યે છે, માટે ઈ પણ પ્રત્યક્ષ છે. કાંઈ એવો પોતાથી દૂર નથી એમ.

જેમ વિકલ્પાદિનું વેદન થાય છે રાગાદિનું, દ્વેષનું બધાનું વેદન જેમ એને વેદન છે, એમ પોતે પોતાનું જ્ઞાનનું જ્ઞાન જાણનારો છે, એ પણ સ્પષ્ટ છે. એનું સ્પષ્ટ વેદન

એટલે સ્વાનુભૂતિનું વેદન નહીં, પણ જ્ઞાનનું લક્ષણ ઓળખીને એ પણ એને ઓળખી શકે છે. ચાહે સૂક્ષ્મ પણ અરૂપી એ કાંઈ બીજો નથી પોતે જ છે. અરૂપી પોતે જ છે. બીજો બીજા અરૂપીની વાત નથી. પોતાની વાત છે. માટે પોતે પોતાથી કાંઈ છાનો હોય જ નહીં. પોતે જ છે, એમ. (3-107-4)

**શ્રોતા :** પ્રત્યક્ષ હોય શક્તિરૂપ તત્ત્વને સ્પષ્ટ પ્રત્યક્ષ.

**પૂજ્ય બહેનશ્રી :** શક્તિરૂપ તો એની શુદ્ધ પર્યાયો છે ઈ બધા ગુણ અનંતા છે, એની શક્તિઓ, એની જ્ઞાનની ને એની શક્તિ ઓછી થઈ ગઈ એટલે શક્તિરૂપે પણ એ કાંઈ આખું તત્ત્વ, શક્તિરૂપે એટલે કાંઈ ગુમ થઈ ગયું છે એવું નથી. એની પ્રગટ પર્યાયો શક્તિરૂપે છે, કે જ્ઞાનની જે અનંતી જે પર્યાય જે અનંત શક્તિ જે વેદનમાં આવે એ બધું શક્તિરૂપે છે, એની એકદમ નિર્મળ પર્યાયો લોકાલોકને જાણે એની બધું એ શક્તિરૂપે છે, પણ એટલે એ જ્ઞાયક તત્ત્વ શક્તિરૂપે એટલે કાંઈ ગુમ નથી થઈ ગયું, શક્તિનો અર્થ એવો નથી કે છાનું દબાઈ ગયું છે, શક્તિ પણ એ સ્પષ્ટ છે, એની શક્તિ પણ સ્પષ્ટ છે, એમ.

જેમ ફળ ને ફૂલ ને બધું થાય છે, એનું જે બીજ હોય તે બીજમાં બધી શક્તિ હોય છે, પણ એ બીજ એવી જાતનું નથી કે ગુમ થઈ ગયું. એ બીજનું અસ્તિત્વ છે, એમ જ્ઞાયક તત્ત્વનું અસ્તિત્વ છે. બધો આનંદનો, ચારિત્રનો બધા ગુણનો અંશ એટલે કે એ બધું શક્તિરૂપે બધું નાશ નથી પામી ગયું. શક્તિ છે, એટલે. એનો અમુક ભાગ તો ખુલ્લો જ રહે છે. જ્ઞાનનો અમુક તો ઉઘાડ રહે છે. (નહીં તો) જાણી જ ન શકે. જ્ઞાનનો ઉઘાડ રહે છે. તો એ એવું શક્તિરૂપે નથી કે કાંઈ જાણી જ ન શકે. જ્ઞાનનો અમુક ઉઘાડ તો રહે જ છે એને, એમ શાંતિનો અમુક ભાગ રહે છે. કારણ કે એ વેદનમાં એવો તન્મય નથી થાતો કે એ દુઃખ દુઃખમય એનો નાશ થઈ જાય એવી જાતનો. જ્ઞાનનો ઉઘાડ પોતાનું અસ્તિત્વ રહે છે. અમુક જાતની એવો તન્મય નથી થાતો કે પરદ્રવ્યરૂપે થઈ જાય. અમુક જાતની એને અકષાયભાવ ને અમુક પ્રકારે તો એનું અસ્તિત્વ રહે જ છે. શક્તિ પોતે જાણી શકે એવો છે. એમાં કરે એટલે જાણે હું ખોવાઈ ગયો એવું લાગે છે એને. શ્રદ્ધા તો થાય એકદમ પ્રગટ પર્યાય થઈ જાય છે. ને અંતરમાં જે તાત્કાલિક એનું શક્તિ પડી છે તરત એકદમ પ્રગટે છે. એને કાંઈ વાર નથી લાગતી કે ઉપયોગ પલટાય ને સ્વભાવ ગ્રહણ થાય. (3-107-5)

શ્રોતાઓ : ભગવતી માતનો જય હો....

માતાજીની અમૃતવાણીનો જય હો....

* * *

## પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી, ભાગ-૩

# તત્ત્વચર્ચા - ૧૦૮

**શ્રોતા :** .... આત્માનું

**પૂજ્ય બહેનશ્રી : ........ આત્માનું ઘણું જ એમણે કર્યું જીવનમાં, ગુરુદેવના સાનિધ્યમાં રહ્યા. આત્માની રુચિ એટલી જોરદાર, એના પડકાર કેવા હતા. પાછું જે પડકાર કરે પાછું એને બતાવે.**

**પંડિતજી :** કરી બતાવ્યું આખી જીંદગી કરી બતાવ્યું, છેવટેય કરી બતાવ્યું.

**પૂજ્ય બહેનશ્રી : છેવટેય જાણે કે કે ધ્રુવ, બસ ધ્રુવ, કાંકરી મારી ખસતી નથી એમ કહેતા હતા. કેટલા જોરદાર, કેટલું વાંચન એમનું હતું.**

પંડિતજી : ઘણું વાંચન, આટલો ટાઈમ બધા મુમુક્ષુને આપે પાછું વાંચન, આ બાબુભાઈ કહે છે ને વિચાર કરે (ત્રણ કલાક ત્રણ કલાક)

**પૂજ્ય બહેનશ્રી : એક વાંચનકાર હતા ને એ વયા ગયા સોનગઢમાં, ગામોગામ જાતા હતા.**

**પંડિતજી : હાં, બધે ગામોગામ જાતા ને અહીં આખું ગાજતું. બધા રોવે છે અહીં કેટલાક તો બધે ગામેગામ જાતા અહીં ....**

**પૂજ્ય બહેનશ્રી : બધાને જાવાનું સ્થળ હતું ભાઈઓને બધાને, કેટલાય ત્યાં જાતા હતા.** (શ્રોતા : અમારે તો સ્થંભ હતો અમને ટકાવી રાખેલા.) **..... (પંડિતજી : બાબુભાઈને તો ખાસ.....) એ અમારી હારે જાત્રામાં આવ્યા હતા મુક્તાબેન ને નવલચંદભાઈ. મોટરમાં હારે હતા. (હુંય હારે હતી) કંઈ પ્રશ્ન પૂછવા કોઈ કોઈક દિવસ હોય ત્યારે આવે. હજી હમણાં ત્રણ-ચાર દિવસ પહેલાં જ આવ્યા હતા. બધાને એટલું બધું કીધા કરે (3-108-1)**

**પંડિતજી : એમનો પચ્ચીસ વર્ષનો છોકરો એન્જિનિયર થયેલો હવે હાલ શું નોકરો કરવો છે? છોડી દીધું.....**

**શ્રોતા :** .......

**પૂજ્ય બહેનશ્રી : સ્વરૂપ એ અપૂર્વ બતાવ્યું. નવલચંદભાઈ ઘણા વર્ષો અહીં રહીને એટલો શાસ્ત્રોભ્યાસ ને વાંચન બધાય વચ્ચે કેટલાય માણસો એની આગળ જતાં... (રોજ એ જ કહેતા) તમને કેટલી હિંમત આપતા. (આજ્ઞા પાળી ગુરુદેવની) પણ એવું તમારે નક્કી કરવા જેવું છે ખરું તો જીવનની અંદર. પોતે પોતાને આત્માનું કરવા**

જેવું છે. જીવ એકલો જન્મે, એકલો મરે, એકલો સ્વર્ગમાં જાય, એકલો મોક્ષમાં જાય, બધું પોતે પોતાનું કરે છે. જીવ પોતે ભાવ કર્યા હોય પણ છેવટે એમણે એટલો પુરુષાર્થ ને ઉત્સાહ રાખ્યો. (હાં છેવટે..) ઉત્સાહના પોતાના પરિણામથી જીવ સ્વર્ગમાં જાય, પોતાના પરિણામથી ભવનો અભાવ કરીને ભેદજ્ઞાન કરીને મોક્ષ થાય છે. ગુરુદેવે જે માર્ગ બતાવ્યો એ ભેદજ્ઞાનની ધારા પ્રગટ થાય. તો મોક્ષ થાય છે. (3-108-2)

**શ્રોતા :** એમ કહેતા છેલ્લો ભવ છે હવે તો ભવ નથી આપણે તે કાંઈ સમજતા નહીં.

**પૂજ્ય બહેનશ્રી : ગુરુદેવ મળ્યા ને ભવ હોય કાંઈ? એટલો પડકાર ન્યાં સ્વર્ગમાં હોય આત્મા તો બધે શાશ્વતો છે, શરીર પલટે છે. તો જન્મ-મરણ, જન્મ-મરણ એક દેહથી બીજો દેહ જીવ ધારણ કર્યા કરે. આત્મા તો શાશ્વત. એક ક્ષણમાં જીવને જાવું હોય તો ક્ષેત્રાંતર કરીને જીવ ચાલ્યો જાય છે. એ કાંઈ રોકાતો નથી કોઈથી. (જીવીએ જાણ્યું મરીએ જાણ્યું) જેણે કર્યા એમાં આ ભવમાં આવા ગુરુદેવ મળ્યા, ભવનો અભાવ કેમ થાય એ માર્ગ બતાવ્યો, કે ભેદજ્ઞાન કરો. આ શરીર તારું નથી. આ સંકલ્પ-વિકલ્પ થાય, સ્વભાવ તારો નથી. તારો આત્મા શાશ્વત છે, એને ઓળખ, એની શ્રદ્ધા, જ્ઞાન કર ને એમાં તું લીન થા. કોઈ અપૂર્વ આત્મા છે, એને ગ્રહણ કર, એ માર્ગે જવા જેવું છે, ખરું એ જ છે કરવાનું.**

**અનંતા જન્મ-મરણ કરીને ક્યાંય એનો પાર નથી. એ કીધું હતું ને એક કોઈ પરમાણુ એવો નથી જગતમાં કે જે પોતે ગ્રહણ કર્યો ન હોય, છોડ્યો ન હોય. શરીર એટલા ધારણ કર્યા છે. આકાશના એક એક પ્રદેશે જન્મ-મરણ કર્યા. કાળના એટલા પરાવર્તનો ભાવના એટલા કર્યા છે. અનંતકાળમાં અનંતી માતાને રોવરાવીને પોતે આવ્યો છે, શાસ્ત્રોમાં આવે છે. આવા પ્રસંગો જોઈને આત્માનું એ એમણે તો આખી જિંદગી કર્યા કર્યું. આત્માનું કરવા જેવું છે. પહેલાં કાંઈ દર્દ નહીં ને એકદમ આવ્યું ત્યારે આવી રીતે દેહ છૂટી ગયો. એમ કોઈ દિવસ સાંભળ્યું નથી કે નવલચંદભાઈને કાંઈ થયું હોય. એમને તો જરાય એમ તબિયત એવી. કે એમ ન થાય (કે હમણાં દેહ છૂટી જશે.) (3-108-3)**

**શ્રોતા :** અમારા માટે જ મને તો એમ લાગે છે, કે .. એમણે જન્મ લીધો છે. એ કરવા માટે બળ મને મળે જ પણ એ કરવાં માટે એને લાયક થઉં.

**પૂજ્ય બહેનશ્રી : આત્મા જાણનારો છે, જ્ઞાયક છે. શરીર જુદું ને અંતર સંકલ્પ-વિકલ્પો પોતાનો સ્વભાવ નથી એનાથી આત્મા જુદો છે, એને ઓળખવાની જરૂર છે. જ્ઞાયક જાણનારો છે, એમાં આનંદ, સુખ, જ્ઞાન બધું આત્મામાં ભર્યું છે ને**

આત્મામાંથી પ્રગટે છે. એ બહારથી ક્યાંયથી નથી આવતું. અંતરમાં દૃષ્ટિ કરે, અંતરમાં જાય, અંતરમાં લીનતા કરે તો આત્મામાંથી પ્રગટે છે. માટે આત્મા તરફ દૃષ્ટિ વાળવા જેવી છે. ગુરુદેવે એ જ કીધું છે, એમ કરવાથી સ્વાનુભૂતિ પ્રગટે છે. આત્માનો વારંવાર ભેદજ્ઞાનનો અભ્યાસ કરવાથી કે હું બધાથી જુદો એક ચૈતન્ય આત્મા શાશ્વત છું. સ્વભાવ ઓળખીને અંતરમાં, ઉંડાણમાં જાય તો એ થઈ શકે છે. તો એના વિકલ્પ તૂટીને સ્વાનુભૂતિ થાય છે. બાકી સમજ્યા વગર કરે તો ન થાય. સમજીને માર્ગ ઓળખીને કરે તો થાય છે. સાચું જ્ઞાન થાય તો સાચું ધ્યાન થાય.

એમ બધું આત્મામાં પ્રગટરૂપે નથી પણ નિગોદમાં જાય તોય જ્ઞાન, દર્શન, ચારિત્ર, બળ બધું એમાં હોય. પારિણામિકભાવ એવો આત્મામાં અનાદિ અનંત પારિણામિક છે, પોતે પોતાના સ્વભાવને છોડે જ નહીં. અને પોતે પોતાનો સ્વભાવનું કાર્ય કર્યા જ કરે. પ્રગટરૂપે ન હોય પણ એને વેદન બધું દુઃખનું છે. એને સુખનું વેદન નથી. (3-108-4)

**શ્રોતા :** નામ નિશાન નથી.

**પૂજ્ય બહેનશ્રી :** પારિણામિકભાવ તો પણ કેવો સરસ છે. પૂજનીય પારિણામિકભાવ. એને ગ્રહણ કરવાથી જીવને આનંદ પ્રગટે એવો પૂજનિક પારિણામિકભાવ. એવો અનાદિ અનંત છે. એક ભાવને ગ્રહણ કરવાનો. એક દ્રવ્યને ગ્રહણ કરે એમાં પારિણામિક ભેગો આવી જાય છે. દ્રવ્યો શુદ્ધ છે. ધર્માસ્તિ શુદ્ધ, અધર્માસ્તિ શુદ્ધ, આકાશ શુદ્ધ. બધામાં શુદ્ધતાનો અંશો આમાં (જીવમાં) શુદ્ધતાનો અંશ કેમ નહીં? છે, ભાવ તો છે અનાદિ અનંત પણ શુદ્ધતાનો અંશ છે અનાદિ અનંત છે. ધ્રુવની પર્યાય સદૃશ પરિણમે છે એક સરખો પારિણામિક, જ્ઞાન..જ્ઞાન..દર્શન..દર્શન ચારિત્ર એક જાતનું પરિણમન, સદૃશતા. પણ એને કોઈ અપેક્ષાએ ફૂટસ્થ કહેવાય. કોઈ અપેક્ષાએ પોતાનું કાર્ય, એટલે પોતાનો સ્વભાવ ટકાવે માટે પારિણામિક. પણ ખરી રીતે આમ કાર્ય પ્રગટ નથી. કાર્ય નથી થાતું અપ્રગટ તો એનું કાર્ય હોય તો ટકી રહે નહીંતર ક્યાંથી ટકી રહે. જ્યાં બીજા દ્રવ્યો આવે તો એમાં કોઈ નાશ નથી થાતો પોતાના એટલું કાર્ય ટકાવી રાખે છે.

પોતે પોતારૂપે તો રહે જ છે, જ્ઞાનરૂપે, દર્શનરૂપે, ચારિત્રરૂપે એને બીજા દ્રવ્યો એની સાથે વિભાવ થાય તો થાય. પોતે કાંઈ વિભાવ નથી થઈ ગયો. જ્ઞાન તો અમુક અંશ ખુલ્લો જ રહે છે જ્ઞાન. એ પર્યાય એ દ્રવ્ય, રાગ આવે એ દ્રવ્ય, દ્વેષ આવે એ દ્રવ્ય, બધું દ્રવ્ય, શરીર એ દ્રવ્ય એને બધું હું જ છું કાંઈ જુદો દેખાતો નથી. એમ જુદો છું એમ ખોટું ખોટું બધું માને છે. એ જ બધું હું ને દર્શન ને ચારિત્ર અનુપમરૂપે જ્ઞાનને

બધું અનુપમ પ્રગટે છે. જુદી દુનિયામાં વાસ થઈ જાય છે, પોતાની જ દુનિયા છે, બીજી નથી. પોતે જ છે બીજો નથી. દ્રવ્ય એક તરફ એમાં અનંતતા ભરી છે. આખા લોકાલોકને જાણે એટલી જ્ઞાનની શક્તિ? અનંતા લોકોલોક હોય તોય જાણે. પોતે પોતાનો સ્વભાવ બેઠો બેઠો આખી દુનિયા જોવે એવી કોઈ શક્તિ છે. પોતાની દુનિયા પાછી અનંતગુણની જુદી છે પાછી. આ તો લોકાલોક બીજા જ્ઞેયો, પણ આ અંદરેય લોકાલોક શું અનંતાગુણ પોતામાં ભર્યા છે. એનું એ જ દુનિયા પાછી પોતાની જુદી છે. બધા લોકાલોકથી જુદી દુનિયા છે. પોતાને પરની... જ્ઞાન તો પોતાનું છે. એ શક્તિ છે... અંદર પોતાના અનંતાગુણો એ દુનિયાએ પોતાની, અનંતતાથી ધારી લે છે.

ખરી અંતરમાં દૃષ્ટિ પ્રગટ થાય તે પારિણામિક પોતે જ્ઞાનરૂપે, દર્શનરૂપે, ચારિત્રરૂપે, પારિણામિકની પ્રગટ પર્યાય થઈ જાય છે. ઓલો શક્તિરૂપે એમાં કાંઈ આટલુંય ઘટ્યું નથી. કેવો મૂર્ખ બની રહ્યો છે અનાદિકાળથી 'રાજા ભિક્ષાર્થે ભમે એવી જનને ટેવઃ' એવી જન્મે છે તું રાજા થઈને ભિક્ષાર્થે ભમ્યા કરે છે. તો તો મુશ્કેલ લાગે અનાદિથી, મૂળ ગોત્યું નથી. પણ પોતે જ છે બીજો નથી. પોતાનું અસ્તિત્વ પોતાની પાસે છે. પોતે જ છે. એમાં બધામાં આવે સંકલ્પ-વિકલ્પની વચ્ચેથી જાણનારને ગોતી લ્યે. એ પોતે જ એને શોધી લે છે જાણનારને ઓળખે તો. સંકલ્પ-વિકલ્પ વચ્ચેથી ભાવ ઉપશમભાવ એ બધામાં તો પારિણામિકભાવ અનાદિ અનંત છે. ક્ષયોપશમભાવે ક્ષાયિકભાવ ટકે ને પલટી જાય ઉપશમભાવ એ તો પાછો એય પલટી જાય. પણ આ પારિણામિકભાવ તો અનાદિ અનંત છે.

ઉપશમ સમ્યગ્દર્શન થાય ત્યારે ઉપશમ પ્રગટે. ઉપશમ ચારિત્ર થાય, ત્યારે ઉપશમભાવ પ્રગટે પણ પાછો એમાંથી ક્ષયોપશમ થઈ જાય, ક્ષયોપશમ થઈને પાછું ક્ષાયિક થઈ જાય. ઉપશમ સમ્યગ્દર્શન ને ક્ષયોપશમ થાય કે ક્ષાયિક થાય. ક્ષાયિક એ પણ અનાદિ અનંત નથી, નવું પ્રગટે છે. પારિણામિક ભાવ તો અનાદિ અનંત છે. એ તો કોઈ પૂજનિક અપૂર્વ છે. નિમિત્ત પારિણામિકભાવ અનાદિ અનંત ભરેલો છે. એ કાંઈ ... ભગવાનને અનંતું ભગવાનની વાણીમાં આવે તોય કાંઈ આત્મા..... નથી. કાંઈ આત્માનું સ્વરૂપ જેને સમજવું હોય એ સમજી શકે છે, અનંતતાથી ભરેલો છે. પૂજનિક એટલે એનામાં નિર્મળતા ને પાવનતા, પવિત્રતા ભરેલી છે મૂળ સ્વભાવની અંદર. ભગવાન જિનેન્દ્રદેવ પ્રગટ પર્યાય કરી એ પૂજનિક છે એમ આ આત્મા શક્તિએ તો એવો જ છે, શક્તિ એની એવી છે. પ્રગટતા નથી. એમ કહેવાય પૂજનિક પણ એવો વ્યવહાર નથી કે આત્મા તને પૂજનિક હોય વિભાવમાં બેઠો હોય. એ એમ સ્વભાવ એવો છે. વ્યવહાર તો જેણે પ્રગટ પર્યાય થયો હોય. ભગવાન કેવળજ્ઞાન પ્રગટ કરે,

મુનિઓ સાધના કરે અંશ પ્રગટ કરે, વિશેષ પ્રગટ કર્યો હોય. મુનિઓએ એકદમ જ્ઞાન, દર્શન, ચારિત્ર એ બધું વ્યવહાર પૂજનિકતાનો એમને લાગુ પડે છે. પારિણામિકભાવ સ્વભાવે પૂજનિક પણ એનો વ્યવહાર ન કહ્યો. એને તો પારિણામિકભાવ પૂજનિક એમ એવી જાતનો વ્યવહાર ન કરાય. શક્તિ દ્રવ્યની પૂજે વ્યવહારમાં વિભાવમાં પડ્યો હોય વ્યક્તિ તો. આમ આવે જે ભગવાનને એક હજાર આઠ ગુણ આવે ને એની અંદર ભેગું આવે ગુણ ને પૂજા આવે પણ આ કોઈ વ્યક્તિને કહે કોઈ તારો દ્રવ્ય પૂજનિક છે, એમ કાંઈ પૂજા ન કરાય.

જ્ઞાયક સ્વભાવને અધિક જાણવો એ જ (રાગ) પોતાનો સ્વભાવ નથી. જ્ઞાન સ્વભાવને અધિક જાણવો. એ તો મુખ્ય ઊર્ધ્વ રાખવો એ જ ગુરુદેવે બતાવ્યું છે. બીજું બધું તો આત્માથી જુદું જ છે એનું ભેદજ્ઞાન, બધું જુદું છે. શરીર પોતાનું નથી, પરદ્રવ્ય છે, વિભાવ પર્યાય એનો સ્વભાવ નથી. એક શાશ્વતો આત્માને ગ્રહણ કરે. પર્યાયો આત્મામાં કેટલીક થાય તોય ક્ષણપૂરતી હોય એક શાશ્વત આત્મા ઉપર દૃષ્ટિ કરવી. એ સ્વાનુભૂતિનો માર્ગ બતાવ્યો છે એ જ કરવાનું છે. (3-108-5)

**શ્રોતા :** માતાજી! જ્ઞાયક એટલે દર્પણવત્ એક જ ભાવ, એકાર્થ જ?

**પૂજ્ય બહેનશ્રી :** જ્ઞાયક એટલે જાણનારો નિર્મળ સ્વભાવ. જે જાણનારનો જાણનાર સ્વભાવ છે, જે જાણી રહ્યો છે. સ્વયં જ્ઞાયક છે. પરને જાણે એટલે જ્ઞાયક એમ નહીં પણ સ્વયં જાણનારો જ્ઞાયક છે. સ્વતઃસિદ્ધ અનાદિ અનંત છે, જેનો જ્ઞાનસ્વભાવ મુખ્ય અસાધારણ છે, એવો જ્ઞાયક. એ જ્ઞાયકની અંદર આનંદાદિ અનંતાગુણો છે, પણ મુખ્ય એનો જ્ઞાનસ્વભાવ છે. એ જ્ઞાનસ્વભાવ નિર્મળ છે. એમાં એ જ્ઞાનમાં જાણવાનું. પોતે સ્વને જાણે, પરને જાણે એવો અનંત..અનંતતાથી ભરેલો જ્ઞાનસ્વભાવ. જ્ઞાન એનું નામ કહેવાય કે એમાં મર્યાદા ન હોય એવો અમર્યાદિત જાણવાનો સ્વભાવ જેમાં છે, એવો જ્ઞાયક, સ્વયં જ્ઞાયક છે, હું જાણનારો જ્ઞાયક છું એમ.

આ વિભાવ પર્યાયો જે બધી થાય, હું એ જ્ઞેયરૂપે, હું તો જાણનારો જ્ઞાયક છું. સ્વયં જ્ઞાયક, પોતે પોતાને પ્રકાશતો, સહજ બીજાને પ્રકાશે સહજ. પરમાં જાતો નથી એમાં એકત્વ થાતો નથી. દૂર રહીને બીજાને જાણે એવો એનો સ્વભાવ છે. સ્વને જાણતો, સ્વયં પોતે જાણે છે. એવો સ્વયં જ્ઞાયક એને ઓળખવો એમ. એ જ્ઞાયક ઓળખાય એ ક્ષણે ક્ષણે અંતર એના સ્વભાવમાંથી એમ કલ્પનાથી નહીં એ બીજો વિચાર આવે એ જ એની ભાવના એવી હોય. બીજાં વિચારો આવે પણ અંદર સ્વભાવમાંથી ઓળખીને, એવી સહજ ધારા જ્ઞાયકની વર્તે તો એને વિકલ્પ તૂટીને

**નિર્વિકલ્પ સ્વાનુભૂતિ તો થાય છે, એવી સહજધારા વર્તે જ્ઞાયકની તો. ક્ષણે ક્ષણે ગમે તે કાર્યમાં વિકલ્પ નહીં, વિકલ્પ ચાલતા હોય, તોપણ હું જ્ઞાયક છું એવી સહજધારા વર્તતી હોય તો એને સ્વાનુભૂતિ થવાનો અવકાશ છે. વિકલ્પમાં દેવ, ગુરુ, શાસ્ત્ર અને અંતરમાં જ્ઞાયક એ જ જીવનનું ધ્યેય હોવું જોઈએ. (3-108-6)**

**શ્રોતા :** સહજ ધારા એટલે?

**પૂજ્ય બહેનશ્રી : એને એની કૃત્રિમતા નથી એમ. એ અભ્યાસ કરે એમાં એને વિકલ્પ કર્યા કરે 'હું જ્ઞાયક છું.... જ્ઞાયક છું' એ પહેલા તો એવું ભાવનારૂપ આવે, સહજ ન હોય. પણ પછી યથાર્થ એને ગ્રહણ થઈ જાય એટલે સહજ થઈ જાય. વિકલ્પથી રાખવું પડે એવું નહીં, પણ એને સહજ એવો જ્ઞાયક જ છું એવી સહજ જ્ઞાયકની ધારા, જ્ઞાનધારા વર્તે છે સહજ. એને ગોખવું ન પડે, યાદ ન કરવું પડે. એ ભૂલી ન જાય એમ, સહજ વર્તે છે એમ. (3-108-7)**

**શ્રોતા :** અનુભવ પછી થાય ને સહજ?

**પૂજ્ય બહેનશ્રી : અનુભવ પછી સહજ થાય પહેલા તો અભ્યાસરૂપ હોય છે. પહેલાં તો અભ્યાસરૂપ હોય.**

**શ્રોતા :** પણ ઓળખીને એનો નિર્ણય કરવો પહેલો.

**પૂજ્ય બહેનશ્રી : સ્વભાવ ઓળખીને નિર્ણય કરે.. પછી ક્ષણે ક્ષણે પ્રયાસ કરે કે હું જુદો છું, જુદો છું એમ. અંતરમાંથી પ્રયાસ કરે. માત્ર ગોખવાપૂરતું નહીં પણ 'આ જ્ઞાયક છે એ હું છું આ હું નથી'. એમ જ્ઞાયકરૂપ નિર્ણય કરે અને પછી જ્ઞાયકરૂપે રહેવાનો પ્રયાસ કરે, કે હું જ્ઞાયક છું, એમ નિર્ણય તો કર્યો, નિર્ણય કર્યા પછી એનો પ્રયત્ન કરે કે હું જ્ઞાયક છું એમ. (3-108-8)**

**શ્રોતા :** એના પ્રયત્નમાં આપણે વાંચન કર્યું હોય અને મનમાં વિચાર કરીએ કે હું આત્મા છું, **અનંતજ્ઞાનનો પિંડ છું**... એમ વિચાર કરતાં કરતાં જ સહજ પ્રયત્ન થઈ જાય છે, કે ઈ પણ પુરુષાર્થથી થાય?

**પૂજ્ય બહેનશ્રી : એમ વિચાર કરે, પ્રયાસ કરે, વિચાર એકલા વિચાર નહીં. પણ જે જે વિકલ્પ આવે બધામાં 'હું તો જ્ઞાયક છું, જ્ઞાયક છું,' એમ પ્રયાસ કરતાં કરતાં સહજ થાય એમ છે. પ્રયાસ કરે. એક વિચાર કરીને પછી રાખી મૂકે, એકવાર વિચાર કરી પછી રાખી મૂકે તો એમ ન થાય. એને પછી ક્ષણે ક્ષણે એનો પ્રયાસ ચાલુ હોય છે તો સહજ થાય છે. એકવાર એ વિચાર કરી લીધો જો નિર્ણય કરી લીધો કે જ્ઞાયક છું, અનંત શક્તિવાળો છું. પછી એકવાર કરી લીધો પછી એમ સહજ ન થાય, પણ ક્ષણે ક્ષણે દરેક કાર્યો પ્રસંગમાં બસ 'હું જ્ઞાયક છું' એવો પ્રયાસ ચાલે તો સહજ**

**થાય છે. સહજ એનું જીવન જ એવી રીતે હોય પ્રયાસપૂર્વક ક્ષણે ક્ષણે થાય તો થાય. એક તો વિચાર કરીને પછી છૂટી જાય તોપણ એવી રીતે ન થાય. એમ એની લગની એનો પ્રયાસ એમ ખાતા, પીતા, સૂતા, સ્વપ્નમાં બધે એનો પ્રયાસ. તો એમને એમ ચાલુ રહે છે તો સહજ થાય. કોઈકને થાય તો અંતર્મુહૂર્તમાં થાય છે એ પણ એવા કોઈક નીકળે, પણ પ્રયાસથી થાય એ મોટો ભાગ તો એવો હોય છે. (3-108-9)**

**શ્રોતા :** એ વિકલ્પ સહજ થયા કરે છે. ...

**પૂજ્ય બહેનશ્રી : વિકલ્પ તો અનાદિનો અભ્યાસ છે, ને એટલે એનો એ વિકલ્પ તો એમને એમ આવ્યા જ કરે છે. તો એને બદલાવા માટે હું જ્ઞાયક છું એમ.**

**શ્રોતા :** વિકલ્પથી જુદો છું.

**પૂજ્ય બહેનશ્રી : વિકલ્પથી જુદો એમ. હું જ્ઞાયક છું, એ વિકલ્પ આવ્યો તો એ વિકલ્પથી પણ જુદો છે આત્મા, કે હું જ્ઞાયક છું એ વિકલ્પ આવ્યો, એ એક જાતનો રાગમિશ્રિત વિકલ્પ છે. તો એનાથી જુદો છે આત્મા.**

**શ્રોતાઓ : ભગવતી માતનો જય હો....**
**માતાજીની અમૃતવાણીનો જય હો....**

* * *

## પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી, ભાગ-૩

# તત્ત્વચર્ચા - ૧૦૯

**શ્રોતા :** એ વિકલ્પનું વિચારે તો જ્ઞાનની એક સમયની અવસ્થા છે અને વસ્તુ ક્યાંક પાછી જુદી પડી છે આમ આખી.

**પૂજ્ય બહેનશ્રી : એ રાગમિશ્રિત વિચાર છે. એની પાછળ જે એક સહજ જ્ઞાન રહે છે, એ આત્મા છે પોતે જ છે, એક બાજુ પડી છે એટલે પોતે જ છે. બીજો નથી એને ગોતવા જાવું પડે એમ નથી. પણ પોતે જ છે પણ પોતે પોતાને ભૂલી ગયો છે, એટલે એની સાથે જે જ્ઞાનની ધારા વર્તે છે, એ પોતે જ છે. ઓલામાં જ્ઞાનની ધારા જે સાથે સાથે ચાલે છે, એ પોતે જ છે. એકરૂપ છે, એમાં ભેદ નથી, ખંડ નથી એટલે અખંડ છે. (3-109-1)**

**શ્રોતા :** વિચાર કરતાં કરતાં હું આત્મા છું, ઘણી વખત એવું નક્કી કરીએ કે આ બેસીને બસ દસ મિનિટ કે પંદર મિનિટ શરૂઆતમાં કે એમાં આત્માનો જ વિચાર કરવો પણ એમાં એ વિચાર આવતા આવતા ઘણી વખત એવું લાગે કે બીજો વિચાર પરનો પણ ચાલી રહ્યો છે, એમ એ કંઈ રીતે થાય છે?

**પૂજ્ય બહેનશ્રી : એકદમ એનો ઉપયોગ પલટાય છે ને એટલે!**

**શ્રોતા :** આમ મનથી એમ થાય કે જાણે આપણે વિચાર કરીએ છીએ, કે હું આત્મા છું પણ સાથે સાથે બહારનો જે કોઈ વિકલ્પ હોય કરવાનું એ કાર્ય એ કેવી રીતે જોડાઈ જાય છે એ ખ્યાલ નથી આવતો

**પૂજ્ય બહેનશ્રી : એ અનાદિના સંસ્કાર છે ને! એટલે એ સાથે સાથે એને. એક ક્ષણ ક્ષણમાં એનો ઉપયોગ પલટાઈ જાય છે. એ પોતે વિચાર કરતો હોય વળી વચ્ચે બીજા વિચાર આવી જાય, વચ્ચે બીજા વિચાર આવી જાય, ક્ષણ ક્ષણમાં પલટાઈ જાય, અનાદિનો અભ્યાસ છે ને એટલે. એને તો પોતે પકડી ન શકે એવા કેટલાય એના વિચારો અંદર બીજા અંદર સંસ્કારો પડ્યા હોય છે. તોય કોઈ પોતે એક વિચાર કરે અને સાથે સાથે તો અભ્યાસ છે ને! એ પલટાતા હોય છે. એને પોતે પુરુષાર્થ કરીને ફેરવી શકે છે, એને. (3-109-2)**

**શ્રોતા :** પોતે પકડી ન શકે એવા વિકલ્પ પણ હોય ને!

**પૂજ્ય બહેનશ્રી : હાં. એવા પણ હોય છે વિકલ્પ પકડી ન શકે એવા હોય એ છેને. અનાદિનો અબુદ્ધિપૂર્વક કેટલાય વિચારો અંદર હોય છે. બધા પોતે બુદ્ધિમાં ન આવે.**

**શ્રોતા :** અખંડ એટલે તો અનંતગુણનો એક વસ્તુ જે બનેલી પોતે છે, તેમ જ અખંડ છે.

**પૂજ્ય બહેનશ્રી : એ અખંડ છે અનંતગુણ ભેદભેદ નહીં, પણ અનંતગુણ એક દ્રવ્યરૂપ જ છે એમ. એક દ્રવ્યરૂપ જ છે. ભેદ વિકલ્પ એ જાણવા માટે ભેદવિકલ્પ આવે, પણ અનંતગુણથી રચાયેલો એક દ્રવ્ય અખંડ તત્ત્વ છે એમ. પુદ્ગલમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ એ બધું જુદું પાડો તો પુદ્ગલ કાંઈ રહે જ નહીં, એ તો આમ દેખાય એવા છે, પણ એવા અનંતગુણ પુદ્ગલમાંય છે, એમ ચૈતન્યમાં અનંતા ગુણ છે.**

**(3-109-3)**

**શ્રોતા :** પોતે પોતાને વિપરીત વિપરીત માને છે, એ ખંડ પાડે છે ને ખંડ પાડવું એટલે?

**પૂજ્ય બહેનશ્રી : એ પોતે જે જાણ્યો એમ 'આટલો આટલું જ છું' આ સિવાયનો આત્મા જે છે અખંડ એ ભૂલી ગયો છે. જે વર્તમાન વિચાર આવ્યો, જે જે**

**વિચારો આવે જાણે હું આટલો જ છું, એવો એને લાગે આ વિચાર આવ્યો. આ આવ્યો જાણે એમાં તન્મય થઈ જાય છે, એ ખંડ પાડનારો પોતે જ છે. બધાથી નિરાળો થઈને આ બધાને જાણનારો એ જુદો છે. આ બધું આવ્યું એ ચાલ્યું ગયું, હું તો અખંડ જ્ઞાયક જાણનારો ઊભો રહ્યો. અત્યાર સુધીના જે જે વિચારો આવે, એ બધી પર્યાયો પલટી ગઈ, અને જાણનારો હું ઊભો રહ્યો. એ જાણનારો હું છું તો ઓલા વિચારો આવે ત્યારે એમાં ક્ષણ ક્ષણ પૂરતો, પર્યાયોમાં એકત્વબુદ્ધિ કરે છે, પોતે પોતાને ખંડરૂપ માને છે. જ્ઞાન આનંદાદિ અનંતાગુણો, અનુપમ છે. એ એની મહિમા આવે તો એ બાજું દૃષ્ટિ કરે, પ્રયાસ કરે, ગ્રહણ કરે. (3-109-4)**

**શ્રોતા :** તત્ત્વચિંતવન, મનન, રુચિ ઘુંટણ એ બસ એક જ ઉપાય છે.

**પૂજ્ય બહેનશ્રી : એક જ ઉપાય છે મનન, ચિંતવન, રુચિ બસ. એને આત્મા તરફ વલણ જોઈએ. ભેદજ્ઞાનનો પ્રયાસ કરે એક જ ઉપાય છે.**

**અહીં ભગવાન બિરાજતા હતા, બધા ઘરે ઘરે બધા મંગળ બોલતા હતા. શાંતિપાઠ ને એવું બોલતા, સ્તોત્ર બોલતા. બધાય એકહારે, સામાન્ય એક હારે રહેવા આવ્યા હતા એટલે. ગુરુદેવ પધાર્યા હતા, વ્યાખ્યાન ગુરુદેવનું હતું. (3-109-5)**

**શ્રોતા :** આજને દિવસે ગુરુદેવ અહીં ઊભા હતા ને ભગવાન અહીં હતા ને આપે આરતી ઉતારી હતી. અને આપના ઘરે બધાએ વહોરાવ્યું હતું

**પૂજ્ય બહેનશ્રી : બધાં ભક્તિ કરતા ભગવાનની, બિરાજતા હતા ને, બધા તે દિવસ તો પછી ચારે કોર, ગુરુદેવ પધાર્યા હતા ને! ગુરુદેવને બધા વર્ષો વીતી ગયા. મનફૂલા છે ને એક પર્ણફૂલા છે એવું કાંઈક બધું આમ મંગળ મંગળ લાગતું હતું આશ્રમ. પર્ણફૂલા એટલા એમ જાણે પાંદડે બધે ખીલ્યા છે ને એવું બધું. એવું એવું લાગતું. .... એમાં જાણે પાંદડા ને બગીચા ને એવું હોય ને! એ વચ્ચે શેઠાણીનું આવી ગયું પણ આશય એવી જાતનો. વચમાં જે શેઠનો ઉતારો થયો છે ને. ચારેકોર જાણે આંબાના તોરણ બાંધ્યા હોય છે. પર્ણફૂલા, પર્ણ એટલે પાંદડા થાય ને એવું કાંઈક થાય, બોધિ-સમાધિની પ્રાપ્તિ થાઓ એવા આશીર્વાદ આપ્યા હતા એટલે જ બારણા ઉપર લખેલું છે ને એમાં બહારમાં ફેરફારો થાય અંતરમાં વૃદ્ધિ કર્યા કરવી. શુદ્ધાત્માનું ધ્યેય રાખીને આગળ વધવું. બહારના ફેરફારોને ગણકારવા નહીં. પરાક્રમીની જેમ આગળ વધવું, શુદ્ધાત્મા આત્મામાં કાંઈ દૃઢતાપૂર્વક, વિભાવને દૂર હટાવીને હું શુદ્ધાત્મા એક, એને કાંઈ ગણકારવું નહીં. શુદ્ધાત્મામાં આગળ જાવું. આત્મામાં જ બસ! એમાં એમાં શુદ્ધાત્મામાં પુરુષાર્થપૂર્વક આગળ જાવું એ જ કરવાનું છે. એનું સાન્નિધ્ય હૃદયમાં રાખ્યું હોય. સમીપ આવ્યા, આગળ મંદિર આવ્યું. ઘરમાં ભગવાન પધાર્યા, ગુરુદેવ**

**પધાર્યા, ગુરુદેવ દેવ, ગુરુ, શાસ્ત્ર બધુંય અહીં સમીપે આવ્યું. આશ્રમ આ બધાયને સમીપમાં આવી ગયા. એ સમીપતા એમ બતાવે છે, કે આત્માની સમીપતાને કે અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાયને ઓળખે, એ સાચા આત્માને ઓળખે. એમ આ સમીપતા એવી જાતની કે અંતરમાં સમીપ થાવું. એવી જાતનો એવો નિમિત્ત, ઉપાદાનનો એવો સંબંધ છે. (3-109-6)**

**શ્રોતા :** માતાજી! અંતરમાં સમીપ થઈ જાઓ.

**પૂજ્ય બહેનશ્રી : ..... જેમ અરિહંત ભગવાનના દ્રવ્ય, ગુણ, પર્યાયને ઓળખે એ પોતાને ઓળખે છે. પોતાને ઓળખે એ ભગવાનને ઓળખે એમ આ સમીપતા એમ સૂચવે છે કે અંતરમાં સમીપ થાવું જોઈએ.**

**શ્રોતા :** આજના મંગળ દિને મંગળ આશીર્વાદ આપનાર ભગવતી માતનો જય હો...

**શ્રોતા :** એક તો શુદ્ધભાવથી દેવ, ગુરુ, શાસ્ત્ર પ્રત્યેની વિચારધારા...

**પૂજ્ય બહેનશ્રી : દેવ, ગુરુ, શાસ્ત્રનો ......**

**શ્રોતા :** એક દેવ-શાસ્ત્ર-ગુરુસંબંધી વિચારધારા ઔર એક આત્માસંબંધી વિચારધારા તો

**પૂજ્ય બહેનશ્રી : દેવ, ગુરુ, શાસ્ત્ર સંબંધી એક દૂસરી**

**શ્રોતા :** એને...... અને........ પાત્ર સંબંધી

**પૂજ્ય બહેનશ્રી : શાસ્ત્ર સંબંધી (પાત્ર સંબંધી) પાત્ર સંબંધી.**

**શ્રોતા :** ઔર તીસરી હુઈ જો આત્મા સંબંધી તો આત્મા સંબંધી વિચારધારાકો કૌનસે ખાતેમેં રખના?

**પૂજ્ય બહેનશ્રી : વો તો આત્મા સંબંધી હોતી હૈ વહ ભી શુભભાવ સાથમેં રહેતા હૈ. વહ ભી શુભભાવમેં હી જાતી હૈ. મૈં આ આત્મા હૂં. મૈં ગુણ ઐસા જ્ઞાન, દર્શન, ચારિત્ર ઐસા દેખકર વિકલ્પ આતા હૈ તો વિચારધારા જેમ રાગમિશ્રિત હો તો રાગમિશ્રિત હૈ. તો શુભભાવમેં જાતા હૈ. 'વો સુબુદ્ધિકો વિલાસ ભિન્ન જાણીએ.' આતે હૈ સુબુદ્ધિકો વિલાસ હોતા હૈ, ઇસસે ભિન્ન ક્યા હૈ? ઇસસે ભિન્ન ક્યા? સુબુદ્ધિકો વિલાસ ભિન્ન જાણીયે વહ ભી શુભભાવમેં જાતા હૈ. દેવ, ગુરુ, શાસ્ત્રકા શાસ્ત્ર સંબંધી વિચાર આવે તો ભી શુભભાવ, આત્મસંબંધી વિચાર આવે તો ભી શુભભાવ ઇસમેં ઇતના ક્યા આત્મા ઇસકા વલણ આત્માકે તરફ રહેતા હૈ. આત્મા**

**તરફ રહેતા હૈ, 'મૈં જ્ઞાયક હૂં, મૈં અનંતગુણ મેરેમેં હૈ.' યહ સ્વ તરફ ઉસકા લક્ષ એક ઉસકી તરફ રહેતા હૈ પણ સાથમેં તો શુભભાવ રહેતા હૈ. શુભભાવમેં જાતા હૈ.**

**(3-109-7)**

**શ્રોતા :** ઇસમેં શુદ્ધિકા અંશ બિલકુલ નહીં..

**પૂજ્ય બહેનશ્રી : શુદ્ધિ કૈસે પ્રગટે ને ?**

**શ્રોતા :** શુદ્ધિકા અંશ બિલકુલ નહીં

**પૂજ્ય બહેનશ્રી : શુદ્ધિકા અંશ, બિલકુલ નહીં, ઇસમેં એ જાનનેકા ઉસકા અભિપ્રાય હૈ કે મૈં શુદ્ધતાકો કૈસે પ્રગટ કરું ઐસી ભાવના રહેતી હૈ તો ભી શુદ્ધિમેં .... શુદ્ધિમેં તો**

**શ્રોતા :** જૈસે વિચારસે વિચારસે ઔર ફિર મન રુક ગયા.....

**પૂજ્ય બહેનશ્રી : હાં મન રુક ગયા, ઉપયોગ સ્વમેં જુડ ગયા તો શુદ્ધ ઉપયોગ હો ગયા તો શુદ્ધાત્મા શુદ્ધ અંશ પ્રગટ હુઆ ઔર ભેદજ્ઞાનકી ધારા જબ પ્રગટે, સહજપણે કે ઇસમેં જો ઇસકે જો સાથમેં શુભ, તો શુભ તો શુભ હૈ પણ ઇસમેં શુદ્ધિ નહીં.**

**શ્રોતા :** વસ્તુ અપેક્ષાએ દ્રવ્ય ને પર્યાયના એક પ્રદેશ હોવા છતાં દ્રવ્ય ને પર્યાય વચ્ચે સૂક્ષ્મ પ્રદેશભેદ છે, કે કેવળ દૃષ્ટિની અપેક્ષાએ આ કથન છે.

**પૂજ્ય બહેનશ્રી : ગુરુદેવ કહેતા હતા એ બરાબર પણ ગુરુદેવ જો દ્રવ્ય ને પર્યાય તદ્દન જુદા જે કહેતા હતા ઓલા ભાઈ કહેતા હતા કે પર્યાય આલોકમાં વઈ ગઈ એને ગુરુદેવ ઠપકો દેતા હતા એટલે આ જે વાત છે ને, એ દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ કહેવામાં આવે છે. દ્રવ્ય ઉપર જ્યાં દૃષ્ટિ જાય છે ત્યાં ભેદ ઉપર દૃષ્ટિ રહેતી નથી. એટલે પર્યાય તો એક ક્ષણિક પૂરતી છે દ્રવ્ય પોતે શાશ્વત અનાદિ અનંત છે, અખંડ દ્રવ્ય છે. એમાં દ્રવ્યમાં ભેદ નથી. દ્રવ્ય અને ગુણો અનાદિ અનંત છે. ને પર્યાય ક્ષણપૂરતી થાય છે. માટે દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરતાં પર્યાયનો ભેદ છૂટી જાય છે માટે દ્રવ્યદૃષ્ટિની મુખ્યતામાં પર્યાય એમાં ગૌણ થતાં પર્યાય, પર્યાયનો સ્વભાવ જુદો, પર્યાય ક્ષણપૂરતી એટલે એ અપેક્ષાએ એના આ પ્રદેશ જુદા એમ કહેવાય છે.**

**પણ છતાં જો એને તદ્દન બે જુદા પાડીએ તો તો પછી સાધના કોની કરવી ? કે નિર્મળ પર્યાય છે એનું વેદન તો જીવમાં થાય છે. જે નિર્મળ જ્ઞાનની નિર્મળતા, આ દર્શનની નિર્મળતા, અનંતગુણો નિર્મળ જે દ્રવ્ય ઉપર દૃષ્ટિ સમ્યગ્દર્શન થાય તો 'સર્વગુણાંશ તે સમ્યક્ત્વ' એ બધા ગુણોનો અંશ એટલે નિર્મળતા. એની વેદન... વેદન**

**તો જીવને જ થાય છે. જો તદ્દન જુદા હોય તો એનું વેદન જીવને ન થાવું જોઈએ, દ્રવ્ય જુદું ને પર્યાય જુદી. વેદન થાવું જોઈએ.**

**માટે એની સાથે દ્રવ્યદૃષ્ટિની મુખ્યતાએ ગુરુદેવ જે કથન કરતા હતા એમાં પ્રદેશ છૂટા કહેતા હતા પણ જ્ઞાનમાં એમ હોવું જોઈએ કે તદ્દન જુદા હોય તો એનું વેદન જીવને થાય નહીં. માટે શાસ્ત્રમાં જેમ ક્ષેત્ર જુદું, એને સંવર અધિકારમાં આવે છે, એમ દ્રવ્ય પર્યાયને પહોંચે પર્યાય-દ્રવ્ય, એવી વાત પણ આવે છે. એ બેય વાતનો મેળ કરીને સમજવો જોઈએ. દ્રવ્યદૃષ્ટિની મુખ્યતાએ પ્રદેશ, જ્યાં દ્રવ્યદૃષ્ટિની મુખ્યતા જેને લક્ષમાં આવે છે, એમ કહેવાય પણ જ્ઞાન સાથે જ્ઞાન એવું રહેવું જોઈએ કે તદ્દન ભિન્ન હોય તો સાધના કોની કરવી?**

**અનાદિકાળથી જે અશુદ્ધ પર્યાય પ્રગટે છે શુદ્ધ પર્યાય દ્રવ્ય ઉપર દૃષ્ટિની સાથે જે શુદ્ધપર્યાયો જીવમાં પ્રગટ થાય છે. સહેજે સહેજે, એ શુદ્ધ પર્યાયનું વેદન જીવમાં થાય છે? માટે જ્ઞાન એનું હોવું જોઈએ આ વાત સર્વ અપેક્ષાએ નથી. એણે કોઈ અપેક્ષાએ દ્રવ્ય, ગુણને પર્યાય ભિન્ન નથી. એને તદ્દન ભેદ જો કહેવામાં આવે તો તો સાધના કોઈ કરવાનું રહેતું નથી. તો નિર્મળ પર્યાય કોની પ્રગટ કરવી? અશુદ્ધ પર્યાય ટાળવી. ભેદજ્ઞાનની ધારા પ્રગટ કરવી એ બધું જોઈને નક્કી કરવું માટે તદ્દન સર્વ અપેક્ષાએ એમ નથી. જ્ઞાનમાં એમ હોવું જોઈએ કે કોઈ અપેક્ષાએ પર્યાય દ્રવ્યનો, પર્યાયનો નાશ થતાં દ્રવ્યનો નાશ થાય. દ્રવ્યનો નાશ થતાં ગુણનો નાશ થાય, એ વાત પણ બરાબર સમજવી. માટે એ વાત જ્ઞાનમાં રાખીને દ્રવ્યદૃષ્ટિની મુખ્યતાએ એ વાતનું કથન હોય છે. ગુરુદેવ દ્રવ્યદૃષ્ટિની મુખ્યતાએ કથન કરતા હતા. (3-109-8)**

**શ્રોતા :** એને ........

**પૂજ્ય બહેનશ્રી : દૃષ્ટિની મુખ્યતાએ એ બધું દૃષ્ટિની મુખ્યતા.**

**શ્રોતા :** પણ અંદર સૂક્ષ્મ પ્રદેશભેદ છે, એવું કાંઈ નહીં.

**પૂજ્ય બહેનશ્રી : એવું વસ્તુસ્થિતિથી કોઈ એના પ્રદેશો જુદા છે નહીં. દૃષ્ટિની મુખ્યતાએ જુદા પ્રદેશ છે.....**

**શ્રોતા :** બીજો પ્રશ્ન છે કે જ્ઞાનનો ખરેખર સ્વપરપ્રકાશક સ્વભાવ છે, તેથી તે પરને જાણે છે, એ તો યથાર્થ છે. પરંતુ નિશ્ચયથી તે પોતાને જાણે છે. એમાં અન્ય પદાર્થ પ્રતિભાસે છે એમ કહેવું તે વ્યવહાર છે. કેમકે ખરેખર તો પોતે જ પ્રતિભાસે છે, એટલે કે પોતામાં તો પોતાની જ્ઞાનની પર્યાય જ કર્મ થયું છે. એ જ જ્ઞાનમાં સ્વપરપ્રકાશક ધર્મ હોવાથી સ્વ ને પર બંને જાણે છે, એ વખતે નિમિત્તરૂપે પરદ્રવ્ય છે, કે નિમિત્તની અપેક્ષાએ એમ કહે કે ભાઈ .....

**પૂજ્ય બહેનશ્રી :** ...... પોતાને જ્ઞાન જણાય પણ એમાં એમ છે, કે પોતે દ્રવ્ય એને કહેવાય કે જેમાં મર્યાદા નથી. એમાં જ્ઞાનગુણ ચૈતન્યનો એવો અસાધારણ છે, કે જેમાં મર્યાદા ન હોય કે જે પોતાને જાણે અને પરને ન જાણે, એવી જાતની જ્ઞાનમાં અનંતતા હોવી જોઈએ એને કોઈ એવી જાતની મર્યાદા (ન હોય) અમર્યાદિત જ્ઞાન છે. પણ એ જે પોતા તરફ દૃષ્ટિ જાય એ અપેક્ષાએ એ પોતે એની પર તરફ દૃષ્ટિ નથી માટે પોતે એમાં રાગ કરીને જાણતો નથી, એકત્વબુદ્ધિએ જાણતો નથી. પોતાના સ્વભાવમાં જાય ત્યાં સહેજે જણાઈ જાય છે. વીતરાગદશા થાય તો તો સહેજે જણાઈ જાય છે પોતે ઉપયોગ તો એકવાર એક જ કામ કરે એટલે ઉપયોગ પોતા તરફ હોય ત્યારે પર તરફ ઉપયોગ નથી. પણ એટલે એનો જાણવાનો સ્વભાવ નથી. એ જાણવાનો સ્વભાવ વ્યવહાર છે, એટલે આકાશના ફૂલ કે ગધેડાના શીંગ જેવું નથી. એ પર એનામાં જણાય છે ખરું પણ એ એમાં એકત્વ નથી થાતો એના કર્તા નથી થાતો, પણ સહજ જણાય છે, પણ જ્ઞાન જ્ઞાનને જાણે એ સાચું પણ એને વેદનમાં એમ નથી આવતું કે મેં મારા જ્ઞાનને જાણ્યું કે આ નથી જણાણું કે આ મકાન નથી જણાણું કે પુસ્તક નથી જણાણું કે આ નથી જણાણું, આ પુસ્તક છે આ મકાન છે આ માણસ છે, આ ચૈતન્ય છે, આ જડ છે, એવી જાતનું એનામાં જણાય છે માટે એવો વ્યવહાર છે ખરો.

વ્યવહાર એટલે એની કાંઈ નાસ્તિ નથી પોતાના સ્વભાવની દૃષ્ટિ પોતે એક ચૈતન્યની અપેક્ષા, સ્વની અપેક્ષાએ પર એનામાં આવતું નથી. એનામાં પરદ્રવ્ય પેસી નથી જાતું પણ એ કાંઈ વ્યવહારે એવો નથી કે એને જાણતું ન જ નથી. બહુ સમયસારમાં આવે છે, કે પર મારામાં જણાઈ ગયું આટલું બધું માટે હું એને કાઢી નાખું તો એ નહીં બની શકે. કારણ એનો જાણવાનો સ્વભાવ છે તો બહાર ફાફા મારીને જાણવાની આકુળતા નથી આવતી. તું એક ચૈતન્યને જાણ એટલે એમાં બધું જણાઈ જાય છે. સહેજે જણાઈ જાય છે, એટલે જ્ઞાન જ્ઞાનને જાણે એટલે પર નથી જ જણાતું એટલે પરનું કોઈ જ્ઞાન એનામાં આવતું જ નથી એવું નથી. તે જ્ઞાન પ્રચ્છન્ન ને અપ્રચ્છન્ન ને સમ ને વિષમ બધાને ન જાણે તો એ જ્ઞાનને દિવ્યપણું કેવું? માટે જ્ઞાનને બધું જાણવાનો સ્વભાવ છે.

પણ એ તરફ તું તારો ઉપયોગને એકત્વ ન કર. તું તારા પોતાને જાણ. પોતાને પોતાને જાણતા એમાંથી સહેજે જણાઈ જાય છે. ચૈતન્યને જાણતા, બધું જણાઈ જાય છે. એવો તું જ્ઞેય નિમગ્ન ન થા પણ એમાં સહેજે આવી જાય છે. પોતાને જાણતા સહજ પરિણતિ પોતાની પ્રગટ થતાં વીતરાગદશા પ્રગટ થતાં એમાં લોકાલોક સહેજે જણાય છે. જ્ઞાન જ્ઞાનને જાણે એ બરાબર પણ એમાં એને વેદનમાં એમ નથી આવતું કે આ

લોકાલોક નથી કે આ જ્ઞેય નથી કે આ અનંતા દ્રવ્યો નથી કે અનંત ચૈતન્ય નથી કે જડ નથી એવું નથી. આ છે બધું. આ બધું છે, એમ જણાય છે માટે પર જાણવારૂપે ભલે એનું જ્ઞાન કરે, પણ પરને જાણવાનું જ્ઞાન એમાં નથી આવ્યું એવું નથી. જો જ્ઞાનનો સ્વભાવ એનું નામ કહેવાય કે એમાં જાણવાની મર્યાદા ન હોય, ભલે વ્યવહાર હોય, પણ જાણવાની મર્યાદા ન હોય એમાં અનંતતા ભરેલી છે. જ્ઞાન એનું નામ કહેવાય, સ્વભાવ એનું નામ કહેવાય કે જેમાં મર્યાદા ન હોય પણ, એના તરફ દૃષ્ટિ ન કર જાણવાના ફાફા ન માર. તું તારા જ્ઞાનને સહજ જાણ. તારા તરફ ઉપયોગ કર, તારા તરફ દૃષ્ટિ કર, દૃષ્ટિ તારા તરફ, જ્ઞાનમાં બધું જણાઈ જાય છે, પણ તું જ્ઞાન તો યથાર્થ કર એમ આવે છે. (3-109-9)

શ્રોતાઓ : ભગવતી માતનો જય હો....
માતાજીની અમૃતવાણીનો જય હો....

* * *

## પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી, ભાગ-૩

# તત્ત્વચર્ચા - ૧૧૦

**શ્રોતા :** ૧૦૩ ગાથાના કળશમાં એમ કહ્યું છે કે આત્મા જ્ઞાતા અને છ દ્રવ્ય તે મારું જ્ઞેય એમ નથી ખરેખર તો આત્મા જ્ઞાતા ને પોતે જ્ઞેય એ નિશ્ચય છે.

**પૂજ્ય બહેનશ્રી : નિશ્ચયમાં બરાબર કે આત્મા જ્ઞાતા ને જ્ઞેય એ બરાબર છે, પણ એનો અર્થ એમ છે, કે તું જ્ઞેય તરફ દૃષ્ટિ જ્ઞેય નિમગ્ન દૃષ્ટિ (ન કર) જ્ઞેય જણાતું જ નથી એમ નથી. બાકી બીજે ઠેકાણે એમ પણ આવે છે, કે તું સમને-વિષમને અનંત દ્રવ્યને ન જાણે, જે ગયો કાળ વીતી ગયો વર્તમાન વર્તે ભવિષ્યને વિશે એને જાણનારું જ્ઞાન (ચિત્રીત) થયેલી ભીંતની માફક એ ગયો કાળ વયો ગયો આ બધું જ જ્ઞાનમાં જણાય છે, એમ પણ આવે છે, એટલે એ બેય વાતનો શાસ્ત્રનો મેળ કરવો જોઈએ. ખાલી એક વાત આવે એને આપણે સમજીને ઓલી વાતને કઈ રીતે મેળ છે. એ સમજવું જોઈએ. ઓલી વાત પોતાના સ્વને આશ્રયે કરે છે, પણ આ વાત એમાં આવે છે ખરી નથી આવતી એમ નહીં. વ્યવહાર એટલે એવી જાતનો વ્યવહાર નથી કે તદ્દન નાસ્તિરૂપ છે એમ નથી. એમાં જે શાસ્ત્રમાં જે આવે છે, કે જે અનંતને જાણે છે, એ તદ્દન નાસ્તિરૂપે નથી. એ છે ખરો વ્યવહાર એના વેદનમાં પણ એમ આવે છે, કે આ**

લોકાલોક છે, આટલા દ્રવ્ય છે, આ છે, પણ એ એમ કહે છે, તું જ્ઞેયને જાણ્યું, જ્ઞેયની નિમગ્નતા છોડી દે, તું તારા જ્ઞાનને જાણ. તારા જ્ઞાનમાં એવી નિર્મળતા છે, તું પોતે જ્ઞાતા, પોતે જ્ઞેય, પોતે જ્ઞાન. એમ તારા ઓલામાં પર ઉપરથી દૃષ્ટિ છોડી દે. એમાં સહેજે જણાઈ જાય છે. પરની દૃષ્ટિ છોડી દે. તે તારા જ્ઞાનની નિર્મળતા છે, પણ એટલે પર નથી જણાતું એવું નથી. (3-110-1)

**શ્રોતા :** પ્રયોજનની સિદ્ધિ માટે આવા નિશ્ચયના કથનો આવે પણ ખરેખર સ્થિતિ વ્યવહાર નથી એમ નથી

**પૂજ્ય બહેનશ્રી :** વ્યવહાર નથી એમ નહીં એ આકાશના ફૂલ જેવો નહીં. આપણે દ્રવ્યદૃષ્ટિએ એમ કહીએ કે આત્મા સ્ફટિક જેવો છે. આત્મામાં અશુદ્ધતા નથી એટલે આપણે અશુદ્ધતા નથી એમ કહીએ આપણું દ્રવ્ય ને તું દ્રવ્યને મુખ્ય કરીને સમજ. વસ્તુસ્થિતિએ રાગ-પુદ્દ્ગલનાં છે દ્રવ્ય નિર્મળ જ છે, એટલે પણ ઓલી અશુદ્ધતા નથી થઈ એમ છે નહીં. એમાં આ વસ્તુની મુખ્યતાએ એમ કહે રાગ જડ છે. રાગ પુદ્દ્ગલના છે, એમ આવે શાસ્ત્રમાં રાગ પુદ્દ્ગલના છે. એટલે જો તું એમ વાસ્તવિક માની લે, તો તો અશુદ્ધતા તારામાં છે જ નહીં તો અત્યારે પૂર્ણ કેવળજ્ઞાન પ્રગટ થઈ જાય એવો એનો અર્થ થાય છે, એવું નથી. રાગ પુદ્દ્ગલના છે, એ દ્રવ્યદૃષ્ટિ થવા, દ્રવ્ય તારું નિર્મળ છે, એવી દ્રવ્યદૃષ્ટિ કરવાને માટે છે. એવું સમજવાનું એમાં પર્યાયમાં અશુદ્ધતા છે એને તું જાણ. કારણ વસ્તુસ્થિતિએ મૂળ વસ્તુને સમજ એથી પર્યાય એમાં કેવી રીતે છે તું જ્ઞાન કર. વ્યવહાર કેવો છે? અશુદ્ધ વ્યવહાર, સદ્દ્ભૂત વ્યવહાર, એ વ્યવહારનું જ્ઞાન કરવું. વ્યવહારની નાસ્તિ નહીં સમજવાની. દ્રવ્યને મુખ્ય મૂળભૂતપણું.

દ્રવ્યદૃષ્ટિને મૂળભૂત સમજવી. નિશ્ચયને મૂળભૂત સમજવું. વસ્તુસ્થિતિ એના ઉપર દૃષ્ટિ કરવાથી મુક્તિનો માર્ગ ચાલુ થાય છે એ બરાબર છે. એને તું મૂળભૂત સમજ પણ ઓલાની નાસ્તિ નહીં. એની હારે એનો મેળ કર. ઓલું મૂળ પ્રયોજનભૂત એ જ છે. સાધવાનું એ મૂળ વસ્તુ પણ એ છે, કે મૂળ વસ્તુ તો શુદ્ધ જ છે. જ્ઞાન પરમાં જાણતું નથી. જ્ઞાન જ્ઞાનને જાણે છે, એમ બરાબર, પણ ઓલાની કાંઈ નાસ્તિ એ તદ્દન નથી એમ નહીં. એનો મેળ કરે, એવો.....

જગતની અંદર એમના જેવું કાર્ય કોણે કર્યું? અત્યારે બધા કરે છે પણ અહીં તો દિગંબર ધર્મનું નામ નહોતું ઠેક ઠેકાણે થઈ ગયું. એ લખ્યું છે ને! નેમિચંદ્ર સિદ્ધાંતચક્રવર્તી જેવો યુગ જે હતો એવો યુગ જાણે આવ્યો કે જ્યાં નામનિશાન નહોતું એ ચારે બાજુ ધર્મ દિગંબર ધર્મના મંદિરો કર્યા, જાત્રાએ નીકળ્યા તો જાણે એક મહાપુરુષ નીકળ્યા હોય એની જોડે ... (3-110-2)

**શ્રોતા :** એવી યાત્રા તો કોઈ કરાવી ન શકે. એવી યાત્રા ગુરુદેવની...

**પૂજ્ય બહેનશ્રી : એવી જાત્રા એમની જાણે કે ગામોગામ જાય, જાણે તીર્થંકર ભગવાનનું સમોસરણ આવ્યું, (સ્વાગત કેવા કરે) દક્ષિણમાં ગયા તો જાણે ભદ્રબાહુસ્વામી જે વિચારતા હતા શિષ્યો સાથે એવું જાણે લાગે એવું બધું. કુંદકુંદાચાર્ય જ્યારે અહીં ગિરનાર ઉપર આવ્યા ત્યારે દિગંબર ધર્મ કર્યો એવું જાણે ગુરુદેવે દિગંબર ધર્મ બધાને આપ્યો, બધાને કીધો એવું બધું બાકી એમના જીવનનો એ જીવનમાં બસ સ્વાધ્યાય કરતા ક્યાં રસ નહોતા લેતા, શેમાંય પડતા નહોતા. પોતે પોતાનો આત્માને અભિમુખ, શુદ્ધાત્માને અભિમુખ રહીને બસ પોતાનું જ કાર્ય કરતા. (3-110-3)**

**શ્રોતા :** જગતના જીવો ઉપર અનંત અનંત ઉપકાર કરી ગયા.

**પૂજ્ય બહેનશ્રી : અનંત ઉપકાર કરી ગયા, આવા ગુરુદેવ જગતમાં વિષમકાળે મળ્યા એ તો મહાભાગ્યની વાત છે.**

**શ્રોતા :** આપનો પણ ઘણો ઉપકાર છે. સમાજને જેમ બોલવું હોય એમ બોલે પણ આપ તો ગુરુદેવ જેટલા જ મહાન છો જરાય કમ નથી. અત્યારે એક સમાધાન આપનાથી જ થાય છે ગુરુદેવના વિરહમાં આપને જોઈએ છે ત્યારે શાંતિ શાંતિ થાય છે ને આનંદ આવે છે આપની મુદ્રા જોઈને, કે એકવાર દર્શન કરીએ તો કેટલા દિવસ આનંદ રહે છે.

**પૂજ્ય બહેનશ્રી : દાસ છું, ગુરુદેવે જે માર્ગ બતાવ્યો, બોલવું એ છે, ગુરુદેવની મહિમા, એમના શબ્દો, એમના જે ગુરુદેવે માર્ગ બતાવ્યો એ ગુરુદેવની મહિમા કરીએ એટલી ઓછી છે. એની વાણીની પાછળ એકલો આત્મા જ નિતરતો રહેતો. બધાને દેખાતો હતો. એમની અંદરમાં આત્મા હતો બીજાને દેખાડતા. એક જ્ઞાયક, જ્ઞાયક એમ આવે છે ને! જ્ઞાયક.. જ્ઞાયક.. જ્ઞાયક.. ધ્રુવ..ધ્રુવ એનો સંગીત જાણે ગાતા હોય એવી રીતે લાગે. બધું ગુરુદેવને લીધે છે. વ્યવહારનો અંતરનો બધુંય .......(3-110-4)**

**શ્રોતા :** માતાજીને તો કોઈની વાત જ કરવાની નહીં ને, ગુરુદેવે એટલું આપ્યું અને એમણેય એટલું આપ્યું. કાંઈ બાકી ન રહેવું જોઈએ. બહુ સરસ બહુ સરસ એ જે રીતે ઓલું કરે એ બધું વર્ણન કેટલું આમ કેવું વર્ણન આપે કર્યું ચાંદલિયા સંદેશો ... ....... બધા ભાવો...... આ ગીત અમને બહુ ગમે છે.

**પૂજ્ય બહેનશ્રી : ગુરુદેવ ગયા અને અંતરમાં આપણને લાગે એવું બધું જોડાય ગયું.**

**શ્રોતા :** બહુ ઉતરી ગયા છે આમ ઘણું અંદરમાં ઘણા ભાવ નીકળ્યા છે.....

**પૂજ્ય બહેનશ્રી : ........... ૮૯ની સાલમાં ત્યાર પહેલા, ૭૭ની સાલમાં તો ભાવનગરમાં દર્શન કર્યા**

**શ્રોતા :** ત્યાર પહેલાં દર્શન કર્યા ને!

**પૂજ્ય બહેનશ્રી : હાં, પછી વઢવાણમાં ચોમાસું હતું ગુરુદેવનું, ત્યારે દર્શન કર્યા હતા, નારણભાઈએ દીક્ષા લીધી ત્યારે કર્યા હતા. નારણભાઈની દીક્ષા ઉત્સવ હતો વઢવાણમાં, એનું ચોમાસું હતું ત્યારે એમના દર્શન કર્યા ત્યારે હું નાની દેખાતી હતી.**

**શ્રોતા :** માતાજી સ્વાનુભૂતિ પણ નાનપણમાં જ થઈ ને? કેટલી નાની ઉંમર..

**પૂજ્ય બહેનશ્રી : ત્યારે ૧૫-૧૬ વર્ષની હતી ત્યારે કર્યા ને, પછી અહીં ભાવનગરમાં કર્યા.**

**શ્રોતા :** ભાવનગરનું ગુરુદેવ કહેતા હતા કે હિંમતભાઈ ને કહ્યું કે આ બેન કોઈ જુદી જાતના છે ઓળખ્યા... પ્રવચન લખી નાખ્યું હતું ને આપે, એટલે પ્રવચન લખીને આપ્યું હતું ને આપે....

**પૂજ્ય બહેનશ્રી : ઘરે જઈને લખતી'તી. ન્યાં વોરવા પધારતા ને, ન્યાં વોરવા પધારતા...**

**શ્રોતા :** તે દિવસ યાદ આવ્યું. ગુરુદેવ તીર્થંકર વહોરવા ગુરુદેવ ઘરે આવેલા ને ત્યારે જ કીધું ને! આપે વોરાવ્યું ત્યારે આપને જોઈને કહી દીધેલું આ બેન કોઈ અદ્ભૂત છે, આહારના ઓલાએ કહી દીધું, ગુરુદેવ કેટલા ઓળખી શકે એવા મહાપુરુષ શક્તિ એની કેવી?

**પૂજ્ય બહેનશ્રી : આપણે તો એ વખતે કાંઈ નહોતું આવડતું, એક તો નાની હતી સાવ ત્યારે સોળ વર્ષની (પણ બધું લઈને આવ્યા છો ને!) જિજ્ઞાસા હતી ગુરુદેવની વાણીની જિજ્ઞાસા જાગી સાંભળવાની. લખતી હતી ન્યાં, પાછી ઘરે જઈને લખતી હતી. સાચું શું એકલું અંદરમાં રહેતું. સાચો માર્ગ આ ગુરુદેવ બતાવે છે. કોઈ નથી બતાવતું એમ થાતું હતું, સાચું શું? (3-110-5)**

**શ્રોતા :** ગુરુદેવને ખોજ એ જ હતી ને, સંપ્રદાયમાં ખોજ એ જ કરવાની હતી કે સાચું શું છે એ જોવું.

**પૂજ્ય બહેનશ્રી : ગુરુદેવને એ હતું સાચું ગોતી કાઢ્યું ગુરુદેવે તો. એમાંથી જ્ઞાયક..જ્ઞાયક. એમ હાથમાં સમયસાર આવ્યું ગુરુદેવને. ગુરુદેવે ગોતી કાઢ્યો માર્ગ. એ શાસ્ત્રને કોણ ઉકેલે ગુરુદેવ સિવાય, જ્ઞાયક.. જ્ઞાયક ને ઓળખો. ભેદજ્ઞાન કરો. અંતરમાં આનંદ છે, અંતરમાં નિર્વિકલ્પદશા થાય છે, વિકલ્પ છૂટી જાય છે, બધું ગુરુદેવે દેખાડ્યું. કોણ જાણતું હતું? બધા ક્રિયામાં પડેલા. નિર્વિકલ્પદશા થાય, ભેદજ્ઞાન થાય, બધું ગુરુદેવ આખા શાસ્ત્રોનો ઉકેલ બતાવ્યો. (3-110-6)**

**શ્રોતા :** આપે વચનામૃતમાં કેટલો ગુરુદેવનો મહિમા કર્યો છે, કેટલો કર્યો છે ગુરુદેવનો? આપે વચનામૃતમાં કેવા શબ્દો અગ્નિને ઉધઈ લાગતી નથી કોઈ શાસ્ત્રમાં નથી. ગુરુદેવ અલગ ... નિશ્ચય-વ્યવહાર, ઉપાદાન-નિમિત્ત, આ વચનામૃતમાં તો સમયસાર જેટલું બધું આમ ટૂંકાણમાં લખ્યું પણ સાદી ભાષામાં લખ્યું બધા લોકોને બહું આમ સમજી જાય, શાસ્ત્રના શબ્દો ઓછા છે ને! એટલે સમજવામાં બહુ સરળ પડે છે.

**પૂજ્ય બહેનશ્રી : આત્મામાં આનંદ છે, અંદર નિર્વિકલ્પદશા થાય છે બધું ગુરુદેવે કીધું છે, આપણને ખ્યાલ આવે. ગુરુદેવને સંદેશો કોણ આપે એમ થાતું હતું એટલે ચાંદલિયાને.....**

**શ્રોતા :** સીમંધર ભગવાનનું ચાંદલિયાનું બનાવ્યું, પાછું આ બનાવ્યું છે ને! ચાંદલિયો સીમંધર .....

**પૂજ્ય બહેનશ્રી : બધું સ્તવનમંજરીમાં છે.**

**શ્રોતા :** સ્તવનાવલીમાં એટલું છે. આપના બધા સ્તવનો આમ ઓળખાઈ જાય કે આ માતાજીનું છે ખબર પડી જાય.

**પૂજ્ય બહેનશ્રી : એક ચૈતન્ય જ્ઞાયક સિવાય બસ તો દેવ, ગુરુ, શાસ્ત્રને જાણે તો બધુંય એ જ જીવનનું ધ્યેય એવું જોઈએ બીજા બધાથી નિરાળો આત્મા ચૈતન્ય દ્રવ્ય પ્રગટે, જ્ઞાન, દર્શન સહિત, બધો આનંદથી ભરેલો અનંત ગુણથી ભરેલો હું ચૈતન્ય પદાર્થ, એની સાધના કરવી. અનંતગુણથી ભરેલો દેવ, ગુરુ, શાસ્ત્ર બતાવ્યો એ ગુરુદેવ બધું .... એ જ કરવા જીવનમાં.... એ એ જ કરવા જેવું છે......એ જે માર્ગે ચાલવા જેવું છે. જીવનમાં ઉર્ધ્વ રાખવો એમાં પાછા ન પડવું. વિશેષ વિશેષ આગળ જાવું ગુરુદેવે બતાવ્યો એ માર્ગે ચાલ્યા કરવું એ નિશ્ચયનો પંથ બતાવ્યો. એ ધ્યેય બધા એ લીધો છે જે ધ્યેયે પ્રતિજ્ઞા લીધી એ ધ્યેય, એ પ્રતિજ્ઞાની દઢતા થઈ ને હું એકલો જ્ઞાયક છું (ત્યારે પણ આપ આ બોલ્યા હતા.) ચૈતન્ય ગુણનો પીંડ છે બસ એ ગુણ સ્વરૂપ આત્માને ઓળખે, જે ગ્રહણ કર્યો એની દઢતા કરવી એ જ કરવાનું છે.**

**(3-110-7)**

**શ્રોતા :** આપના ચરણમાં રહીને આપના આશીર્વાદ પામીને અમારા ઉપર આવીને આવી અમીદૃષ્ટિ રહે પાછી, .......... આપની શીતળછાયામાં અમને આમારો આત્મા સિવાય છે, એ બધું......

**પૂજ્ય બહેનશ્રી : પહેલા વિચાર કરવો, ગુરુદેવના લાભો ઘણા મળ્યા, સારું આટલા વર્ષો ગુરુદેવનો બધો લાભ મળ્યો, પોતે ......જ્ઞાયકને જાણવો એ જ ભાવના**

**અને શુભભાવમાં દેવ, ગુરુ, શાસ્ત્ર અને અંતરમાં જ્ઞાયક, જ્ઞાયક, એમ જ્ઞાયકમાં આનંદ ને જ્ઞાયકમાં અનંતગુણ ને જ્ઞાયકમાં બધું ભર્યું છે, એ જ કરવાનું છે, જીવનમાં ઈ જ છે. જીવન સફળ છે જો જ્ઞાયકને ગ્રહણ કર્યો તો. દેવ, ગુરુ, શાસ્ત્ર .....બાકી તો બધું ચાલ્યા કરે છે. (3-110-8)**

**શ્રોતા :** જ્ઞાયકને ગ્રહણ કરવો હોય તો, અંશ ઉપરથી જ્ઞાયકને હું ગ્રહણ કરું છું જ્ઞાયક છે એમ જ ગ્રહણ કરું.

**પૂજ્ય બહેનશ્રી : એને અંશ, એને જ્ઞાન જીવનો અસાધારણ ગુણ છે, એ સીધો જ્ઞાયક ગ્રહણ થાય છે, તો એવી રીતે કરવું નહીંતર પોતે અંશ એટલે પર્યાય તો વચમાં આવે જ છે અંશથી અંશી પકડાય એવો પહેલો ભેદ આવે છે, પણ અંશી ઉપર, દૃષ્ટિ એની અંશી ઉપર હોવી જોઈએ અંશ ઉપર દૃષ્ટિ ન હોવી જોઈએ. દૃષ્ટિ અંશી ઉપર જાય છે. હું ચૈતન્ય દ્રવ્ય છું. શાશ્વત અનાદિ અનંત, દૃષ્ટિ અંશી ઉપર જાવી જોઈએ. વચ્ચે અંશ આવી જાય, પર્યાય વચ્ચે આવી જાય છે, પણ દૃષ્ટિ એની દ્રવ્ય ઉપર જ છે. અંશ એમ આવી જાય છે. પછી તેની દૃષ્ટિ સહજ થઈ જાય એટલે વચ્ચે પર્યાય જે દૃષ્ટિ પોતે પર્યાય છે, એનો વિષય છે, એ દ્રવ્ય ઉપર જાય છે. ગુરુદેવે ઘણું બતાવ્યું છે વિષય દ્રવ્ય ઉપર જાય છે. અંશ ઉપર દૃષ્ટિ નથી. વચ્ચે એ અંશ આવી જાય છે. દૃષ્ટિ અંશી ઉપર રહેવી જોઈએ.**

**ભેદ વચ્ચે પડે પણ દૃષ્ટિ એની ભેદ ઉપર નથી. અભેદ છે. સીધો જ્ઞાયક, હું જ્ઞાયક, હું જ્ઞાયક એમ, હું આ પર્યાય, આ જ્ઞાન જણાય, હું એમ નહીં, 'હું જ્ઞાયક છું,' આ જાણે એ આત્મા એમ નહીં. જાણે એ આત્મા એમેય વિચારવા માટે આવે, જાણે એ આત્મા પણ જ્ઞાયક હું સ્વયં જ્ઞાયક છું. જ્ઞાનથી જ્ઞાયક છું એવો ગુણભેદ વચ્ચે આવે છે, પણ એ ગુણભેદ ઉપર એની કરીને દૃષ્ટિ નથી. દૃષ્ટિ એની સ્વયં જ્ઞાયક ઉપર છે, એમ રહેવું જોઈએ. દૃષ્ટિ અંશી ઉપર રહેવી જોઈએ. એ જ્ઞાયક છે સીધો ખાલી નથી પણ એ અનંતતાથી ભરેલો જ્ઞાયક છે. અનંત અનંત ગુણોથી ભરેલો છે અનંત અનંત શક્તિઓથી ભરેલો જ્ઞાયક છે. જ્ઞાયક આ ખાલી નથી. દ્રવ્ય એનું નામ કહેવાય કે જેમાં અનંતતા ભરેલી હોય એનું નામ દ્રવ્ય. જ્ઞાન જ્ઞાયકતા એનું નામ કહેવાય જેમાં અનંતતા ભરેલી હોય. એમાં મર્યાદા નથી. કે આટલું જોઈએ, આટલું જોઈએ. જ્ઞાયકતા એનું નામ કે જેમાં અનંતતા ભરેલી હોય. એની જ્ઞાયકતા અનંત તરફ છે, એનો આનંદ અનંત સ્વરૂપ છે. બધું એનું અનંતતાથી ભરેલું છે. એવો જ્ઞાયક, જ્ઞાયક. દૃષ્ટિ અંશ ઉપર નથી. દૃષ્ટિ અંશી ઉપર હોય છે. (3-110-9)**

**શ્રોતા :** ભાવમાં પણ એટલું શાંતિ લાગે તો અનુભવમાં તો કેટલો આનંદ આવે?

**પૂજ્ય બહેનશ્રી :** અનુભવ તો આખો અંદર ચૈતન્ય સ્વભાવના જેવો છે સ્વભાવ છે એવો પ્રગટ થાય. એનું જો અનુભવ એની લીનતા થાય, એની શું વાત? એ તો જગતથી ન્યારો છે, જુદો છે ચૈતન્ય, એનો વિભાવમાં એ એકત્વ થઈ રહ્યો એ છૂટો પડીને વિકલ્પ તૂટી જાય. વિકલ્પની આકુળતા તૂટી જાય એકલો નિરાકુળ, નિર્વિકલ્પ તત્ત્વ, નિરાકુળતા એ તો ભાષા છે. એ તો ભાષાથી પાછળથી કહેવાય છે. ભાષાનો અર્થ એમ છે. એનો આનંદ સ્વયં છે. શાંતિ ગુણ છે પણ એક આનંદગુણ પણ એનો .... એ આનંદથી જ્ઞાનથી અનંતગુણથી ભરેલો છે. જ્યાં વિભાવથી અંશે છૂટો પડી ભેદજ્ઞાન થાય તોપણ એને અંશે શાંતિ.... એ તો શાંતિ છે પણ આ તો આનંદ છે, એ તો જુદું ચૈતન્ય તત્ત્વ. સ્વભાવ પર્યાયમાં પોતાના ઉત્પાદ-વ્યયનો પરિણમનારો પોતે જ છે ધ્રુવ સ્વરૂપી, હું ચૈતન્ય છું. (3-110-10)

**શ્રોતા :** ......... આખો દિવસ એ જ વિચાર આવ્યા કરે સહજ એ જ છે....

**પૂજ્ય બહેનશ્રી :** જ્ઞાયકતા એનું નામ કહેવાય કે જેમાં મર્યાદા ન હોય. જ્ઞાયક આટલું જાણે ને આટલું ન જાણે એમ નહીં. એમાં અનંતતા ભરેલી છે. એવો અસાધારણ ગુણ છે. પછી વિકલ્પ એમાં નથી આવતા. આકુળતા નથી એમાં તન્મયતા નથી. સહજ જાણે છે પણ એ જ્ઞાયકતા એ દ્રવ્ય એના ગુણો આનંદથી ભરેલા છે.

**શ્રોતા :** બહુ સરસ ન્યાય આપ્યો મર્યાદા નથી, નહીં તો મર્યાદા થઈ જાય

**પૂજ્ય બહેનશ્રી :** મર્યાદા નથી. તો તો મર્યાદા થઈ જાય, એ તો પોતાને જાણતા પર એમાં સ્વયં આવી જાય છે. જ્ઞાન જ્ઞાનરૂપે પરિણમતા પરનો પ્રકાશક સહજ છે. એમાં અનંતતા છે. મર્યાદા નથી. સાથે એનો લોકાલોકને પોતાની અનંતતાની પોતાના સ્વભાવ અનંત અનંત સ્વભાવને જાણનારો, લોકાલોકને જાણનારો, લોકાલોક એ અણું રેણુની માફક સહજ જણાય છે. જાણે કોઈ અણુરેણુથી અનંત લોકાલોક હોય તોય એ પોતે જાણે છે. એવી અનંતતાથી ભરેલો એનો જ્ઞાયક સ્વભાવ છે. તોય એને બોજો નથી થાતો, એને આકુળતા નથી થાતી. એવો સહજ સ્વભાવ છે. (3-110-11)

શ્રોતાઓ : ભગવતી માતનો જય હો....
માતાજીની અમૃતવાણીનો જય હો....

* * *

## પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી, ભાગ-૩

# તત્ત્વચર્ચા - ૧૧૧

**શ્રોતા :** ......

**પૂજ્ય બહેનશ્રી : દૃષ્ટિ જ્ઞેય ઉપર ન હોવી જોઈએ. જ્ઞેય સાથે નિમગ્નતા ન હોય. દૃષ્ટિ પોતાના જ્ઞાયક ઉપર સ્વ તરફ હોવી જોઈએ. પણ એ દૃષ્ટિ સ્વ તરફ રાખે એ સહેજે જણાઈ જાય એવો એનો સ્વભાવ છે. લોકાલોક કેવળજ્ઞાની તો શી વાત છે એમાં તો સંશય નથી. પણ ચૈતન્ય તરફ દૃષ્ટિ જાય ત્યાં અસ્તિ ને નાસ્તિ એકસાથે આવી જાય છે. ઉપયોગ છદ્મસ્થનો એકબાજુ કામ કરે છે. પણ એમાં સહજ સ્વભાવે જાણવાનો સ્વભાવ છે. ગુરુદેવે તત્ત્વ એવું ચોખ્ખું કરેલું કે ચારે બાજુથી પડખાથી કોઈને કોઈ શંકા ન રહે એવું ચારેકોરનું. કોઈ 'સમયસાર'ની વાત આવે તોય એટલું પદ્મનંદી વાંચે તોય એવી રીતે બધું ગુરુદેવે કહ્યું. 'દાન અધિકાર' આવે કે 'ભક્તિ અધિકાર' આવે તો એવી રીતે વાંચે અને 'સમયસાર'નો તત્ત્વનો અંતરનો જે આવે એ પણ એવી જ રીતે એમ. ગુરુદેવ ચારે પડખાથી સ્પષ્ટતા કરતા. એ તો દ્રવ્ય આખું સૂક્ષ્મ કરીને સમજાવતા. (3-111-1)**

**શ્રોતા :** તીર્થંકરની વાણી ગણધર જ સમજાવી શકે બાકી સમજાય ...

**પૂજ્ય બહેનશ્રી : ગુરુદેવનો દાસ છું.**

**શ્રોતા :** ગુરુદેવનો ઉપકાર વાળવો આપે જ સમજાવ્યું છે. હવે અમને એટલો પસ્તાવો થાય કે આપણે ગુરુદેવને પણ પૂરા ન ઓળખ્યા એમ.

**પૂજ્ય બહેનશ્રી : શક્તિ એટલી હતી ગુરુદેવની, સૌને પોતાની શક્તિ હોય એ પ્રમાણે બધાં સમજે. આનંદથી ભરેલો અનંતગુણથી ભરેલો એનો અસાધારણ ગુણ છે. ગ્રહણ કરી શકાય એવો છે. એ વિભાવ પર્યાય કાંઈ પોતાનો સ્વભાવ નથી એ તો આકુળતારૂપ છે. એનાથી છૂટો પાડે, તો અંતરમાંથી શાંતિ ને આનંદ પ્રગટે. અંતરમાંથી એને છૂટો પાડવો એ જ કરવાનું છે. ક્ષણે ક્ષણે એ જ પુરુષાર્થ કરવા જેવો છે બીજો નથી. બધું બહારમાં તો અનંત શુભભાવ તો વચ્ચે આવે છે. શુભભાવમાં દેવ, ગુરુ, શાસ્ત્ર ને અંતરમાં જ્ઞાયકની ધારા પ્રગટ થાય એ જ કરવા જેવું છે.**

**સ્વની દૃષ્ટિ, જ્ઞાયક બસ! અનંતતાથી ભરેલો જ્ઞાયક છે. જ્ઞાયકમાં અનંત ગુણ અનંત અમર્યાદિત જ્ઞાયક બસ! જ્ઞાયક અનંત, એમાં આનંદ અનંત છે, એના ગુણો અનંત છે. બધા અનંતતાથી ભરેલા જે દ્રવ્ય એનું નામ કહેવાય કે જેના સ્વભાવની**

**મર્યાદા ન હોય. એમ સ્વભાવ એનો અનંત, એની શક્તિઓ અનંત, એના ભાવો અનંત બધું અનંત એવો ચૈતન્ય ભગવાન છે. બધી મહિમાથી ભરેલો છે. એ જાતની શુદ્ધાત્મારૂપ પર્યાય પ્રગટ થાય, એ ચૈતન્ય જીવનમાં વણાઈ જાય એમ ખરી રીતે બાકી શુભભાવમાં દેવ, ગુરુ, શાસ્ત્ર બીજું બધું આવ્યા કરે એ તો બધું ગૌણ છે.**

**ભેદજ્ઞાનના અભ્યાસે જે ધ્યાન થાય કે હું ચૈતન્ય તત્ત્વ છું, જ્ઞાયક છું. એ જ્ઞાયકમાં આનંદાદિ અનંતગુણો ભરેલા છે. એમાં એકાગ્ર થા, એના જ્ઞાનપૂર્વકનું જીવન. એમાં એકાગ્રતા થાય અને જે જે વિભાવો આવે ને જે ભેદજ્ઞાન થાય કે આ સ્વરૂપ મારું નથી. એને ભેદજ્ઞાન થઈને અંદરથી જે વિકલ્પ તૂટીને જે નિર્વિકલ્પદશા આવે, જે વિકલ્પને અંતરમાં ચૈતન્ય કોઈ અદ્ભૂત સ્વભાવ પ્રગટ થાય, ચૈતન્ય જ્ઞાનસ્વભાવ, આનંદ સ્વભાવ એ મારો નિરાળો ચૈતન્ય છે, એ રૂપ ચૈતન્યથી જાગતા સૂતા એવી રીતે અંતરથી, વર્ણનરૂપે નહીં પણ અંતરમાં પોતે પ્રગટ કરે. (3-111-2)**

**શ્રોતા :** એક આપની પુસ્તિકા વાચ્યા પછી .... પ્રશ્ન કરું છું અને એ જ્ઞાયકદશા એવું..... આમ પૂર્ણ નથી પણ છે એમ કહીશ ................

**પૂજ્ય બહેનશ્રી : કોઈ પુણ્યના કારણો, પાપના કારણો, પુણ્ય-પાપના કારણો જે શુદ્ધાત્માની અનુભૂતિ છે એ એક જ મુક્તિનું કારણ છે. એ અંશે મોક્ષ, અંતરમાં જ મોક્ષ થાય છે. મોક્ષ બહાર થાય એ વ્યવહારથી. અંતરમાં જ આ ભર્યું છે. જ્યાં વિકલ્પ વિભાવથી છૂટો પડે.**

**શ્રોતા :** તો મારે કેવી રીતે કરવું, શું કરવું? હું અત્યારે તો આ ધ્યાન કરી રહ્યો છું.

**પૂજ્ય બહેનશ્રી : ભેદજ્ઞાનની ધારા પ્રગટ કરવી, ક્ષણે ક્ષણે ક્ષણે મારો શુદ્ધાત્મા જુદો છે. જે જે અંદર સંકલ્પ-વિકલ્પ ઊઠે બધાથી હું જુદો ચૈતન્ય તત્ત્વ છું, જ્ઞાયક તત્ત્વ, આનંદથી ભરેલો, અનંતગુણથી ભરેલો ચૈતન્ય, વિકલ્પરૂપે નહીં પણ અંતરમાંથી એકાગ્રતારૂપે ....**

**શ્રોતા :** તો પછી એવો વિચાર જ કર્યા કરવાના?

**પૂજ્ય બહેનશ્રી : વિચાર વિચારની રીતે, પરિણતિ રીતે પરિણતિ ન થાય એવી એકાગ્રતા ન થાય ત્યાં સુધી તો વિચાર આવે. પણ અંતરમાં એકાગ્રતા થાય તો એ એકાગ્રતા કરવી. એ જાતનું જ્ઞાન ને એ જાતનું ધ્યાન, હું આ ચૈતન્ય સ્વભાવ, જ્ઞાન સ્વભાવ, જ્ઞાયક સ્વભાવ એ વિચાર જ કરવા એમ નહીં પણ એ જાતની એકાગ્રતા કરવી હું બધાથી જુદો એ જુદો થઈ જાય.**

**શ્રોતા :** હું બધાથી જુદો એ વગેરે વગેરે એ પણ વિકલ્પ જ છે ને!

**પૂજ્ય બહેનશ્રી :** એ વિકલ્પ છે પણ એ વિકલ્પમાં નહીં પણ વિકલ્પથી અંતરમાં ચૈતન્ય તત્ત્વ બિરાજે છે, એવું નિર્વિકલ્પ તત્ત્વ. વિકલ્પ હોય, વિકલ્પ તો વચ્ચે આવી જાય છે. પણ હું અંદર, અંદર ઊંડી દૃષ્ટિ કરવી કે હું જુદો એનાથી. એમ નક્કી કરવું. એમ વિકલ્પ વગર નિર્વિકલ્પ તત્ત્વ જ છું એવું રટણ, એવી ભાવના, એવી જાતનું ધ્યાન એવી જાતનું જ્ઞાન. (3-111-3)

**શ્રોતા :** ચૈતન્ય તો ....

**પૂજ્ય બહેનશ્રી :** ભેદજ્ઞાન ...... ચૈતન્યમાં આનંદ, હું જ્ઞાયક સ્વભાવ એ સ્વભાવ તો પોતાને ઓળખાય ને. એ જાણનારો તો જણાઈ જ રહે છે. જાણનારો હું આ. ચૈતન્ય જાણનારો હું અસ્તિત્વરૂપે આ બધાય જે જેને વચ્ચે જાણનારો કોણ છે? અને હું ચૈતન્ય, હું પોતાનું અસ્તિત્વ પોતે, પોતાનું અસ્તિત્વ જાણનારું, જ્ઞાયકરૂપે અસ્તિત્વ છે. વિકલ્પથી એમ વિચારીને પોતે અંતરમાં પોતે જુદો જ છે. પોતાના ખ્યાલમાં આવે એવો છે પછી એ વિકલ્પ છૂટીને નિર્વિકલ્પ થાય, પહેલાં એનું ભેદજ્ઞાન થાય, હું બધાથી જુદો ચૈતન્ય છું એક. જેમ આ બધા જડ કાંઈ નહીં, એક તત્ત્વ, ચૈતન્ય તત્ત્વ ચેતના તત્ત્વ અને એ શુદ્ધ તત્ત્વ છે. જેમાં વિકલ્પ નથી. એવું તત્ત્વ. વિકલ્પ વગરનો ચૈતન્ય, એ તત્ત્વનું આલંબન, બીજા કોઈનું નહીં, અંતર વિચારનું આલંબન નહીં તત્ત્વનું આલંબન. વિચારો તો વચ્ચે આવે, એવી જાતનું ધ્યાન, એવી જાતનું ધ્યાન. એમાં આનંદ છે.

જ્ઞાયકમાં અનંતાગુણો છે. એનો અભ્યાસ કરતાં કરતાં એવો કોઈ ટાઈમ આવે, વિકલ્પ તૂટી જાય તો અંતરમાં કોઈ, કોઈ અદ્‌ભૂતતા પ્રગટ થાય છે જે અદ્‌ભૂત લોક ચૈતન્યલોક જેને કહેવાય આનંદનો પ્રગટ થાય છે. (શ્રોતા : ઘણી વખત હું જ્ઞાયક છું...) માત્ર એકલી શાંતિ નહીં એકલી શાંતિ નહીં પણ કોઈ અદ્‌ભૂત તત્ત્વ પ્રગટ થાય, અદ્‌ભૂત તત્ત્વનો અનુભવ પ્રગટ થાય છે. એ બાકી છે, એકલી શાંતિ માત્ર નહીં પણ એમાં જુદું જ કાંઈ ચૈતન્ય તત્ત્વની કોઈ ગુણ અનંત, ગુણોથી ભરેલો ચૈતન્ય પ્રગટ થાય છે. માટે એનો અભ્યાસ કરવાનો છે. આ બધાની સાથે એ ચૈતન્ય તત્ત્વ કેમ ગ્રહણ થાય એ કરવાની જરૂર છે. (3-111-4)

**શ્રોતા :** આ કાળમાં આત્માની વાસ્તવિક અનુભૂતિ કરનાર આત્માઓ શાયદ હશે કે નહીં મને ખબર નથી. તો આપ છો તો આમની માટે ઘણું ઘણું કરી શકો એટલે શરીર સ્વાસ્થ્ય જેમ દવાના પરમાણુ છે.

**પૂજ્ય બહેનશ્રી :** દવાપણ હું કોઈ લેતી નથી.

**શ્રોતા :** આપના માટે હું મૈત્રીભાવના ખૂબ ભાવું છું. ...... જે મારો અનુભવ છે. શુદ્ધભાવથી.

**પૂજ્ય બહેનશ્રી : પોતાના ઉદય સાથે સંબંધ હોય છે. ત્યારે કોઈ મુનિવરો હોય છે એને પણ રોગ તો આવે છે, પણ મુનિવરો સમંતભદ્ર મુનિશ્વર હતા, તો સનત્કુમાર ચક્રવર્તી હતા એ દરેકને રોગ તો આવે છે. કોઈવાર જે શાતાનો ઉદય હોય તો એ ધ્યાન ને એ બધા નિમિત્તો બને પણ જો શાતાનો ઉદય ન હોય, એવો ઉદય જો એવી જાતનો અશાતાનો હોય તો કોઈ નિમિત્ત એને દવા કે ધ્યાન કે પ્રાણાયામ કાંઈ અસર કરી શકતું નથી. મુનિઓનો ધ્યાન કેટલા પ્રબળ હોય છે. સમંતભદ્ર મુનિરાજને ભસ્મક વ્યાધિનો રોગ થયો તો એને તો કેટલું ધ્યાન ઉગ્ર હોય. સનતકુમાર ચક્રવર્તીને રોગ થયો, મુનિદશામાં રોગ રહ્યો. એવું ધ્યાન મુનિશ્વરોનું ધ્યાન, એટલે કેવું ધ્યાન હોય!! (3-111-5)**

**શ્રોતા :** એમાં અપકર્ષણ-સંક્રમણ થાય.

**પૂજ્ય બહેનશ્રી : કોઈ પુણ્યનો ઉદય હોય તો ફરી પણ જાય છે, પુણ્યના ઉદયે.**

**નાનાલાલભાઈના આણંદભાઈને આણંદભાઈ જેવું અંતરમાં રાખવા જેવું છે. બીજું બહારમાં બધું તો ચાલ્યા કરે સંસારમાં બધું થાય. પણ આત્મા.... આત્મા જાણનારો જ્ઞાયક હું છું એ બતાવતા હતા એ કરવાનું છે. જ્ઞાયક આત્મા કેવો થાય આત્માની અંદર જ્ઞાન છે, આનંદ છે, બધું ભરપૂર ભરેલું છે. અનંતકાળમાં જન્મ-મરણ કરતાં કરતાં મનુષ્યભવ માંડ માંડ મળે છે. એમાં ગુરુ મળે ને સાચો માર્ગ બતાવનાર એ મહા મુશ્કેલથી મળે છે કે આવો માર્ગ કોણ બતાવે, ભલે બધા પરિણામ બધા હોય એનાથી પુણ્યને પાપ બાંધીને જીવ અનંતકાળ રખડે છે. પુણ્યથી સ્વર્ગ મળે છે. પાપથી નરક મળે છે. એવી બધી ગતિઓ કરે છે. પુણ્યથી થાય પણ એનું શુભભાવ થાય પણ એનાથી મુક્તિ તો થાતી નથી. મુક્તિ તો અંતર આત્માની હોય છે. માટે હું બધા ભાવોથી જુદો ચૈતન્ય છું, જ્ઞાન સ્વરૂપી આત્મા છું, એ ગ્રહણ કરવા જેવું. જ્ઞાનસ્વરૂપી આત્માને ગ્રહણ કરે તો એની અંદર આનંદ છે, અનંતાગુણો છે એને ગ્રહણ કરવો, એની પરિણતિ પ્રગટ કરવા માટે છે એ ન થાય ત્યાં સુધી એનો અભ્યાસ કરવો, એ જાતનું વાંચન, એ જાતનું વિચાર બધું કરવા જેવું છે....... અને ટાઈમ મળે તો જિનેન્દ્ર દર્શન, જિનેન્દ્ર ભક્તિ, પૂજા, વાંચન આ બધું કરવા જેવું છે. બાકી બીજું બધું તો ચાલ્યા જ કરે છે. કોઈ આત્માને ઓળખવા માટે જ્ઞાયક હું ચૈતન્ય છું એ એની પરિણતિ થાવી જોઈએ. શુભ પરિણામમાં દેવ, ગુરુ ને શાસ્ત્ર એ કરવા જેવું છે. એ ગુરુનું .......**

.............

એ સ્વરૂપ જ છે. એ સ્વરૂપને ગ્રહણ કરી એ જાતની પર્યાય એ જાતની પરિણતિ પ્રગટ કરવાની સાધના કરે. ક્ષમાને ધારણ કરવી, આર્જવ, માર્દવ એની સાધના કરવી એ માર્ગ છે. ને જ્ઞાયક સ્વરૂપ આત્મા એમાં બધું ભરેલું જ છે એની આરાધના કરવી, એ કરવાનું છે એની સાધના કરવી. આત્માને લક્ષમાં રાખી અને જે અંદર જે અનાદિના વિભાવો છે, એ વિભાવથી ભેદજ્ઞાન કરીને આત્મા ક્ષમા સ્વરૂપ, આર્જવ સ્વરૂપ જ્યાં સુધી પોતાની અંતરમાં એટલી દૃષ્ટિ ને એટલી પરિણતિ ને એટલી લીનતા ન હોય ત્યાં વચ્ચે બધા વિભાવો છે, પણ એની બધાની તોડવાની આરાધના કરવાના આ દિવસો છે એટલે બધી રીતે પૂજા દ્વારા, આહાર દ્વારા, શરીર દ્વારા આરાધના કરવામાં આવે છે, કે આત્મા જે સ્વરૂપ છે તે સ્વરૂપે પરિણમી જાય જ્ઞાયક સ્વરૂપે, ક્ષમા સ્વરૂપે, માર્દવ સ્વરૂપે, આર્જવ સ્વરૂપે પરિણમી જાય. અલ્પ વિભાવ મુનિઓને સંજ્વલનનો આટલો હોય છે તોય પણ એને આરાધના કરવાનું આવે છે. શ્રાવકોને અંતર્ગત, શ્રાવકોને સમ્યગ્દર્શન અને જ્ઞાન ને અલ્પ સ્વરૂપ રમણતા હોય છે પણ એને આરાધના કરવી. મુનિઓને વિશેષ હોય છે એ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય ને પૂર્ણતા પ્રાપ્ત થાય એટલા માટે આરાધના કરવી. કરવાનું પોતાને છે. (3-111-6)

**શ્રોતા :** આપે તો મહાવિદેહક્ષેત્રમાં પ્રભુ સન્મુખ બધું સાંભળ્યું છે તો અમને કાંઈ થોડુંક આપો.

**પૂજ્ય બહેનશ્રી :** ગુરુદેવે ઘણું આપ્યું છે અને એ કરવાનું એ જ છે. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ મુખ્ય એ છે. 'દંસણમૂલો ધમ્મો.' મૂળ સમ્યગ્દર્શન ધર્મનું મૂળ છે. એની આરાધના કરવાની છે. એને જ્યાં દર્શન પ્રાપ્ત થાય ત્યાં જ સાચું ચારિત્ર પ્રાપ્ત થાય છે. એ મુખ્ય સમ્યગ્દર્શનની પ્રાપ્તિ એની આરાધના કરવી જોઈએ. એની પાછળ રત્નત્રયની આરાધના ...

અંતરમાં એવી પરિણતિ જ્યાં વિભાવ ને બધું રાગ ને દ્વેષ થાય એ પરિણતિ કેવી રહે એકત્વરૂપે એકદમ તલ્લીન જ હોય. એવી જ તલ્લીનતા જ્ઞાયકમાં, 'જ્ઞાયક છું' એ પરિણતિરૂપે એ જાતનું અંતરમાં ઊંડી પરિણતિ કરવાની ને પરિણતિ ઊંડી થાય તો થાય એકલી એની રાત ને દિવસ એની જિજ્ઞાસા પ્રગટ કરે, સુખ આત્મામાં છે, બહાર નથી માટે એમાં જ્ઞાયકમાં જ દૃષ્ટિ કરવી એની પરિણતિ કરવી એમાં આનંદ માટે ઊંડો ઉતરવાનું, ક્ષણે ક્ષણે કરવાનું તો થાય છે. એમને એમ ન થાય માટે ન થાય ત્યાં સુધી વાંચન, વિચાર, દેવ, ગુરુ, શાસ્ત્ર ..... અંદર વાંચન, વિચાર અંદર જિજ્ઞાસા,

એ જાતની પરિણતિ પ્રગટ કરવી બસ એ જ ચિંતવન....... દેવ, ગુરુ, શાસ્ત્રની મહિમા કરવી, વાંચન કરવો, વિચાર કરવો એ બધું.

**શ્રોતા :** .......

**પૂજ્ય બહેનશ્રી :** ....... વિચાર કરતાં કરતાં પછી અંતરમાં ઉતારવાનો પ્રયત્ન કરવો. .... હોય તો ગુરુદેવે, કીધું વેદના જુદું ને આત્મા જુદો બસ એ જ કરવા જેવું છે. આત્મા જે ચૈતન્ય શાશ્વતો છે એને જ્ઞાન ને આનંદ છે રોગ આવે અશાતાનો ઉદય થાય, (એ મારો નથી) બધું ગુરુદેવનો પ્રતાપ છે. હું ચૈતન્ય શાશ્વતો જ્ઞાયક, એ અંદરમાં એ જ ઘુંટણ એ રટણ કરવા જેવું છે. પરિણામમાં દેવ, ગુરુ, શાસ્ત્રને રાખવા જેવા છે. જિનેન્દ્ર દેવ ને ગુરુ ને શાસ્ત્ર બાકી બધું તો સંસારમાં હાલ્યે રાખે છે. આ મનુષ્યદેહની અંદર એ જ કરી લેવા જેવું છે. બાકી જે અંદર પરિણામ થાય એ આત્માનો સ્વભાવ નથી. શુદ્ધ જેવું આત્માનું સ્વરૂપ શાશ્વતો આત્મા ....... અનાદિ અનંત અંદર કોઈ અનુપમ મૂર્તિ બિરાજે છે એને ગ્રહણ કરવાની જરૂર છે વારંવાર વિચાર ને વાંચન, મનન, પરિણતિ ઉત્પન્ન કરીને એ કરવા જેવું છે. પરિણામ શુભ પરિણામમાં દેવ, ગુરુ, શાસ્ત્રની મહિમા એ જ જીવનનું કર્તવ્ય છે. ચૈતન્ય છે, જાગ્રત છે એને રાખવા જેવો છે જ્ઞાયક. (3-111-7)

**શ્રોતાઓ :** ભગવતી માતનો જય હો....
માતાજીની અમૃતવાણીનો જય હો....

* * *

## પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી, ભાગ-૩

# તત્ત્વચર્ચા - ૧૧૨

**શ્રોતા :** દર્શન કરવા જ આવ્યો છું, અને દર્શન તો કરવા જ છે, પણ સાથે મારે સ્વામી ભક્તિ છે એટલે માર્ગદર્શન આપવા વિનંતી......... દર્શન કરવા નિ...... પણ સાથે.... આપની જે કિતાબ વાંચી ખૂબ ઇચ્છા થઈ કે આપની પાસે, માર્ગદર્શનરૂપ ........ શ્રદ્ધા સંપૂર્ણ છે જૈનદર્શનમાં અને ઘણું ઘણું છે જાત જાતની સાધનાઓ કરી છે શરૂઆત ક્યાંથી કરવી ? કેટલા કલાક આની પાછળ ગાળવા ?

**પૂજ્ય બહેનશ્રી : ગુરુદેવના વ્યાખ્યાનો તો પહેલાં તમે સાંભળો.. ગુરુદેવના..**

**શ્રોતા :** ત્યારે કોઈ મને સત્યતાની ખાતર કહેવું જોઈએ તો ત્યારે મને કોઈ ખાસ બહુમાન હતું નહીં, અને જામનગરમાં તો મેં એમનો વિરોધ કર્યો હતો ..... પછી હું સમજ્યો ત્યારે વર્લીમાં મેં એમની ક્ષમા માગી હતી મારી ઘણી ભૂલ છે, એ પછી આપની પુસ્તિકા મારા હાથમાં આવી, ત્યારે મને તીવ્ર ભાવના થઈ તો મારા મનમાં લાગે છે કે મારામાં કોઈ વિચાર છે, મારામાં કાંઈ આચારાંગ સૂત્ર છે મને ગુરુદેવ મળી ગયા એમાંથી સરખું માર્ગદર્શન પણ મળે છે મળ્યું છે ..........હવે આ શરૂઆત શી રીતે કરું હું કાંઈ જ ન જાણતો હોઉં એ રીતે આપ માર્ગદર્શન આપો એવી મારી ઇચ્છા છે.

**પૂજ્ય બહેનશ્રી : તમને જે શાંતિ આવે છે એ શાંતિ શેમાંથી આવે છે? તમે વિકલ્પ ઓછા કરો, કષાય ઓછા થાય એટલે શાંતિ લાગે છે ને! શાંતિ શેની લાગે છે?**

**શ્રોતા :** શાંતિ કેમ આવે છે? એનો મેં વિચાર કર્યો પણ શાંતિ આખો દિવસ રહે જ છે આંતરિક શાંતિ..

**પૂજ્ય બહેનશ્રી : એટલે વિકલ્પ ઓછા થાય, કષાયો શાંત થાય એટલે શાંતિ લાગે પણ એની પાછળ કોઈ તત્ત્વ ગ્રહણ થાવું જોઈએ કે જે તત્ત્વની અંદર શાંતિ ભરેલી છે. જે તત્ત્વની અંદર આનંદ ભરેલો છે. જે તત્ત્વ જ્ઞાનથી ભરેલું છે એવું તત્ત્વ કાંઈ ગ્રહણ જો થાય તો એ તત્ત્વમાંથી બધું પ્રગટે છે. તો આમ જે આકુળતા અનાદિની થઈ રહી છે એમાં વિકલ્પ શાંત થઈને કષાયો શાંત થાય ને એટલે અંતરમાં શાંતિ તો લાગે છે, પણ એ શાંતિ કષાયના અભાવપૂરતી લાગે તો કોઈ અસ્તિત્વ, કોઈનું અસ્તિત્વ ગ્રહણ થાવું જોઈએ. ચૈતન્યનું અસ્તિત્વ ગ્રહણ થાવું જોઈએ. એને માટે ચૈતન્યનું અસ્તિત્વ ગ્રહણ થાવું જોઈએ અંતરમાંથી, એને માટે એના વિચારો જોઈએ, એનું ગ્રહણ કરવાનો પ્રયત્ન જોઈએ એવી ઊંડી એની ભાવના જોઈએ કે મને આ ચૈતન્ય તત્ત્વ કેમ ગ્રહણ થાય?**

**કષાયો તો શાંત થાય, વિકલ્પો શાંત થાય, અનાદિકાળથી જીવે કષાયો ઘણા શાંત કર્યા છે. વિકલ્પો શાંત કર્યા છે પણ જે મૂળ તત્ત્વ ચૈતન્ય તત્ત્વ છે, જેને ભેદજ્ઞાનીઓએ જેનો અનુભવ કરી રહ્યા છે એ તત્ત્વને ગ્રહણ કરું એ તત્ત્વની અંદર જ્ઞાન, અસાધારણ જ્ઞાન ભરેલું છે. અસાધારણ આનંદ કે જે આનંદ જે વર્ણવી ન શકાય એવી જાતનો અનુપમ આનંદ એમાં ભરેલો છે. એવું તત્ત્વ અસ્તિત્વ એનું ગ્રહણ થાવું જોઈએ, અને એ અસ્તિત્વ ગ્રહણ થવા માટે એને વારંવાર એનો વિચાર કરવો જોઈએ કે આ બધા જે વિચારો છે એની અંદર જાણનાર તત્ત્વ કોણ છે? કે જે નાનપણથી અત્યાર સુધી જે જાણી રહ્યો છે એ જાણનાર તત્ત્વ કોણ છે? જે તત્ત્વની એની અંદર જ ભરેલું છે એ. જે વીતરાગદશા જ્યારે થાય ત્યારે એકલો ચૈતન્યથી ભગવાન રહી**

જાય છે, એવું શુદ્ધ ભગવાન જેવું જ એનું સ્વરૂપ છે એવું તત્ત્વ કોણ છે એ તત્ત્વ ગ્રહણ થાવું જોઈએ.

એને માટે ખાન-પાનાદિ રસ એનો છૂટી જાય છે, પણ એને એ જાતનો બહારનો કોઈ ફેરફાર કરવાની જરૂર નથી. પણ એને માટે એનો વિચાર પહેલાં શરૂઆતમાં એને ગ્રહણ કરવા માટેના વિચારો એ જાતનું વાંચન એ જાતનો સત્સમાગમ. એ જાતનું હોય છે અને એને ગ્રહણ કરવા એની પાછળ પ્રયત્ન થવો જોઈએ અને મૂળ તત્ત્વ ગ્રહણ થાય તો એની પાછળ એને વારંવાર ગ્રહણ કરવા માટેનો પ્રયત્ન ચાલે છે, કે આ તત્ત્વ તે જ હું છું. આ જે વિકલ્પો આવે એ વિકલ્પ હું નથી. પણ હું એક ચૈતન્યતત્ત્વ જ છું. એ તત્ત્વને ગ્રહણ કરવાથી બધા વિકલ્પો કુદરતી શાંત થાય એનું ભેદજ્ઞાન થાય તો વિકલ્પ અલ્પ રહે છે, તોપણ જે અંદર ચૈતન્ય તત્ત્વને ઓળખે એનું ભેદજ્ઞાન થાય છે. ક્ષણે ક્ષણે એને એમ જ થાય, કે જેમ આમ વેદન એને થયા કરે કે હું તો જ્ઞાયક, હું તો જ્ઞાયક એને વિચારવું ન પડે પણ એવી સહજદશા થાય.

શરૂઆતમાં એના વિચારો આવે. એને પ્રગટ કરવા માટે વિચારો આવે કે આ હું ચૈતન્ય છું, ચૈતન્ય છું, એવા વિચારો આવે પણ એ ગ્રહણ ન થાય ત્યાં સુધી, ગ્રહણ થાય એટલે સહજપણે હું તો જુદો ચૈતન્ય તત્ત્વ છું. મારામાં આ બધું જુદું છે. આ બધું જુદું એમ કરતાં કરતાં એના વિકલ્પ છૂટા પડી જાય. 'આ હું ચૈતન્ય' એમાં એને એકાગ્રતા થાય અને વિચારથી નિશ્ચય કરે તો એમાં એકાગ્રતા એટલે ધ્યાન કરે. ધ્યાન પણ એક એ ધ્યાન એનું એવું હોય છે વારંવાર વારંવાર એની પાછળ ક્ષણે પડે 'હું ચૈતન્ય છું.' પછી કોઈ એવો એનો ટાઈમ મળે તો એનું ધ્યાન પણ કરે છે. એ જાતનું જ્ઞાન અને એ જાતનું ધ્યાન પણ એ મૂળ તત્ત્વને ઓળખવા માટે પ્રયત્ન, મૂળ એનું અસ્તિત્વ ગ્રહણ થાવું જોઈએ. આમ જીવે નાસ્તિત્વરૂપે આ બધા કષાયો છે, આ બધું દુઃખરૂપ છે એવું જીવે ઘણીવાર કર્યું પણ મૂળ તત્ત્વને ગ્રહણ કર્યું નથી.

માટે મૂળ તત્ત્વ અંદર કોણ છે કે જે ચૈતન્ય જે તત્ત્વ અપૂર્વ છે એ અપૂર્વતા અંતરમાંથી પ્રગટે છે એને વિકલ્પથી છૂટો પડ્યો એ. એ છૂટો વાસ્તવિક પડે છે અને અંતરમાંથી એને જેમ જેમ બરફમાં અતિશય શીતળતા જેના બધા પરમાણુ એમ ચૈતન્યમાં એવો સ્વભાવ છે કે શીતળતાથી ભરેલો, આનંદથી ભરેલો, એ તો એક પુદ્ગલનું દૃષ્ટાંત છે, પણ આ તો એવો અનુપમ જ્ઞાન પણ એવું જેના એકે એક એ જ્ઞાન એનું નામ કહેવાય કે જે એનું કાંઈ અજાણપણું ન આવે એ પૂર્ણજ્ઞાનથી ભરેલો પ્રત્યક્ષજ્ઞાનથી ભરેલો, એ પૂર્ણ આનંદથી ભરેલો, પૂર્ણ શાંતિથી ભરેલો એવું ચૈતન્ય પોતે સ્વભાવથી જ ભરેલો છે. જેમ આ વર્ણ, ગંધ, રસ, આ બધા પુદ્ગલના સ્વભાવો

છે, એમ આ ચૈતન્યમાં પણ એવા સ્વભાવો ભરેલા છે. અને એવું એક તત્ત્વ છે જે તત્ત્વ વિકલ્પ સાથે એકત્વતા અનાદિથી ભ્રમણાને લઈને કરી રહ્યો છે. એને છૂટો પાડવાનો પ્રયત્ન કરવો કે હું ચૈતન્ય છું.

એને માટે વિચાર, વાંચન, એકાગ્રતા, ધ્યાન, જ્યાં જેને રસ પડે એ કરે એ જાતના જ્ઞાન, એ જાતનું ધ્યાન જે જાતનો રસ પડે એ જાતનું કરે પણ એની પાછળ પડવાની જરૂર છે. હજી એ ન થાય ત્યાં સુધી 'હું ચૈતન્ય છું, હું જ્ઞાન છું' એવી જાતની એને રુચિ થાય, એવી જાતનો પ્રયત્ન થાય, તોપણ એ સારું છે કે એ માર્ગમાં છે. એકલું પોતે શાંતિ, શાંતિ એમ કરે, પણ કોઈ તત્ત્વ ન ગ્રહણ થાય તો હજી માર્ગ નથી આવ્યો, પણ ચૈતન્ય તત્ત્વને ગ્રહણ કરવા માટેનો પ્રયત્ન જો ચાલું થાય તો કાંઈક એ માર્ગમાં આવ્યો છે. કાંઈક રુચિમાં આવ્યો છે. કાંઈક એને ગ્રહણ કરવા તરફ લક્ષ છે એમ. એટલે એ તરફ એનું લક્ષ જાવું જોઈએ કે હું ચૈતન્ય છું. હું કાંઈક એવો ચૈતન્ય છું એ ઓળખવા માટેનો પ્રયત્ન વારંવાર જ્ઞાન દ્વારા, ધ્યાન દ્વારા બધી રીતે એ જ કરવા જેવું છે. (3-112-1)

**શ્રોતા :** આ શરૂઆત આમ કરવી?

**પૂજ્ય બહેનશ્રી : હા, શરૂઆત જ એમ કરવી (આવી રીતે) એવી જ રીતે.**

**શ્રોતા :** અને ત્યાર પછી ....

**પૂજ્ય બહેનશ્રી : ...... ગ્રહણ કરવા માટે પ્રયત્ન કરવો ત્યાર પછી એને વિકલ્પરૂપે થાય, પણ પછી સહજરૂપે કરવાનો પ્રયત્ન કરવો, સહજ એમ થાય કે 'હું જ્ઞાન જ છું' એમ વારંવાર વિચારવું ન પડે એટલે પાછળ એને વારંવાર સહજપણે થાય એવો પ્રયત્ન કરવો–એ સહજધારા પ્રગટ થાય, તો વિકલ્પ તૂટી કેવી રીતે એનો પ્રયત્ન થાય? તો પ્રયત્ન એમનને એમ ચાલુ જ રહે છે. એને જ્ઞાતાધારા પ્રગટ થાય, જ્ઞાતાની ધારા કેમ અખંડ રહે? એમાં તૂટ ન પડે એને માટે એનું ધ્યાન, એનું જ્ઞાન, એ જ્ઞાતાધારા એની ચાલે એમાં એના કષાયો સહેજે શાંત થઈ જાય એવી અંશે શાંતિ એને અંદરમાંથી પ્રગટે જ છે અને એ શાંતિ એને જ્ઞાયકમાંથી આવે છે. ચૈતન્ય તત્ત્વમાંથી શાંતિ આવે છે કે જે શાંતિને તૃપ્તિ આપે કે આ કોઈ તત્ત્વમાંથી મને શાંતિ આવી જાય છે. આ કોઈ બહારની નથી. પણ અંતરમાંથી શાંતિ પ્રગટે છે. એવી એમની તૃપ્તિ આપે. એની પાછળ એ જ્ઞાતાધારાનો પ્રયત્ન કર્યા જ કરે છે.**

જ્યાં સુધી ન પ્રગટે ત્યાં સુધી એને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરે તોપણ એ માર્ગમાં છે. અને ગ્રહણ થાય એને પછી એને સહજ કરવાનો પ્રયત્ન કરે તોપણ એ માર્ગમાં છે, પણ જો કાંઈ ગ્રહણ ન કરે અને એકલી આકુળતા જ કર્યા કરે તો તત્ત્વ

તરફ લક્ષ નથી. માટે અસ્તિત્વ પોતાનું ગ્રહણ કરવા તરફ પોતાનું લક્ષ હોવું જોઈએ કે હું ચૈતન્ય તત્ત્વ કોણ છું? એને ગ્રહણ કર મૂળને તો અનાદિકાળથી જીવે કર્યું પણ એકલા કષાયો શાંત કર્યા પણ તત્ત્વને ગ્રહણ ન કર્યું. કે ઉચામાં ઉંચો શુભભાવ આવે તો પુણ્યબંધ પુણ્ય બંધાય છે પણ એનાથી કાંઈ અંતરમાં શાંતિ નથી મળતી. પુણ્ય બંધાય તો દેવલોક મળે છે, તો ત્યાં પણ આકુળતા છે. એટલે આકુળતાથી રહિત એક ચૈતન્ય તત્ત્વ અંતરમાં છે કે જેમાં અનંત આનંદ, અનુપમ આનંદ, અનુપમ જ્ઞાન બધું જેમાં ભરેલું છે એ તત્ત્વ ગ્રહણ થાય છે. એ તત્ત્વ પહેલાં એને બધું અનુભૂતિમાં ન આવે પણ એના લક્ષણો ઓળખાય કે 'આ જ્ઞાન તે હું છું', એમ એને લક્ષણ ઓળખાય. એ લક્ષણ દ્વારા અંશે શાંતિ દ્વારા એને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરે, અને ગ્રહણ ન થાય ત્યાં સુધી પ્રયત્ન કર્યા જ કરે છે. ભલે વિચારથી, એકાગ્રતાથી, વાંચનથી, વિચારથી, જ્યાં એને રસ પડે, એવી રીતે કરે છે. અંતરમાં એને જે રીતે શાંતિ મળે એ રીતે કરે છે, પણ એ જ એનો માર્ગ છે. બીજો માર્ગ નથી. જ્યાં સુધી ન થાય ત્યાં સુધી એ જ માર્ગે ચાલવું, તો એ માર્ગમાં એને ચૈતન્ય તત્ત્વ ગ્રહણ થવાનો અવકાશ છે. આ ધીરે થાય, ઉતાવળથી થાય, ગમે ત્યારે થાય પણ એ માર્ગમાં છે કે... (3-112-2)

**શ્રોતા :** કે આકુળતા જ નથી થતી જે જાણનાર દૃષ્ટિ છે ...... એવી જાતની.... કે ઘણું કષ્ટ કરે તે છતાં એને પણ જોવા જાણવાનો સ્વભાવ નથી. અને ત્યારે નિર્જરા થાય છે અને સ્વયં અનુભવ પણ થાય છે, આકુળતા નથી થતી. સારી એવી સમતા રહે છે, એટલે મેં ગઈકાલે ચંદુભાઈને પણ કહ્યું આ .........,.... મારા આત્મવિચાર છે પણ એ છોડવાની મારામાં હિંમત નથી મેં એમને કહ્યું તો પરંતુ તો આમાં એમ દેખાય છે, જીવો પ્રત્યે અંતરની મૈત્રી, કરુણા, કષાયની ખૂબ મંદતા, ..... આવું જ હોય છે.

**પૂજ્ય બહેનશ્રી : આમાં છોડવાનો પ્રશ્ન નથી (એ છૂટી જાય છે) એ આકુળતા જે માર્ગે નિરાકુળતા પ્રગટ થઈ ને આ બધું શાંત થયું ને રસો ઓછા થયા એ છોડવાનો પ્રશ્ન નથી. (પણ તો આપે છોડવા કહ્યું ને શરૂઆત જે એની...) એમાં વિશેષ ગ્રહણ કરવાનો પ્રશ્ન છે એ ચૈતન્યતા એની સાથે ચૈતન્ય તત્ત્વ ગ્રહણ કરવાનું, ચૈતન્ય તત્ત્વ ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો, એ નિરાકુળતાની ભલે હોય એમાં કોઈ વાંધો નથી. એની સાથે ચૈતન્યતત્ત્વ ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો કે આ મારું બાકી છે, આ નિરાકુળતા ને એ બધું થાય એ માત્ર એકલું કષાયો શાંત કરવા પૂરતું પણ તત્ત્વ નથી ગ્રહણ થયું માટે તત્ત્વ ગ્રહણ કરવાનો વિશેષ પ્રયાસ કરવાનો છે એ બાકી રહી જાય છે.**

**પંડિતજી : કાંચ છોડવાની હિંમત ન ચાલે તો કાંઈ નહીં કાંચ રહેવા દેવો પણ હીરો લેવો કહે છે કાંચ છોડવાની માથાકૂટ ન કરવી ભલે કાંચના ટુકડા રહ્યા, છોડવાની હિંમત નથી છોડતા તો રાખી મૂકવા, આપણે હીરો પાછો ભેગો કરી લેવો.**

**પૂજ્ય બહેનશ્રી : એના ભેગો હીરો ગ્રહણ કરી લેવો જોઈએ. (3-112-3)**

**શ્રોતા :** આમાં સદ્‌ગુરુના શરણે જવાની જે વાત કરી કે ગુરુદેવ તો આજે કાળધર્મ પામ્યા છે, આપની તબિયત બરાબર નથી એટલે કોઈકનું શરણ જો હોય કે જેને નિશ્ચય સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું છે તો એમાં જે જે જીવને કોઈ મુસીબતો કઈ રીતે આવે! શાંતિ હોય તો મુસીબતને મુસીબત તરીકે જોવાનું કોઈ જરૂર રહેતી નથી. કારણ કે આપ જ્ઞાનીઓ ખૂબ જ આગળ વધેલા છો.

**પંડિતજી :** એ આગળ બધું ઠીક છે. હવે અમારો એ જ પ્રયત્ન કે ચાલીસ ચાલીસ વર્ષ રહ્યા આપણને આશ્ચર્ય એ થયું કે બે જણને જ કેમ? એનો ઉત્તર ......

**શ્રોતા :** મેં એ જ કહ્યું એટલે થોડીક એમ થાય છે સત્યતાની ખાતર કહું છું કે શું આમ ચાલીસ વર્ષ કે પાંત્રીસ કે ત્રીસ વર્ષથી આ બધાં કરે છે. એનું પરિણામ કાંઈ કુંદકુંદાચાર્યદેવે ‘સમયસાર’માં કહ્યું છે કે આ રીતે તો છ મહિનામાં તને સમ્યગ્દર્શન થાય છ મહિનાના બદલામાં વર્ષો થઈ ગયા છતાં જો આ સાધનાનું કાંઈ ફળ ન હોય તો શું?

**પૂજ્ય બહેનશ્રી : છ મહિના ઉત્કૃષ્ટ એના ઉત્કૃષ્ટ પ્રયત્ન કરે તો છ મહિના એમ, એને જઘન્યમાં એને ઉત્કૃષ્ટ કરે તો અંતર્મુહૂર્તમાં થાય પણ તેનાથી વધારે કરે તો છ મહિના. પણ એ ન થાય તો કીધું ને કે તેની રુચિ કરે, એની પાછળ પડ્યા કરે, મંદ મંદ પુરુષાર્થથી તો એ માર્ગમાં છે. ભલે પ્રાપ્ત નથી કર્યો તો એ માર્ગ તો એને સાચો જ ગ્રહણ થયો છે. એટલો પ્રયત્ન મંદ છે નથી થાતું. પણ અમુક ઠેકાણે ક્યાંક અટકે છે. વિચાર, વાંચનમાં બધો, અંતરમાં ઓછું ઉતરે તો ન થાય પણ માર્ગ સાચો ગ્રહણ કરે તો માર્ગમાં છે એ માર્ગ આ જ છે. બીજે ક્યાંય અટવાઈ જવા જેવું નથી. ચૈતન્ય તત્ત્વ ગ્રહણ કરવા જેવું છે. દરેકને એમ છે, ગુરુદેવના આશ્રયે જેણે સાંભળ્યું ને ગુરુદેવને સ્વીકાર્યા કે આ ચૈતન્ય જ્ઞાયક તત્ત્વને ગ્રહણ કરવું, નિરાળો ચૈતન્ય છે. શુભાશુભભાવ સ્વભાવ નથી. ગમે એવો ઉંચામાં ઉંચો શુભભાવ આવે, ઉંચામાં ઉંચો વિકલ્પ આવે તોપણ એ વિકલ્પના ભેદ છે કે હું ચૈતન્ય છું, હું જ્ઞાન છું, ભલે એ વિકલ્પ તોય શુભભાવ છે એની પાછળ જે તત્ત્વ છે એ ગ્રહણ કરવા જેવું છે.**

**એવી શ્રદ્ધા દરેક નિશ્ચય શાસ્ત્રમાં એમ આવે છે, ગુરુદેવ કહેતા હતા કે તારાથી થઈ શકે તો તું ધ્યાનમાં પ્રતીત ને શ્રદ્ધા ને ન થઈ શકે તો શ્રદ્ધા તો અવશ્ય રાખજે.**

**જો શ્રદ્ધાથી એ પ્રાપ્ત કરી તો માર્ગમાં છો. જો શ્રદ્ધા તારી તૂટી પડે તો માર્ગથી બીજે જાય છે. માટે શ્રદ્ધા તો બરાબર કરજે એમ કહે છે. પ્રયત્ન ઓછો એટલે ન પહોંચી શકે, પણ માર્ગ તો ગ્રહણ કર્યે છૂટકો માર્ગમાં ઊભા છે એમ. દરેકને એમ છે ગુરુદેવે જે માર્ગ બતાવ્યો છે જ્ઞાયકનો, એ જ્ઞાયકનો જ માર્ગ છે. બીજો કોઈ માર્ગ નથી. માર્ગ તો એક જ છે, કે જે ચૈતન્ય જ્ઞાયક તત્ત્વને ગ્રહણ કરવું. અંતરમાંથી જ્ઞાયકની ધારા, એ દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવી એને એનું જ્ઞાન કરવું, એમાં રમણતા કરવી. જેમાં ભર્યું છે સોનામાંથી સુવર્ણ પ્રગટે, ચૈતન્યમાંથી ચૈતન્યની પર્યાયો પ્રગટે, પણ આ વિભાવમાંથી નહીં પ્રગટે એમ દરેકને એવી જાતની શ્રદ્ધા છે, પણ એ ભાવના તો બધાને. સૌ યથાશક્તિ બધા કરે જ છે. અંતરમાં નથી કરતા એમ નહીં પણ પહોંચી શકવું એ તો પ્રયત્ન ઉપર આધાર રાખે છે. પણ ન પહોંચી શકે તોય માર્ગમાં નથી એવું નથી. માર્ગમાં ઊભા છે. (3-112-4)**

**શ્રોતા :** આટલા વર્ષો થયા પ્રયત્ન કરે છે છતાં કાંઈ પરિણામ નહીં?

**પૂજ્ય બહેનશ્રી : પરિણામ તો સૌના અંતરમાં આવે, અમુક જાતના જે અમુક જ્ઞાયકની ધારા, અમુક જાતની રુચિ, એ સૌના પરિણામમાં તો અમુક જાતની અંતરમાં શું હોય? એ બીજા કોણ જાણી શકે, કોણ કેટલે કેટલું છે એ? તમારા અંતરમાં શું હોય બીજા કોણ જાણી શકે? એમ બહારની ક્રિયાઓ જોવે બધા એ વાંચન કરે, વિચાર કરે, કોઈ એકાંતમાં બેસીને ધ્યાન કરે તો એમ લાગે કે આ કાંઈક કરે છે. પણ કોઈ અંતરમાં કરતો હોય બહાર તો દેખાતું નથી.**

**શ્રોતા :** મેં તો પૂછ્યું કે આ નિશ્ચય સમ્યગ્દર્શન તો કે માતાજીને અને ગુરુદેવને બેને એવી રીતે કહેવામાં આવ્યું ત્યારે એટલે મને આશ્ચર્ય થયું કે આ શું આમ કેમ?

**પૂજ્ય બહેનશ્રી : એ તો પ્રયત્ન ઉપર આધાર રાખે છે, કોઈના જ્ઞાનની અંદર પુરુષાર્થની શક્તિ, જ્ઞાન વૈરાગ્ય પુરુષાર્થ ને એ બધી શક્તિ જેને ઉગ્રપણે પ્રગટે, ત્યાં થાય છે મંદ મંદ ચાલ્યા કરે તો ન થાય, પણ માર્ગમાં છે એમ. (3-112-5)**

**શ્રોતાઓ :** **ભગવતી માતનો જય હો....**
**માતાજીની અમૃતવાણીનો જય હો....**

* * *

## પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી, ભાગ-૩

# તત્ત્વચર્ચા - ૧૧૩

**શ્રોતા :** ..........

......

આપનું પુસ્તક ભેટ આપ્યું ....... ના એ મુંબઈ રહે છે.

એના ઘરેથી સવારમાં પાંચ વાગે વાચે છે. પછી એમને ઘરેથી કીધું આ પુસ્તક લાવ્યા ક્યાંથી અને આ પુસ્તક આપ્યું કોણે? કે મારા ઘરેથી સાંજે એમ કીધું છે આ પુસ્તક કોણે આવ્યું ને ક્યાંથી લાવ્યા છો? કેસેટ એમણે માંગી, મેં કેસેટ આપી એમને.

**પૂજ્ય બહેનશ્રી : ગુરુદેવે માર્ગ બતાવ્યો છે, એમની વાણી પાછળ એકલો આત્મા દેખાતો હતો. ઈ ઓલા શબ્દ આવી ગયા બાકી ગુરુદેવના પ્રતાપે. અંદર ચૈતન્ય શાશ્વતો બિરાજે છે. જે જાણનારો તત્ત્વ અંદર છે એ જાણનારની શક્તિ શાશ્વત છે. અને શાશ્વત તત્ત્વ છે તેને ગ્રહણ કરે એને ઓળખવા જેવું છે. જે જાણી રહ્યો છે બીજા તો એમાં અનંતાગુણ છે કે જે એને અનુભૂતિ થાય ત્યારે જ એને વેદનમાં આવે છે. બાકી જાણનાર ગુણ તો એવો છે કે આમ વિચાર કરે છે, તો લક્ષમાં આવે, દરેક વિકલ્પો થાય એની અંદરમાં જે જાણનારો છે. નાનપણથી અત્યાર સુધીના જે જે પ્રસંગો હોય એ જાણનાર એને જાણી લ્યે છે. એવું શાશ્વત તત્ત્વ છે. એ તત્ત્વને ગ્રહણ કરવા જેવું છે.**

**એ તત્ત્વ જો ગ્રહણ થાય તો એવું વારંવાર વારંવાર જો એને ભાવના અને દર્શન જે એને ગ્રહણ થાય કે આ વિકલ્પ-સંકલ્પ એનાથી જુદો એ ચૈતન્ય છે એવું ભેદજ્ઞાન થાય એને અંતરમાં જેને ગ્રહણ થાય તેની આરાધના કરતાં કરતાં વિકલ્પ તૂટીને કોઈ નિર્વિકલ્પદશા આવીને એમાં જે અનુભૂતિ થાય, એમાં ચૈતન્યની કોઈ અનુપમતા અને એનો કોઈ અદ્દ્ભૂત સ્વભાવ જેને અનુભવમાં આવે છે. અને એ અનુભવ તે ભગવાનનો એક અંશ હોય છે. પૂર્ણતા તો હજી એની આરાધના કરતાં કરતાં વારંવાર એની આરાધના થાતાં થાતાં પછી એને આગળ વધે ત્યારે એકદમ રમણતા વધી જાય, મુનિદશા આવે એટલે કેવળજ્ઞાન થાય ત્યારે એ પરાકાષ્ઠાએ પૂર્ણતાએ પહોંચે છે. ત્યાં સુધી એને અંશ ગૃહસ્થાશ્રમમાં પણ પ્રગટ થાય છે.**

**એ અનુભૂતિ ન થાય ત્યાં સુધી એને અંતરમાં ગ્રહણ કરવાની કઈ રીતે છે, કે હું શાશ્વત ચૈતન્ય છું, આ વિભાવ જુદો છે અને એ ન થાય ત્યાં સુધી દેવ, ગુરુ, શાસ્ત્ર**

**એના શુભ પરિણામમાં હોય, એ પરિણામ આવે એ પણ વિકલ્પ છે એ વિકલ્પથી જુદું તત્ત્વ છે. એને ગ્રહણ કરવાનું છે. એ જ જીવનમાં જરૂરી છે. મૂળ તત્ત્વ એ છે. જે શાશ્વત છે જેમાં અનંતા ગુણો છે. જેમાં એને ગ્રહણ કરવાથી એમાં પર્યાયો પલટાય છે. એ ખાલી નથી, શૂન્ય નથી. એ બધું છૂટી જાય એટલે શૂન્યતા થઈ જાય એવું નથી. એ વિકલ્પ છૂટીને અંતરમાં એક અસ્તિત્વ રહેલું છે, ચૈતન્યનું એના અનંતાગુણો અને એની રમણતામાં એની અનુભૂતિ પ્રગટ થાય. અને એ અંશ ગૃહસ્થાશ્રમમાં પણ આગળ ચક્રવર્તીઓ રાજા હોય, ગૃહસ્થાશ્રમમાં પણ એની અનુભૂતિ પ્રગટ કરી શકતા હતા. અને એમાં વિશેષ આરાધના કરવાથી મુનિદશાને ગ્રહણ કરે છે. માટે જીવનમાં એ કરવા જેવું છે.**

**બહારનું હોય બધું, જે ચૈતન્ય ગ્રહણ કરે એને બહારનો રસ છૂટી જાય છે એટલે બાહ્ય ક્રિયા એ ક્રિયા એ તો એની બહારની ક્રિયા છે શુભ પરિણામોથી પૂણ્ય બંધાય, સ્વર્ગ મળે છે, પણ ભવનો અભાવ તો આ ચૈતન્યને ગ્રહણ કરવાથી જ થાય છે. ચૈતન્ય ગ્રહણ થાય તો અંશે મુક્તિ એના અંતરમાં થાય છે, શુભ પરિણામ થાય બાહ્યક્રિયામાં શુભ પરિણામ હોય તો પુણ્ય બંધાય છે, અને પુણ્યથી સ્વર્ગ મળે તોય ભવ છે એ તો પણ અંતર ચૈતન્યને ગ્રહણ કરે તો નિશ્ચય યથાર્થ થાય છે માટે જીવનમાં ઈ જ કરવા જેવું છે.**

**સ્વભાવ આત્માનો જે છે એ પ્રગટ કરે એની સાધના કરવી, એની આરાધના કરવી, ચૈતન્ય દ્રવ્યની આરાધના કરવી, એમાં બધો આત્મા તે સ્થાયી સામાયિક, સ્થાયી પ્રતિક્રમણ બધું ચૈતન્ય છે, સ્વરૂપ જ છે એ સ્વરૂપની આરાધના કરવી ને આ આરાધનાના દિવસો છે, એ બધું કરવાનું છે. મુનિનું સ્વરૂપ એમાં શ્રાવકો અંશે સમાઈ જાય છે. સમ્યગ્દર્શન પ્રગટ કરીને એની આરાધના કરવાની રહે છે. મૂળ દ્રવ્યદૃષ્ટિ કરી એ જાતની પર્યાય પ્રગટ કરવી એ આરાધનાના દિવસો છે. ચૈતન્ય જે સ્વરૂપે શુદ્ધાત્મા છે એવી શુદ્ધ પર્યાયો પ્રગટ કરવાની, એની આરાધના કરવાની છે. જેવું દ્રવ્ય છે એવી પર્યાયો પ્રગટ કરવાની. વારંવાર એની સાધના 'હું ચૈતન્ય છું, હું જ્ઞાયક છું ને એકદમ શુદ્ધ સ્વરૂપ છું. મારામાં હું એકદમ સ્વરૂપ છું કોઈ જાતના વિભાવના, કોઈ જાતના મલિન ભાવો મારામાં નથી. હું તો ચૈતન્ય નિર્મળતાથી ભરેલો ચૈતન્ય અનંતગુણોથી ભરેલો ચૈતન્ય છું' એની આરાધના વારંવાર કરવાની છે. (3-113-1)**

**શ્રોતા :** શુદ્ધપર્યાય પ્રગટ કરવાની ભાવના તો બધાયને જરૂર હોય પણ થાતું કેમ નથી એ કાંઈ ખબર પડતી નથી?

**પૂજ્ય બહેનશ્રી :** ભાવના છે પણ પ્રયત્ન નથી કરતો. ભાવના ભાવના રાખે પણ એ જાતનો પ્રયત્ન કરે, જે જાતનું દ્રવ્ય છે એ જાતની પર્યાય પ્રગટ કરવાનો પ્રયત્ન કરે દ્રવ્ય છે એ જાતની અંદર દૃષ્ટિ કરે, દૃષ્ટિને પહેલા દઢ કરવી જોઈએ, દૃષ્ટિ દઢ કર્યા પછી એની પરિણતિ વિશેષ પ્રગટ કરવી જોઈએ, પ્રયત્ન નથી, ભાવના માત્ર. એનો પ્રયત્ન ક્ષણે ક્ષણે એ કરવો જોઈએ. 'હું ચૈતન્ય આ સ્વરૂપે છું હું શુદ્ધ શુદ્ધાત્મા બધાથી નિરાળો શુભાશુભભાવથી, ક્ષણિક પર્યાયો જેટલો હું નથી. શુદ્ધાત્મા શાશ્વત.' વારંવાર વારંવાર એનો પ્રયત્ન કરવો એ ભેદજ્ઞાનની ધારા, એવી દ્રવ્યદૃષ્ટિ અને ઈ જાતની પરિણતિ પ્રગટ કરવી જોઈએ, પ્રયત્ન કરવો જોઈએ તો પ્રગટ થાય છે, તો અંદર ચૈતન્ય અસ્તિસ્વરૂપ છે એમાં જે બધું પડ્યું છે એ પ્રગટ થાય. આત્મા સામાયિક બધું આત્મા જ છે. પણ એની આરાધના કરવાથી પર્યાય લીનતામાં સ્વરૂપ રમણતામાં એ પ્રગટ થાય, એ મૂળ સ્વરૂપને ગ્રહણ કરવાથી.

**શ્રોતા :** આત્માની અરૂપી પર્યાય કેમ કરવી? બહુ પકડાતું નથી. બહુ શબ્દોમાં આવી જાય પણ કામ કેમ કરવું એ નથી ખ્યાલ આવતો.

**પૂજ્ય બહેનશ્રી :** અંદર ઊંડો ઉતરે તો ખ્યાલમાં આવી જાય છે, કે આ બધું વિભાવ ક્રિયા કેમ થઈ રહી છે? એમ સ્વભાવ ક્રિયા પણ પ્રગટ થાય એ આત્માનો સ્વભાવ જ છે. સ્વભાવ જે છે, એ પ્રગટ થયા વગર રહે જ નહીં સ્વભાવ તરફ જાતો નથી. સ્વભાવ તરફ જાય તો પ્રગટ થાય. ચૈતન્ય પોતે જ પોતાના સ્વભાવને એ રૂપે પરિણતિ કરીને પ્રગટ કરી શકે એવી એનામાં પરિણતિ, એવી ક્રિયા એવો પર્યાય પ્રગટ થાય એવો એનો સ્વભાવ છે, પણ પોતે એ જાતનો વિકલ્પ, પુરુષાર્થ કરે તો થાય. પોતાના કર્તા સિવાય પોતાના વિભાવમાં વિભાવમાં પોતે પ્રગટ કરે તો થાય. દૃષ્ટિ જ એક અભેદ શાશ્વત ઉપર પણ આ બધું પરિણતિ અંદર પુરુષાર્થ કરે તો થાય.

**(3-113-2)**

**શ્રોતા :** પર્યાય જુદી રહીને આત્માનું ધ્યાન કરતી હશે?

**પૂજ્ય બહેનશ્રી :** પોતે પોતાનું ધ્યાન કરે એમાં પર્યાય ભેગી આવી જાય છે કે હું ચૈતન્ય શાશ્વતો છું, હું ચૈતન્ય છું એમાં એને પર્યાય જુદી ભેગી એ જે હોય એમાં સાથે આવી જાય છે. આ જે દ્રવ્ય છે, એ દ્રવ્યની પર્યાય છે, પણ પર્યાય ક્ષણપૂરતી છે ને દ્રવ્ય શાશ્વત છે. એ જે દૃષ્ટિ, પર્યાય તરફ દૃષ્ટિ, એની પણ નથી. જ્ઞાન બધાનું થાય છે, એ જ્ઞાનમાં પોતે શાશ્વત છે, એમાં પર્યાય ક્ષણે ક્ષણે થાય છે, એ જ્ઞાનમાં બધું આવે છે, દૃષ્ટિ પોતે એક શાશ્વત ઉપર રહે છે. પર્યાય એમાં ભેગી આવી જાય છે. કોઈ અપેક્ષાએ જુદી ને, કોઈ અપેક્ષાએ ભેગી, દ્રવ્યની જ પર્યાય છે, દૃષ્ટિ એના ઉપર જાતી

**(નથી) એક દ્રવ્યને ગ્રહણ કરે માટે એ અપેક્ષાએ જુદી છે, અને પર્યાય દ્રવ્યની છે, માટે એની સાથે રહે છે. (3-113-3)**

**શ્રોતા :** ક્યાંક એમ આવે છે, કે પર્યાય દ્રવ્યનું ધ્યાન કરે છે અને ક્યાંક એમ આવે છે, કે ધ્યાતાપુરુષ એમ ધ્યાવે છે એમાં અમારી સમજણમાં કાંઈ ગરબડ થયા કરે છે.

**પૂજ્ય બહેનશ્રી : પર્યાય દ્રવ્યનું ધ્યાન કરે એ, પર્યાય ભેગી આવે એટલે પર્યાય ધ્યાન કરે. ધ્યાતા એટલે પોતે મૂળ દ્રવ્ય ધ્યાન કરે, દ્રવ્ય તરફથી જોઈએ તો દ્રવ્ય ધ્યાન કરે છે. પર્યાય તરફ જોઈએ તો પર્યાય ધ્યાન કરે, જે અપેક્ષાએ જ્યાં વ્યાખ્યા હોય ત્યાં અપેક્ષા સમજવી જોઈએ.**

**જ્ઞાયક આત્માની આરાધના કરવી, એમાં બધું અનંત ગુણ બધું એમાં ભેગું પડ્યું આવી જાય એની આરાધના કરવાથી અંતર જે એના સ્વભાવમાં પડ્યું છે, એ પ્રગટ થાય છે. એની વારંવાર એની તરફ દૃષ્ટિ, જ્ઞાન, રમણતા બધું એ જ કરવા જેવું છે. ગુરુદેવે માર્ગ બતાવ્યો છે. આરાધનાના દિવસો એ જ્ઞાયક આત્માની આરાધના એ આત્મા ક્ષમાથી, આર્જવ, માર્દવ આદિ અનંતગુણોથી ભરેલો છે. એના સ્વભાવધર્મો તો કોઈ અલૌકિક છે, એની આરાધના કરવા જેવી છે. બીજા બધા વિભાવો છે, એનો ત્યાગ કરી એનું ભેદજ્ઞાન કરી, સ્વભાવમાં નથી, સ્વભાવ જુદો છે. એ જુદા સ્વભાવની આરાધના કરવી, ....... મુનિઓ કરે છે, વિશેષ ઉત્કૃષ્ટ આરાધના અને શ્રાવકોએ અંશે એમ કરવા જેવું છે. મૂળ પહેલાં દ્રવ્યદૃષ્ટિ કરી અને એ જાતની પરિણતિ કરે, વારંવાર એ જાતની પરિણતિ કરે, ભેદજ્ઞાન કરે, એ જાતની દૃષ્ટિ કરે, તો વિકલ્પ તૂટીને નિર્વિકલ્પદશા સ્વાનુભૂતિનો અંશ પ્રગટ થાય છે. અંતરમાં જે આત્મામાં પ્રગટ થયો, ભર્યું જ છે, એ પ્રગટ થાય છે. એ સ્વાનુભૂતિ કેમ પ્રગટ થાય? એ દશા કેમ પ્રગટ થાય? એની આરાધના વારંવાર કરવા જેવી છે.**

**જ્ઞાયકને ગ્રહણ કેમ કરવો એ પોતાના હાથની વાત છે. અંતરમાં છે બસ! એ દેવ, ગુરુ, શાસ્ત્ર? ...... એના પરિણામ એના અંતરમાં જ્ઞાયકને રાખવા જેવો પણ છે પણ ગ્રહણ કરવાનો પ્રયત્ન પોતાને કરવાનો છે. ક્ષણે ક્ષણે એનો પ્રયત્ન રાખવો જોઈએ. ,,,,,,,, એના ઉપર દૃષ્ટિ અને એ ભેદજ્ઞાનની ધારા, ....... એ દ્રવ્યદૃષ્ટિ ને એ બધું પ્રગટ થાય તો અંતરમાં, તો વિકલ્પ તૂટે, એને સ્વરૂપ નિરંતર પ્રગટ થાય એ પ્રયત્ન બધો અંતરમાં જ કરવાનો છે. એ જાતનું ચિંતવન, એ જાતનું શ્રવણ ને એ જાતનું ...... ગુરુદેવ હતા ત્યારે તો આ શ્રવણ આ શબ્દ કાને પડ્યા કરતા.**

**શ્રોતા :** ........

**પૂજ્ય બહેનશ્રી :** વિકલ્પ તૂટવા આવે એટલે અશુભ તો હોય જ નહીં વચમાં વિકલ્પ હોય છે. શુભની પાછળ એની ગતિ જ્ઞાયક તરફ હોવી જોઈએ. એ જ્ઞાયક કેમ પ્રગટ થાય? વિકલ્પમાં ઊભો છે તો એકલો વિકલ્પ વિકલ્પ આવ્યા કરે. તો શુભ જ આવ્યા કરે એની પાછળ શુદ્ધાત્માનું ધ્યેય એ જાતનું ગ્રહણ વારંવાર એવી પરિણતિ અંતરમાં પ્રગટ કરે તો પરિણતિ પ્રગટે. વારંવાર એની પાછળ પડ્યા કરે તો થાય. એ ન થાય ત્યાં સુધી એની એ જાતનો પ્રયત્ન કર્યા કરે. 'હું જ્ઞાન છું, દર્શન છું, ચારિત્ર છું' બધા શુભ વિકલ્પ, પણ એની પાછળ જે જ્ઞાન સ્વભાવ આત્માનો છે એને ગ્રહણ કરે, પછી ગુણભેદ કરીને 'એક અખંડ છું.' એ જાતનો એક અખંડ ઉપર દૃષ્ટિ કરે. 'હું એક છું, ચૈતન્ય છું' એનો પ્રયત્ન રહે. અનાદિનો બહારનો અભ્યાસ રહે છે. મંદ મંદ પુરુષાર્થ કર્યા કરે તો થાય નહીં પણ એને ક્ષણે ક્ષણે એ જ જાતનો પુરુષાર્થ હોવો જોઈએ. ન થાતું હોય એટલે મંદ મંદ કર્યા કરે પણ ક્ષણે ક્ષણનો એ જ જાતની પરિણતિ એ જીવનમાં જ્ઞાયકનું અંતરમાં થઈ જાય એ જાતનું થઈ જાય તો પ્રગટ થાય.

મુક્તિનો માર્ગ તો અંતરમાં છે જ્ઞાયકમાં ભરેલો છે. જ્ઞાયક પોતે મુક્ત સ્વરૂપ છે એમાંથી પોતે ભ્રમને લઈને જાણે હું આમ બધે એ અટવાઈ ગયો છું એવું એને થઈ ગયું છે. અનાદિનો દ્રવ્ય તો મુક્ત છે, પર્યાયમાં એને વિભાવ થઈ રહ્યો છે. એ પર્યાયને પણ શુદ્ધ પર્યાયમાં શુદ્ધતા થાય ત્યારે એ પુરુષાર્થ થાય છે. દ્રવ્ય તો શુદ્ધતાથી ભરેલો એ જ્ઞાયક છે. એવી દૃષ્ટિ, એવું જ્ઞાન ને એવી જાતની શુદ્ધતા પ્રગટ કરવાથી મુક્તિનો અંશ પ્રગટ થાય છે અને વિશેષ વિશેષ કરતાં પૂર્ણતા થાય છે. એ કરવાનું છે. એમાં જ આનંદ ને એમાં જ સુખ સ્વભાવનું. એમ બહારથી કાંઈક આવે છે એવું માની લે છે. પણ અંતરમાં દ્રવ્યમાં જે ભરેલું છે એમાંથી પ્રગટ કરવાનું છે. દ્રવ્યમાં જ બધું ભરેલું છે. દ્રવ્યના જે સ્વભાવો છે એ સ્વભાવમાંથી જ પ્રગટ કરવાનું છે. એ સ્વભાવની વારંવાર આરાધના કરે, દૃષ્ટિ એના તરફ કરે, જ્ઞાનને પરિણતિ એ જાતની કરે તો એમાંથી જે સ્વભાવ છે એ પ્રગટ થાય છે. (3-113-4)

**શ્રોતા :** અરિહંતના દ્રવ્ય, ગુણને જાણીને કેમ આપણે કેવી રીતે કરવું?

**પૂજ્ય બહેનશ્રી :** અરિહંત ભગવાનનું જેવું દ્રવ્ય છે એવું પોતાનું દ્રવ્ય છે. અરિહંત ભગવાનનું દ્રવ્ય જે છે અનંતગુણોથી ભરેલું, શુદ્ધતાથી એવું પોતાનું છે. અરિહંત ભગવાનના જેવા ગુણો છે એવા પોતાના ગુણો છે અને એમણે જે પર્યાયો પ્રગટ કરી એમણે અંશ પ્રગટ કર્યો, પૂર્ણતા કેવળજ્ઞાન પ્રગટ કર્યું એ અરિહંત ભગવાનના દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણે તો પોતાને જાણે પણ એ બરાબર એમ નહીં એમ દ્રવ્ય ઉપર એનું કેવું દ્રવ્ય છે, એમના ગુણો કેવા છે, એવો હું છું, એમ પોતા તરફ

દૃષ્ટિ કરે તો થાય. અરિહંત ભગવાનના દ્રવ્ય, ગુણ, પર્યાય જાણે એટલે જાણવા પૂરતો નથી.

એ જાણ્યો ક્યારે કહેવાય કે પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાયને જે ઓળખે તો જ એને અરિહંત ભગવાનના દ્રવ્ય, ગુણ, પર્યાય ઓળખ્યા કહેવાય. પોતાને ઓળખે. પોતાને ઓળખે એ ભગવાનને ઓળખે. ભગવાનને ઓળખે એ પોતાને ઓળખે. એવો ઉપાદાન, નિમિત્તનો સંબંધ છે. ભગવાન કેવા છે એટલે કે જેવા ભગવાન છે એવો હું છું. તારા તરફ દૃષ્ટિ કર એમ. ભગવાન તરફ દૃષ્ટિ કર તો પોતા તરફ દૃષ્ટિ કરે છે. પોતા તરફ પુરુષાર્થને લઈ જવાનો છે. તો પોતાને ઓળખે. ત્યારે જ ખરા ભગવાનને ઓળખ્યા કહેવાય.

ભગવાને જે પોતાનું પૂર્ણ સ્વરૂપનું વેદન પ્રગટ કર્યું, પૂર્ણ અનુભૂતિ, એવું વેદન પોતે પ્રગટ કરે દ્રવ્યથી તું ભગવાન જેવો છો. ગુણો પણ (ભગવાન જેવાં છે.) પર્યાયો ભગવાનને જે પ્રગટ થઈ એવી પર્યાય નથી. ભગવાનને જે સ્વભાવનું વેદન છે, એ વેદન મને નથી, એવો અંશ પણે વેદન અને પછી પૂર્ણપણે વેદન, એવી અનુભૂતિ પ્રગટ થાય તો એ ભગવાનને ઓળખે. ભગવાનને જે ઓળખે પોતાને ઓળખ્યા વગર રહેતો જ નથી. તો જ ભગવાનને ઓળખ્યા કહેવાય. પોતે પોતાની અંશપણે અનુભૂતિ અને પછી પૂર્ણ કરે તો પ્રગટ કરે તો જ ભગવાનને ઓળખ્યા કહેવાય. પોતા તરફ જાય પોતે પોતાની સ્વાનુભૂતિ પ્રગટ કરે તો જ એણે ભગવાનને ઓળખ્યા કહેવાય જેવો અંશ મને છે એવું જ ભગવાનને પૂર્ણ છે. તો જ એણે ભગવાનને ઓળખ્યા કહેવાય.

(3-113-4)

શ્રોતાઓ : ભગવતી માતનો જય હો....
માતાજીની અમૃતવાણીનો જય હો....

* * *

## પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી, ભાગ-૩

# તત્ત્વચર્ચા - ૧૧૪

**શ્રોતા :** ....... મુંબઈમાં તો ......... સાવ ક્યાં જાશું ને ત્યાં શું કરશું? એમ થઈ જાય છે.

**પૂજ્ય બહેનશ્રી : વિભાવનો સ્વભાવ આકુળતા છે માટે એનાથી જુદો પડીને જ્ઞાયકને ઓળખવો. એ જ જીવનમાં કરવા જેવું છે. નિર્વિકલ્પ સ્વરૂપ આત્મા છે એને ઓળખવો. એના ઉપર દૃષ્ટિ, જ્ઞાન એની રમણતા કરવી. એમાં ઊંડા ઉતરીને વારંવાર ગ્રહણ ન થાય ત્યાં સુધી એનો પ્રયત્ન કર્યા કરવો. એ ભેદજ્ઞાનની ધારા પ્રગટ કરવી. એ મુક્તિનો માર્ગ છે. મુક્તિ અંશે તો ચૈતન્યમાં પ્રગટ કરવાની છે પછી વિશેષ વિશેષ એમાં આરાધના કરવાથી વિશેષ પ્રગટ થાય છે. કેવળજ્ઞાન સુધી પહોંચે છે. માટે ભેદજ્ઞાનની આરાધના કરવી. ભેદજ્ઞાન કે 'આ હું નથી માટે કાંઈ ચૈતન્યનો અસ્તિત્વ એ હું છું.' આ બધું વિભાવ છે, પણ એ અખંડ તત્ત્વને ગ્રહણ કરવો.**

**ગુણના ભેદ પડે એ પણ ભેદના વિકલ્પો છે. 'હું ચૈતન્ય છું, ચૈતન્ય છું જ્ઞાયક' આખો એમાં અનંતગુણ એમાં સમાઈ જાય છે. આ અખંડ ચૈતન્યને ગ્રહવો. એમાં એના ગુણો સમાય જાય છે. શુદ્ધાત્માની પર્યાય પ્રગટ થાય એ પણ પર્યાય પણ આત્માનું એ ક્ષણપૂરતું છે માટે અખંડ ચૈતન્યને ગ્રહણ કરવો. પર્યાય ચૈતન્યમાંથી પ્રગટે. વેદન પર્યાયનું થાય પણ ગ્રહણ આત્માનું થાય, ઈ કરવા જેવું છે. એમાં આનંદ છે. એમાં જ્ઞાન છે, બધું એમાં છે. એ ચૈતન્ય શાશ્વતો છે. અનંતકાળ ગયો તોય એ એવો ને એવો જ છે એને અનંતા વિભાવ થયા, અનંતા જન્મ-મરણ કર્યા તોય ચૈતન્ય એવો ને એવો છે. માટે એને ગ્રહણ કરવો. એ એને ગ્રહણ કરવાથી જન્મ-મરણ ટળી જાય, દુઃખનો નાશ થાય ને સુખની પ્રાપ્તિ થાય. માટે એ કરવા જેવું છે. (3-114-1)**

**શ્રોતા :** ........ બંનેમાં તફાવત શું છે?

**પૂજ્ય બહેનશ્રી : આત્માનું વેદન રસ ને ઉપશમરસ, વેદનરસ, વેદનમાં તો પોતે આખો આત્મા આવી જાય છે. .. (......) વેદનરસમાં તો ચૈતન્યના અનંતા ગુણો છે. એ અનંતા ગુણો એના વેદનમાં, એની સ્વાનુભૂતિમાં આવી જાય છે. ઉપશમરસમાં તો એક એને શાંત સ્વભાવ જે શાંતરસ છે એ આવે છે. શાંતરસ વેદાય ને વેદનરસ વેદાય એમાં અનંતગુણનું વેદન આવી જાય છે. વેદન એટલે સ્વાનુભૂતિનો અંશ એ સ્વાનુભૂતિ થાય છે આત્મામાં પ્રગટ. અનંતગુણોનું જો સ્વભાવનું વેદન આવે છે.**

અનંતગુણ વેદાય, આનંદ વેદાય, જ્ઞાન કંઈ જાતનું? દર્શન, ચારિત્ર આવે અનંતાગુણો, એના સ્વભાવનું વેદન થાય છે. જે વેદનમાં આવી શકવા યોગ્ય છે. એ ગુણનું વેદન થાય છે. એમાં દરેક ગુણો આવી જાય છે. એના ઉપશમરસમાં એક એનું શાંતિપૂર્વકનું છે એ આવી જાય છે. પ્રશમ, ઉપશમ આત્માનું એ આવે છે એ શાંતિ છે. ઉપશમરસનું એ યથાર્થ જો યથાર્થ શાંતરસ અંતરથી પ્રગટે, નિર્વિકલ્પ સ્વાનુભૂતિનું તો એ બેયને અવિનાભાવ સંબંધ છે.

જેને અંદર સ્વાનુભૂતિ એ પ્રગટ તો જે ઉપશમરસ છે ઈ અને આ ચૈતન્યનું બધા ગુણોનું સંવેદન એ બધાનું અવિનાભાવ સંબંધ છે યથાર્થ હોય છે. પણ આકુળતા તૂટીને અંતરમાં હું જ્ઞાયક છું, આ વિભાવ તે હું નથી, એમ ભેદજ્ઞાન પૂરતું વિકલ્પ સાથે હોય અને 'હું જ્ઞાયક છું' એવું ભેદજ્ઞાન એમાં જો શાંતિનો અંશ પ્રગટે એ શાંતિનો અંશ અને નિર્વિકલ્પ શાંતિનો અંશ એ બેય જુદા છે. એ તો એને એક અંશમાં સાધારણ એક આકુળતા તૂટીને શાંતિ થોડી વેદાઈ રહી છે. એ શાંતિ.

સ્વાનુભૂતિમાં જે શાંતિ ને ઉપશમ થાય એ અને સ્વાનુભૂતિનું વેદન એ બેયને અવિનાભાવ સંબંધ છે. એ બેય જ્યાં શાંતરસ હોય ત્યાં એની સ્વાનુભૂતિ હોય જ એવો અવિનાભાવ સંબંધ છે. બાકી ભેદજ્ઞાનની ધારામાં હું જ્ઞાયક છું, જ્ઞાયક છું એને સવિકલ્પતામાં એમ હું જ્ઞાયક છું, જ્ઞાયક છું, એમ જ્ઞાતાધારા રહેતી હોય એમાં એને અંશે શાંતિ ને સમાધિ વેદાય છે એકલી એ શાંતિ સમાધિ અને નિર્વિકલ્પની શાંતિ-સમાધિ બેય જુદી હોય છે. (3-114-2)

**શ્રોતા :** એવું જ્યારે બળવાન બળ ઊભરાય એ ટાઈમે વેદન વેદનનો સંબંધ સાથે સાથે હોય ખરું?...

**પૂજ્ય બહેનશ્રી :** જ્ઞાયક તો એમ નિર્વિકલ્પતામાં જે જ્ઞાયક વેદાય એમાં સ્વાનુભૂતિ હોય છે. સવિકલ્પતામાં પણ હું જ્ઞાયક છું એમ રહી શકે છે. સવિકલ્પતામાં એ પણ અંશે જ્ઞાયકતાની ધારા રહે, એકત્વબુદ્ધિ થઈ રહી છે એને તોડીને એ માત્ર ધારણારૂપે છે, વિકલ્પરૂપે કે અભ્યાસરૂપે હોય એ એક જુદી વાત છે. અભ્યાસરૂપે હોય પણ જેને સહજ જ્ઞાતાધારા હોય છે એ નિર્વિકલ્પ સ્વાનુભૂતિ થયા પછી પણ જ્ઞાતાધારા હોય છે. એ જ્ઞાતાધારામાં એને અંશે શાંતિ, જ્ઞાયકતા એ બધું હોય છે. પણ એ સવિકલ્પતામાં હોય છે ને ઓલો નિર્વિકલ્પતામાં હોય છે. એ નિર્વિકલ્પતાની શાંતિ એને અનુભૂતિ જુદી હોય છે અને આ સવિકલ્પતામાં તો અમુક ટકા રહી જાય છે.

**શ્રોતા :** વેદનકાળે આપણે જ્ઞાનધારા સ્વરૂપને ગ્રહણ કરતી હોય છે?

**પૂજ્ય બહેનશ્રી :** વેદનકાળે

**શ્રોતા :** વેદનકાળે આપણી ઉપયોગની ધારા સ્વરૂપને સંપૂર્ણ ગ્રહણ કરતી હોય છે?

**પૂજ્ય બહેનશ્રી : સ્વરૂપને એને દૃષ્ટિ સંપૂર્ણ ગ્રહણ કરે, પણ હજી તો પૂર્ણતા બાકી છે. કેવળજ્ઞાન પ્રગટ નથી થયું એટલે અંશે સ્વાનુભૂતિ થાય. સિદ્ધ ભગવાનને પૂર્ણ સ્વાનુભૂતિ છે. તો સમ્યગ્દૃષ્ટિને અંશ સ્વાનુભૂતિ છે. એટલે એને ઉપયોગની ધારા અંશે ગ્રહણ કરે છે. પણ એને જે સમ્યગ્દૃષ્ટિપણું સમ્યગ્દર્શન જે પ્રાપ્ત થાય એ ચૈતન્યનો સ્વભાવ છે એ પૂર્ણ ગ્રહણ કરે છે એને સ્વભાવને પૂર્ણ ગ્રહણ કરે છે પણ એના વેદનની અંદર અંશ આવે છે. એને જ્ઞાનમાં, દૃષ્ટિમાં એને પૂર્ણ સ્વભાવ આવી જાય છે પણ વેદનમાં પૂરું નથી આવતું. વેદનમાં અંશ આવે છે. દરેક અનંત 'સર્વગુણાંશ તે સમ્યગ્દર્શન.' સર્વ ગુણોનો અંશ એને વેદાય છે. પણ પૂર્ણ જે એના બધા સંપૂર્ણ અંશ છે બધા પૂર્ણ અંશો ખિલ્યા નથી. અંશ વેદન થયું છે. વેદન અંશે છે. ગ્રહણ પુરું થાય છે. જ્ઞાનમાં ગ્રહણ થાય છે. વેદન અંશે થાય છે.**

**શ્રોતા :** પર ઉપયોગ થાય અને વેદનનું અટકવું બેયનો સંબંધ?

**પૂજ્ય બહેનશ્રી : બીજા તરફ ઉપયોગ જાય ત્યારે સ્વાનુભૂતિનું વેદન નથી હોતું, પણ એને સવિકલ્પની ધારા રહે છે. જ્ઞાતાધારા, જ્ઞાતાનું અંશે વેદન એ સવિકલ્પતાનું વેદન એને કહેવાય છે. સવિકલ્પતાની શાંતિ કહેવાય છે. પણ ઓલું નિર્વિકલ્પ શાંતિ નથી. ઘણા કહે છે કે વિકલ્પ ઓછા તો શાંતિ લાગે. એ શાંતિ નિર્વિકલ્પતાની શાંતિ પણ જે એને એકત્વબુદ્ધિ હોય છે એમાંથી ભેદજ્ઞાન થાય છે એટલે એને અંશે શાંતિ તો થાય જ છે. પણ એ શાંતિ નિર્વિકલ્પતાની શાંતિ નથી.**

**ઘણાને એકત્વબુદ્ધિ હોય અને વિકલ્પ ઓછા થાય તો પણ શાંતિ શાંતિ લાગે પણ એ શાંતિ ખરેખર નથી. કારણ કે એ તો વિકલ્પ ઓછા થયા અને એકત્વબુદ્ધિએ છે. શાંતિ લાગે તો વિકલ્પ મંદ થાય ને શાંતિ શાંતિ લાગે પણ ચૈતન્યનું અસ્તિત્વ ગ્રહણ નથી કર્યું તો એ શાંતિ માત્ર એને કલ્પનામાં, વિકલ્પની શુભ વિકલ્પ મંદ પડ્યા તો વિકલ્પ શુભ થઈ ગયા અને અશુભ ટળી ગયા, આકુળતા ઓછી થઈ ગઈ, એટલે શાંતિ લાગે પણ ચૈતન્યનું અસ્તિત્વ ગ્રહણ નથી કર્યું ત્યાં સુધી સાચી શાંતિ જ નથી. પણ સવિકલ્પતામાં જે ચૈતન્યનું અસ્તિત્વ ગ્રહણ થાય છે, ચૈતન્ય જ્ઞાયકરૂપે છે એમ ગ્રહણ થાય છે. જ્ઞાતાધારા થાય છે ત્યારે અંશે શાંતિ પ્રગટે છે પણ એ શાંતિ સવિકલ્પતાની શાંતિ હોય છે. નિર્વિકલ્પ શાંતિ નથી. (3-114-3)**

**શ્રોતા :** અસ્તિ સ્વભાવનું ગ્રહણ નથી, એ ત્યાં સુધી કંઈપણ ઉપશમભાવ હોય છે એ માત્ર કષાયની ઉપશાંતતા છે.

**પૂજ્ય બહેનશ્રી : માત્ર કષાયની ઉપશાંતતા છે બસ. ચૈતન્યનું અસ્તિત્વ ગ્રહણ નથી થયું ત્યાં સુધી કષાયની મંદતાનો ઉપશમ છે. ચૈતન્યનું અસ્તિત્વ ગ્રહણ થાય તો એ કાંઈક માર્ગે છે. એને માર્ગ ભલે નિર્વિકલ્પ નથી થયો પણ ચૈતન્યનું અસ્તિત્વ ગ્રહણ થયું એના જ્ઞાનમાં આવ્યો અને વિકલ્પથી કાંઈક અંશે છૂટો પડ્યો, ભેદજ્ઞાનાની ધારા પ્રકટી એને અમુક પ્રકારે તો એ કાંઈ માર્ગે આવ્યો છે. પણ એકલું ધ્યાન કરે, વિકલ્પ શાંત કરે તો એ માત્ર એને વિકલ્પ શાંત, કષાયનો ઉપશમ રહે છે. સાચી શાંતિ નથી. ઓલો જ્ઞાયકનું અસ્તિત્વ ગ્રહણ કરે તો માર્ગે છે. ભલે નિર્વિકલ્પ નથી થયું તોય એ માર્ગમાં છે. જ્ઞાયકતાને ગ્રહણ કરે, જ્ઞાતાધારાનું વેદન કરે. એનો અભ્યાસ કરતો એ અસ્તિત્વ ગ્રહણ કરતો તો માર્ગમાં કાંઈક છે પણ ઓલું એકલા વિકલ્પ શાંત કરે તો માર્ગમાં નથી. કષાયની ઉપશાંતતા છે બસ.**

**શ્રોતા :** જ્યારે આપણને આત્મવેદન શરૂ હોય, એક ટાઈમે આ જે વેદન થઈ રહ્યું એ જ હું છું એવું એકત્વપણું સાથે ઘોળાતું હોય છે.

**પૂજ્ય બહેનશ્રી : આ વેદન થાય છે જે આ મને જે વેદન થાય છે, મારા આત્માનું છે, પોતાનું અસ્તિત્વ જે ગ્રહણ કર્યું એમાં લીનતા વધી જાય ને વિકલ્પ તૂટી જાય એને પૂરો નિશ્ચય જ અંદરથી દઢતા આવે છે કે આત્માની જ અનુભૂતિ છે બીજી નહીં.**

**શ્રોતા :** એ વેદન ને દઢીકરણ બંને સાથે સાથે છે?

**પૂજ્ય બહેનશ્રી : સાથે સાથે જ ચાલે છે વેદન છે ને દઢતા થાય, આમાં આત્માની જ સ્વાનુભૂતિ છે બીજું નહીં. (3-114-4)**

**શ્રોતા :** એમાં એ જ ખરેખર તરફ આ દેહાધ્યાસના સંસ્કારો નાશ કરવાનું પ્રબળ કારણ ગણી શકાય?

**પૂજ્ય બહેનશ્રી : આ દેહાધ્યાસના સંસ્કારો નાશ થાય, નિર્વિકલ્પ સ્વાનુભૂતિ થાય ત્યારે છે, અને ચૈતન્યનું અસ્તિત્વ ગ્રહણ કરે તોપણ દેહાધ્યાસના સંસ્કારો એના અંશે છૂટે છે, જ્ઞાયકનું અસ્તિત્વ ગ્રહણ કરે તો જ. પણ નિર્વિકલ્પતા થાય એ તો દેહાધ્યાસનો અભ્યાસ એકદમ છૂટે છે. શાશ્વતો આત્મા છે આ દેહ તો એક ક્યારે કેમ થાય, આત્માનું જે કર્યું એ થાતું રહે બીજા બધા સંબંધો એવા છે શાંતિ રાખવા જેવી છે. .........જન્મ-મરણ અનંતકાળથી થયા કરે છે જીવે કેટલાય જન્મ-મરણ કર્યા છે અનંતકાળથી. એમાં આ ભવમાં ગુરુદેવ મળ્યા મુશ્કેલીથી, ગુરુદેવ જેવા મળ્યા આવો માર્ગ બતાવ્યો વિષમકાળમાં, એ મહાભાગ્યની વાત છે. એ ગુરુદેવે જે માર્ગ ગ્રહણ કર્યો એ જ શરણરૂપ છે. અને એમનું તો ઘણા વર્ષો સુધી એનું ચિંતવન કર્યું પોતે.....**

બહારના સંબંધો આ શરીર સાથે આત્માને સંબંધ નથી. આ વિકલ્પો એ આત્માનો સ્વભાવ નથી. શુભાશુભભાવોથી આત્મા જુદો છે. જેમ બહારના સંબંધો ...... એ વિકલ્પ એ આત્માનું સ્વરૂપ નહીં, આત્મા નિરાળો છે. શાશ્વતો જ્ઞાન ને આનંદથી ભરેલો એ આત્માનું શરણ ગ્રહણ કરવા જેવું છે. ગુરુદેવે જે બતાવ્યો છે એ આત્મામાં શાંતિ છે આત્મામાં આનંદ છે, બધું. આત્મા અનંતગુણથી ભરેલો છે. આત્મા જ છે એને ગ્રહણ કરવો, જ્ઞાયકતા એમાં છે, આનંદ એમાં છે બધું એમાં છે. એને ગ્રહણ કરવો ને એનો જ અભ્યાસ કરવા જેવો છે. બીજા બધાં સ્મરણ આવે તો વિકલ્પ ફેરવીને આત્માનું એ જ ગ્રહણ કરવા જેવું છે. એમણે જે કર્યું એ કરવાનું. તમને બધાને રુચિ છે તેમને વિશેષ એ જ કરવા જેવું છે. પરિણામમાં દેવ, ગુરુ, શાસ્ત્ર તરફની ભક્તિ ને એનો અંતરમાં જ્ઞાયકને ગ્રહણ કરવા એ કરવાનું છે. શુદ્ધાત્માનો શુદ્ધ અંશ કઈ રીતે પ્રગટે એ જ અભ્યાસ ને એ જ રટણ ને એ બધું કરવા જેવું છે. શરીર સાથે સંબંધ નથી. આત્માનું સંબંધ એ સાચો સંબંધ છે. બધા વિભાવ, વિભાવભાવ હારે સંબંધ નથી. ચૈતન્ય શાશ્વતો એ જ ગ્રહણ કરવા જેવો છે બીજું શું કહેવાય? સંબંધ તો જે માણસ જાય એ તો આ બધો સંસાર તો એવો જ છે. (3-114-5)

**શ્રોતા :** ...........

**પૂજ્ય બહેનશ્રી :** ...... દેવીઓ તો, અત્યારે આ પંચમકાળે મોટે ભાગે ભ્રમણા હોય છે. એ દેવ ઉપરથી અત્યારે ક્યાંય ઉતરતા નથી દેવી ઉપરથી ઉતરે (નહીં).

**શ્રોતા :** .........

**પૂજ્ય બહેનશ્રી :** મોટે ભાગે બધા ભ્રમણા હોય છે. માણસોની કલ્પના હોય છે. ચોથા કાળમાં દેવ આવતા તો, દેવ આવતા તો પોતાના પુણ્ય હોય એવી જાતના તો એ દેવ કાંઈક એને દેવ કાંઈક કોઈના પુણ્ય-પાપ વગર કાંઈ કરી શકતો નથી. પોતે પોતાના પુણ્યને પાપ હોય એ પ્રમાણે બને છે. દેવો શું કરી શકે? એ પોતે પોતાનામાં એ નથી કરી શકતા, બીજાનું શું કરી શકે? ભગવાન માર્ગ બતાવે છે બધાને, કોઈના કર્તા નથી થઈ શકતા, તો દેવલોકના દેવ તો શું કર્તા થઈ શકે? કાંઈ ન કરી શકે એ તો ચોથા કાળમાં દેવો પ્રસન્ન થાતા આવતા પણ બીજાના પુણ્ય હોય તો આવે. પણ એના પુણ્ય હોય તોય નિમિત્ત થાય નહીંતર દેવોય નથી આવતા. આ અત્યારે તો મોટે ભાગે ભ્રમણા જ થાય છે પંચમકાળમાં. એની કલ્પના માનસિક એવું થઈ જાય છે દેવ આવ્યા ને આમ થયું ને તેમ થયું. મોટે ભાગે ક્વચિત ક્યાંક એવું હોય તો બાકી બધું મોટે ભાગે ભ્રમણા છે.

દેવોના ટોળા ઉતર્યા હતા અને દેવોએ સહાય દેવો જેની ભક્તિ કરતા એ ભગવાને જ્યારે દીક્ષા લીધી, ત્યારે એમને બાર મહિના સુધી આહાર નથી મળ્યો એ દેવો દેવો એ વખતે ક્યાં ગયા? એ પોતાના ઉદય જ્યારે હોય ત્યારે દેવો આવે છે. એ આહાર નથી મળતો, પછી જ્યારે એમનો જ્યારે તૂટે છે એમના અંતરાયનો ઉદય ત્યારે એની મેળે આહારનો યોગ થાય છે. એ દેવો કેમ? ભગવાન જેવા હતા તોય દેવોના ટોળા જેમના કલ્યાણકો વખતે ઉતરતા હતા એ વખતે દેવો કેમ આવ્યા નહીં? એ પુણ્ય હોય તો આવે છે નહીંતર કાંઈ દેવોય નથી આવતા. પોતાના પુણ્ય વગર કાંઈ થાતું નથી. અને એમાં અત્યારે તો ભ્રમણા હોય છે. ઘણાને મોટી ભ્રમણા જ હોય છે. (કંકુ ખરે ને.....) એવું ઓચિંતા કોઈક ઠેકાણે ક્યાંક બન્યું હોય તો આપણા જેવા મહાપુરુષ કાંઈક કારણ વગર આવે?

સામાન્ય દેવો પણ પંચમકાળમાં આવવા મુશ્કેલ છે. ગુરુદેવ જેવા મહાપુરુષ આવે. એ બનવું અશક્ય છે. સ્વપ્નામાં આવે, કોઈ સાક્ષાત્ સંયોગ કાંઈ કરી દેતું નથી. પોતાની ભાવના ઉગ્ર જો કરે એમાં સંયોગ ગમે ત્યાં બેઠા પોતે વિચાર કરે, ચિંતવન કરે અને પછી સમજવાનો પ્રયત્ન કરે .... ટાઈમ મળે ત્યારે જ્યાં સત્સંગ હોય જ્યાં સમજવાનું મળતું હોય એવા સ્થાને જાય, એને સાંભળે, પ્રશ્ન પૂછે, નક્કી કરે એમ પોતાની ખામી છે, સંયોગ કાંઈ કરતું નથી. સંયોગથી થાય છે એવું નથી, પોતાની ખામી છે. જેની જિજ્ઞાસા હોય એ ગમે ત્યાં જાય પોતાનો નિર્ણય કરે છે, પોતામાં જાય છે ...... (3-114-5)

શ્રોતાઓ : ભગવતી માતનો જય હો....<br>
માતાજીની અમૃતવાણીનો જય હો....

* * *

## પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી, ભાગ-૩

# તત્ત્વચર્ચા - ૧૧૫

**શ્રોતા :** ....

**પૂજ્ય બહેનશ્રી : પહલે તો ઉસકી ભાવનારૂપ રહેતા હૈ.**

**શ્રોતા :** ઉસમેં શુદ્ધિકા અંશ હૈ.

**પૂજ્ય બહેનશ્રી : ઉસમેં શુદ્ધિકા અંશ હૈ. શુદ્ધિ પ્રગટ કરનેકી ઇસકી ભાવના રહતી હૈ, 'મૈં જ્ઞાયક હૂં, મૈં જ્ઞાન, હૂં, દર્શન હૂં, ચારિત્ર હૂં,' ભેદ વિકલ્પ હૈ યહ સબ શુદ્ધિકા અંશમેં તો જબ પ્રગટ નહીં હુઆ, તબ શુદ્ધિકા અંશ નહીં રહેતા.**

**શ્રોતા :** તબ તક તો આસ્રવ-બંધ હૈ હી.

**પૂજ્ય બહેનશ્રી : આસ્રવ-બંધ હોતા હૈ. સંવર પ્રગટ નહીં હુઆ ઇસકી ઉસકે તરફ જાનેકા વલણ ઔર યોગ્યતા પ્રગટ હોતી હૈ. ઉસકી તરફ ઐસા લક્ષ આત્માકે તરફ ગયા કે માત્ર શુદ્ધકા વિચાર કરતે ઐસે નહીં, પણ આત્માકા અવલંબન લેતે હૈ. જ્ઞાયક તરફકા અવલંબન લેતે હૈ વહ તરફ પરિણતિકો દૌડ રહેતી હૈ તો ઇસકી યોગ્યતા, વલણ ઐસા રહેતા હૈ પણ શુદ્ધિકા અંશ તો જબ પ્રગટ હોવે તબ. પ્રકાશ ઔર અંધકાર. જબ તક અંધકાર હૈ, તબ તક અંધકાર હૈ. જબ પ્રકાશ હુઆ તો પ્રકાશ હૈ ઇસકી ઐસા થોડા થોડા હોતા હૈ ઐસા નહીં. જબ પ્રકાશ હુઆ તબ પ્રકાશ, અંધકાર હૈ તો અંધકાર હૈ. યહ જબ તક ભેદજ્ઞાન નહીં હુઆ, ઉસકી ભાવનારૂપ પ્રયાસ રહેતા હૈ તબ તો શુદ્ધિકા અંશ નહીં હોતા હૈ. (3-115-1)**

**શ્રોતા :** ઔર જિસ સમય રાગકો અપના જ્ઞેય બનાયા તબ ઉસ સમય જ્ઞાન જ્ઞાનરૂપ હો ગયા?

**પૂજ્ય બહેનશ્રી : જબ ધ્યેય બના.**

**શ્રોતા :** રાગકો જ્ઞેય બનાયા ઔર જ્ઞાનમેં જ્ઞાનકો જાના તબ ઉસ સમય તો જુદા હો ગયા?

**પૂજ્ય બહેનશ્રી : જુદા હો ગયા, વહ તો સ્વાનુભૂતિકે પીછે યથાર્થ હોતા હૈ પીછે હોતા હૈ. એ જ્ઞાન જ્ઞાનરૂપ હુઆ તો, જ્ઞાનમેં 'સ્વયં જ્ઞાયક હૂં,' ઐસી સહજધારા રહેતી હૈ ઔર કર્તાબુદ્ધિ છૂટ જાતી હૈ, 'મૈં જ્ઞાયક હૂં,' ઐસી પછી વિભાવધારા ઔર જ્ઞાનધારા દોનોં એક સાથ ચલતી હૈ, સ્વાનુભૂતિકે પીછે, તો જ્ઞાનધારા ચલતી હૈ તો તો ઉસમેં જ્ઞાન જ્ઞાનરૂપ રહેતા હૈ, વિભાવ વિભાવરૂપ, અસ્થિરતા રહેતી હૈ, ઉસકો**

**જાનતે હૈ. ઉસકા સ્વામી નહીં હોતા. યે ચલતે હૈ તબ ઉસમેં તો જ્ઞાન જ્ઞાનરૂપ રહેતા હૈ.**

**શ્રોતા :** ઉસમેં જબ

**પૂજ્ય બહેનશ્રી : જ્ઞેય જ્ઞેયરૂપ, જ્ઞાન જ્ઞાનરૂપ. જ્ઞાન ઔર જ્ઞેયકા ભેદવિજ્ઞાન સંકર દોષ ટલ ગયા હૈ, જ્ઞેય-જ્ઞાયકકા જો સંકર દોષ હોતા થા.**

**શ્રોતા :** જો એક કરનેકા .....

**પૂજ્ય બહેનશ્રી : એકમેક હો ગયા વહ દો પણા હો ગયા, યે જ્ઞેય હૈ 'મૈં જ્ઞાયક હૂં.' ઉસકા ભેદજ્ઞાન કરના.**

**શ્રોતા :** તો ઉસકે સાથ જો વિચારધારા ચલેગી તો વહ ભી આસ્રવ-બંધ ...

**પૂજ્ય બહેનશ્રી : વિચારધારા ચલતી હૈ, ઉસકે પીછે ભેદજ્ઞાન જબ સહજ હોતા હૈ તબ વિચારધારા ચલતી હૈ ઉસકે સાથમેં જ્ઞાતાકી પરિણતિ રહેતી હૈ, શુદ્ધિકા અંશ રહતા હૈ. ઔર વિચારધારા ભી ચલતી હૈ ઇસમેં રાગમિશ્રિત તો રાગ રહેતા હૈ ઉતના વહ શુભ પુણ્યબંધ હોતા હૈ. જિતના શુદ્ધિકા અંશ રહેતા હૈ ઉતની નિર્જરા ઔર સંવર હોતા હૈ. દોનોં સાથ રહેતે હૈ. દોનોં એકસાથમેં. પીછે ભી શ્રુતકા ચિંતવન હોતા હૈ. શાસ્ત્રકા ચિંતવન, 'મૈં જ્ઞાયક હૂં, મૈં અનંતગુણ હૂં. શુદ્ધ પીંડ હૂં.' ઐસા સબ વિચાર ચલતા હૈ. તો ભી જબ જ્ઞાયક જ્ઞાયકરૂપ રહેતા હૈ શુદ્ધિકા અંશ. જિતની અંતરમાં જ્ઞાયકકી ઉગ્રતા, જ્ઞાતાધારાકી ઉગ્રતા ઇતના વહ સંવર ઔર નિર્જરા. ઔર જબ જિતના હોતા હૈ જો શુભભાવ વહ પુણ્યબંધ હોતા હૈ. ઔર શુભાશુભભાવ યહ આત્મા તરફકા શુભભાવ હૈ તો યહ જૈસા શુભભાવ ઐસા પુણ્યબંધ હોતા હૈ.(.....) ઇસકી તરફકા પુણ્યબંધ હોતા હૈ. દેવ, ગુરુ, શાસ્ત્રકા જબ વિકલ્પ હોતા હૈ ઐસા પુણ્યબંધ, આત્મા તરફકા હોતા હૈ તો ઐસા પુણ્યબંધ. ઔર શુદ્ધિકા અંશ જિતના જ્ઞાતાધારા રહેતી હૈ. જ્ઞાતાકી ઉગ્રતા ઇતના શુદ્ધતાકા અંશ રહેતા હૈ. (3-115-2)**

**શ્રોતા :** ઉપયોગમેં સ્વભાવમેં રુક જાના તો વહ હી એક ઉપાય હૈ?

**પૂજ્ય બહેનશ્રી : તો ચલતે ચલતે ઉપયોગ પલટ જાય, તો એક ઉપાય હૈ અપના પ્રયાસ કરના, 'મૈં જ્ઞાયક હૂં,' ઐસા ભીતરમેંસે સ્વભાવકો ગ્રહણ કરનેકા પ્રયત્ન કરના. 'યહ મૈં સ્વભાવ હૂં, યહ વિભાવ હૈ' ઐસા ભેદજ્ઞાન કરનેકા પ્રયાસ કરના ઐસે કરતે કરતે જો પ્રયાસ કરતે કરતે સહજ જો હો જાય, સહજ હો જાય તો એ પ્રયત્ન કરતે કરતે હોતા હૈ કુછ નહીં કરતે ઇસકો તો કુછ નહીં હોતા. ઇસકો તો કુછ નહીં હોતા, (ઇતના તો પુરુષાર્થ કરના) ઇતના તો કરે તો ઉસમેં એ ભીતરમેં જાનેકા અવકાશ રહેતા હૈ. કુછ નહીં કરે તો કુછ નહીં રહેતા કોઈકો ઐસા અંતર્મુહૂર્તમેં**

હો જાય ઐસા તો બહોત કમ કો રહેતા હૈ, ઔર પ્રયાસ કરનેસે હોતા ઐસા જ્યાદા રહેતા હૈ ઓલા અલ્પ પ્રયાસ કરે, શિવભૂતિ મુનિ જૈસા કે મૈં ભેદ ઐસા શુદ્ધ, જલ્દી હો જાય ઐસા તો કોઈકો હોતા હૈ ઔર જ્યાદા તો ઐસા પ્રયત્ન કરતે કરતે હોતા હૈ. એ પ્રયત્ન કરતે કરતે સહજ હો જાય ઔર ઉપયોગ પલટ જાય, વિકલ્પ તૂટ જાય, સ્વાનુભૂતિ હો જાય તો સહજધારા હો જાય. (3-115-3)

**શ્રોતા :** હોતા હૈ ઇસકા વિચાર હી હૈ.

**પૂજ્ય બહેનશ્રી :** વિચાર હૈ. સ્વકો ગ્રહણ કરના હૈ. વિચાર ઐસા હોના ચાહિયે કિ ભલે યહ મૈં ટીક નહીં સકતા જ્યાદા. અંતર્મુહૂર્ત ઉપયોગ તો અંતર્મુહૂર્ત ટીકતા હૈ. જ્યાદા ટીક નહીં સકતા તો ભી ઇસકા લક્ષ ઇસકા સ્વકો ગ્રહણ કરનેકા લક્ષ હોના ચાહિયે. મૈં આત્માકો કૈસે ગ્રહણ કરું, મૈં જ્ઞાયકકો ગ્રહણ કરું, તો બીચમેં શ્રુતકા ચિંતવન આવે, શાસ્ત્રકા દ્રવ્ય, ગુણ, પર્યાય સબકા વિચાર આવે. સબ જાતિકા, નય ભંગ, નય, નિક્ષેપ, સબકા વિચાર આવે તો ભી ઇસકો ગ્રહણ કરનેકા ધ્યેય તો એક આત્માકા હોના ચાહિયે કિ મૈં શુદ્ધાત્માકો કૈસે ગ્રહણ કરું? ઐસા લક્ષ, ધ્યેય હોના ચાહિયે.

તો ઇસકો જો સ્વભાવસે ગ્રહણ કરે તો ઐસે ભેદજ્ઞાન હોવે તો ઉસકો ગ્રહણ થાય. જ્ઞેય ઔર જ્ઞાયક, 'મૈં જ્ઞાયક હૂં યહ જ્ઞેય હૈ. મૈં જ્ઞાયક હૂં, યહ જ્ઞેય હૈ. જ્ઞેય મેરેમેં નહીં હૈ. જ્ઞેય ભિન્ન હૈ ઔર જ્ઞાયક મૈં ભી ભિન્ન હૂં.' ઐસા ઇસમેં એક પ્રયત્ન શુદ્ધાત્માકો ગ્રહણ કરનેમેં જ્ઞેય, જ્ઞાયકકા ભેદજ્ઞાન કરનેકા સ્વભાવ-વિભાવકા ભેદજ્ઞાન કરનેકા કે યહ સબ પ્રયત્ન ઇસમેં આ જાતા હૈ. દ્રવ્યકો ગ્રહણ. દ્રવ્યદૃષ્ટિકો મુખ્ય કરો, યા ભેદજ્ઞાન કરો, જ્ઞેય, જ્ઞાયક સંકર દોષ તૂટ જાય, ઇસમેં કર્તા-કર્મ બુદ્ધિ છૂટ જાય, સબ એક ઉપાયમેં સબ આ જાતા હૈ, કે શુદ્ધાત્માકો ગ્રહણ કરનેસે સબ ઇસમેં આ જાતા હૈ.

શુદ્ધાત્માકો ગ્રહણ કરના, ક્યારે ગ્રહણ હોવે, કબ હોવે? કી જબ ભેદ હુએ તબ શુદ્ધાત્મા ગ્રહણ હોવે. જ્ઞાતા-જ્ઞેયકા ભેદ પડે તો શુદ્ધાત્મા ગ્રહણ હોવે નહીંતર સંકલ્પ કેટલા હો ગયા હૈ, યહ સબકો ભેદ પડે, આત્માકો સહજ જ્ઞાયક ગ્રહણ કરે તો કર્તાબુદ્ધિ છૂટે સબ ઇસમેં આ જાતા હૈ. ઇસમેં દ્રવ્ય 'મૈં શાશ્વત હૂં, અનાદિ અનંત ગુણભેદ વિકલ્પ ભી વો ગુણકા ગુણકા ભેદ વાસ્તવિક લક્ષણ ભેદ નહીં ઐસે તો ભેદ નહીં હૈ' મૈં તો અનંતગુણસે એકમેક ઐસા દ્રવ્ય હૂં, ઐસે એક દ્રવ્યદૃષ્ટિ અભેદ ગ્રહણ કરનેસે ઉસમેં ભેદજ્ઞાન સહજ કર્તાબુદ્ધિ છૂટ જાય સબ ઉસમેં આ જાતા હૈ, એકકો ગ્રહણ કરનેસે.

મૈં એકકો જાણ્યા ઉસમેં સબ આ જાતા હૈ. મૈં શુદ્ધાત્મા યહ શરીર ભી જ્ઞેય હૈ, વિભાવ શુભભાવ ઔર અશુભ દોનોં હી મેરેસે ભિન્ન હૈ, ઐસા ઉંચી જાતકા શુભભાવ હોવે, આત્માકો ગ્રહણ કરનેકા ઉંચામાં ઉંચા શુભભાવ હોવે તો ભી શુભ હૈ. મૈં શુદ્ધાત્મા હોવે...... (......) મૈં નિર્વિકલ્પ તત્ત્વ વહ હી મૈં હૂં, જહાં તક વિચારકા પ્રયત્ન હૈ વહ ભી ભીતરમેં દેખો તો વહ ભી આકુલ સ્વરૂપ હૈ. મૈં તો નિરાકુળ નિર્વિકલ્પ તત્ત્વ હૂં. ઐસા ગ્રહણ કરે. (3-115-4)

**શ્રોતા :** યે ભેદવિચાર શ્રુતજ્ઞાનમેં હોતા હૈ ન?

**પૂજ્ય બહેનશ્રી :** શ્રુતજ્ઞાનમેં વિચાર હોતા હૈ એ શ્રુતજ્ઞાન ભી અધૂરી પર્યાય હૈ તો ઉસમેં વિચાર હોતા હૈ. કેવળજ્ઞાન સંપૂર્ણ જ્ઞાન હો ગયા તો ઇસકો વિચાર નહીં હોતા હૈ. જ્યાં અધૂરી પર્યાય વહ ભી મેરા સ્વરૂપ મેરા પૂર્ણ સ્વરૂપ ઐસા નહીં હૈ. મૈં તો પૂર્ણ સહજ જ્ઞાયક હૂં ઐસા ગ્રહણ.... યહ ભી ઉઘાડ ક્ષયોપશમભાવમેં સબ આતા હૈ. પૂર્ણ પારિણામિકભાવમેં તો વહ નહીં હૈ, ઇસલિયે મેં તો નિરાલંબન, નિરપેક્ષ તત્ત્વ હૂં, કોઈકી અપેક્ષા જિસમેં નહીં હૈ ઐસા હૂં, ઐસા ગ્રહણ કરના ઐસા પ્રયત્ન કરના ચાહિયે. વારંવાર ઉસકા સંસ્કાર, ઇસકા દૃઢતા, ઇસકા અવલંબન આત્માકા ઐસા વારંવાર, જો ઐસા વિચાર હોવે તો ભી જબ તક ગ્રહણ નહીં હોય તબ તક વિચાર તો ચલતા હૈ પણ આત્માકો ધ્યેય.....

**શ્રોતા :** વિચાર તો હર સમય કિસી ને કિસીરૂપમેં રહેતા હી હૈ.

**પૂજ્ય બહેનશ્રી :** કિસી તરહકા વિચાર તો ચલતે રહતે હૈ, ઇસલિયે ‘મૈં નિર્વિકલ્પ તત્ત્વ હૂં, મૈં આત્મા હૂં.’ ઐસા રટણ કરના, યહ ભીતરમેંસે જાનના ઐસા વારંવાર કોઈવાર મંદ હોવે કોઈવાર તીવ્ર હોવે ઐસે કરતે કરતે સહજ હો જાય. તો ભીતરમેં જાય તો ઇસમેં જ્ઞાન સ્વભાવ તો અસાધારણ જ્ઞાનગુણ તો ગ્રહણ હો જાતા હૈ. પણ ઇસકા આનંદગુણ તો ઐસા હૈ જબ નિર્વિકલ્પ સ્વાનુભૂતિ હોવે તબ અનુભવમેં આતા હૈ આનંદ તો.

**શ્રોતા :** શાંતિકા વેદન ....

**પૂજ્ય બહેનશ્રી :** શાંતિકા વેદન હોતા હૈ. પણ આનંદકા વેદન તો નિર્વિકલ્પ સ્વાનુભૂતિમેં હોતા હૈ. જ્ઞાન જ્ઞાયકમેં શાંતિકા વેદન હોતા હૈ. શાંતિગુણ હૈ ઐસા હૈ ઔર આનંદગુણ દૂસરી પ્રકારકા હૈ .....

**શ્રોતા :** જબ એકદમ ઉલ્લાસ આતા હૈ તો વહ આનંદ આતા હૈ.

**પૂજ્ય બહેનશ્રી :** એ ઉલ્લાસ આતા હૈ તો વિભાવમેં ઉલ્લાસ અચ્છા લગતા હૈ, વહ આનંદ તો સહજ આત્મામેંસે હો જાતા હૈ, આત્મામેંસે અનુપમ ઉછલતા હૈ.

**અનંતગુણસે બિરાજમાન આત્મા ઉસમેંસે આનંદ ઉછલતા હૈ. કોઈ અનુપમ ઉછલતા હૈ બહારમેં તો ઉલ્લાસ હોતા હૈ તો વિભાવ પર્યાયમેં દિખનેમેં આતા હૈ વહ તો સ્વભાવ પર્યાય હૈ, ઇસલિયે સ્વભાવ ...... દૂસરી પ્રકારકા હોતા હૈ. અનુપમ જિસમેં ઉપમા નહીં હોતી હૈ. (3-115-5)**

**પંડિતજી : બરાબર છે ત્રણ કલાક**

**પૂજ્ય બહેનશ્રી : ત્રણ કલાક**

**પંડિતજી : બધા આમ માણસ અવરજવર ચાલુ જ હોય છે.**

**પૂજ્ય બહેનશ્રી : સોનગઢમાં બધાને, કેટલાકને આવવા જવાનું બનતું રહે છે.**

**પંડિતજી : હાં, કેટલાય આવે છે એ ખાલી લાગે છે, ખાલી લાગે છે. કલ્પના કરીને દુઃખી થાય છે. હું મરું છું એમ કલ્પના કરીને દુઃખી થાય છે. એમ કે રોજ એકવારનો કહે, કહને કહે. એવું કેટલુંય જાળવી રાખ્યું છે. બસ પરીક્ષા થઈ ગઈ કે મારી કસોટી ટકી શક્યો, ટકી શક્યો. ભાવ બધા ઉપર કલ્પના કરે ને શરીર જુદું છે. અત્યારે દુઃખી કેટલા દુઃખો હતા. આમ .....**

**પૂજ્ય બહેનશ્રી : એમ બોલતા હતા ને પાછું એવું પોતે કરી બતાવ્યું. (હું એ વળી ગયો હતો ..... બહુ તોય બોલે ) ................**

**શરણ એ ખરું આત્માનું શરણ છે. જાત્રામાં અમારી હારે હતા. (હા, અમારી હારે હતા) જોરદાર ભાષા બહું જોરદાર......**

**શ્રોતા :** ગુરુદેવ જેવું બોલે એવું અમને સમજાવે, એટલું છુટું બોલે છૂટા જ છે. ..... એટલું જોરથી બોલે, એટલું જોરથી બોલે...

................ એર કંડિશનમાં બેસીને જાવાનો છું..

**પૂજ્ય બહેનશ્રી : એરકંડિશનમાં બેસીને જાવાનું છે એટલું જોરદાર બોલે. આત્મા છૂટો જ છે. છૂટી જ જાય, છૂટી શકે એવું બધું બોલતા હતા. એરકંડિશનમાં બેસીને જાવાના છે.**

**શ્રોતા :** થાકી જઈએ તો ડોળી મળે છે.

......

એને જાવું જ ક્યાં છે?

**પૂજ્ય બહેનશ્રી : દેવમાં જઈને શું કરવું છે? એવું બોલતા. વિમાન મળે, બીજું શું મળે છે?... (એને પાછી ઉપમા આપે ફાટેલ જૂતાની દોરી) કેવી? ફાટેલ જૂતાની**

દોરી. બીજી બધી પર્યાયો તો બદલાયા કરે છે, એક ભવ પછી બીજો ભવ ને આત્મા શાશ્વત છે. ગુરુદેવે આત્માનો શાશ્વતો માર્ગ બતાવ્યો, અંતરમાંથી શુદ્ધ પ્રગટ કરવાનો, આનંદ પ્રગટ કરવાનો, જ્ઞાન પ્રગટ કરવાનો બધો અંતરમાંથી માર્ગ બતાવ્યો એ કરવા જેવું છે. જન્મ-મરણ, જન્મ-મરણ થયા જ કરે છે. શાશ્વતો એક આત્મા છે. બસ એ આત્માને ગ્રહણ કરવો જોઈએ.

મારો સુશાશ્વત એક આત્મા બીજા બધા સંયોગ લક્ષણ છે. બધા સંયોગમાં જે આવ્યા એ તો છૂટા પડી જાય છે. બાકી જે શાશ્વતો આત્મા છે એ ખરો છે, ખરો આત્મા એ છે એનું ગ્રહણ એને જ ગ્રહણ કરવા જેવો છે. બીજો બધાથી નિરાળા થઈ જવા જેવું છે. નિરાળો જિંદગીમાં એવા, સંસ્કાર નિરાળાના કર્યા હોય તો નિરાળાપણું છેવટે એટલું દૃઢ થઈ જાય છે. જીંદગીમાં એ જ કરવા જેવું છે. એવો જ પુરુષાર્થ રાખવા જેવો છે. આત્મા નિરાળો છે બધાથી. શરીરે બદલાય, આ વિભાવો પર્યાયો ક્યાં સ્વભાવ નથી આત્માનો. બધી પર્યાયો ક્ષણે ક્ષણે (બદલાય) એક શાશ્વતો આત્મા એકરૂપે છે અનાદિ અનંત, અનંતાગુણો ને પારિણામિકભાવ સ્વરૂપ અનાદિ અનંત છે. એ જ્ઞાન ને એ તરફ પરિણતિનું ભેદજ્ઞાન કરીને એ તરફ જાવું એ જ કરવા જેવું છે. એનું ભેદજ્ઞાન કરીને નિરાળા થઈ જાવું એ કરવા જેવું છે.

એ નિરાળા થવાનો પ્રયત્ન કર્યો હોય તો વેદના વખતે નિરાળો કાંઈક એને ભાવના જાગે છે. નહીંતર તો એકતા કરતો કરતો અંદર વેદનમાં ભીંસાઈ જાય છે. વેદનાથી એ જુદો આત્મા ને બધાથી જુદો છે. એ અંતરમાં એને જુદો ન્યારો જાણવા જેવો છે. જ્ઞાન ને આનંદ જ્ઞાનની મૂર્તિ, જ્ઞાયકમૂર્તિ છે, આનંદમૂર્તિ છે આત્મા. એવો અનુપમ આત્મા ગ્રહણ કરવા જેવો છે. આત્મા તો શાશ્વતો છે જ્યાં જાય ત્યાં અનંતા જન્મ-મરણ કર્યા. એમાં એક તો ઈ ને એ પોતે ને પોતે છે. એક ભવમાંથી બીજો ભવ પલટે છે. આત્મા તો એમને એમ રહે છે. દેહ બીજો ધારણ થાય છે. આ ભવમાં આવા ગુરુદેવ મળ્યા, આવો માર્ગ બતાવ્યો તો એ માર્ગ અંતરમાંથી કેમ ગ્રહણ થાય, એ ભેદજ્ઞાન કરીને અંતરમાં એનો જ અભ્યાસ ને એનું રટણ ને એ કરવા જેવું છે.

બીજા બધા સંયોગીભાવો તો પલટાયા કરે છે. પહેલાં કેટલા લાંબા આયુષ્યો હતા એ આયુષ્યો પૂરા થાય છે. દેવલોકના સાગરોપમના આયુષ્યો પણ પૂરા થાય છે. એ એમ લાગે જાણે આ શાશ્વત છે. દેવલોકને અમરાપુરી, અમર કહેવાય છે. તો એ અમર કાંઈ છે નહીં, એ સાગરોપમના કાળ બધા પૂરા થાય છે. આત્મા શાશ્વત છે. જીવે એવા અનંતા ભવો દેવલોકના કર્યા એવા આયુષ્યો પલ્યોપમ, સાગરોપમ બધા કાળ પૂરા થાય છે. ચોથા કાળમાં કેટલા આયુષ્યો, ચક્રવર્તીના કેટલા લાંબા આયુષ્યો

એ બધા કાળ પૂરા થાય છે તો આયુષ્ય તો જ્યારે અમુક કાળ થાય ત્યારે પલટાય જ છે માટે આત્માને સાધી લેવો એની જ સાધના કરી લેવી એ કરવા જેવું છે. 'બધાથી હું જુદો ન્યારો આત્મા છું' એ ન્યારો એને ગ્રહણ કરે, શાશ્વતો એના ઉપર દૃષ્ટિ કરીને વારંવાર એના તરફ પરિણતિની શુદ્ધતા પ્રગટાવવાનો પ્રયત્ન કરે જેવો શુદ્ધ છે, એવો શુદ્ધ થાવાનો પ્રયત્ન કરે એ જ કરવા જેવું છે. બાકી બધાના કાળ પૂરા થાય છે. ગમે એટલા લાંબા આયુષ્યો હોય તોય એ કાળ પૂરા થાય છે. હું શાશ્વત લગની એ જ છે આત્માની લગની એ છે. એટલે ચક્રવર્તીઓ ને રાજાઓ બધું છોડીને જંગલમાં સાધના કરવા જાતા કે હું મારા આત્માની સાધના કરું છું, જે શાશ્વત છે. જે અનાદિ અનંત છે એને એનું શરણ ગ્રહણ કરવા જેવું છે. (3-115-6)

ચત્તારિ મંગલં, અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં, સાહૂ મંગલં,
કેવલી પણ્ણત્તો ધમ્મો મંગલં,
ચત્તારિ લોગુત્તમા, અરિહંતા લોગુત્તમા, સિદ્ધા લોગુત્તમા, સાહૂ લોગુત્તમા,
કેવલિપણ્ણત્તો ધમ્મો લોગુત્તમો.
ચત્તારિ શરણં પવ્વજ્જામિ, અરિહંતે શરણં પવ્વજ્જામિ, સિદ્ધે શરણં પવ્વજ્જામિ,
સાહૂ શરણં પવ્વજ્જામિ, કેવલિપણ્ણત્તં ધમ્મં શરણં પવ્વજ્જામિ.
ચાર શરણ, ચાર મંગલ, ચાર ઉત્તમ કરે જે, ભવસાગરથી તે તરે,
સકલ કર્મનો આણે અંત, મોક્ષ તણા સુખ લહે અનંત,
ભાવ ધરીને જે ગુણ ગાય, તે જીવ તરીને મુક્તિ જાય,
સંસારમાંહિ શરણ ચાર, અવર શરણ ન કોઈ
જે નર-નારી આદરે, તેને અક્ષય અવિચલ પદ હોય
અંગૂઠે અમૃત વસે, લબ્ધિ તણા ભંડાર
ગુરુ ગૌતમને સમરિયે તો સદાય મન વાંછિત ફળ દાતાર.

શ્રોતાઓ : ભગવતી માતનો જય હો....
માતાજીની અમૃતવાણીનો જય હો....

* * *

## પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી, ભાગ-૩

# તત્ત્વચર્ચા - ૧૧૬

**પૂજ્ય બહેનશ્રી : ...... ખરી પરીક્ષા છે.**

**પંડિતજી :** જ્ઞાનીનું અંતર જોવું એ સાચી પરીક્ષા છે, બહારમાં નથી.

**પૂજ્ય બહેનશ્રી : બહારની એની ક્રિયા ને એનું બધું જોવા કરતાં એની અંતર દૃષ્ટિ ક્યાં છે એ જોવું એ ખરું છે.**

**પંડિતજી :** લાખોના એ હીરા ફેરવો છો તો તમને કાંઈ નહીં થાતું હોય? કે અમને કીધા કરો છો તો. શ્રીમદ્ ગંભીર થઈને કહે; મુનિ કાળકૂટ વિષ ભાળીએ છીએ, તમને એવું થાય છે. મેં કીધું ઠીક! એટલે એવું અંતર જોવાનું છે હીરા ક્યાં સાચા ને ક્યાં ખોટાં.

**પૂજ્ય બહેનશ્રી : એ અંતરદૃષ્ટિ જોવાની છે, બહાર ક્રિયા કરતાં અંતરથી રસ તૂટીને ભેદજ્ઞાનની ધારા વર્તે છે અંતરમાં. એની અત્યંત જુદું, જુદી પરિણતિ થઈ જાય છે. ચૈતન્ય જુદો અને એની પરિણતિ પાછી સ્વભાવ તરફ વળી ગઈ છે. અત્યંત રસ તૂટી ગયો છે અંતરમાંથી. ક્ષણે ક્ષણે બધું ક્રિયાએ જુદી ને હીરા એ જુદા બધું જુદું, રાગ જુદું, બધું જુદું એ રાગની એકત્વબુદ્ધિ અહીં તૂટી ગઈ છે.**

**પંડિતજી :** હીરા તો ક્યાંય ગયા રાગની એકત્વબુદ્ધિ તૂટી ગઈ છે.

**પૂજ્ય બહેનશ્રી : એકત્વબુદ્ધિ તૂટી ગઈ છે.**

પંડિતજી : **અમે કાળકૂટ વિષ ભાળીએ છીએ, તમને એવું થાય છે. ઓલા શું કહે? (કાંકરો) એમ સૂચવે કાંકરો એ તો કીધો બહાર જબ્બર ચમત્કારિક કવિ હતા કાલ ઓલું કીધું. કાંકરા ઉપર શતાવધાન કરે સામી ચીજો ધ્યાનમાં રાખવાની એમાં એક જણે કીધું કાંકરાનું કાવ્ય બનાવો. સો ચીજો વારાફરતી બધાની હારમાં વારો આવ્યો તો કહે, કાંકારા ઉપર નહીં તો કહે મનુષ્યભવ ધર્મ ઉપર તો ફટ બનાવી દે એ તો કાંકરા ઉપર કહે છે.**

**એમ સૂચવે એ કાંકરો, દિલ ખોલીને દેખ,**
**મનખા કર્યાં મુજ સમા, હીરા ધર્મથી લેય.**

**એમ સૂચવે કાંકરો દિલ ખોલ કાંકરો એમ સૂચવે તું તારું દિલ ખોલી, અંતરચક્ષુ ખોલીને દેખ કે મનખા કર્યાં મુજ સમા મનખા નામ મુજ સમા, એટલે મારા જેવા**

**કાંકરા, મનખા કહે હીરાને મુજ સમા હીરા ધર્મથી લેય, ધર્મ વગર તું જાણ કે મનખા નામ મારા જેવા થાશે...**

**પૂજ્ય બહેનશ્રી : મનુષ્યભવ તારો મારા જેવો કાંકરા જેવો છે.**

પંડિતજી : **કાંકરા મનખો, મનખાના કાંકરા થઈ જશે જો ધર્મ નહીં કરે તો. મનખા કર્યા મુજ સમા હીરા ધર્મથી લે. એ બહુ ગમ્યું કાંકરા મારે મનખા કર્યા મૂજ સમા, હીરા ધર્મથી લેય.**

**શ્રોતા :** જ્ઞાનીનું અંતર જોવાનું કીધું ને આ અંતર એમનું અભેદ.

**પૂજ્ય બહેનશ્રી : બધે ઠેકાણે, એની બધે પરિણતિ જુદી જ પડતી હોય છે. ક્યાંય એકત્વબુદ્ધિ થાય નહીં. આ તો પણ કાંકરાનું એણે નાની ઉંમરમાં કીધેલું છે પછી ભેદજ્ઞાનની ધારા તો પછી થઈ, આ તો વૈરાગી પરિણતિ નાનપણથી હતી ને ત્યારે કીધેલું.**

**પંડિતજી :** હજી શતાવધાન કરતા હતા એ અરસામાં.

**પૂજ્ય બહેનશ્રી : એ અરસામાં એમ અને. પછી ભેદજ્ઞાનની સંધિ બધું પછી (પછી થયું ભેદજ્ઞાન) સમ્યગ્દર્શન ને સ્વાનુભૂતિ પછી થઈ**

**પંડિતજી :** આ તો ધગશના કાળમાં છે, એ વખતે ભાવ દયાના, દ્રવ્ય દયાને નિશ્ચય દયા ને કંઈક લખ્યું છે.

**પૂજ્ય બહેનશ્રી : આ 'બહુ પુણ્ય કેરા પુંજથી' એ પહેલાં કરેલું છે. (ઈ પહેલું છે) ઈ પહેલું છે. સમ્યગ્દર્શન પહેલાં કરેલું છે.**

**પંડિતજી! :** સમ્યગ્દર્શન પહેલાં સોળ-સત્તર વર્ષે.

**પૂજ્ય બહેનશ્રી : 'હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?' એ પહેલાં કરેલું.**

**પંડિતજી :** એ બધું પહેલા ૧૭ વર્ષે. આખી 'મોક્ષમાળા' ત્રણ દિવસમાં લખી. ત્રણ દિવસમાં. નકલેય ન કરી. કેટલા ગંભીર પાત્ર!

**શ્રોતા : હાં 'આત્મસિદ્ધિ' દોઢ કલાકમાં.**

પંડિતજી : **હાં 'આત્મસિદ્ધિ' દોઢ કલાક, અંબાલાલભાઈ ફાનસ ઝાલીને ઊભા રહી ગયા. ને આમની કલમ ચાલી તે ચાલી.**

**પૂજ્ય બહેનશ્રી : સમ્યગ્દર્શન થયા પછી 'હરિ હરિ' એવી જાતનું બધું લખે છે. અમારી અંતરદશા કોણ જાણે છે એવું બધું કંઈક લખે છે.**

**પંડિતજી :** એ વખતે એવું પોકારે છે, જેને લાગી છે તેને જ લાગી છે, એવું લખ્યું છે.

**પૂજ્ય બહેનશ્રી : એને લાગી છે એવું લખે છે.**

**પંડિતજી : એ વિરહ વેદના કોણ જાણે? નથી ખાવું ગમતું, નથી પીવું ગમતું, નથી બેસવું ગમતું, નથી ઊભા રહેવું ગમતું નથી. સુવું ગમતું. એય સમકિત પહેલાં.**

**પૂજ્ય બહેનશ્રી : એ પહેલાં છે.**

**પંડિતજી : પછી તો કહે મહાવીરે મારો માર્ગ પ્રવર્તાવ્યો,**

**પૂજ્ય બહેનશ્રી : પણ પછી અંતરનું કાંઈક લખ્યું 'હરિ હરિ' અંતર પોકારે છે એવું બધું લખ્યું છે. હરિ આત્માના અર્થમાં 'હરિ હરિ' કરે છે. એ જાતનું આત્માને બદલે હરિ હરિ એવું ..... (3-116-1)**

**પંડિતજી :** 'હાંરે કોઈ માધવ લ્યો કોઈ માધવ લ્યો,' એ ........ વનમાંથી હાંકી કાઢે ને કોયલ જેમ ગામમાં આવીને પરાણે રહે એવી અમારી સ્થિતિ છે 'વનની મારી કોયલ વનના અમે વાસી અહીં નગરમાં,' અહીં સંસારમાં આવી પડ્યા છીએ, વનની મારી કોયલ

**પૂજ્ય બહેનશ્રી : એવો અર્થ હોય, અમે એકલા આત્મામાં રહેનારા એમાં ગૃહસ્થાશ્રમમાં રહેવું પડે છે., ગૃહસ્થાશ્રમમાં ક્યાં આવી પડ્યા એમ. આત્મા તો એકલો બધા વિભાવ વગરનો એકલો અને એવી સાધના કરવા માટે જંગલમાં રહેનારા અમે આ ગૃહસ્થાશ્રમમાં આવી પડ્યા.**

**પંડિતજી : કંઈક પરિત સંસાર ક્ષય થવાનો છે એના સોમા ભાગનું પણ આ કાજળની કોટડીમાં રહીને થવાનો નથી.**

**પૂજ્ય બહેનશ્રી : એટલો બધો વૈરાગ્ય અંદર છૂટવાનો આવે છે. ભેદજ્ઞાનની ધારા, જ્ઞાતા, કર્તા, સ્વાનુભૂતિ એ બધામાં આવે. આમ ભાષામાં 'હરિ' એવા બધા શબ્દ આવે છે. ગુરુદેવ 'ભગવાન આત્મા', 'ભગવાન આત્મા' એમ કહે છે. અંતરમાં ભેદજ્ઞાનની પરિણતિ પ્રગટ કરવી ને જુદો ન્યારો રહે છે, એ જુદું રહેતાં રહેતાં સ્વાનુભૂતિ પ્રગટ થઈ જાય છે. એને અંદર વળી એ બનારસીદાસમાં વળી બધું જુદી ભાષામાં એનું આવે છે. આમ 'સમયસારમાં' એનું કવિત્વ જુદી જાતનું છે. 'સતતમ્ અનુભવમ્ અનંત ચૈતન્યમય' (ન ખલુ ન ખલું એ અર્થમાં છે.) એ જાતનું. સતત આત્મા જેને અનુભવ્યો છે એ સિવાય બીજો મોક્ષનો માર્ગ નથી નથી નથી. બધા ક્રિયામાં પડેલા ને ક્રિયાથી છોડવા માટે તો અંતરમાં જા અંતરદૃષ્ટિ કર, દ્રવ્ય ઉપર દૃષ્ટિ કર. અંતરમાં માર્ગ છે બાહ્યદૃષ્ટિ તોડ. અંતરમાં સ્વાનુભૂતિ થાય છે એ બધાને યુક્તિથી, દલીલથી બધાને ખૂબ દૃઢ કરાવ્યું. અંતરમાં સ્વાનુભૂતિ થાય છે. અંતરમાં આનંદ પ્રગટે છે. (3-116-2)**

**શ્રોતા :** આપણા મહાભાગ્ય સંસ્કારી જીવો. ગુરુદેવને આપણે માતાજી સાથે, પંડિતજી સાથે બધાનો મહાન ઉપકાર છે.

**પૂજ્ય બહેનશ્રી : પ્રતાપ તો બધો ગુરુદેવનો છે.**

**શ્રોતા :** ગુરુદેવના પ્રતાપથી છે.

શ્રોતા-૨ : બતાવવું પડે કે અહીંયા શું છે ?

**પૂજ્ય બહેનશ્રી : કેટલાક સ્થૂળદૃષ્ટિએ જોતાં હોય એટલે એવું જ લાગે કે આ બધામાં શું બધાના અભિપ્રાયો છે તો પરિચય થાય ને ત્યારે ખબર પડે. પણ એ બધું બહાર જોવા કરતાં અંતર જોવું એમ. શ્રીમદે લખ્યું છે ને બહારથી જોવા કરતાં અંતરમાં જાવું. માણસો એટલા તૈયાર થઈ ગયા છે અત્યારે. ગુરુદેવને પ્રતાપે બધા ચારેકોર અંતરનું દૃષ્ટિ બતાવે છે. કુંદકુંદાદિ આચાર્યો એ.**

**પંડિતજી :** હે કુંદકુંદાદિ આચાર્યો! 'તમારા વચનો પણ સ્વરૂપાનુસંધાનને વિષે આ પામરને ઉપકારભૂત થયા છે.'(શ્રીમદ્ રાજચંદ્ર) સમકિત એ સ્વાનુભૂતિ સમકિત 'વૃત્તિ વહે નિજભાવમાં પરમાર્થે સમકિત' ક્યાં હતું? ક્યાં જૈનમાં હતું જ ક્યાં? અનંતકાળમાંથી જે જ્ઞાન ભવહેતુ થતું હતું તેને સમયમાત્રમાં જાત્યાંતર કરી ભવનિવૃત્તિરૂપ કર્યું હે કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શન! સમ્યગ્દર્શનનું આવું માહાત્મ્ય કોણ સમજાવશે ? જૈનમાં અનુભૂતિ હોય જ નહીં...... મને કીધું હતું કીધું અનુભૂતિ મહારાજ શું ? મહારાજે સંભળાવ્યું હોય તો પૂછીએ અમે મહારાજ અનુભૂતિ શું ? સ્વાનુભૂતિ જેવી જૈનમાં કોઈ ચીજ નથી.

**પૂજ્ય બહેનશ્રી : એમણે એટલે વિચાર કરીને અંદર નક્કી કર્યું.**

**શ્રોતા :** ગુરુદેવના બાપે ગુરુદેવને પૂછ્યું હતું બોટાદમાં ચોમાસામાં....

**પૂજ્ય બહેનશ્રી : અનાદિકાળથી જીવને એક સમ્યગ્દર્શન નથી થયું જિનેન્દ્રદેવ નથી મળ્યા. જિનેન્દ્રદેવ તો મળ્યા છે પણ પોતે ઓળખ્યા નથી. જિનેન્દ્રદેવ નથી મળ્યા ને સમ્યગ્દર્શન નથી થયું એ બેય પદવી અપૂર્વ છે એ બેય વાના અપૂર્વ છે. (પંડિતજી : સમ્યગ્દર્શન ને જિનવરસ્વામી .....) બેય નથી મળ્યા. સમ્યગ્દર્શનનું કામ નિમિત્ત થાય ઉપાદાન પોતાનું એ ભગવાન નથી મળ્યા ને સમ્યગ્દર્શન નથી એમ. દેવ ને ગુરુ બેય સમ્યગ્દર્શનનું નિમિત્ત છે. એ પોતે ઉપાદાન પોતાનું તૈયાર નથી થયું એટલે નિમિત્ત મળ્યું જ નથી એમ. મળ્યા તો નથી મળ્યા જેવું છે. પોતે સ્વીકાર્યા નહીં દેવ, ગુરુને. એ અંતરમાં પોતે તૈયાર થયો નથી. અંદર આત્માની મહિમા ન આવી, ભગવાનની કે દેવ, ગુરુ કોઈની આવી નથી. એ અનાદિકાળથી રખડ્યો છે.**

**શાસ્ત્રમાં આવે છે કે ભગવાન નથી મળ્યા. ભગવાન મળ્યા છે પણ પોતે ઓળખ્યા નથી અને સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું નથી. આત્મા ઓળખ્યો નથી, આત્મા**

અનુપમ છે જગતમાં સર્વોત્કૃષ્ટ વસ્તુ છે એની મહિમા લાગે તો રસ તૂટે, એ મહિમા નથી લાગતી, એને ઓળખવા માટે પ્રયત્ન કરવો 'હું કોણ છું મારો શું સ્વભાવ છે?' તત્ત્વનો વિચાર કરવો. ગુરુદેવે ઘણું બતાવ્યું, છે ગુરુદેવની વાણી અપૂર્વ હતી. એમની વાણીમાં એકલો આત્મા જ બતાવી રહ્યા હતા, કે આત્મા કેવો અપૂર્વ છે? અપૂર્વ આત્માની જો રુચિ લાગે તો આ રસ ઉતરી જાય એક તરફની રુચિ લાગે ચૈતન્યનું અસ્તિત્વ કોઈ જુદું જ છે. એ રસ જો લાગે તો આ રસ મોળો પડી જાય. તો એ રસ જ નથી લાગ્યો ચૈતન્ય તરફનો. માટે આત્મા તરફની મહિમા લગાડવા જેવી છે. એ ચિંતવન, એ મનન એ બધુંય. દેવ, ગુરુ, શાસ્ત્ર હૃદયમાં રાખીને જ્ઞાયક આત્મા હું જાણનારો છું આ બધું મારાથી જુદું છે આ વિભાવ એ આત્માનો સ્વભાવ નથી બધું આત્માથી જુદું છું અને આ પુદ્‌ગલના દ્રવ્ય, ગુણ, પર્યાય જુદા છે ને મારા જુદા છે, એવી જાતનું અંદરથી દૃઢ નિશ્ચય, દૃઢ પ્રતીતિ, રુચિ એ તરફની હોય તો રસ તૂટી જાય છે ખરું એ કરવા જેવું છે. એ જ ખરું શરણ છે આત્મા જ અનુપમ છે, એની સ્વાનુભૂતિ, એનું ભેદજ્ઞાન એ બધું કરવા જેવું છે. (3-116-3)

**શ્રોતા :** તો દ્રવ્યદૃષ્ટિ કરવા એ બધું ખ્યાલ ન આવે પણ હજી આમ અંદરમાં જવાતું નથી એટલે રુચિનો અભાવ?

**પૂજ્ય બહેનશ્રી :** પોતાના પુરુષાર્થની ખામી છે અનુમાનમાં પહેલા તો પોતાને દેખાતું ન હોય તો અનુમાનજ્ઞાનથી યુક્તિથી જ નક્કી કરવાનું હોય છે. એ પણ એ યુક્તિ એવી યથાર્થ હોય પોતાનો વિચાર યથાર્થ સ્વભાવ ઓળખીને જ નક્કી કરે. ઉપર ઉપરથી નહીં. પોતાનો સ્વભાવ ઓળખીને નક્કી કરે. એ પોતાના પુરુષાર્થની ખામી છે. અંદર નહીં જવાનું કારણ પુરુષાર્થની ખામી છે. બીજું કોઈ કારણ નથી. કોઈ કર્મ એને રોકતું નથી. પોતાનો પુરુષાર્થ મંદ છે. પ્રમાદને લઈને પોતે અંદર જાતો નથી. રુચિ ઓછી છે ને પ્રમાદ છે પોતાનો. અનાદિકાળનો અભ્યાસ છે એને તોડવું મુશ્કેલ પડે છે. પોતાના પુરુષાર્થની ખામી છે. પોતાનો એટલો સ્વભાવ તરફનો એટલો અભ્યાસ ને એટલું રટણ ને એટલું જો થઈ જાય તો છૂટી જાય. છે પોતાનો પુરુષાર્થ મંદ છે.

**શ્રોતા :** વચ્ચે શું ફેર છે?

**પૂજ્ય બહેનશ્રી : શેના વચ્ચે?**

**શ્રોતા :** ઉર્જા ને આત્મા વચ્ચે.

**પૂજ્ય બહેનશ્રી :** ઉર્જા એટલે? ...... અને આત્મા તત્ત્વ અંદર જુદું છે બેય તત્ત્વ જુદાં છે, એ તો સ્વતઃસિદ્ધ તત્ત્વ છે. ચૈતન્ય આત્મા એક સ્વતઃસિદ્ધ છે કે જે

અંતર પોતે જ્ઞાનથી ઓળખાય છે. આ લોહીનું પરિભ્રમણ એ તો પુદ્ગલનું વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળું સ્વરૂપ. શરીર અત્યંત જુદું એને ને આત્માને કાંઈ મેળ નથી. એ તો જડ છે, 'જડ તે જડ ત્રણ કાળમાં, ચેતન ચેતનરૂપ.' જડ તે જડ જ છે. એમાં જાણવાની શક્તિ બિલકુલ નથી. જડમાંથી જડ જ થાય. જડમાંથી ચેતન કોઈ દિવસ થાય જ નહીં. ચેતન પોતે સ્વતંત્ર સ્વતઃસિદ્ધ છે. આત્મા અનાદિ અનંત છે એને કોઈએ બનાવ્યો નથી. એ તો સ્વતઃ અનંત શક્તિથી ભરેલો. એમાં જ્ઞાન, આનંદાદિ અગાધ જ્ઞાન ભરેલું, અગાઢ આનંદ ને અગાઢ અનંતગુણો ભરેલા કોઈથી બનાવેલું એ તત્ત્વ નથી. એ તત્ત્વ સ્વતઃસિદ્ધ છે, અનાદિનું છે એ. અને જેવા ભાવ કરે છે એવી જાતનું એને શરીર મળે છે. એ શરીર સ્વતંત્ર ને આત્મા સ્વતંત્ર. બેય અત્યંત જુદી વસ્તુ છે. એને કાંઈ મેળ નથી. એક જન્મ-મરણ કરતાં કરતાં જીવ અનેક જાતના ભવ ધારણ કરે છે. એ પોતાના ભાવને લઈને સ્વતંત્ર થાય છે. એ કોઈ એનો કર્તા નથી.(3-116-4)

**શ્રોતા :** આ પ્રશ્ન એટલા માટે આપને પૂછ્યો છે કે કેટલાય આપણી વચ્ચે જ્ઞાનીઓ બેઠા છે. આ પ્રશ્નનો સરળ ને .....

**પૂજ્ય બહેનશ્રી :** દેવોના સાગરોપમના આયુષ્ય પણ પૂરા થઈ જાય છે. જો એમ બન્યું હોત તો પહેલાના જે મહા જે બુદ્ધિશાળીઓ ને મહાપુણ્યશાળીઓ એ બધા હતા એ બધા રોકાઈ જાત ને એ બધાય આ બધાના દેહ જે જન્મ-મરણ એ ચાલ્યા જ કરે છે. આત્મા શાશ્વત છે, બાકી દેહ તો જે છૂટવાનો હોય એ છૂટે જ છે. કોઈ એને કરી શકતું નથી. એ તો પુણ્યનો ઉદય હોય ને આયુષ્ય હોય એટલે રહી જાય છે મગજ સારું કર્યું, એનું હૃદય સારું કર્યું કહે છે. તો અનાર્ય દેશમાં એ લોકોની દૃષ્ટિ અનાર્ય. બધું એનું હૃદય અનાર્ય એ શું એમાં કરી શકે? એ તો જડની જડની. ગમે એટલી કળા કરો તોય જડની જ કળા છે.

આત્માની કળા આગળના જે મહાપુરુષો આત્માનું ધ્યાન કરીને આત્મામાંથી જે સિદ્ધિ ને આત્મામાંથી જે પ્રગટ કરતાં હતા અને એ આત્મામાંથી જે જાણતા હતા એ બધું યથાર્થ હતું કે જે અંતરની જે અંતરની શુદ્ધિને નિર્મળતામાંથી જે જણાતું હતું એ સાચું. અનાર્યદૃષ્ટિ ને અનાર્યના અખતરા એમાં શું સાચું પણ હોય? એ તો કૃત્રિમ દેખાય કે કાંઈ સાચું છે દૃષ્ટિ, એની દૃષ્ટિની ભૂલ છે. ક્યાંક ક્યાંક ઉપર જઈ આવે તો કાંઈ હાથમાં આવતું નથી. ધૂળને રાખ લઈ આવે છે. ત્યારે અંતર આત્માની સાધના કરનાર જ્ઞાનની નિર્મળતામાં કાંઈક કાંઈક એને જણાય છે જ્ઞાનની નિર્મળતામાં જે જણાય એ સાચી વાત છે. આગળના જે મહાપુરુષો થઈ ગયા. આત્માનું ધ્યાન કરી કરીને જેણે જાણ્યું એ વાત સાચી છે.

બાકી અનાર્યતામાં જે જણાય એ કાંઈ સાચું થવાનું નથી તો તો જન્મ-મરણ પહેલાંના મહાઋષિઓ મહામુનિઓ થઈ ગયા એ બધાને રોકી ન દેત કે જેના હૃદયો એકદમ પવિત્ર ને નિર્મળ હતા. એ બધાને જીવાડી ન દેત. આ અનાર્ય લોકો શું જીવાડી દેવાના હતા? તીર્થંકરો, ચક્રવર્તીઓ બધા કેટલાય થઈ ગયા, મહા મુનિઓ મહા ઋષિઓ થઈ ગયા એ બધાને જીવાડી દે જેના હૃદયો એ પવિત્ર નિર્મળ હતા જેની ઋદ્ધિ ને લબ્ધિ પ્રગટ થઈ હતી એ બધાના ઋદ્ધિ ને લબ્ધિથી બધાને જીવાડી ન દેત આ તો જેના હૃદયમાં અનાર્યતાના સંસ્કાર પડેલા છે. જેમાં સજ્જનતા કે કોઈ દયાનો છાંટો નથી એવા માણસો શું કરી શકવાના હતા? ... .........

હું અત્યંત જુદો છું, હું જુદો છું બધાથી, શાશ્વત આત્મા છું. આ શરીર તે હું નથી એ તો પરદ્રવ્ય છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ સ્વતઃસિદ્ધ છે. અંદર સંકલ્પ-વિકલ્પની પર્યાયો થાય તે પણ હું નથી. એ મારો સ્વભાવ નથી હું એનાથી જુદો, ચૈતન્ય તત્ત્વ જેવો સિદ્ધ ભગવાન એવો આત્મા, શાશ્વતો છે એમાં અનંતા ગુણો ને અનંત અગાઢ શક્તિ ભરેલી છે. એને ઓળખવા માટેનું ભેદજ્ઞાન કરવા પ્રયત્ન કરવો. ગમે એવા સંયોગોમાં પણ હું જુદો છું, જુદો છું એવી ભાવના, એવી દૃષ્ટિ, પરિણતિ કરવી, વારંવાર ભેદજ્ઞાન કર્યા કરવું, વારંવાર કરી અને અનુભૂતિ થવાનો એ સમ્યક્દર્શન. ભેદજ્ઞાન થયું છે એ માર્ગે ચાલવું. જે દેવ, ગુરુ, શાસ્ત્ર જે આત્માનો માર્ગ બતાવી રહ્યા છે એ યથાર્થ છે.

એ પોતે અંદર વિચારીને સ્વભાવમાંથી આત્માને ઓળખી લેવો. ભેદજ્ઞાન એનો ઉપાય છે. ચૈતન્યતત્ત્વને ઓળખવાનો. એ ભેદજ્ઞાન કરીને અનંતા જીવો મોક્ષ ગયા અને આ આત્માને અનુભૂતિ પ્રગટ થવી એ જ માર્ગ સાચો છે. આ જડને ગમે એટલું સાફ કર્યા કરીએ તોય કાંઈ જડમાંથી ચૈતન્ય આવવાનું નથી. ચૈતન્યમાંથી જ ચૈતન્ય આવવાનું છે. ચૈતન્ય ઉપર દૃષ્ટિ કરવાથી વારંવાર એનો અભ્યાસ કરવાથી એમાંથી જ પ્રગટ થવાનું છે. છાશને વલોવવાથી એમાંથી જે માખણ નીકળે એ માખણ છે, ઉપર તરે છે એમ ભેદજ્ઞાન કરીને એને છૂટું પાડી આત્માનો વારંવાર એનું મંથન કરીને વિચાર કરીને આત્માને છૂટો પાડવો ભેદજ્ઞાન કરવું એ કરવાની જરૂર છે. એ માખણ જેમ ઉપર તરે છે, એમ આત્માનું ભેદજ્ઞાન કરીને એને અનુભૂતિ કરવી એ કરવા જેવું છે. (3-116-5)

શ્રોતાઓ : ભગવતી માતનો જય હો....
માતાજીની અમૃતવાણીનો જય હો....

* * *

## પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી, ભાગ-૩

# તત્ત્વચર્ચા - ૧૧૭

**શ્રોતા :** માતાજી! સાચો ધન...

**પૂજ્ય બહેનશ્રી : સાચો ધર્મ! (ધન...ધન)**

**શ્રોતા :** સાચું ધન કહે છે સાચું ધન ક્યું?

**પૂજ્ય બહેનશ્રી : એ ધન એ આ પૈસા એ સાચું ધન નથી. ધન તો આત્મલક્ષ્મી જે આત્મામાં અનંતા ગુણો ભરેલા છે. આત્મામાં અનંત વૈભવ ભરેલો છે. જે વૈભવ કોઈ દિવસ ખૂટતો જ નથી. અનંતકાળ સુધી એનો ભોગવટો કરે, એ જ્ઞાન એક સમયની એક સમયની અંદર લોકાલોકને જાણી લ્યે, એવી એનામાં શક્તિ છે કે એક સમયની અંદર બીજાના દ્રવ્ય, ગુણ, પર્યાય અને પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાય એક સમયની અંદર જાણે એવો સ્વપરપ્રકાશક જ્ઞાન, એ જ્ઞાન ને આનંદ એને અનુપમ આનંદ જે જગતમાં કોઈ આનંદ સાથે જેનો મેળ નથી એવો અનુપમ આનંદ આત્મામાંથી પ્રગટ થાય અને એની પર્યાય એની અવસ્થાનો ભોગવટો કરતાં અનંતકાળ જાય તોય ખૂટતું નથી. કોઈ એને લઈ શકતું નથી. એ અનંતકાળ સુધી જે અગાધ ભરેલો રહે છે એવો આનંદ, એવું જ્ઞાન, એવા અનંત ગુણો છે અનંતગુણથી ગુણો અનંત વૈભવથી ભરેલો આત્મા એ સાચું ધન. એ ધન કોઈ દિવસ ખૂટતું નથી એ કોઈ લઈ શકતું નથી.**

**અને એમાં એ તૃપ્તિ એવો પામે છે કે એને બીજે ક્યાંય જાવાની ઇચ્છા થતી નથી. એને બહાર જાવાની ઇચ્છા થતી નથી. અંતરમાં જે ગયો એ ગયો એવી તૃપ્તિ પામે છે કે એમાંથી એને બહાર નીકળવું મુશ્કેલ પડે છે. મુનિઓ અંતરમાં જાય છે તો બહાર નીકળવું મુશ્કેલ પડે છે. એ બહાર આવતા જ નથી. બહાર આવ્યા કે અંતરમાં ચાલ્યા જાય છે એનું નામ સાચું ધન. આ ધન તો કાંઈ ખાઈ શકાતું નથી. ખાઈ શકાય તો આત્મા પેટમાં ક્યાંય ખાવું એ આત્માનો સ્વભાવ નથી એ ધન સાચું નથી. જે ધન પોતાની પાસે રહે જે પોતાને સુખરૂપ લાગે ઈ એનું નામ સાચું ધન છે. જે ધન આવીને ચાલ્યું જાય છે પુણ્યને આધારે છે એમાં પોતાનું ધાર્યું કાંઈ થતું નથી. પોતે ધારે તો એ કાંઈ એને રાખી શકતો નથી કે એને મેળવી શકતો નથી. પુણ્ય પ્રમાણે મળે અને પુણ્ય ન હોય તો વયું પણ જાય છે. (3-117-1)**

**શ્રોતા :** આપની આટલી સરસ વાત પછી મારો ખ્યાલ એ આવે છે કે માનવજીવન એ આત્મલક્ષી જ હોવું જોઈએ.

**પૂજ્ય બહેનશ્રી : આત્મલક્ષી જ હોવું જોઈએ. આત્માનું જ કરવું જીવનની અંદર 'હું ચૈતન્ય આત્મા જુદો છું, શાશ્વત છું,' એ દૃષ્ટિ એ ધ્યેય અને હૃદયમાં દેવ, ગુરુ, શાસ્ત્ર જેણે સાધના કરી જિનેન્દ્રદેવ પૂર્ણ કરી ગુરુ જે સાધના કરી રહ્યા છે અને શાસ્ત્રમાં જે આવે છે એને વિકલ્પની અંદર એને હૃદયમાં રાખવા અને અંદર ધ્યેય આત્માનું રાખવું કે હું જુદો છું. એ જીવન તે જીવન છે. બાકી જીવન તો સંસારમાં મનુષ્યજીવન તો એમને એમ ચાલ્યું જાય છે એવું તો અનંતકાળમાં કર્યું એ કાંઈ નવું નથી. બધા જીવો ખાય છે, પીવે છે, બધું કરે છે, કોઈને ધન ઓછું ને કોઈને વધારે, કોઈને બહારનું વધારે કે કોઈકને ઓછું, એ કાંઈ વિશેષતા નથી. વિશેષ અંતરમાં રાખવા દેવ-ગુરુ-શાસ્ત્ર અંતરમાં જ્ઞાયક જાણનારો આત્મા રાખવો, જે આત્મા ભરપૂર ભરેલો છે, એ રાખવો એ જીવનનું કર્તવ્ય હોવું જોઈએ.**

**પોતે પોતાને અનુભવવું એ પોતાની વાનગી છે. પરમાં પોતાનું માનવું એટલે પોતે બીજાને જાણી શકે. પરને પોતાના માનવું એ નહીં. પોતાને પોતામાં માનવું એ પોતાના સ્વભાવ છે અને એ પોતાની સ્વાનુભૂતિ છે. પોતાને પોતામાં. પરને પરરૂપે જાણવું ને પરને પોતાનું જ્ઞાન કરવું. સ્વપરપ્રકાશકજ્ઞાન એ પોતાનું છે. પોતે પોતાને જાણે ને પરને જાણે. પરમાં પોતાનું માનવું? એ શબ્દ આવ્યોને! એટલે મેં કીધું જાણવું એ પોતાની વાનગી છે. પર પર જુદો છે. જાણવું એ પોતાનું છે. પોતે પોતાને જાણવું પોતે પરને જાણવું એ જ્ઞાન પોતાનું છે સ્વપરપ્રકાશક એ પોતાની વાનગી. પર પોતાનું નથી. પર જુદો ને પોતે જુદો છે.**

**પોતે પોતાનું જે સ્વરૂપ પોતાને એમાં સ્વપરપ્રકાશ જ્ઞાન આવી ગયું, આનંદ આવી ગયો બધું આવી ગયું. અજ્ઞાનીને એકત્વબુદ્ધિ છે એ પરને જાણે તો જ્ઞેય ને જ્ઞાયક એને જુદું નથી પડતું. આ જ્ઞેય જુદો એમ જ્ઞાની જે જાણે છે પોતાને સ્વપૂર્વક પર, જ્ઞાયકને પોતાને દૃષ્ટિ છે. જ્ઞાયકરૂપે પરિણતિ છે તે રૂપે અને પરને જાણે છે એટલે એને સ્વપરપ્રકાશક જ્ઞાન. જ્ઞેય જ્ઞાન જુદા પડે છે કે આ જ્ઞેય ને હું તો જાણનારો છું આ જ્ઞેય તે હું, મારાથી અત્યંત જુદું અને હું તો જ્ઞાયક છું એમ એને ભેદજ્ઞાન છે તો (અજ્ઞાનીને) એને જ્ઞેય-જ્ઞાયકનું ભેદજ્ઞાન નથી એને જાણવું બસ.**

**પર તરફ જ ઉપયોગ છે પોતે કોણ છે ખબર નથી. ઉપયોગ જ પર તરફ છે. પરને જાણવાથી મારી અસ્તિ જ છે જાણે જે પરને જાણે ઈ હું પરને જાણનારો હું. એવી જાતનો એની દૃષ્ટિ વિપરીત છે. પોતાનું અસ્તિત્વ એને ગ્રહણ કર્યું નથી. બીજાના**

**અસ્તિત્વથી જાણે મારું અસ્તિત્વ હોય એવી એને બુદ્ધિ છે. આમ પ્રગટપણે નહીં. પણ એની એકત્વબુદ્ધિ એવી જાતની છે. એ જ્ઞાનીને એમ છે કે મારું અસ્તિત્વ સ્વયં મારાથી છે. પરથી મારું અસ્તિત્વ નથી. હું પોતે સ્વયં જ્ઞાયકની અસ્તિ ધરાવનારો હું છું અને એ મારો જ્ઞાન સ્વભાવ છે એમાં આ જ્ઞેય જણાય છે. ઉપયોગ, છદ્મસ્થ છે એટલે ઉપયોગ બહાર જાય એટલે જણાય, પણ પોતે પોતાને જાણતો પરને જાણે છે. ઉપયોગ, દૃષ્ટિ, પરિણતિ પોતા તરફ છે અને પરને જાણે એટલે એને ભેદજ્ઞાન વર્તે છે.**(3-117-2)

**શ્રોતા :** એટલે એક સાથે બે જુદાં જુદાં જ્ઞાન વર્તે છે, એક સ્વને જાણતું અને પરને જાણતું.

**પૂજ્ય બહેનશ્રી : એ જ્ઞાયકરૂપી પરિણતિ છે સ્વ તરફ આ ઉપયોગ, જ્ઞાનીનો ઉપયોગ એક વખત એક તરફ હોય પણ પરિણતિ જ્ઞાયકની છે. પોતે પોતાને જાણવાનો પરિણમનપૂર્વક, પરને જાણે એટલે 'પર જુદું અને હું જુદો', એવી ભેદજ્ઞાનની પરિણતિ એને સહજપણે વર્ત્યા કરે છે. એમાં ઉપયોગ બહાર જાય તો જ્ઞેય જણાય જાય છે પણ જ્ઞેયરૂપે પોતે થાતો નથી. એનાથી જુદો રહે છે.**

**શ્રોતા :** સમકિતની પ્રાપ્તિ માટે કેવી રીતે? શું કરવું?

**પૂજ્ય બહેનશ્રી : સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે પોતે એ તરફ, હું આત્મા કોણ છું, મારો શું સ્વભાવ છે? હું કંઈ મારો દ્રવ્ય, ગુણ, પર્યાય કેવી જાતના? આ પર છે શરીર જુદું છે, શરીરના દ્રવ્ય, ગુણ, પર્યાય જુદા, એમાં હું જુદો, અંદર સંકલ્પ-વિકલ્પ થાય, એ પણ મારું સ્વરૂપ નથી. એનાથી પણ હું જુદો. શુભાશુભ બેય ભાવથી મારું સ્વરૂપ જુદું છે. શુભભાવ આવે ખરા, પણ એ શુભભાવ પણ મારું સ્વરૂપ નથી. આકુળતારૂપ છે. ક્ષણે ક્ષણે પલટનારો એ ક્ષણપૂરતો હું ક્ષણિક નથી, પણ નિત્ય શાશ્વતો છું એવી જાતની એને અંતરથી યથાર્થ જ્ઞાન થાય, યથાર્થ જ્ઞાન કરીને પોતે પોતાને ગ્રહણ કરે કે હું તો જ્ઞાયક જ છું એવી જ્ઞાયકની અંતરમાંથી ભેદજ્ઞાનની પરિણતિ પ્રગટ કરી અને વિકલ્પ તૂટે, સ્વાનુભૂતિ થાય, તો સમ્યગ્દર્શન થાય. પણ એને માટે પોતે બહુ જ તૈયારી, એને માટે હોય તો ભેદજ્ઞાન થાય, તો એને પોતાની ઓળખાણ થાય.**

**રુચિ જે બહારમાં ચાલી ગઈ છે, એ રુચિ જો અંતરમાં આવે કે બસ એક આત્માનું જ, આત્મામાં જ સર્વસ્વ છે. સર્વસ્વ આત્મા જ છે. આ બધું બહાર છે એમાં કાંઈ સુખનું સુખરૂપ નથી. સુખનું ધામ નથી. એનાથી હું જુદો, મારું સ્વરૂપ જુદું, એ અંતરમાં જ શાંતિ અને સુખનું ધામ આત્મા જ છે એ તરફ જો એની એટલી લગની લાગે તો સમ્યગ્દર્શન થાય. અને ગુરુએ જે કીધું દેવ, ગુરુ શું કહી રહ્યા છે? અને કેવી**

રીતે માર્ગ ભેદજ્ઞાનનો બતાવ્યો છે, એનો પોતે વિચાર કરે, ચિંતવન કરે અને પોતા તરફ વળવાનો પ્રયત્ન કરે. (શ્રોતા : બધું આવી ગયું આમાં.) એ છે મૂળ ઉપાય જ ભેદજ્ઞાન, અંદરથી વિકલ્પ તૂટીને સ્વાનુભૂતિ કરે એ જ માર્ગ છે મુક્તિનો માર્ગ છે.

(3-117-3)

**શ્રોતા :** વિકલ્પ ઓછા થાય તો થાય

**પૂજ્ય બહેનશ્રી : વિકલ્પ સાથેની એકત્વબુદ્ધિ પોતાની છે, એનાથી જુદું પડવું એ જ ખરું છે. પછી અલ્પ અસ્થિરતા તો રહે કરે છે પણ પહેલાં તો એનું ભેદજ્ઞાન થાય.**

**શ્રોતા :** વિકલ્પ હેરાન નથી કરતાં વિકલ્પ સાથેની એકતા હેરાન કરે છે.

**પૂજ્ય બહેનશ્રી : વિકલ્પ સાથેની એકત્વબુદ્ધિ તોડવા જેવી છે. હું એનાથી જુદો છું. આ વિકલ્પ મારું સ્વરૂપ નથી. વિકલ્પથી જુદો આત્મા છે, એવી જો દૃષ્ટિ થાય તો વિકલ્પની તન્મયતા છૂટે તો વિકલ્પ એની મેળાએ ઓછા થાય. પોતાનું સ્વરૂપ 'હું નિર્વિકલ્પ તત્ત્વ છું' એવી જો શ્રદ્ધા થાય એવી પરિણતિ થાય તો વિકલ્પ એની મેળાએ ઓછા થાય. એનો રસ તૂટી જાય, એકત્વબુદ્ધિ તૂટી જાય એમ એ સહેજે ઓછા થાય.**

**શ્રોતા :** આમ જે વસ્તુ અંતર સન્મુખ આખું વલણ આખું થઈ જાય એવું એક ધારા એકધારા બનતું નથી. હવે એવું ક્ષણિક લાગે વળી પાછું કોણ જાણે બહાર ચાલ્યું જાય છે.

**પૂજ્ય બહેનશ્રી : અભ્યાસ અનાદિનો થઈ ગયો છે ને! એટલે આ..આ મુશ્કેલ થઈ પડ્યું છે. ઓલું તો સહજ છે, છે તો પોતાનો સ્વભાવ એ સહજ છે અને ઓલું તો વિભાવ છે પણ અનાદિનો એની એવી ટેવ, અભ્યાસ થઈ ગયો છે કે એ સહેજે થઈ જાય છે અને ઓલું તો પ્રયત્ન કરે ત્યારે માંડ થાય છે. પણ એનો અભ્યાસ એમ ને એમ, એમને એમ જો ચાલું જ રાખે તો સહજ થાય. એનો અભ્યાસ, પ્રયત્ન કરી કરીને શરૂઆતમાં એને પ્રયત્ન કરીને એનો અભ્યાસ ચાલુ રાખે તો એ દૃઢ થાય.(3-117-4)**

**શ્રોતા :** શરૂઆતમાં અભ્યાસ એટલે કેવી રીતે? ........

**પૂજ્ય બહેનશ્રી : હું જુદો છું, એનાથી જુદો છું, એવો અભ્યાસ ચાલુ રાખે, પોતાને સ્વભાવ ગ્રહણ કરીને એવો અભ્યાસ તો ચાલુ રાખે તો પછી એને સહજ થાવાનો અવકાશ રહે સહજ થાય તો. આત્મા તો સહજ સ્વભાવ એને જ્ઞાન, દર્શન, ચારિત્ર બધું સહજ છે. પણ એ તરફ જે પ્રયત્ન નથી વળતો એ એને મુશ્કેલી પડે છે જે શરૂઆતમાં એને બહુ પ્રયત્ન કરી કરીને એને પોતા તરફ વળવું પડે છે. પછી તો એનો સ્વભાવ સહજ છે એટલે પછી તો પોતા તરફ સહેજે પરિણતિ એની આવે છે**

**પણ પહેલાં એને પ્રયત્ન કરી કરીને પોતા તરફ વાળવો જોઈએ. અનાદિનો અભ્યાસ છે એટલે હું જુદો છું જુદો છું એને ક્ષણે ક્ષણે ક્ષણે વારંવાર પ્રયત્ન કરે ત્યારે થાય છે.**

**શ્રોતા :** એને બાહ્ય પ્રવૃત્તિ રુકાવટ કરે, કોઈ વખતે કાંઈક પ્રવૃત્તિમાં રુકાવટ દેખાય..

**પૂજ્ય બહેનશ્રી : એ પ્રવૃત્તિમાં રોકાય જ નહીં. પ્રવૃત્તિ હોય તો હું એનાથી જુદો જ્ઞાયક છું, જ્ઞાયક છું એમ વારંવાર એને વારંવાર એને સ્મરણ કર્યા કરે, એનો પ્રયત્ન કર્યા કરે. ફક્ત એ તરફ વળવું પડે છે. પછી સહજ થાય. પછી તો સહજધારા જ્ઞાતાની ચાલે તો જ્ઞાયક જુદો, વિભાવ જુદા, વિકલ્પ જુદા બધી ક્રિયાઓ જુદી એ બધું મન, વચન, કાયાની પ્રવૃત્તિ બધું જુદું થઈ જાય છે. એને સહજ રહે છે. વિકલ્પથી, બધાથી, પરથી સહજ જ્ઞાયક રહે પણ પહેલાં એને જુદો પાડવા માટે વારંવાર પ્રયત્ન કરવો પડે છે. ત્યારે છૂટો પડે તેમ ન થાય તો એણે અભ્યાસ કરવો પડે છે.**

**શ્રોતા :** અભ્યાસ છોડીને બીજા માર્ગે નહીં જાવું જોઈએ.

**પૂજ્ય બહેનશ્રી : બીજે નહીં જતાં 'હું જુદો, જ્ઞાયક છું' એમ. 'આ મારું સ્વરૂપ નથી, ને આ મારું સ્વરૂપ છે' બસ એ. એને જ્ઞાયકમાં બસ એમાં શાંતિ લાગે, એમાં રુચિ લાગે, એમાં સુખ લાગે બધું એ તરફ લાગે એને. (3-117-5)**

**શ્રોતા :** જ્ઞાની પાસે જઈને તું જ્ઞાનની માંગણી ના કરીશ,

**પંડિતજી : જ્ઞાન માંગે કરતા ભક્તિ જોઈએ જ્ઞાન કરતાં.**

**પૂજ્ય બહેનશ્રી : એટલે હું જાણવા, જાણી લઉં, જાણી લઉં એવો વિકલ્પ કરવા કરતાં તું ભક્તિ એટલે મહિમા કરજે એમ. કેમકે જે સત્પુરુષની એના દશાની એની મહિમા આવતા તને તારા આત્માની મહિમા આવવાનું એમાં તારી આત્માની દશા પ્રગટવાનો અવકાશ છે. ઓલું હું જાણી લઉં. જાણી લઉં, જ્ઞાનની માગણીથી, આનું શું આનું શું આનું શું એમ કરવા કરતા એની મહિમા કરજે કે તારી, તારી મહિમા ચૈતન્યની મહિમા જો આવે તો એના તરફ તારાથી વળાશે. બહાર જો દેવ, ગુરુ, શાસ્ત્ર એની મહિમા ને અંતરમાં આત્માની મહિમા આવવાનો પ્રકાર મહિમા આવ્યા વગર તું જાણીશ તોય તને જો જેને આત્માની દશા અને સાધના જેણે કરી છે એવા ગુરુ એની તને મહિમા નહીં આવે તો તારા આત્માની મહિમા તને ક્યાં આવવાનો અવકાશ છે અને આત્માની મહિમા નહીં આવે તો તારે તું જાણ્યો હશે તોય તને તારા આત્મા તરફ વળવાનો અવકાશ નથી. માટે જે જ્ઞાન હોય એ મહિમાપૂર્વક હોવું જોઈએ. મહિમા વગરનું જ્ઞાન તારી તરફ આવશે નહીં, સ્વભાવ તરફ.**

અરિહંત ભગવાનના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે, પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે છે ને! પોતાને જાણે અરિહંતને જાણે. અરિહંત ભગવાનના દ્રવ્ય, ગુણ, પર્યાય જાણે ક્યારે? ભગવાનની મહિમા આવે, ભગવાનના આત્માની દશાની મહિમા આવે એમ ગુરુની દશાની મહિમા આવે તો એ જે ગુરુને ઓળખે એ પોતાને ઓળખે છે. એટલે શ્રીમદ્જી એમ લખે છે કે તારા જ્ઞાન માગવા કરવા ભક્તિ માગજે, એટલી મહિમા કરજે તો તને તારા સ્વભાવની મહિમા આવશે તો તું તારા તરફ વળીશ. એક જ્ઞાન તો જે એને સ્વભાવ શું છે? વિભાવ શું છે એમાં એ તું જાણ, તારા તત્ત્વ વિચાર કરીને જાણજે પણ જાણી લઉં ને શીખી લઉં ને ભણી લઉં ને એવું બધું બહુ કરવાથી તો એમાંને એમાં રોકાઈ જાઈશ તો તારા તરફ વળવાનો અવકાશ નહીં રહે.

(3-117-6)

**શ્રોતા :** મહિમા આવતા સ્હેજેય...

**પૂજ્ય બહેનશ્રી :** મહિમા આવતા તારે સહેજેય વળી જાશે, તું વિભાવમાં ટકી નહીં શકાય તારાથી. તને જો સ્વભાવની મહિમા આવી, ગુરુની દશાની મહિમા આવી એટલે તને આત્માની સ્વભાવની મહિમા આવશે, તો તને વિભાવ આખો નહીં ટકી શકાય. તો તને... સ્વભાવ તરફ જાવાનો પ્રયત્ન થાશે. મહિમા વગર તારું જ્ઞાન પ્રયત્ન મહિમા વગર તારા તરફ આવશે જ નહીં. જો મહિમા નથી આવતી તો આ વિભાવની મહિમામાં તું ઊભો રહે, તો સ્વભાવ તરફ નહીં જઈ શકાય. એટલે મહિમાપૂર્વક જ્ઞાન હોવું જોઈએ. જ્ઞાન, ભક્તિ જે તત્ત્વ વિચારો હોય એ આત્માના મહિમાપૂર્વક હોવું જોઈએ અને એનાથી પાછો વળે એટલે કે સંવેગ વેગ પણ પોતા તરફ. એમ જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ બધું હોય તો તારા તરફ વળાશે.

રુચિ પણ તારા તરફની બધા વિભાવમાં એકત્વબુદ્ધિ હશે એમાં તન્મયતા હશે તોય નહીં વળી શકાય. માટે એનાથી તું નિરાળો થાજે એટલે કે તારી પરિણતિનો વેગ સ્વભાવ તરફ જાય એવો અંતરથી વિરક્તિ આવે એવી મહિમા આવે, એવા તત્ત્વના વિચારો આવે, પોતાને ઓળખીને વળજે એટલે જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ બધું સાથે સાથે હશે તો તારામાં વળાશે. પોતા તરફ વળે .... પોતા તરફ વળાવતો નથી તેમ મહિમા વગરેય વળાતું નથી. જ્ઞાન વગર ક્યાં જાશે? આ સ્વભાવ શું છે એમ જ્ઞાન વગર જઈ શકાતું નથી. મહિમા વગરેય એ જઈ શકાતું નથી. વિરક્તિ વગરેય એ જઈ શકાતું નથી. એને વિરક્તિને મહિમા, ભક્તિ બધું હશે તો વળાશે. એકલું જ્ઞાન તો લુખું થઈ જાશે. પોતે જોરથી કહેવાની એમની પદ્ધતિ અને એવા ભાવ એમના એવા હતા.

(3-117-7)

**શ્રોતા :** ભાવ જ ઉછળતાતા એટલે જોરથી બોલાઈ જાતું 'તું એમને. અનુકૂળ નથી. ઘરમાં મોટો સંસાર છે અમે કેમ કરી શકીએ કેમ? કારણ પોતે કાંઈ નથી એટલે તું તો હવે....

**પૂજ્ય બહેનશ્રી : બહારના સંયોગ કોઈને રોકતા નથી. પોતે એને રોકે, પોતાના રાગથી રોકાય છે. બહારના સંયોગ કોઈને નથી રોકતા, મોટા ચક્રવર્તી ને રાજાઓ પણ ગૃહસ્થાશ્રમમાં રહીને આત્માનું કરતા હતા. આત્માની સ્વાનુભૂતિ કરતા હતા, આત્માનું ભેદજ્ઞાન કરતા હતા. ભગવાનની વાણી સાંભળતા હતા, બધું કરતા હતા. ગૃહસ્થાશ્રમમાં મોટો વ્યવસાય હતો તો પણ કરતા હતા. પોતાનો રાગ પોતાને રોકતો હોય છે કોઈ રોકતું નથી. એવી પ્રવૃત્તિમાં પણ પોતે વિચારી શકે છે, વાંચી શકે છે, બધું કરી શકે છે. કોઈ રોકતું નથી. એમાં અમુક ટાઈમ પોતે એવી નિવૃત્તિ લઈને કે આ મારે આટલું કરવું જ છે તો કરી શકે છે. કોઈ રોકતું નથી એને.**

**શ્રોતા :** ભેદજ્ઞાન થાવું જોઈએ, આ ભેદજ્ઞાન થાય કેવી રીતે એ ખબર પડતી નથી.

**પૂજ્ય બહેનશ્રી : એનું નહીં એની મતિ આત્માની મહિમા જોઈએ આત્માનું કરવું જ છે એટલી લગની જોઈએ. એની ખટક જોઈએ, જિજ્ઞાસા જોઈએ, એ બધું હોય તો અંદરથી પ્રયત્ન થયા વગર રહે નહીં. તો એના વિચાર આવે, એ જાતનું વાંચન, એ જાતનો સત્સંગ બધું એ જાતનું, એ જાતની એમાંજ સુખ છે અને એમાં જ આત્માને લાભ છે એમ જો નિર્ણય થાય તો પોતે કરે. (3-117-8)**

**શ્રોતાઓ : ભગવતી માતનો જય હો....**
**માતાજીની અમૃતવાણીનો જય હો....**

* * *

## પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી, ભાગ-૩

# તત્ત્વચર્ચા - ૧૧૮

**શ્રોતા :** જે અધઃકરણ, અપૂર્વકરણ ને અનિવૃત્તિકરણના પરિણામ છે, સમ્યગ્દર્શન થતાં પહેલાં અને એ જે આઠમે-નવમે ગુણસ્થાને એ જે કરણ પરિણામો છે એ કરણ પરિણામોમાં ફેર શું અહીંયા ને ત્યાં? ત્રણે જગ્યાએ કહેવાય છે તો એમ જ સમ્યગ્દર્શન પહેલાં અધઃકરણ અપૂર્વકરણ ને અનિવૃત્તિકરણ અને સાતમે સાતિશય ગુણસ્થાન, આઠમું ગુણસ્થાન, નવમું ગુણસ્થાન ત્યાં પણ એ કરણના પરિણામનું નામ એ જ આપવામાં આવ્યું છે. એ બેય જાત પરિણામે જાતમાં શું ફેર?

**પૂજ્ય બહેનશ્રી : ઓલા સમ્યગ્દર્શનને લગતા પરિણામ છે. સમ્યગ્દર્શન થવાનું છે, એ જાતની પરિણામની ધારા ઉપડે છે. અધઃકરણ, અપૂર્વકરણ અનિવૃત્તિકરણ એ બધા સમ્યગ્દર્શન પ્રગટ થવાનું છે એને લગતા એ પરિણામની વિશુદ્ધિ એવી જાતની છે અને ઓલાપણે ચારિત્રની વિશુદ્ધિ થાય ત્યાં એ એને લગતા પરિણામ હોય છે. ચારિત્રની શુદ્ધિ જે વિશેષ નિર્મળતા થાય છે એ પરિણામ પોતે કાંઈ અબુદ્ધિપૂર્વક છે. પોતે એમ કાંઈ પકડી શકાતા નથી. પણ ભગવાને જે કીધું છે કે આવા પરિણામો જે આવે છે એ ચારિત્રની વિશુદ્ધ નિર્મળતા થાય એને લગતા છે. અને આ સમ્યગ્દર્શનને લગતા છે. પણ બેયના નામ એક સરખા છે. એક જ છે. (3-118-1)**

**શ્રોતા :** હવે એમાં તો બીજો પ્રશ્ન એ થાય કે સમ્યગ્દર્શન પૂર્વે આ જે ભાવ કહેવામાં આવે છે શુભભાવરૂપના અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ ને અધઃકરણના પરિણામ. ભલે એમાં વિશુદ્ધિ ગર્ભિતપણે વિષય હો, પણ છે શુભભાવ અને એનો અભાવ થઈને કહો એના ફળમાં કહો સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે. હવે જ્યાં સાતમે-આઠમે-નવમે ગુણસ્થાને એ પરિણામો થાય છે તો એ પરિણામ અબુદ્ધિપૂર્વકનો શુભભાવ લેવો કે શુદ્ધ પરિણતિરૂપના પરિણામ લેવા કઈ રીતે લેવા ત્યાં? છે ચારિત્રનું કારણ ચારિત્રની વિશેષ શુદ્ધિને માટેના.

**પૂજ્ય બહેનશ્રી : અંતરમાં તો ચારિત્રની વિશુદ્ધિ થાય છે એની સાથે એ ભલે મંદ કષાય હોય તો એ મંદકષાય તો મંદકષાય સંજ્વલનના પરિણામ છે પણ એની સાથે જે શુદ્ધિ છે એ શુદ્ધિનો ભાગ છે, તે શુદ્ધિમાં લેવો અને જે અલ્પકષાય (શ્રોતા : અબુદ્ધિપૂર્વકના મંદકષાયમાં...) એ મંદકષાય એ ઉત્કૃષ્ટ એ શુભમાં લેવું ઓલું કર્મધારામાં ઓલું વિશુદ્ધતામાં લેવું. એનું કાંઈ શાસ્ત્રમાં એ ખુલાસો નથી આવતો પણ એને જે શુદ્ધિ છે તે શુદ્ધિ તરફ લેવું ઓલું મંદ હોય શુભ છે.**

**શ્રોતા :** તો જે ચારિત્રની શુદ્ધિ થાય અને આઠમે-નવમે ગુણસ્થાન દસમે ગુણસ્થાને ચારિત્રની જે વિશેષ શુદ્ધિ થઈ પરિણામ તો એ શુદ્ધ પરિણતિની સાથે કારણ-કાર્ય લેવું કે અબુદ્ધિપૂર્વકની રાગની સાથે વ્યવહાર કારણમાં નાખવું એ શું કહેવા માગે છે ?

**પૂજ્ય બહેનશ્રી : અંતરની શુદ્ધિ સાથે કારણકાર્ય અંતરના લેવા, ઓલું તો વ્યવહાર કારણ.**

**શ્રોતા :** સમ્યગ્દર્શનમાં શું લેવું કારણમાં ?

**પૂજ્ય બહેનશ્રી : એ સમ્યગ્દર્શનમાં અંતરની શુદ્ધિ જે અવશ્ય થવાનું છે જેને અવશ્ય સમ્યગ્દર્શન, જે અનાદિકાળમાં જે ઘણીવાર જે આવી ગયા એ નહીં પણ જે અપૂર્વકરણ જે અનિવૃત્તિકરણ તે આવે ને સમ્યગ્દર્શન થાય જ. અને એવી જાતના જે પરિણામ છે એમાં શુદ્ધિ તરફ પોતાનું કારણ જે કારણ જેમાં અવશ્ય કાર્ય આવે જ, એ એવું કારણ લેવું, ઓલું વ્યવહાર કારણ.**

**શ્રોતા :** તો પછી આ શુદ્ધિ કંઈ લેવી ? પૂર્વના પરિણામમાં શુદ્ધિ કઈ રીતે લેવી ? કારણ કે છે તે એ શુભભાવ, મંદકષાયરૂપનો ભાવ અનંતાનુબંધી....

**પૂજ્ય બહેનશ્રી : પણ અંતરમાં જેટલી પોતાની પરિણતિ તરફનો જે વેગ છે એ શુદ્ધિ લેવી પોતાની પરિણતિ તરફનો વેગ.**

**શ્રોતા :** પરિણતિનો વેગ જુદો અને મંદ કષાયના પરિણામ જુદાં

**પૂજ્ય બહેનશ્રી : પરિણતિનો વેગ અંતરમાં જુદો છે આ.**

**શ્રોતા :** એટલે મંદ કષાય હોવા છતાં પરિણતિ છૂટી તો પડી નથી ત્યાં હજી.

**પૂજ્ય બહેનશ્રી : છૂટી અંદર ભેદજ્ઞાન તો એને ભેદજ્ઞાન તરફ એ પરિણતિ દોડતી હોય છે. એવી જાતની યોગ્યતા છે એ તરફની.**

**શ્રોતા :** એટલે મંદકષાયને છોડતી પરિણતિ અને આત્માની અભિમુખ તરફ દોડતી પરિણતિ આ.

**પૂજ્ય બહેનશ્રી : અભિમુખ તરફ દોડતી પરિણતિ. (3-118-2)**

**શ્રોતા :** આ અપૂર્વકરણમાં સમ્યગ્દર્શન થતાં પહેલાં અપૂર્વકરણની અંદર જૈન એવી સંજ્ઞા આપવામાં આવે છે. (જિન) જિન કહી દે છે. અને એના ફળમાં નિર્જરા પણ ત્યાં કીધી છે. તો નિર્જરા કઈ રીતે ત્યાં હોઈ શકે છે તો શુભ પરિણામ બંધનું કારણ છે. શુભ પરિણામ જ્ઞાનીનો હોય કે અજ્ઞાનીનો હો, એકાંતે બંધનું કારણ છે. છતાં ત્યાં અપૂર્વકરણમાં એ સંજ્ઞા જિન પણ કહી દીધુંને અને નિર્જરા પણ છે ત્યાં.

**પૂજ્ય બહેનશ્રી : અવશ્ય એને સમ્યગ્દર્શન થાવાનું જ છે એવી અપૂર્વ પરિણામની ધારા ઉપડી છે માટે એને એના ફળમાં નિર્જરા જ થાવાની છે માટે નિર્જરા કહી કીધી.**

**શ્રોતા :** નિર્જરા સમ્યગ્દર્શન થાય અને શુદ્ધિ થઈ ત્યારે તો નિર્જરા હોય એમાં તો પ્રશ્ન નથી.

**પૂજ્ય બહેનશ્રી : અવશ્ય એ કારણને પણ નિર્જરા કીધું જે કારણનું કાર્ય આવવાનું છે માટે નિર્જરા કહી દીધી.**

**શ્રોતા :** એ જે કારણ-કાર્યનો ઉપચાર કારણ ઉપર કરીને.

**પૂજ્ય બહેનશ્રી : નિર્જરા કહી દીધી.**

**શ્રોતા :** નિર્જરા કહી દીધી પણ ખરેખર નિર્જરા નથી. આરોપિત કથન કર્યું.

**પૂજ્ય બહેનશ્રી : એમ હોય બાકી બીજું શું કહેવાય એનો અર્થ એમ લેવાય એને નિર્જરા કીધી એટલે. નિર્જરા જ થાય છે.**

**શ્રોતા :** આત્મા અભિમુખ તરફનો વેગ છે એટલે એ નિર્જરા તરફ જ (નિર્જરા તરફ જાય) પરિણતિ વળી રહી છે અને બીજો એક પ્રશ્ન બહેનશ્રી એમ હતો કે જીવને જ્યારે સમ્યગ્દર્શન થાય છે ત્યારે પહેલાં દર્શન ઉપયોગ અચક્ષુદર્શન ઉપયોગ એમાં આત્માનો પ્રતિભાસ સામાન્ય પ્રતિભાસ, પછી મતિજ્ઞાન આત્મસન્મુખ થાય છે પછી શ્રુતજ્ઞાન આત્મસન્મુખ થાય છે, અનુભૂતિ થાય છે. સમ્યગ્દર્શનનો ક્રમ, પહેલા અચક્ષુદર્શન પછી મતિજ્ઞાન ઉપયોગ, અને પછી શ્રુતજ્ઞાન ઉપયોગ તો એમાં સમ્યગ્દર્શન જે થયું એ અચક્ષુદર્શનના કાળમાં, મતિજ્ઞાનના કાળમાં કે શ્રુતજ્ઞાનના કાળમાં? મિથ્યાત્વનો અભાવ થઈને સમ્યગ્દર્શન થયું તો સમ્યગ્દર્શનનો ક્યો કાળ લેવો?

**પૂજ્ય બહેનશ્રી : એ બધાને સાથે સમ્યગ્દર્શન જે અચક્ષુદર્શન મતિ ને શ્રુત છે એને વચ્ચે સમ્યગ્દર્શન આવી જાય છે.**

**શ્રોતા :** મતિ ને શ્રુતને શરૂઆતમાં મતિજ્ઞાન ત્યારે સમ્યગ્દર્શન નહીં લેવાનું?

**પૂજ્ય બહેનશ્રી : અચક્ષુદર્શન છે એ દર્શન ઉપયોગ**

**શ્રોતા :** એ દર્શનઉપયોગમાં ગયું અને દર્શનઉપયોગ એ સમ્યગ્દર્શનનું કારણ નથી. સમ્યગ્દર્શન જેને પ્રાપ્ત થાય એ જ્ઞાન ઉપયોગમાં જ થાય એ તો જાણે શાસ્ત્ર વચન છે તો અચક્ષુદર્શન ઉપયોગ એનેથી તો સમ્યગ્દર્શન ન થાય તો મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન રહ્યા તો મતિજ્ઞાનમાં સમ્યગ્દર્શન થાય કે શ્રુતજ્ઞાનમાં થાય?

**પૂજ્ય બહેનશ્રી : મતિ ને શ્રુતમાં બેયમાં થાય છે કોઈ જ્ઞાનથી કે કોઈથી થાતું હોય સમ્યગ્દર્શન સ્વયં થાય છે. સમ્યગ્દર્શન ગુણ એ સ્વતંત્ર ને જ્ઞાનેય સ્વતંત્ર ને સુખેય સ્વતંત્ર (શ્રોતા : એ જ્યારે આપણે બે ગુણની સ્વતંત્રતા લેવી....) એ બેયને અવિનાભાવી સંબંધ છે જ્યાં સમ્યગ્દર્શન પ્રગટ થાય ત્યાં જ્ઞાન પોતે એ તરફ વળે છે ને શ્રુત એ તરફ પોતા તરફ વળે છે બધું સાથે જ છે એમાં પ્રતીતિ ને જ્ઞાન ને બધું પહેલાં પછી કાંઈ નથી. બધું સાથે જ છે અચક્ષુદર્શન ઉપયોગ એ તો અહીંયા સામાન્ય છે. પણ ત્યાં સમ્યગ્દર્શન અવશ્ય થવાનું છે એટલે એમાં પ્રતીતિ ને જ્ઞાન ને બધું સાથે થાય છે. એ જ્ઞાને પ્રતીત કરી કે પ્રતીતે જ્ઞાને કર્યું એમ નથી. કોઈ અપેક્ષાએ સમ્યગ્દર્શન મુખ્ય છે કોઈ અપેક્ષાએ નથી. (3-118-3)**

**શ્રોતા :** એ તો કથન બંને પર્યાયો સાથે જ જન્મે છે મુખ્યતાથી આપણે કથન કરીએ તો કોઈ વખતે સમ્યગ્દર્શન કારણ ને જ્ઞાન કાર્ય થયું ને કોઈ વખતે જ્ઞાનને કારણ ને શ્રદ્ધાને કાર્ય કહીએ.

**પૂજ્ય બહેનશ્રી : એટલે બધું સાથે જ પ્રગટે છે.**

**શ્રોતા :** તો મિથ્યાત્વના અભાવમાં મતિજ્ઞાન કારણ કહેવું કે શ્રુતજ્ઞાન કારણ કહેવું, અચક્ષુદર્શન કારણ કહેવું કેમકે એ ક્રમ છે. અચક્ષુદર્શન, મતિજ્ઞાન ને શ્રુતજ્ઞાન એ સમ્યગ્દર્શન થયું તો એનો કાળ ક્યો? મિથ્યાત્વકર્મનો અભાવ થયો, સમ્યગ્દર્શન થયું તો મિથ્યાત્વકર્મના અભાવમાં અચક્ષુદર્શન ભાગ ભજવે છે, મતિજ્ઞાન ભાગ ભજવે છે કે શ્રુતજ્ઞાન ભાગ ભજવે છે? એમ પ્રશ્ન છે એ રીતે એની ચર્ચા થઈ ગઈ (144 ગાથા ઉપર) આ તો મતિજ્ઞાન શ્રુતજ્ઞાન લીધું એના ઉપરથી પ્રશ્ન થયો સમ્યગ્દર્શન ક્યારે થાય?

**પૂજ્ય બહેનશ્રી : જ્ઞાન તો બધું સાથે જ છે.**

**શ્રોતા :** સાથે જ છે એનો ભેદ થોડા સમયનું બધું પરિણતિ આમ દોડતી હોય ને એમાં ક્યારે ને ક્યું સૂક્ષ્મ (સૂક્ષ્મતા હોય........) પ્રત્યક્ષજ્ઞાનને જાણે.

**પૂજ્ય બહેનશ્રી : એને બધું સાથે જ છે પ્રતીતિ ને જ્ઞાન ને...**

**શ્રોતા :** આપ પ્રતીતિને પ્રધાનતા આપો છો કે જ્ઞાનને, ભેદજ્ઞાનની જે વિધિ અથવા તો ભેદજ્ઞાનનું બળ એની મુખ્યતા કોને સ્વાનુભૂતિમાં છે તો બંને સાથે. પણ મુખ્યતા કોની? કંઈ પ્રતીતિ તરફનું વલણ કે જ્ઞાનનું આત્મસન્મુખનું વલણ?

**પૂજ્ય બહેનશ્રી : પ્રતીતિ મુખ્ય છે. પ્રતીતિ અને જ્ઞાન બેય સાથે જ છે.**

**શ્રોતા :** સાથે છે એટલે આપ ભાર શેના ઉપર વધુ ધ્યો છો?

**પૂજ્ય બહેનશ્રી : સમ્યગ્દર્શન મુખ્ય છે ને સામાન્ય દૃષ્ટિની અપેક્ષાએ દર્શન મુખ્ય છે. અને એમાં જ્ઞાન સાથે છે એટલે કોઈ અપેક્ષાએ જ્ઞાન કારણ થાય છે માટે જ્ઞાન મુખ્ય કહેવાય પણ વાસ્તવિક રીતે એમાં પ્રતીતિ મુખ્ય છે. (3-118-4)**

**શ્રોતા :** સોળમી સત્તરમી ગાથા લીધી એમાં તો પ્રથમ તો ચૈતન્ય રાજાને જાણવો. જાણ્યા વિના શ્રદ્ધા કેવી રીતે?

**પૂજ્ય બહેનશ્રી : પ્રથમ જાણવો, પ્રથમ જાણવો એમ આવે છે પણ અંતરમાં જેનું બળ આવે ત્યાં પ્રતીતિનું બળ મુખ્ય થાય છે.**

**શ્રોતા :** એમાં તો બરોબર છે પહેલાં લીધું છે એની સામે હું એમેય કહું છું કે..

**પૂજ્ય બહેનશ્રી : કોઈ ઠેકાણે જ્ઞાન પહેલાં એમ પણ આવે છે.**

**શ્રોતા :** કારણ કે પ્રતીતિ જાણ્યા વિનાની પ્રતીતિ શું? હું તો જ્ઞાયક માત્ર છું જણાણો હજી નથી ત્યાં પ્રતીતિ કેમ હોય? એટલે જાણે એની પ્રતીતિ હોય એટલે જાણવાની મુખ્યતા લેવી કે નહીં?

**પૂજ્ય બહેનશ્રી : જાણવાની મુખ્યતા પહેલાં જ્યારે કાંઈ જાણતો નથી. પોતાને જાણવા તરફ વળે છે કે હું આ જ્ઞાયક છું એ બધું પર છે એમ જાણ્યું પછી જે પ્રતીતિ દૃઢતા જે દ્રવ્ય ઉપર દૃષ્ટિ થઈને એની દૃઢતા થઈ તો પોતા તરફ બળપૂર્વક વળે છે ત્યાં પ્રતીતિ મુખ્ય એને થઈ જાય છે.**

**શ્રોતા :** દ્રવ્ય ઉપર દૃષ્ટિ ગઈ તો દૃષ્ટિને દોરનાર તો જ્ઞાન છે ને! આ જ્ઞાન ને આ જ્ઞાયકમાત્ર છે. દૃષ્ટિને દોરીને લઈ જનાર કોણ છે?

**પૂજ્ય બહેનશ્રી : ભલે જ્ઞાન હોય, જ્ઞાનને વ્યવહારથી મુખ્ય કહેવાય! વાસ્તવિક રીતે દૃષ્ટિને મુખ્ય કહેવાય! જ્ઞાનને વ્યવહારથી મુખ્ય કહેવાય! પ્રતીતિને નિશ્ચયથી મુખ્ય કહેવાય.**

**શ્રોતા :** એ જે જ્ઞાનને વ્યવહારથી મુખ્ય કહો છો એ ભાવશ્રુતજ્ઞાનને કહો છો કે સવિકલ્પ ભેદજ્ઞાનને કહો છો વ્યવહાર?

**પૂજ્ય બહેનશ્રી : ભાવશ્રુતજ્ઞાન પણ વ્યવહાર છે.**

**શ્રોતા :** ભાવશ્રુતજ્ઞાન પણ વ્યવહાર છે.

**પૂજ્ય બહેનશ્રી : એ પણ વ્યવહાર છે. ઓલું પણ વ્યવહાર છે.**

**શ્રોતા :** ભાવશ્રુતજ્ઞાન સાક્ષાત્ વેદન કરનારું જ્ઞાન એ પણ વ્યવહાર સમ્યગ્દર્શનને માટે અને પૂર્વે જે સવિકલ્પવાળું એ પણ વ્યવહાર છે.

**પૂજ્ય બહેનશ્રી : એ પણ વ્યવહાર છે. છે ભાવશ્રુતજ્ઞાન. પ્રતીતિની અપેક્ષાએ વ્યવહાર છે. ઓલાની અપેક્ષાએ ઈ નિશ્ચય થાય પણ આની અપેક્ષાએ વ્યવહાર કહેવાય. પ્રતીતિ અપેક્ષાએ વ્યવહાર.**

**શ્રોતા :** પ્રતીતિની અપેક્ષાએ વ્યવહાર, શ્રુતજ્ઞાનની અપેક્ષાએ પ્રતીતિ વ્યવહાર કહી શકાય કે નહીં અન્યોન્ય?

**પૂજ્ય બહેનશ્રી : ના, એમ ન કહેવાય. શ્રુતજ્ઞાનની અપેક્ષાએ પ્રતીતિ વ્યવહાર ન કહેવાય.**

**શ્રોતા :** બહુ સારો ખુલાસો.... કારણ છે બેય સાથે એટલે શ્રુતજ્ઞાન કહો...

**પૂજ્ય બહેનશ્રી : બેય સાથે એટલે પ્રતીતિ વ્યવહાર ન કહેવાય. એ અન્યોન્ય નથી એવી રીતે.**

**શ્રોતા :** છે બેય એક સાથે..

**પૂજ્ય બહેનશ્રી : એક સાથે પ્રતીતિ ને વ્યવહાર નો કહેવાય.**

**શ્રોતા :** ભાવશ્રુતજ્ઞાનને આપ જો વ્યવહાર કહો અને સમ્યગ્દર્શન એ નિશ્ચય ને આ વ્યવહાર તો બેય છે એક સાથે. સમ્યગ્દર્શનને હવે ગૌણ કરીએ તો એ વ્યવહાર થઈ જાય અને સમ્યગ્જ્ઞાન ....

**પૂજ્ય બહેનશ્રી : ના એ વ્યવહાર ન થાય સમ્યગ્દર્શન સદાને માટે નિશ્ચય જ છે. એનો વિષય નિશ્ચયનયરૂપ છે એટલે નિશ્ચય છે. સમ્યગ્દર્શન વ્યવહાર ન થાય. જ્ઞાનને વ્યવહાર કહેવાય.**

**શ્રોતા :** શુદ્ધનય એ વ્યવહાર થયું અને સમ્યગ્દર્શન એ નિશ્ચય થયું. શુદ્ધનયને અનુભૂતિરૂપ, શુદ્ધનય નિર્વિકલ્પ શુદ્ધનય એ વ્યવહાર થયો આપ કહો છો તે હિસાબે.

**પૂજ્ય બહેનશ્રી : શુદ્ધનય કહો કે સ્વાનુભૂતિ કહો, કોઈ અપેક્ષાએ શુદ્ધનયને નિશ્ચય પ્રતીતિરૂપે શુદ્ધનય કહેવાય છે અને કોઈકવાર એને જ્ઞાનરૂપે પણ શુદ્ધનય કહેવાય છે. જ્ઞાનરૂપે જે શુદ્ધનય છે એને વ્યવહાર કહેવાય છે પણ પ્રતીતિરૂપે જે શુદ્ધનય છે એ વ્યવહાર ન કહેવાય એ તો નિશ્ચય છે.**

**શ્રોતા :** એટલે એને એ વાત રહી કે જ્ઞાન ને વ્યવહાર ને શ્રદ્ધા તે નિશ્ચય.

**પૂજ્ય બહેનશ્રી : શ્રદ્ધા ને નિશ્ચય. ભેદજ્ઞાન કરીને સ્વાનુભૂતિ એ જ મુક્તિનો માર્ગ છે. એટલે બસ એ જ મુક્તિનો માર્ગ .... (3-118-5)**

**શ્રોતા :** બીજા જીવોનું ન કરે એટલે અમે બોલી શકતા નથી નહીંતર આપને કહીએ ધારા અમારામાં પ્રગટાવી દો ને!

**પૂજ્ય બહેનશ્રી : એ સિદ્ધાંત ગુરુદેવ સિદ્ધાંત કહેતા હતા.**

**શ્રોતા :** સિદ્ધાંત એવો મુકાઈ ગયો છે કે એ માંગણી કરવી.

**પૂજ્ય બહેનશ્રી : એ ગુરુદેવ કહેતા હતા કે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરી શકતો નથી.**

**શ્રોતા :** એ તો અહીં ...... પ્રધાનમાં પાંચ-છ પોઈંટ હતા ને હમેશા યાદ કરીએ. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું ન કરે, પર્યાય જુદા છે એવી રીતે ધૂન. તારા આત્માનો રક્ષક થા, ને તારા આત્માનો વ્યાપક થા ને તારા આત્માનો ગ્રાહક થા, ધારક થા ને પાંચ-પાંચ પોઇંટ હતા ને... ત્વરાથી તારા આત્મામાં ધારકતા, ધારણ કર, રક્ષક થા, એટલે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું ન કરે પહેલો સિદ્ધાંત હંમેશા પહેલો જ એ સિદ્ધાંત મુખ્ય હંમેશાં ક્રમબદ્ધનું પછી છતાં આપ નિમિત્ત કર્તા નહીં પણ નિમિત્ત તો થઈ શકો ને અમારા કાર્યમાં.

**પૂજ્ય બહેનશ્રી : પરદ્રવ્યનું કોઈ એવી જાતનું પોતે કરે ત્યારે નિમિત્ત કહેવાય એમ પણ ક્રમ પડે બાકી તો સહજ છે દૃષ્ટિનો વિષય અખંડ ગ્રહણ કરે, જ્ઞાન બધું જાણે અને ચારિત્રમાં લીનતા થાય, બધું એક સાથે થાય. ચારિત્ર ભલે પછી વિશેષ. પછી સહજમાં તો બધું સાથે જ રહે, તુટક ન પડે. દૃષ્ટિનો વિષય મુખ્ય હોય, જ્ઞાન બધું જાણે, ભેદજ્ઞાન કરે કે આ હું નથી. આ હું સ્વરૂપે છું, પરરૂપે નથી. સ્વપરપ્રકાશક જ્ઞાન કરે. દૃષ્ટિ પોતાને ગ્રહણ કરે, અખંડને અને જ્ઞાન જાણે અને ચારિત્રમાં લીનતા .... સ્વરૂપાચરણ ચારિત્ર અંશે હોય. બધું સાથે હોય અહીં ક્રમ પડવાનું કારણ પોતે હજી અભ્યાસ કરે છે ને એટલે ક્રમ પડે છે એટલે દૃષ્ટિનો વિષય કરે છે ત્યાં જ્ઞાન ગૌણ થાય ઓલું લીનતા ગૌણ થાય ઓલું કરે, ઓલું કરે ત્યાં ઓલું ગૌણ થાય, ઓલું કરે ત્યાં ઓલું ગૌણ થાય એ હજી એમ થવાનું કારણ પોતે હજી અભ્યાસ કરે વિકલ્પરૂપે છે ને! એ પોતે એ સવિકલ્પથી ગ્રહણ કર્યો, પાછું જ્ઞાન દ્રવ્ય પર્યાયનું જ્ઞાન કરે ત્યાં ઓલું ગૌણ થાય ઓલું કરે ત્યાં ઓલું ગૌણ થાય એનું કારણ પોતે જે અભ્યાસ કરે છે તે. સહજ જ્યારે થાય ત્યાં દૃષ્ટિ મુખ્ય રહે છે જ્ઞાન બધું જાણે છે અને પોતા તરફ વળે છે. બધું સાથે હોય. (3-118-6)**

**શ્રોતા :** બધું એકીસાથે હોય, એક સમયમાં એમાં પછી બેન આ ખબર છે આ શ્રદ્ધામાં દોષ છે, શ્રદ્ધામાં, જ્ઞાનમાં કે ચારિત્રમાં ત્રણે પરિણામનો ખ્યાલ બહુ આમ સ્પષ્ટ ખ્યાલ નથી આવતો હજી.

**પૂજ્ય બહેનશ્રી : એ પોતે અંદર સહજ દશા થાય તો ખ્યાલ આવે નહીંતર વિચારથી નક્કી થાય આ દૃષ્ટિનો વિષય અખંડ છે અને જ્ઞાન દ્રવ્ય અને પર્યાય બેયને**

**જાણે છે. આ અશુદ્ધતાને જાણે. શુદ્ધ પર્યાયને જાણે, અખંડ દ્રવ્યને જાણે, જ્ઞાન બધું જાણે છે. અને અંશે લીનતા જે વિભાવમાં જે એકત્વબુદ્ધિ એને તોડીને પોતે પોતા તરફ ભેદજ્ઞાન કરીને પોતા તરફ વળીને પોતામાં અંશે ટકે છે એ બધુંય એક પોતે કરી શકે છે. પણ એને માટે અભ્યાસ હોય તો જ સહજ થાય છે.**

**શ્રોતા :** એ માટે મૂળ .... મૂળ તો રુચિ ઊઠવી જોઈએ એને રુચિ. વિશ્વાસ થવો જોઈએ પોતાના સ્વભાવ ત્રિકાળીનો મહિમા.

**પૂજ્ય બહેનશ્રી : એ જાતની દૃઢતા હોવી જોઈએ, એ જાતનો મહિમા હોવી જોઈએ, સ્વભાવ ગ્રહણ કરવાની અંતરમાં એવી સૂક્ષ્મ દૃષ્ટિ પ્રગટ થાવી જોઈએ.**

**શ્રોતા :** તે એ ચિંતવન માટે હું એમ લઉં છું કે ત્રણેકાળ નિષ્ક્રિય પરિપૂર્ણ તત્ત્વ જ હું છું પરિણામ માત્ર ક્રમબદ્ધ છે એમ કરીને આમ પ્રયત્ન..

**પૂજ્ય બહેનશ્રી : પરિણામ ક્રમબદ્ધ છે ને સાથે પુરુષાર્થ પણ છે, ક્રમબદ્ધ છે એ બધું લક્ષમાં લેવું જોઈએ આ બધું જાણનારો હું છું પણ પાછો પુરુષાર્થથી જે અધૂરી દશા છે એને પૂર્ણ કરવાની છે. એકત્વબુદ્ધિ તોડવાની છે, પુરુષાર્થ ને ક્રમબદ્ધ ને બધું સાથે જ્ઞાન રહેવું જોઈએ, એને માટે પુરુષાર્થ જોઈએ. અંતરમાં અનંત ને બહારમાં, અંતરમાંથી જ્ઞાન પ્રગટે. બધું અંતર સ્વભાવમાંથી પ્રગટે એ બધું સાથે એ જ્ઞાન એનું રહેવું જોઈએ. (3-118-7)**

**શ્રોતા :** દૃષ્ટિની અપેક્ષાએ સર્વથા ભિન્ન કહેવામાં..

**પૂજ્ય બહેનશ્રી : દૃષ્ટિ અપેક્ષાએ સર્વથા ભિન્ન પણ જ્ઞાન અપેક્ષાએ નથી. જે દ્રવ્ય છે એની પર્યાય છે પણ પર્યાય ક્ષણિક છે અને દ્રવ્ય શાશ્વત છે. એટલે ભિન્ન કહેવામાં આવે છે. સર્વથા ભિન્ન એટલે જ્ઞાન અપેક્ષાએ ભિન્ન સર્વથા નથી. કારણ કે એ દ્રવ્યની જ પર્યાય છે. ક્ષણિક પણ દ્રવ્યની પર્યાય, પણ દ્રવ્ય અનાદિ અનંત શાશ્વત છે અને પર્યાય બદલાયા કરે માટે એને ભિન્ન કહેવામાં આવે છે.**

**શ્રોતા :** દૃષ્ટિમાં ભાગલા નથી પડતા કારણ કે દૃષ્ટિ એકી સાથે આ એમ કહી સીધી સ્વીકારે નહીં...

**પૂજ્ય બહેનશ્રી : દૃષ્ટિમાં ભાગ ભેદ નથી પડતા જ્ઞાનમાં ભેદ પડે છે પણ એ જ્ઞાન યથાર્થ જાણે છે કે આ અંશ છે. આ અંશી છે. એમ આ વિભાવ છે આ સ્વભાવ છે એનું જ્ઞાન યથાર્થ જાણે છે તેનો પુરુષાર્થ પણ એ રીતે ઉપડે છે. અને દૃષ્ટિના બળથી આગળ જવાય છે.**

**શ્રોતા :** એટલે આ પ્રમાણેનું ખ્યાલમાં તો શ્રદ્ધા ને જ્ઞાન ને જ્ઞાન ને જ્ઞાન ને ચારિત્રનું જ્ઞાન એટલે જ્ઞાનની પર્યાયમાં પણ ખરેખર તો ખ્યાલ આવી જાય.

**પૂજ્ય બહેનશ્રી : જ્ઞાનમાં બધો ખ્યાલ આવી જાય. જ્ઞાન બધું જાણે. જ્ઞાન અભેદને જાણે, જ્ઞાન ભેદને જાણે, જ્ઞાન ગુણ-ભેદને જાણે, જ્ઞાન વિભાવને જાણે, જ્ઞાન બધું જાણે. જ્ઞાન સ્વાનુભૂતિને જાણે બધું જ જાણે.**

**શ્રોતા :** એક સમયની પર્યાય ગજબની અહા! આમ આંગળી કરી હોય ત્યાં અસંખ્ય સમયમાં એક સમયની પર્યાયમાં આ રચના આહા!! એક સમયની પર્યાય.

**પૂજ્ય બહેનશ્રી : અદ્ભૂત દ્રવ્ય તો અદ્ભૂત છે પણ એ પ્રગટ થાય ને એનું વેદન થાય ત્યારે ખરી એની અદ્ભૂતતા હોય મૂળ સ્વભાવ તો અદ્ભૂત છે અનાદિ અનંત. (3-118-8)**

**શ્રોતાઓ : ભગવતી માતનો જય હો....**
**માતાજીની અમૃતવાણીનો જય હો....**

* * *

## પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી, ભાગ-૩

# તત્ત્વચર્ચા - ૧૧૯

**શ્રોતા :** ...

**પૂજ્ય બહેનશ્રી : (કેવળીને) એને તો ઉપયોગ મૂકવો જ ક્યાં પડે છે? સહજ જણાય છે. છદ્મસ્થને ઉપયોગ એક ક્રમે ક્રમે હોય છે એક ઠેકાણે એક ઉપયોગ હોય તો બીજું જાણે નહીં. એને કાંઈ ઉપયોગેય મૂકવો પડતો નથી. એને તો સહજ જ્ઞાનરૂપ પરિણતિ છે. જ્ઞાન જ્ઞાનથી જણાય જ છે. પોતે સ્વયં જ્ઞાનરૂપ છે પોતે પોતાને સ્વયં જાણે છે ને પર સ્વયં જણાય છે. એને ઉપયોગ, કે જેમ ઉપયોગ એક ઠેકાણે ટકાવીને જાણવું પડે એવું કાંઈ નથી. એ સહજ જ્ઞાન સ્વભાવ જ છે. સ્વયં પોતે જ્ઞાન સ્વભાવરૂપ જ છે. જ્ઞાન એટલે જાણવું જાણવારૂપ જ પોતે છે. એ જાણવું જે જાણવા સ્વભાવે જ્ઞાયક હતો એ જાણવારૂપે જ પોતે પરિણમી ગયો છે. જે અનાદિનો શાશ્વતો જ્ઞાયક છે એ જ્ઞાયકને પોતે ઓળખતો નથી એટલે એનો જે જ્ઞાયક સ્વભાવ છે એનો એને ભ્રમ થઈ ગયો એટલે પરમાં એકત્વબુદ્ધિ કરી એટલે એનો ઉપયોગ બહાર જાય છે ને ઉપયોગ પછી ક્રમે ક્રમે ક્રમે ક્રમે જાણ્યા કરે છે. એટલે એક તરફ એક ઉપયોગ હોય જો સ્વમાં ઉપયોગ હોય તો પરનો ઉપયોગ નથી આવતો એવી રીતે એને જણાય છે.**

**અને કેવળજ્ઞાની તો જે સ્વયં જ્ઞાયક સ્વભાવ છે એ જ્ઞાયક જે સ્વભાવ છે તે સ્વભાવરૂપે પરિણમી જ ગયા છે. એનું પરિણમન જાણવારૂપે જે પરિપૂર્ણ જાણવારૂપે હતું. એવું પરિપૂર્ણ જાણવારૂપે જ પોતે પોતામાં જ પોતે દર્શન, જ્ઞાન, ચારિત્રની પરિપૂર્ણતા થઈ ગઈ! બસ જાણવારૂપે પરિણમન જ થઈ ગયું. પોતા તરફ લીનતા થઈ ગઈ. પરિપૂર્ણ જાણે છે. એ જાણવા પોતે પોતાનું પરિપૂર્ણ જાણે ને પર સ્વયં જણાઈ જાય. ઉપયોગ જ મૂકવો પડતો નથી. એની પર્યાય ક્રમે ક્રમે પલટાયા કરે છે. સમય સમયમાં આ આખું જાણે છે. છદ્મસ્થને પોતે શ્રદ્ધામાં, જ્ઞાનને ચારિત્ર સ્વયં પોતે એક શાશ્વત આત્માને જાણે, એ તરફ દૃષ્ટિ, જ્ઞાન પછી ક્રમે ક્રમે લીનતા કરતો કરતો સ્વાનુભૂતિમાં વધતો વધતો પછી જ્ઞાન પરિપૂર્ણ થાય છે. (3-119-1)**

**શ્રોતા :** એકાગ્ર આત્મા ઉપર હોય અને પર એ જણાય એવી રીતે નહીં એકાગ્ર આત્મા ઉપર હોય તેમને?

**પૂજ્ય બહેનશ્રી : એકાગ્રતા તો એને આત્મા ઉપર જ છે કેવળજ્ઞાનીને એકાગ્રતા આત્મા ઉપર જ છે. જ્ઞાન એકાગ્ર, પરિપૂર્ણ, પરિપૂર્ણ એકાગ્રતા છે. પરિપૂર્ણ વીતરાગતા છે. પરિપૂર્ણ જ્યાં છે ત્યાં જ્ઞાન એનું કાંઈ અધુરું રહેતું નથી. પરિપૂર્ણ વીતરાગતા ને પરિપૂર્ણ એકાગ્રતા થઈ ગઈ, એટલે જ્ઞાન પણ જે નિર્મળ સ્વભાવે પરિપૂર્ણ હતું, એ પરિપૂર્ણ થઈ ગયો છે. બસ! એમાં કાંઈ અધૂરાશનો પ્રવેશ નથી. જ્ઞાન જે જ્ઞાન જે હતું. જ્ઞાન એટલે અગાધ સ્વભાવ જ્ઞાન છે એ જ્ઞાનની કાંઈપણ રુકાવટ નથી. જ્ઞાન એટલે જાણવું. એમાં આટલું જાણવું ને આટલું નહીં એવું કાંઈ આવે નહીં. જાણવું એટલે જાણવું, બધું જાણવું બસ. એ જ્ઞાન સ્વયં પરિણમન પરિપૂર્ણ થઈ ગયું, પોતે પોતામાં એકાગ્ર છે, તો એ જ્ઞાન સ્વયં જાણે જ છે. પોતે પોતા તરફ પરિણમી ગયું છે તોપણ સ્વયં જણાઈ રહ્યો છે. જેમ દીવો પોતે એ તો એક દૃષ્ટાંત છે. સ્વયં પ્રકાશરૂપ જ છે. એ એને પ્રકાશવું બીજાને હોતું નથી સ્વયં પોતે પ્રકાશ રૂપ છે અને બીજાને પ્રકાશે છે. એમ પોતે સ્વયં જ્ઞાન પ્રકાશરૂપ જ છે અને બીજાને સ્વયં પ્રકાશે છે. જેમ જાણવાનો પ્રકાશ છે આ તો કાંઈ ઓલો લાઈટનો પ્રકાશ નથી. (3-119-2)**

**શ્રોતા :** તો ઉપયોગ આત્મા ઉપર છે અને લોકાલોક જણાય છે એવું નથી?

**પૂજ્ય બહેનશ્રી : ઉપયોગ એટલે પરિણતિ પોતા તરફ ચાલી ગઈ છે. એને ઉપયોગ કહી શકાતો નથી. ઉપયોગ કહો તો પોતે પોતામાં પરિણતિ ને પોતા તરફ છે. બસ, એકાગ્રતા પોતા તરફ થઈ ગઈ છે. પરની એકાગ્રતા છૂટી ગઈ છે. ઉપયોગના અર્થે એ ક્રમે ક્રમે જાણવું એ એવી જાતનો ઉપયોગ કેવળજ્ઞાનીને નથી. જ્ઞાન ઉપયોગ, ઉપયોગ સ્વભાવે કહો તો ઉપયોગ એટલે જ્ઞાનની પરિપૂર્ણતા બસ. પોતા એની દિશા**

**આખી બદલાઈ ગઈ. પોતામાં જ્ઞાન લીન થઈ ગયો, ચારિત્રની એકાગ્રતા કહો, જ્ઞાનની એકાગ્રતા કહો જે કહો એ બસ પોતામાં એકાગ્ર છે. એમાં સ્વયં જણાય છે. જાણવા જાવું નથી પડતું. એનો જાણવાનો સ્વભાવ જ છે દૂર રહીને સહજ જણાય છે. પોતાને જાણતા સ્વયં જણાઈ જાય છે સહજ સ્વભાવે એવો એનો કોઈ અચિંત્ય સ્વભાવ છે.**

**(3-119-3)**

**શ્રોતા :** આબાળ-ગોપાળ સૌને ભગવાન આત્મા જણાઈ રહ્યો છે એ કેવી રીતે જણાઈ રહ્યો છે?

**પૂજ્ય બહેનશ્રી : એ જ્ઞાન સ્વભાવ કાંઈ એનો લુપ્ત નથી થઈ ગયો. જ્ઞાન સ્વભાવ નાશ નથી થઈ ગયો. બાળ-ગોપાળને બધાને જાણવા માંગે તો જણાઈ જ રહ્યો છે. પોતે પોતાના જ્ઞાનસ્વભાવરૂપે જે અનાદિ અનંત છે એનો જ્ઞાનસ્વભાવ એનો નાશ નથી થયો. આ જડ કાંઈ જાણતું નથી એમાં આત્મા કાંઈ જાણતો નથી એવું નથી. એ તો જાણે છે, વિચાર કરે તો બધાને જણાઈ રહ્યો છે પણ જાણતો નથી. તે જ્ઞાન પોતે અંતરમાં જે, જે ભલે પોતે પોતાને નથી જાણતો, તો અનેક જાતના પરિણામો આવે બધાને જાણનારો અંદર ઊભો જ છે. પોતે પોતાના સ્વભાવમાં જે રૂપે છે એ રૂપે જ્ઞાનસ્વભાવ ઊભો જ છે. પોતે આમ વિચારતો નથી બાકી જણાઈ તો રહ્યો જ છે. જાણવાનો ક્યાં એનું નાશ થયું. જણાઈ જ રહ્યો છે. પણ આ હું આ સ્વભાવે છું એને ખબર નથી.**

**જાણનાર જણાઈ જ રહ્યો છે. પોતે આ સુખ થયું ને દુઃખ થયું ને આ વિકલ્પ થયા અને આ થયું ને બધું અનેક જાતનું જણાઈ રહ્યું છે એને તો એટલે એમાં જાણનારો જણાઈ રહ્યો છે બાળ-ગોપાળને. જાણવા માગે તો એ અસાધારણ એનો સ્વભાવ છે કે સ્વભાવ એનો કાંઈ એ આમ અમુક અંશે તો પ્રગટરૂપે દેખાઈ આવે છે. એટલે એનો બધો જે જ્ઞાનનો ઉઘાડ છે એ કાંઈ બધો પ્રગટ નથી પણ એનો અમુક અંશ તો ઉઘાડો છે, જ્ઞાનનો અમુક અંશ ઉઘાડો છે. એટલે અમુક પ્રકારે એનો જ્ઞાન ઉઘાડો, ઉઘાડું જ છે કે જાણે તો જણાઈ શકે એવો જ છે. એ કાંઈ બધું શક્તિરૂપે નથી થઈ ગયું એને તો અમુક તો ઉઘાડ છે. મતિ અને શ્રુતનો અમુક ઉઘાડ કાયમને માટે રહે છે. નિગોદમાં જાય તોય એનો ઉઘાડ તો કાંઈ નાશ જ નથી થાતો. કાંઈ એવો જડ નથી થઈ જાતો કે કોઈ જાણી ન શકે એવો? (3-119-4)**

**શ્રોતા :** આયુષ્ય તો ઘણું લાંબુ કેવળી ભગવાનને જે આહાર નથી જે વાંચ્યું એટલા વર્ષોને વર્ષો શરીર એમ જ રહે.

**પૂજ્ય બહેનશ્રી : આહારની ન હોય. આયુષ્ય છે આહાર વગર એનું શરીર એવું શરીર પરિણમે, જુદું જ પરિણમી જાય છે. અને આહારનો વિકલ્પ તૂટી ગયો છે.**

આહાર આહારનો વિકલ્પ આવે એ રાગ છે, એ રાગ જ કેવળજ્ઞાની ભગવાનને નથી. વીતરાગી થઈ ગયા છે. એને રાગ છૂટી ગયો છે. વીતરાગી થઈ ગયા. આત્મામાં બસ સ્વરૂપમાં આનંદ કરે છે આનંદ સ્વભાવમાં પરિણમી ગયા છે. જ્ઞાન સ્વભાવમાં, બહાર આહારનો વિકલ્પ આવતો જ નથી. નથી વિકલ્પ આવતો એટલે શરીર પણ એમનું એવું થઈ જાય છે પરમૌદારિક. આ ઔદારિક શરીર છે, એ પરમ ઔદારિક, આહાર વગર નભ્યા જ કરે છે એવું એમના શરીરમાં એવો અતિશય થઈ જાય છે. આહાર વગર નભ્યા કરે. આહાર વગર જ એમનું શરીરમાં એવી કોઈ દિવ્યતા થઈ જાય છે. ભગવાનનું શરીર એવું થઈ જાય છે. (3-119-5)

**શ્રોતા :** તો છદ્મસ્થને સર્વગુણાંશ તે સમ્યક્ત્વ એમ કીધું એમાં કેવળજ્ઞાનનો ક્યો અંશ આવ્યો?

**પૂજ્ય બહેનશ્રી : 'સર્વગુણાંશે તે સમ્યગ્દર્શન.' જ્ઞાન પોતે પોતા તરફ વળ્યું એ. કેવળજ્ઞાન તો કેવળજ્ઞાન કહેવું એક પર્યાય છે. જ્ઞાન સ્વભાવ અનાદિ અનંત છે એમાં કેવળજ્ઞાનની અપેક્ષા મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યાય-કેવળજ્ઞાન એ અપેક્ષા નહીં લેવાની. પૂર્ણ અધૂરાની નહીં, પણ જ્ઞાયક સ્વભાવ છે એટલે એમાં જ્ઞાન તો પોતા તરફ વળીને પોતે પોતાને સમ્યક્ પ્રકારે જાણે છે એ જ્ઞાનનું જ્ઞાન પ્રગટ થયું છે. જ્ઞાનનું સમ્યક્-રૂપે પરિણમન થયું છે એનું જ્ઞાન ખીલ્યું છે. જે ભેદ નહોતો કરતો, સ્વપરની એકત્વબુદ્ધિ કરતો હતો આ એને જુદું પડીને 'હું આ ન્યારો જ્ઞાયક છું', એવી રીતે જે જ્ઞાન જ્ઞાન પરિણમી ગયું એનું જ્ઞાનનો ઉઘાડ જ્ઞાન પ્રગટ થયું છે. એવી રીતે જ્ઞાન, એવી રીતે સમ્યગ્દર્શન પ્રગટ થયું ને મિથ્યાદર્શન ને મિથ્યાશ્રદ્ધા હતી એ પોતે પોતા તરફની પ્રતીતિ દઢ થઈ ગઈ એ જાતનું પરિણમન થયું તો પ્રતીતિ સમ્યક્ થઈ, જ્ઞાન સમ્યક્ થયું અને ચારિત્ર સમ્યક્ થયું. ચારિત્ર મિથ્યા હતું આચરણ, પોતા તરફ વળ્યો છે એ સમ્યક્ ચારિત્ર, સ્વરૂપાચરણ ચારિત્ર પ્રગટ થયું છે. અંશે સ્વાનુભૂતિ પ્રગટ થઈ પછી સ્વાનુભૂતિ વધતી જાય. ગુરુદેવે તો એનો જ મહિમા પ્રકાશ્યો છે. એ અહીં બિરાજતા હતા ત્યારે જુદું જ લાગતું હતું. (3-119-6)**

**શ્રોતા :** ...... ભણકાર વાગે છે કાંઈક.

**પૂજ્ય બહેનશ્રી : એમની વાણી જુદી, એમની વાણી પાછળ આત્મા દેખાડતા હતા આત્મા કેવો છે એ પડકાર જુદા એમનું બધું જુદું. બીજાને અંદર આત્માની મહિમા લાગી જાય કે આત્મા તું જુદો અને શરીર જુદું એવું અંદરથી લાગી જાય અંતરમાં કોઈ જુદી મહિમા ને જુદું જ્ઞાન જુદું થઈ જાય એવી એમની વાણી હતી. જો ઉપાદાન તૈયાર હોય, બાકી અંતર રુચિ તો બધાને લાગે આ કાંઈક જુદું જ કહેવા માગે છે. આ મુક્તિનો**

**માર્ગ કાંઈક જુદો જ કહે છે. આખા ભરતક્ષેત્રમાં બધા જીવોને જાગૃત કર્યા એમણે આત્માની રુચિ જાગૃત કરી એમના નિમિત્તે કેટલાયને રુચિ થઈ. એમની તો વાણી જુદી, બોલે ત્યાં માણસો મુગ્ધ થઈ જાતા કે આ શું આત્માની વાત કરે છે. એની વાણી એવી, મુદ્રા એવી, એમની હાલ એવી, બધાથી એવું લાગે આ જગતથી કોઈ જુદા જ પુરુષ આ ભરતક્ષેત્રમાં આવ્યા છે. જગતથી જુદાં જ લાગતા હતા કે કોઈ આ કોઈ ભગવાન ઉતર્યા છે કે શું એવું લાગે. ભરતક્ષેત્રમાં આ વિષમકાળમાં નિરંતર વાણી વરસાવે, નિરંતર બધાને લાભ મળે, એમનો પ્રભાવનાયોગ એવી જાતનો હતો.**

**(3-119-7)**

**શ્રોતા :** કે વાત માને એના વિચારમાં એટલી શાંતિ વર્તે તો એના અનુભવમાં કેટલી હશે?

**પૂજ્ય બહેનશ્રી : એની તો અલૌકિક. એને તો આ વિકલ્પ સાથે તો મેળ ખાય નહીં એને પ્રશસ્તભાવો સાથે પણ મેળ નથી. એ તો એકદમ નિર્વિકલ્પ તત્ત્વ છે એ તો નિર્વિકલ્પ સ્વાનુભૂતિ છે. એટલે એને સાથે એને મેળ નથી તો અનુપમ તત્ત્વને એની અનુભૂતિ પણ અનુપમ છે એમ ખ્યાલમાં વર્ત્યા કરે એની વાર્તા પણ કોઈ અલૌકિક એની અનુભૂતિ એનાથી અલૌકિક છે.**

**શ્રોતા :** વર્તમાન પર્યાયને ગૌણ કરી દે છે રાગ-દ્વેષના વિકારને ગૌણ કરવા અને સ્વભાવનું અવલોકન કરવું. પણ સ્વભાવ દેખાતો નથી અને વર્તમાન વિકાર છે એ જ દેખાય છે.

**પૂજ્ય બહેનશ્રી : એ દેખાતું નથી પણ અને જે નથી દેખાતું એને જોવાનો પ્રયત્ન કરવો અને જે દેખાય છે એને ગૌણ કરવો. જે અદૃશ્ય છે એને દૃશ્યમાન કરવો અને જે દેખાય છે એને ગૌણ કરવો. એ અદૃશ્ય છે પણ એની દેખાય એવું જ છે. પોતે જોતો નથી અદૃશ્ય એટલે ગુપ્ત નથી થઈ ગયો પણ દેખાય એવો છે. એ લક્ષમાં આવે એવું છે એના દર્શન થાય એવું છે. જ્ઞાનમાં આવે એવું છે. માટે એને દૃશ્યમાન કરવાનો પ્રયત્ન કરવો. એ જ્ઞાનસ્વભાવ તો જણાઈ રહ્યો છે બધાને. એ જ્ઞાનના લક્ષણ દ્વારા ગુણ દ્વારા ગુણીને ઓળખી લેવો એમ. એને લક્ષણથી લક્ષને ઓળખી લેવો. ગુણ-ગુણીના ભેદ પડે એ પણ પછી તો એ ગુણ ને ગુણી તો એક જ છે કાંઈ જુદા નથી પણ શાસ્ત્રમાં આવે છે લક્ષણથી લક્ષને ઓળખી લેવો એમ. ગુણથી ગુણીને ઓળખી લેવો, એ જ્ઞાનસ્વભાવ કોઈ અસાધારણ છે. એનાથી ગુણી જે દ્રવ્ય વસ્તુ છે એને ઓળખી લેવી.**

**એને ઓળખવાનો પ્રયત્ન કરવો એને ઓળખવાથી એમાં જ દૃષ્ટિ રાખવાથી એમાં જ તન્મયતા થવાથી શાંતિ અને સુખ મળે છે. એમાંથી જ આ બધું જે અપાર**

**અગાધ જ્ઞાન ને સ્વભાવમાં સ્થિરતા પ્રગટે છે. અપૂર્વ વીતરાગદશા, અપૂર્વ શાંતિ ને અપૂર્વ આનંદ ને અનુપમતા એમાં એને હાથમાં એને ગ્રહણ કરવાથી જ પ્રગટે છે. માટે આ બધું તો અનાદિકાળનું આકુળતારૂપ ને દુઃખરૂપ છે એને ગૌણ કરીને એવા નિરાળા તત્ત્વને ગ્રહણ કરવો. (3-119-8)**

**શ્રોતા :** વર્તમાન ન હોય વર્તમાનમાં એને ગ્રહણ કરવામાં મુશ્કેલી તો પડે ને.

**પૂજ્ય બહેનશ્રી : મુશ્કેલી પડે પણ એને પ્રયત્નથી દશ્યમાન થઈ શકે એવો છે. કાંઈ ન થઈ શકે એવું નથી. મુશ્કેલી પડે તો એને વ્યવહારમાં કાંઈક મુશ્કેલી પડે તો એને ધાર્યું હોય તો એ કેટલું એને માટે પ્રયત્ન કરે છે. તો આ જે આત્મા છે એ તો શાશ્વત સુખનું ધામ છે એને મેળવવા માટે પ્રયત્ન કરે તો એ મળી શકે એમ છે. લૌકિકમાં જે ધાર્યું હોય એ કામ ન થાય તો એને માટે કેટલી મુશ્કેલી વેઠીને કરે છે. તો આને તો અંતરમાંથી જે શાશ્વત સુખનું ધામ છે એને મેળવવા માટે પ્રયત્ન કરે તો મળ્યા વગર રહેતો નથી.**

**શ્રોતા :** (આપને અનુભવ) થઈ ગયો એટલે ખબર પડી ગઈ કે આમાં સુખ છે? અમને તો અનુભવ થયો નથી.

**પૂજ્ય બહેનશ્રી : સુખ છે એ ખબર નથી, પણ દુઃખ છે એ તો ખ્યાલ આવે છે. આ બધું ઝંઝાળ, આમાં ક્યાંય સુખ નથી. એવું સુખવાળું તત્ત્વ શું છે એને શોધવા પ્રયત્ન કરવો. એ સુખ, સુખ જે કરી રહ્યો છે પણ સુખ ક્યાંય દેખાતું નથી. સુખ જ્યાં માન્યું છે ત્યાં તો સુખ દેખાતું નથી. વિચાર કરે તો બધે આકુળતા જ ભરેલું દેખાય છે. પણ સુખ ક્યાં છે? સુખ કેવી રીતે મળે? એ માર્ગ તો ગુરુદેવે આમ ચોખ્ખો કરીને બતાવ્યો છે કે સુખનું ધામ તું છો, એનો માર્ગ કેવી રીતે મળે? એ બધું બતાવ્યું છે. તો એક પોતાને કરવાનું બાકી રહે છે. બાકી આ પંચમકાળમાં ઘણા કેટલા વિચારો કરે કે ક્યાં આત્માને ગોતવો? શું કરવું? કેમ કરવું? આ ગુરુદેવે તો ચોખ્ખું કરીને બતાવ્યું છે કે સુખ તારામાં છે. તારો આત્મા તારી આગળ છે એનું ભેદજ્ઞાન કર. આ બે તત્ત્વ જુદા છે. આ વિભાવ પણ તારું સ્વરૂપ નથી. શુભ ને અશુભ બેયથી તું જુદો ન્યારો તારો સ્વભાવ એને ઓળખ. કેટલો ચોખ્ખો માર્ગ, જેમ તૈયાર કરીને આપ્યો હોય એવી રીતે આપ્યો છે. પછી કરવાનું પોતાને રહે છે. એને ખાવાનું પોતાને રહે છે એક તૈયાર જ કરીને ગુરુદેવે તો બતાવ્યો એટલી સૂક્ષ્મ સૂક્ષ્મ વાતો બધાને કાને પડી ગઈ એટલું તત્ત્વ, એકલું ઉંડું તત્ત્વ સમજાવી દીધું છે.**

**જગતમાં જોઉં તો બીજા કેટલા સ્થૂળ સ્થૂળ વાતમાં પડ્યા હોય છે, ક્રિયાઓમાં ને જાડી જાડી વાતોમાં પડ્યા હોય છે એ ગુરુદેવે કેટલું સૂક્ષ્મ આત્માનું સ્વરૂપ બતાવીને**

તૈયાર કરીને આપ્યું. માત્ર પોતાને અંદરમાં ઉતારીને પોતાને પુરુષાર્થ કરવો પોતાને બાકી રહે છે. બાકી આ પંચમકાળમાં આવીને ગુરુદેવે એટલું બધાને આપી દીધું છે. માર્ગ બતાવી દીધો કે સુખ ક્યાં ગોતવું કે ક્યાં ગોતવા જાવું કોઈને ક્યાંય ગોતવા જાવું પડે એવું નથી કે આ એનો માર્ગ આખો બતાવી દીધો. કોઈ ક્રિયામાં પડ્યા હતા, કોઈ ક્યાંય ધર્મ માનતા હતા, કોઈ ગોખી, ભણીને ધર્મ માનતા હતા, કોઈ ભક્તિમાં માનતા હતા કોઈ ક્યાંય માનતા હતા એ બધાયને એકદમ ચોખ્ખું કરીને બતાવ્યું, તારા અંતરમાં માર્ગ છે. એ કોઈ અપવાસ કરીને ક્યાંય, ક્યાંય ધર્મ માનીને બેઠા હતા.

(3-119-9)

**શ્રોતાઓ :** ભગવતી માતનો જય હો....
માતાજીની અમૃતવાણીનો જય હો....

* * *

## પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી, ભાગ-૩

# તત્ત્વચર્ચા - ૧૨૦

**શ્રોતા :** પૂર્વના સંસ્કાર ન હોય તો પછી શું કરવું?

**પૂજ્ય બહેનશ્રી : પૂર્વના સંસ્કાર હોય તો જ ગમે એવું કાંઈ નથી હોતું. પૂર્વના સંસ્કાર હોય તો એને એક થોડું એને હાથમાં તૈયાર થોડું હોય તો એને જરાક એને પ્રયત્નમાં ને એમાં જરા સહેલું પડે, એટલું બાકી સંસ્કાર જેને સંસ્કાર ન હોય તો નવા સંસ્કાર તૈયાર કરવા એ ક્યાંય જેને પૂર્વના હોય એને કાંઈ પહેલાં પૂર્વના ન હોય જે સંસ્કાર પડે ત્યારે પહેલું જ હોય ને! પૂર્વભવમાં પડ્યા હોય ત્યાં પહેલું હોય કારણ કે જેને જ્યારે પડે ત્યારે પહેલાં જ પડે. કાંઈ અનાદિના નિગોદમાંથી સંસ્કાર લઈને કોઈ આવતું નથી જ્યારે પડે ત્યારે પહેલાં જ પડે. એ તો નો સંસ્કાર હોય તો નવા સંસ્કાર તૈયાર કરી શકે છે. કે એવા સંસ્કાર આત્મામાં એવી જાતના સંસ્કાર વારંવાર અભ્યાસ કરે કે હું જ્ઞાયક છું, હું આત્મા છું. આ મારું સ્વરૂપ નથી, આમાં દુઃખ છે, આત્મામાં સુખ છે. આત્મા જાણનારો એ બધા સંસ્કાર પોતે નવા તૈયાર કરી શકે છે. આવા ગુરુદેવ મળ્યા ને સંસ્કાર ન પડે એ કાંઈ વાત? પોતાની તૈયારી હોય તો પડ્યા વગર રહે જ નહીં. આવા ગુરુદેવના વર્ષો સુધી વાણી સાંભળી નવા સંસ્કાર તૈયાર થઈ શકે છે. કાંઈ પૂર્વના હોય તો જ પડે એવું કાંઈ નથી. આત્મા છે ને, આત્મા પોતાને સ્વભાવની રુચિ એ સ્વયં પોતે આવા ગુરુદેવ મળ્યા ને પોતાનો ઉપાદાન તૈયાર ન**

**થાય એ કેમ બને એમ? જેને રુચિ હોય એને તો સંસ્કાર નવા થઈ શકે છે એમ. (3-120-1)**

**શ્રોતા :** નવલચંદભાઈ કેવા જોરદાર સંસ્કાર પાડીને ગયા ને...

**પૂજ્ય બહેનશ્રી : હાં કેવા જોરદાર સંસ્કાર હતા**

**શ્રોતા :** નવા જ પાડ્યા ક્યાં અમારા શ્વેતામ્બરના ને ક્યાં આ?

**પૂજ્ય બહેનશ્રી : કોઈ કાંઈ અનાદિના સંસ્કાર લઈને આવતો નથી જ્યારે પડે છે તેને નવા જ પડે છે.**

**શ્રોતા :** .....જ્ઞાન રાગરૂપે કેમ પરિણમે છે?

**પૂજ્ય બહેનશ્રી : અનાદિકાળનો વિભાવ છે ને! વિભાવનો અભ્યાસ છે એટલે એ તરફ જાય છે. કર્મનું નિમિત્ત પોતાની મંદતાને કારણે પોતામાં વિભાવની યોગ્યતા છે ને પોતે પુરુષાર્થ એ બાજુ જાય છે એટલે પરિણમે છે પોતે જ એ તરફ જાય છે. કર્મનું નિમિત્ત છે. કર્મનું નિમિત્ત કરાવતું નથી. પોતે વિભાવ તરફ પોતાની પરિણતિ જાય છે. સ્વભાવ તરફ પરિણમવું પોતાના હાથની વાત છે, ને વિભાવ તરફ પરિણમવું પોતાના હાથની વાત છે. પણ વિભાવમાં કર્મનું નિમિત્ત છે, નિમિત્ત કરાવતું નથી પણ નિમિત્ત છે એમ. સ્ફટિક સ્વભાવે શુદ્ધ છે પણ ઓલો લાલ-પીળાં ફૂલ કાંઈ કરતું નથી. ફૂલ તો નિમિત્ત છે, પણ એમાં સ્ફટિક પોતે પરિણમે છે પણ ઓલા ફૂલનું નિમિત્ત છે એમ. પોતે પરિણમે છે પોતે. પુરુષાર્થ દ્વારા પોતે પોતે સ્વભાવ તરફ પરિણમે એવો એનો સ્વભાવ છે પણ વિભાવ તરફ પરિણમે છે પોતે. (3-120-2)**

**શ્રોતા :** શુભભાવરૂપે પરિણમે છે ત્યાંથી શું ખામી રહેતી હશે? રુચિની કે પુરુષાર્થની? જે ભાવરૂપે થાય છે એમાં..

**પૂજ્ય બહેનશ્રી : પુરુષાર્થની ખામી, રુચિની ખામી, બધી ખામી છે. પોતે પોતાને જાણતો નથી. પોતે પોતાના સ્વભાવ તરફ રુચિ નથી. પુરુષાર્થની મંદતા છે બધી ખામી છે.**

**શ્રોતા :** વાંચન કરીએ, વાંચીએ, વિચારીએ ત્યારે પાછું બધું સરખું લાગે વળી પાછું કાંઈ ન થાય, આગળ ન થાય એમ થયા કરે. વાંચીએ ત્યારે એમ જ થાય કે આમ જ કરવું છે, આમ જ કરવું છે, જ્યાં બીજા કામમાં જોડાઈએ ત્યાં પાછું....

**પૂજ્ય બહેનશ્રી : એ અનાદિનો અભ્યાસ છે ને એટલે એ અભ્યાસમાં પોતે જોડાઈ જાય છે. જે સ્વભાવ પોતાનો સહજ છે કે જેને કાંઈ કરવું એમાં કૃત્રિમતા નથી. સહજ પોતાનું છે, તો એના બદલે એને આ વિભાવ સહજ થઈ પડ્યો છે. વિભાવ એને એટલે મહેનત કરવી નથી પડતી અને સહેજે સહેજે બધું એને યાદ સ્ફૂરી આવે છે અને ઓલો સ્વભાવ તરફ જાવું હોય તો વારંવાર, વારંવાર, વારંવાર એનો અભ્યાસ**

કરે ત્યારે એને સહજ થાય છે. છે સહજ એ, પણ અનાદિનો અભ્યાસ ઓલો છે, એટલે એ સહજ જેવો થઈ પડ્યું છે. ઓલુ પોતાનો સ્વભાવેય નથી અને એ સહજેય નથી તોપણ અનાદિનો અભ્યાસને લઈને એ સહજ થઈ પડ્યું છે અને આ પોતાનો સ્વભાવ છે. સહજ છે, તોપણ એને દુર્લભ થઈ પડ્યું છે પણ વારંવાર જો અભ્યાસ કરે એનો ને એનો કે હું જ્ઞાયક છું, હું જ્ઞાન છું, એમ વારંવાર અભ્યાસ કરે તો એ સહજ થાય. તો સહજ સ્વભાવે પરિણમે. તો એની પરિણતિ સ્વભાવ તરફ સહેજે જાય એમ.

પોતે સ્વભાવે શુદ્ધ તથા તોપણ અશુદ્ધરૂપે પરિણમે એ અચરજની વાત છે, એમ આવે શાસ્ત્રમાં, કે પોતાનો સ્વભાવ શુદ્ધ, શુદ્ધાત્મા પોતે છે તો પણ અશુદ્ધતારૂપે પરિણમે, એમાં કર્મ એને કાંઈ કરાવતું નથી. કર્મ એને પરાણે કહેતું નથી. તોપણ પોતે પરિણમે છે એ એક અચરજની વાત છે. પણ એ એની અનાદિની એ જાતની પુરુષાર્થ એ તરફ જ દોડી રહ્યો છે. એની રુચિ તે તરફ જાય છે. પુરુષાર્થ તે તરફ જાય છે. જ્ઞાન પોતે પોતામાં સુખ છે એમ જાણતું નથી ને વિભાવ તરફ દોડે છે. (3-120-3)

**શ્રોતા :** પોતાનું સુખ છે એ જાણતું નથી.

**પૂજ્ય બહેનશ્રી :** સુખ છે એય જાણતો નથી ને આ વિભાવનું દુઃખ એને લાગ્યુંય નથી. યથાર્થ જો લાગે કે સ્વભાવ જ અનુકૂળ ને સ્વભાવ જ મારે આનંદરૂપ છે અને સ્વભાવમાં જ આનંદ છે એવી જો દૃઢ પ્રતીતિ થાય તો પુરુષાર્થ એ તરફ પરિણમ્યા વગર રહે જ નહીં. પણ એ ભેદજ્ઞાન કરવાનો પ્રયત્ન કરે, વારંવાર કે આ શરીર ભિન્ન, વિભાવ સ્વભાવ મારો નથી. હું જ્ઞાયક છું. એમ વારંવાર મારા સ્વભાવમાંથી જ બધું આવે છે. વિભાવ વિભાવ મને દુઃખરૂપ છે. એમ જો યથાર્થ કરે, વારંવાર નિરાળો થઈને પરિણમે, તો નિરાળી પરિણતિ પ્રગટ થાય. સ્વભાવે તો નિરાળો જ છે.

**શ્રોતા :** પહેલાં તો વિકલ્પ દ્વારા બધું એમ બધું નક્કી કરવું ને! કે આનાથી જુદો છું, આનાથી જુદો છું.

**પૂજ્ય બહેનશ્રી :** પહેલાં તો એને વિકલ્પ આવે છે પણ અંતરથી એમ રુચિપૂર્વક એમ વિચાર આવ્યા, વિકલ્પ વારંવાર રુચિપૂર્વક જો કરે તો અંદર તો એનો અભ્યાસ દૃઢ થાય. નહીંતર તો માત્ર ગોખવારૂપે તો ઉપર ઉપરથી હાલ્યું જાય છેક વિભાવનો ને એક ચૈતન્ય પોતે શાશ્વતો અંતરમાં છે પણ વિભાવ જાણે, વિભાવ સ્વભાવ જ કેમ મારો હોય એની જોડે અનંતકાળથી આવું થઈ પડ્યું છે. જો પોતે પોતા તરફ દોડે તો એને કાંઈ કર્મ પરાણે એને જોડાવા, પોતામાં જોડવાનું કહેતું નથી પોતે પુરુષાર્થ કરે તો. માખણને જેમ વલોવે, એમ પોતે જો ભેદજ્ઞાન કરવાનો પ્રયત્ન

**વારંવાર કર્યા કરે ને જુદો છું, જુદો છું પછી માખણ ઉપર આવી જાય પછી એમાં કાંઈ ભેગું થાતું નથી. એમ પોતે જો વારંવાર ભેદજ્ઞાનનો અભ્યાસ કરે, જો ભેદજ્ઞાન થાય તો પોતે જુદો જ છે. પછી એકત્વ થાતું નથી. એકવાર જો એને પ્રગટ થઈ જાય તો પહેલાં જેવો જે એકત્વ હતો એવું એ પછી એકત્વ થાતો જ નથી. સ્વભાવ તો જુદો જ છે. અનાદિનો શાશ્વતો દ્રવ્ય તો જુદું છે માત્ર પરિણતિ એમાં એકતા કરી રહી છે પરિણતિમાં ભ્રાંતિ. (3-120-4)**

**શ્રોતા :** .... આ ભેદજ્ઞાન કરવાનું રહે ને આખો દિવસ......

**પૂજ્ય બહેનશ્રી : ઈ કરવાનું છે, હું ચૈતન્ય શાશ્વત છું, એના ઉપર દૃષ્ટિ કરવી. હું જ્ઞાયક છું, હું જ્ઞાયક છું એમ કરે આ વિકલ્પ તે હું નથી, વિભાવ તે હું નથી, હું જ્ઞાયક છું, હું જ્ઞાયક છું, વારંવાર અંતરથી કરે એમ. એ માત્ર ગોખવારૂપ તો ઠીક છે પણ એ ઉપર ઉપર થાય પણ અંતરથી પોતે રુચિપૂર્વક, બસ આ જ કરવા હું જુદો તે જુદો ત્રણેકાળે જુદો જ છું. એમ શાશ્વત ચૈતન્ય છું, વારંવાર હું જુદો છું, ક્ષણે ને પળે હું જુદો છું, જુદો છું ભૂલી જાય, એમાં જોડાઈ જવાય તોપણ વારંવાર હું જુદો છું, હું ચૈતન્ય જુદો છું, વાર લાગે પણ પ્રયત્ન તો એ જ કરવાનો છે. અંતરમાં જ્ઞાયક અને વિકલ્પમાં દેવ, ગુરુ, શાસ્ત્ર બસ એ જ રાખવા જેવું છે.**

**શ્રોતા :** જ્ઞાનની પર્યાય એનું જરાક સ્પષ્ટીકરણ વધારે, ઇચ્છા થાય છે. શ્રદ્ધા માટે આપે કહ્યું એ તો નિશ્ચય જ છે જ્ઞાનની પર્યાયમાં વ્યવહાર કહેવાય, વાંધો નહીં. પછી પરાઙ્મુખે સ્વાશ્રિત પર્યાય, ભાવશ્રુતજ્ઞાનની તો એને વ્યવહાર કહી શકાય તો એને તો નિશ્ચય કહેવો, પછી મેં ક્રોસ કર્યો કે આની અપેક્ષાએ આ નિશ્ચય જ્ઞાનની પર્યાય ને શ્રદ્ધાની પર્યાયને વ્યવહાર કહેવાય કે નહીં તો આપે કહ્યું ના. એ તો એમાં તો નિશ્ચય છે તો જરાક એનું સ્પષ્ટીકરણ. શ્રદ્ધાની પર્યાય નિર્વિકલ્પ છે અને પરિપૂર્ણ શુદ્ધ થાય છે અને એકદમ સ્વભાવમાં વ્યાપ્ત થઈ જાય છે માટે એમાં કોઈ પ્રકારની અધૂરાશ પણ નથી અને નિર્વિકલ્પ હોવાથી એમાં શ્રદ્ધાની પર્યાયનો કોઈ બીજો વ્યવહાર નથી એકલો નિશ્ચય છે. જ્ઞાનની પર્યાયમાં તો બે પડખાય છે સવિકલ્પ છે અને એ અપેક્ષાએ વ્યવહાર કહેવાય ઓલો માટે નિશ્ચય છે એમ ખ્યાલ આવ્યો છે એ બરાબર છે ......

**પૂજ્ય બહેનશ્રી : નિર્વિકલ્પ છે શ્રદ્ધાની પર્યાય એમાં કોઈ ભેદ નથી એનો વિષય પણ અભેદ છે અને એ પરિણતિ....(પોતે પણ) પોતે પણ અભેદ છે. એ છે પર્યાય પણ એનો વિષય અભેદ છે માટે એ નિશ્ચય જ છે. અને એ પોતે એમાં ભેદ નથી પડતો શ્રદ્ધાની ઉપર અને જ્ઞાનની પર્યાયમાં બેય નયના પડખા પણ આવે છે.**

**(3-120-5)**

**શ્રોતા :** એમાં સ્યાત્-પણું લાગુ પડે છે કે આ બે નય છે એટલે?

**પૂજ્ય બહેનશ્રી : બે નય પણ આમાં એક જ ચાલે છે. એક શાશ્વતો એક આત્મા ગ્રહણ કરે છે બસ. એમાં કોઈ પડખા કે ભેદ ગ્રહણ નથી થાતું. નિર્વિકલ્પ, નિર્વિકલ્પને જાણે જ્ઞાન પોતે, ભેદને જાણે, એ અભેદને જાણે, દર્શનને જાણે, બધું જ્ઞાનમાં બધું જાણે (શ્રોતા : જાણવાનો વિષય છે) જાણવાનો વિષય છે. પ્રતીતમાં કોઈ ભેદ નથી. પછી એ ભલે તો પરમઅવગાઢ થાતું જાય છે. ગુરુદેવે વર્ષો સુધી વાણી અહીં વરસાવી એને જુદી જુદી રીતે આત્માનું સ્વરૂપ બતાવ્યું, ચારે પડખેથી બધાને ક્યાંય જીવને મુશ્કેલી ન પડે એટલું ચોખ્ખું કર્યું. બસ હવે પોતાને કરવાનું જ બાકી રહે છે. ક્યાંક ક્યાંક ગોતવું પડે કે શોધવું પડે કે એવું કાંઈ નહીં.** (શ્રોતા : કોઈને પૂછવું ન પડે એટલું બધું ચોખ્ખું કરી દીધું) **એટલું ચોખ્ખું કરી દીધું છે કે બધાને એટલું હતું. હજી ગુરુદેવ તો હજી, હજી સુધી આપણી આગળ જ છે એમ માનવાનું છે. એમનો કેટલો પરિચય કર્યો એમણે કીધું એ જ હૃદયમાં રાખવા જેવું છે.**

**ગુરુદેવે હજી તો અહીં, હજી ગુરુદેવના એમના બધાં અહીં રજકણો ભૂમિમાં હજી, એમના બધા એમના બધા સંસ્કારો જે આપ્યા છે ઉડે છે. હજી તો તાજેતાજું, અને વર્ષો થયા હોય તોય તો ગુરુદેવે તો વર્ષો સુધી વાણી વરસાવી. કોઈ દિવસ ભૂલવા જેવું નથી. ને હજી તો ગુરુદેવ હમણા જ ગયા એવું લાગે છે. હજી તો બધાના હૃદયમાં છે, એ જ ગુરુદેવ જ હૃદયમાં રાખવા જેવું છે બીજું કાંઈ નહીં. એમાં શાસ્ત્રનું તો ક્યાં, જે ગુરુદેવે કીધું ને જે માર્ગે જાતા હતા. એ એમના આત્માને ઓળખે, પોતાના આત્માને ઓળખે એવું છે. શાસ્ત્રમાં આવે છે ભગવાનને ઓળખે, પોતાને ઓળખે, ભગવાનના દ્રવ્ય, ગુણ, પર્યાયને ઓળખે, પોતાને ઓળખે. એમ ગુરુને ઓળખે એ પોતાને ઓળખે છે એટલે ખરું. પોતાને પોતે તો અંદરથી ઓળખતો સીધી રીતે નથી. ગુરુદેવે આટલી વાણી વરસાવી એટલો માર્ગ ચોખ્ખો કર્યો ત્યારે પોતે એટલે રસ્તા, અત્યારે શાસ્ત્રોના અર્થો કરતાં પોતાને ગુરુદેવે કીધું એટલે આવડ્યું છે. કોને પોતાની મેળે આવડતું હતું?**

**એમાં બધા ક્રિયામાં કેટલાક પડેલા હતા. અર્થો કરતાં કોને આવડતા હતા? અર્થો બધા કરતાં ગુરુદેવે શીખવ્યા છે કે આમાં શું ઊંડું રહસ્ય છે. એટલે પછી અહીંયા પોતે મને આ આવડે છે એ તો ક્યાં રહ્યું ક્યાંય? ગુરુદેવે જ બધું સમજાવેલું છે માટે ગુરુદેવનો આત્મા શું કરતો હતો એમની આત્મા ઉપર દૃષ્ટિ રાખવા જેવી છે, તો પોતાનો આત્મા, એવો નિરાળો પોતાને પ્રગટ થાય. ગુરુદેવ કહેતા કે આત્મા નિરાળો છે. હું નિરાળો છું. ગુરુદેવનું શું, એમનું હૃદય કામ કરતું એ ઓળખે, પોતે તો પોતે**

પોતાને ઓળખે. કાંઈ હું આ સમજું છું એના કરતાં ગુરુદેવે જ બધું સમજાવ્યું છે. તો શાસ્ત્રનો અભિનિવેષ નીકળી જાય. એમાંથી ગુરુદેવે જ સમજાવેલું છે. પોતાની મેળે, પોતાની કાંઈક ચાંચ બૂડે એવું હતું જ નહીં. પોતે એનું રહસ્ય ખોલતાં પોતાને પોતાની મેળે ક્યાં આવડતું હતું? ગુરુદેવે જ બધું શીખવેલું છે.

ગુરુદેવે એ જાતની દૃષ્ટિ આપી કે આ દૃષ્ટિથી જો કે આમાં દ્રવ્યદૃષ્ટિ છે ને આમાં પર્યાય છે ને આમાં આ છે. ગુરુદેવે જ બધું શીખવ્યું છે. એમાં ક્યાં શાસ્ત્રનો અભિનિવેષ ઊભો રહે એવું છે. જે હોય ગુરુને ચરણે નાખવા જેવું છે એટલે પોતાનું બધું નીકળી જ જાય અંદરથી, જે છે એ બધું ગુરુદેવનું જ છે. મારું કાંઈ છે જ નહીં એમ. ગુરુદેવ પોતાની સમીપ જ છે, એમ જ માનવાનું છે. કાળ કાઢી નાખો વચ્ચેથી. ગુરુદેવ સમીપ જ છે. કરતા હતા એ કાંઈ જુદી રીતે કરતા હતા

એ ગુરુદેવે જ્યારે પદ્મનંદી એવું વાંચતા હતા એ કેવી જાતનું વાંચતા હતા. જ્યારે હે જિનેન્દ્રદેવ! હે ગુરુ પદ્મનંદીના શાસ્ત્રો વાંચતા ત્યારે એ કેવી રીતે એમનું હૃદય કેવું આવતું? કેવું ઊછળતું? અને વૈરાગ્યની વાતું કરે ત્યારે કેવી જાતનું બોલે છે હે માતા! હે જનની! વૈરાગ્યની એનું કેવું આવે છે. સીમંધર ભગવાનના મંદિરમાં પધાર્યા ત્યારે એમણે કેવી ભક્તિ! સાષ્ટાંગ પ્રણામ ને આંખમાં આંસુ આવ્યા. આ ગુરુદેવ આમ કરતાં જ્યાં ભગવાનનું નામ આવે ત્યારે કેવું હૃદય થાતું અને ઓરડીમાં ભગવાન બિરાજમાન કર્યા વારવારે ભગવાન આગળ જાતા, જે આવે તેને કહેતા હાલો ભગવાન બતાવું (હાલો ભગવાન દેખાડું... હાલો ભગવાન દેખાડું) ........

એ દશ્યમાન જ પ્રગટ કરવા જેવો અદશ્ય છે, પણ છે અંતરમાં તો એ શક્તિરૂપે છે પણ પ્રગટ પ્રગટ જ છે પોતે દૃષ્ટિની ભૂલ, ભૂલને લઈને જે નથી. પોતાનો નથી બીજાનો છે. પોતે પોતાને ભૂલી ગયો એટલે જાણે અદશ્ય થઈ ગયો હોય, જાણે દેખાતો નથી પણ પોતે જ છે. બીજો નથી કાંઈ! અંતર દૃષ્ટિ કરે તો પોતે પ્રગટ જ છે. એની જે શક્તિઓ, જ્ઞાન ને એ બધી છે એ બધી, જ્ઞાન પરિણમનરૂપ નથી એટલે શક્તિરૂપે છે બાકી પોતે દ્રવ્ય તો પ્રગટ જ છે એમ. જ્ઞાનનો અમુક ઉઘાડ રહે છે બાકી એનો જે પરિણપૂર્ણ જ્ઞાન એ શક્તિરૂપે થઈ ગયો છે. વિભાવ તરફ ગયો છે એટલે વિભાવની એકત્વબુદ્ધિને લઈને. (3-120-6)

**શ્રોતા :** જ્ઞાયકનો ખ્યાલ આવવો જોઈએ ને?

**પૂજ્ય બહેનશ્રી :** સૌ પહેલાં આ જ્ઞાયક છું એમ ખ્યાલ આવવો જોઈએ. જ્ઞાન સ્વભાવથી ભરેલો, મારો જ્ઞાન સ્વભાવ છે એમ ખ્યાલ આવી જાય છે. ચૈતન્ય દ્રવ્ય છું એ ચેતનામાં એના ગુણ અંદર બધા આવી જાય છે. એ દૃષ્ટિમાં ગુણનો ભેદ નથી

પડતો પણ એનું અસ્તિત્વ ગ્રહણ કરી લે છે કે આ હું જ્ઞાયક છું એમ. વિભાવની એકત્વબુદ્ધિ, પરદ્રવ્ય તે હું, વિભાવને બધા જે મારામાં જાણે પેસી ગયા હોય એવી એકત્વબુદ્ધિ થઈ રહી છે. બાકી પોતે તો શાશ્વત નિરાળું તત્ત્વ છે એને ભૂલી ગયો છે. પણ એ એક કરવાનું એ છે કે પોતાને જુદો પાડવો. અને પોતે પોતાના તરફ એની દર્શન, જ્ઞાન ને ચારિત્ર પ્રગટ કરીને અંતરમાં જાવાનું છે. કરવાનું એ છે. પણ એમ કરવામાં એને અનંતકાળ ગયો છે. બહારમાં ક્યાંય ક્યાંય રોકાઈ ગયો છે. ક્રિયાઓમાં અને આટલું કર્યું એટલે મને ધર્મ થઈ ગયો, શુભભાવમાં કે ક્રિયાઓ બધા એમાં રોકાઈ ગયો. પણ અંતરમાં હું ચૈતન્ય તત્ત્વ છું એને ઓળખ્યો નથી. એટલે એ એટલામાં અનંતકાળ એનો ગયો છે. પરિણતિ ફેરવવામાં એનો અનંતકાળ ગયો છે. માર્ગ મળ્યો નથી, ને માર્ગ એને સૂઝ્યો નથી સાચો. જિનેન્દ્રદેવ મળ્યા પણ પોતે ઓળખ્યા નહીં આ પંચમકાળમાં આવા ગુરુદેવ મળ્યા, માર્ગ બતાવ્યો, પણ એ માર્ગે ચાલવા જેવું છે અને એ જ રુચિ પ્રગટ કરવા જેવી છે. (3-120-7)

શ્રોતાઓ : ભગવતી માતનો જય હો....
માતાજીની અમૃતવાણીનો જય હો....

* * *

## પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી, ભાગ-૩

# તત્ત્વચર્ચા - ૧૨૧

**પૂજ્ય બહેનશ્રી :** ...જુદું ને આ બહાર દેખાય એ જગત જુદું છે. ચૈતન્યનું જગત જુદું છે ને આ દેખાય એ જગત જુદું. આ વિભાવનું જગત, પરદ્રવ્યનું જગત એમાં એકત્વબુદ્ધિ કરી રહ્યો છે કે આ બધું હું છું. આ વિભાવનું જગત દેખાય ને આ પરદ્રવ્યનું જગત જ દેખાય, અંદર ચૈતન્યનું જગત જે છે એ જુદું છે. એમાં જ્ઞાન ને એમાં લીનતા કરે એ તરફ એકાગ્ર થાય. દૃષ્ટિ જ્ઞાન ને લીનતા કરે તો એ ચૈતન્યનું જગત જુદું જ છે એનાથી. પોતે પોતામાં તન્મય થાતો હોય, તેમાં તે રૂપે પરિણતિને તદ્દગત કરતો એમાં જ વસી જાય તો આ જગત તો એને સહેજે જણાય છે એ જગત એને જુદી રીતે જણાય છે. આ જે જણાય છે એ એને એકત્વબુદ્ધિથી જણાય છે ઓલું એને સહજ જણાય છે. પોતે પોતામાં રહેતો, પોતે પોતાના ચૈતન્યમાં વાસ કરતો

**અનંતગુણ પર્યાય જે છે એ રીતે પરિણમતો, જગત, બહારનું જગત સહેજે જણાઈ જાય છે. એ જોવાની રીત એની જુદી હોય છે અંદરથી. એકદમ એની પરિણતિ સૂક્ષ્મ થઈ જાય છે પોતાને ગ્રહણ થાય છે, તો બહારનું જગત એના દ્રવ્ય, ગુણ, પર્યાયો એને જુદી જ રીતે દેખાય ને આ સ્થૂળ ઉપયોગમાં બધું જુદું દેખાય છે. બધું સ્થૂળ દેખાય છે.**

**શ્રોતા :** છદ્મસ્થને આવી રીતે થાય છે.

**પૂજ્ય બહેનશ્રી : છદ્મસ્થને (જગત નથી), એને પોતે પોતાના ચૈતન્યમાં સ્વાનુભૂતિમાં ચૈતન્યની ચૈતન્યની દુનિયા જુદી દેખાય છે સ્વાનુભૂતિની બાકી નિર્મળ ઉપયોગ વધારે વીતરાગતા થાય ત્યારે કેવળજ્ઞાની પોતે પોતામાં વાસ કરતાં પોતાના ચૈતન્ય જગતમાં રહેતા આ બહારનું જગત એને સહેજે જણાય છે. બાકી છદ્મસ્થને ઉપયોગ બહાર ને પોતામાં લીનતા કરે, સ્વાનુભૂતિ થાય, નિર્વિકલ્પદશા થાય પોતે પોતાની ચૈતન્યની દુનિયામાં વાસ કરી શકે છે. (3-121-1)**

**શ્રોતા :** દર્શન થયા, એ મને બરાબર શબ્દો યાદ નથી પણ એવું કાંઈક આવે છે.

**પૂજ્ય બહેનશ્રી : કેવળજ્ઞાનીને દર્શન... થઈ જાય.**

**શ્રોતા :** કેવળજ્ઞાનીને નહીં મુનિ મહારાજને પોતાને આજે જાણે કેવળજ્ઞાનના દર્શન થયા કોઈ જીવ નિર્વિકલ્પદશાને હિસાબે હોય કે મને બરાબર શબ્દ યાદ નથી.

**પૂજ્ય બહેનશ્રી : કેવળજ્ઞાનના દર્શન થયા....**

**શ્રોતા :** એ એમ માને છે કે એને

**પૂજ્ય બહેનશ્રી : કેવળજ્ઞાનીમાં કાંઈ ફેર નથી હોતો એવું જ ને! બધું જ એ 'નિયમસાર'માં આવે છે. આ બધું શું એમાં બાકી રહ્યું. બધું આવી ગયું એમ. એને કેવળજ્ઞાનીને બધું આવી ગયું. 'સમયસાર'માં ભાવાર્થમાં. કેવળજ્ઞાન એમાં આવી ગયું એમ. એક સ્વાનુભૂતિના અંશમાં એમ. જ્ઞાનરૂપ આત્મા જ્ઞાયક, જ્ઞાને જ્ઞાયકતાથી ભરેલો નિર્વિકલ્પદશામાં એના જ્ઞાયકતામાં જે દ્રવ્ય જે અનંતગુણ પર્યાય પીને બેઠેલો છે એનું વેદન થયું પછી બીજું શું જોઈએ? એમાં કેવળજ્ઞાન આવી ગયું, બીજું શું જોઈએ? કાંઈ જોવા બહારનું દેખાય એની હારે કાંઈ વિશેષતા નથી. પોતે પોતાને જાણે અને પોતે પોતામાં લીન થાય પોતે પોતાનું વેદન કરે એ એની વિશેષતા છે. માટે કેવળજ્ઞાનીના અનુભવ અને આ અનુભવમાં કાંઈ ફેર નથી. ઓલું તો વીતરાગ પૂર્ણ થઈ ગયા પછી બહાર જ નથી આવતા આ એનો અંશ છે એટલે એમાં ને એમાં કાંઈ ફેર નથી એમ.**

**કેવળજ્ઞાનીના અનુભવમાં ને આ અનુભવમાં કાંઈ ફેર નથી. પોતાની પોતે ચૈતન્ય ચૈતન્યમાં વસી જાય, ચૈતન્ય ચૈતન્યના ગુણોમાં વસી જાય, એ જ એક**

વિશેષતા છે માટે કેવળજ્ઞાનીમાં ને આમાં કાંઈ ફેર નથી. જેવું સિદ્ધ ભગવાનનો અનુભવ એવો સમ્યગ્દૃષ્ટિનો અનુભવ છે. એમાં કાંઈ એમાં ફેર નથી એટલે કેવળજ્ઞાનીનું વેદન એમાં આવી ગયું. કેવળજ્ઞાની એટલે લોકાલોકને જાણવો એ કાંઈ એ તો એને એક ચૈતન્યની અગાધ શક્તિ જ્ઞાનમાં, અગાધશક્તિથી ભરેલું છે. એ ચૈતન્યની અચિંત્યતાની મહિમા છે. એમાં લોકાલોક સહેજે જણાય. પણ એને કાંઈ પર તરફ દૃષ્ટિ નથી. એ તો પોતે પોતામાં વસી ગયો એની જ એને વિશેષતા છે. બહાર તરફ એને ઉપયોગ ક્યાં છે એને જણાઈ યા ન જણાય એની કાંઈ ઉપેક્ષાવૃત્તિ છે. નિરપેક્ષ તત્ત્વ ને નિરપેક્ષ પરિણતિ એને પર તરફની ઉપેક્ષા વર્તે છે. એ તો એની ચૈતન્યની શક્તિની એવી અગાધતા છે કે એમાં બધું જણાઈ જાય છે. જાણવું એનું નામ કહેવાય કે જેમાં નહીં જાણ્યું, નહીં આવે એટલે બધું જાણવું જ આવે છે. બાકી કેવળજ્ઞાનીનું વેદન ને સ્વાનુભૂતિનું વેદન બેય એક સરખું જ છે એમાં કાંઈ ફેર નથી. બસ એ ભાષા આવે છે. આ સમ્યગ્દૃષ્ટિના અનુભવ ને કેવળજ્ઞાનીના અનુભવમાં કાંઈ ફેર નથી. એની જાત એક જ છે. એમાં જાતમાં કાંઈ ફેર નથી. એની લીનતામાં એની તદ્રૂપતામાં એમાં અવગાઢતા એમાં ફેર હોય બાકી જાત એ એક જ છે. (3-121-2)

**શ્રોતા :** અવગાઢતામાં ફેર શા માટે છે?

**પૂજ્ય બહેનશ્રી :** એને લીનતા કોઈવાર એને વિશેષ હોય છે એમાં એની એ પરિણતિ પ્રમાણે હોય છે. પહેલાં સાચું જ્ઞાન પછી સાચું ધ્યાન. આત્માને ઓળખવાનો પ્રયત્ન કરવો ધ્યાનમાં પણ ભેદજ્ઞાનનો જ પ્રયત્ન કરવો. હું આ ચૈતન્ય, હું આ જ્ઞાયક સ્વભાવ છું. આ બધો મારાથી જુદું છે. હું એનાથી અત્યંત જુદો છું. હું ચૈતન્ય તત્ત્વ છું. બસ ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો. ચૈતન્યને ગ્રહણ કરવાનો અભ્યાસ કરવો, ભેદજ્ઞાન જ ઉપાય છે.

'ભેદવિજ્ઞાનતઃ સિદ્ધા સિદ્ધા યે કિલ કેચન'. જે સિદ્ધ થયા આ ભેદવિજ્ઞાનથી થયા છે અને જે નથી થયા એ ભેદવિજ્ઞાનના અભાવથી નથી થયા. માટે ભેદવિજ્ઞાન એ જ મુખ્ય છે. ભેદવિજ્ઞાન એની સાથે 'આ હું નથી, આ હું છું' પોતાના અસ્તિત્વને ગ્રહણ કરવો. નાસ્તિત્વની સાથે અસ્તિત્વ ગ્રહણ કરવો કે આ હું છું. 'હું આ ચૈતન્ય છું અને આ હું નથી. હું આ જ્ઞાયક છું ને આ હું નથી.' એમ એણે બધું દેખ્યું, એણે શું ન જાણ્યું, અંતર આત્માને જાણ્યો. બધું જાણ્યું. સમયસારમાં આવે છે કેવળજ્ઞાની અને સ્વાનુભૂતિના અનુભવમાં કાંઈ ફેર નથી. છતાંય ગુરુદેવનો ઘણાએ પરિચય કર્યો, ગુરુદેવના વ્યાખ્યાનો ઘણાએ સાંભળ્યા છે દેશ-પરદેશ, બધે ગુરુદેવે વિહાર કર્યો,

**ઘણાને જાગૃત કર્યા, જેણે ગુરુદેવના વ્યાખ્યાનો સાંભળ્યા હોય છે એને દૃષ્ટિમાં ફેર ક્યાં આવે? (3-121-3)**

**શ્રોતા :** એને બીજું ગમે નહીં કોઈ વાત! આવું સાંભળીએ ત્યારે લાગે છે કે સમકિત ઢુકડે જ છે, સામે દેખાય છે, પાછું ક્યાંક ગુમ થઈ જાય છે સમજ નથી પડતી.

**પૂજ્ય બહેનશ્રી : અંતરમાં એટલો પુરુષાર્થ ન હોય ને એટલે. એ ગુરુદેવ ચોખ્ખું કરીને બતાવ્યું છે એકદમ, કોઈને ક્યાંય ગોતવા જાવું પડે એવું નથી. એટલું સ્પષ્ટ માર્ગ કરીને આત્મા ને આત્માના ગુણો શું? ને આત્માની પર્યાય શું? ને કેમ ભેદજ્ઞાન થાય? ને સ્વાનુભૂતિ ને, સ્વાનુભૂતિ કોઈ જુદી અનુપમ છે. કર્તા ને જ્ઞાતાને બધું એકદમ સ્પષ્ટ કરીને બતાવ્યું. એકદમ તૈયાર કરીને આપ્યું છે, પોતાને કરવાનું જ બાકી રહે છે. એટલે પોતે કરતો નથી એટલે દૂર એને ભાસે છે.**

**શ્રોતા :** કરવામાં વાંધો શું પડે એ સમજમાં નથી આવતું.

**પૂજ્ય બહેનશ્રી : પોતાની રુચિ ને પુરુષાર્થની ખામી છે. એટલે આ કરવા જેવું જ છે એમ નક્કી કરીને જો કારણ આપે તો કાર્ય આવ્યા વગર રહે જ નહીં કાર્ય આવ્યા વગર રહે જ નહીં પણ પોતે એનો પુરુષાર્થ કરતો જ નથી. એટલી રુચિ પોતાને જરૂરિયાત લાગે તો પુરુષાર્થ થયા વગર રહે જ નહીં. કે આ કરવા જેવું જ છે એમ નક્કી દૃઢતાપૂર્વક જો પુરુષાર્થ કરે તો થયા વગર રહે જ નહીં. (3-121-4)**

**શ્રોતા :** એમાં દૃઢતાપૂર્વકની રુચિ થતી નથી આમ ધારણામાં લાગે કે આ યોગ્ય છે, સાચું છે પણ એટલી રુચિ થવી જોઈએ એટલી થતી નથી તો કરવું શું તેને?

**પૂજ્ય બહેનશ્રી : એના માટે પ્રયાસ કરવો, પોતાને જ કરવાનું છે. કોઈ કરી દેતું નથી એને માટે વારંવાર એનું ચિંતવન, મનન એનો અભ્યાસ એ જાતનું સત્સંગ, શાસ્ત્ર અભ્યાસ, બધું તત્ત્વવિચાર, અંદરથી તત્ત્વને ગ્રહણ કરવા માટે પોતે પોતાનો પુરુષાર્થ, બધું ઊભું વારંવાર એનો અભ્યાસ કરવો. ન થાય તો. વારંવાર એના સંસ્કાર ને એ જાતની ઓળખાણ પોતાને કેમ થાય અંતરમાં તેનો વારંવાર અભ્યાસ કરવો.**

**શ્રોતા :** એક બાજુ આપણે કહીએ છીએ કે એક પર્યાય બીજી પર્યાય સાથે સંબંધ જ નથી એક બાજુ આપણે કહીએ છે કે વારંવાર એનો વિચાર, તો એ બધું ભેગું થઈને કેવી રીતે મદદરૂપ થાય છે? જો કે બંને સ્વતંત્ર પરિણમન છે.

**પૂજ્ય બહેનશ્રી : એ તો એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપે થતું નથી. એક દરેક પર્યાય સ્વતંત્ર એટલે જે પર્યાય જે ક્ષણ પૂરતી છે વયી જાય. પછી બીજી પર્યાય આવે એટલે એને સંબંધ નથી પણ તોપણ દ્રવ્યની દ્રવ્યમાંથી જે દ્રવ્ય છે એની પર્યાય છે માટે એ બધી અપેક્ષા સમજવી જોઈએ. વિભાવ પર્યાય તો એનો સ્વભાવ નથી. તોપણ**

**વિભાવમાં પોતે જોડાય છે. સ્વભાવ પર્યાય ક્ષણે ક્ષણે પલટતી રહે છે તોપણ એ જે ગુણ છે એ ગુણની પર્યાય થાય છે. તો કોઈ અપેક્ષાએ જુદી ને કોઈ અપેક્ષાએ દ્રવ્યમાંથી પર્યાય થાય. એમાં બધી અપેક્ષા સમજીને પુરુષાર્થ કરવાનો છે એમ. જે અપેક્ષાએ ગુરુદેવે કીધું છે એ અપેક્ષાએ કરે તો પુરુષાર્થ થયા વગર રહે જ નહીં. બધી અપેક્ષા જુદી છે. દરેક દ્રવ્ય સ્વતંત્ર, દરેક વિભાવ પર્યાય પોતાનો સ્વભાવ નહીં. અનાદિ અનંત દ્રવ્ય શાશ્વત છે, એની પર્યાય ક્ષણે પલટતી. જેમ છે એમ સમજે તો પુરુષાર્થ થયા વગર રહે જ નહીં. યથાર્થ જ્ઞાન થાય, તો યથાર્થ પુરુષાર્થ થયા વગર રહે જ નહીં.**

**(3-121-5)**

**શ્રોતા :** મહાવીરને સિંહના ભવમાં મહાવીરસ્વામીને અને હાથીના ભવમાં પાર્શ્વનાથ ભગવાનને બે-પાંચ મિનિટમાં સમકિત થઈ ગયું? એટલું બધું જલ્દી કેમ થઈ ગયું આટલું બધું આપણે સાંભળીએ છીએ તોપણ થતું નથી. જે એમણે કદાપિ પહેલાં સાંભળ્યું નહોતું તે ભવોમાં છતાં પણ....

**પૂજ્ય બહેનશ્રી : એનો આત્મા એટલો તૈયાર અંદરથી, પુરુષાર્થથી એની પરિણતિ એ તરફ વળી એને લાગી આવ્યું કે બસ! આ આત્મા જુદો, આ બધું જુદું એ અંતરમાંથી એને એવી જાતનો પુરુષાર્થ કર્યો હોય એણે. પોતે પુરુષાર્થ**

**શ્રોતા :** .... માંસ તો પેટમાં પડેલું છે પાંચ મિનિટમાં એટલો શીઘ્ર પુરુષાર્થ..

**પૂજ્ય બહેનશ્રી : હા! થઈ જાય છે શીઘ્ર પુરુષાર્થ. પોતાનો સ્વભાવ છે કેમ ન થાય? પોતાનો સ્વભાવ આ તો વિભાવ છે એ વિભાવમાં જોડાઈ જાવો એ તો અનાદિના અભ્યાસ લઈને સહેજે સહેજે વિભાવમાં જાય છે, ઓલો તો એનો સ્વભાવ જ છે. એ સ્વભાવ પ્રગટ કરવું કાંઈ દુષ્કર નથી. પણ અનાદિનો વિભાવનો અભ્યાસ છે તેથી સ્વભાવ દુષ્કર થઈ પડ્યું છે. સ્વભાવ સહજ જ છે. જ્ઞાન પોતે જ છે. જ્ઞાયક પોતે જ છે. એને પ્રગટ કરવો એ સહજમાં પ્રગટ થાય. અંતર્મુહૂર્તમાં પ્રગટ થાય. નિગોદમાંથી નીકળીને ઓલા રાજકુમારો થયા ને એક ક્ષણવારમાં બહારમાં પલટી ગયા છે એ બહારના સંયોગો એને રોકતા નથી. એક ક્ષણમાં પોતાનો સ્વભાવ છે એને કેમ ન પ્રગટે?**

**રોકાવાનું કારણ પોતાનો અભ્યાસ, પોતે વિભાવ તરફ દોડ્યો જાય છે. એટલે નથી થતું. પોતે કરવા ધારે તો ક્ષણમાં સહજ છે. પોતે જ છે, ક્યાંય શોધવા જાવું પડે એવું નથી, સહજ સ્વભાવ છે માટે પ્રગટ થાય જ. જેમ અગ્નિનો સ્વભાવ સહેજેય ઉષ્ણ છે તો પાણીનો સ્વભાવ સહજ શીતળ છે એમ શીતળતારૂપે પરિણમવું એમ એનો સ્વભાવ જ છે. અગ્નિથી જુઓ એક બાજુ થઈ જાય તો શીતળતા તો એને વાર નથી**

**લાગતી. એમ આત્મા પોતે સહજ જ્ઞાન સ્વભાવ, સહજ શીતળ સ્વભાવ, સહજ આનંદ સ્વભાવ એ વિભાવથી પલટો ખાય તો એક ક્ષણની અંદર એને સ્વાનુભૂતિ ને બધું થઈ શકે. એમ છે. માટે સિંહના ભવમાં મહાવીર ભગવાન એવો જીવ પુરુષાર્થ થયો તો એકદમ થઈ ગયું સહજ સ્વભાવ છે માટે થાય જ. (3-121-6)**

**શ્રોતા :** અહીંયા તો આપે જે કહ્યું તે પ્રમાણે સત્સમાગમ, સત્શાસ્ત્ર, વાંચન, સદ્‌ગુરુથી કોઈથી પરિચય જ નહોતો તે ભવમાં અને ગુરુદેવે એકવાર કહ્યું હરણિયાનું માંસ પેટમાં પડ્યું છે તરત જ થઈ ગયું.

**પૂજ્ય બહેનશ્રી : તરત પરિણમન ચક્ર પલટાણું એકદમ અંતરમાંથી એક અનાદિમાં એકવાર કોઈ ગુરુ કે કોઈ દેવ મળે એવું નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે, કોઈ ભવમાં મળ્યા હોય પણ પોતાને અંતરમાં એટલા સંસ્કાર એ કોઈ ભવમાં મળ્યા હોય પછી તો પોતે પોતાનું ઉપાદાન તૈયાર થાય પલટી શકે છે.**

**શ્રોતા :** એટલે ગત જન્મનો અભિગમ ખરો?

**પૂજ્ય બહેનશ્રી : એ એકવાર કોઈ જિનેન્દ્રદેવ કે કોઈ ગુરુ સાક્ષાત્ મળે એવો દેશનાલબ્ધિ પ્રગટ થાય એવો સંબંધ છે પણ ઉપાદાન પોતાનું, નિમિત્ત દેવ અને ગુરુનું. એવું ગુરુ અને દેવ ને એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. એ કોઈ ભવમાં મળ્યા હોય પછી સંસ્કાર પછી પોતે પુરુષાર્થ ગમે તે ભવમાં કરે તો થઈ જાય એવું છે.**

**શ્રોતા :** સંસ્કાર નિશ્ચયમાં ખપાવવું જોઈએ કે વ્યવહારમાં ખપાવવું જોઈએ સંસ્કાર છે તેને?....

**પૂજ્ય બહેનશ્રી : સંસ્કાર છે તો વ્યવહાર છે, વ્યવહારમાં**

**શ્રોતા :** વ્યવહાર નિશ્ચયનો સમન્વય કેવી રીતે કરવો? સંસ્કાર વ્યવહાર જો પર્યાય પલટાતી જતી હોય ..... એમ કે વ્યવહારમાં નિશ્ચયમાં સંસ્કાર આત્માને કઈ રીતે મળે..

**પૂજ્ય બહેનશ્રી : એમાં રહે છે સંસ્કાર, યોગ્યતા રહે છે આત્મામાં અમુક પ્રકારની, એને પલટવાની યોગ્યતા રહે છે. નિશ્ચય એટલે એને પર્યાય પલટ્યા કરે પણ એનામાં યોગ્યતા અમુક પલટી શકે સ્વભાવ તરફ આવી શકે એવી યોગ્યતા છે આત્મામાં. સ્વભાવ તરફ ન પલટી શકે એવું નથી. એની યોગ્યતા છે.**

**શ્રોતા :** પછી સંસ્કારને સ્વભાવ તરફ નિશ્ચયદૃષ્ટિએ ખતવવી પડે ને!

**પૂજ્ય બહેનશ્રી : એ નિશ્ચય એટલે જે અનાદિ અનંત દ્રવ્ય અપેક્ષાએ એમ નિશ્ચય નહીં પણ એનો પલટન સ્વભાવ છે એ તો નિશ્ચય જ છે ને એમ! યોગ્યતા છે**

**એનો સ્વભાવ એને છે માટે એ નિશ્ચય પણ જે અનાદિ અનંત જે દ્રવ્ય સ્વભાવ છે એની અપેક્ષાએ વ્યવહાર છે એમ.**

**શ્રોતા :** નિર્વિકલ્પ અનુભવ ન થાય, સંસ્કાર વધતા જાય, જ્યાં સુધી સમ્યગ્દર્શન ન થયું હોય ત્યાં સુધી તેને વ્યવહાર છે.

**પૂજ્ય બહેનશ્રી : ત્યાં સુધી તો વ્યવહાર છે, સંસ્કાર છે, વ્યવહાર છે. પરિણતિ જે સંસ્કારની છે એ વ્યવહાર છે પણ વ્યવહાર એ ગધેડાના શીંગડા જેવો નથી એમ નથી. એ તો વ્યવહાર છે અમુક પ્રકારે, પોતે દૃષ્ટિ કરે એટલે એ પર્યાય પોતાના સ્વભાવ તરફ આવે છે. (3-121-7)**

**શ્રોતા :** સમકિતધારી પ્રાણીની વિષ્ટા પણ પવિત્ર છે તો એ એક કંઈ જાતનું કથન કહી શકાય? કંઈ દૃષ્ટિએ એક અહોભાવરૂપ કે નિશ્ચયરૂપ?

**પૂજ્ય બહેનશ્રી : એને ભક્તિ આવ્યા વગર રહેતી નથી. જે મોક્ષમાર્ગ તરફ જીવ વળ્યો છે જે અનાદિથી એકત્વબુદ્ધિ હતી એને મુક્તિનો અંશ જેને પ્રગટ થયો છે એવો અનુપમ આત્માનો નિર્વિકલ્પ સ્વાનુભૂતિ જેને પ્રગટ થઈ છે એટલે એને એમ કહેવાય કે એ ધન્ય છે એમ. એટલે એનું બધું પૂજનિક છે એમ. એવી રીતે, ભક્તિભાવથી કહી શકાય.**

**શ્રોતા :** શ્રીમદ્ ની અંદર ભક્તિની બહુ જ મહત્તા ગાય છે ભક્તિ, સત્સંગની તો એ ભક્તિનો અર્થ આપણે મોટપ લેવી કે ભક્તિ એટલે સામાન્ય ભક્તિ?

**પૂજ્ય બહેનશ્રી : ભક્તિ એટલે મહિમા, એના ગુણ તરફની મહિમા, જે મુક્તિ તરફ વળ્યા જે શ્રીમદ્જી અથવા જે જે જીવો મુક્તિ તરફ જેના પ્રયાણ અંદર પરિણતિનું થઈ ગયું છે. જે અનાદિનું નથી જે મુક્તિ તરફનો જે અંશ પ્રગટ થયો એની મહિમા એ ભક્તિ છે. અંતરમાં એની મહિમા આવે, જેની મુક્તિ તરફ જેની પરિણતિ પ્રગટ થઈ. સ્વાનુભૂતિ જેને પ્રગટ થઈ એ મહિમા એની મહિમા આવે, આ વિભાવ મહિમારૂપ નથી આ સંસાર મહિમારૂપ નથી. આ જે ક્ષણિક પર્યાયો જે બધી પલટ્યા કરે વિભાવની મહિમારૂપ નથી. પણ આત્મામાંથી જે સહજ સ્વભાવમાંથી જેને સહજદશા પ્રગટ થઈ સ્વાનુભૂતિ પ્રગટ થઈ તે મહિમારૂપ છે એટલે જેની એની દશાની મહિમા આવે એટલે એને પછી બધા એના કાર્યોમાં મહિમા જ આવે છે એમ. એ મહિમા જ્ઞાનપૂર્વકની મહિમા આવે છે. સમજણપૂર્વકની, પરીક્ષા કરીને મહિમા આવે છે એમ. (3-121-8)**

**શ્રોતા :** એક અંધ શ્રદ્ધા હોય ભક્તિની

**પૂજ્ય બહેનશ્રી : સમજણપૂર્વક મહિમા એમ. અંધશ્રદ્ધા નહીં, ને જ્ઞાનીને તું ઓળખ એમ, ઓળખીને એની મહિમા કર એમ આવે છે. પરીક્ષા કરીને મહિમા કર.**

**એની મુક્તિ તરફ વળ્યા છે એ બધું એને નક્કી થઈ જાય. પછી એની મહિમા કર. પણ તારી પરીક્ષા મૂળ પ્રયોજનભૂત વસ્તુની તું પરીક્ષા કરી લે એનું અંતર જોઈ લે, એની બાહ્ય ક્રિયા જોવા કરતાં એની અંતરની પરિણતિ જોઈ લે એમ. ગુરુદેવ કહેતા હતા કે તારે કાંઈ વસ્તુ ક્યાંક મૂકવી હોય તો જેની દુકાન એનું પ્રયોજનભૂત એનું શું છે કેમ ચાલે છે. બધું જોઈ લે. પછી એનું બધું ઝીણું ઝીણું પૂછે તો તને કાંઈ જવાબેય નહીં આપે પણ પ્રયોજનભૂત જાણી લે એમ જ્ઞાની પ્રયોજનભૂત એની દશા શું છે. તું જાણી લ્યે પછી એની અર્પણતા કરવી કે મહિમા કરવી જ્ઞાન અને મહિમા. એની મહિમા આવે ક્યારે કે અંદરમાં એને એ જાતની સંસાર તરફથી રુચિ ઉઠી જાય, આત્માની તરફ વળે એ સંસાર તરફથી એને વૈરાગ્ય આવી જાય, આત્મા તરફ મહિમા આવી જાય તો એને એવી રીતે જ્ઞાનપૂર્વક, વૈરાગ્યપૂર્વક અને મહિમાપૂર્વક એવી રીતે જો પોતા તરફ વળે તો એ સાચી રીતે એની બસ સ્વરૂપ સન્મુખ પરિણતિ જાય છે એમ. એકલું જ્ઞાન હોય તોય એને સૂકું થઈ જાય, સમજ્યા વગરની ભક્તિ કરે તો એને કાંઈ માર્ગ જડતો નથી. સમજ્યા વગરનો વૈરાગ્ય કરે, તોય એને કાંઈ સમજાતું નથી. માટે સમજણપૂર્વક વૈરાગ્ય, મહિમા બધું સમજણપૂર્વક હોવું જોઈએ. (3-121-9)**

**શ્રોતાઓ : ભગવતી માતનો જય હો....**
**માતાજીની અમૃતવાણીનો જય હો....**

* * *

## પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી, ભાગ-૩
# તત્ત્વચર્ચા - ૧૨૨

**શ્રોતા :** કારણ કે એક સ્થળે લખ્યું હતું જ્ઞાનમાર્ગ આ કાળમાં દુરારાધ્ય છે, માટે મોટાભાગના જીવો માટે ભક્તિમાર્ગ ,સરળ રસ્તો છે.

**પૂજ્ય બહેનશ્રી : ભક્તિમાર્ગ એટલે એકલું સમજ્યા વગરની ભક્તિ એમ નહીં. સમજણપૂર્વકની ભક્તિ.**

**શ્રોતા :** પછી જ્ઞાનમાર્ગ દુરારાધ્ય એટલે એનો અર્થ શું સમજવો.

**પૂજ્ય બહેનશ્રી : દુરારાધ્ય એટલે એમકે ઝાઝું જાણી લઉં, ઝાઝું ભણી લઉં, ઝાઝી ધારણા કરી લઉં, બધા શાસ્ત્રોનું બધું કંઠે કરી લઉં, ને બધું ગોખી લઉં, ભણી લઉં એવી જાતનો, એવું નહીં પણ પ્રયોજનભૂત જ્ઞાન તો હોવું જોઈએ પોતાને. હું આ**

ચૈતન્ય જ્ઞાનસ્વભાવ છું હું. હું આનાથી જુદો છું, હું આ વિભાવપર્યાય મારો સ્વભાવ નથી. હું દ્રવ્ય પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણે જેણે પ્રગટ કર્યું એવા જિનેન્દ્રદેવ, પૂર્ણ પ્રગટ કર્યું એ કોણ? એની સાધના કરનારા કોણ? મુનિઓ કોણ? અંશ જેને પ્રગટ થયો એવાં સમ્યગ્દૃષ્ટિ કોણ? એવી બધી પ્રયોજનભૂત વાત તો એણે જાણવાની વચ્ચે રહે જ છે. પ્રયોજનભૂત તત્ત્વ ન જાણે તો ક્યાંથી થાય? એક ક્યાંક ગામ જાવું હોય તો ત્યાં જાવું છે ધ્યેય કર્યા વગર એના પગલા જ નહીં ઉપડે માટે ક્યાં જાવું છે, એ તો નક્કી કર્યા વગર એ ક્યાં જાતો પુરુષાર્થ તરફ એનો પગલા જ ક્યાં મંડાતા હતા. જ્ઞાન આરાધ્ય એટલે મોટું જાણે કેટલું ભણી લઉં ને જાણી લઉં, એવી જાતની તારી દૃષ્ટિ રહેવા દે. ધારણા કરી લઉં, ગોખી લઉં ને એમ. પ્રયોજનભૂત તો જાણવાનું આવે છે એમ.

એ કાંઈ નુકશાનરૂપ નથી થાતું વચ્ચે એટલું જ્ઞાન તો હોય જ છે ને જ્યાં સુધી અંતરમાં ન જાય ત્યાં સુધી જ્ઞાન યથાર્થ કરે કે કેવી રીતે અંતરમાં જવાય એ જ્ઞાન કાંઈ એનું નુકશાનરૂપ નથી થાતું પણ એમાં રોકાઈ જાય કે ઝાઝું ભણી લઉં, ગોખી લઉં તો એમ નુકશાન એમ થાય કે અંતરમાં પ્રયાસ કરતો નહીં ને ભણવા ગોખવામાં એકજાતનો આગ્રહ રાખે તો એમાં. (3-122-1)

**શ્રોતા :** ધારણાજ્ઞાન લેવાનું

**પૂજ્ય બહેનશ્રી :** એ ધારણાજ્ઞાન છે. એમાં જાણવા, ગોખવામાં આત્માનું લક્ષ હોવું જોઈએ એમ. એ ગુરુએ ભક્તિ એને ભક્તિ એટલે ગુરુને ચરણે બધું ગુરુદેવે જ બધું બતાવ્યું છે. ગુરુદેવે જે માર્ગ બતાવ્યો પોતે અમુક જાતનો નિશ્ચય કરી વિચારી અને પોતે નક્કી કરે કે આ માર્ગ બરાબર છે પછી જે ગુરુ કહે એ બધું પ્રમાણ છે.

**શ્રોતા :** ગુરુદેવની હાજરી વગર ભૂલ કેમ શોધી શકાય?

**પૂજ્ય બહેનશ્રી :** પોતાની અંદર આત્માની જેને રુચિ લાગી કે આત્માનું કરવું જ છે તો ગુરુને શોધી લેશે. શ્રીમદ્ માં આવે છે ને કે એના નેત્રો જે જિજ્ઞાસુના નેત્રો સત્પુરુષને ઓળખી લે છે. એના નેત્રો એવા નિર્મળ થઈ ગયા હોય છે જેને જિજ્ઞાસા પ્રગટે, સાચી આત્માની જિજ્ઞાસા પ્રગટે એ સત્પુરુષને નેત્રો અંદર હૃદય નેત્રો એને ઓળખી લે છે કે આ પુરુષ કોઈ જુદા આ, કોઈ એનું જ્ઞાન કોઈ જુદું જ કામ કરે છે એમ ઓળખી લે છે.

**શ્રોતા :** ....... પણ આમ કાંઈ દેખાતું કેમ નથી? જણાતું કેમ નથી અંદર?

**પૂજ્ય બહેનશ્રી :** એ પ્રયત્નની ખામી હોય છે એટલે દેખાતું નથી.

**શ્રોતા :** પુરુષાર્થની ખામી

**પૂજ્ય બહેનશ્રી :** **પુરુષાર્થની. કારણ આપે એટલું કાર્ય આવ્યા વગર રહેતું નથી. કારણ પોતાનું ઓછું છે એટલે કાર્ય આવતું નથી. નહીં દેખાવાનું કારણ એ છે. પોતે જ છે. કાંઈ પોતાથી પોતે જુદો નથી, પોતે સાક્ષાત્ બેઠો જ છે પણ કારણ ઓછું છે માટે કાર્ય આવતું નથી માટે એ દેખાતો નથી. માટે કારણની ખામી છે. એને એમ લાગે કે હું પ્રયત્ન ઘણો કરું છું પણ જેટલો પ્રયત્ન જોઈએ, એટલો એને આપતો નથી એટલે દેખાતું નથી. (3-122-2)**

**શ્રોતા :** એટલો એનો પુરુષાર્થનો ઉપાડ ઓછો છે.

**પૂજ્ય બહેનશ્રી :** **ઉપાડ ઓછો છે.**

**શ્રોતા :** પોતાની જ ખામી ને?

**પૂજ્ય બહેનશ્રી :** **પોતાની જ ખામી. એ પોતાનો પ્રમાદ છે.**

**શ્રોતા :** પોતાનો પ્રમાદ છે.

**પૂજ્ય બહેનશ્રી :** **પોતાનો પ્રમાદ છે. અનાદિનો અભ્યાસ તે ચોવીસે કલાક પરિણતિ એકત્વરૂપે થઈ રહી છે. એમાંથી થોડીવાર હું જુદો, કે એવો કાંઈ વિચાર કરે એને જે પરિણતિ એકત્વ અનાદિની થઈ રહી છે ચોવીસે કલાક એમાં એનો પ્રયત્ન પણ ઉગ્ર સામો એ પ્રમાણે હોય તો એ પોતે કારણ આપે એટલું કાર્ય આવે ને! એટલો પોતા તરફ નિરાળો થઈને એનો વેગ પોતા તરફ વળવો જોઈએ, કે હું નિરાળો છું, એકદમ એકત્વબુદ્ધિ તોડીને, પોતાના ચૈતન્યમાં એકત્વ પરિણતિ કરવાનો એનો વેગ ને પુરુષાર્થ હોય તો એ થાય છે એમ. જેને થાય એને અંતર્મુહૂર્તમાં થાય છે. પણ એટલો એનો પુરુષાર્થ હોય છે. અને જેને એટલામાં નથી થાતું એને એનો અભ્યાસ એવો નિરંતર હોય તો થાય છે.**

**શ્રોતા :** એટલે નિરંતર એનું ઘોલન હોવું જોઈએ ને?

**પૂજ્ય બહેનશ્રી :** **નિરંતર ઘોલન હોવું જોઈએ.**

**શ્રોતા :** સ્વ પરમાત્માનું,

**પૂજ્ય બહેનશ્રી :** **પોતાના આત્માનું, હું જ્ઞાયક છું હું જુદો છું, આ શરીર મારું નથી, આ વિભાવપર્યાયો, એ સ્વભાવ મારો નથી. હું ચૈતન્ય તત્ત્વ જ્ઞાયક છું, હું શુદ્ધાત્મા, એ જે જાતની એને ભાવનાઓ ઉઠે, હું જ્ઞાયક એ જાતની એને અભ્યાસ હોવો જોઈએ. અંતરમાં સ્વભાવ ઓળખીને, એને બોલવા ખાતર કે ગોખવા ખાતર એ જુદું, પણ અંતરમાં તો એને હોવું જોઈએ તો થાય. એવો ભેદજ્ઞાનનો પ્રયાસ એને તીક્ષ્ણપણે હોય તો થાય. (3-122-3)**

**શ્રોતા :** ચોવીસ કલાક ભેદજ્ઞાન ચાલુ હોવું જોઈએ.

**પૂજ્ય બહેનશ્રી : ચોવીસ કલાક તો હોવું જ જોઈએ પણ એ ન રહી શકે તો એને અમુક અભ્યાસ તો હોવો જોઈએ ને! ઓલું તો એકત્વ પરિણતિ ચોવીસ કલાકની એને નિરંતર સહજ એ યાદ કર્યા વગર સહેજે થાય છે. તો આ પણ એટલું સહજ થાવું જોઈએ ને એમ. (શ્રોતા : સમ્યગ્દર્શન થાય....) તો થાય, તો વિકલ્પ તૂટીને સ્વાનુભૂતિ થાય એટલો ઉગ્ર અભ્યાસ જોઈએ.**

**શ્રોતા :** ઉગ્ર ભેદજ્ઞાન દ્વારા....

**પૂજ્ય બહેનશ્રી : ભેદજ્ઞાનની ઉગ્ર, ઉગ્રતા હોય તો નિર્વિકલ્પ સ્વાનુભૂતિ થાય. અને ચૈતન્ય તરફ, દ્રવ્ય ઉપર દૃષ્ટિ એવી જોરદાર હોય તો થાય એમ. ઓલું ચોવીસ કલાક છે તો આ ઉગ્રપણે અમુક તો હોવું જોઈએ ને એને? પછી તો એને સહેજે થઈ, પછી તો એને સહજ થાય, ત્યારે થાય ચોવીસ કલાક. સહજધારા થાય હજી તો પ્રયત્ન કરે છે ચોવીસ કલાક રહેવું એને મુશ્કેલ પડે છે પણ તોય અમુક પ્રયાસ તો હોવો જોઈએ ને! એકદમ સહજ થાય, જેને નિર્વિકલ્પ સ્વાનુભૂતિ થાય એને ચોવીસ કલાક આંતરા વગર સહજ ભેદજ્ઞાનની ધારા પ્રગટ થાય છે. પણ પહેલાં એનો પ્રયત્ન તો અમુક ઉગ્રપણે હોવો જોઈએ. દ્રવ્ય ઉપર દૃષ્ટિ ને ભેદજ્ઞાનની ધારા એમ હોવો જોઈએ. તો એને સ્વાનુભૂતિ થવાનો પ્રસંગ પ્રાપ્ત થાય. પહેલાં એનો પ્રયત્ન તો હોવો જોઈએ ને! જુદો પડવાનો નિરાળો થવાનો પ્રયત્ન, નિરાળો થવાનો પ્રયત્ન હોય તો નિરાળો થાય. તો વિકલ્પ તૂટે. વિકલ્પથી હું જુદો ચૈતન્ય, વિકલ્પથી જુદો થવાનો ન્યારો થવાનો પ્રયત્ન હોવો જોઈએ. (3-122-4)**

**શ્રોતા :** તો પહેલો એનો ઉપાડ કઈ રીતે હોવો જોઈએ?

**પૂજ્ય બહેનશ્રી : ઉપાડ તો એવો જ હોવો જોઈએ. એવું છે જેટલો જુદો છું. હું તારો દ્રવ્ય આ અનાદિ અનંત છે તારા ગુણો અનાદિ અનંત એમાં કાંઈ ફેરફાર થયો નથી. પર્યાય માત્રમાં ફેરફાર છે. માટે તું જુદો છે એમ વારંવાર એનો અભ્યાસ કરે. શાસ્ત્રમાં આવે છે ને, ધોબીના ઘરે વસ્ત્ર ભૂલી ગયો હતો એને વારંવાર ગુરુ વાક્ય કહે છે તું જુદો છો, તું જો આ તારું વસ્ત્ર નથી, આ પરભાવ તારો નથી, આ પરદ્રવ્ય તારું નથી. પારકું છે, વારંવાર કહે છે ત્યારે એને એમ થાય છે કે આ ગુરુદેવ કહે છે એ બરાબર છે. એટલે ચિહ્નો પરીક્ષા કરીને નક્કી કરે છે કે ઓલા વસ્ત્રના ચિહ્ન જોઈને નક્કી કરે છે ઓલા ધોબીને એમ. આ ચૈતન્યના ચૈતન્યના લક્ષણને પરભાવના લક્ષણથી પોતાને નક્કી કરે છે. ખરેખર આ બીજાનું પરભાવ છે, બીજાનું વસ્ત્ર છે. આ બીજું છે અને આ મારો જ્ઞાનસ્વભાવી લક્ષણથી ઓળખી લે છે. પરીક્ષા કરીને, આ**

જ્ઞાનલક્ષણ તે હું છું આ જ્ઞાયક તે હું છું. આ વિભાવ લક્ષણ, આકુળતા લક્ષણ પરનું છે. એમ પરીક્ષા કરીને નક્કી કરે છે ને. ગુરુદેવ વારંવાર એમના વ્યાખ્યાનમાં વારંવાર એક એમ જ આવ્યા કરે છે.

**શ્રોતા :** ભેદજ્ઞાન કરવામાં કેટલા ગુણો છે એક એક ગુણનું જુદું સ્વરૂપ...

**પૂજ્ય બહેનશ્રી :** એ દ્રવ્યની શક્તિ અનંતી છે, એની મહિમા તો આવવી જોઈએ ને! એમ કે દ્રવ્ય છે એટલે એ દ્રવ્ય શાશ્વત છે. દ્રવ્યની શક્તિ કેટલી છે અગાધ, અનંત ગુણોથી ભરેલી એમ. એ અનંતગુણોને પોતે કાંઈ ઓળખી, એને કાંઈ એને ગણી શકતો નથી. પણ એ દ્રવ્ય જે હોય, એ જે હોય એને સ્વભાવની મર્યાદા ન હોય. એ સ્વભાવની મર્યાદાવાળો હોય એ દ્રવ્ય જ ન કહેવાય માટે મર્યાદિત સ્વભાવ એનો જ્ઞાનસ્વભાવ અનંતો છે. એવા અનંતા અનંતા ગુણો એનામાં છે. પણ એક જ્ઞાનલક્ષણથી એને ઓળખે પણ દ્રવ્યની મહિમા એને આવે તો પણ એ ભેદજ્ઞાન કરી શકે છે. દ્રવ્યની મહિમા આવવી જોઈએ એમ.

એ અનંતગુણો એને દેખાતા નથી પણ એને દ્રવ્યની શક્તિ એને દ્રવ્યના લક્ષણથી ઓળખી લ્યે, કે દ્રવ્ય તો એવું હોય જે શાશ્વત ને અનંત શક્તિવાળું હોય. એનું નામ જ દ્રવ્ય કહેવાય એમ. કે જ્ઞાનસ્વભાવ આવ્યો જે મર્યાદિત હોય એ જ્ઞાન જ ન હોય જેમાં અનંત અનંત અગાધ જ્ઞાનસ્વભાવ છે એવા અનંત અનંત શક્તિઓથી ભરેલું દ્રવ્ય છે. ઈ એને ખ્યાલમાં આવે તો એને મહિમા આવે ને! કે મારો આત્મા અનંત શક્તિને અનંતગુણોથી ભરેલો છે. આ પરભાવ છે, આ તો પરદ્રવ્ય છે, હું તો અનંતગુણોની નિધિ છું, એને મહિમા પોતાના દ્રવ્યની આવવી જોઈએ. ઓળખવાનું કારણ એ કે પોતાની મહિમા આવવી જોઈએ કે હું અનંત શક્તિથી ભરેલો છું.

પછી એને દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવા માટે ગુણોના ભેદ પાડવાની જરૂર નથી પડતી. મારામાં આ ગુણ છે જ્ઞાન છે, દર્શન છે, ચારિત્ર છે, એ વચ્ચે આવી જાય, જ્ઞાન છે, દર્શન છે એમ છે પણ દૃષ્ટિ તો એક અભેદ ઉપર જ રહે છે. હું ચૈતન્ય તત્ત્વ શાશ્વત જ્ઞાન લક્ષણથી ભરેલો અસ્તિત્વ સ્વરૂપ હું છું. એમાં ગુણના ભેદની એને જરૂર પડતી નથી. એ તો જ્ઞાનમાં જાણે છે. એની મહિમા આવવા માટે થઈને અનંતાગુણો એના જ્ઞાનમાં જાણે છે, કે એમાં અનંતી શક્તિ ને અનંતગુણો છે. બાકી એને દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવા માટે મારામાં આટલા ગુણો છે. એવા ભેદ પાડવાની દૃષ્ટિમાં જરૂર નથી પડતી. જ્ઞાનમાં જાણે છે બધું. કે દ્રવ્યમાં અનંતાગુણો છે. (3-122-5)

**શ્રોતા :** એની દૃષ્ટિ દ્રવ્યની ઉપરની થઈ છે

**પૂજ્ય બહેનશ્રી : દૃષ્ટિ દ્રવ્ય અભેદ ઉપર રહે છે. એમાં ગુણોનો ભેદ પણ નથી પડતો. એમ જ્ઞાનમાં જાણે છે કે મારામાં અનંતગુણો ને અનંત શક્તિઓ છે.**

**શ્રોતા :** જ્ઞાનગુણને જાણે છે.

**પૂજ્ય બહેનશ્રી : જ્ઞાન અનંતા ગુણોને જાણે છે. દૃષ્ટિ તો અભેદ ને ગ્રહણ કરે છે.**

**શ્રોતા :** દૃષ્ટિ અભેદને ગ્રહણ કરે છે.

**પૂજ્ય બહેનશ્રી : હાં, અભેદને ગ્રહણ કરે છે. અનેકાંત એટલે એનું, દ્રવ્ય ને, દ્રવ્ય કોઈ અપેક્ષાએ શુદ્ધ છે. કોઈ અપેક્ષાએ અશુદ્ધ છે, એને અપેક્ષા સમજવી જોઈએ અનેકાંત છે, કે આત્મા દ્રવ્યદૃષ્ટિ, એનું દ્રવ્ય અનાદિ અનંત છે, એ દ્રવ્ય કોઈ દિવસ એ અશુદ્ધતા પામ્યું નથી. દ્રવ્ય અપેક્ષાએ શુદ્ધતા છે. પર્યાયમાં અશુદ્ધતા છે. ગુણ અપેક્ષાએ અનેક છે, અને દ્રવ્ય અપેક્ષાએ દ્રવ્ય એક છે, એ અનંતગુણોથી ભરેલું પણ એક જ છે. પણ એમાં લક્ષણ ભેદે ભેદ છે, અનેક છે, એ નિત્ય શાશ્વત છે, પર્યાય અપેક્ષાએ કોઈ અપેક્ષાએ એને અનિત્ય કહેવાય પણ દ્રવ્ય અનિત્ય નથી, પર્યાય અપેક્ષાએ અનિત્ય છે, એ અનેકાંત છે. આત્મા પોતે સ્વભાવ અપેક્ષાએ શુદ્ધ છે, એમાં વિકલ્પ થાય એ વિભાવની અપેક્ષા છે. વિભાવ એના સ્વભાવ નથી, એ પર્યાય ભેગું વિકારી પર્યાયની અપેક્ષા છે. એવી રીતે અનેકાંતની અપેક્ષા જુદી. જે અપેક્ષાએ એ શાશ્વત છે દ્રવ્ય, એ અપેક્ષાએ પાછું અશાશ્વત એ અપેક્ષાએ નથી. દ્રવ્ય અનાદિ અનંત પણ પર્યાય જે ક્ષણે ક્ષણે બદલાય એની અપેક્ષાએ અનિત્ય કહેવાય છે. પર્યાય અપેક્ષાએ. ગુણ અપેક્ષાએ અનેક કહેવાય પણ એ અનેક એવું નથી કે કટકા કટકા છે. એ ગુણ છે એ લક્ષણભેદે, પર્યાયના કાર્યભેદે એમ ભેદ છે. એની અપેક્ષા જુદી હોય છે. (3-122-6)**

**શ્રોતા :** મૂળ વસ્તુનું સ્વરૂપ એક છે.

**પૂજ્ય બહેનશ્રી : પોતે પોતાએ એક છે. અનંતગુણથી ગુંથાયેલું એક સ્વરૂપ છે એ. એ અનેકતાએ અપેક્ષાએ છે. બાકી નયોના તો ઘણા ભેદ આવે છે. સદ્ભૂત નય ને અસદ્ભૂત નય ને ઉપચરિત નય ને ઘણા અનુપચરિત ને શુદ્ધ ને અશુદ્ધ ઘણા ભંગો આવે છે. પણ મૂળ આ છે. દ્રવ્ય પોતાથી એક છે. ગુણ અપેક્ષાએ અનેક છે પર્યાય અપેક્ષાએ અનેકતા કહેવાય. પર્યાય અપેક્ષાએ તે અનિત્ય કહેવાય દ્રવ્ય અપેક્ષાએ નિત્ય છે.**

**શ્રોતા :** આ રીતે ભેદજ્ઞાન થાય.

**પૂજ્ય બહેનશ્રી :** હાં પોતે દ્રવ્યનું જ્ઞાન કરે (શ્રોતા : દ્રવ્યનું જ્ઞાન કરે) દ્રવ્યનું જ્ઞાન કરી હું વિભાવથી જુદો છું, હું જ્ઞાયક છું એમ, હું અભેદ છું.

**શ્રોતા :** તો એને સ્વનો અનુભવ થાય.

**પૂજ્ય બહેનશ્રી :** તો એમાં ચૈતન્યનો અનુભવ, એ અભ્યાસ કરે તો એનો અનુભવ થવાનો અવકાશ છે ભેદજ્ઞાન કરે તો.

**શ્રોતા :** અસ્તિ સ્વરૂપ છું, નાસ્તિ સ્વરૂપ છું બંને એકમાં કઈ રીતે સમાય?

**પૂજ્ય બહેનશ્રી :** પોતે પોતાના સ્વભાવની અપેક્ષાએ અસ્તિ સ્વરૂપ છે. પોતે છે, પોતાનો સ્વભાવ અસ્તિ છે. પણ એમાં વિભાવ તે પરદ્રવ્ય નથી, પરદ્રવ્ય, અને પરક્ષેત્ર, પરકાળ કે પરભાવ કે કોઈ એનામાં નથી. એવો એનો સ્વભાવ, નાસ્તિ સ્વરૂપ છે. કોઈ દ્રવ્ય એનામાં પેસતું નથી. કોઈનું ક્ષેત્ર એનામાં પેસતું નથી. કોઈનો ભાવ એનામાં પેસતો નથી. કોઈ પરકાળ એનામાં પેસતો જ નથી. એવો એનામાં નાસ્તિત્વગુણ એક રહેલો છે. પરથી એમાં નાસ્તિ છે. એકમાં પરની અપેક્ષાએ નાસ્તિ અને પોતાની અપેક્ષાએ અસ્તિ. એમ પોતાની પોતાની ને અપેક્ષાએ અસ્તિ ને પોતાની અપેક્ષાએ નાસ્તિ એમ નહીં. પોતાની અપેક્ષાએ અસ્તિ છે ને પરની અપેક્ષાએ નાસ્તિ છે. એ બધા પડખામાં એ સમજીને એક આત્માને ઓળખી લેવો.

એમાંથી મૂળ પ્રયોજનભૂત આત્માનું ભેદજ્ઞાન વિભાવથી કરીને એક ક્ષણિક પર્યાય પૂરતો એટલોય હું નથી. પણ હું શાશ્વતો, એવી દ્રવ્ય ઉપર દૃષ્ટિ, એવું જ્ઞાન કરવું, જ્ઞાન બધું કરવું પણ ગ્રહણ કરવો એક આત્માને. જ્ઞાન બધું કરવું. હવે તો એનો પુરુષાર્થ પણ યથાર્થ ઉપડે છે. એને જુદો જુદો દરેક ગુણમાં જુદો જુદો કાંઈક કરવું પડતું નથી. એક આત્મા ઉપર દૃષ્ટિ કરે તો એમાં પુરુષાર્થ એનો આવી જાય છે, 'એક હું આત્મા જુદો છું,' એ દ્રવ્યને જાણે ને એના ઉપર દૃષ્ટિ કરે, એમાં પરિણતિ કરે તો એમાં એનો બધો આખો મુક્તિનો માર્ગ શરૂ થઈ જાય છે. (3-122-7)

**શ્રોતા :** ઉપાડ ત્યાંથી...

**પૂજ્ય બહેનશ્રી :** દ્રવ્યને ગ્રહણ કરવો ન્યાંથી જ એનો ઉપાડ કરવાનો છે. જુદો, ભેદજ્ઞાન, નિરાળું તત્ત્વ ગ્રહણ કરવો જોઈએ. એમાં નિર્વિકલ્પ, એમાં જ સ્વાનુભૂતિ થાય છે પોતાને દ્રવ્યને ગ્રહણ કરવાથી. એ દિગંબર એટલે મૂળ વસ્તુનો માર્ગ જ છે એ વસ્તુનું સ્વરૂપ છે. એ મૂળ માર્ગ છે એને આચાર્યોએ જે માર્ગ બતાવ્યો એમાં જ છે બધું. આચાર્યોએ જે માર્ગ બતાવ્યો શાસ્ત્રમાં, ગુરુદેવે એનું સ્પષ્ટીકરણ કર્યું આખું માર્ગરૂપે. એમાં સમયસારાદિ કુંદકુંદાચાર્યે તો બધા આત્માનો માર્ગ બતાવ્યો છે. દરેક શાસ્ત્રોમાં જુદી જુદી વાતો, કોઈ શાસ્ત્ર, આચાર્યોએ કાંઈપણ બધાએ વસ્તુનું

સ્વરૂપ પૂછ્યું એક આત્મા માટે કરવાનું છે બધુંય. તેને માટે શાસ્ત્ર સ્વાધ્યાય, તત્ત્વ ચિંતવન, દેવ, ગુરુ, શાસ્ત્ર હૃદયમાં રાખવા, એક જ્ઞાયક અંતરમાં, બહારમાં એ બધું કરવાનું છે.

**શ્રોતા :** શરૂઆત ક્યાંથી કરવી?

**પૂજ્ય બહેનશ્રી :** એની શરૂઆત જ જીવમાં, હું કોણ છું? મારો શું સ્વભાવ છે? એ વિચાર કરવાનો, શાસ્ત્ર સ્વાધ્યાય કરવો. ગુરુદેવ હતા ત્યારે માર્ગ બતાવતા હતા. એ શાસ્ત્ર શ્રવણ કરવો જે ગુરુ એનો ઉપદેશ સાંભળવો, સત્સંગ કરવું જ્યાં એ જાતનું વાંચન થાતું હોય તે સાંભળવું કે શું માર્ગ છે? શું માર્ગ સાચો માર્ગ પોતે તો જાણતો નથી. કોઈ જાણેલાનો પરિચય કરવો, સત્સંગ કરવો એને પૂછવું એમ શરૂઆત થાય. પોતે પોતાની મેળે કાંઈ જાણતો નથી. કે મુક્તિનો માર્ગ શું છે? શું શાસ્ત્રમાં આવે છે પોતાની મેળે શાસ્ત્ર વાંચે તો એના અર્થો કેમ કરવા એ ખબર ન હોય, પણ એવો ન ટાઈમ હોય તો પોતાની મેળે કાંઈક વાંચો. સહેલું કાંઈ સમજાય એવું વાંચવું. એ વાંચવાથી કાંઈક વિચાર આવે, કંઈક શું કરવાનું છે ખબર પડે.

એ શાસ્ત્રમાં શું? ગુરુદેવના પ્રવચનો વાંચવા, કોઈ શાસ્ત્ર સમજાય એવા હોય એ વાંચવા, બાકી કોઈ સમજતું હોય, એનો સમાગમ કરવો બાકી કરવાનું તો એક જ છે. આત્મા જુદો છે. એને ઓળખવો પણ એ કેવો આત્મા છે? કેવા સ્વભાવનો છે એની મહિમા કેમ આવે? પોતે કંઈક એને ઓળખે તો મહિમા આવે ને! સાંભળે, શ્રવણ કરે કે આત્મા કંઈક જુદો છે. કોઈ અપૂર્વ તત્ત્વ છે. અનુપમ છે. આ લૌકિકભાવોથી, આ વ્યવહારિકભાવોથી, આત્મા કાંઈ જુદો છે. એનું ભેદજ્ઞાન કરે, એ વિકલ્પોથી આત્મા પર જુદો છે. એમ અંતર ભેદજ્ઞાન કરે, અંદર સમજે, એની મહિમા આવે, મહિમા આવે તો ભેદજ્ઞાન થાય નહીંતર ક્યાંથી થાય? માટે એ શાસ્ત્રસ્વાધ્યાય કરે, તત્ત્વનો વિચાર કરે. એકલું વાંચી જાય એવું નહીં પણ સમજીને એનો વિચાર કરે, કરવાનું તો આ જ છે. બાકી બધું તો અનંતા ભવો કર્યા, બધું ચાલ્યા જ કરે છે. કરવાનું આ અંતરમાં કાંઈક આત્માને ઓળખવાનો કંઈક પ્રયાસ કરવો તો એ પોતાનું છે. બાકી તો બધું હાલ્યા જ કરે છે. (3-122-8)

શ્રોતાઓ : ભગવતી માતનો જય હો....
માતાજીની અમૃતવાણીનો જય હો....

* * *

## પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી, ભાગ-૩

# તત્ત્વચર્ચા - ૧૨૩

**શ્રોતા :** ..

**પૂજ્ય બહેનશ્રી : આત્માકો બતાયા, સબકો મુક્તિકા માર્ગ બતાયા, પરમેં ધર્મ માનતા થા, ક્રિયા કર લિયા તો ધર્મ હો ગયા તો ઐસે ધર્મ માન લિયા થા. ગુરુદેવને ઐસે કહા કિ ક્રિયામેં ધર્મ નહીં હૈ આત્મામેં ધર્મ હૈ. ઐસા માર્ગ બતાયા. ........ સમ્યગ્દર્શનકે પીછે હોતી હૈ, પહેલે તો હોતી નહીં હૈ યથાર્થ. જબ જિનદેવ, જિનપ્રતિમા ધારણ કર લેવે.... જૈનોંકો ચારિત્ર આવે તો સમ્યગ્દર્શન બિના ચારિત્ર કૈસા હોવે?**

**શ્રોતા :** કાંઈપણ કરવા એટલું સ્પષ્ટપણે ખ્યાલ નથી આવતો. શું કરવું? ઘણી મુંઝવણ, ઘણી ગુંચવણ પણ થાય છે.

**પૂજ્ય બહેનશ્રી : તો એ સમ્યગ્દર્શન જ પહેલાં પ્રગટ કરવાનું છે ને આત્માનું ભેદજ્ઞાન કરવાનું છે. ભેદજ્ઞાન યથાર્થ દૃષ્ટિ કરે તો ખરું. એ નવ તત્ત્વના વિચારોમાં વિકલ્પથી આત્મા ભૂતાર્થદૃષ્ટિથી આત્માને જાણવો એ આવે છે. ગુરુદેવ કહેતા હતા. હું શાશ્વત આત્મા છું એ યથાર્થ. યથાર્થ શાશ્વત ભૂતાર્થદૃષ્ટિ, છતો આત્મા તેને ઓળખવો. પછી પર્યાય એની પાસે ગૌણ થાય છે. બધા સમાધાન થાય એટલું ચોખ્ખું કરીને કીધું છે. કરવાનું પોતાને રહે છે.**

**શ્રોતા :** આપને સમ્યગ્દર્શન પ્રગટ થયું તો આપે કેવી રીતે શું પુરુષાર્થ ક્યાં પ્રકારની કેટલી ઉગ્રતા...?

**પૂજ્ય બહેનશ્રી : એ તો બીજાને શું કહેવાનું હોય? અંતર એટલી લગની લાગી હોય તો પ્રગટ થાય છે. ક્યાંય ચેન પડે નહીં. આત્મા ને આત્મા વગર, અંતરમાં આત્મા ઓળખે ને પરિણતિ એ વારે વારે જેની ભાવના ઊઠ્યા કરે તો પુરુષાર્થ થાય. એમ જ થાતું હતું કે આ જીવન ચાલ્યું જાય છે. જીવનમાં એક જ કરવા જેવું છે. જન્મ-મરણ ટળીને અંતરમાંથી સ્વાનુભૂતિ. એ ન થાય ત્યાં સુધી શાંતિ ન થાય. એવી ઉગ્ર ભાવના થાય, એવી ઉગ્ર પુરુષાર્થ થાય તો થાય. ગુરુદેવે કીધું. માર્ગ ગુરુદેવનો, પરમ ઉપકાર, ભાવના પોતે, પુરુષાર્થ પોતાને કરવાનો રહે છે. કાર્યમાં એ રહ્યા કરે હું જ્ઞાયક જુદો છું. એ હિંમતભાઈ પૂછ્યા કરતા હતા કેટલું આઘું, કેટલું આઘું? તો એમને એમ**

**જવાબ દેતી હતી. એમ કાંઈ એમ ખબર ન હોય કે આપણે કોઈ એમ .... પુરુષાર્થ તો પોતાને કરવાનો રહે છે. (3-123-1)**

**શ્રોતા :** પુરુષાર્થની દોરી.....

**પૂજ્ય બહેનશ્રી : એમાંથી બોલાતું....**

**શ્રોતા :** કાંઈ કાર્ય .....

**પૂજ્ય બહેનશ્રી : એમને એમ બોલાતું હતું. પરની ભાવના, પોતે પુરુષાર્થ તો પોતાને કરવાનો રહે છે. માર્ગ તો બધાને માટે એક જ છે આત્માને જુદો જાણવો એ એક જ માર્ગ છે. બધી રીતે જુદો જાણ ને જુદો શ્રદ્ધવો, જુદો જાણવો ને જુદો અંદર આચરણ કરવાનું રહે છે.**

**શ્રોતા :** સ્વરૂપ અસ્તિત્વમાંથી ખૂબ વિચાર કરીએ છીએ તોપણ બરાબર ખ્યાલમાં આવે છે કે વસ્તુ તો આમ જ છે. પણ નિર્ણય ટકી નથી રહેતો. હું જ્ઞાયક જ છું રાગ વખતે ને પર ભેગુ ક્રિયા વખતે એકમેક થઈ જવાતું હોય એવો જ અનુભવ થયા કરે છે.

**પૂજ્ય બહેનશ્રી : એ નિર્ણય થાય પણ એકતાબુદ્ધિ અનાદિની છે ને એ પરિણતિ સહજ થઈ ગઈ છે, છે નહીં સહજ તોય અભ્યાસને લઈને સહજ થઈ. વારે વારે એમાં તોડવાનો પ્રયત્ન કરવો પડે. છૂટો છું, છૂટો છું વારે વારે પ્રયત્ન કરવો પડે ત્યારે એ છૂટો પડે. એ છૂટામાં પોતાને આનંદ આવવો જોઈએ, એ છૂટાની મહિમા આવવી જોઈએ, ઈ જ્ઞાયકમાં કાંઈ જુદું છે એમ લાગવું જોઈએ, તો એમાં એ ટકી રહે. જ્ઞાયકમાં રહેવાથી લૂખું લાગે, કાંઈ મહિમા ન આવે તોય ન ટકી શકે. જ્ઞાયકમાં કાંઈક ભરેલું છે. જ્ઞાયક મહિમાવાળો છે. જ્ઞાયક અનુપમ છે, એમ જ્ઞાયક એમ જુદો જુદો વારેવારે કરવાથી એને કાંઈક અંદરથી કાંઈક વિશ્વાસ, પ્રતીતિ કે આમાં કાંઈક ભરેલું છે એવું હોય તો જુદો ટકે. એવું એવું રહેવું જોઈએ તો વારે વારે હું જ્ઞાયક છું, જ્ઞાયક છું એમ છૂટો પડતો જાય કે આમાં એકતાબુદ્ધિ તો આકુળતારૂપ છે.**

**આમાં જ શાંતિ છે આમાં જ સમાધિ છે. આ જ્ઞાયક જ, જ્ઞાયકમાં જ બધું છે. એમ લાગે તો એ વારેવારે છૂટો પડતો જાય. ક્ષણે ક્ષણે જેમ, ભલે એકત્વ થાય પણ વારે વારે છૂટો પડવાનો પ્રયત્ન કર્યા જ કરે તો એનો છૂટાપણું સહજ થાય. ઓલું તો સહજ થઈ ગયું છે અનાદિનું. આને સહજ કરે તો એ સહજ થાય તો એને વિકલ્પ તૂટીને સ્વાનુભૂતિ થવાનો અવકાશ રહે. બાકી અંતરમુહૂર્તમાં ઘણાને થાય એ જુદું જ છે બાકી અભ્યાસ કરવાથી એમ વાટ જોવાય નહીં કે અંતર્મુહૂર્તમાં થાય. અભ્યાસ તો જે મુમુક્ષુ હોય એને અભ્યાસ કરવાનો જ વિચાર આવે કે હું છૂટો જ છું એમાં જ**

મુક્તદશા રહેલી છે, એમાં જ બધું ભરેલું છે. એ અંતિમ મુક્તિ પોતામાં જ પોતે નિરાળો થાય છે.

સ્વાનુભૂતિ એ જ અંશે મુક્તિ છે. માટે એમાં જ બધું મહિમા આવે, એમાં અનુપમતા લાગવી જોઈએ. બધું એમાં લાગે તો એ જ્ઞાયકમાં છૂટો પડે. પણ એમાં લૂખું લાગે એને કાંઈ લાગે નહીં તો એમાં ટકી ન શકે. ઓલી મહિમા આવી જાય ને આમાં કાંઈ લાગે નહીં કે હું જ્ઞાયક છું, એમાં શું? આમાં કાંઈ દેખાતું નથી. તો એમાં પાછું ટકી ન શકે. એની મહિમા લાગવી જોઈએ. એમાં કાંઈક લાગવું જોઈએ કે આમાં ભરેલું છે. આ જ ખરું છે તો એમાં ટકી શકે. ....... એટલે એમાં ખેંચાઈ જાય છે બહારના કાર્યમાં. ને એકત્વબુદ્ધિ છે ને એમાં ખેંચાઈ જાય છે. નિર્ણય એકકોર પડ્યો રહે છે. અને પરિણતિ એકતાબુદ્ધિ કરે છે, એમાં થાય છે. નિર્ણય એમ છે કે આ બધું જુદું, આ હું નથી પણ નિર્ણય નિર્ણયરૂપે રહી જાય છે અને પરિણતિ એકતાબુદ્ધિ થઈ જાય છે એમ. (3-123-2)

**શ્રોતા :** દરરોજના અધ્યાસમાં થોડુંક છૂટી જાય છે અને કાંઈક બીજે એકમેક થઈ જાય તો એમ થાય કાંઈ છે જ નહીં એમ થઈ જાય છે.

**પૂજ્ય બહેનશ્રી :** હાં ઓલો નિર્ણય કરેલો હોય એકકોર પડ્યો રહે ને ઓલું થઈ જાય પછી.

,,,, ગુરુદેવ કહેતા .......ના પ્રયત્નની ખામીને લઈને પોતાની જ ખામી છે, દેવ, ગુરુ, શાસ્ત્ર એ દેવ બતાવી રહ્યા છે. ગુરુએ તો માર્ગ બતાવવાનો હોય કોઈ અપૂર્વ માર્ગ છે. માટે આત્મા જુદો, શરીર જુદું, ....... એનાથી નિરાળો આત્માને ઓળખવો. હું તો જાણનાર છું, હું જ્ઞાયક છું એની મહિમા આવે, જ્ઞાયકમાં બધું, જ્ઞાયકમાં જો કાંઈ ન લાગે અને બહારની મહિમા લાગે તો કાંઈ થઈ શકતું નથી. જ્ઞાયકમાં બધું ભરેલું છે એમ અપૂર્વ છે. માટે એનાથી નિરાળો આત્મા એનું ભેદજ્ઞાન કરે. વારંવાર એનું ભેદજ્ઞાન કરે, વારંવાર ક્ષણે ક્ષણે કે હું જુદો જુદો છું. આ વિભાવથી હું જુદો છે. ચૈતન્યતત્ત્વ નિરાળો જ્ઞાયક છું આ જે જે પરિણામો થાય એને ક્ષણે ક્ષણે જુદા પાડવાનો પ્રયાસ કરે, ક્ષણે ક્ષણે પ્રયાસ કરે. તો એમાંથી નિર્વિકલ્પ વિકલ્પ તૂટીને સ્વાનુભૂતિ થવાનો પ્રસંગ આવે અને એની તૈયારી કેટલી? અનાદિકાળનો જે અભ્યાસ છે એમાં એકત્વ થઈ રહ્યો છે.

એકત્વબુદ્ધિ પોતે બુદ્ધિથી નિર્ણય કરીને વિચાર કરે કે હું જુદો એ જુદો ઈ એક વિચારપૂર્વક રહ્યા કરે. પણ અંદરથી પ્રયત્ન કરીને પરિણતિને છૂટી પાડવાની છે એમાં ક્ષણે ને ક્ષણે દિવસ ને રાત એની લગની લાગવી જોઈએ કે હું આત્મા જુદો, જ્ઞાયક

નિરાળો છું એ ગુરુદેવે ઘણુંય બતાવ્યું છે. ઈ એનું ને એનું સ્મરણ કરે, એ ન થાય ત્યાં સુધી એ જાતનો શાસ્ત્રો વાંચવા. ગુરુદેવ બતાવ્યા એના ગુરુદેવના પ્રવચનો વાંચવા, વારંવાર એના વિચારો એના તત્ત્વનું ચિંતવન કરવું એક જ્ઞાયકને ઓળખવાને માટે એ કરવાનું છે.

દેવ, ગુરુ, શાસ્ત્રને હૃદયમાં રાખી ને આ જ્ઞાયક હૃદયમાં રાખવો, એને ભેદજ્ઞાનનો પ્રયાસ કરવો, એનો મુખ્ય ઉપાય છે. ભેદજ્ઞાનનો પ્રયાસ કરવો એને માટે બધું, આ શાસ્ત્રસ્વાધ્યાય, દેવ, ગુરુ, શાસ્ત્રની મહિમા એ બધું એને માટે છે. એ જ્ઞાયકનો અભ્યાસ, ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો ક્ષણે ક્ષણે એ એનો ઉપાય છે. એ ભેદજ્ઞાન ન થાય ત્યાં સુધી અંતરમાંથી સ્વભાવ ઓળખીને ભેદજ્ઞાન થાવું જોઈએ. એનો ઉપાય એ એક જ ઉપાય છે. જે સિદ્ધ થયા છે તે ભેદવિજ્ઞાનથી થયા છે. 'ભેદવિજ્ઞાનતઃ સિદ્ધા સિદ્ધા યે કિલ કેચન.' જેટલા સિદ્ધ થયા ભેદવિજ્ઞાનથી થયા છે. જે નથી થયા તે ભેદવિજ્ઞાનના અભાવથી નથી થયા. અને ગુરુદેવ વારંવાર એ જ બતાવતા હતા કે તારો આત્મા જુદો જ્ઞાયક છે એ અનુપમ છે, આત્મા મન, વચન, કાયાથી પેલે પાર આત્મા બિરાજે છે. વિભાવ આ જે શુભાશુભભાવો આવે એ પણ આત્માનું સ્વરૂપ નથી. તું એનાથી જુદો જાણ આત્માને, એમાં આનંદ, જ્ઞાન બધું એમાં ભરેલું છે. કરવાનું છે.

ગુરુદેવ પોતે મહાપુરુષ હતા એમના વગર તો બધી ખામી, સોનગઢમાં તો મુખ્ય ખામી લાગે. બધે હિન્દુસ્તાનમાં ખામી લાગે...... કોઈ અપૂર્વ અપૂર્વ આત્મા અહીં જાગ્યો હતો. તીર્થંકર જેવા જેનું દ્રવ્ય તીર્થંકરનું. મુખ્ય સ્થાન એટલે અહીં મુખ્ય ખામી લાગે. સ્મરણ તો આવે છે. એ આ ખરું કરવાનું છે. જેણે જીવનમાં આત્માનું કાંઈક કર્યું તો સફળ છે. વર્ષો સુધી એમણે અહીં લાભ લીધો. (વીસ વર્ષ સુધી) એ જ ખરું તો ગુરુદેવે બતાવ્યું એ જ માર્ગે જાવાનું છે. (શ્રોતા : આ ગુરુદેવના પ્રતાપે.....) તો જીવન સફળ ગુરુદેવને પ્રતાપે મરણ વખતે બધાને આવી ભાવના રહેતી, ગુરુદેવને પ્રતાપે કે, જ્ઞાયક આત્માને સંભારવો. અને એ બધું પંચ પરમેષ્ઠી ભગવંતો, એ બધું લક્ષ બધો ગુરુદેવનો પ્રતાપ. પોતાના હોય એ પણ મરણ વખતે શાંતિ રાખે છે એ ગુરુદેવનો પ્રતાપ. આમ તો વાંચવાનું ને એવું બધું હતું. (3-123-3)

**શ્રોતા :** ગુરુદેવનો એટલો લાભ લીધો ને આપની વાણીનો પણ લાભ લીધો.

**પૂજ્ય બહેનશ્રી :** કેટલાક પરાવર્તન દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના એમાં પરાવર્તન કર્યા એમાં આ મનુષ્ય જીવનમાં ગુરુદેવ મળ્યા એ મહાભાગ્યની વાત છે, અને ગુરુદેવના પ્રતાપે આ માર્ગ ગ્રહણ કર્યો ને, કેટલાય જીવોને રુચિ જાગી, અને મરણ વખતે આટલી શાંતિ. ગુરુદેવનો પ્રતાપે બધું. પ્રત્યેક જીવનની અંદર આત્મા

સંસ્કાર પડે એ જ જીવન લેખે છે. જે જીવનમાં ભવનો અભાવ થાય. ભવ તો કેટલાય કર્યા છે. હવે જે ભવમાં ભવનો અભાવ થાય, એવા ગુરુ મળ્યા અને એવી પોતાની રુચિ જાગે, અને એ તરફ વળે તો એ જીવન સફળ છે. પોતે આત્માનું લક્ષ રાખે તો કાંઈ શરીર એને કાંઈ વેદના એને કાંઈક, જેટલી શક્તિ, પુરુષાર્થ પોતાનો હોય તો એ પોતે પુરુષાર્થ કરવામાં સ્વતંત્ર છે. જે કરે એ કરવા ધારી શકે. બાકી દેવના ભવે અનંતા કર્યા. અનંતવાર દેવભવમાંથી પાછો આવ્યો તું પણ, મનુષ્યભવ ઘણા મળ્યા પણ જેમાં ભવનો અભાવ થાય એવી એવું ધર્મ ગ્રહણ થાય. એવા ગુરુ મળે, એવું પોતાની રુચિ જાગે એ મહાભાગ્યની વાત છે. તું આમાં આનંદ પામ, આમાં તને તૃપ્તિ થાશે, સુખ થાશે. આ તારું પદ એક છે ઓલું પદ એ તારું નથી. આ વખતે એમાં શાંતિ રાખવી. એ પુરુષાર્થ રાખવા જેવો છે.

બીજું બધું તો મનુષ્યજીવનમાં ઘણું કર્યું છે પણ આ આ એક ખરું છે. અને એ તમે જિંદગીભર અહીં રહ્યા છો નવલચંદભાઈને બેય જણા. ઈ ને એક પકડી રાખવું. દૃઢપણે એ એકને એક કરવાનું વારંવાર બસ! આ દેવ, ગુરુ, શાસ્ત્ર બધું હૃદયમાં રાખીને એને વારંવાર ચિંતવન, મનન, વાંચન એવું ભલે, એ એકલા એકલા જે અહીં બધે અહીં સ્વાધ્યાય થાતું હોય, વાંચન થાતું હોય. મંદિર છે બધું છે એમાં એવી રીતે પોતે એમાં ને એમાં ટાઈમ મળે તો કાંઈક આત્મામાં અંદર સંસ્કાર પડે. ગુરુદેવે જે કીધું છે વારંવાર યાદ કરવું. આત્મા શાશ્વતો છે. આ શરીર પોતાનું નથી. શરીરે જુદું છે અંદર વિકલ્પો થાય એ પોતાનું પોતાનું સ્વરૂપ નથી. એ અંતરથી આત્મા જુદો જ છે. વારંવાર એનું રટણ કરવું કે હું જુદો છું. ચૈતન્ય જુદો છું, શાશ્વત છું, પોતે પોતાનું કરી લેવા જેવું. હું જ્ઞાન છું, આનંદ છું બધું અનંતગુણથી ભરપૂર છું. મારામાં કાંઈ ખામી નથી. હું ભરપૂર ભરેલો છું. વારંવાર એને યાદ કરવું.

બાકી જીવનમાં આવો લાભ લે છે એ સફળ છે. અહીં ઘણા વર્ષો લાભ લીધો. જન્મ-મરણ તો થયા જ કરે છે. સંસારનું સ્વરૂપ જ એવું છે, જે જન્મે એ જાય છે સંસારનું સ્વરૂપ એવું છે. આત્મા શાશ્વતો છે. એવા કેટલાય જન્મ-મરણ જીવે કર્યા છે. જે ભવમાં આવા ગુરુદેવ મળ્યા ને આવો ધર્મ મળ્યો, આત્માના સંસ્કાર પડે એ જન્મ સફળ છે. પૂરા થઈ જાય છે. દેવલોકના દેવોનેય પૂરા થઈ જાય છે હવે આ મનુષ્ય જીવન એમાં પંચમકાળ એ શું હિસાબમાં છે? પોતાના ચૈતન્યનો અને બહારથી દેવ, ગુરુ, શાસ્ત્રનો એ શુભભાવમાં એ રીતે જીવન જાય અને એના સંસ્કારની રટણ તો જીવન સફળ છે. દેવ, ગુરુ અંદર ચૈતન્યદેવ શુદ્ધાત્મા તો બધાથી જુદો છે, શાશ્વત છે ધર્મના પાયા ઉંડા રોપી દીધા છે. સંસ્કાર કેમ દૃઢ થાય ચૈતન્યના?

આત્મા જાણનારો છે. આનંદ આદિ અનંતા ગુણો ભરેલા છે, બહારમાં તો કાંઈ છે નહીં, એની બહારનું કાંઈ કરી શકતો નથી. કાંઈ બહારનું ફેરવી શકતો નથી. બહારનું જે પદાર્થો જેમ પરિણમવાના હોય એમ પરિણમે છે. કાંઈ ફેરવી નથી શકતો. અંદર ભાવ જે પોતાને થાય વિભાવમાં પોતે જોડાય છે એ ફેરવીને સ્વભાવપર્યાય પ્રગટ કરે પોતાના હાથની વાત છે. તો શુદ્ધાત્માને ગ્રહણ કરીને સ્વભાવ પર્યાય પ્રગટ કરવી પોતાના હાથની વાત છે. બાકી બહારનું એ કાંઈ ફેરવી નથી શકતો. બાકી એનો કર્તા થઈ શકતો નથી. એનો પોતે જ્ઞાયક છે. કર્તા કોઈનો થઈ શકતો નથી. સ્વભાવનો કર્તા છે. ઉપકાર કર્યો છે જુદી જુદી રીતે આત્માનું સ્વરૂપ બતાવીને. દેવ, ગુરુ, શાસ્ત્ર ને અંદર આત્માનું ધ્યેય એ રાખવા જેવું છે. ખરા છે... દેવ, ગુરુ ને શાસ્ત્ર અને અંદર જ્ઞાયક આત્મા. (......) એ છે. ગૌણ થઈ જાય છે. મુનિઓને દેવ, ગુરુ, શાસ્ત્રના શુભભાવ રહે છે બાકી શુદ્ધાત્મા ક્ષણે ક્ષણે સ્વરૂપમાં ઝૂલે તો એને વિકલ્પમાં અંદર, એ બહાર આવે તો શુદ્ધનું ચિંતવન એવું હોય છે. જ્યાં સુધી કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી દેવ, ગુરુ, શાસ્ત્ર ને એ હોય છે. પંચ મહાવ્રતના પરિણામ શુભ હોય છે, એ સાથે હોય છે. બાકી અંતરમાં પોતે ક્ષણે ક્ષણે નિર્વિકલ્પ સ્વરૂપમાં લીન થાય છે, એ ખરો સાથ ત્યાં સુધી દેવ, ગુરુ, શાસ્ત્રનો જ હોય છે. ખરું ઈ જ છે અને અંદર ચૈતન્યદેવ એટલું ઓછું છે ગુરુદેવ તો મહિમાવંત હતા બધું ઓછું જ છે એમની ભક્તિ પૂરી પડે એમ જ નથી.

**શ્રોતા :** હૃદયથી જેને ઓળખ્યા જ નહીં એવા...

**પૂજ્ય બહેનશ્રી :** ઊંડા ધર્મના બીજ રોપ્યા.....એમની મહિમા જેટલી થાય એટલી ઓછી છે. (3-123-4)

ચત્તારિ મંગલં, અરહંતા મંગલં, સિદ્ધા મંગલં, સાહૂ મંગલં,
કેવલી પણ્ણત્તો ધમ્મો મંગલં
ચત્તારિ લોગુત્તમા, અરહંતા લોગુત્તમા, સિદ્ધા લોગુત્તમા, સાહૂ લોગુત્તમા,
કેવલિપણ્ણત્તો ધમ્મો લોગુત્તમો.
ચત્તારિ શરણં પવ્વજ્જામિ, અરહંતે શરણં પવ્વજ્જામિ, સિદ્ધે શરણં પવ્વજ્જામિ,
સાહૂ શરણં પવ્વજ્જામિ, કેવલિપણ્ણત્તં ધમ્મં શરણં પવ્વજ્જામિ.
ચાર શરણ, ચાર મંગલ, ચાર ઉત્તમ જે કરે, ભવસાગરથી તરે તે,
સકલ કર્મનો આણે અંત, મોક્ષ તણા સુખ લહે અનંત,
ભાવ ધરીને જે ગુણ ગાય, તે જીવ તરીને મુક્તિ જાય,
સંસારમાંહિ શરણ ચાર, અવર શરણ ન કોઈ

જે નર-નારી આદરે, તેને અક્ષય અવિચલ પદ હોય
અંગૂઠે અમૃત વસે, લબ્ધિ તણા ભંડાર
ગુરુ ગૌતમને સમરિયે તો સદાય મન વાંછિત ફળ દાતાર.

**શ્રોતાઓ :** ભગવતી માતનો જય હો....
માતાજીની અમૃતવાણીનો જય હો....

* * *

## પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી, ભાગ-૩

# તત્ત્વચર્ચા - ૧૨૪

**શ્રોતા :** ...

**પૂજ્ય બહેનશ્રી :** કે મોહનું પરિણમન એને મારી સાથે કાંઈ લાગતું વળગતું નથી એ તો બધુ ઉપર ઉપરથી છે એટલે કે મારે એની સાથે કાંઈ નાતો કે સંબંધ જ નથી. અનાદિકાળથી એની સાથે રહ્યો તોય કહે મારી સાથે કાંઈ નાતો નથી. હું પોતે તો ચૈતન્યના સમૂહરૂપ તેજપુંજ નિધિ જીવ છું. એક હું, મારામાં નિધિ છે, મારામાં તો અનંત નિધિ પડેલી છે એવો હું છું, અને એની દૃષ્ટિ કરવાથી હું ચૈતન્યના સમૂહરૂપ તેજનો પ્રકાશ છું, એવું પ્રગટ થાય છે. જ્યાં હું મારા ચૈતન્યતત્ત્વનું પરિણમન પ્રગટરૂપે જ્યાં પરિણમન છે સ્વભાવથી તો ચૈતન્યના પરિણમનરૂપ છું અને પ્રગટ થાય તે હું એવો ચૈતન્યનો તેજઃપુંજ નિધિ છું, એવી નિધિ મને પ્રગટ થાય છે, એવું ભેદજ્ઞાન કરે છે કે હું તો આવું નિધિ સ્વરૂપ ભંડાર ભર્યો છે મારામાં, આ મોહ હારે મારે કાંઈ સંબંધ નથી. હું તો એનાથી અત્યંત જુદો છું ....... સર્વથા નિજરસ ભરેલો છું, નિધિ બધા પ્રદેશોમાં નિજ ચૈતન્યના રસથી પૂરો ભરેલો છું જ્યાં જોઉં ત્યાં ચૈતન્ય મારા અસંખ્યાતા પ્રદેશમાં ચૈતન્યતા ભરેલી છે. મોહ ક્યાંય ભરેલો નથી. ચૈતન્યતા જ ભરેલી છે. ચૈતન્યની નિધિ ભરેલી છે. મોહ નથી ભરેલો. એમાં મોહની ખાણ ભરેલી નથી એ તો ચૈતન્યતા ભરેલી છે.

મોહ તો બહારથી આવેલો છે. એને અત્યંત તિલાંજલી છે કહે છે એને મારી સાથે કાંઈ નાતો નથી. અનાદિકાળથી મેં માન્યો હતો એને નાતો એ મારે છે જ નહીં.

ખોટું મેં માન્યું હતું, ભ્રમથી મારો માન્યો હતો હું એનો ત્યાગ કરું છું. હું ચૈતન્ય નિધિ, ચૈતન્ય, તો હું ચૈતન્યનો સમૂહ તેજઃપુંજ નિધિ છું. એમ પોતે ભેદજ્ઞાન કરે છે. પરભાવનો ત્યાગ કરીને એવું ભેદજ્ઞાન કરે છે. એવી રીતે પછી ધર્મને, અધર્મને એ મોહ શબ્દમાં બધું લઈ લેવું. જે ચારિત્રમોહના જેટલા પડખા છે જે બધા પ્રત્યાખ્યાન, અપ્રત્યાખ્યાન કષાયને નોકષાયને બધું બધુંય લઈ લેવું. અને મન, વચન, કાયા, પાંચ ઇન્દ્રિયો બધાનો હું ત્યાગ કરું છું. કાંઈ મારે કોઈની સાથે સંબંધ નથી. બધાંને તિલાંજલિ છે. વિભાવનો કોઈ અંશ નથી. મારા અસંખ્યાત પ્રદેશમાં ચૈતન્યતા ભરચક અનંતી ભરેલી, એક પ્રદેશે પ્રદેશે અનંતી ચૈતન્યતા ભરેલી છે. અનંત ચૈતન્યની નિધિ છે. અનંતતા શક્તિથી ભરેલી, અનંતતા ચૈતન્ય નહીં પણ ચૈતન્ય તો એક જ છે. પણ પ્રદેશે પ્રદેશે અનંતી નિધિ છે. એવો હું ચૈતન્ય છું એવા ચૈતન્યમાં મોહેય નથી તો શરીર તો ક્યાંથી હોય ને એમાં રોગેય ક્યાંથી હોય?

આત્મા તો ચૈતન્યની નિધિથી ભરેલો છે. અત્યંત ભેદ છે એનો ઓલું પંચમહાવ્રતાદિ ..... સમાધિમરણ હું ..... પ્રતિજ્ઞા કરે છે ઈ ગુરુદેવે વ્યાખ્યાનમાં સરસ વાંચેલું. એમાં ખાસ ખાસ કાંઈક કાંઈક હોય ને સભા વચ્ચે. ધવલનો પહેલો ભાગ તો એમણે વાંચ્યો છે સભા વચ્ચે. (આખું વાચ્યું છે.) મારો ...... નથી. હું તો એક જ્ઞાયક છું, એમાં તો ચૈતન્યનિધિ છું મારે લાગતો વળગતો નથી. પછી ધર્મ અધર્મ એ હું કાંઈ નથી કે ધર્મ નિર્મમતા કરે એમ. ધર્માસ્તિ, અધર્માસ્તિ બધા જ્ઞેય જ્ઞાયકનું મમત્વ, જ્ઞેય જ્ઞાયકનું સંકરદોષ ટળે છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ ને મારો સ્વભાવ તો કેવો છે? નિજરસથી, મારા નિજ સ્વભાવથી મારો ફેલાવ છે. હું બધાને ગ્રસી જવાનો, કોળિયો કરી જવાનો મારો સ્વભાવ છે, એવો મારો જ્ઞાનસ્વભાવ છે. જાણે અંદર ગ્રાસિભૂત થઈ ગયા હોય. બધા સમસ્ત જ્ઞેયો જાણે મારામાં તદાકાર ડૂબી ગયા હોય, એવી જાતનો મારો સ્વભાવ છે. પણ હું એનાથી અંતરમગ્ન નથી, એનાથી જુદો છું.

એવું જાણે બધા જાણે અંદરમાં તદાકાર થઈ ગયા હોય કે અંદર ડૂબી ગયા હોય પણ તે એ જ્ઞેયો મારામાં આવતા નથી. હું જ્ઞેયથી અત્યંત જુદો છું, મારો સ્વભાવ તો કેવો જ્ઞાનનો સ્વભાવ, નિજરસથી મારો ફેલાવ છે. મારો ફેલાવ પરથી નથી પણ મારો ફેલાવ જ્ઞાનથી છે, હું જ્ઞાનસ્વભાવી આત્મા છું. પણ એ જ્ઞાન તો બધા જ્ઞેયોને જાણે, એક સમયની અંદર બધાને જાણી લ્યે એવો મારો સ્વભાવ છે. ગ્રાસીભૂત જાણે કોળિયો થઈ જાય એવો મારો સ્વભાવ છે. સમસ્ત લોકાલોકને જાણવાનો મારો સ્વભાવ એવો છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ ને બધા બાહ્ય તત્ત્વ છે હું તો અંતર તત્ત્વ છું. મારો અંતઃતત્ત્વને હું છોડતો નથી. એ બાહ્યતત્ત્વ મારામાં જણાય પણ હું એનાથી

અત્યંત જુદો છું એ બધા બાહ્ય તત્ત્વો છે હું તો અંતર નિમગ્ન છું, હું બહાર નિમગ્ન થાતો જ નથી. મારો સ્વભાવ અનાદિકાળથી જે બહારમાં નિમગ્ન છે તે ભ્રાંતિ છે.

હું મારો સ્વભાવ અંતરમાં નિમગ્ન રહેવાથી મારો જે નિજરસનો ફેલાવ છે એ પ્રગટ થાય છે. હું અત્યંત મારો આત્મા અનાકુળ ચૈતન્યતા ટંકોત્કીર્ણ એક જ્ઞાયક સ્વભાવને અનુભવું છું હું મારામાં અંતરનિમગ્ન થઈને હું આ મારું તત્ત્વ છોડવાને અસમર્થ મારો સ્વભાવ ટંકોત્કીર્ણ છે એ કાંઈ છૂટી શકે એવો નથી. હું મારા આત્માને જ્ઞાનસ્વભાવને હું ચૈતન્ય તત્ત્વને અનુભવું છું. હું એક ટંકોત્કીર્ણ જ્ઞાનસ્વભાવ, સ્વભાવ સદા નિરાકુળ આનંદમય છું. એમ ભગવાન આત્મા, પછી એમ કહે છે કે હું ભગવાન આત્મા જાણે છે કે હું તો ચૈતન્ય તત્ત્વ એ અનુભવને જાણે છે કે હું તો એક ચૈતન્ય તત્ત્વ છું. અંતર મારો સ્વભાવ બહાર આ જ્ઞેયમાં હું જ્ઞાન સ્વભાવ જ છું. જ્ઞેય ને જ્ઞાયકમાં હું અત્યંત ભિન્ન જ્ઞેયથી અત્યંત જુદો, જ્ઞેયથી જ્ઞેયરૂપે થતો નથી. જ્ઞેયથી હું અત્યંત જુદો સ્વભાવ મારો છે એમ કહે છે. બધા જ્ઞેયો ભલે જણાય પણ હું તે રૂપે થાતો નથી એમ કહે છે કે હું બધાથી ભેદજ્ઞાન કરું છું.

ભલે ધર્માસ્તિ, અધર્માસ્તિ અત્યારે મને દેખાતા નથી એ તો અરૂપી છે દેખાય ભલે નહીં પણ મારો જ્ઞાન સ્વભાવ એવો છે બધાને જાણી લ્યે એવો સ્વભાવ છે. બધા હું જ્ઞેય જ્ઞાયકમાં એક થાતો નથી. એવું મારું બધાનું ભેદજ્ઞાન કરું છું પહેલેથી ભેદજ્ઞાન કરું છું એક વિભાવ જે દેખાય એનાથી ભેદજ્ઞાન કરવા, બધા દ્રવ્યોનું ભેદજ્ઞાન આવી જાય છે. એ જે વિભાવભાવ છે મારો સ્વભાવ નથી એની સાથે ધર્માસ્તિ, અધર્માસ્તિ ને આકાશ છે જે બધાનું ભેદજ્ઞાન કરી નાખું છું. મારો સ્વભાવ તો અનંત અનંત શક્તિથી ભરેલો છે. બધાને જાણવાનો સામર્થ્ય શક્તિવાળો છે તો પણ હું એનાથી અત્યંત જુદો છું.

એના પ્રત્યે હું એકત્વ થતો નહોતો હું ચૈતન્યમાં એકત્વ થઈ, ચૈતન્યમાં એકત્વતાને પ્રાપ્ત થનારો હું ધર્મ પ્રત્યે નિર્મમત્વ છું. મને એમાં મમત્વભાવ નથી. એ બધું જણાય એટલે હું એને મમતા કરતો નથી કે ઓહો! આટલું બધું જાણે આ બધા આવા જ્ઞેયો છે એમ એની મહિમા નથી આવતી. કેવળજ્ઞાન ને બધું જણાય એટલે એની મહિમા નથી આવતી એવો લોકની અંદર આવા ધર્માસ્તિ, અધર્માસ્તિ ને આ બધા ચૈતન્ય દ્રવ્ય ને આ બધાય એમ મહિમા એમાં પેસવા નથી જાતા. કેવળજ્ઞાની તો પહેલાં જાય પણ હું અત્યારથી એને છોડી દઉં છું, મને મમતા નથી. ત્યારે અનાદિથી આ અનાદિથી ભ્રમ કરીને આ બેઠો ને. જણાય છે જે જ્ઞેય, જ્ઞેયની નજીક જવા જાય છે. જઈ શકતો નથી.

જ્ઞેયને ગ્રહણ કરવા જાય છે, પોતાને ગ્રહણ કરવાને બદલે, એમાં એને પોતાની મહિમા નથી આવતી કે ઓહો! હું મારો સ્વભાવ આવો કે હું મારા ક્ષેત્રમાં રહીને આ બધું જાણું છું આવો મારો સ્વભાવ, મારામાં બધું મારી સમીપમાં મને જણાય છે. મારા જ્ઞાનસ્વભાવ, આવો જ્ઞાનસ્વભાવ છે એમ મહિમા નહીં આવતા, અજ્ઞાનીને જે બહારનો બહારનું જાય એનું સમીપ જવા જાય છે અને એમાં દોડવા જાય છે એમાં આકુળતા કરતો જાય છે. એવી એની બુદ્ધિ છે. એ એને ભ્રમ છે એની પરિણતિ એવી છે એમાં જ અનાદિનો ગોથા ખાય છે. બહાર ક્યાંક જાય ક્યાંય જોવા ન મળે. કાંઈ મકાન ને આવું બધું જાણે એની નજીક જઈને જોઈ લઉં, એવી એની કુતુહલતા થાય છે. જ્ઞેયોને ગ્રહણ કરવા જાય છે. જ્ઞેયોને પકડવા જાય છે એટલે પોતાને ભૂલ્યો છે અને બહારને ગ્રહણ કરવા જાય છે. એ મૂર્ખાઈને લઈને ભમે ફાંફાં મારે છે. કે જાણે આ બધું દેખાય એમાં એને મહિમા આવી જાય છે અને પોતાની મહિમા છૂટી જાય છે.

ત્યારે એને ભેદજ્ઞાન થયું એ જણાય એનાથી જુદો ને જુદો રહે છે કે તમે જણાવ ભલે પણ મને તમારી મહિમા નથી આવતી. હું તમારાથી દૂર રહીને મને મારા સ્વભાવની મહિમા છે કે મારો સ્વભાવ આવો કે હું સમીપ રહીને તમે મારી આગળ નજીકમાં મને જે મારા જ્ઞાનમાં જણાવ છો, મારી તમારી સમીપે આવવું નથી પડતું. મારું જ્ઞાન એવું કે હું દૂર રહીને તમને જાણી લઉં. હવે મારે તમારા સમીપ આવવા માગતો નથી. મારે મારા સ્વભાવની જ મને મહિમા છે. એનાથી દૂર રહી એને જાણે છે બધાયને.

અજ્ઞાનીને આ ભ્રમ થાય છે જે જણાય એના ઉપર રાગ કરતો જાય છે. એને એની એકત્વતા કરતો જાય છે. ત્યારે જ્ઞાની પોતાના સ્વભાવમાં એકતાને પ્રાપ્ત રહેતો તમારા પ્રત્યે નિર્મમ છે આખી દુનિયાના જગતના જ્ઞેયોમાં મારી સમીપ આવે તોય મને એના ઉપર રાગ કે મોહ થાતો નથી. હું એનાથી અત્યંત નિરાળો છું. એ ભેદજ્ઞાન કરે છે એમાંથી એ આવી ગયો. ઓલો એને રાગ કરે છે ને આ રાગ નથી કરતો. એને કુતુહલતા થાય છે જોવાની તો જ્ઞાનીને કુતુહલતા થાતી નથી. એ જાણી લીધા તમને અનાદિકાળથી. હું તો મારા સ્વભાવને જાણવા માગું છું મારા સ્વભાવમાં જાવા માગું છું, મારા સ્વભાવમાં અંતર નિમગ્ન છું. એ નિમગ્નતામાં તમે જણાઈ જાઓ તો જણાઈ જાઓ, મારે તમારી પરવા પણ નથી અને એની કાંઈ મને મહિમા પણ નથી. આખો લોકાલોક જણાઈ જાય તોય મને મહિમા નથી આવતી. ઓહો! લોકાલોક આવી જાતનો છે. આવા દ્રવ્યો છે. આવા અનંત ચૈતન્યો છે. આવા અનંત પુદ્ગલો છે જે પરમાણુ એક સમયમાં જે બદલાય છે એક સમયની અંદર કેટલી જાતના અવિભાગ

પ્રતિચ્છેદરૂપે પલટે છે. આવા ચૈતન્યનો એક સમયમાં અવિભાગ પ્રતિચ્છેદરૂપે કોઈ સિદ્ધ ભગવાન અનંતા, કોઈ નિગોદમાં, કોઈ વિભાવરૂપે, કોઈ સ્વભાવરૂપે, અનેક જાતના સમ ને વિષમરૂપે જ્ઞેયો દેખાય તોય અમને રાગ થતો નથી.

એ કહે શું રાગ કરું, મારા ચૈતન્યમાં તમારા કરતાં અનંતી શક્તિ ભરેલી છે. કોઈ જ્ઞેયો ઉપર રાગ આવતો નથી. પોતે પોતાને ચૈતન્યની મહિમામાં અંતર નિમગ્ન થઈ. એને જે આવે એને જાણે છે, જાણવા પ્રત્યે ઉપેક્ષા છે. પોતે સ્વભાવમાં નિમગ્ન છે પોતાના ચૈતન્યમાં જે પર્યાયોને પરિણતિ થાય છે, એનું વેદન કરી રહ્યા છે. એનું ભેદજ્ઞાન કરી રહ્યા છે, ને પોતાને સમીપ વર્તે છે એ આખી ગાથા જ્ઞેય-જ્ઞાયકને ભેદજ્ઞાન કરવાની છે પોતે પોતામાં એકત્વ રહે છે. તે અજ્ઞાનીની ભૂલ થાય છે કે જે જ્ઞેયો દેખાય એની સમીપ જાવા જાય છે. એમાં ભૂલ ખાય છે. એમાં નિરાળો રહેતો નથી અને એકતા પ્રાપ્ત કરવા જાય છે. એને દોડવા જાય છે ને એની સામો, જે જ્ઞેયો દેખાય એની સામે જ દોડવા જાય છે. જે આવે એને ગ્રહણ, ગ્રહણ થાતું નથી. એ તોય ગ્રહણ કરવા જાય છે એ એની મૂર્ખાઈ છે. પછી એવી મૂર્ખાઈ થઈ જાય. એની હારે એકતાબુદ્ધિ થઈ જાય કે જાણે આ હવે આને ગ્રહણ કર્યું ને છોડવું કેમ પછી કહે અરે! મને છોડ. હવે તે જ ગ્રહણ કર્યો છે. એવો થઈ ગયો છે અનુભવ.

ધર્માસ્તિ ને અધર્માસ્તિ તો બધા અરૂપી છે. અનાદિથી આ પુદ્ગલ દ્રવ્યોમાં એકતાબુદ્ધિ કરી રહ્યો છે કે એક પુદ્ગલ સાથે નિરાળો થયો. બધા દ્રવ્યો સાથે હું નિરાળો થઈ ગયો આમ. મને કોઈની મહિમા આવતી નથી. જ્ઞેય-જ્ઞાયકનો સંકરદોષ ટળે છે. મારા સ્વભાવથી જ મારો ફેલાવ છે. બધાને કોળિયો કરી જવાનો મારો સ્વભાવ છે. એમાં તમારી મહિમા શું મને આવે? બધાને ક્યાંય એક કોળિયાની માફક મારો સ્વભાવ તો અનંત નિધિથી ભરેલો. એટલે એવા અનંતા લોકાલોક હોય તોય જણાઈ જાય એવો મારો સ્વભાવ છે. એટલે હું તો તમારાથી અધિકને અધિક છું.

એમ અંતરનિમગ્ન થઈ ને ઓલો તો બાહ્ય ને બાહ્ય રાખે છે ને અંતરને અંતર રાખે છે. મોહની સાથે પછી બધા જ્ઞેયો એ જ્ઞેયમાં અટકતો જાય છે. જે જણાય છે આ કાંઈક જોવામાં આ કેવું સરસ છે, આ કેવું સરસ છે? એવું એને થાય છે. અંદર મોહ તો થાય છે. એ જ્ઞેયોની સાથે આ કેવું સરસ છે? અરે તું કેવો સરસ છે એ જોતો નથી ને પરનું બધું જોયા કરે છે એવી એને ટેવ પડી ગઈ છે. પોતાને જાણવાની કુતુહલતા નથી કરતો ને પરને જાણવાની કુતુહલતા કરે છે. એવો ભેદજ્ઞાન કરે છે કે આ હું એનાથી જુદો..જુદો. મોહ નિર્મમતા, ધર્મ નિર્મમતા, મમત્વબુદ્ધિ તોડી નાખે છે. એના ઉપર દૃષ્ટિ એ દેતો નથી. દૂર ને દૂર રહે છે. સહજ જણાઈ જાય છે.

**આમ ભેદજ્ઞાનની સાધકદશામાં તો ધર્માસ્તિ ને અધર્માસ્તિ અરૂપી છે તોપણ એ પહેલેથી બધું એને પ્રતીતમાં બધું આવી જાય છે. બધા જ્ઞેયોને દૂર, બધા જ્ઞેયોથી નિરાળો થાય છે, એમાં જ્ઞેયોની મહિમા નથી. અનંત અનંત જ્ઞેયો જણાય તોય મહિમા તો મારી ચૈતન્યની જ છે, તારી જ્ઞેયોની મહિમા નથી. હું તને તારામાં એકતા નથી કરતો મને એકત્વબુદ્ધિ મારા આત્મામાં છે. એમાં અટકતો પોતાનું વિશાળજ્ઞાન એને રોકી રાખે છે. નિરાળો રહે તો જ્ઞાન વિશાળપણે જાણે છે. તો એકએક જ્ઞેયોમાં કહે છે વિશાળ જ્ઞાનને ખંડ ખંડરૂપ કરી નાખે છે. અખંડ જ્ઞાન છે એને પોતે રોકાઈ રહ્યો છે. માર્ગ તો એક જ છે કાંઈ જુદી જુદી રીતે બધું કહેવામાં આવે બાકી માર્ગ તો એક જ આત્માને, જ્ઞાયકને ઓળખવો એ જ છે. ભેદજ્ઞાન કરીને જ્ઞાયક ઉપર દૃષ્ટિ રાખવી, વિકલ્પ તૂટીને સ્વાનુભૂતિ થાય એ કરવાનું છે. પ્રયત્ન એ કરવાનો છે. (3-124-1)**

**શ્રોતા :** અત્યાર સુધી કેમ ન થયું?

**પૂજ્ય બહેનશ્રી : પોતે કરતો નથી પુરુષાર્થની મંદતાને કારણે.**

**શ્રોતા :** પોતે કરતો નથી પુરુષાર્થની મંદતા છે. પુરુષાર્થ ઉપાડતો નથી. મને તો પુરુષાર્થને વ્યયતા લાગે છે ..... ખોટી દિશાનો પુરુષાર્થ છે. પુરુષાર્થનો વિપરીત,

**પંડિતજી : વિપરીત પરિણામ હોય એવા ભેદ હોય,**

**પૂજ્ય બહેનશ્રી : કોઈ ક્રિયામાં અટક્યા હોય તો બહારમાં અટક્યા હોય કોઈક.**

**શ્રોતા :** આપણે શેમાં છીએ એ નક્કી કરી લઈએ

શ્રોતા : સૌ પોતપોતાનું કરી લ્યે. બીજું તો કાંઈ ગુરુનું કામ નથી.

**પૂજ્ય બહેનશ્રી : ચોખ્ખો કરીને બતાવ્યો કાંઈ કોઈને ગોતવું પડે એવું નથી.**

**શ્રોતા :** પણ કેવી રીતે બતાવ્યો બહેન માર્ગ તો બતાવ્યો પણ કેવી રીતે બતાવ્યો એમ.

**પૂજ્ય બહેનશ્રી : ચોખ્ખો કરીને કોઈને કાંઈ ગોતવું ન પડે એવો બતાવ્યો છે. કાંઈ ચોખ્ખે ચોખ્ખું બધું દ્રવ્ય, ગુણ, પર્યાય સ્વ, પર બધું નિમિત્ત, ઉપાદાન બધું દ્રવ્ય, ગુણ, પર્યાય જેમ હોય એમ બધું ચોખ્ખું કરીને બતાવ્યું. કરવાનું પોતાને છે.**

**શ્રોતા :** .........

**પૂજ્ય બહેનશ્રી : કરવાનું તો પોતાને છે ગુરુદેવ જ કહેતા હતા પોતાને કરવાનું છે**

**શ્રોતા :** ગુરુદેવ કહેતા હતા પણ આપ શું કહો છો?

**પૂજ્ય બહેનશ્રી : જેમ ગુરુદેવ કહે એમ જ હોય બીજું શું હોય? ગુરુદેવે જે માર્ગ બતાવ્યો એ જ માર્ગ યથાર્થ છે અને વસ્તુસ્થિતિ એમ જ છે.**

**શ્રોતા :** એક દ્રવ્ય તો બીજા દ્રવ્યને કાંઈ કરી શકે નહીં. પછી ઉપદેશ શા માટે દેવો અને શા માટે લેવો એ જ મારે સમજવું છે.

**પૂજ્ય બહેનશ્રી : શું કરવાનું?**

**શ્રોતા :** એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકે નહીં તો આવો ઉપદેશને આ બધું શા માટે સાંભળવું? ......

**પૂજ્ય બહેનશ્રી : એવો ઉપદેશને ઈ તો એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે એટલે દેવામાં આવે છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને કરી શકતું નથી. પણ ગુરુનું, વાણીનું પ્રબળ નિમિત્ત, પોતાનું ઉપાદાન હોય તો પોતે નિમિત્તરૂપ નિવડે છે માટે ઉપદેશ દેવામાં આવે છે. એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પણ છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે.**

**શ્રોતા :** પણ ઉપદેશ દેવાનો ભાવ કરવો એ તો રાગ છે ને?

**પૂજ્ય બહેનશ્રી : એ તો રાગ છે પણ વીતરાગદશા પૂર્ણ ન થઈ હોય ત્યાં સુધી રાગ હોય છે. પ્રશસ્ત રાગ ઉપદેશનો, ગુરુને રાગ, આચાર્યો પણ ઉપદેશ આપે, બધા આપે છે. મુનિઓ આપે, ગુરુદેવ આપતા હતા બધાને, જ્યાં સુધી સાધકદશા હોય ત્યાં સુધી રાગ આવ્યા વગર રહેતો નથી. ઉપદેશનો રાગ આવે છે. કોઈ જીવ સમજે..**

**શ્રોતા :** ઉપદેશનો રાગ આવે છે તે હેયબુદ્ધિએ આવે છે કે ઉપાદેયબુદ્ધિએ?

**પૂજ્ય બહેનશ્રી : હેયબુદ્ધિએ આવે છે. એ કાંઈ રાગ પોતાનું સ્વરૂપ નથી. એ તો આત્મા નિરાળો રહીને ભેદજ્ઞાનની ધારા વર્તતી હોય છે. પ્રશસ્ત રાગ કે દરેક રાગ ઉંચામાં ઉંચો રાગ આત્માનો સ્વભાવ નથી એની પરિણતિ જુદી જ વર્તતી હોય ને રાગ આવે છે. એટલે ઉપદેશ આપે છે. ઉપદેશ આવી જાય છે રાગ હોય.**

**શ્રોતા :** ખરેખર તો ઉપદેશ દેવાનો ભાવ આવે છે.

**પૂજ્ય બહેનશ્રી : ભાવ જ આવે છે.**

**શ્રોતા :** ભાષાવર્ગણાને કારણેય આવે છે.

એ તું પુરુષાર્થ કરીશ તો મોક્ષ જઈશ, એમ કહે 'મોક્ષ ન થાય તો મારી પાસેથી લઈ જજે' એમ કહે છે. એનો અર્થ કે તું પુરુષાર્થ કરીને આવ. તું નહીં આવ્યો તો એમ કહે તેં પુરુષાર્થ કરતો નથી હું શું કરું છું?

**પૂજ્ય બહેનશ્રી : વેદના વેદનામાં આત્મા આત્મામાં... (3-124-2)**

**શ્રોતા :** કોણ કરી શકે કરી કોણ ....

**શ્રોતાઓ : ભગવતી માતનો જય હો....**

**માતાજીની અમૃતવાણીનો જય હો....**

## પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી, ભાગ-૩

# તત્ત્વચર્ચા - ૧૨૫

**શ્રોતા :** સ્વપ્ન ને સુશુપ્તિ બેય શું વસ્તુઓ છે એ એક મારામાં સમયસારમાં ન આવ્યું કે આમાં નથી આવ્યું બીજા કાંઈ વાંચનમાં પણ ખાસ આવ્યું નહીં. (પંડિતજી : કલ્પના છે) તો એને કઈ રીતે સમજવું જોઈએ?

**પૂજ્ય બહેનશ્રી : સુશુપ્તિ શું? શું સૂઈ જાવું?**

**પંડિતજી : સુશુપ્તિ ને સ્વપ્નદશા એ!**

**પૂજ્ય બહેનશ્રી : ઉંઘી જાવું ને સ્વપ્ના.**

**પંડિતજી : વધારે ગાઢ ને ઓછું ગાઢ.**

**પૂજ્ય બહેનશ્રી : એ કર્મનો, નિદ્રાનો નિદ્રાવરણીય એક કર્મ છે. એ દર્શનાવરણી કર્મમાં એવા નિદ્રા ને નિદ્રા એવી ગાઢી નિદ્રા વધારે નિદ્રા, એવા ભેદ આવે છે. એનો એ ભેદ છે. આ નિદ્રા-નિદ્રા, પ્રચલા-પ્રચલા ને એવી નિદ્રા જે સ્વપ્ના આવતા હોય એ કાંઈક અધકચરી નિદ્રા બહુ ગાઢ નિદ્રાએ વધારે નિદ્રાએ. (સુશુપ્તિ) વધારે કેટલાક એવા હોય છે ઊંઘમાં ઉઠે, હાલે એવું બધું કરે, કામ કરી આવે એ બહુ વધારે ગાઢી નિદ્રા (શ્રોતા : આવે છે એવા દર્દી મારી પાસે આવે છે) એવી નિદ્રા હોય છે. એ બધી એવી નિદ્રા. એવી નિદ્રાનો ઉદય આવે. (પંડિતજી : ઢોર પાસે આવે, ભેંસુ પાસે આવે.....) નિદ્રાનો ઉદય આત્મામાં નથી એ કર્મનો ઉદય એમાં પોતે જોડાય છે.**

**(3-125-1)**

**શ્રોતા :** આત્માને કશુ સંબંધ નથી. આત્મા એનાથી છૂટી જાય તે વખતે એવું હશે કે જે અત્યારે સંબંધ છે આપણે આ સંસારી બધાય કાલે આપે કહ્યું એવી રીતે સંસારીઓ અમે બધા તો કાંઈ નથી. સંબંધમાં છીએ જોડાયેલા કહીને સંબંધમાં છીએ.

**પૂજ્ય બહેનશ્રી : દ્રવ્ય છે એ પોતે દ્રવ્ય.**

**શ્રોતા :** તો જીવ એની સાથે જોડાયેલો તે વખતે છૂટો પડતો હશે સુશુપ્તિમાં કારણ કે એમાં .......

**પૂજ્ય બહેનશ્રી : એમાં એકમેક નથી થાતો બાકી જે કર્મના આવરણ, કર્મમાં જોડાય.**

**શ્રોતા :** એકમેક ન થાય

**પૂજ્ય બહેનશ્રી : કર્મમાં જોડાયેલો છે એ.**

**શ્રોતા :** એ તે વખતે એ સંબંધ ભૂલી જાય છે એવું બને છે?

**પૂજ્ય બહેનશ્રી : ભૂલી ન જાય કર્મમાં જોડાયેલો છે એને ઉલટાનું જ્ઞાનમાં વધારે આવરણ ને ઉલટાનું જ્ઞાનેય નથી કામ વધારે નથી કરતું.**

**શ્રોતા :** કારણ સુશુપ્તિ ને એને આમાં અમારામાં વેદાંતમાં.

**પૂજ્ય બહેનશ્રી : જાગ્રત રહેવાનો પ્રયત્ન કરે.**

**શ્રોતા :** કારણ કે સેકંડ સેકંડનું ...

**પૂજ્ય બહેનશ્રી : એ તો જાગ્રત રહેવાનો પ્રયત્ન કરે.**

**પંડિતજી :** અનુભવ કરે પ્રયત્ન કરે.

**શ્રોતા :** એ ઉંઘી જાય ને પાછું જાગે.

**પૂજ્ય બહેનશ્રી : એ તો ક્ષણે ક્ષણે જાગ્રત થાય છે. એ ખરી જાગૃતિ છે આ તો ઉંઘની દશા છે.**

**શ્રોતા :** ખરેખર કૃપાળુદેવે ખૂબ કહ્યું છે આપણા માટે જ.

**પૂજ્ય બહેનશ્રી : ઘણું કીધું છે.**

પંડિતજી : **એમના દર્શન નથી થયા ગુરુદેવને.**

**પૂજ્ય બહેનશ્રી : કેટલા બધા વળ્યા છે. ઓલા કણબી લોકો, ઓલા હરિજન, ઓલા રાજકોટમાં ઓલા વોરા એ બધા વળ્યા છે. આ પારસી એ કેવું બોલતા હતા.**

**શ્રોતા :** અલિંગગ્રહણના બોલ ભિન્ન છે, .......

**પૂજ્ય બહેનશ્રી : આ નિમિત્ત નૈમિત્તિક સંબંધ.... (3-125-2)**

**શ્રોતા :** આપ કાંઈક ઉપદેશ અમને કાંઈ શિખામણ આપો કે જેથી અમે સોનગઢથી .......

**પૂજ્ય બહેનશ્રી : એ જ કરવા જેવું છે ન્યાં આફ્રિકામાં રહ્યા. આત્માનો સ્વાધ્યાય જે ગુરુદેવે બતાવી એ ગુરુદેવના પ્રવચનો વાંચવા, આત્માનું સ્વરૂપ જે બતાવ્યું એનું ચિંતવન કરવા, આત્મા નિરાળો જ્ઞાયક છે, જાણનારો છે આ આત્મામાં જ્ઞાન, આનંદ બધું આત્મામાં ભરેલું છે બહાર ક્યાંય નથી. અનંતા જન્મ-મરણ કર્યા, સુખ આત્મામાં છે ગુરુદેવે સુખનો માર્ગ બતાવ્યો. એવા નિરાળા આત્માને ઓળખવો, બધાથી જુદો આત્મા છે, બે તત્ત્વ જુદા છે. એક તત્ત્વ બીજા તત્ત્વનું કાંઈ કરી શકતો નથી. આ શરીર જડ પદાર્થ જુદો છે, અંદર ચૈતન્ય પદાર્થ જુદો છે, સંકલ્પ-વિકલ્પ પણ આત્માનું સ્વરૂપ નથી. આકુળતામય છે. એનાથી નિરાકુળ સ્વરૂપ આત્મા છે એને ઓળખવો. એને ઓળખવો, એને વારંવાર એનું રટણ કરવું, લઢણ કરવું, હું જ્ઞાયક આત્મા છું એ હૃદયમાં એને ધ્યેય રાખ. દેવ, ગુરુ, શાસ્ત્રને હૃદયમાં રાખવા અંતરમાં**

જ્ઞાયક આત્મા નિર્વિકલ્પ તત્ત્વ છે એનું વારંવાર લઢણ કરે, એનું મનન કરે તો એને સ્વાનુભૂતિ થાય. તો વિકલ્પ તૂટીને કોઈ અપૂર્વ આનંદ, તો અનુપમ આનંદ જે ગુરુદેવ કહેતા હતા એ પ્રગટ થાય. માટે એ અપૂર્વ આત્માને ઓળખવા જેવો છે જીવનમાં.

**શ્રોતા :** ધ્યાન, વિશેષ ધ્યાન કરવાનું, ધ્યાનમાં...

**પૂજ્ય બહેનશ્રી : સાચું જ્ઞાન થાય પછી સાચું ધ્યાન થાય. પહેલાં સાચું જ્ઞાન કરું કે હું ચૈતન્યતત્ત્વ જ્ઞાયક કોણ છું? મારો શું સ્વભાવ છે? હું કોણ છું? મારો શું સ્વભાવ? અંતરમાંથી ઓળખી એને ગ્રહણ કરીને એને વારંવાર એ તરફ જાય તો એને ધ્યાન થાય. એને ઓળખાણ કરે. એનું મૂળ અસ્તિત્વ ગ્રહણ કરે તો એનું ધ્યાન થાય. માટે પહેલાં ગુરુદેવે કીધું એ જ્ઞાન કરવાનું સાચું. મૂળ પ્રયોજનભૂત આત્માને ઓળખવો. જે આત્માને ઓળખે એ બધું જાણે. એકને જાણે એ બધાને જાણે છે. માટે મૂળ તત્ત્વ આત્માને ઓળખવો અને એને ઓળખીને પછી એમાં એકાગ્ર થાવું એટલે સાચું જ્ઞાન થાય પછી સાચું ધ્યાન થાય છે. (3-125-3)**

**શ્રોતા :** અને દાન કરવાથી કેટલે સુધી જવાય છે?

**પૂજ્ય બહેનશ્રી : દાન કરવાથી શુભભાવ પુણ્ય બંધાય છે. શુભભાવના હોય તો પુણ્ય બંધાય, કે હું કેવું દાન દઉં છું એવું જો અંદર એવું આવી જાય તો શુભભાવેય નથી. પણ આ હું આ તો કાંઈક દયા ખાતર કે કાંઈ દેવ, ગુરુ, શાસ્ત્રની ભક્તિમાં કે એવા કાંઈ દાન આપે તો શુભભાવના થાય, પુણ્ય બંધાય. ભવનો અભાવ ન થાય. દેવલોક થાય, શુભભાવ થાય તો બીજે દેવમાંથી પાછું ભવ થાય. શુભભાવનાથી બસ પુણ્ય બંધાય બીજું કાંઈ ન થાય. આત્માને ઓળખે તો આત્માનું સુખ મળે.**

**શ્રોતા :** ને તપથી?

**પૂજ્ય બહેનશ્રી : તપથીય શુભભાવ થાય. એનાથી પુણ્ય બંધાય, એ બધા પુણ્યના પ્રકારો છે. તપથી પુણ્ય થાય, એ તપ એ આત્મા ખાતર તપ હોય કે હું આત્માને ઓળખું કેમ? તો શુભભાવ થાય. બાકી તપ એ આત્માને ઓળખીને તપ થાય તો સાચો તપ છે. નહીંતર એ તપેય શુભભાવ છે. પુણ્યબંધનું કારણ છે. ભવનો અભાવ ન થાય એનાથી. ભવનો અભાવ તો આત્માને ઓળખે તો થાય તો એની હું નિર્વિકલ્પ તત્ત્વ છું એમ આત્માને ઓળખીને વારંવાર એના તરફ એનું સ્વનું એનું રટણ કરે, મનન કરે, વારંવાર એને યાદ કરે, દિવસ ને રાત એનું એની લગની લગાડે તો એને સ્વાનુભૂતિનું ને નિર્વિકલ્પ સ્વરૂપ આત્માનું પ્રગટ થાય. બાકી દાન ને તપ તો બધું શુભભાવ છે એનાથી પુણ્ય** (શ્રોતા : ઉપવાસ કરવાથી..) **એ બધા પુણ્યના પ્રકારો**

**છે. પુણ્યબંધ થાય દેવભવ થાય, ભવનો અભાવ ન થાય. સેવા એ પુણ્યબંધ છે. આત્માની સેવા આત્મામાં તપ, આત્મામાં જો બધું થાય નિર્વિકલ્પ સ્વરૂપ આત્મામાં તો એ આત્માનું સ્વરૂપ છે. તો એમાં આત્માનું સુખ થાય. બાકી આ જે શુભભાવના વિકલ્પરૂપ છે દેવભવ થાય બીજું કાંઈ ન થાય. (3-125-4)**

**શ્રોતા :** અમારે કાંઈ જ્ઞાનદાન કરવું છે તો આપનાથી જે થાય તે જ્ઞાનદાન દાન દેવું.

**શ્રોતા-૨ :** પાછો મનુષ્ય અવતાર મળે છે કે પછી ............

**પૂજ્ય બહેનશ્રી : મનુષ્યભવ પામ્યા પછી મનુષ્યભવ પામે એવા તો મનુષ્યભવ મળે પણ જો એ એને એ અંદરમાં જો મનુષ્યભવને બદલે બીજું આયુષ્ય બંધાય જાય તો મનુષ્યભવ આવતા વારેય લાગે. મનુષ્યભવ પામવો દુર્લભ છે એમ શાસ્ત્રમાં આવે છે. એવી જાતના અંદરમાં કોઈ યોગ મળી જાય એવો મધ્યસ્થભાવ, ભદ્રિકભાવ, સરળભાવ એવો હોય તો મનુષ્યભવ મળે છે.**

**શ્રોતા :** સરળભાવ હોય તો કેટલા દેહ મનુષ્યના મળ્યે રાખે છે?

**પૂજ્ય બહેનશ્રી : એ અમુક શાસ્ત્રમાં આવે છે એ તો એવાને એવા ભવ કરે તો મનુષ્યભવ થાય છે ઉપરાઉપર.**

**શ્રોતા :** વારેફરતી મળ્યા રાખે ને સારા ભાવ હોય તો.

**પૂજ્ય બહેનશ્રી : હોય તો મળ્યે રાખે પણ એવા ભાવ રાખવાના, ભાવનું શું કામ છે? ભવનો અભાવ થાય એ ભાવ પ્રગટ કરવા જેવો છે. ભવ કેવો મળે એના ઉપર કાંઈ નથી દેવભવ મળે, મનુષ્યભવ મળે બધો ભવ જ છે. એમાં તો આકુળતા છે. ભવમાં શું શાંતિ છે એમ.**

**શ્રોતા :** ત્યારે સમજાયું પણ મારો ઓલો ખુલાસો કરવા માટે પૂછી જોઈએ કારણ કે બધાય જીવોમાં આટલું બધું જ્ઞાન નથી હોતું કે જેનાથી તરી જાય ને એ તત્ત્વજ્ઞાન પામી શકે. પરંતુ સારો ભાવ પેદા કરે ને સારો ભાવ પેદા હોય તો બીજો મનુષ્યનો અવતાર મળે તો એમાં વધારે સારો ભાવ તત્ત્વજ્ઞાન મેળવે ને મોક્ષ કરે. ભવ ભવમાં એક ભવ સારો તમે મેળવો કે જેમાંથી કરીને આત્મજ્ઞાન મેળવીને ....

**પંડિતજી : હવે આ જ સારો છે**

**પૂજ્ય બહેનશ્રી : સારો ક્યાં ગોતવા જાવું છે?**

**શ્રોતા :** અને એ જ કહેવા માંગું છું

**પૂજ્ય બહેનશ્રી : વાયદો કરે આ ભવને જાવા દેવા બીજા ભવમાં કરશું હવે અત્યારે પુરુષાર્થ નથી કરવો ને આવો મનુષ્યભવ મળ્યો. આવા દેવ, ગુરુ, શાસ્ત્ર મળ્યા જેણે મુક્તિનો માર્ગ બતાવ્યો એ મુક્તિ કોઈ જુદી છે. કોઈ અપૂર્વ છે નહીંતર ક્રિયામાં પડ્યો હતો ક્રિયાથી ધર્મ થાય એમાં. શુભભાવથી પુણ્ય બંધાય તો એમાં ધર્મ માન્યો હતો. એના બદલે એ બધાથી જુદો આત્મા ગુરુદેવે બતાવ્યો એવા ગુરુ મળ્યા, એવો આ સંયોગ મળ્યો, એ ભવમાં અંદર રુચિ ભલે એમાં ભેદજ્ઞાન થઈને સમ્યગ્દર્શન થાય એ જુદી વાત છે પણ એની ભાવના ને એનું રટણ એના સંસ્કાર વારંવાર એનું ચિંતવન એવું કરે તો એ ઠીક છે.**

**પંડિતજી : મનુષ્યભવમાં ઉત્તમ કુળ, તત્ત્વનું શ્રવણ, સત્પુરુષનો પરિચય ....**

**પૂજ્ય બહેનશ્રી : એ બધું મળવું એક પછી એક સુલભ છે ..... (3-125-5)**

**પંડિતજી :** આ બધા સુલભ કહો એ બધા સંયોગ સહિત પાછો મળ્યો

**શ્રોતા :** અહીંયા બધા બેઠા છો એ ભાવ લઈને જાઓ કે તમારા આત્માનું કલ્યાણ કરો અને સીધા મોક્ષને પામો.

**પૂજ્ય બહેનશ્રી : મનુષ્યભવ મળવો, એમાં આયુષ્ય, એમાં ગુરુનો સંયોગ એ બધું મળવું એક પછી એક દુર્લભ છે. એ બધું મળી ચૂક્યું, શાસ્ત્રમાં ટોડરમલજી કહે છે કે સબ અવસર આ ચુકા હૈ તું કરી લે તારુ એમ. સમ્યગ્દર્શન પામવું દુર્લભ છે પણ તો એના સંસ્કાર પાડવા, આતમા કોઈ અપૂર્વ છે. એવા અપૂર્વ આત્માની રુચિ કરવી, એની ભાવના કરવી એનું ચિંતવન કરવું એ બસ એક આત્માને મુખ્ય રાખવો, દેવ, ગુરુ, શાસ્ત્ર હૃદયમાં રાખવા એટલું તો જીવ કરી શકે બહાર. એમ અંતરમાં એટલો તો પલટો કાંઈક કરી શકે.**

**શ્રોતા :** આપે કહ્યું એમ કોઈ બિમારી શરીરમાં હોય તો કોઈ કારણ પૂર્વના કરેલા કર્મના લીધે આપણે ભોગવવું પડે છે છતાં ઘણીવાર કોઈ કહે છે કે આ ઘર નડે છે કે ઘરને હિસાબે બિમારી આવે છે એવું કાંઈ હોઈ શકે આપણા શાસ્ત્રમાં ઘર ને?

**પૂજ્ય બહેનશ્રી : એવું કાંઈ નડતું નથી, પોતાના પુણ્ય-પાપનો ઉદય નડે છે બીજું કાંઈ નડતું નથી.**

**શ્રોતા :** એને લીધે કોઈપણ બિમારી

**પૂજ્ય બહેનશ્રી : ગ્રહ એ પોતાના પાપનો ગ્રહ નડે છે બીજું કાંઈ નડતું નથી. પોતાના પાપનો ગ્રહ હોય એટલે એ બધા બહારના નિમિત્તો કહેવાય, પોતાના પાપનો ઉદય ફરીને પુણ્યનો ઉદય થાય તો, કોઈ કાંઈ કરી શકતું જ નથી. બહારના દેવો આવે તોય તારો પુણ્યનો ઉદય હોય તો કોઈ ફેરવી શકતું નથી. પુણ્યનો ઉદય, શાતાનો**

**ઉદય આવે તો એને કોઈ રોકી શકનાર નથી. તારા પાપનો ઉદય છે એટલે બહારના નિમિત્તો હોય છે. (3-125-6)**

**પંડિતજી :** જવાના છે આજ.

**પૂજ્ય બહેનશ્રી : એટલે જીવન સફળ જ્ઞાયક આત્માને ઓળખે, 'સમયસાર'માં તો (પંડિતજી : બહુ 'સમયસાર'નો પ્રેમ) જ્ઞાતા, આ જ્ઞાતા જ્ઞાતા 'સમયસાર'માં જ્ઞાતા..જ્ઞાતા. ભગવાન આત્મા ઓલી સમુદ્રાદિ ચાદર કરીને સમૂળગું હોય પ્રગટ થાય શાંતરસમાં નિમગ્ન થાઓ.**

પંડિતજી : **(.......) હાં પૂર્વરંગના, પૂર્વરંગ પછી છેલ્લો શ્લોક છે. જરી ચાદર આડી આવી ગઈ તો આખો સમુદ્ર દેખાતો નથી. દવાખાનું હોય તો હું દવાખાનું જ હો ..... દવાખાનું બોલતા મને બહુ વિચાર થાય છે. એ બહુ ગમ્યું ...... કહે એનું એ જ હોય. બહુ સાદી ભાષામાં કોઈ કોઈનું હોય જ નહીં.**

**શ્રોતા :** મારા જીવનમાં તે દિવસે હું નાચી ઉઠ્યો હતો.

**પૂજ્ય બહેનશ્રી : આત્મા આત્મા અપૂર્વ આત્મા બતાવતા હોય એમ દેખાતું.**

**પંડિતજી :** શુભરાગમાંથી છોડાવવા જો કોઈવાત કહી તો ગુરુદેવે. શ્રીમદ્ માં એવું નહોતું પકડાતું.

**પૂજ્ય બહેનશ્રી : બહું જ સ્પષ્ટ કર્યું.**

**શ્રોતા :** કારણ કે માણસ બધું છોડી શકશે. પણ શુભરાગ કોઈને છોડવાનો કહેવો... એ બહુ મુશ્કેલ લાગે.

**પૂજ્ય બહેનશ્રી : એમાં કાંઈ ભગવાનના દર્શન ને પૂજા એ તો શુભ એ તો બધાને પહેલાં બહુ આકરું લાગ્યું. કહેતા એકદમ દઢતાથી એને ......**

**પંડિતજી :** ............. માર મારતા હોય ને.

**શ્રોતા :** ત્યારે તોડી નાખે.

**પૂજ્ય બહેનશ્રી : શાસ્ત્રોમાં ને ગુરુદેવ ક્રિયા જુદી. એનાથી શુભભાવ થાય એ જુદો, શુભભાવમાં પાછો તરે. પંચપરમેષ્ઠીના વિકલ્પ આવે એ શુભભાવ. પછી હું જ્ઞાન છું, દર્શન છું, ચારિત્ર છું એ પણ તારા શુભભાવ. ક્યાંય સુધી લઈ જાય છે. તો એ વચ્ચે હોય ખરા તું જુદો છે. વચ્ચે શુભભાવ આવે, એનું જ્ઞાન છું, દર્શન છું, ચારિત્ર છું, બધા વિકલ્પ આવે પણ તું તારા વિકલ્પ તારું સ્વરૂપ નથી. તું નિરાળો છે.**

**શ્રોતા :** ....ચોક્કસ રીતે ભાન હોવું જોઈએ. ધ્યેય એક ભાન રખાવે છે.

**પૂજ્ય બહેનશ્રી : બેય તત્ત્વને ને બેય દ્રવ્ય, ગુણ, પર્યાયને જુદા પાડી દીધા એકદમ બેય. એને એક દૃષ્ટિ તારા શાશ્વત દ્રવ્ય ઉપર રાખ ને જ્ઞાન બધું જાણે કે આ પર્યાય છે આ દ્રવ્ય છે, આ છે આ છે, જ્ઞાન જાણે. અને દૃષ્ટિ તારા દ્રવ્ય પદાર્થ ઉપર રાખ એમ. (3-125-7)**

**પંડિતજી :** એ પાછો ધરાય નહીં.

**શ્રોતા :** ......

**પૂજ્ય બહેનશ્રી : દૃષ્ટિ કર તો એમ કરતાં કરતાં તારી ભેદજ્ઞાનની ધારા થઈને તો નિર્વિકલ્પ સ્વાનુભૂતિ થાય પણ પહેલાં અહીં જુદો તો પડ અંદરથી, શ્રદ્ધાથી તો એમ. ગુરુદેવે, એ ગુરુદેવનું સ્મરણ લઈને ગુરુદેવે જે માર્ગ બતાવ્યો એ માર્ગ ગ્રહણ કરવા જેવો છે. જ્ઞાયક આત્મા, શાશ્વત હું, શાશ્વતો નિરાળો છે. બધાથી જુદો છે, એને ગ્રહણ કરવા જેવો છે. પંચ પરમેષ્ઠી, દેવ, ગુરુ, શાસ્ત્ર એની મહિમા કરવી એને હૃદયમાં રાખવો ને ચૈતન્યદેવને હૃદયમાં રાખવો એ જીવનનું કર્તવ્ય છે. સમોસરણ મંદિર ઉપર કરે છે, નીચે ગુરુદેવ મૂક્યા છે.**

**શ્રોતા :** માતાજી પગથિયા અમે નીચે ઓછા રાખ્યા છે એટલે મોટી ઉંમરના ભાઈ-બહેનોને તકલીફ ઓછી પડે અને શાંતિ એકાંત ને હવા ઉજાસવાળું સ્મૃતિમંદિર એવી રીતે બનાવવાનું છે. ને આપના આશીર્વાદથી બધા ...

**પૂજ્ય બહેનશ્રી : મંદિર મંગળ, બધું મંગળ સ્વરૂપ છે. આત્માનું સ્વરૂપ ઓળખવું એ જ મંગળ છે ગુરુદેવ મંગળ છે, બધું મંગળ છે.**

**શ્રોતા :** આપ મંગળ છો.

**પૂજ્ય બહેનશ્રી : કરુણામૂર્તિ, એમના પ્રભાવનાના યોગે ચારે તરફ મંદિરો થતાં આવ્યા. સોનગઢમાં અને અહીં તો ગામેગામ જ્યાં દિગંબર નહોતા ત્યાં બધા દિગંબર મંદિરો થતાં ગયા ગુરુદેવને પ્રતાપે. એ કેટલેક ઠેકાણે તો મંદિર ને પાછું સમોસરણ મંદિર ને એ બધું થાય એવું.**

**શ્રોતા :** આપનો સહકાર ઘણો હતો. ઘણો હતો.

**પૂજ્ય બહેનશ્રી : બધાને એટલું ધર્મનું સ્વરૂપ શું? ચૈતન્યનું સ્વરૂપ શું? બતાવ્યું અને બહાર એ ગુરુદેવે પ્રભાવના પણ ચારેકોર દેશવિદેશ ફરીને એટલું બધાને સમજાવ્યું એમના પ્રતાપે મંદિરો એટલા થયા, વાણી વરસાવી. ગુરુદેવનો પ્રતાપ જેટલો કહીએ એટલો ઓછો છે. જે થાય છે બધું ગુરુદેવના પ્રતાપે થાય છે. આત્મા ગ્રહણ કરવા જેવો છે, નિર્વિકલ્પ તત્ત્વ આત્મા બધાથી જુદો છે. કોઈ આકુળતા સ્વરૂપ આત્મા નથી. નિર્વિકલ્પ છે, એ સ્વભાવ ઓળખવો ને એ રસ્તે જાવું એ ખરું છે. (3-125-7)**

**શ્રોતાઓ : ભગવતી માતનો જય હો....**

**માતાજીની અમૃતવાણીનો જય હો....**

* * *

## પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી ભાગ 1-2-3
## અક્ષરશઃ તત્ત્વચર્ચાના પ્રકાશનાર્થે પ્રાપ્ત દાનરાશી

રૂ. 2,50,000/–
શ્રીમતી મીનલબેન પ્રદીપભાઈ કામદાર,
દાદર/સોનગઢ
રૂ. 1,50,000/–
એક મુમુક્ષુભાઈ
એક મુમુક્ષુબેન
રૂ. 1,00,000/–
શ્રીમતી સોનીબેન હિતેશભાઈ શાહ,
દાદર-મુંબઈ
શ્રીમતી પ્રભાવતીબેન રમણિકલાલ દોશી
સુશીલાબેન દિલીપભાઈ મહેતાના સ્મરણાર્થે
હ. મુકેશભાઈ મહેતા
સેજલબેન ભાવેશભાઈ મહેતા
શ્રી જયેશભાઈ નંદલાલ મહેતા,
દાદર-મુંબઈ
શ્રી સુવિધિભાઈ મહેન્દ્રભાઈ વારીયા,
સુરેન્દ્રનગર
રૂ. 51,000/–
શ્રીમતી લતાબેન અનંતરાય શાહ
હ. સુધેશભાઈ-જલગાંવ
અચલ-તેજલ-ચૈતન્ય જૈન,દાદર
સ્વ. રામજીભાઈ કણબી રાજકોટના સ્મરણાર્થે
હ, નીતાબેન પટેલ
એક મંગલાર્થી
રૂ. 41,000/–
લીલાવતીબેન કામદાર, હ. મહેશભાઈ

રૂ. 25,000/–
એક મુમુક્ષુભાઈ
સોનલબેન નિલેશભાઈ સંઘવી
સરલાબેન સુરેશભાઈ સંઘવી
રૂ. 21,000/–
શ્રીમતી જયશ્રીબેન જયસુખભાઈ ખાટડીયા,
દાદર/સોનગઢ
રૂ. 11,000/–
એક મુમુક્ષુબેન
કૌશિકભાઈ વાધર
રૂ. 54,00/–
શ્રીમતી જ્યોત્સનાબેન ધીરજલાલ શાહ, મુંબઈ
રૂ. 5,000/–
શ્રીમતી મંજુલાબેન હેમચંદ ગડા, દાદર
કિંજલ વિનિત ગડા
શ્રી હેતલ અમિત ગડા, દાદર
મોહિનીબેન કમલેશભાઈ ગાંધી
રૂ. 2500/–
વિક્રમભાઈ ચુનીલાલ જોબાળીયા
રૂ. 1,000/–
શ્રીમતી જસુમતીબેન નવીનચંદ્ર બંદા,
ભાવનગર
શ્રી નવીનચંદ્ર પોપટલાલ બંદા, ભાવનગર
શ્રી સુભાષભાઈ શાહ, મુંબઈ
ચંપાબેન હસમુખલાલ શાહ


અનુભૂતિ તીર્થ મહાન, સ્વર્ણપુરી સોહે
યહ કહાનગુરુ વરદાન, મંગલ મુક્તિ મિલે.


શ્રી મહાવીરસ્વામી દિગંબર જિનમંદિર
દાદર-મુંબઈ